વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/-

વર્ષ : ૪૧મું
જુલાઈ - ૨૦૧૬
અંક : ૪૫૮

મંગલ મંદિર ● જુલાઈ-૨૦૧૬ ● ૧
(કુલ પાના : ૧૫૦)

# મંગલ મંદિર

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું માસિક મુખપત્ર



મઠ્ઠો પાંજો કચ્છ
મઠ્ઠા પાંજા માડુ
મઠ્ઠી પાંજી ગાલિયું
ને મઠ્ઠી પાંજી



## આષાઢી બીજ

## જ્યું લખ લખ વધાયૂં

: મુખ્ય કાર્યાલય :

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

માતુશ્રી સાકરબહેન રવજી મોરારજી લાલન (કોડાય-સુ્રીમવાલા)

**શ્રી કચ્છી જૈન ભવન**

૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬

ફોન : (079) 2657 8892, 2658 1501, 2657 9469 ફેક્સ : (079) 2658 2060

Email : kutchijainamd@gmail.com • Website : www.kutchijainahd.org

# તદ્દન નવાં પ્રકાશનો




NAVNEET
**GLOBAL**
DICTIONARY
Price : ₹ 400.00




NAVNEET
**CONCISE GLOBAL**
DICTIONARY
Price : ₹ 320.00

**મુખ્ય વિશેષતાઓ :**

- વર્તમાન સમયમાં અંગ્રેજી ભાષાની અગત્યને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવેલા સર્વાંગસંપૂર્ણ કોશ.
- અંગ્રેજી સ્પેલિંગ **'બ્રિટિશ ઇંગ્લિશ'** પ્રમાણે અને તેના ગુજરાતીમાં અર્થ **'સાર્થ જોડણીકોશ'** પ્રમાણે આપવામાં આવેલ છે.
- લગભગ **25,000 મૂળ શબ્દો** અને **40,000 સાધિત શબ્દો** મળીને કુલ **70,000 શબ્દોના** વિશદ અર્થોનો ગુજરાતી તથા અંગ્રેજી એમ બંને ભાષામાં સમાવેશ.
- જ્યાં મૂળ શબ્દ ક્રિયાપદ છે, ત્યાં તેના ભૂતકાળ (p.t.) અને ભૂતકૃદંત(p.p.)નાં રૂપોનો પણ સમાવેશ.
- જરૂરિયાત પ્રમાણે શબ્દો અને રૂઢિપ્રયોગોનો અંગ્રેજીમાં વાક્યપ્રયોગો દ્વારા સરળ સ્પષ્ટીકરણ સાથે સમાવેશ.
- સ્પેલિંગના ઉચ્ચારોનું International નિયમ મુજબ નિર્દેશન જેમ કે, Budget ('બજિટ્), Development (ડિ'વેલપમન્ટ્), Grandmother ('ગ્રૅન્ડ્મધર્).
- રોજિંદા જીવનમાં વપરાતી વિવિધ વસ્તુઓ તેમજ આસપાસ જોવા મળતી વસ્તુઓના વિપુલ શબ્દભંડોળનો પરિશિષ્ટમાં સમાવેશ.

NAVNEET®
Knowledge is wealth

**NAVNEET EDUCATION LIMITED**

**Correspondence Address :** Navneet House, Gurukul Road, Memnagar, Ahmedabad-380 052, India.
**phone :** (079) 6630 5000 • 66305001, 2745 1000 • **Fax :** (079) 6630 5011, 2748 8000
**email :** navneet.ahd@Navneet.com • **Website :** www.navneet.com

# Available on HIRE

- Gas Engine Driven Generators
  Range : 50 KVA to 10 Mega Watts
- Gas Engine Driven Gas Compressors
  Range : 10 HP to 8000 HP
- Oil & Gas Processing Equipments Readily Available
- Work Over Rig 100 Ton, 50 Ton & 30 Ton Capacity
- 120 kg/cm2 Air Compressors

# We Provide

- Complete equipment Readily Available
- Spare Parts
- Operation & Maintenance
- Engineering Consultancy



**Corporate Office :**

**Deep Industries Limited**

6th Floor, N.G. Tower, Opp. Fun Republic Cinema,
S.G. Highway, Ahmedabad - 380 015.
Tel # 91-79-26862076/78
Fax # 91-79-26862077


**Registered Office :**

**Deep Industries Limited**

Opp. Suryanarayan Bunglows,
State Highway, Motera,
Dist. Gandhinagar.
Phone # 91-79-27571128
Fax # 91-79-27502464
Email info@deepindustries.com

Certified ISO 9001 2000 by BVQi UKAS QUALITY MANAGEMENT

AN ISO 9001 - 2000 COMPANY



સનગ્લાસ કલેક્શન 2016
GRADED
CLUBMASTER
MORE STYLES
SPORT
WAYFARER
SHIELD
AVIATOR
Powered sunglasses in different styles also available.
GANGAR EYENATION
INDIA'S LEADING EYEWEAR CHAIN
મુંબઈ | પુણે | નાશિક | ઔરંગાબાદ | સાંગલી | સોલાપુર | નાગપુર | કોલ્હાપુર | અમદાવાદ | આણંદ
સુરત | નવસારી | વડોદરા | ગાંધીનગર | ગાંધીધામ | ભુજ | રાજકોટ | જામનગર Infoline: 022-2419 5555

છેલ્લા ૪૦ વર્ષથી દર મહિનાની ૫ તારીખે નિયમિતપણે પોસ્ટ કરવામાં આવતું "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"નું મુખપત્ર

**"મંગલ મંદિર"**

**મુખ્ય કાર્યાલય**

**શ્રી કચ્છી જૈન ભવન,**
૪૩-૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
પાલડી, એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૮૯૨, ૨૬૫૮૧૫૦૧
ફેક્સ : (૦૭૯) ૨૬૫૮૨૦૬૦
ઈ-મેઈલ : kutchijainamd@gmail.com
વેબ-સાઈટ : www.kutchijainahd.org

**તંત્રી**
પ્રતાપ નારાણજી દંડ
(મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯)

***અંકમાં પ્રસિધ્ધ થયેલ લેખો તથા અન્ય વિભાગની માહિતીઓ સાથે તંત્રીમંડળ સહમત છે તેમ માની લેવું જરૂરી નથી. રજૂ થયેલ વિચારો જે તે વ્યક્તિના હોય છે, જેની નોંધ લેવા વિનંતી.***

### લેખકોને નમ્ર વિનંતી

*'મંગલ મંદિર'માં પ્રગટ કરવા માટે વિપુલ પ્રમાણમાં લેખ સામગ્રી અમને મળતી રહે છે અને એટલે સ્વીકૃત કૃતિઓને પ્રગટ કરવાનું પણ સ્વાભાવિક રીતે વિલંબાય. મંગલ મંદિરના ધોરણને ધ્યાનમાં લઈ, પોતાની રચના મોકલતી વખતે લેખક સ્વવિવેક દાખવે તેવી વિનંતી છે.*

*એક સાથે એકથી વધુ કૃતિઓ ન મોકલવા વિનંતી.*

*ભાષાદોષ અને લાંબા લેખો અસ્વીકાર્ય બનશે તેની નોંધ લેવા વિનંતી. લેખમાં એકની એક વાતનું પુનરાવર્તન (રિપિટેશન) ટાળવું જરૂરી છે. કૃતિની હસ્તપ્રત સ્વચ્છ અને સુવાચ્ય હોવી જોઈએ. આશા છે કે, આ બાબતમાં લેખક મિત્રોનો સહકાર અમને મળી રહેશે.*

***— મુખ્યતંત્રી***

# અનુક્રમણિકા

**તંત્રી લેખ :**

● કે આજ આવી અષાઢી બીજ! ...... **પ્રતાપ નારાણજી દંડ** ...... ૯
● આગામી કાર્યક્રમોની એક ઝલક ...... ૧૦

**લેખ વિભાગ**

## અષાઢી બીજ : પર્વ વિશેષ

● અષાઢી બીજ : કચ્છની આગવી સંસ્કૃતિ ...... **સંકલન : બાબુલાલ ગોર** .... ૧૧
● કચ્છની અસ્મિતાને અજવાળતો ઉત્સવ : અષાઢી બીજ ...... **સંજય પી. ઠાકર** .... ૧૩
● શતાબ્દી અવસર (૧૯૧૬ – ૨૦૧૬)
"અષાઢી બીજ" : કચ્છી નૂતન વર્ષે યાદ કરીએ
૨૦૧૬ની કચ્છી શતાબ્દી પ્રતિભાઓ ...... **ભરત'કુમાર' પ્રા. ઠાકર** .... ૧૪
● અષાઢી બીજ ...... **ઉમિયાશંકર અજાણી** .... ૧૬
● અષાઢી બીજ – કચ્છી નવું વર્ષ ...... **નરેશ અંતાણી** .... ૧૯
● અષાઢી બીજ ને વડર ને વીજ ...... **માણેક એમ. સંઘોઈ** .... ૨૦
● અષાઢી બીજ : પરંપરા, પ્રેરણા અને પ્રણનો દિવસ ..... **ડૉ. કાંતિ ગોર 'કારણ'** .... ૨૧

## કચ્છ વિશેષ

● ભૂકંપ પછી કચ્છમાં વિવિધ ક્ષેત્રે આવેલ પરિવર્તન ...... **ડૉ. ફતુભા જાડેજા** .... ૨૨
● ભારતનો સ્વાતંત્ર્ય સંગ્રામ અને કચ્છ ...... **સંકલન : બાબુલાલ ગોર** .... ૨૪
● ભીષણ ભૂકંપ બાદ કચ્છની કાયાપલટ ...... **પ્રા. સૂર્યકાંત ભટ્ટ** .... ૨૬
● તવારીખે કચ્છ :
ભૂતકાળના કચ્છના ઈતિહાસમાં ડોકિયું ...... **હીરાલાલ વી. ઊનડોઠવાલા** .... ૨૮
● કર્મ, કલા અને કસબનો મુલક કચ્છ ...... **મદનકુમાર અંજારિયા 'ખ્વાબ'** .... ૨૯
● ચાલો કચ્છ જોવા ...... **મુકુંદ કે. મહેતા 'અલ્પ'** .... ૩૧
● વિદેશી પ્રવાસીઓને આકર્ષતું ભારતનું પર્યટન ક્ષેત્ર ...... **પ્રા. સૂર્યકાંત ભટ્ટ** .... ૩૩
● કચ્છના તત્કાલીન સમયના લોકજીવનનું
પ્રતિબિંબ ઝીલતા જૂના પત્રો ...... **બાબુલાલ ગોર** .... ૩૪
● અસ્મિતાના ઓવારણા લેતું કેન્દ્ર
ભારતીય સંસ્કૃતિ ફાઉન્ડેશન - કચ્છ દર્શન મ્યુઝિયમ ...... **નીતા કિશોર જોશી** .... ૪૧
● કચ્છ કેરાકોટનું શિવ મંદિર ...... **સંકલન : બાબુલાલ ગોર** .... ૪૪
● કચ્છના નારીરત્નો : સોનલપરી ...... **માર્કંડરાય મહેતા** .... ૪૫
● નઝર હૈ અબ્રે-કરમ પર ...... **જયંતી જોષી 'શબાબ'** .... ૪૮

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના

**"પદાધિકારીશ્રીઓ"**

**મેનેજિંગ ટ્રસ્ટી**
શ્રી પ્રતાપ નારાણજી દંડ
ઘર : ૦૭૯- ૨૬૪૦૫૦૪૭ મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯

**ઉપપ્રમુખ-૧**
શ્રી મનુભાઈ ગોવિંદલાલ શાહ
ઘર : ૨૬૪૪ ૬૪૧૩, ઓ. ૨૬૪૦ ૧૧૫૦
મો. ૯૮૨૫૦ ૩૧૫૨૮

**ઉપપ્રમુખ-૨**
શ્રી શાંતિલાલ મુળજી સાવલા
ઘર : (૦૨૭૧૭) ૨૩૪૪૫૫ મો. ૯૮૨૫૦ ૪૮૬૪૫

**માનદ્ મંત્રી**
શ્રી કાંતિલાલ રામજી શાહ
ઘર : ૨૬૪૨૩૮૯૫, ઓ. : ૨૫૮૯૪૫૫૬/૨૫૮૩૩૯૮૯
મો. ૯૩૨૮૦ ૦૧૧૪૦

**સહમંત્રી**
શ્રી હસમુખ બાબુભાઈ શાહ (ખાંડવાલા)
ઘર : ૨૬૬૦૩૪૫૮, ઓ. : ૨૬૬૦૫૪૫૩
મો. ૯૮૨૫૦ ૪૦૬૬૬

**ખજાનચી**
શ્રી ચંદ્રકાંત દામજી શાહ
ઘર : ૨૬૬૦૫૨૨૫

**સહ ખજાનચી**
શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર
ઘર : ૨૬૬૫૦૨૯૯, મો. ૯૪૨૮૩ ૫૧૩૭૦


**શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું સરનામું :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
શ્રી ખનિજ વિકાસ નિગમ લિ. પ્રાયોજિત
શ્રી કચ્છી વિશ્રામ ગૃહ
અરિહંતનગર દેરાસરની સામે,
ગાંધી વિદ્યાલયની ગલીમાં, રચના સ્કૂલની પાછળ,
રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૪. ફોન : ૦૭૯-૨૨૮૮૪૫૪૭

**સેવા ભવનનું સરનામુ :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, એસ. ટી સ્ટેન્ડ પાસે,
સત્કાર ગેસ્ટ હાઉસની સામે, રૂગનાથપુરા,
અમદાવાદ-૩૮૦ ૦૨૨. ફોન : ૦૭૯-૨૫૪૬૧૨૭૦

**'મંગલ મંદિર'ના અંકો સમાજની વેબસાઈટ**
**www.kutchijainahd.org**
**ઉપર... *ઉપરાંત*....**
**www.hellokutchis.com**
**ઉપર વાંચી શકાય છે.**

## કચ્છી પ્રતિભા વિશેષ


● પ્રતિભાશાળી વ્યક્તિત્વ : મહારાવ લખપતજી........................ **હરેશ ધોળકિયા**..... ૫૦
● એક્સેલન્ટ માનવ કેળવણીકાર : કાંતિસેન શ્રોફ .................. **ભદ્રાયુ વછરાજાની**..... ૫૩
● ડૉ. કાંતિ ગોર 'કારણ' — વિરલ કલમકાર ........................... **બાબુલાલ ગોર**..... ૫૫
● રામસિંગ માલમ .............................. **સંકલન : હીરાલાલ વી. ઊનડોઠવાલા**..... ૫૭
● ભારતના પ્રથમ પાઈલટ : પુરુષોત્તમ કબાલી ....... **સંકલન : હીરજી પાસુ શાહ**..... ૫૭
● મેઘજી કુંવરજી પટેલ : સાહસિકતાની સિદ્ધિ ............ **દિનેશચંદ્ર જગજીવન શાહ**..... ૬૨


## કચ્છ : ક્લાસિક


● લોહીનું ટીપું ......................................................................... **જયંત ખત્રી**..... ૬૩
● ફીણોટા.................................................................... **ડૉ. મનુભાઈ પાંધી**..... ૬૯
● સુરખાબ........................................................................... **વનુ પાંધી**..... ૭૪
● તરસના કૂવાનું પ્રતિબિંબ.................................................... **વીનેશ અંતાણી**..... ૮૧
● રેતના ફૂલ........................................................................... **ગૌતમ શર્મા**..... ૮૪


## વાર્તા સરવાણી


● માણસાઈની મહેક ........................................ **કાનજી જે. મહેશ્વરી 'રિખીયો'**..... ૯૦
● લાકડું ........................................................ **મદનકુમાર અંજારિયા 'ખ્વાબ'**..... ૯૨
● યશોદાને મળી ગયો કાનુડો ........................................... **નેહા ભાવેશ પારેખ**..... ૯૪
● કચ્છી ટૂંકી વાર્તા : ધવા નેં ધુઆ! ....................................... **બાબુલાલ ગોર**..... ૯૫
● કચ્છી કથા : "આજી - પુનરાજી" ................................. **સ્વામી સચ્ચિદાનંદ**..... ૯૬
● પાંચસો બાળકોની માતા (સિંધી વાર્તા) ................................ **લખમી ખીલાણી**..... ૯૯
● લઘુ કથાઓ ......................................................... **નવીન ત્રિપાઠી 'અલ્પ'**... ૧૦૨


## ચિંતન


● સમાજના યુવાનો તથા વ્યવસાયિકોને આહ્વાન....................... **હીરેન કે. શાહ**... ૧૦૩
● સજા અંગે પુનર્વિચારણા................................................ **ફાધર વર્ગીસ પોલ**... ૧૦૫
● હે જિંદગી! ............................................................ **સુરેશ અલકા પ્રજાપતિ**... ૧૦૬
● મારું ભારત - સારું ભારત :
"Relation" સંબંધ ....................................... **આચાર્ય વિજયરત્નસુંદરસૂરિ**... ૧૦૭
● ધર્મ મને ક્યારે ફળશે? ......................................................... **દક્ષા સંઘવી**... ૧૦૯



Printed & Published by : **Mr. Pratap Dand,** For **Shri Kutchhi Jain Seva Samaj - Ahmedabad**. Printed at **Vinayak Offset,** Dudheshwar, Ahmedabad. Published at **Shri Kutchhi Jain Seva Samaj – Ahmedabad,** 43/44, Brahman Mitra Mandal Soc., Opp. Navchetan High School, Paldi, Ellisbridge, Ahmedabad-380 006. Editor : **Mr. Pratap Dand ● Yearly Subscription : Rs.150/-**

## આરોગ્ય


- આત્મહત્યા (Suicide) – ૨ ....... **ડૉ. મણિલાલ ગડા, ડૉ. દીપ્તિ શાહ (ગડા)** ..... ૧૧૦
- જીવન સંધ્યાએ આરોગ્ય સાચવીએ ....... **માણેક એમ. સંઘોઈ** .... ૧૧૨
- હોમિયોપેથિક સારવાર પદ્ધતિને સમજીએ ....... **પ્રા. સૂર્યકાંત ભટ્ટ** .... ૧૧૪


## ઇતિહાસ


- વીજળી વેરણ થઈ! ....... **દુલેરાય કારાણી** .... ૧૧૫
  **સંકલન : હીરાલાલ વી. ઊનડોઠવાલા**


## લલિત નિબંધ


- દેશી નળિયાં ....... **ગુલાબ દેઢિયા** .... ૧૧૮


## શિક્ષણ ચિંતન


- ગતિશીલ ગુજરાતમાં શિક્ષણની અવળી ગતિ? ....... **શશીકાંત એમ. ઠક્કર** .... ૧૨૦


## કાવ્ય સરવાણી


- જય જગન્નાથ ....... **રમણીક અગ્રાવત** .... ૧૨૩
- આવી અષાઢી સાંજ ....... **ખુશ્બુ એન. સરવૈયા** .... ૧૨૩
- આષાઢી બીજ ....... **જયંતી ગોર “જખ્મી”** .... ૧૨૩
- અજ બીજ અષાઢી આવઈ ....... **ચંદ્રવદન જી. મહેતા ‘સારસ’** .... ૧૨૪
- મુંજે કચ્છજી ધરતી ....... **ચંદ્રવદન જી. મહેતા ‘સારસ’** .... ૧૨૪
- અખ મેં પાણી ....... **મુકુંદ કે. મહેતા ‘અલ્પ’** .... ૧૨૫
- કચ્છી ગઝલ ....... **મદનકુમાર અંજારિયા ‘ખ્વાબ’** .... ૧૨૫
- ભેનણું ....... **જયંતી ગોર “જખ્મી”** .... ૧૨૫
- ઠોકરો ....... **મદનકુમાર અંજારિયા ‘ખ્વાબ’** .... ૧૨૫


## હાસ્ય


- વાંઢા મંડળની વાર્ષિક મિટિંગ ....... **ચિત્રસેન શાહ** .... ૧૨૬
- બાલુડેં જ્યું ગાલિયું ....... **સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા** .... ૧૨૮


## નિયમિત વિભાગો


- આંજો કાગર ....... ૧૨૯
- અન્ય સંસ્થાઓના સમાચાર ....... ૧૩૦
- જાણવા જેવું ....... **સંકલન : રજનીકાંત પારેખ** .... ૧૩૨
- *Nano Nine* શબ્દ રમત-૧૧૮ ....... **સંકલન : રજનીકાંત પારેખ** .... ૧૩૩
- *Nano Nine Sudoko* (ક્રમાંક : ૧૦૭૫) ....... **સંકલન : રજનીકાંત પારેખ** .... ૧૩૫
- વલોવતન ....... **સંકલન : દિનેશચંદ્ર જગજીવન શાહ** .... ૧૩૬
- સમાજ દર્પણ ....... ૧૩૯
- સંસ્થા સમાચાર ....... ૧૪૦
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો માસિક અહેવાલ ....... ૧૪૪
- ઊડતી નજરે ....... ૧૪૬

# કુદરતના ખોળે રહીને શરીર - મનને રોગમુક્ત કરવું હોય તો હાલો, મુંદ્રાના કુદરતી ઉપચાર કેન્દ્રમાં

**૧૦ એકરમાં પથરાયેલા, શહેરથી જસ્ટ અડધો કિલોમીટર દૂર આવેલા શ્રી લક્ષ્મીચંદ માણેકચંદ વોરા ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા સંચાલિત કુદરતી ઉપચાર કેન્દ્રમાં નેચરોપથી, યોગ, પંચકર્મ, આયુર્વેદ અને હેલ્થ સ્પા એમ સંપૂર્ણલક્ષી સારવાર ઉપલબ્ધ છે.**





## શરીરનું શુધ્ધિકરણ અને મેદસ્વિતા

પ્રદૂષિત હવા, પ્રદૂષિત ખોરાક અને સ્ટ્રેસફુલ જિંદગીને કારણે સમયાંતરે શરીરમાં ટોક્સિન્સ પેદા થતાં રહે છે. પંચકર્મ અને નેચરોપથી એ ડીટોક્સિફિકેશન દૂર કરવાની ઉત્તમ, સરળ અને વૈજ્ઞાનિક પદ્ધતિઓ ધરાવે છે. એ એટલી અસરકારક છે, એટલી જ આડઅસરરહિત પણ છે. પંચકર્મ દ્વારા શરીરની સૂક્ષ્મ પેશીઓને સાફ કરી, તમામ સિસ્ટમની સફાઈ કરીને નવચેતના ખીલવે છે જે આંતરિક શાંતિ, સ્વાસ્થ્ય અને આત્મવિશ્વાસ વધારે છે. વજન ઘટાડવા માટે પણ મુંદ્રાના કુદરતી ઉપચાર કેન્દ્રમાં સારવાર મળે છે.

## કયા રોગોના ઉપચાર થાય?

પેટ અને આંતરડાના રોગો, ડાયાબિટીસ, મેદસ્વિતા, બ્લડપ્રેશર, હાર્ટ ડિસીઝ, જૂની શરદી, ઍલર્જી, અસ્થમા, વાળ અને ચામડીના રોગ.

## કેવી કેવી થેરાપી થાય?

મડ થેરાપી, હાઇડ્રો થેરાપી, મેગ્નેટ થેરાપી, મસાજ થેરાપી, ઍક્યુપંક્ચર, ઍક્યુપ્રેશર, પંચકર્મ : શિરોધારા, નસ્ય, બસ્તિ, શેક અને સ્વેદન, સ્પા : મસાજ, સોના બાથ, જેકુઝી બાથ.

## સ્થાપના

મુંદ્રા – ગુંદાલા રોડ પર આવેલા આ નેચર ક્યોર સેન્ટરની સ્થાપના શ્રી મણિલાલ વોરાએ તેમના પિતાશ્રી લક્ષ્મીચંદ માણેકચંદ વોરા ચેરિટેબલ ટ્રસ્ટ અંતર્ગત કરી હતી. લક્ષ્મીચંદભાઈ મુંબઈમાં લોખંડ બજારમાં ૧૯૫૦ની આસપાસ દલાલીનું કામકાજ શરૂ કરેલ અને ત્યાં ખૂબ જ નામ રોશન કરેલ. મણિલાલભાઈ એટલે એક સમયે લોખંડ બજારનું બહુ મોટું નામ. વેપારધંધામાં તેમણે ૧૯૮૧–૮૨ની સાલમાં મુંદ્રામાં પહેલાં પ્રસુતિ ગૃહ અને પછી નાનકડું કુદરતી ઉપચાર કેન્દ્ર ખોલ્યું હતું જે હાલમાં એક વિશાળ વટવૃક્ષ બનીને ફેલાઈ રહ્યું છે. લોકોને કુદરતી જીવન તરફ વાળીને સ્વાસ્થ્ય પ્રદાન કરવાની તેમની મનોકામના પૂર્ણપણે સાકાર થઈ રહી છે.

આજની ભાગદોડભરી જિંદગી અને બદલાતી જીવનશૈલીને કારણે અનેક રોગોનું પ્રમાણ કૂદને કે ભૂસકે વધી રહ્યું છે. દવાની ટીકડીઓના ફાંકડા મારીને કામચલાઉ ધોરણે રોગનાં લક્ષણોને શાંત રાખવાને બદલે રોગને જડમૂળમાંથી જ વિદાય કરવો હોય તો કુદરતી ઉપચાર પદ્ધતિ જબરી અક્સીર છે. કુદરતી ઉપચાર માટે જીવનશૈલી, આહાર–વિહારની આદતો અને ઔષધો એમ બધી જ રીતનો બદલાવ કરીને રોગની સારવાર કરવામાં આવે છે. એ માટે થોડાક દિવસ ઘરથી દૂર કોઇ શાંત અને નૈસર્ગિક સ્થળે જઇને રહેવામાં આવે તો શરીર તાજું–માજું અને મન પ્રફુલ્લિત થઈ ઊઠે. આ માટે કુદરતી ઉપચાર કેન્દ્રનો સુંદર વિકલ્પ છે કચ્છના મુંદ્રા પાસે આવેલું શ્રી લક્ષ્મીચંદ માણેકચંદ વોરા ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા સંચાલિત કુદરતી ઉપચાર કેન્દ્ર.

ઘરથી દૂર પણ ઘર જેવા જ વાતાવરણમાં નેચરોપથીની સારવાર આપતી આ જગ્યા મુંદ્રા શહેરથી માત્ર અડધો કિલોમીટર દૂર છે. ૧૦ એકરની હરીયાળી ફળ–ફૂલોની વાડીની વચાળે આવેલું આ કેન્દ્ર સવાર–સાંજ પંખીઓના મધુર કલરવથી જીવંત થઈ ઊઠે છે. લહેરાતાં વૃક્ષોની લીલોતરી તન–મન બંનેને તરોતાજા કરી દે છે. સાચેજ વૈજ્ઞાનિક પદ્ધતિથી થતી થેરાપીઓ દ્વારા રોગ પણ છૂમંતર થઈ જાય છે. મુંબઈની ભાગદોડમાં લાઇફ–સ્ટાઇલના બદલાવો કરવાનું અઘરું પડે છે, જ્યારે મુંદ્રાનું કુદરતી ઉપચાર કેન્દ્ર તમારી જીવનશૈલીને પાછી ટ્રેક પર લાવીને શરીરને થયેલું ડેમેજ સુધારવામાં સહાયરૂપ થાય છે. તમામ વૈકલ્પિક સારવાર પદ્ધતિઓમાંથી નેચરોપથી કોઈ પણ આડઅસર વિનાની પદ્ધતિ ગણાય છે. મુંદ્રાના સેન્ટરમાં નેચરોપથી, યોગ, આયુર્વેદ, પંચકર્મ, ફિઝિયોથેરાપી અને હેલ્થ–સ્પા એમ સર્વલક્ષી સગવડો એક છત્ર હેઠળ ઉપલબ્ધ છે.

## ડાયાબિટીસ સેન્ટર પણ શરૂ

મુંદ્રાના શ્રી લક્ષ્મીચંદ માણેકચંદ વોરા ચેરિટેબલ ટ્રસ્ટના કુદરતી ઉપચાર કેન્દ્રમાં હવે ડાયાબિટીસની સેવા પણ શરૂ થઈ છે. એ માટે ડાયાલિસિસનું આધુનિક મશીન લાવવામાં આવ્યું છે અને માત્ર ૧૦૦ રૂપિયા શુલ્ક લઈને જરૂરિયાતમંદ દર્દીઓને ડાયાલિસિસ કરી આપવામાં આવે છે.

## સેન્ટરની સર્વિસ

આસપાસની વાડીઓમાં જ ઊગેલાં શાકભાજી અને ફળોમાંથી અહીંના રસોડામાં બનતી વાનગીઓ શુધ્ધ, સાત્ત્વિક, પૌષ્ટિક અને છતાં એટલી જ સ્વાદિષ્ટ હોય છે. ડૉ. પીયૂષ પટેલ અને ડૉ. મનાલી – એમ બે અનુભવી અને નિષ્ણાત ડૉક્ટરો હંમેશાં સેન્ટર પર હોય છે. જેમના કન્સલ્ટેશન હેઠળ પ્રત્યેક વ્યક્તિનાં રોગ, લક્ષણો અને પ્રકૃતિના આધારે સારવાર નક્કી કરવામાં આવે છે. એરકંડિશન્ડ, નોન એરકન્ડિશન્ડ, સ્પેશિયલ, સેમિ સ્પેશિયલ અને જનરલ રૂમ – એમ અનુકૂળતા મુજબના રૂમના ઑપ્શન્સ ઉપલબ્ધ છે.


| ટ્રસ્ટ બોર્ડ | | |
|---|---|---|
| | ★ શ્રી કુંવરજીભાઈ કેનિયા | ★ શ્રી મંજુલાબેન મણિલાલ વોરા |
| | ★ શ્રી નરેન્દ્ર પોપટલાલ શાહ | ★ શ્રીમતી મીનાક્ષી પ્રકાશ શાહ |


**વધુ માહિતી માટે સંપર્ક : કુદરતી ઉપચાર કેન્દ્ર, મુંદ્રા-ગુંદાલા રોડ, મુંદ્રા, કચ્છ. ફોન : (૦૨૮૩૮) ૨૨૨૨૧૯, મો. ૦૯૪૨૬૨૧૨૨૧૯**

**Website : www.naturalcarekutch.com**
**E-mail : info@naturalcarekutch.com**

# તંત્રી લેખ

## કે આજ આવી અષાઢી બીજ!

*– પ્રતાપ નારાણજી દંડ*

અષાઢ એ ઋતુઓની રાણી વર્ષાઋતુનું પહેલું સોપાન છે. ધોમધખતા ચૈત્ર - વૈશાખના તાપ ખમીને ઉનાળો એવો ઉગ્ર બની જાય છે કે ધરતી જેઠ મહિનો અધવારતાં લગી તો હાંફી જઈને મેહુલા આગળ ખોળો પાથરવા લાગે છેઃ આવ બાપ, આ તરસી ગાવડીઓની દયા તાકીનેય હવે આભલેથી હેઠો ઊતર!

અને એ વલવલાટ એકલી ધરતીનો જ થોડો હોય છે? પશુ, પંખી અને વનસ્પતિ — ટૂંકમાં સમસ્ત જીવસૃષ્ટિ આભ સામે મીટ માંડી રહે છે. અચાનક છૂટીછવાઈ, ભૂલી પડેલી એકાદ વાદળી રૂમઝૂમ કરતી આકાશના પ્રાંગણમાં પ્રવેશે છે. જોતજોતામાં ઘટાટોપ જામી જાય છે. વીજળી લાંબી જીભે લબકારા લેવા લાગે છે. ઝીણી ઝરમર ચાલુ થઈ જાય છે. આકાશમાં તોપો ફૂટતી હોય એવી ઘનઘોર ગર્જના થાય છે અને પછી અષાઢ વરસી પડે છે અનરાધાર! જાણે ઈશ્વરનાં અશ્રુની ધાર! કરુણાની વૃષ્ટિ.

ઋતુચક્રમાં સૌથી મહત્ત્વની જીવનપોષક ઋતુ છે ચોમાસું. વર્ષાઋતુ સાથે ચોમાસું બેસે છે અને શરદઋતુ સાથે હૂલે છે. ભીની ધરતી એની તમામ ઊર્જા સાથે મહેકી ઊઠે છે. કણ વાવીએ ત્યાં એ મણ થઈને પાછું મળે છે. ધરતીની ઉદારતાની કોઈ સીમા નથી. એથી સ્તો આપણે એને માતા કહીએ છીએ.

કચ્છને અષાઢી બીજ સાથે જબરું લેણું છે. આખા ભારતમાં ચૈત્રી પંચાંગ મુજબ કાં તો દિવાળી પછી વિક્રમ સંવતનું નવું વર્ષ બેસે છે, જ્યારે કચ્છ અને હાલાર (જામનગર પંથક) અષાઢી બીજથી નવું વર્ષ ગણે છે. હાલારના રાજા જાડેજા મૂળે કચ્છના જાડેજા વંશનો જ ફાંટો. ઉમિયાશંકર અજાણી નોંધે છે તેમ જામ રાવળે નવાનગરમાં ગાદી સ્થાપી ત્યારે કચ્છી સંવતને 'હાલારી'નું છોગું ચડાવી જેમની તેમ સ્વીકારી લીધી હતી. સંવત ૨૦૧૨ના માંગરોળમાંથી મળેલ લેખ પરથી તો અષાઢી નવા વર્ષની પરંપરા છેક કુમારપાળના શાસનકાળથી ચાલુ હતી તેવો ઉલ્લેખ મળે છે. ગૌરીશંકર હીરાચંદ ઓઝા 'પ્રાચીન લિપિમાલા'માં વિક્રમ સંવત અને સિંહ સંવતને અષાઢાદિ સંવત્સર ગણાવે છે. એ બધાં ઊંડાં સંશોધનો કરતાં કચ્છનો લાખો ફુલાણી દેશવટો ભોગવીને વતનમાં પાછો વળ્યો ત્યારથી આ અષાઢી બીજથી નવું વરસ મનાવવાની પરંપરા શરૂ થઈ હોવાની દંતકથા કે જામ લાખાને કચ્છના માલધારીઓએ અષાઢી બીજને દિવસે પોતાનો મુખી સ્થાપ્યો તે માન્યતા લોકજીભે વધુ જીવંત રહેવા પામી છે.

દંતકથાઓ અને માનવજીવન એકમેક સાથે ઓતપ્રોત થઈને વહે છે. અષાઢ એ જીવનદાયિની ઋતુની શરૂઆત છે. અષાઢી બીજ જીવનનું પ્રતીક છે. એ દૃષ્ટિએ અષાઢથી શરૂ થતું વરસ એ માનવમનની ભીનાશ, એની ઉદાત્ત લાગણીઓનો મહિમા કરે છે.

કવિ કાલિદાસની અમર કાવ્યકૃતિ 'મેઘદૂત'ની શરૂઆત જ आषाढस्य प्रथम दिवसे — જેવા શબ્દોથી થાય છે. એમાં યક્ષ એની પ્રેમિકાને વાદળ મારફત સંદેશો પાઠવે છે.

એક આખેઆખા દેશમાં હોય એવી લાક્ષણિકતાઓ ધરાવતો કચ્છ ગુજરાતનો ભૂ-ભાગ હોવા છતાં અનેક રીતે એનું આગવું સ્વરૂપ પ્રગટતું રહ્યું છે. કચ્છી માડુ કદાચ દુનિયાનો સૌથી વધુ સાહસિક અને સહિષ્ણુ માનવી છે. એ એકલવીર છે. એનો ઈતિહાસ જેટલો ભવ્ય અને ભાતીગળ છે એટલી જ એની વ્યથાકથા પણ રોમાંચક છે. કચ્છના સર્જકો રણમાં વીરડી સમા પાણીદાર છે. 'મંગલ મંદિર'ના ઉપક્રમે ભુજ ખાતે કચ્છના લેખકો - પત્રકારો સાથેની ગોષ્ઠિમાં નક્કી થયા મુજબ જુલાઈનો 'મંગલ મંદિર'નો અંક 'અષાઢી બીજ વિશેષાંક' સ્વરૂપે પ્રગટ કરવાનો નિર્ણય કરાયો હતો. એ મુજબ કચ્છના લેખકોએ ઉમળકાપૂર્વક સહકાર આપ્યો અને આટલો સમૃદ્ધ વિશેષાંક બની શક્યો તે બદલ કચ્છના સર્જકોનો જેટલો આભાર માનું એટલો ઓછો જ ગણાશે.

અંતમાં સૌને કચ્છી નવું વરસ મુબારક! અષાઢી પૂનમ - ગુરુપૂર્ણિમા પ્રસંગે વંદન અષાઢ સાથે રમજાનનો સુભગ સંયોગ સધાયો છે. 'મંગલ મંદિર' એના મુસ્લિમ વાચકોને રમજાન મુબારક પાઠવે છે.

*૬, મુદ્રા એપાર્ટમેન્ટ, ૯/૨૬, ચૈતન્ય સોસાયટી, સ્ટેડિયમ રોડ,*
*નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૪. મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯*

## આગામી કાર્યક્રમોની એક ઝલક....

| તારીખ – સમય | સ્થળ | કાર્યક્રમ - આયોજનકર્તા | કાર્યક્રમની વિગત |
|---|---|---|---|
| • ૧૫-૭-૨૦૧૬, શુક્રવાર બપોરે ૪.૦૦ વાગ્યાથી | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | વયસ્ક સમિતિ | જાદુગરનો ખેલ તથા સમૂહ ભોજન. |
| • તા. ૨૪-૭-૨૦૧૬, રવિવાર બપોરે ૪.૦૦થી ૭.૦૦ | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | શિક્ષણ તથા સર્વાંગી વિકાસ સમિતિ | ભણતર, ભણતરની સમજણ, માર્ક્સ અને ટકાવારીને લગતી તમામ સમસ્યાઓના સમાધાનને લગતો સેમિનાર. |
| • તા. ૩૧-૭-૨૦૧૬ સવારે ૯.૦૦ વાગ્યાથી | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ | ૨૯મી વાર્ષિક સામાન્ય સભા. |
| • તા. ૧૫-૮-૨૦૧૬ સવારે ૯.૦૦ વાગ્યાથી | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ | ૭૦મો સ્વાતંત્ર્ય દિવસ. ધ્વજવંદન કાર્યક્રમ. વયસ્ક સમિતિ દ્વારા દેશ ભક્તિના ગીતોનો કાર્યક્રમ |
| • તા. ૧૮-૯-૨૦૧૬, રવિવાર સવારે ૯.૦૦ વાગ્યાથી | ટાગોર હોલ, પાલડી | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ | વાર્ષિક સ્નેહ મિલન તથા સ્વામિવાત્સલ્ય જમણવાર તથા વિદ્યાર્થી પુરસ્કાર વિતરણ. |
| • તા. ૩૧-૧૦-૨૦૧૬, સોમવાર સાંજે ૫.૦૦ થી ૭.૦૦ | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ | નૂતન વર્ષ સ્નેહ મિલન સમારંભ |

## પૂર્વજો દ્વારા અનુમાન

## આ વર્ષે કચ્છમાં ભારે વરસાદ

ચોમાસાના વરતારા અંગે એક જૂની ડાયરીમાંથી પ્રાપ્ત થયેલ વિક્રમ સંવતના આંકડાના ગુણાકાર - ભાગાકાર વત્તા શેષ ઉપરથી એક રસપ્રદ અનુમાન કરવામાં આવેલ છે.

૧૯૫૬નો દુષ્કાળ અને વિ.સં. ૨૦૨૨ના સુકાળના વરસાદનો વરતારો આંકડાના ગણિત આધારિત સાચા ઠર્યાની સાક્ષી પૂરે છે. તેમ ચાલુ વર્ષે વિ.સં. ૨૦૭૨ મુજબની ગણિતનું અનુમાન સાચું થાય તો આગામી ચોમાસું ધોધમાર અને લીલો દુકાળની સ્થિતિ સર્જાય તેવું હોવાનું અનુમાન છે.

### ચોપાઈ

*ચોમાસાનું કરું અનુમાન, જરા આપજો મુજ પર ધ્યાન; સંવતના છેલ્લા બે આંક લઈ, તેને ત્રણથી ગુણતા સાંઈ.*
*ગણતાં જે કાંઈ આંક જણાય, તેમાં ૨૦ ઉમેરો થાય; વળતાં સાતે (૭) ભાગો ભાઈ, વરસારો સારો રહેશે ભાઈ.*

### અનુમાન

***ચાલુ વિક્રમ સંવતનું ગણિત :***

વિક્રમ સંવત ૨૦૭૨ના છેલ્લા બે આંક ૭૨ x ૩ = ૨૧૬. ૨૧૬ + ૨૦ = ૨૩૬. તેને ભાગ્યા ૭ તો શેષ વધી ૫ (પાંચ). જે ધોધમાર વરસાદ દર્શાવે છે.

★ જો મિંડી (૦) વધે તો બેઠો કાળ. ★ એક (૧) અને ચાર (૪) વધે તો દુકાળ, અડધો. ★ બે (૨)નો આંક સુકાળિયો, તે વરસ નિઃશંક બહુ ઉત્તમ વરસે વરસાદ. શેષ જો ત્રણ (૩) વધે તો ચોમાસું મધ્યમ થાય. ★ પાંચ (૫) વધશે તો પડશે ફાળ. ધોધમાર ને લીલો દુકાળ. ★ છ (૬) વધતાં બસ રાખો આશ, વરસે બહુ મોડો વરસાદ.

આ રીતે વરસાદનું અનુમાન આપણા પૂર્વજો કરતા.

***સૌજન્ય : "કચ્છમિત્ર"***

***પ્રેષક : દિનેશચંદ્ર જગજીવન શાહ (મો. ૯૪૨૬૫ ૭૭૬૭૮)***

અષાઢી બીજ : પર્વ વિશેષ

# અષાઢી બીજ : કચ્છની આગવી સંસ્કૃતિ

• સંકલન : બાબુલાલ ગોર •

*"કારા ડુંગર કચ્છજા ધોરાધણ ચરે,*
*સિજ ઉલધે સામાં અચે, ડિસંધે દુઃખ ટરે."*

***અર્થાત્ :*** કચ્છના કાળા ડુંગર પર ધોળુંડાં ધણ ચરે છે. દિવસ આથમતાં સામા આવતા એ ધણનાં દર્શન કરવાથી સર્વ દુઃખડાં દૂર થઈ જાય છે. જાણીતા લોકસાહિત્ય મર્મજ્ઞ શ્રી જોરાવરસિંહ જાદવે આમ નોંધ્યું છે. એટલું જ નહીં પણ કચ્છની આગવી લોક સંસ્કૃતિની વાત કરતાં પણ શ્રી જોરાવરસિંહ કરતાં લખ્યું છે : રાજસ્થાન અને કાઠિયાવાડની જેમ કચ્છમાં પણ આગવી લોક સંસ્કૃતિનું સર્જન થયું છે.

એ કચ્છી નરનારીઓનું ખમીર, ખુમારી, ત્યાગ, ટેક, બલિદાન અને રખાવટની ભાવના ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે નોંધાયેલી છે. કચ્છનું ભર્યુંભાદર્યું લોકજીવન અને એ લોકજીવનની કલાપ્રિયતા અદ્ભુત પ્રકારની છે. કલાનું મૃત્યુ થતાં તેની પાછળ અસંખ્ય નારીઓએ આપેલી કુરબાનીની કથાઓ સર્જાઈ છે.

ઢોલ પર નોખા નોખા તાલ વગાડી લોક નારીઓના દિલને ડોલાવતાં વ્રજવાણીના ઢોલીના મૃત્યુ પર સાત વીસું (એકસોને ચાલીસ) નારીઓ પોતાના પ્રાણની કુરબાની આપે છે. જગતના ઈતિહાસમાં કે લોકજીવનમાં આ ઘટનાનો જોટો બીજે ક્યાંય જડે તેમ નથી. આવો ડોલરિયો કચ્છ પ્રદેશ અષાઢી બીજને નવા વર્ષ તરીકે વધાવે છે અને એટલે જ કચ્છના કવિ મદનકુમાર અંજારિયા 'ખ્વાબ' લખે છે :

***વિશ્વભરમાં વિસ્તરેલું કચ્છ***
***નકશાનું ગુલામ નથી.***
***બલ્કે કચ્છી માડુ તો કહે છે***
***હે ઈશ્વર!***
***મારી કચ્છીયતને***
***વિહરવા માટે ધરતી તો શું,***
***આકાશનું આંગણ પણ***
***નાનું પડે છે,***
***આ ક્ષિતિજની વાડ***
***હટાવી દેને!***

અનેક યાતનાઓ અને કુદરતી આફતો વચાળે જીવતા કચ્છી માડુની લાગણીને પ્રતિસાદ આપતાં કવિ ખ્વાબ કહે છે :

***ગ્લાનિને પણ વશ કરી, ગૌરવ બનાવે છે,***
***ઝાંઝવાને પણ મધુર આસવ બનાવે છે!***
***સ્થાન ઉત્સવનું હશે કેવું અનોખું જ્યાં***
***અફસોસને પણ કચ્છીઓ ઉત્સવ બનાવે છે.***

આવો કચ્છ મુલક અને એ કચ્છ પ્રદેશના મીઠડા ભાવરો કચ્છમાં હોય કે કચ્છ બહાર, પણ અષાઢી બીજને કચ્છના નૂતન વર્ષાદિન તરીકે આનંદથી પણ અનોખી રીતે ઉત્સવ બનાવી તેની ઉજવણી કરે છે.

કચ્છી માડુઓની અષાઢી બીજની ઉજવણી વિશે માહિતી આપતાં કચ્છના બુઝુર્ગ સાહિત્યકાર શ્રી પ્રાણગિરિભાઈ ગોસ્વામીજીએ લખ્યું છે તે જાણવા જેવું છે. આ રહ્યા એ શબ્દો :

કચ્છી નવું વર્ષ અષાઢ સુદ ૧ થી થાય છે પરંતુ ચંદ્રનું મહત્ત્વ હિંદુ શાસ્ત્રોમાં ખૂબ જ દર્શાવાયું છે. માટે કચ્છીઓ પણ અષાઢ માસની ચંદ્રબીજને મહત્ત્વ આપીને લગભગ ૮૯૦ વર્ષથી ઊજવતા આવ્યા છે. પરંતુ કચ્છમાં વસતા કે કચ્છ બહાર વસતા કચ્છીઓ નવા વર્ષની અષાઢી બીજની ઉજવણી દરેક જણ પોતપોતાની ઢબથી કરતા હોય છે.

પોતાના ઘરમાં વિવિધ વાનગીઓ, મીઠાઈઓ બનાવે છે. વડીલોને પાયલાગણાં કરે છે, મિત્રને, સગા સંબંધીઓને નવા વર્ષની શુભેચ્છા (વધાઈ) આપે છે. ખેડૂતો પોતાનાં ખેતીનાં સાધનોની પૂજા કરે છે. ઘરની બહાર દીવા અને રોશની કરીને પ્રકાશ પર્વની ઉજવણી કરતા હોય છે.

શ્રી દીક્ષિત કૃત ભારતીય જ્યોતિષમાં જ જણાવાયું છે કે, કચ્છના નવા વર્ષની ઉજવણી કચ્છમાં અને બૃહદ્ કચ્છમાં ઓછામાં ઓછાં ૮૯૦ વર્ષથી થાય છે. એટલે કે બારમા સૈકાથી ગણી શકાય. જ્યારે માગશર સુદ ૫ સંવત ૧૬૦૫માં ભુજમાં જાડેજા રાજની શરૂઆત સાથે ખીલી ખૂંટી ત્યારથી એટલે કે ૪૫૭ વર્ષથી કચ્છી અને કચ્છનું રાજવંશ અષાઢી બીજ પરંપરિત રીતે ધામધૂમથી ઊજવતું આવ્યું છે.

કચ્છમાં સવા સો વર્ષ સુધી જીવેલા કચ્છના અમરપાત્ર થઈ ગયેલ રાજવી લાખો ફુલાણી આઠમા સૈકાની શરૂઆતમાં પોતાની રાજધાની અણઘોર ગઢ (પાવર મિયાંણી) માંથી કપિલકોટ કેરા લઈ ગયો. ત્યારબાદ તેઓએ પોતાના રાજ્યની શાંતિમાં પ્રકૃતિને પણ શાંતિથી માણી હતી. એ કચ્છના પ્રકૃતિ પ્રેમી રાજવી કવિ હતા અને એમનાં શ્રી મુખેથી વહેતા થયેલા કચ્છી દુહા સોરઠા

પ્રકૃતિનાં ગુણગાન દર્શાવે છે.

કચ્છમાં વરસાદ વરસી ગયા બાદ તેઓ મિત્રોની સાથે પબુસર ઘોડા પર ચડીને ઝાડી, જંગલને ખૂંદવાને માટે નીકળી પડ્યા ત્યારે મેહુલિયો કચ્છની ધીંગીધરાને ભીંજવી ચૂક્યો હતો. ધરિત્રીએ લીલા કંચવા ધારણ કર્યા હતા અને કચ્છની વનરાજી ચોગરદમ લીલીછમ બની ઝૂમતી હતી. આવી માટીની ભીનાશભરી ખુશબૂમાં લાખો બોલી ઊઠ્યો :

*ભલા ઘોડા, ગુણિયેલ મિયાંવડે કચ્છ વાણાં,*
*ઈનિત્રિયોંકા, અધાપો વેન હિયાં.*

એટલે કે, ભલા ઘોડા સાથે ગુણિયલ ગુણસંપન્ન નારી અને વરસતા આ વરસાદથી હરિયાળી બનેલ વનરાજી, આ ત્રણે વસ્તુથી હે મનરૂપી જીવડા, તું કદી ધરાવાનો જ નથી. અષાઢી બીજના કુદરતનું આવું સુંદર રમણીયતાસભર વાતાવરણ જોઈને લાખાનો આત્મા એટલો બધો પ્રસન્ન થઈ ગયો કે તેણે કચ્છ રાજ્યમાં જાહેર કર્યું જેથી પ્રજા પણ મન મૂકીને નવા વર્ષને, વરસાદી માહોલને માણી શકે. આ ઐતિહાસિક ગાથા છે. આવા આ પ્રકૃતિ પ્રેમી રાજવી તરીકે પોતાને ઈતિહાસમાં અજર અમર કરી ગયા છે.

આમ અષાઢી બીજની ઉજવણી તો વર્ષોથી થતી હતી પરંતુ ધીરે ધીરે એ પરંપરામાં ઓટ આવવા લાગી હતી. તા. ૨૭-૬-૨૦૦૬ના રોજ ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ અષાઢીબીજનો ચંદ્ર જોવાની ઉજવણી કરીને કચ્છીઓમાં ફરીથી નવા વર્ષની ઉજવણી કરવામાં પ્રાણ ફૂંક્યા છે.

કચ્છના કલાક્ષેત્રના લોકોથી ઉદ્યોગપતિઓનાં સન્માન કરીને દરેક ક્ષેત્રની વ્યક્તિઓને અષાઢી બીજ, અસાંજી બીજના મંત્ર દ્વારા ઊજવવાની પ્રેરણા આપી છે આ બાબત એક ઐતિહાસિક હકીકત બની ચૂકી છે.

અને પાછું દરિયા કિનારે જે બંદર વર્ષો પહેલાં વિશ્વના શિરમોર સમા બંદરોમાંનું એક હતું, એવા માંડવી બંદરને ત્યાં વસતા નાના કહેવાતા ખારવા લોકોને દરિયાની બીજની મહત્તા સમજાવીને કચ્છીઓને અષાઢીબીજ ઊજવવાની નવી દિશા બતાવી છે. આ છે અષાઢીબીજની મહત્તા. ત્યારે લોક સાહિત્યકાર વિનુ મહેતા પણ લખે છે,

*કોટે મોર કણુકીઆને વાદળ ચકી વીજ*
*રૂદાને રાણો સાંભર્યો ને આવી અષાઢીબીજ.*

તો કચ્છી કવિ પોતાની ઝંખના વ્યક્ત કરતાં શબ્દો ઉચ્ચારે છે :

*અષાઢ આયો, મન કે ભાયો,*
*અભતાં વડ રે ભાયો*
*મોર નચે મીં મીઠા અચે*
*અજ નઉં વરે કચ્છ જો આયો,*
*સજણ શીરો ઘુંટબો,*
*અજ અષાઢી બીજ*
*કબો પ્રભુ કે વિનંતી*
*તું વરે વસંધો ડીજ.*

*ગઝલ સમ્રાટ સ્વ. અમૃત ઘાયલ લખે છે :*

*સ્નેહનું પાણી, સૂરનું પાણી, પોતાના પ્રચંડપૂરનું પાણી,*
*હસતું રમતું રણમાં દીઠું સત અને સિંદુરનું પાણી*
*વાહ રે ભાઈ કચ્છનું પાણી.*

*બીજા એક કવિ સ્વ. મહેન્દ્ર સમીરે લખ્યું છે :*

*આતમના અસવારો*
*આંખમાં જોયો કસુંબલ રંગ*
*જીવનનો ઝબકારો*
*આ કચ્છડો કામણગારો.*

આવા કામણગારા કચ્છના કચ્છીમાડુ અષાઢીબીજની અનોખી રીતે ઉજવણી કરે છે. ■

## માતૃભાષા

ગુજરાતીઓ એકબીજાની વચ્ચે અંગ્રેજી બોલે એ અધમ દશા સૂચવે છે એમ કહ્યા વિના રહેવાતુ નથી. તેમ થવાથી માતૃભાષા કંગાળ થઈ ગઈ છે. આપણે જ એનું અપમાન કરીએ છીએ. હું મારા વિચારો ગુજરાતીમાં ન બતાવી શકું એ વિચાર કરું છું ત્યારે મને કંપારી છૂટે છે. જેણે પોતાની ભાષાનો અનાદર કર્યો છે એ પોતાના દેશનું ભલુ કરશે? ગુજરાતની મહાન પ્રજા કોઈ કાળે ગુજરાતીને ભૂલી બીજી ભાષાનો અંગીકાર કરે એમ સ્વપ્ને પણ નથી સંભવી શકતું અને જો તેવો સંભવ ન હોય તો જેઓ તે ભાષાને પડતી મૂકે છે તેઓ દેશના અને પોતાની પ્રજાના દ્રોહી છે એમ કહેવું અતિશયોક્તિમાં નહિ ખપે.

*– ગાંધીજી (૧૯૦૯)*

Corporate Office :
D 6-2, Road No. 34,
Wagle Estate, Thane 400 604. India.
T (General) : +91 22 21582600 F: +91 22 21582602
T (Direct): +91 22 21582603 M: +91 9322663991
E: narendra@hdfire.com • www.hdfire.com

સ્વ. પૂ. માતુશ્રી રતનબાઈ નરશી દેવણાંધ ધરમશી (સુથરી)ના સ્મરણાર્થે....

HD FIRE PROTECT PVT. LTD.
Protecting What Matters Most to You

## કચ્છની અસ્મિતાને અજવાળતો ઉત્સવ
# અષાઢી બીજ

• સંજય પી. ઠાકર •

*'સૂરજની સખાત' થી પાછા ફરેલા કવિહૃદયી જામ લાખા ફુલાણી કચ્છમાં અષાઢી માસની સહેલગાહથી એટલા પ્રસન્ન થઈ ગયા કે, તેમણે કચ્છનું નવું વરસ અષાઢથી શરૂ થાય એવું ફરમાન કર્યું. છેલ્લાં આઠસો વરસથી દેશ-દેશાવરમાં કચ્છી નૂતન વર્ષની ઉજવણી કચ્છીઓ કરતા રહ્યા છે અને પોતાની અસ્મિતાને અજવાળતાં રહ્યાં છે!*

કચ્છી કહેવત છે કે, 'જુમેજી માજો તકિયો ધાર' (જુમાની માનો તકિયો અલગ) એવી રીતે દરેક ક્ષેત્રે કચ્છીઓ પોતાનું અલગ-આગવું વ્યક્તિત્વ અને અસ્તિત્વ ઊભું કરતા આવ્યા છે! કચ્છમાં એક સમય એવો હતો કે જ્યારે કચ્છનું ચલણ, ભાષા, નૂતન વરસ સ્વતંત્ર હતાં. આઝાદી મળ્યા પછી કચ્છને 'ક' વર્ગના રાજ્ય તરીકે વિશેષ દરજ્જો અપાયો હતો. આજે પરિસ્થિતિ જુદી છે તો પણ કચ્છીઓની વસતિના ૫૦ થી ૬૦ ટકા લોકોમાં બોલાતી મીઠી કચ્છી ભાષા અને દર વર્ષે ઉમંગભેર ઉજવાતું કચ્છી નવું વરસ પોતાની ભાતીગળ સંસ્કૃતિ સાથે ચિરંજીવ રહ્યાં છે. દુષ્કાળ, ભૂકંપ અને વાવાઝોડાં જેવી કુદરતી આપત્તિઓની થપાટો ઝીલ્યા પછી પણ કચ્છીઓ પોતાનું દુઃખ, પોતાની પીડાને ભૂલી ફરી નવી આશા સાથે નવા વરસનું એ જ નવા ઉત્સાહથી સ્વાગત કરે છે. આ તાસીર કચ્છીઓનું ખમીર અને તેમની સહનશીલતાને પ્રગટ કરે છે. 'થિન્ક બિગ' અને 'થિન્ક ડિફરન્ટ' એ કચ્છી માડુની ખાસિયત છે અને તેથી જ તે તેની પાયાની પહેચાન બની રહે છે. તે ફિનિક્સ પંખીની જેમ રાખ (અહીં 'રાખ' ની જગ્યાએ 'મલબો' શબ્દ મૂકી શકાય) માંથી બેઠો થઈ રણને તોરણ બનાવી શકે છે. દાયકા પછી કચ્છની મુલાકાત લેનાર કોઈપણ હમણાંનું કચ્છ જુએ તો છક થઈ જાય કે નહિ?

કચ્છમાં કે પછી દેશ-દેશાવર વસતો હરએક કચ્છી અષાઢ સુદ બીજના રોજ આનંદ-ઉત્સાહપૂર્વક નવું વરસ ઊજવે છે. પંજાબીઓ પોતાનું બૈશાખી પર્વ ઊજવે છે. દક્ષિણ ભારતીય પોંગલ ઊજવે છે. એવી જ રીતે હવે વિસ્તારમાં ભારતભરમાં પ્રથમ ક્રમે આવતો કચ્છ જિલ્લો અષાઢી બીજ ગૌરવપૂર્વક અને હર્ષોલ્લાસથી ઊજવે છે. કચ્છી નવા વરસનો આરંભ સૂર્ય અને ચંદ્ર બન્નેની મિશ્ર ગણતરીથી થાય છે, એટલે જ કચ્છી નવા વરસને 'સૌર ચાંદ' ના વરસ તરીકે લોકો નવાજે છે.

કચ્છી મહોત્સવ-કચ્છી નવું વરસ અષાઢ સુદ બીજના દિવસે કેમ શરૂ થયું એ જાણવું રસપ્રદ છે. કચ્છી નવા વર્ષની શરૂઆત થવાની ઐતિહાસિક કથા આ મુજબ છે. ફૂલ જામના આદેશથી દેશવટો ભોગવનાર યુવરાજ કુમાર લાખોજી પાટણમાં રહેતો. ત્યાંથી તેની બહેન ડાહી ડુમણીના પ્રયાસથી કચ્છનું શાસન સંભાળેલું. કેરાકોટમાં રાજધાની ફેરવી નાખનાર જામ લાખા ફુલાણીના મનમાં અનેક વાતો ઘૂમરાતી હતી. પ્રશ્નાર્થ સર્જતી હતી. તેમાંની એક હતી, પૃથ્વીનો છેડો ક્યાં હશે? આ વિચિત્ર પ્રશ્નનો જવાબ મેળવવા સાહસિક યુવાનોની ટુકડી સાથે પૃથ્વીનો છેડો શોધવા લાખો ફુલાણી નીકળેલો. લાખાજીના આ પ્રવાસને લોકો 'સૂરજની સખાતે' ના નામથી ઓળખે છે. છ મહિના સુધી લાખા ફુલાણીની મંડળી આગળને આગળ વધ્યા બાદ પૃથ્વીનો છેડો ન આવતાં અંતે કચ્છ પાછા ફર્યા. આમ, સૂરજની સખાતથી જામ લાખો પાછો ફરેલો ત્યારે અષાઢ માસ ચાલતો હતો! વનરાજી લીલીછમ બની હતી, જામ લાખો આ વનરાજીનાં દર્શન કરવા ઊપડી ગયો. અષાઢ માસની સહેલગાહથી કવિહૃદયી એવા લાખાનો આત્મા એટલો પ્રસન્ન થઈ ગયો કે તેણે કચ્છનું નવું વરસ અષાઢથી શરૂ થાય એવું ફરમાન સમસ્ત કચ્છમાં જાહેર કરીને પોતાનું નામ અમર કરી દીધું. ત્યારથી માંડીને છેલ્લાં આઠસો વરસથી આજ સુધી અષાઢી બીજ કચ્છી નવા વરસ તરીકે ઉમંગભેર ઉજવાય છે. જો કે ઐતિહાસિક ઉપરાંત ખગોળશાસ્ત્રીય રીતે પણ વર્ષાઋતુના આગમન સમી આષાઢી બીજની ઘણી મહત્તા છે.

કચ્છી સંવત ૧૬૦૫ ના માગશર સુદ-૫ ના દિવસે કચ્છમાં રાજગાદીની સ્થાપના રાવશ્રી ખેંગારજી પહેલાએ કરી ત્યારથી ભારત આઝાદ થયું ત્યાં સુધી આ વરસની ઉજવણી દરબારી-રજવાડી ઠાઠથી થતી હતી. આ દિવસે કચ્છના રાજવીઓ સમક્ષ ભેટ-સોગાદો મુકાતી, લોહાણા અને ખારવાઓ દરિયાલાલની પૂજા કરી સમુદ્રમાર્ગે વ્યવહારની શરૂઆત કરતા, બંદર શણગારાતાં, દરિયાકાંઠાનું પૂજન થતું. બ્રાહ્મણો આશીર્વાદ આપતા, કચ્છના જુદા જુદા વિસ્તારના અગ્રણીઓને ભુજ મધ્યે બોલાવવામાં આવતા. આ સમયે કચ્છ રાજ્યના પ્રતીકવાળી વિશિષ્ટ ધજા ફરકાવવામાં આવતી, વરુણદેવની મંગળ પૂજા થતી, તોપોની સલામી અપાતી, ભુજિયા ડુંગર પર ઉત્સવ થતો. આ મહાપર્વના દિવસે સમગ્ર કચ્છમાં જાહેર રજા પડાતી. ખેડૂતો બળદને શણગારી, ખેતીનું વ્યવસ્થિત કાર્ય શરૂ કરતા. ભારત

**(અનુસંધાન : જુઓ પાના નં.-૨૩ ઉપર)**

## શતાબ્દી અવસર (૧૯૧૬ – ૨૦૧૬)
## 'અષાઢી બીજ' : કચ્છી નૂતન વર્ષે યાદ કરીએ
## ૨૦૧૬ની કચ્છી શતાબ્દી પ્રતિભાઓ

• ભરત 'કુમાર' પ્રા. ઠાકર •

### કચ્છના અધ્યાત્મ અને કળાજગતના વ્યક્તિ વિશેષોનું પ્રાસંગિક શતાબ્દી-સુમિરન!

વિશ્વભરના કચ્છી અને હાલારીજનો દર વર્ષે જેની આતુરતાપૂર્વક પ્રતીક્ષા કરતા હોય છે તે એમના અસ્મિતાપર્વ સમાન 'આષાઢી બીજ' નો તહેવાર આ મહિને આવી રહ્યો છે. અર્થાત્ અષાઢ સુદ બીજ (તારીખ ૬ઠ્ઠી જુલાઈ, ૨૦૧૬ અને બુધવાર) ના આવતા કચ્છી-હાલારી નવા વર્ષની વધાઈ સાથે આ સપરમા વર્ષે કચ્છના કેટલાક શતાબ્દી વ્યક્તિ વિશેષોની મિતાક્ષરી ઝલક અત્રે ઊપસાવી છે...

૨૦૧૬ના વર્ષમાં વિવિધ ક્ષેત્રની આઠ જેટલી કચ્છી પ્રતિભાઓની જન્મ કે પુણ્ય શતાબ્દી આવે છે. તે પૈકી આ અગાઉ આપણે 'મંગલ મંદિર' ના ફેબ્રુઆરી, ૨૦૧૬ ના અંકમાં લક્ષ્મીચંદ ભારમલ નાગડા (૧૯૧૬-૯૯) અને એપ્રિલ, ૨૦૧૬ ના અંકમાં સંત વજાભગત (૧૯૧૬-૮૯) એમ બે શતાબ્દી-લેખો વાંચી ગયા છીએ.

આ વર્ષના આઠ કચ્છી શતાબ્દી વ્યક્તિ વિશેષોમાં ત્રણ નામો એવાં છે કે જેઓ મૂળે અબડાસા તાલુકાના વતની હોય, વ્યવસાયાર્થે મુંબઈ સ્થાયી થયા હોય અને ત્રણે કળા સંસ્કૃતિ ક્ષેત્રે સંકળાયેલ રહ્યા હોય! તેમાં તેરા ગામના ભાટિયા નાટ્યકર્મી તેરસિંહ ઉદેશી (૧૯૧૬-૯૬), રાપર-ગઢવાળી નામના દશા વણિક ધમાલરાસના કલાકાર લક્ષ્મીચંદ ભારમલ નાગડા (૧૯૧૬-૯૯) અને ત્રીજા નલિયા ગામના ભાટિયા ક્રિકેટ સમીક્ષક આણંદજી જમનાદાસ ડોસા (૧૯૧૬-૨૦૧૪) નો સમાવેશ થાય છે. (ઉપરાંત, આ બંનેના ભાઈઓ અનુક્રમે ચાંપશી ભારમલ નાગડા (૧૯૨૦-૨૦૦૨) અને પ્રાગજી જમનાદાસ ડોસા (૧૯૦૭-૯૭) પણ જાણીતા નાટ્ય કળાકારો હતા)

### કચ્છી નાટ્ય કલાકાર-ગીતકાર
### તેરસિંહ ઉદેશી (૧૯૧૬-૯૬)

મુંબઈ રંગભૂમિના પીઢ અદાકાર, નાટ્યનિર્માતા, નાટ્યલેખક અને ગીતકાર એવા તેરસિંહ ઉદેશીનો જન્મ સદી પૂર્વ ૧૭મી મે, ૧૯૧૬ ના ઘાટકોપર ખાતે થયો હતો. પણ બાળપણ વતન તેરા ગામે વીત્યું હતું. ત્યારે એમનું નામ 'શંભુ' હતું. માધ્યમિક શિક્ષણ એમણે મુંબઈના ભાટિયા છાત્રાલય-વિદ્યાલયમાં મેળવેલું.

શરૂથી જ એમને અભિનય અને ગાયનમાં રસ હતો. આઝાદી આંદોલન દરમ્યાન દેશપ્રેમનાં ગીતો રચીને પ્રભાતફેરીમાં ગાતા. આવાં ઘણાં ગીતો સ્વકંઠે મુદ્રિત પણ થયાં અને રેડિયો-સિનેગૃહોમાં વગાડવામાં આવતાં! તે વખતે ગીતકાર-ગાયક તરીકે તેઓ 'માસ્ટર શંભુ' ના નામે ઓળખાતા.

પણ, એમની લગન તો નાટ્યજગતમાં પ્રવેશવાની હતી. ત્યારની જાણીતી અભિનેત્રી હીરબાઈ સાથે એમને પ્રથમવાર 'જાગૃતિ' નાટકમાં કામ કરવાની તક મળી. તે પછી અબળા, સજ્જન કોણ, હંસાકુમારી જેવાં નાટકોમાં પણ ભૂમિકા ભજવી. જ્યારે નાટ્યલેખક તરીકે એમણે પ્રથમ 'મૃગજળ' લખ્યું, જેમાં કૃષ્ણા ચોનકર સાથે કામ કરેલું.

#### • લોકપ્રિય 'સો ટચનું સોનું' :

અભિનય અને સંવાદ-અદાયગીમાં અવાજનું ખાસ મહત્ત્વ છે. શંભુભાઈનો અવાજ બુલંદ હતો. તેથી 'મિનરવાના સિંહ' ગણાતા સોહરાબ મોદી (૧૮૯૭-૧૯૮૪) ની જેમ તેઓ કચ્છી-ગુજરાતી સમાજમાં 'તેરાના સિંહ' તરીકે ઓળખાતા! તેના પરથી અપભ્રંશ થઈ 'તેરસિંહ' નામ રૂઢ થયું. દરમ્યાન, 'સો ટચનું સોનું' નાટકે એમને પ્રસિદ્ધિના શિખરે લાવી દીધા. ત્યારે ચકચાર જગાવનાર બે મહિલા ખૂનકેસો પર આધારિત આ નાટક હતોત્સાહ નારીમાં ચેતનાનો સંચાર કરે એવું હતું.

એટલું જ નહિ, દક્ષિણની અભિનેત્રી રાધિકારાણી અને સોહરાબ મોદી જેવા દિગ્ગજે આ ગુજરાતી નાટકમાં ભૂમિકા ભજવેલી! વડાપ્રધાન મોરારજી દેસાઈ (૧૮૯૬-૧૯૯૫) એ પણ તે નિહાળી પ્રશંસા કરેલી. મુંબઈ - ગુજરાતમાં ૧,૧૫૦ પ્રયોગો સાથે આ નાટક અદ્ભુત સફળતાને વર્યું હતું. એ જ નામે તેનો ગુજરાતી પુસ્તક દેહ (૧૯૭૪) અને 'શરીર-એ હયાત' નામે ઉર્દૂ નાટ્ય રૂપાંતર પણ થયેલું. એવા જ બીજા નાટક 'છોગાળા છગનલાલનો વરઘોડો' (૧૯૬૫) ને પણ એવી જ લોકપ્રિયતા સાંપડેલી.

#### • હિંદી - ગુજરાતી ચલચિત્રો :

તે પછી એમણે હીરામાણેક, કંચન કાટ ન લાગે જેવાં નાટકો પણ આપ્યાં. નાટકોની રજૂઆત માટે 'નવયુગ નાટક

સમાજ' અને 'મધર ઈન્ડિયા થિયેટર્સ' બેનરોની સ્થાપના કરેલી. એમનાં કેટલાંક નાટકોનાં ગીતોનાં આલબમો પણ બહાર પડ્યાં હતાં. બે હિન્દી ફિલ્મો 'દિલ્હી દરબાર' (૧૯૫૬) અને 'બડે ઘર કી બહૂ' (૧૯૬૦) ની વાર્તા-સંવાદો લખ્યા હતા. તો, હેમંત દેસાઈ દિગ્દર્શિત અને રાજીવ-રીટાભાદુરી અભિનીત ગુજરાતી ફિલ્મ 'સમયની સંતાકૂકડી' (૧૯૮૩) નાં ગીતો-સંવાદો માટે તેમને ગુજરાત સરકારના પુરસ્કારો પણ મળ્યા હતા.

અખિલ ભારતીય સંસ્કૃત વિદ્યાપીઠ (મુંબઈ) તરફથી એમને 'અભિનય માર્તણ્ડ' અને 'અભિનય પારજ્ઞત' ની માનદ્ ઉપાધિઓ તથા ગોંડલમાં 'અભિનય સમ્રાટ' નું બિરૂદ એનાયત થયેલ. ઉત્તરાર્ધે નિવૃત્તિકાળમાં વેદ-ઉપનિષદોનો અભ્યાસ કરી તેના સારાંશ રૂપે ખિસ્સાપોથીઓ પણ પ્રગટ કરેલી. કચ્છી કલાજગતના ગૌરવ સમાન તખ્તાના આ જાજરમાન કલાકાર તેરસિંહ ઉદેશીનું ૩૧મી જાન્યુઆરી, ૧૯૯૬ ના અવસાન થયું.

## રવિભાણ સંપ્રદાયના સંત ભીમદાસજી (૧૮૬૧-૧૯૧૬)

ભુજ-અંજાર ધોરીમાર્ગ પર કુકમા ગામ પાસેથી દક્ષિણે સૂતેશ્વર મહાદેવ (લેર) થી આગળ જતાં ભુજ તાલુકાના છેલ્લા ગામ મોટા બરંદા પાસે રવિભાણ સંપ્રદાયનું એકાદ સૈકા જૂનું અને લોકોમાં 'ભજન ભોંયરા' તરીકે ઓળખાતું સ્થાનક આવેલું છે.

ગામની વાયવ્ય સીમમાં, જર નદીના કાંઠે અને ડુંગરોની ગોદમાં નાનકડી ટેકરી પર આવેલ આ રમણીય સ્થળ યાત્રાળુઓના હૈયાવિસામા સમું છે. રવિભાણ સંપ્રદાય પરંપરામાં થઈ ગયેલા યોગનિષ્ઠ સંત ભીમદાસજી મહારાજે આ આસ્થાસ્થાનની સ્થાપના કરેલી, જેનું આ 'પુણ્ય શતાબ્દી વર્ષ' છે.

ભીમસ્વામીનો જન્મ સંવત ૧૯૧૭ (સન ૧૮૬૧) માં ગામ ઝૂરા (તા. ભુજ) મધ્યે ક્ષત્રિય કુળમાં થયેલો. ભાણ સંપ્રદાયના સંત જયરામસ્વામી ગુરુ ચરણસ્વામી (શેરખી, જિ. વડોદરા) પાસેથી દીક્ષિત થઈ તેઓ તાલુકાના ચકાર ગામે આવેલા. અહીં પ્રથમ રવિભાણ ગુરુદ્વારા અને પછી મોમાયમંદિરે થોડો સમય રોકાયેલા. એમના ભક્તિભાવ અને અલગારીપણાથી પ્રભાવિત થઈ મોટા બંદરાના તિલાટ રામસંગજી જાડેજા અને પરિવારનાં ફઈબા સરકુંવરબા જાડેજાએ પોતાના ગામે આશ્રમ સ્થાપી ભજન કરવા વિનંતી કરી.

તે પરથી ભીમસ્વામી ગામ બહાર ટેકરીવાળી જગ્યા પસંદ કરી મોટા બંદરા ગામે સ્થિર થયા અને અહીં ધ્યાન-સાધનાર્થે કોતરમાં નાનું ભોયરું પણ બનાવ્યું. એમણે ભક્તિ અને અષ્ટાંગ યોગને જીવનનું સાધ્ય બનાવ્યાં. તેને કારણે બંદરા, કોટડા, જાંબુડી, ચકાર (તા. ભુજ), પત્રી, ભુજપુર (તા. મુંદ્રા), કોટડા-જડોદર (તા. નખત્રાણા), કાઠડા (તા. માંડવી) વગેરે ગામોના લોકો એમના અનુયાયી બન્યા. તેઓ મૂળે યોગીપુરુષ, સત્સંગી જીવ અને સંતવાણીના આરાધક હોઈ આ પંથકમાં સારી ચાહના મેળવી હતી.

● **સ્થાનનો જીર્ણોદ્ધાર - વિકાસ :**

પોતાના સમય દરમ્યાન આ જગ્યાનો વિકાસ કર્યો અને ભોંયરાથી આગળ નાનકડા રામજી મંદિરનું પણ નિર્માણ કરેલું. બરાબર એકસો વર્ષ પહેલાં સંવત ૧૯૭૨ (સન ૧૯૧૬) માં ભીમદાસજીનો દેહ શાંત થતાં ભજન ભોંયરા સ્થાને સમાધિ આપવામાં આવેલી, જે આજે પણ મોજૂદ છે. એમના પછી ઉત્તરાધિકારી તરીકે નારાણદાસજી, સેવાદાસજી, વેલદાસજી અને હાલે જગદીશદાસજી આ જગ્યાને ચેતનવંતી રાખી રહ્યા છે.

પ્રખર રામાયણી એવા સેવાદાસજીએ અહીંના મંદિરનો જીર્ણોદ્ધાર અને ચાર ખંડોનું નિર્માણ કરાવેલ. નીરવ પ્રાકૃતિક વાતાવરણમાં નદી તટે આવેલ ભજન ભોંયરાનું સ્થાનક આસપાસના વિસ્તારો માટે આકર્ષણરૂપ છે. મોરનું તો આ માનીતું સ્થળ છે. 'રણમાં મીઠા વીરડા' સમાન અહીંના સંકુલમાં સીતારામ મંદિર, રામબગીચો, કોઠાર, મેડી, ગુફા અને રહેવાની સાદી સુવિધા છે.

*'શિવમ્', ૪/બી, વૃંદાવન નગર, ખડિયા તળાવ સામે,*
*વૈશાલી સિનેમા રોડ, અંજાર, જિ. કચ્છ-૩૭૦ ૧૧૦.*
*ફોન : (૦૨૮૩૬) ૨૪૦૧૩૯*
*મો. ૦૯૪૨૭૨૨૨૩૧૫૦*

**પંચગની હવાફેર**
**પ્રકૃતિના સાનિધ્યમાં,**
**સુંદર મનોહર આલ્હાદક વાતાવરણમાં**
**હવાફેર કરવા પધારો.**
**શુધ્ધ સાત્વિક ભોજનશાળાની સુવિધા છે.**
**3, ૪ અને ૭ દિવસ માટે રૂમ આપવામાં આવે છે.**
**રાજલક્ષ્મી આરોગ્યધામ**
**મુંબઈમાં બુકિંગ માટે સંપર્ક : 08879677709**

Estd. 1955 **Laxmichand Dharshi**
Container Transportation & Handling
Govt. Contractors • Erection Job
Owners & Suppliers
Crane • Top Lifter • Forklift • Trailor • Truck • Labour
Calcuttawala Building, Masjid Bunder,
137/41, Samuel Street, Mumbai-400 009.
**H.O.** : 2347 5611 • 2345 4093 • Fax : 2347 5619
**L. D. Yard (Jasai, JNPT)** : 6522 3399

# અષાઢી બીજ

• ઉમિયાશંકર અજાણી •

ઋતુઓના રંગપલટા સમયના પથ પર કો ઊડી જતા પક્ષીના રહી જતા લિસોટા જેવી રેખા અંકિત કરીને સરી જાય છે, ત્યારે એના ગમનાગમનનો અહેસાસ માનવીના મન માથે છવાઈ જાય છે. પાનખરમાં વૃક્ષોને ઠૂંઠાં થતાં જોઈને માનવીને લાગે કે હરિયાળી હવે જાણે કદી આવવાની જ નથી. પરંતુ એનો આ ખ્યાલ પાંગરે અને મન એનું વિષાદથી ઘેરાઈને એની આ માન્યતાને પુષ્ટ કરે તે પહેલાં જ તો ઋતુઓની રાણી વસંત, પ્રકૃતિએ પાથરેલા પાલવ પર પગ પસારતી, પવનવેગે આવીને ઊભી રહે, અને મુરઝાયેલા માનવીના જીવનને ઉપવનમાં ફેરવી નાખે છે. કોયલના ટહુકારે જીવનને ટહુકતું કરતી વસંત ઉલ્લાસ અને ઉમંગ બેય વરસાવવા માંડે. ને ત્યારે લાગે કે વગર વરસાદે સારીયે સૃષ્ટિને નવપલ્લવિત કરનાર કુદરતની કરામત તો જુઓ! પણ ઋતુઓના રંગપલટાથી વસંત પણ પર નથી. આ રંગપલટા માનવીને જીવન જીવવાની શીખ આપીને જતા રહે છે. સંસારના ચક્રમાં જડાયેલાં સુખ અને દુઃખ, તડકો અને છાંયડો બેયને પચાવતાં શીખવાની વાત પ્રકૃતિ કહી જાય છે.

યજુર્વેદમાં સૂર્યના અનુગમનની શીખ આપતો એક મંત્ર છે. એનો મંત્રાશ છે : 'સૂર્યસ્યાવૃતમન્વાંવતે' એટલે કે સૂર્યના આવર્તન અનુસાર હું પણ મારા જીવનને જીવું. આભની અટારીએ ભ્રમણ કરતો સૂર્ય આકાશ મંડળના ૧૨ ભાગો એટલે કે ૧૨ રાશિઓને પાર કરે ત્યારે એક વરસનો સમયગાળો પૂરો થાય. આ બાર મહિના સંવત્સરનો એક વર્ષ બને છે. ખગોળ અને જ્યોતિષના આ વિષયમાં ન ઊતરીએ તો આ સંદર્ભનો આશય એટલો જ છે કે, વર્ષભર ૧૨ પગલાં માંડતો સૂર્ય એના પગલે પગલે પગ માંડવાની માનવીને પ્રેરણા આપે છે. ભારતીય મહિનાઓનાં નામ નક્ષત્રના નામ ઉપરથી પડેલાં છે. આ નક્ષત્રો સાથે સંકળાયેલ દરેક મહિનો માનવીને તે રીતે જીવન જીવવાનો સંદેશો આપે છે. વૈશાખથી માંડી ચૈત્ર સુધીના મહિનાઓ માનવીને પોતાનું જીવન કેમ જીવવું તેની શીખ અને પ્રેરણા આપે છે. વિશાખા એટલે વૈશાખથી શરૂઆત એટલા માટે કે અહીંથી માનવીની જીવન યાત્રાને આરંભ થાય છે. વૈદિક સાહિત્યમાં સંસારને 'અશ્વત્થ વૃક્ષ' ની ઉપમા આપી છે. અશ્વત્થ એટલા માટે કે તે નશ્વર છે. 'ન શ્વઃ તિષ્ઠતિ' આજે છે અને આવતી કાલે નથી. અર્થાત આ સંસાર નશ્વર છે. આ વૃક્ષના માધ્યમથી માનવીને એના જીવનના ઉદ્દેશની યાદ અપાવવામાં આવી છે. આ નશ્વરને છેદીને તેણે આગળ આવવાનું છે. માત્ર આગળ આવવાની જ વાત નથી પણ સંસાર વૃક્ષની એક વિશિષ્ટ શાખા બનવાનું છે. માત્ર આગળ આવવાની જ વાત નથી પણ સંસાર વૃક્ષની એક વિશિષ્ટ શાખા બનવાનું છે. વૈશાખ પછી આવે છે જ્યેષ્ઠ. આ મહિનાનો માનવીને સંદેશ છે, તેના ઉદ્દેશ્ય સુધી પહોંચવાને માટે કૃતનિશ્ચયી બની અને સર્વોચ્ચ સ્થિતિએ પહોંચવું. જ્યેષ્ઠતા પામવા માટે શ્રેષ્ઠતા સુધી પહોંચવું પડે. અને અષાઢમાં એ સર્વોચ્ચ સ્થિતિનો નિર્દેશ થયો છે. જીવનમાં નશ્વરતાને છોડી, આગળ આવી શ્રેષ્ઠતાને પામવાના સંકલ્પ સાથે આંતરબાહ્ય શત્રુઓને પરાભૂત કરતાં આગળ વધવાનું છે. સર્વોચ્ચ સ્થિતિ સુધી પહોંચવાની પ્રેરણા અષાઢમાંથી મળે છે. આમ પ્રત્યેક માસ પાસેથી જીવન ઘડતરનો સંદેશો પામી અંતિમ સ્થિતિએ પહોંચવાનું છે. ફાગણ મહિના સુધી પહોંચતાં તો પરમ તત્ત્વને પામી લીધું હોય. તે પછી ચિત્રા-ચૈત્ર મહિનાના પ્રાંગણમાં પહોંચે ત્યારે સંસાર વૃક્ષની સર્વોત્કૃષ્ટ શાખા બનવાનો એનો સંકલ્પ ફળવાની રાહ જોતો હોય છે. અષાઢનું આ મહત્ત્વ છે. એના ગુણ થકી એની મહત્તા છે. અષાઢના આટલા પ્રસ્તાવિક ઉલ્લેખ સાથે એને કચ્છના સંદર્ભમાં જોઈએ તો, દુકાળિયા મુલક તરીકે ગણાતા કચ્છ માથે શાપ વરસાવીને પ્રકૃતિએ એના ઉત્તર અને પૂર્વ વિસ્તારના સીમાડે રણનું સર્જન કર્યું છે, તો બીજી બાજુ પશ્ચિમ અને દક્ષિણ કંઠારને રત્નાકરના રાજીપાથી રીઝવી પણ છે. નીરવ સૂનકાર અને વેદના સભર શાંતિ મૂકી છે એક છેડે અને બીજે છેડે મૂક્યો પ્રવૃત્તિ અને ધમધમાટથી ગાજતી જિંદગીનો સંદેશ. આવા વિશિષ્ટ અને વિરોધાભાસી વૈભવ વચ્ચે વસતા કચ્છના લોકોને એના જીવનની યાતનાઓ અનેક છે. અસ્તિત્વને ટકાવવા માટે સતત સંઘર્ષ કરતા રહેવું, સુખ અને દુઃખને સમાન ગણીને તડકો છાંયડો સહ્યા કરવું અને છતાંય સતત કાર્યરત રહેવું અને કુદરતે જે કાંઈ આપેલ છે તે સ્વીકારીને આગળ વધવું — એ સંદેશો અને એ પ્રેરણા અષાઢ આપે છે. એટલે જ તો કચ્છના લોકોએ અષાઢને ઉત્સવ બનાવી દીધો છે.

અષાઢ એ જીવન છે. વર્ષાના પ્રારંભનો એ પ્રથમ દિવસ છે. 'અષાઢસ્ય પ્રથમ દિને' એ માત્ર કાંઈ પંચાંગમાં આવતી તિથિ નથી, પણ અસ્તિત્વના આનંદ મંગળનો એ ઉત્સવ છે. અને એટલે જ તો એને નવલા વર્ષના રૂપમાં નીરખીને કચ્છના લોકોએ અષાઢી બીજને શ્રેષ્ઠ ગણીને સ્વીકારી.

કચ્છમાં અષાઢથી શરૂ થતા નવા વર્ષની શરૂઆત ક્યારથી થઈ તેના વિશે જુદી જુદી માન્યતાઓ પ્રવર્તે છે. કોઈ કહે છે કે કચ્છનો પ્રતાપી રાજવી લાખો ફુલાણી દેશવટેથી વતન તરફ પાછો વળે છે એ દિવસો અષાઢના હતા. વરસાદના કારણે વનરાજી સર્વત્ર હરિયાળી હતી. આ લીલી હરિયાળીથી લાખાનો

કવિ આત્મા પ્રસન્ન થયો. એટલે એણે કચ્છમાં નવું વર્ષ અષાઢ માસથી ગણવા ઠરાવ્યું અને આમ કચ્છમાં અષાઢી બીજથી નવું વર્ષ શરૂ થયું. તો ક્યાંક એવી માન્યતા પણ છે કે, જામ લાખાને વિક્રમની બારમી સદીમાં માલધારીઓએ પોતાનો મુખી બનાવ્યો તે દિ'થી કચ્છ એક સૂત્રે બંધાયું. એ દિવસ હતો અષાઢી બીજનો એટલે કચ્છમાં લોકોએ તેને નવા વર્ષના રૂપમાં અપનાવ્યું. બીજી એક માન્યતા પ્રમાણે રતો રાયધણ લાખીયારવીરાની ગાદીએ બેઠો ત્યારથી તેણે અષાઢી બીજથી નવું વર્ષ શરૂ કર્યું.

જૂનાં પંચાંગોમાં અષાઢથી નવા વર્ષનો પ્રારંભ કરતા દેશો ગુજરાતમાં માત્ર બે જ છે : એક કચ્છ અને બીજો હાલાર. હાલાર એટલે હાલનો જામનગર જિલ્લો. જામનગરનો જાડેજા વંશ કચ્છનો જ એક ફાંટો હતો. જામ રાવળે નવાનગરમાં ગાદી સ્થાપી ત્યારે કચ્છી સંવતને હાલારી એવું નામ આપીને કચ્છી સંવતને અપનાવી લીધું. જો કે અષાઢ મહિનાથી નવા વર્ષની શરૂઆત અગાઉના સૌરાષ્ટ્રમાં ચાલુ હતી તેવું કુમારપાળના સમયનો વિક્રમ સંવત ૧૨૦૨ નો માંગરોળથી પ્રાપ્ત થયેલા લેખ પરથી જણાય છે. તેમાં વિક્રમ સંવતની સાથે સિંહ સંવત ૩૨ આશ્વિન વદ ૧૩, સોમવારનો ઉલ્લેખ થયેલ છે. આ બંને સંવતો અષાઢાદિ હોવાનું પ્રાચીન લિપિમાલાના કર્તા ગૌરીશંકર હીરાચંદ ઓઝાએ (પ્રાચીન લિપિમાલા, પ્રકાશન વર્ષ ૧૮૯૪) માં દર્શાવેલ છે. તે જોતાં સૌરાષ્ટ્રમાં પણ ક્યાંક ક્યાંક કચ્છી સંવત પણ વિક્રમ સંવત તરીકે ગણાયું જણાય છે. વિક્રમ સંવતથી ચાર મહિના પહેલાં કચ્છી નવું વર્ષ શરૂ થાય છે. વિક્રમ સંવતની શરૂઆત સંબંધે એવી માન્યતા બતાવવામાં આવી છે કે, વિક્રમ સંવતની શરૂઆત સમ્રાટ ચંદ્રગુપ્ત બીજાએ પશ્ચિમ ભારતના શકો પર વિજય મેળવી ઉજ્જૈન જીતી લીધું ત્યારથી વિક્રમ સંવત શરૂ થયું છે પરંતુ તે સમયગાળો જોતાં તે ચોથા સૈકાના અંતનો છે. જ્યારે વિક્રમ સંવત અને ઈ.સ. વચ્ચે ૫૬ વર્ષનો તફાવત છે. ઈ.સ. માંથી સંવત કરવા માટે ૫૬ ઉમેરવામાં આવે છે. આ હકીકતે વિક્રમ સંવતની શરૂઆત ઈ.સ. પૂર્વે ૫૬ વર્ષ પહેલાં થઈ છે. કચ્છી નવા વર્ષની શરૂઆત અષાઢથી થાય છે જ્યારે વિક્રમ સંવતની શરૂઆત કાર્તિક મહિનાથી થાય છે. આ ગણતરીએ કચ્છી સંવત વિક્રમ સંવતથી ચાર માસ અગાઉ શરૂ થાય છે. અર્થાત કચ્છી સંવત વિક્રમ સંવતથી ચાર માસ જૂનું છે.

કચ્છી નવા વર્ષની શરૂઆત સંબંધમાં ઉપર જણાવ્યા પ્રમાણે જે જુદી જુદી દંતકથાઓ કે માન્યતાઓ પ્રચલિત છે તે જે તે રાજાનું મહત્ત્વ દર્શાવવા માટે જોડી કઢાયેલી જણાય છે.

અષાઢ માસ ભાવાત્મક રીતે લોકજીવન સાથે સંકળાયેલ છે. ભારતીય લોકજીવનમાં નક્ષત્રોનું મહત્ત્વ રહ્યું છે. રણ અને દરિયા સાથે સંકળાયેલા પ્રદેશ માટે અષાઢ એ આશાનો સંચાર છે. ગમે તેવી મુસીબતોને પાર કરવા માટે સતત સંઘર્ષ કરતા રહેલા લોકો માટે આકાશી નક્ષત્રો, ચંદ્ર, તારા અને ગ્રહોનું મહત્ત્વ રહ્યું છે. સમયની ગણતરી કરવા માટે જ્યારે કોઈ સાધન નહોતાં ત્યારે લોકજીવનમાં ચંદ્ર અને નક્ષત્રોને મહત્ત્વ અપાતું હતું. તેથી સમગ્ર સૃષ્ટિ માટે જીવન લઈને આવનાર વર્ષાનું નક્ષત્ર આર્દ્રા અપવાદ સિવાય અષાઢ ૨૧ જૂનના આગળ પાછળના એકાદ બે દિવસે શરૂ થઈ અને લગભગ ૫ મી જુલાઈના પૂરું થતું હોય છે. કચ્છમાં રણ અને દરિયાના કારણે ચંદ્રનો મહિમા રહ્યો છે. તેથી અષાઢી બીજના ચંદ્રને કચ્છે નવા વર્ષના રૂપે સ્વીકારેલ છે.

દરિયાની આખર શરૂ થઈ ગઈ હોય એટલે ખેપે ગયેલા ખારવા ને નાખવા વળતિયા થઈને વતનમાં આવી ગયા હોય ને કાં તો આવું આવું થતા હોય. માઠા વરસે પોતાના પશુધનને બચાવવા માટે માલ લઈને વતન છોડીને ગયેલા માલધારીઓ વરસાદના આગમનના વાવડ સાંભળતાં જ વતન તરફ પાછા આવી ગયા હોય કે આવી રહ્યા હોય. જૂના સમયમાં ચોમાસાની ઋતુમાં લડાઈઓ બંધ રખાતી તેથી લશ્કરમાં કામ કરતા સૈનિકો પણ ઘર તરફ પાછા આવતા. આમ જીવન નિર્વાહ માટે દેશ-વિદેશ ગયેલા મોભીઓનું આગમન કુટુંબીજનો માટે આનંદનો અવસર બની રહેતો. બીજ વિશ્વનો વૈભવ છે, કર્મનું પ્રતીક છે. બીજના ચંદ્રની કળા એ પૂર્ણ થાય ત્યાં સુધી સતત ચડતી રહે છે. તેથી લોક જીવનમાં તેને ખૂબ જ મહત્ત્વ અપાયું છે. તેથી જ તો બીજના ચંદ્ર દર્શનનો મહિમા મનાયો છે. આથમતી સંધ્યા પછીના આભમાં આથમણે રૂપેરી કોરવાળો ચંદ્ર નજરે પડતાં જ દર્શનાર્થીના બેય હાથ આપોઆપ જોડાઈ જાય અને અંતર જાગી અરદાસ એના કંઠેથી પ્રગટી ઊઠે :

*"બીજ માવડી, ચુલતેં તાવડી,*
*બ ગોધા ને હકડી ગાવડી."*

માત્ર એકાદ સાંતી જેટલી જમીન, બે બળદ અને દૂઝાણામાં એક ગાય — આટલી આમદાની હોય તો એને ચૂલે તાવડી ચડશે કે કેમ એની ચિંતા એ ઘરની નારીને ક્યારે પણ સતાવે નહિ. દર્શનાર્થીને ધાર્મિક સંસ્થા તો છે જ પણ સાથે સાથે કુદરત પ્રત્યેનો અતૂટ વિશ્વાસ પણ જોઈ શકાય છે. આવી આસ્થા જ લોકોના જીવનને ઉલ્લાસથી ભરી દેતી હતી. સમય પર વરસાદ વરસતા હતા અને વર્ષા સાચા અર્થમાં એમના જીવનમાં વસંત બનીને મહોરી ઊઠતી હતી. પણ યુગ પરિવર્તનના પ્રવાહમાં હવે ઘણું બધું બદલાઈ ગયું છે અને તેથી જીવનનાં મૂલ્યો પણ બદલાયાં છે અને કુદરતે પણ તેનો ક્રમ બદલી નાખ્યો છે.

લોક સંસ્કારે સંસ્કારાયેલી અષાઢી બીજનો મહિમા કચ્છમાં ઘણો છે. રાજાશાહીના સમયમાં રાજદરબારમાં અષાઢી બીજની ઉજવણી ભારે ઠાઠમાઠથી થતી. સાંજે ચંદ્ર દર્શન સમયે દરબારગઢમાં કચેરી ભરાય તેમાં રાજા અને પ્રજાનું સ્નેહ મિલન થાય. એકબીજાને મંગળ કામનાઓની આપ-લે થાય. કચ્છ રાજ્યની ટંકશાળામાંથી છપાઈને કચ્છનો નવો સિક્કો બહાર પડે. રાજાશાહીના અંત સાથે કેટલીક પરંપરાઓનો અંત આવ્યો તો પણ જૂના વખતની કેટલીક પરંપરાઓ હજી પણ જળવાઈ રહી છે. ખેડૂત વર્ગના લોકો આ દિવસને ભારે શુકનવંતો ગણીને

જમીન અને બળદોના સોદા કરે છે. માલધારીઓ પણ આ દિવસે પશુઓની ખરીદી કરે છે. વેપારી વર્ગ વીતેલા વર્ષના હિસાબો ચોખ્ખા કરીને માલના નવા સોદા કરે છે. સૌ પોતાના ગજા સંપત પ્રમાણે સાધુ બાવા અને ફકીરોને દાન-પુણ્ય કરે છે. નાળિયેર અને સાકરનો પડો લઈને વડીલોને પગે લાગવાની પ્રથા હજી થોડે ઘણે અંશે ક્યાંક જળવાઈ રહી છે. દરિયાખેડુઓ દરિયાલાલની પૂજા કરવા કાંઠે જાય. ખારવા ને નાખવા પોતાના વહાણો શણગારે. વહાણો પર નવા વાવટા ચડે, એકબીજાને મીઠાઈ વહેંચાય, દરિયાકાંઠે મેળો ભરાય, લોકો પોતાના શૂરાપૂરાના પાળિયાઓને સિંદુરથી સ્નાન કરાવે, નૈવેદ્ય ધરે. હિંદુ અને મુસલમાનના ભેદભાવ નહોતા. એકબીજાને સાચા ભાવથી મુબારકીયું આપતા.

નખત્રાણા તાલુકાના વિથોણ ગામના લોકો તો વિશિષ્ટ રીતે આ દિવસે જલોત્સવની ઉજવણી કરે છે. ગામની નવોઢાઓ પાણીનાં બેડાં ભરીને સંત ખેતા બાપાના સ્થાનકે જઈને સંતને જલાભિષેક કરે. ત્યાંથી વળતાં અભિષેકવાળું જળ પોતાના બેડામાં ભરી લે. ગામના ચોરે એકઠા થઈને બેઠેલા વડીલોને એ જળથી નવડાવે છે. ત્યાર પછી હોળીમાં ઉડાડાતા રંગની જેમ નાના મોટા સૌ એકબીજા પર પાણી ઉડાડીને જલોત્સવ મનાવે. આ ઉત્સવમાં માત્ર વિથોણ ગામના જ નહિ, આજુબાજુના ગામોના લોકો પણ આ જલોત્સવમાં ભાગ લેવા આવે છે.

નારાયણ સરોવરમાં આ દિવસે રથયાત્રા નીકળે છે. સને ૨૦૧૪માં ભુજ, માંડવી તથા રાપરનાં જૂનાં સ્વામિનારાયણ મંદિરો તરફથી આ દિવસે જગન્નાથની રથયાત્રાનું આયોજન કરાયું હતું. અષાઢી બીજનો કચ્છી નવા વર્ષનો આ તહેવાર માત્ર કચ્છમાં જ નહિ સૌરાષ્ટ્રમાં પણ જ્યાં જ્યાં કચ્છીઓ વસ્યા છે ત્યાં ઉજવાય છે. સૌરાષ્ટ્રમાં પરબની જગ્યાએ પણ આ દિવસે ભવ્ય ઉજવણી થાય છે. પરબની આ જગ્યા સાથે કચ્છના સંત દાદા મેકણની સ્મૃતિ જોડાયેલી છે. મૂળે શરભંગ ઋષિના આશ્રમની આ જગ્યા સમયના પ્રવાહમાં ખોવાઈ ગઈ હતી. દાદા મેકણે આ જગ્યાને ફરીથી ચેતવી હતી. તેથી કચ્છી નવા વર્ષે આ જગ્યામાં દાદા મેકણની પૂજા થાય છે.

કચ્છના શિલ્પીઓએ પણ કચ્છી અષાઢી બીજને ભાવવાહી રીતે શિલ્પમાં કંડારી છે. આવું એક શિલ્પ કચ્છના અબડાસા તાલુકાના કોઠારા ગામના જૈન મંદિરમાં જોવા મળે છે. આ શિલ્પમાં હરણને ચંદ્રમાં દોડતું બતાવ્યું છે. હરણ એ ગતિશીલ પ્રાણી છે. અને સમય પણ ગતિશીલ છે. આ પ્રતીક થકી જીવનમાં ગતિશીલતાનો બોધ આપવામાં આવ્યો છે. તેવી જ રીતે અષાઢી બીજ સાથે સંકળાયેલ અન્ય એક શિલ્પ 'બીજલા પંચ' ના રૂપમાં ભુજ તાલુકાના કોટાય ગામના પ્રાચીન શિવમંદિરમાં જોવા મળે છે. બીજલા પંચમાં પાંચ રખિયા એટલે હરિજન ભગત હોય છે. ખમતીધર ખેડૂતો આ પંચને પોતાને ઘેર આવવા આમંત્રણ આપે. એટલે પાંચ રખિયાઓ ખેડૂતને ઘેર જાય છે. ત્યાં રામમોલમાં વાવવા માટેના બીજની પાંચ ઢગલીઓ કરે છે. તેની પૂજા કરી પાંચ ભજન ગાય છે. બીજલાને નૈવેદ્ય ધરી લાપસીનું સમૂહ ભોજન થાય છે. ભોજન કર્યા પછી પંચ વિદાય લે છે. કાપણી થયા પછી ખળામાં ધાન નીકળે ત્યારે ખેડૂત એ પંચ તથા કમી કસબીઓને ઉદાર દિલે અનાજ આપે. સમયના પરિવર્તન સાથે આ ઉદારતાએ પણ વિદાય લીધી છે!

કચ્છી નવા વર્ષે કચ્છી અષાઢી પંચાંગ બહાર પડે. સંવત ૧૯૬૦થી એટલે સને ૧૯૦૩થી શરૂ થયેલ પંચાંગ પ્રસિદ્ધ કરવાની આ પરંપરા હજી ચાલુ રહી છે. આ પંચાંગના પ્રથમ કર્તા હતા લક્ષ્મીશંકર જગજીવન અંજારિયા અને દેખરેખ રાખનાર હતા શાસ્ત્રી પ્રભાશંકર જયશંકર. છેલ્લાં ૧૦૨ વર્ષથી પ્રસિદ્ધ થતું આ પંચાંગ ત્રણેક વર્ષ બંધ રહેવાના અપવાદ સિવાય પ્રગટ થતું રહેલ છે. હાલે સુદર્શન કચ્છી આષાઢી પંચાંગ એ નામે મુંબઈથી શાસ્ત્રી ગૌતમ વિશ્વનાથ જોશી દ્વારા દર વર્ષે પ્રગટ થાય છે.

સમગ્ર ભારત પર નજર કરતાં નવા વર્ષની ઉજવણી કાં તો કારતકમાં કે ચૈત્રમાં નવા વર્ષનું ધાન્ય ઘરમાં આવી ગયા પછી થાય છે. માત્ર કચ્છ જ એક એવો પ્રદેશ છે કે જે પોતાના નવા વર્ષની ઉજવણી વર્ષાઋતુની શરૂઆત જે મહિનાથી થાય છે તે અષાઢી બીજના કરે છે. કચ્છીઓ હંમેશાં આશાવાદી રહ્યા છે. જ્યાં આશા છે ત્યાં નિત્ય દિવાળી જ છે. અષાઢ કચ્છીઓના જીવનમાં નવી આશાઓ લઈને આવે છે.

વિક્રમ સંવતની ઉજવણી તો ચોમાસા પછી, નવું ધાન્ય ઘરમાં આવી ગયું હોય તેના આનંદમાં થાય, જ્યાં ચૈત્ર માસને નવું વર્ષ ગણીને ઉજવણી થાય છે ત્યાં પણ નવું ધાન ઘરમાં આવી ગયું હોય તેના આનંદમાં ઉજવણી થાય છે, પણ કચ્છ જ એક એવો નિરાળો મુલક છે કે એના નવા વર્ષનો પ્રારંભ ચોમાસા પહેલાં થાય છે. પછી ભલે વરસાદ થયો હોય કે ન થયો હોય. કચ્છનો માણસ હંમેશાં આશાવાદી રહ્યો છે. આજે હવે રાજાઓ નથી પણ કચ્છમાં આ અષાઢી ચંદરની ઉજવણી લોકો આજે પણ એજ ઉમંગ સાથે કરે છે અને સ્નેહભાવ સાથે સચવાયેલી એકતાને વધુ મજબૂત કરે છે.

કચ્છમાં અષાઢને જે ભાવ અને ઉમંગથી આવકારવામાં આવે છે તેવા જ ભાવ સાથે વિદાય પણ અપાય છે. પરંપરા પ્રમાણે ખાસ કરીને ભુજમાં અષાઢના છેલ્લા ત્રણ દિવસ ૧૩, ૧૪ અને અમાસના બહેનો ભુજની ઉપલી પાળ પર આવેલ રઘુનાથજીના મંદિર પાસેની રામવાડીમાં પાલર પાણીથી અને તે ન હોય તો કૂવાના પાણીથી પિતૃઓને તૃપ્ત કરીને અષાઢને એવા ભાવ સાથે વિદાય આપે છે કે ફરી પાછા સમય પર હર્યા-ભર્યા થઈને આવજો અને જગત આખાને હર્યું ભર્યું કરજો. અષાઢ માસ માટે લોકજીવનમાં વણાઈ ગયેલી સર્વ જન હિતાય — સર્વ જન સુખાયની આવી મંગળ ભાવના કચ્છીઓના સંસ્કારમાં આજે પણ જીવંત રહી છે.

*'હંસા', ૧૪, રેવન્યુ કોલોની,*
*ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*

# અષાઢી બીજ – કચ્છી નવું વર્ષ

• નરેશ અંતાણી •

હિંદુ પરંપરામાં અષાઢી બીજનું અનેરું મહત્ત્વ છે. એની ઉજવણી પણ ધામધૂમથી કરવામાં આવે છે. પંરતુ આ દિવસની ઉજવણી આપણે કચ્છીઓ બમણા ઉત્સાહથી કરીએ છીએ. અષાઢી બીજના દિવસથી કચ્છી નવા વર્ષનો આરંભ થાય છે. નવાં વર્ષના વધામણાં કચ્છીઓ અનેરા આનંદ અને ઉત્સાહથી લે છે. આ દિવસે દેશ દેશાવરમાં ફેલાયેલા કચ્છીઓ એકબીજાં સાથે હળી મળીને નવા વર્ષની શુભ કામનાઓ પાઠવે છે. આઝાદી પહેલાં કચ્છ રાજયના સમયમાં કચ્છ રાજયનો વહીવટ પણ કચ્છી સંવત પ્રમાણે ચલાવવામાં આવતો.

ભારતના અન્ય પ્રાદેશિક નવાં વર્ષો કરતાં કચ્છી સંવતનો ઈતિહાસ જૂનો છે. મુસ્લિમો અને પારસીઓના નવા વર્ષના ઈતિહાસ તરફ નજર કરતાં કચ્છી સંવત એનાથી પણ મોખરે છે. તો મહારાષ્ટ્ર અને પંજાબના નવાં વર્ષો પણ કચ્છી સંવતથી પ્રાચીન નથી. હાલારી નૂતન વર્ષનો આરંભ પણ કચ્છી નૂતન વર્ષથી જ થાય છે. આ રીતે ભારતની જુદી જુદી પ્રાદેશિક સંવતોમાં કચ્છી સંવતનું સ્થાન મોખરાનું છે.

કચ્છ સૂરજબારીના પુલથી સૌરાષ્ટ્ર સાથે જોડાયો એ પહેલાં અટુલા ટાપુ જેવો હતો. તેનું રણ પાર કરવું મુશ્કેલ હોવાથી તથા કચ્છનો બાકીનો વિસ્તાર દરિયાથી ઘેરાયેલો હોવાના કારણે કચ્છની સંસ્કૃતિમાં અનેક વિશેષતા અને અલગતા હતી.

કચ્છને પોતાનું અલગ ચલણ અને જુદી પોતાની કાળગણના હતી તે જ રીતે કચ્છી સંવતનું પણ અસ્તિત્વ હતું. વિક્રમ સંવતનો આરંભ કારતકથી થાય છે જ્યારે કચ્છી સંવતનો આરંભ અષાઢથી થાય છે. હકીકતમાં કચ્છી સંવત એ વિક્રમ સંવતનો એક ભાગ જ છે પણ પ્રદેશ ભેદે વિક્રમ સંવતના જુદા જુદા મહિનાઓથી જે તે પ્રદેશની સંવતનો આરંભ કરવાની એક પરંપરાના ભાગ રૂપે કચ્છી સંવત અસ્તિત્વમાં આવી હતી.

કચ્છી નવા વર્ષનો આરંભ ક્યારથી કરાયો તેના કોઈ દસ્તાવેજી પુરાવા તો નથી પરંતુ આ રિવાજની શરૂઆત કચ્છની પ્રાદેશિક વિશેષતાઓ અને જરૂરિયાતોને અનુલક્ષીને કરવામાં આવી છે તે સ્પષ્ટ છે.

આજથી એક હજાર વર્ષ અગાઉ લાખા ફુલાણીએ કચ્છી નવા વર્ષનો આરંભ કર્યો છે. કચ્છ પ્રદેશને કચ્છી સંવતની ભેટ લાખા ફુલાણીએ આપી છે. કચ્છી લોકકવિ દુલેરાય કારાણી કચ્છી નવા વર્ષનો આરંભ કઈ રીતે થયો હશે તેની વાત કરતાં જણાવે છે કે, કચ્છનો રાજવી લાખો ફુલાણી પૃથ્વીનો છેડો શોધવા પોતાના ચુનંદા સાથીદારો સાથે પ્રવાસમાં નીકળી પડ્યો હતો. લાખાનો આ પ્રવાસ 'સૂરજની સખાતે' એવા નામથી ઈતિહાસમાં જાણીતો છે. આ પ્રવાસ પૂરો કરી જામ લાખો જ્યારે કચ્છમાં પરત આવ્યો ત્યારે અષાઢ મહિનો ચાલતો હતો. જામ પોતાના આ પ્રવાસથી ખુશ હતો અને આ ખુશીમાં કચ્છી નવું વર્ષ અષાઢથી શરૂ થાય એવી પરંપરા તેણે ચાલુ કરી અને ત્યારથી કચ્છી સંવત ચાલુ થઈ એવું શ્રી કારાણીનું માનવું છે. પણ, કચ્છ એક દરિયાવટનો પ્રદેશ છે તેની પ્રજા દરિયાખેડૂ અને સાહસિક છે. આથી દરિયો શાંત થાય ત્યારે જ પ્રવાસનો આરંભ કરી શકાય, અષાઢમાં 'આખર' ની ઋતુ પૂરી થતાં દરિયાઈ સફર શક્ય બને, આથી નવ પ્રસ્થાનનો આ દિવસ પણ નૂતન વર્ષ બની રહે તેવો તર્ક પણ છે.

વળી કચ્છ એ ઓછા અને ખોડંગાતા વરસાદનો પ્રદેશ છે, અહીં દૂધાળાં જાનવરની સંખ્યા પણ વિશેષ છે તેને ચરવા માટે ઘાસ પાણીની મોટી જરૂર રહે, માનવી તો ધાન્ય અન્યત્રથી પણ લાવી શકે પણ પશુઓનું શું? અને જ્યારે વસતિનો મોટો ભાગ પશુ આધારિત હોય ત્યારે વરસાદની જરૂરત હોય તે સ્વાભાવિક છે. આથી વરસાદની સાચી તડપ પ્રત્યેક કચ્છી માડુને રહેતી હોય છે, ત્યારે આવનાર ચોમાસાનો આરંભ સારા વરસાદ સાથે થાય એવી આશા સાથે પણ નવા વર્ષનો આરંભ થયો હોય એમ પણ બને.

આમ, કચ્છની વિશેષતાઓ અને દરિયાવટ, પશુધન અને જનસામાન્યની જરૂરિયાતની પ્રતિ માટે અનિવાર્ય એવી વર્ષાઋતુનો આરંભને નવું વર્ષ તરીકે ઉજવવાની પરંપરા શરૂ કરવાનું કચ્છીઓની બૌધ્ધિક ક્ષમતાનું દ્યોતક છે.

કચ્છી નવા વર્ષનો આરંભ સૂર્ય અને ચંદ્ર બન્નેની ગણતરીએ થાય છે એ એની આગવી વિશેષતા છે. કચ્છ રાજયના સમયમાં કચ્છી નવા વર્ષના દિવસે ખાસ દરબાર ભરવામાં આવતો પ્રજાજન રાજાના અભિવાદન માટે જતા. રાજ દરબારમાં ખાસ ધજા ફરકાવવાની પરંપરા પણ રહેતી. આ દિવસે રજાનો દિવસ રહેતો. માંડવીના સમુદ્ર કિનારે લોકમેળો અને પૂજન જેવા કાર્યક્રમ થતા. આજે પણ મેળો તથા વરુણદેવના પૂજનની પરંપરા તો ચાલુ જ છે. કચ્છના રાજ જ્યોતિષ પંડિત ગુલાબશંકર શર્માએ કચ્છી અષાઢી પંચાંગની શરૂઆત પણ કરી હતી જે કેટલાય વર્ષો સુધી ચાલી હતી. આ પછી પણ કચ્છી પંચાંગ બહાર પડતાં,

(અનુસંધાન : જુઓ પાના નં.-૨૦ ઉપર)

# અષાઢી બીજ ને વડર ને વીજ

• માણેક એમ. સંઘોઈ •

કચ્છ લગભગ (કાયમી) અછત પ્રદેશ તરીકે જાણીતો રહ્યો છે. દુષ્કાળ એ પણ જાણે કચ્છ માટે કોઈ નવાઈની વાત નથી રહી. છતાં પણ જેમ શિયાળો, ઉનાળો અને ચોમાસાની વાત આવે તો તરત કચ્છીઓનાં મોઢે એક વાક્ય જરૂર સાંભળવા મળે – "અષાઢી બીજ ને વડરને વીજ." છતાં પણ ક્યારેક અતિવૃષ્ટિ કે અનાવૃષ્ટિનો સામનો કરતાં લાખો કચ્છીઓ ભારે દિલે માતૃભૂમિને સલામ કરીને રોજગારી માટે પરદેશ પણ હાલી નીકળ્યા છે. આજે કચ્છ કરતાં કચ્છની બહાર વધુ વસતિ જોવા મળે છે. કચ્છી (કચ્છમાં) કપરા કાળની પરંપરાને કારણે કચ્છી લોકો એવા મૃદુ - કઠોર અને ખમીરવંતા થઇ ગયા છે. ભારતનાં કોઈ પણ રાજયમાં કે દુનિયાના કોઈ પણ દેશમાં જાવ, કચ્છી માડુ આપને જરૂર મળી આવશે. અને જ્યાં જ્યાં કચ્છી માડુ રહે છે, ત્યાં ત્યાં વતન કરીને રહે છે. છતાં એ કચ્છી માડુ પોતાની માતૃભૂમિને ક્યારેય ભૂલતો નથી. માતૃભૂમિના સંસ્કારો, વારસો, ભાષા, રીતરિવાજો એ હજુ પણ કચ્છી માડુ સાચવીને બેઠો છે. અષાઢી બીજ કચ્છી પંચાંગનું નવું વર્ષ કહેવાય. ત્યારે માત્ર રીતિ-રિવાજો તો સચવાય જેવા કે ભીમ અગિયારસનાં ખેડની શુકન કરીને પણ અષાઢી બીજના કચ્છી માડુ અવશ્ય મેહુલાની ચાતક નજરે રાહ જોવાનું ચૂકતો નથી. અષાઢી બીજે વડીલોને પાયલાગણ, નવા વર્ષના રામ-રામ. ઉપરાંત દેવ - દેવસ્થાનની પેડી - નૈવેદ્ય સહિતની પરંપરા પણ હજુ પણ જોવા મળે છે. તદુપરાંત મકાન વાસ્તુ સહિતનાં કાર્યક્રમો અષાઢી બીજના દિવસે જરૂર જોવા મળે છે. કેમકે માત્ર મકાન ભાડે લેવામાં પણ બને ત્યાં સુધી કચ્છી માણસ જેઠ મહિનામાં ન જતાં અષાઢી બીજની રાહ જોવાય છે. તદુપરાંત જેમ દિવાળી વખતે દીપોત્સવી અંક જોવા મળે છે તેમ અષાઢી બીજ પણ કચ્છી નવું વર્ષ હોવાથી આવી જ તૈયારી અષાઢી બીજ અંકની પણ જોવા મળે છે. એટલે દીપાવલી જેવું જ મહત્ત્વ કચ્છમાં અષાઢી બીજનું હોય છે.

આમ અષાઢી બીજ જનજીવનનાં વિવિધ વિસ્તારમાં ઘૂમતી રહી છે. તેના પરિપાકરૂપે આપણે એક સદી પાછળ જઈને આપણા પ્રતાપી પૂર્વજોએ પ્રસ્થાપિત કરેલી પરંપરાગત અને પ્રેરક પ્રણાલીના દર્શન પણ જોવા મળે છે. અહીં એક પરંપરાના દર્શન રૂપે દર અષાઢી અમાસે મેઘરાજાને ખાત્રોડ પર જરૂર વરસવું પડે છે.

ભુજથી અંજાર બાજુ જતાં કુકમા નજીક એક લાંબી હરિયાળી ગિરિમાળ છે. તેને ખાત્રોડ ડુંગર કહેવાય છે. તેની મધ્યમાં આવેલ વર્ષો પુરાણું મા આશાપુરાનું મંદિર બિરાજે છે. દર વર્ષે અહીં પેડી યોજવામાં આવે છે. અહીં કચ્છમાં રહી ગયેલ કાઠી વસાહતના સમયથી દર અષાઢી અમાસે પેડી યોજાય છે. અચરજ પમાડે તેવી વાત એ છે કે આ ડુંગરની આસપાસ કે ગામોની આસપાસ વરસાદ ન પડે પણ અષાઢી અમાસે ખાત્રોડ ડુંગર પર જરૂર મેહુલો વરસે છે. આમ અષાઢ મહિનો પર્યાવરણ પ્રકૃતિ, પ્રજાકીય ચેતનને જાગૃત કરે છે, સંસ્કારે છે, શક્તિમંત કરે છે, નવો ઓપ આપે છે. ત્યારબાદ માનવજીવન મહેકી ઊઠે છે. આ છે અષાઢ માસ અને કચ્છી નવા વર્ષની રમ્યતા....

*૩૩૩, જૂના ઉમેદનગર, ગરબી ચોક,*
*ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧. મો. ૯૧૪૦૨૯૪૪૩૧*

## અષાઢી બીજ – કચ્છી નવું વર્ષ

**(અનુસંધાન : પાના નં.-૧૯ ઉપરથી ચાલુ)**

પણ જે હવે બંધ છે. કચ્છી જયોતિષીઓ જન્મ કુંડળી તૈયાર કરવા માટે પણ કચ્છી સંવતનો ઉપયોગ કરે છે.

આજે પણ કચ્છી નવાં વર્ષની ઉજવણી કચ્છ અને બૃહદ કચ્છમાં વસતા સૌ કચ્છીઓ આનંદ અને ઉત્સાહથી કરે છે. કચ્છ રાજયની નોકરી કરી ચૂકેલા ગૃહસ્થોના ઘરમાં તો કારતક સુદ એકના નૂતન વર્ષની જેમ જ કચ્છી નવા વર્ષની ઉજવણી થાય છે. બાળકો અને ઘરની વહુઓ વડીલોને પગે લાગી આર્શીવાદ મેળવે છે. આ પરંપરા ખાસ કરીને કચ્છી નાગર સમાજમાં આજે પણ અકબંધ જળવાઈ રહી છે. આ દિવસે ધાર્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમોનું પણ આયોજન કરાય છે. કચ્છીઓ એકબીજા સાથે મળીને નવા વર્ષના વધામણાં લે છે.

*૨૨/બી, શિવમ્ પાર્ક, નાના યક્ષ મંદિર પાસે,*
*માધાપર રીંગ રોડ, ભુજ, કચ્છ - ૩૭૦ ૦૦૧.*
*ફોન : (૦૨૮૩૨) ૨૪૩૨૪૨, ૨૦૪૩૯૨ • મો. ૯૪૦૮૯ ૩૧૮૯૮*

સ્થાપના : ૧૯૮૪
કે.કે.
સ્ટીલ ઈન્ડસ્ટ્રીઝ

હરખચંદ ગડા (મો. ૯૩૨૮૪ ૪૦૦૪૦) ★ નીલેશ ગડા ★ રીતેશ ગડા
લગ્નપદ, ઘરવપરાશ, લ્હાણી તથા હોટલ કેન્ટીન વાડી ફરાસખાના માટેના મોટા વાસણોના હોલસેલ વેપારી
એલ/૧૦૪૦/૭, વિજય ટ્રાન્સપોર્ટ પાસે, જી.આઈ.ડી.સી., અંકલેશ્વર. ફોન : ૦૨૬૪૬-૩૨૯૩૦૩, ૨૨૦૯૪૨
E-mail : kaykay_industries@yahoo.com

# અષાઢી બીજ : પરંપરા, પ્રેરણા અને પ્રણનો દિવસ

• ડૉ. કાંતિ ગોર 'કારણ' •

એક કચ્છી તરીકે હું હંમેશાં અષાઢી બીજની રાહ જોઉં છું. અનેક સંસ્મરણો એની સાથે સંકળાયેલા છે પણ આજે નથી કરવી એ સંસ્મરણોની વાત, કે નથી કરવી એના ઇતિહાસની વાત કે નથી કરવી એના અંગેના કચ્છીઓનાં મહત્ત્વની વાત. પણ મારે કરવી છે આપણી, એટલે કચ્છીઓની જવાબદારીની વાત.

કચ્છી નવા વર્ષ સાથે જોડાયેલો આ દિવસ છે અને કચ્છને વર્ષો સુધી કચ્છીઓએ એક દેશ જેટલું મહત્ત્વ આપ્યું છે. મુંબઈથી કે દેશના બીજા વિસ્તારોમાંથી કચ્છમાં આવતી વખતે કચ્છી માણસ એમ જ કહે, 'દેશમેં વિઆતો' એટલે કે 'દેશમાં જાઉં છું.' આટલી બધી આપણી કચ્છીઓની તાદાત્મ્યતા, કચ્છ સાથે છે. કચ્છમાં વતનના રાષ્ટ્રગીતની પ્રતિષ્ઠા પામેલું કવિ નિરંજનનું પ્રખ્યાત ગીત 'આય વલો અસાંજો વતન, મુંજી માતૃભૂમિ કે નમન' સાંભળનાર અને સમજનાર કોઈને કચ્છ અને કચ્છીયતનું મહત્ત્વ સમજાઈ જાય, સમજાઈ જાય.

આટલી બધી વતનપ્રેમની તીવ્રતા અનુભવનાર કચ્છીઓ નવાવર્ષના પ્રારંભે થોડું અલગ ન વિચારે?

એ દિવસે મિષ્ટાન્ન બને, શીરો રંધાય, નવા મકાન કે વ્યવસાયના શુભારંભ થાય, એકબીજાને શુભેચ્છાઓ અપાય, ઉત્સવો થાય એ તો યોગ્ય જ છે. પણ વતન પ્રત્યેની લાગણીને કચ્છના હિતમાં પરિવર્તિત કરીને કેટલાક ઉત્તમ નિર્ણયો કેમ ન લેવાય? કેટલાક પ્રણ કેમ ન લેવાય? જે આવા હોઈ શકે. દરેક કચ્છી આવા નિર્ણયો લઈ શકે.

૧. હું વર્ષમાં ઓછામાં ઓછાં કચ્છીમાં લખાયેલા દસ પુસ્તકો વાંચીશ.
૨. હું મારા સંતાનોને કચ્છીમાં વાત કરવા માટે પ્રેરીશ.
૩. અમે ઘરમાં કચ્છી ભાષામાં જ વાત કરીશું.
૪. કચ્છની વિશિષ્ટ કલાઓને પ્રોત્સાહન આપીશ. કચ્છનું લોકસંગીત, લોકવાદ્યો, રોગાન, ખરકી, અજરખ જેવી અનેક કલાઓ વધારે સારી રીતે ટકી રહે તે માટે એનો ઉપયોગ વધારીશ.
૫. અસલ કચ્છી પહેરવેશનો અનુકૂળતાએ ઉપયોગ કરીશ.
૬. કચ્છ બહારના મહેમાનોનું સ્વાગત અસલ કચ્છી વાનગીઓ અને કચ્છી પરંપરાથી કરીશ.
૭. કચ્છની શાળા કૉલેજોના કાર્યક્રમમાં કચ્છી પરંપરા અને કચ્છી ભાષા સાહિત્ય પર આધારિત રજૂઆત થાય તેવો આગ્રહ રાખીશ.
૮. કચ્છમાં પાણીનો પ્રશ્ન સનાતન પ્રશ્ન છે. તેથી પાણીનો દુરુપયોગ ટાળીશ અને પાણી બચાવવાના પ્રયત્નો કરીશ.
૯. કચ્છના પ્રવાસે આવતા તમામ પ્રવાસીઓને મહેમાન કે અતિથિ માનીને એવો વહેવાર કરીશ કે કચ્છનું ગૌરવ જળવાય.
૧૦. કચ્છ, એની સર્વધર્મસમાનતા માટે પ્રખ્યાત છે. એને જાળવવા માટેના તમામ પ્રયત્નો કરીને સામાજિક સમરસતાને સાચવવામાં મારું યોગદાન આપીશ.
૧૧. કચ્છનો ભાતીગળ ઇતિહાસ છે અને કચ્છમાં અનેક પુરાતન અવશેષો છે. એ જળવાય તે જોવાની દરેક કચ્છીની ફરજ છે તે માટે હું શક્ય પ્રયત્નો કરીશ. કચ્છ ભારતવર્ષનો એક ભાગ છે. રાષ્ટ્રહિત જળવાય તે મારી બંધારણીય ફરજ છે, કોઈ પણ ગેરબંધારણીય પ્રવૃત્તિ ચાલતી હશે તો હું સંબંધિત વિભાગને જાણ કરીશ.

આ તો એક નાનકડી યાદી છે. સુજ્ઞ કચ્છીઓ એમાં સારો એવો ઉમેરો કરી શકે. અને આ દિવસે એકાદ પણ નાનકડો સંકલ્પ લઈને એને અનુસરવાનો નિર્ણય કરે તો આ નવા વર્ષની ઉજવણી વધારે ઉદ્દેશપૂર્ણ થાય.

*"સુદર્શન", ૯૨, શ્રીજી નગર,*
*એન.આર.આઈ. કોલોની, આર.ટી.ઓ. રિલોકેશન,*
*માધાપર, કચ્છ-૩૭૦ ૦૨૦.*

Dhiren Shah - Director
M. : 98795 00916 • E-mail : dhirenshah@favouriteshoes.com
HITSTEEL WAVES ULTIMA voltex Winner
FAVOURITE
Manufacturers & Exporters of Safety Shoes & Casual Shoes
FAVOURITE SAFETY PRODUCTS
J-1915-18/A, GIDC Industrial Estate,
Ankleshwar-393 002. Dist. Bharuch, Gujarat (INDIA)
Ph. : +91 2646 220690 / 251646 Fax : +91 2646 251030
E-mail : info@favouriteshoes.com Web : www.favouriteshoes.com
FAVOURITE SHOE COMPANY
C-1/B-2007-2006/3, GIDC Indl. Estate,
Ankleshwar-393 002. Dist. Bharuch, Gujarat (INDIA)

કચ્છ વિશેષ

# ભૂકંપ પછી કચ્છમાં વિવિધ ક્ષેત્રે આવેલ પરિવર્તન

• ડૉ. ફતુભા જાડેજા •

વિસ્તારની દૃષ્ટિએ ગુજરાત રાજ્યનો સૌથી વધુ ભૂ-ભાગ ધરાવતો આપણો કચ્છ જિલ્લો ભૂકંપ પહેલાં વ્યવસાયોની દૃષ્ટિએ મુખ્યત્વે પરંપરાગત વ્યવસાય ખેતી અને પશુપાલન જેવાં ક્ષેત્રો પર નિર્ભર હતો. ઉદ્યોગોની વાત કરીએ તો કંડલા બંદરના હિસાબે એને લગતાં પરિવહન, નમક, ટીમ્બર; તો અબડાસામાં એકમાત્ર સાંઘી સિમેન્ટ; લખપતમાં લિગ્નાઇટ તથા અન્ય વિસ્તારોમાં ખનિજ આધારિત બેન્ટોનાઇટ, લાઈમ સ્ટોન, સૂર્ય પ્રકાશથી વીજળી ઉત્પાદન, પવનચક્કી અને મત્સ્ય ઉદ્યોગ જેવા સામાન્ય પ્રમાણમાં કહી શકાય તેવા ઉદ્યોગો હતા. ધરતીકંપ પછી એક્સાઇઝ માફી તથા રાજ્ય સરકારની વિશેષ માવજત અને કેન્દ્ર સરકારની સક્રિય ભાગીદારીથી આર્થિક ક્ષેત્રે નેત્રદીપક પ્રગતિ થઇ. કચ્છનો એકમાત્ર ડેરી ઉદ્યોગ મૃતપ્રાય હાલતમાં હતો. પશુપાલકોની વિશાળ સંખ્યાને ધ્યાનમાં લઇ કચ્છ ડેરીને નવજીવન આપવામાં આવ્યું. એ ડેરી ઉપરાંત સરહદ ડેરીનો વિસ્તાર ગુણાત્મક રીતે વધ્યો. કચ્છના ગામેગામ ડેરી ઉપરાંત દૂધ શીતકેન્દ્રો ખૂલ્યાં, જેણે કચ્છના ગ્રામીણ અર્થતંત્રને વેગ આપવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો. કચ્છનાં ગામેગામ આઠ દસ દિવસનાં અંતરે લાકોનું ડેરી દ્વારા પેમેન્ટ થવા માંડ્યું. તે ઉપરાંત બોનસ જેવા લાભને કારણે ગ્રામ્ય સ્તરે રોજગારીની તકો વધી. શહેર તરફની દોટ ઘટી. ગામડાં આત્મનિર્ભર થયાં. પશુપાલકો માટે પશુમેળા જેવા રાજ્ય સરકારનાં આયોજનો - પશુ રસીકરણ, પશુ ઉછેર માટે વૈજ્ઞાનિક માર્ગદર્શન - ગામોગામ ભેંસોના તબેલા ઊભા થયા. જર્સી ગાયો માટે વૈજ્ઞાનિક ઢબે ઉછેર થવા લાગ્યો. કચ્છનો વિશાળ ચરિયાણ પ્રદેશ - ભૂકંપ પછી લગભગ દસથી પંદર એકંદરે સારા ચોમાસાએ એ ક્ષેત્રને ગુણાત્મક પ્રગતિ આપી.

ભૂકંપ પહેલાંની ખેતીની વાત કરીએ તો જિલ્લાનાં અમુક પિયતવાળા વિસ્તારને બાદ કરતાં મોટોભાગ માત્ર વર્ષા આધારિત ખેતી પર નિર્ભર હતો. એક આંતરે વર્ષે દુષ્કાળનાં ડાકલાં વાગતાં હોય. એકાદ વરસાદ પૂરતા પ્રમાણમાં ન પડે તો ખેડૂતની કમર ભાંગવામાં કાફી હોય. ખર્ચ તો તમામ પ્રકારનું થઈ ચૂક્યું હોય. ખેડૂત દેવાના ડુંગર તળે દટાઈ જાય ને હિજરતનો દોર શરૂ થાય.

વરસાદ આધારિત ખેતીને કારણે એકાદ-બે ગાડાંમાં આવી જાય એટલી વાર્ષિક પેદાશ થાય. જે વર્ષભરના ગુજારા માટે ઘણી જ અપૂરતી હોય. ઉપરાંત સામાજિક પ્રસંગો, મરણ, માંદગી વગેરે દુષ્કાળમાં અધિકમાસનો તાલ સર્જે. ધરતીકંપ પછીનાં વર્ષો લાગલગાટ લગભગ સારાં આવ્યાં. વરસાદનું પાણી તળમાં ઊતર્યું. અમુક વિસ્તારોમાં નર્મદાની કેનાલ પહોંચી, જે ખેતીને નવજીવન બક્ષવામાં મદદરૂપ થઈ. પરંપરાગત પાકની જગ્યાએ રોકડિયા પાકનું વાવેતર વધ્યું. ગામોગામ કપાસ, મગફળી, ધાણા, જીરૂ, વરિયાળી, એરંડાથી ગાડાં નહીં પણ ટ્રકો ભરાવા લાગી. પેદાશ હજારોમાં થતી, તે લાખોમાં થવા માંડી. કૃષિ મહોત્સવનું રાજ્ય સરકાર દ્વારા આયોજન, વૈજ્ઞાનિકો દ્વારા માર્ગદર્શન, ટપક સિંચાઈ પદ્ધતિનો ઉપયોગ, બાગાયત તરફનું વલણ વધ્યું. અશિક્ષિત ખેડૂતોની પંદર વર્ષમાં પેઢી બદલાઈ ગઈ. નવી પેઢીની ખેતી પ્રત્યેની નૂતન દૃષ્ટિ વગેરે પરિબળોને કારણે કૃષિ ઉદ્યોગ સમૃદ્ધ બન્યો. ગામડાં સમૃદ્ધ બન્યાં. દેશી નળિયાંવાળા મકાનોની જગ્યાએ પાકા - શહેર જેવા બંગલાઓ બનવા લાગ્યા. પાકી સડકોને કારણે ઉપરાંત વાહન વ્યવહાર ક્ષેત્રે આવેલી તેજીને કારણે પરિવહન ઝડપી - સારું - સસ્તું બન્યું. ભૂકંપ પછી નવાં બનેલાં ગામો મેઇન રોડ પર વસ્યાં. જેથી શહેર સાથેનું અંતર ઘટ્યું. ગામડાં સમૃદ્ધ બન્યા.

કચ્છની વિવિધતા — રણ, દરિયો, ડુંગર, પુરાતત્ત્વીય અવશેષો, પ્રાચીન સંસ્કૃતિ, ધોળાવીરા જેવી પ્રાચીન નગર રચના, કસબ - કલાકારીગરી જેવી બાબતો — એક અલગ પ્રકારની સંસ્કૃતિ એક રાજ્યના જિલ્લા તરીકે નહીં પણ સ્વતંત્ર દેશ બનવાની તાકાત ધરાવે છે. ધરતીકંપ પછી રાજ્ય સરકારના દૃષ્ટિપૂર્વકના પ્રયત્નોને પરિણામે પ્રવાસન ક્ષેત્રે કચ્છે હરણફાળ ભરી છે. કચ્છ કાર્નિવલ, રણોત્સવ વગેરેનાં આયોજનોને કારણે પ્રવાસનને આંતરરાષ્ટ્રીય કક્ષાએ મૂકી દીધું છે. સફેદ રણ, એ કચ્છનું વિશેષ નજરાણું બન્યું છે. ભૂકંપ પહેલાં બન્ની પ્રદેશ વેરાન હતો, એ પ્રવાસનને કારણે લોકોના આવાગમનથી ધબકતો થયો છે. દુષ્કાળને કારણે વારંવાર હિજરત કરતા આ પ્રદેશના લોકોને પ્રવાસને સ્થાયિત્વ બક્ષ્યું છે.

પ્રવાસનને પૂરક હોટલ, પરિવહન, કલા-કસબ, ખાણીપીણી ક્ષેત્રે અભૂતપૂર્વ પ્રગતિ થઈ છે. બન્ની વિસ્તારમાં ભૂકંપ પહેલાં વાહન વ્યવહાર બસ સિવાય ભાગ્યે જ જોવા મળે, તેની જગ્યાએ રણોત્સવ દરમિયાન ગાડીઓની કતાર લાગે છે. અભણ ગણાતા ત્યાંના લોકોએ માવો, ભૂંગામાં પેઈંગ ગેસ્ટ જેવી વ્યવસ્થા કોઠાસૂઝથી ઊભી કરી રોજગારીનું સર્જન કર્યું છે. સ્થાનિક જે તેમના દ્વારા નિર્મિત વસ્તુઓનું વેચાણ થવા લાગ્યું એ ચાર માસમાં જ આખા વર્ષની રોજગારી ઘરબેઠે ઉપલબ્ધ થઈ. ધોરડો

જેવા અંતરિયાળ ગામમાં એ.ટી.એમ. સુવિધા ઉપલબ્ધ થઇ! એટલું જ નહીં, પ્રવાસન અનુષંગે ક્રાફ્ટ, શાકભાજી, દૂધ, ફળો, ટ્રાવેલ્સ, ગાઈડ વગેરેની માંગ વધી જે નૂતન રોજગારી ઊભી કરવામાં સહાયભૂત થઈ.

ભૂકંપ પહેલાં સમગ્ર જિલ્લામાં એકાદ-બે છૂટાછવાયા ઉદ્યોગોની જગ્યાએ સામખિયાળીથી છેક ભુજ તાલુકાના લાખોંદ - પધ્ધર સુધી એક ઔદ્યોગિક પટ્ટો આકાર પામ્યો. ફોરલેન - સિક્સ લેન માર્ગો નિર્માણ પામ્યા. એ સમગ્ર પટ્ટામાં ફેક્ટરીઓ અસ્તિત્વમાં આવી. રોડટચનાં ગામો ઉપરાંત રોડથી અંદર દસ-પંદર કિલોમીટર સુધીના લોકો - યુવાનોને ફેક્ટરીઓમાં રોજગારી મળવા માંડી. વિવિધ - આધુનિક સુખસગવડવાળી કોલોનીઓ નિર્માણ પામી. ખેડૂતોને જમીનોના ભાવ મળ્યા, મકાનોનાં ભાડા વધ્યા. કચ્છના લોકો બહાર કમાવવા જતા, તેની જગ્યાએ અન્ય રાજયના લોકો કચ્છમાં રોજગારી માટે આવતા થયા. ફેક્ટરી, કોલોની, માર્ગ વગેરેના નિર્માણને કારણે રિયલ એસ્ટેટમાં તેજી આવી. સિમેન્ટ, લોખંડ, રેતી - કપચી - કડિયા - મજૂરની માંગ વધી. રોજગારની નવી તક સાંપડી.

ભૂકંપ પછી સૌથી વધુ કોઈ ક્રાંતિ આવી હોય તો એ છે સંચારનું ક્ષેત્ર. પહેલાં તો ટેલિફોન ખાતાની ખોડંગાતી લેન્ડલાઈન સુવિધા, પોસ્ટકાર્ડથી થતો વહીવટ, પત્ર પહોંચતાં દિવસો નીકળી જાય! ભૂકંપ પછી વિવિધ કંપનીઓના ટાવર ખડા થયા. તેની લાઈન - ટાવરના ભાડાં - રૂપિયા મળવા લાગ્યા. ઘણા વ્યવસાયો - ઑફિસો રોકાણ વિના માત્ર ફોન - મોબાઈલના માધ્યમથી થવા લાગ્યા. હાડમારી ઘટી. સંપર્કો સરળ બનતાં સમય - શક્તિ - નાણાંનો વ્યય ઘટ્યો. જે આર્થિક વિકાસમાં મદદરૂપ થયો.

ભૂકંપ પહેલાં મર્યાદિત પ્રમાણમાં અસ્તિત્વ ધરાવતો ચાઈના ક્લે વગેરે ખનીજ આધારિત ઉદ્યોગ બેંકોની સરળ ધીરાણ નીતિને કારણે વધ્યો - નમક ઉદ્યોગક્ષેત્રે વૃદ્ધિ થઈ.

શિક્ષણની વાત કરીએ તો ઉચ્ચ શિક્ષણની સુવિધાઓ અત્યંત મર્યાદિત હતી. એમ.એ.ની પરીક્ષા આપવા પણ અમદાવાદ જવું પડતું. કચ્છનું ગુજરાત યુનિવર્સિટી સાથે જોડાણ હતું. ભૂકંપ પછી કચ્છ યુનિવર્સિટી અસ્તિત્વમાં આવતાં જે બે-પાંચ કૉલેજો હતી તેની જગ્યાએ વિવિધ ક્ષેત્રોની ચાલીસથી પચાસ કૉલેજો નિર્માણ પામી. કચ્છમાં જ કે.જી.થી મેડિકલ સુધીનું શિક્ષણ ઉપલબ્ધ બન્યું. ઉદ્યોગગૃહોના સામાજિક ઉત્તરદાયિત્વને પરિણામે વિવિધ પ્રકારની શાળા - કૉલેજો ખૂલી, જે શિક્ષણ જગતના વિસ્તાર માટે સહાય બની.

આમ, ભૂકંપ પછી વિવિધ ક્ષેત્રે કચ્છમાં આમૂલ - પ્રગતિદાયક પરિવર્તનો આવ્યાં જે જનજીવનની સુખાકારી અને આર્થિક, શૈક્ષણિક, ઔદ્યોગિક ક્ષેત્રે વિકાસમાં સહભાગી બન્યા.

*એમ.એમ. રાજપુત છાત્રાલય, પી.પી.સી. ક્લબ પાસે,*
*ઘનશ્યામ નગર, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*

## કચ્છની અસ્મિતાને ઉજવાળતો ઉત્સવ — અષાઢી બીજ

**(અનુસંધાન : પાના નં.-૧૩ ઉપરથી ચાલુ)**

આઝાદ થયું ત્યાં સુધી કચ્છી નવું વરસ રાજાશાહી રીતે, પરંપરાગત વિધિવિધાનથી ઉજવાતું. ત્યારબાદ આઝાદી પછી રાજાશાહી ઉજવણી બંધ થઈ પણ આ ઉત્સવનું મહત્ત્વ અને ગૌરવ દરેક કચ્છીના હૃદયમાં સચવાઈ રહ્યું છે. આજે પણ દરિયાકાંઠાનું પૂજન, સમુદ્રી વ્યવહારની શરૂઆત આ શુભ દિવસથી થાય છે. પ્રાથમિક શાળાઓમાં રજા પડાય છે, ખેડૂતો ખેતીકાર્યનો શુભારંભ કરે છે. અનેક ગામડાંઓ-શહેરોમાં લોકસાહિત્યના ડાયરા જેવા કાર્યક્રમોનું આયોજન થાય છે. દરિયાલાલના મંદિરોને શણગારાય છે. વર્તમાનપત્રો-સામયિકો કચ્છી નવા વરસે ખાસ વધારાની પૂર્તિ પ્રગટ કરે છે અને વિશેષાંકો પ્રસિદ્ધ થાય છે. આ સપરમા દિવસે મંગળ કાર્યો જેવાં કે ખાતમુહૂર્ત, શિલારોપણ, ઉદ્‌ઘાટન, સગપણ, સ્નેહમિલન, તેજસ્વી વિદ્યાર્થીઓ અને પ્રતિભાઓનું સન્માન વગેરે યોજાતાં રહે છે.

આ મહાપર્વની ઉજવણીમાં કચ્છ બહારની કચ્છી સંસ્થાઓ પણ કચ્છી કલાકારોને પોતાને ત્યાં બોલાવી સાંસ્કૃતિક - સાહિત્યિક સમારંભો યોજે છે અને હુભ્ભ-હિયારીથી હળેમળે છે. વર્તમાન સમયમાં કચ્છી નવા વરસના દિને મુંબઈમાં કચ્છ શક્તિ, કચ્છ યુવક સંઘ જેવી સંસ્થાઓના કાર્યક્રમો વિશેષ ધ્યાન ખેંચે છે. કેટલાંક વર્ષોથી અષાઢી બીજે આકાશવાણીના ભુજ કેન્દ્ર પરથી પર્વાનુરૂપ કચ્છી-ગુજરાતી કાર્યક્રમો પ્રસારિત થાય છે. આકાશવાણી કેન્દ્ર દ્વારા કચ્છના કોઈ એક શહેરમાં જાહેર કાર્યક્રમ પણ યોજાય છે. અનેક સંસ્થાઓ દ્વારા સ્નેહમિલનો અને મેળાવડા ગોઠવાય છે અને ‘કચ્છી ભાવરો’ હાર્દિક અભિનંદન અને વધામણાં આપી એકબીજાને નવાજે છે!

વેપાર-ધંધા, કલા-સંગીત-સાહિત્ય, વિજ્ઞાન સહિત સંખ્યાબંધ ક્ષેત્રોમાં સિદ્ધિઓ હાંસલ કરી મોખરાનું સ્થાન પ્રાપ્ત કરનાર કચ્છીઓ દુનિયાના ખૂણે-ખૂણે પ્રસરી ગયા છે. સાત સમંદર પાર કરીને તેમણે પોતાનું સામ્રાજ્ય સ્થાપી દીધું છે. સાથેસાથે પોતાની પ્રાચીન ઉચ્ચ સંસ્કૃતિ કે વારસાનેય કાયમ યાદ કરી સંપૂર્ણ કચ્છી તરીકેનું ગૌરવ ટકાવી રાખ્યું છે, કહો કે જાળવી રાખ્યું છે.

દુનિયામાં પથરાયેલા પચ્ચીસેક લાખ જેટલા કચ્છીઓ અષાઢી બીજને નવા વરસ તરીકે ઊજવે છે. તે વિશેષ દિને સાથે બીજી એક મહત્ત્વની ઘટનાને યાદ કરવામાં આવે છે. અષાઢના પ્રથમ દહાડે પ્રિયતમાના વિરહમાં ઝૂરતા મહાકવિ કાલિદાસે મેઘને જોઈ ‘મેઘદૂત’ નો પ્રથમ શ્લોક લખ્યો હતો. બૃહદ કચ્છમાં બેઠેલા કચ્છીઓ પણ મેઘને જોઈ કચ્છડા પર વર્ષારાણીના આગમનના એંધાણને પારખતા હશે. વર્ષોના વિરહની સંવેદના સાથે મેઘરાજાને વરસી પડવા પ્રાર્થના કરી કચ્છના ભાગ્યવિધાતાને રીઝવતા હશે ખરું ને?

*બી/૧, પ્લોટ-૧૭૨, ઓધવવિલા, આઈયાનગર,*
*મુંદ્રા રોડ, ભુજ-૩૭૦ ૦૦૧ (કચ્છ).*
*ફોન : (૦૨૮૩૨) ૨૩૦૧૫૩, મો. ૯૪૨૮૮૧૯૪૫૩*

# ભારતનો સ્વાતંત્ર્ય સંગ્રામ અને કચ્છ

• સંકલન : બાબુલાલ ગોર •

આઝાદી પર્વ આપણા સૌના માટે આનંદનું અને ગૌરવનું પર્વ છે! કોઈ પણ વ્યક્તિ, પ્રજા, સંસ્કૃતિ કે રાષ્ટ્ર માટે આઝાદી એ સૌથી મોટી ઉપલબ્ધિ છે. આઝાદીના જંગમાં કચ્છનો ઈતિહાસ પણ સુવર્ણ અક્ષરે અંકિત થયેલો છે. સ્વાતંત્ર્ય સંગ્રામનાં પૃષ્ઠો ઉકેલતાં આપણું મસ્તક ગર્વથી ઉન્નત થઈ ઊઠે છે. અંગ્રેજ શાસનના અન્યાયો સામે લડવા સમગ્ર રાષ્ટ્રમાં જે સત્યાગ્રહો યોજાયા તેમાં કચ્છના સ્વાતંત્ર સંગ્રામનો પણ ફાળો છે.

આઝાદીની ચળવળમાં સમગ્ર રાષ્ટ્રની સાથે કચ્છે પણ ખુમારીપૂર્વક સત્યાગ્રહમાં ફાળો નોંધાવ્યો તે પૈકી કેટલીક વાતો અત્રે ડૉ. વસંત પટેલે લખેલ પુસ્તક 'ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં કચ્છનું પ્રદાન' નામક પુસ્તકમાંથી સાભાર સૌજન્ય સાથે ઉદ્ધૃત કરેલ છે.

'ગાંધીજીનું અસહકારનું આંદોલન અને કચ્છ,' 'પ્રથમ વિશ્વ યુદ્ધ, રોલેટ એક્ટ, જલિયાંવાલા બાગ, વગેરે બનાવોને કારણે ગાંધીજીએ અસહકારના આંદોલનની જાહેરાત કરી. આ સાથે જ કલકત્તામાં સપ્ટેમ્બર ૧૯૨૦ ની જાહેરાત સાથે બધાએ સરકારને કોઈપણ ક્ષેત્રે સહકાર આપવાનું બંધ કરી દીધું.

આ આંદોલનમાં બે પ્રકારના કાર્યક્રમો હાથ ધરવામાં આવ્યા હતા. એક હતો નકારાત્મક અને બીજા રચનાત્મક. કચ્છના રચનાત્મક કાર્યક્રમનાં પાસાંઓમાં ખાદી પ્રવૃત્તિ અને અસ્પૃશ્યતા નિવારણના પાસાને સફળ બનાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો. ગાંધીજીના ચાહકોએ કચ્છમાં આ કાર્ય હાથ ધર્યું. બ્રહ્મચારી કાલીચરણ કચ્છમાં ખાદી પ્રચાર ઉપર ભાષણો આપવાનું કામ કરતા હતા. જેમણે ખાદીનો સ્પર્શ પણ કર્યો ન હતો તેઓ પણ ખાદીવાળાઓ સાથે જોડાવા લાગ્યા. ૧૯૨૪માં ખીમજીભાઈ કાઠિયાવાડી કચ્છમાં ગુજરાત પ્રાંતિક સમિતિ તરફથી ખાદી વેચવાનું કામ કરતા હતા. ભુજના શાહ માનસંગ કચરા, માંડવીના દામજી વચ્છરાજ અને અંજારના લતીફ અને અંબાણી સાહેબ વગેરે ખાદી પ્રચારનું કાર્ય કરતા હતા. આ બધા લોકનાયકો ગામડે ગામડે અને ખૂણે ખૂણે ફરી વળ્યા હતા. અને ગાંધીજીના ખાદી પ્રચાર અને અસહકારનો સંદેશો લોકો સુધી પહોંચાડતા હતા. આથી અનેક ગામો અને શહેરોમાં રેંટિયા ચાલુ થઈ ગયા.

આમ રાષ્ટ્રને એક કરનારો મંત્ર ૧૯૨૩-૨૪ માં કચ્છે બરાબર ઝીલ્યો હતો.

'દાંડીકૂચમાં કચ્છના સૈનિકો' ભારતની સ્વાતંત્ર્ય લડતોમાં જેનો ઉલ્લેખ 'મહાભિનિષ્ક્રમણ' તરીકે થાય છે તે દાંડીકૂચમાં ગાંધીજી સાથે ૭૯ સ્વાતંત્ર્ય સૈનિકો હતા. તેમાં ગુજરાતના ૩૨, મહારાષ્ટ્રના ૧૩, સંયુક્ત પ્રાંતના ૭, કચ્છના ૭, પંજાબના ૩, સિંધનો ૧, કેરલના ૪, રાજસ્થાનના ૩, આંધ્રપ્રદેશના ૧, કર્ણાટકનો ૧, મુંબઈના ૨, તામિલનાડુનો ૧, બિહારનો ૧, બંગાળનો ૧, ઉત્કલનો ૧, નેપાલનો ૧. આ પ્રાંતવાર યાદી એ સૂચવે છે કે, દાંડીકૂચમાં કચ્છનું સ્થાન ચોથા ક્રમે છે. જે પ્રદેશના સ્વાતંત્ર્ય સંગ્રામમાં પ્રદાન અંગે કોઈ સંશોધનાત્મક અભિગમ આજદિન સુધી નથી કેળવાયો અને જેને પછાત વિસ્તાર તરીકે જ આજદિન સુધી મૂલવવામાં આવે છે, એવા કચ્છના સાત નરબંકાઓએ ગાંધીજી સાથે કદમો મિલાવી સ્વાતંત્ર્ય સંગ્રામના ઈતિહાસમાં કચ્છને ગૌરવપૂર્ણ સ્થાન અપાવ્યું છે.

જો કે કચ્છના આ સાતે વીરલાઓ અંગે મળતી માહિતી ઘણી અલ્પ છે. આમ છતાં આધારભૂત ગાંધી સાહિત્યમાં આ સાતે દાંડીયાત્રીઓનો જે ટૂંકો પરિચય આપવામાં આવ્યો છે તે અત્રે રજૂ કરેલ છે.

(૧) **પૃથ્વીરાજ લક્ષ્મીદાસ આશર.** ગાંધીજીના ખાદી કાર્યમાં માર્ગદર્શક એવા કચ્છના વતની શ્રી લક્ષ્મીદાસભાઈ આશરના પુત્ર પૃથ્વીરાજ આશર ગાંધી આશ્રમમાં બાલ્યાવસ્થાથી જ રહેતા હતા. તે અંગે ગાંધીજીના અંતેવાસી શ્રી છગનલાલ જોશી લખે છે : 'ભાઈ લક્ષ્મીદાસનો નાનો દીકરો પૃથ્વીરાજ દસેક વર્ષનો હતો ત્યારે તેને મેં ભણાવ્યો હતો. પણ આશ્રમમાં હું જ્યારે એકલો હતો ત્યારે સગડી ચેતાવવાથી માંડીને રોટલીનો લોટ બાંધવા સુધીના કામમાં જે હોંશપૂર્વક તે મને મદદ કરતો તે આજે પચ્ચાસ વર્ષ થયાં છતાં ભૂલી શકાતું નથી.'

આશ્રમ શાળાના આવા સક્રિય વિદ્યાર્થી પૃથ્વીરાજને દાંડીકૂચમાં ગાંધીજીના સહયાત્રી બનવાનો સુઅવસર સાંપડ્યો હતો. ૧૯ વર્ષની યુવા વયે પૃથ્વીરાજ દાંડીકૂચમાં સામેલ થયા હતા. પુત્ર જ્યારે ગાંધીજી સાથે દાંડીયાત્રામાં હતા ત્યારે પિતા લક્ષ્મીદાસ આશરે દાંડીયાત્રાના સૈનિકોના સ્વાગત અને સરભરામાં રત હતા. આમ આ બંને પિતા - પુત્રોએ કચ્છની ધરતીની સોડમ રાષ્ટ્રીય લડતમાં પ્રસરાવી હતી.

(૨) **માધવજી ઠક્કર.** કચ્છના વતની માધવજી ઠક્કર કલકત્તામાં પોતાનો ધીકતો ધંધો છોડીને ગાંધીજીના આશ્રમમાં જોડાયા હતા. દાંડીકૂચ સમયે તેમની વય ૪૦ વર્ષની હતી.

(૩) **જયંતી નથ્થુભાઈ પારેખ.** કચ્છના વતની જયંતીભાઈ ગાંધી આશ્રમ શાળાના વિદ્યાર્થી હતા. દાંડીકૂચ વેળાએ તેમની વય ૧૮ વર્ષની હતી.

(૪) **નારાણજી ઠક્કર.** કચ્છના વતની નારાણજીભાઈ ઉત્કલમાં સક્રિય ખાદી કાર્યકર તરીકે કાર્ય કરતા હતા. દાંડીયાત્રામાં જોડાવા તેઓ ઉત્કલથી આવ્યા હતા. દાંડીયાત્રામાં જોડાયા ત્યારે તેઓ બાવીસ વર્ષના હતા.

(૫) **મગનભાઈ વોહરા.** તેઓ કચ્છના વતની હતા અને ઉત્કલમાં ખાદી કાર્યકર તરીકે કાર્ય કરતા હતા. દાંડીયાત્રા સમયે તેમની વય ૨૫ વર્ષની હતી.

(૬) **ડુંગરશીભાઈ કચરા.** કચ્છના વતની ડુંગરશીભાઈ કચ્છમાં સક્રિય ખાદી પ્રવૃત્તિ કરતા હતા. દાંડીયાત્રા સમયે તેઓ ૨૭ વર્ષના હતા. કચ્છના સ્વાતંત્ર્ય સંગ્રામમાં માનસંગભાઈ કચરાનું નામ જાણીતું છે. ડુંગરશીભાઈ કચરા કદાચ તેમના લઘુ બંધુ હશે.

(૭) **જેઠાલાલ રૂપારેલ.** કચ્છના જેઠાલાલ આશ્રમના ખાદી વિભાગમાં સક્રિય હતા. દાંડીયાત્રા સમયે તેઓ પચીસ વર્ષના હતા.

કચ્છના આ સાતે સ્વાતંત્ર્ય સૈનિકો દાંડીયાત્રા ઉપરાંત ગાંધીજીની રચનાત્મક પ્રવૃત્તિઓમાં પણ સક્રિય હતા. એ જ રીતે કચ્છમાં પણ ગાંધીજીની ખાદી પ્રવૃત્તિનાં બીજ વવાયાં હતાં.

તા. ૨૫-૪-૧૯૦૭ ના રોજ કચ્છના માંડવીમાં જન્મેલા માધવજી ધરમશી વેદ ગાંધીજીના આદર્શોને જીવનમાં ઉતારનાર કચ્છની થોડીક પુણ્યશાળી વ્યક્તિઓમાંના એક હતા. ગાંધીજીની વિચારધારાથી પૂરેપૂરા રંગાયેલા આ માવજીભાઈ એક નિષ્ઠાવાન કાર્યકર હતા. ૧૮ વર્ષની ઉંમરે તેઓ મુંબઈની રાષ્ટ્રીય શાળાના બાલમંદિરના શિક્ષક તરીકે દાખલ થયા. અહીં તેમના જીવનનું ઘડતર થયું.

રાષ્ટ્રની સ્વતંત્રતા અર્થે મંડાયેલા યજ્ઞમાં એમણે ઝંપલાવ્યું. એના કારણે ૧૯૩૧માં એમને એક વર્ષની જેલ પડી. નાશિક જેલમાં આકરી યાતનાઓ વેઠી. પણ જીવનમાં જે આદર્શ એમણે કંડાર્યો હતો એ દમન પછી પણ ભૂંસાયો નહીં. ૧૯૩૪માં ગાંધીજીએ તેમના કાર્યકરોને ગામડે જઈ લોક કલ્યાણની પ્રવૃત્તિ અને નવચેતન માટે કાર્ય કરવા હાકલ કરી તે પ્રમાણે તે પણ સુરતના કરાડી ગામે ગયા અને ત્યાંથી પછી કચ્છ માંડવીમાં આવ્યા. ગઢશીશાને પોતાની પ્રવૃત્તિનું કેન્દ્ર બનાવ્યું. પુરુષોત્તમ દામજી ચોથાણીએ ૧૨ એકર જમીન ભેટ આપતાં તા. ૯-૫-૧૯૩૯ના રોજ તેમાં ચરખા મઢીની સ્થાપના સાથે રાષ્ટ્રીય શાળા, બાલ મંદિર, ગ્રામ પુસ્તકાલય, ગૌશાળા, સાબુ, કાગળ, તેલઘાણી, વગેરેનું કામ પણ શરૂ કર્યું.

ઈ.સ. ૧૯૪૦ (સંવત ૧૯૯૬) માં દુકાળ પડતાં ગઢશીશામાંની માવજીભાઈની ખાદી ઉત્પાદન પ્રવૃત્તિ લોકોને રોજીરોટી માટે ઉપકારક થઈ પડી. તેથી ચરખા મઢીના પાયા પાકા થયા. 'હિંદ છોડોની લડત' ભારતની આઝાદી માટેની અંતિમ લોકલડત 'હિંદ છોડો' આંદોલનમાં પણ કચ્છના સ્વાતંત્ર્ય સૈનિકોનું પ્રદાન નોંધપાત્ર હતું. સર્વશ્રી રસિકલાલ જોશી, બંસીલાલ છાયા, પ્રાણલાલ શાહ, ગોપાલજી શિણાઈ, અને મનસુખભાઈ ગઢવી જેવા સ્વાતંત્ર સૈનિકોએ લડતની આગેવાની લીધી હતી.

કચ્છની આ સ્વાતંત્ર્ય યાત્રા એ બાબત સિદ્ધ કરે છે કે ગુજરાત કે ભારતના કોઈપણ જિલ્લા જેટલું જ, બલકે તેથી કંઈક વિશેષ પ્રદાન કચ્છી પ્રજાનું સ્વાતંત્ર્ય સંગ્રામમાં છે. ભારતની સ્વતંત્રતા પછી તા. ૪-૩-૧૯૪૮ ના રોજ યદુવંશી ક્ષત્રિય રાવશ્રી ખેંગારજી પહેલાના સત્તરમા વંશજ અને અંતિમ રાજવી મહારાવશ્રી મદનસિંહજી (રાજત્વ ૧૯૪૮) સિંહાસન પર આવ્યા. તેઓ પ્રજાસત્તાક શાસન તંત્રના હિમાયતી હતા. એટલે સત્તા પર આવતાં જ તેમણે રાજ્યની ટંકશાળમાં જયહિંદ શબ્દથી અંકિત સિક્કાઓ બહાર પાડ્યા. એ પછી ૪ મે, ૧૯૪૮ ના રોજ કચ્છને ભારતીય સંઘમાં ભેળવી દેવાની દરખાસ્ત તેમણે સહર્ષ સ્વીકારી અને ૧ જૂન, ૧૯૪૮ ના રોજ કચ્છ, રાજ્ય ભારતીય સંઘમાં એકાકાર થઈ ગયું.

*સંદર્ભ : (૧) ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં કચ્છનું પ્રદાન. લે. ડૉ. વસંત પટેલ, પ્રથમ આવૃત્તિ : ૨૦૦૧. (૨) 'ગુજરાત' પાક્ષિક, અંક-૧૬, તા. ૧૬-૮-૨૦૧૧.*

**આ જગમાં થોડા મલે!**
**જાણે ભાષાને ભાવ, અંતરના ઊંડાણથી**
**પ્રગટાવે પુણ્ય પ્રકાશ, આ જગમાં થોડા મલે!**
**લખે લહિયા અનેક, ટેવના પરિણામથી**
**મર્મ માણી જે લખે, આ જગમાં થોડા મલે!**
*– રશ્મિનનો રણકાર, ભાગ-૨માંથી સાભાર*

**Viketa**
**Electronics**
An ISO 9001-2000 COMPANY
**MANUFACTURERS OF**
**ELECTRICAL PANEL BOARDS**
4759, GIDC Industrial Estate,
Ankleshwar-393 002. Dist. Bharuch.
**Phone : 02646-226257 Fax : +91-2646-252759**
**Mobile : 9824101111, 9824762141**
**E-mail : viketa53@rediffmail.com**

# ભીષણ ભૂકંપ બાદ કચ્છની કાયાપલટ

• પ્રા. સૂર્યકાંત ભટ્ટ •

નૈસર્ગિક આપત્તિઓ જેવી કે સૂકો દુષ્કાળ, ભૂકંપ, વાવાઝોડું, તીડ કે પૂર એ કચ્છી પ્રજા માટે આશ્ચર્યનો વિષય ક્યારેય રહેવા પામ્યા જ નથી. કારણકે કચ્છની ખમીરવંતી પ્રજાને આવી કુદરતી આપત્તિઓ સહન કરવાની કુદરતે શક્તિ પ્રદાન કરી છે. એટલું જ નહીં, પરંતુ નવસર્જનની અણમોલ શક્તિ પણ પ્રદાન કરેલી છે.

**● ભૌગોલિક સ્થાન :**

ભારતમાં છેક પશ્ચિમે આવેલ ગુજરાત રાજ્યની ઉત્તર - પશ્ચિમ અર્થાત્ વાયવ્યે આવેલો ભારતનો મોટામાં મોટો જિલ્લો એટલે કચ્છ. કચ્છ એ માત્ર જિલ્લો જ નહીં, પોતીકી ભૂગોળ ધરાવતો પ્રદેશ છે. પૃથ્વીના અર્ધ-ગોળાર્ધના બે ભાગ પાડતું 'કર્કવૃત્ત' કચ્છના બે સરખા ભાગ પાડે છે. કુલ જમીનનો વિસ્તાર ૪૫,૬૫૨ ચો.કિ.મી. છે જે સમગ્ર ગુજરાતના ૨૩.૨૦ ટકા હિસ્સો ધરાવે છે. કચ્છમાં ખેડવાલાયક જમીન ૭,૪૭,૫૦૩ હેક્ટર છે જ્યારે ૨,૮૭,૯૪૮ હેક્ટર જમીનમાં જંગલો આવેલાં છે.

**● કચ્છની આબોહવા :**

કચ્છની ત્રણ બાજુએ સમુદ્ર હોવાના કારણે દરિયા કિનારાના વિસ્તારોમાં હવામાન પ્રમાણમાં ખુશનુમા રહે છે. જ્યારે મધ્યનો ડુંગરાળ પ્રદેશ થોડો ગરમ રહેવા પામે છે. રણકાંધીવાળા વિસ્તારોમાં ઉનાળામાં તાપમાન ૩૮° થી ૪૪° સુધી રહે છે. કર્કવૃત્તને કારણે પણ વિષમતા રહે છે તેમ અભ્યાસીઓ વર્ણવે છે. ઈ.સ. ૨૦૧૧ની વસતિ ગણતરી મુજબ કચ્છની વસતિ ૨૦ લાખ ૯૦ હજારના આંકને આંબી જવા પામી છે. કચ્છનાં ૯૫૦ ગામડાંઓમાંથી ૮૮૪ વસવાટી ગામો છે. ૧૦ તાલુકા છે. કચ્છમાં બારમાસી નદીઓ નથી.

**● ભૂકંપની સમસ્યા :**

ભૂસ્તરીય વૈવિધ્યને કારણે કચ્છ ભૂકંપગ્રસ્ત બને છે. વારંવાર અત્રે તીવ્ર ભૂકંપ થયા છે. કચ્છમાં ઈ.સ. ૧૮૧૯થી ઈ.સ. ૨૦૦૧ સુધીમાં ૭૨ જેટલા ભૂકંપ નોંધાયા છે. ૧૬મી જૂન, ૧૮૧૯ના સાંજે કચ્છમાં ભીષણ ભૂકંપ આવેલો. કચ્છનો પશ્ચિમ ભાગ ૧૨ ફૂટ ઊંડો ઊતરી જવા પામ્યો. અત્રે સિંધુ નદીનાં જે વહેણ આવતાં, તે જમીન ઊંચી આવી જતાં બંધ થઈ ગયાં. ઈ.સ. ૧૯૫૬માં વિનાશક ભૂકંપે કચ્છને તારાજ કર્યું. ઈ.સ. ૨૦૦૧ની ૨૬મી જાન્યુઆરીએ સમગ્ર ગુજરાતને ભૂકંપે તારાજ કર્યું. જેમાં કચ્છમાં ભૂકંપની તીવ્રતા સવિશેષ હોઈ અત્યંત તારાજી સર્જાઈ. માનવ - પશુપક્ષીઓની ખુવારી, મકાનો જમીનોની ધ્વસ્તતા, માર્ગ વ્યવહારો ખંડિત થયા.

**● ગુજરાત સરકારના સ્તુત્ય પ્રયાસો :**

સમગ્ર ગુજરાતને ભીષણ ભૂકંપે સર્જેલી તારાજીમાંથી પુનઃ જન જીવનને ધબકતું કરવા તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ અવિરતપણે સ્તુત્ય પ્રયત્નો આદર્યા. વિવિધ વિકાસ યોજનાઓ અમલી બનાવી. જેમાં 'પંચામૃત' અક અને અદ્વિતીય કહી શકાય. સ્વર્ણિમ ગુજરાતના નિર્માણ માટે જનશક્તિ, જળ શક્તિ, રક્ષા શક્તિ, ઉર્જા શક્તિ તથા જ્ઞાન શક્તિ યોજનાઓને ચરિતાર્થ કરી.

**● નર્મદા નહેરનું સાકાર સ્વપ્ન :**

જળ એ જીવન છે. એ ઉક્તિને કચ્છમાં નર્મદા નીર લાવીને સાકાર કરી છે. કચ્છમાં લોકોને પીવાનું પાણી ઈ.સ. ૨૦૦૩માં પહોંચતું કરવામાં આવ્યું. તા. ૯-૪-૨૦૧૧માં મુખ્યમંત્રીશ્રી દ્વારા રાપર મુકામે કચ્છને સિંચાઈનો લાભ નર્મદાના નીર દ્વારા આપવાનો પ્રારંભ કરાયો. ૩૬૦ કિ.મી. લાંબી કેનાલના શ્રીગણેશ થયા. ૧,૧૨,૭૦૦ હેક્ટર જમીનને પિયત કરવા આ યોજના ફળીભૂત થશે. કચ્છ જિલ્લાના ૭ તાલુકા તથા ૧૮૨ ગામોને પિયતનો લાભ મળશે.

**● ભૂકંપ બાદ વિકસતું કચ્છનું પ્રવાસન ક્ષેત્ર :**

વિશ્વના પ્રવાસન ક્ષેત્રના નકશામાં કચ્છના આ ક્ષેત્રને વિશિષ્ટ સ્થાન અપાવવા કચ્છને સીંગાપુર બનાવવા શ્રી નરેન્દ્ર મોદીજીએ કમર કસી. પરિણામે આજે કચ્છ, ગુજરાતનું પ્રવાસન હબ બન્યું છે. કચ્છમાં પ્રવાસનના વિકાસાર્થે રણોત્સવો અને કાર્નિવલનું આયોજન કરવામાં આવે છે. ભુજમાં રૂા. ૧૫૦ કરોડના ખર્ચે ભુજિયા ડુંગરની તળેટીમાં સ્મૃતિવનનું આયોજન હાથ ધરાયું છે. રૂા. ૧૧.૫૦ કરોડના ખર્ચે નારાયણ સરોવર - કોટેશ્વરને પ્રવાસન ધામ તરીકે વિકસાવવામાં આવી રહ્યા છે. ફોર્ટ સિટી લખપતના વિકાસાર્થે રૂપિયા એક કરોડનો ખર્ચ થશે. માંડવી બીચ માટે રૂા. ૪૦ લાખના ખર્ચે સુવિધા ઊભી થયેલી છે. ત્યાં ક્રાંતિવીર શ્યામજી કૃષ્ણવર્મા સ્મારક રચાયેલ છે.

**● અન્ય પ્રોજેક્ટ :**

કચ્છમાં સરહદ મધ્યે ધર્મશાળા મુકામે ૭૫ લાખના ખર્ચે 'વૉર મેમોરિયલ મ્યુઝિયમ' રચાશે. રૂા. ૨૦ લાખના ખર્ચે વિધાકોટ મધ્યે ઈન્ફોર્મેશન ડિસ્બર્ઝ બનશે. છારીઢંઢ, થાન, ધીણોધર ટુર સરકીટ વિકસાવવા માટે રૂા. ૧૨૮ લાખનો પ્રોજેક્ટ મંજૂર થયો છે. જે પૈકી ૯૧ લાખનાં કામો પૂરાં થયાં છે.

● **ધોરડો રુરલ રિસોર્ટ :**

કચ્છમાં ધોરડો મધ્યે સફેદ રણ નિહાળવા ટેન્ટ સિટીના આયોજન ઊડીને આંખે વળગે તેવા છે. ચાંદની રાતમાં સફેદ રણ નીરખવું એ જીવનનો લહાવો છે. દેશી ભૂંગાઓને આધુનિક ઓપ અપાયો છે. કચ્છની વાનગીઓ પીરસવામાં આવે છે. કચ્છી સંસ્કૃતિને ઉજાગર કરતા કાર્યક્રમો પ્રવાસીઓ માટે રજૂ કરવામાં આવે છે. તમામ પ્રકારના કચ્છી ભરતકામ ભરેલાં વસ્ત્રો ઉપલબ્ધ છે. ચર્મકામ, મીનાકામ, સૂડી-ચપ્પુ, હાથ વણાટની વસ્તુઓ, આભલા ભરત, લાખ કામની વસ્તુઓ પણ વેચવામાં આવે છે. બ્રાન્ડ ઍમ્બેસેડર બીગ બી શ્રી અમિતાભ બચ્ચનની અપીલ આકર્ષે છે.

● **ભૂકંપ બાદ ઔદ્યોગિક વિકાસ :**

કચ્છને નંદનવન બનાવવા માટે ઔદ્યોગિક ક્ષેત્ર વિકસાવવા 'સ્પેશિયલ ઈકોનોમિક ઝોન'ની રચના કરવામાં આવી છે. પ્રારંભમાં આ ઉદ્યોગોનો નિયોજકોને ટેક્ષ હોલીડે પાંચ વર્ષ માટે અપાતાં કચ્છમાં અનેક સાહસિકોએ ઉદ્યોગો માટે પહેલ કરી. આજે ઉદ્યોગોથી કચ્છ ધમધમી રહ્યું છે. કચ્છમાં છેલ્લા દાયકામાં ૨૧૯૮ નાના અને લઘુ ઉદ્યોગો, ૩૩૨ મધ્યમ ઉદ્યોગો તથા મોટા ઉદ્યોગો, ૧૫૦૦૦ કરોડ રૂપિયાના ખર્ચે સ્થપાયેલા છે, જે ૧.૪૭ લાખ લોકોને રોજગારી પ્રદાન કરે છે.

● **સરહદ ડેરી :**

કચ્છમાં પશુઓની વિશાળ સંખ્યા અને માલધારીઓના હિતાર્થે રાજ્ય સરકારે કચ્છમાં ભૂકંપ બાદ અમૂલ ડેરીના સહયોગથી લોકોને ફેટયુક્ત દૂધ મળે તે માટે તથા માલધારીઓને પૂરતા ભાવ મળે તે અર્થે સરહદ ડેરીની રચના કરવામાં આવેલી છે. એક સમયે માત્ર ૧૫૦૦ લિટર દૂધ એકત્ર થતું, જ્યારે આજે તો ત્રણ લાખ લિટર દૂધ એકત્ર થઈ રહ્યું છે.

● **ભૂકંપ બાદ કચ્છમાં શિક્ષણ ક્ષેત્રે પ્રગતિ :**

છેલ્લા એક દાયકામાં ૩૦૧ નવી પ્રાથમિક શાળા, ૮૬ જેટલી માધ્યમિક શાળાઓ, ઉચ્ચ માધ્યમિક સ્તરે ૬૭ શાળાઓ કાર્યરત છે. ઈ.સ. ૨૦૦૩માં કચ્છમાં ભુજ મધ્યે કચ્છ યુનિવર્સિટીનો શુભારંભ થતાં હાલે અંદાજે ૪૪ કૉલેજો સંલગ્નિત છે. વિદ્યાર્થીઓની સંખ્યા ૧૯ હજારને આંબી ગઈ છે. કચ્છમાં શિક્ષણનો દર ૭૧.૫૮ ટકા છે.

● **ઉપસંહાર :**

ભીષણ ભૂકંપ બાદ કચ્છમાં સૌર ઊર્જા અનેક સ્થળે પ્રસ્થાપિત છે. આરોગ્ય ક્ષેત્ર, બાળ કલ્યાણ, મહિલા કલ્યાણ, સંરક્ષણ સેવાઓ, સ્વચ્છતા અભિયાન, ઝૂંપડપટ્ટી નાબૂદી, સ્વ-આવાસ, સમાજ કલ્યાણ, કામદાર વીમા યોજનાના વિકાસે વેગ પકડ્યો છે. ભીષણ ભૂકંપ બાદ કચ્છની વણથંભી કાયાપલટ થઈ રહી છે.

*૧૬/એ, લીમડા લેન,*
*સંસ્કારનગર, ભુજ, કચ્છ.*



# તવારીખે કચ્છ : ભૂતકાળના કચ્છના ઇતિહાસમાં ડોકિયું

• હીરાલાલ વેલજી ઉનડોઠવાલા •

કચ્છ એ અત્યંત પ્રાચીન ભૂમિ છે. કચ્છની ખંત, ખુમારી અને ખેરાતની વાતોનો ઈતિહાસમાં જોટો મળે તેમ નથી. જ્યાં ત્યાં ગામે ગામે તમને સંત, સતીઓ, શૂરવીરોના પાળિયાઓ જોવા મળશે. કવિશ્રી દુલેરાય કારાણીની "કચ્છ કલાધર" વાંચશો તો તમારા રુંવાડા ખડા થઈ જશે. કચ્છના ગામડાંઓ ખૂંદીને પાળિયાઓનો ઈતિહાસ લખેલ છે. જરૂર વાંચજો.

૧. ઈ.સ. પૂર્વે ૩૦૦૦માં હડપ્પાના લોકો પ્રથમવાર કચ્છ આવ્યા.

૨. ઈ.સ. પૂર્વે ૩૨૫માં સિકંદર કચ્છમાંથી પસાર થયો.

૩. ઈ.સ. ૧૫૦માં રુદ્રદામને કચ્છ પર સત્તા જમાવી.

૪. ઈ.સ. ૧૬૧૭માં કચ્છના સિક્કા શરૂ થયા.

૫. ઈ.સ. ૧૬૫૯માં ઔરંગઝેબના ભાઈ દારાએ કચ્છમાં આશ્રય મેળવ્યો.

૬. ઈ.સ. ૧૭૪૯માં કચ્છમાં વ્રજભાષાની પાઠશાળા થઈ.

૭. ઈ.સ. ૧૭૫૨થી ૧૭૬૦ આઇના મહેલની રચના થઈ.

૮. ઈ.સ. ૧૭૬૨માં ઝારાનું યુદ્ધ.

૯. ઈ.સ. ૧૭૮૮ બારભાયા રાજ્ય.

૧૦. ઈ.સ. ૧૮૦૩માં સ્વામી સહજાનંદ કચ્છમાં પધાર્યા.

૧૧. તા. ૧૬-૬-૧૮૧૯ : ભયાનક ભૂકંપ. અલ્લાહ બંધ થયો.

૧૨. ઈ.સ. ૧૮૫૦માં કચ્છમાં પ્રથમ પ્રાથમિક શાળા થઈ.

૧૩. ઈ.સ. ૧૮૫૫ : કચ્છમાં પ્રથમ કન્યાશાળા થઈ.

૧૪. તા. ૧-૭-૧૮૭૭ના રોજ કચ્છ મ્યુઝિયમની સ્થાપના થઈ.

૧૫. ઈ.સ. ૧૮૯૧માં સ્વામી વિવેકાનંદની કચ્છ યાત્રા.

૧૬. ઈ.સ. ૨૨-૧૦-૧૯૨૫થી મહાત્મા ગાંધીજીની કચ્છ મુલાકાત.

૧૭. ઈ.સ. ૧૯૨૭નાં વાઈસરોય લોર્ડ ઈરવીનની મુલાકાત.

૧૮. ઈ.સ. ૪-૫-૧૯૪૮નાં કચ્છ રાજવી અને ભારતના ગવર્નર જનરલ વચ્ચે જોડાણખત.

૧૯. ઈ.સ. ૧-૬-૧૯૪૮ કચ્છનું ભારતસંઘ સાથે જોડાણ અને "ક" વર્ગના રાજ્યનો દરજ્જો.

૨૦. તા. ૧-૧૧-૧૯૫૬ના રોજ કચ્છનું દ્વિભાષી મુંબઈ રાજ્યમાં વિલીનીકરણ.

૨૧. તા. ૧-૫-૧૯૬૦ કચ્છનું ગુજરાત રાજ્યમાં વિલીનીકરણ.

આ વિગતો 'તવારીખે કચ્છ'ની છે.

૨૨. રામસિંહ માલમને ડચ લોકોએ દરિયામાં બચાવી લીધેલ અને ચાંચિયાઓને રામસિંહે ભગાડી દીધેલ. તેથી તેને હોલેન્ડની ભૂમિ પર લઈ ગયેલ. ત્યાં રામસિંહે સોના-મીનાની કલા સાથે અનેક કળાઓ જાણી લઈ માદરે વતનમાં હજારો લોકોને શીખવાડેલ.

કચ્છી માડુ પથ્થરમાંથી પાણી કાઢે તેમ આખી દુનિયામાં કચ્છી માડુ મળે અને પ્રેમથી શીખવાડે એ જ કચ્છી માડુ.

*એ-૬૦૪, જય ભવાની,*
*તિલકનગર, ચેમ્બુર, મુંબઈ-૪૦૦ ૦૮૯.*
*મો. ૯૮૬૯૬ ૭૭૭૮૯*

## સુવિચાર

આપણા જીવનમાં આજકાલ ઉંડાણ દેખાતું જ નથી. આપણામાંના ઘણા આજે સપાટી ઉપર જ જીવન જીવી રહ્યા છે. જીભની સપાટી ઉપર શબ્દોની એવી રમઝટ બોલી રહી છે કે અંતરમાં પડેલું શુદ્ધ જ્ઞાન શું કહેવા માગે છે એ તરફ આપણું જરાપણ ધ્યાન નથી રહેતું, ખરાબ બોલી નાંખવું અથવા તો અભિપ્રાય આપી દેવો એ એક રમત થઈ પડી છે.

કોઈને માટે કંઈપણ જાણ્યા વિના બીજાના અભિપ્રાય ઉપર મદાર બાંધીને કે એના પરિચયમાં આવ્યા વિના જેમ તેમ અભિપ્રાય આપી દેવા એ ખરેખર એક જાતનું પાપ છે. કોઈને આપણે સારો ન કહી શકીએ તો કંઈ નહિ પણ ખરાબ નહીં કહેતા ફરીએ તો જે દુર્ગંધ ફેલાઈ રહી છે એમાં વધારો તો નહીં જ થાય. દુર્ગંધના દૂત બનવા કરતાં આપણે સુવાસના સોદાગર બનીએ. ■

Aristo™ STAINLESS STEEL

**Mfrs. of Aristo Brand Stainless Steel Utensils**

**ARISTO PLUS**
177/A, Panjrapole Road, Opp. Sarvoday Nagar, Mumbai-400 004.
Tel. : 2242 6555 / 2242 2666 • Fax : 2242 7324
E-mail : aristo_steel@yahoo.co.in • www.aristosteel.com

# કર્મ, કલા અને કસબનો કેસરિયો મુલક કચ્છ

• મદનકુમાર અંજારિયા 'ખ્વાબ' •

પર્વ એ તો પ્રાણ સાથે સંકળાયેલી મંગળ સંવેદના છે. ઉત્સવ એ કેવળ ઉજવણી પૂરતો સીમિત શબ્દ નથી... બલકે ઉત્સવ એટલે આપણા લોહીમાં કંકુ બનવાની જાગેલી ઉત્કંઠા, ઉત્સવ એટલે ઉમંગ, અધ્યાત્મ અને અવસરનો સરવાળો. ઉત્સવ એટલે કર્મ, કલા, કુદરત અને કિરતારનું સંકલન.

*ઉત્સવ કો માના જાતા હૈ, કેવલ મનાયા નહીં જાતા;*
*ઉત્સવ તો બન જાતા હૈ, ઉસકો બનાયા નહીં જાતા ।*

ઉત્સવ...પર્વ...તહેવાર...અવસર...આ બધામાં અભિવ્યક્ત થાય છે માણસપણું. ઉત્સવને સાચા અર્થમાં ઉજવવો જોઈએ. કેવળ તારીખિયામાં તહેવાર છપાયો હોય તે પૂરતું નથી; તેની સાર્થકતા ઉજવણીમાં છે. ગોળ ખરીદીએ, તેટલામાં તેની મીઠાશ મળી જતી નથી; મીઠાશ માણવા માટે તો ગોળને ખાવો પડે તેમ પ્રસંગને ઉજવવો જોઈએ.

કચ્છ એક વિશિષ્ટ પ્રદેશ છે. કચ્છની આગવી પ્રતિભા છે. કચ્છ અને કચ્છીનાં કર્મ, કલા અને કૌવત અનન્ય છે શાયર અમૃત ઘાયલની આ પંક્તિઓ અહીં ટાંકવી રહી :

*"સ્નેહનું પાણી, શૂરનું પાણી, પોતાના પ્રચંડ પૂરનું પાણી,*
*હસતું રમતું રણમાં દીઠુ સત અને સિંદૂરનું પાણી*
*વાહ રે ભાઈ કચ્છનું પાણી."*

કચ્છ એક અનોખો મુલક છે. કચ્છ અરમાન, આંસુ અને આશાવાદનો પ્રાણવંતો પ્રદેશ છે. શૌર્ય, સ્નેહ અને શ્રમની વિવિધ ઐતિહાસિક પીઠિકા ધરાવતો કચ્છ જિલ્લો ગતિશીલ વર્તમાનની વાટે મક્કમપણે આગળ વધીને ભવિષ્ય ભણી મીટ માંડતો ચાલે છે.

કચ્છ પોતાના સમયની સુગંધથી મઘમઘતો મુલક છે... કચ્છની તવારીખ પણ અનેરી, કચ્છી તારીખ પણ અનોખી! હા, સમયને આ પ્રદેશ મોસમી નજરથી નિહાળે છે. જુઓ, કચ્છનું વર્ષ વર્ષાઋતુના આરંભથી આરંભાય છે. અષાઢી બીજથી કચ્છી તમન્નાનું તારીખિયું શરૂ થાય છે.

વરસાદની આશા, રિમઝિમની આરાધના, ઈન્દ્રધનુષની ઉપાસના સાથે કચ્છી નવું વર્ષ શરૂ થાય છે. ચોમાસાની ચેતનવંતી સાક્ષીમાં કચ્છીઓ નૂતન વર્ષ ઉજવે છે.

ઝરમરની ઝંખના આ ઉજવણીને ભીનપથી ભરપૂર કરે છે. ખંત, ખુશી અને ખમીરની ખૂશ્બુ, ખડતલ કચ્છી માડુની જીવન છટાની દ્યોતક છે. આ રેતાળ મુલકનો માનવી હેતાળ છે.

પીર, વીર, ધીર અને મંદિરની મનોહારી ભોમકા કચ્છ ભાતીગર ભૂમિકા ધરાવે છે. વિવિધ મંડળો, એકમો, કલાવર્તુળો અને સંસ્થાઓના ઉપક્રમે ઠેરઠેર કચ્છી નૂતન વર્ષની રમ્ય ઉજવણી થતી રહે છે.

કચ્છી વાદ્યોની સૂરીલી સંગત સંસ્કૃતિને ઝંકૃત કરે છે. નોબત, શરણાઈ, મોરચંગ, જોડિયાપાવા, ઢોલ વગેરે વાદ્યોના રણકાર સાથે કચ્છનું અદ્‌ભુત સંગીત લોકસંગીત ગુંજે. ૩૬ રાગોની રોચક રમઝટ જામે. લોકવાર્તા, બેત, કાઠી, ભજન અને લોકસંગીતનો મધુર ખજાનો કચ્છના સાંસ્કૃતિક પેટાળમાં ખડકેલો છે. તેમ કલા ક્ષેત્રે પણ કચ્છની કમનીયતા કમ નથી.

હસ્તકલા, માટીકલા, કમાંગરી કલા, કાષ્ટકલા, વસ્ત્રકલા, ચાંદીકામ, અજરખ, બાટીક, રોગાનકામ, શિલ્પ, ચિત્રકલા, ઈત્યાદિમાં આ મસ્ક મુલકે પોતાની મહેક વિશ્વભરમાં વિકસાવી છે.

*"અજબ વિસ્તર્યો છે કલાની ઝલકમાં,*
*મુલક વિસ્તર્યો છે સકલ આ ખલકમાં!*
*યહ મુલ્ક ફૈલા કહાં સે કહાં તક,*
*યહાં સે વહાં તક, જમીંસે જહાં તક!"*

કચ્છી નૂતન વર્ષ - અષાઢી બીજ પર્વની ઉજવણી કચ્છ ઉપરાંત મુંબઈ, ગુજરાત ઉપરાંત જ્યાં જ્યાં કચ્છીઓ વસે છે; ત્યાં ઉલ્લાસભેર થતી હોય છે.

રાજ્યકાળના સમયથી કચ્છી નવલ વર્ષનો ઉત્સવ ઉજવાય છે. કચ્છનાં પ્રજાવત્સલ રાજવીઓ જનમનને રાજી કરતાં કાર્યક્રમો યોજતા. કલાકારો, દરબારીઓ, ભૂદેવોની કદર કરાતી. શરણાઈ અને નોબતનાં મંગલ ધ્વનિ, મિષ્ટાન-વિતરણ, તોરણ, રંગ-રોગાન, ગીત-સંગીત, દાન-પુણ્ય, ઈત્યાદિથી પર્વની મંગલ ઉજવણી થતી.

એ ભવ્ય ઉજવણીની મધુર સ્મૃતિઓ કાળસંદૂકમાં ઘરેણાંની જેમ સચવાયેલી પડી છે.

મહાન દાનગીર જગડૂશા દાતાર, રાજકૂળના રક્ષણ અર્થે પોતાના દૂધમલ દીકરાઓનું બલિદાન આપનાર ભીંયા કકલ, વફાદાર દાસી ઝીંકણી, નારીરક્ષણ માટે જાન કુરબાન કરનાર અબડો, અડબંગ, શાહ સુંદરજી સોદાગરનો વતનસ્નેહ, ઓષ્ઠા જામ અને હોથલ પદમણી, લાખો-લોયણ, જેસલ-તોરલ, દાદા મેંકણ, મામૈયા દેવ, રામસિંહ માલમ, કચ્છના ક્રોમવેલ એવા

જમાદાર ફતેહમદમ્મદ, પૂંજાશેઠ, ધોરમનાથ, રતનબાઈ, લાખો ફૂલી, કંથડનાથ યોગી, લક્ષ્મીદાસ કામદાર, શ્યામજી કૃષ્ણવર્મા – આવા તો અનેક મહાન નરનારીઓએ કચ્છ ધરણીને ધન્યતા બક્ષી છે.

મહાન વિશ્વપ્રવાસી હ્યુએનત્સંગે પણ સાતમાં સૈકામાં કચ્છની મુલાકાત લીધી અને મુગ્ધતા અનુભવી હતી. કચ્છમાં જૈનોના પહેલા તીર્થંકર શ્રી ઋષભદેવજીએ અહિંસાનો ઉપદેશ પ્રસરાવેલો. તો વૈષ્ણવ સંપ્રદાયના આચાર્ય શ્રી વલ્લભાચાર્ય પણ કચ્છ યાત્રા અર્થે પધાર્યા હતા. શ્રી સ્વામિનારાયણ ભગવાતન, જગદ્‌ગુરુ આદ્ય શંકરાચાર્યજી, મહાત્માગાંધી અને મહાન વિભૂતિઓએ કચ્છની ધરતીને પવિત્ર કરી હતી અને આ ભૂમિની ગરિમાને વખાણી હતી.

૪૨,૯૦૯ ચોરસ કિ.મી.નો ભૌગોલિક વિસ્તાર ધરાવતો કચ્છ જિલ્લો અનેક પર્વતોથી ઉન્નત કરે છે. સિંદૂરી ગાથાઓની નક્કર સ્મરણિકા જેવી કચ્છ ધરા પર સતીઓ, શૂરાઓ, ગૌરક્ષકો, જનરક્ષકો અને વતનપરસ્તોના પાળિયાઓ, ખાંભીઓ, દહેરીઓ છે.

કચ્છ એ રણ વચ્ચે આવેલો મુલક છે, છતાં દરિયો એના પગ પખાળે છે. યાત્રાસ્થળો ઉપરાંત અનેક દર્શનીય, પ્રેક્ષણીય સ્થાનો પણ કચ્છમાં છે. મુંદ્રામાં શાહ બુખારીપીરની દરગાહ પણ ધર્મમય, સ્થાનક છે. ભુજમાં મ્યુઝિયમ, આઈના મહેલ કલા અટારી, ભુજિયો ડુંગર, રણજીત વિલાસ, મોચીરાઈ, ટપકેશ્વરી અને બીજા સ્થાનો છે.

જ્યારે અન્ય સ્થળોમાં કેરામાં લાખા ફુલાણીએ બંધાયેલું પુરાતન શિવમંદિર, કપિલ આશ્રમ, અંજારમાં જેસલ તોરલની સમાધિ, અજેપાળનું મંદિર, સુથરી, કોઠારા, નલિયાનાં દહેરાસરો, ધ્રંગમાં મેકણદાદાનો અખાડો, રૂદ્રાણીમાં રૂદ્રમાતા મંદિર અને ડેમ, રવમાં રવેચી માતા, યક્ષ બૌંતેરા, રણકાંધી પરનું સુરખાબનગર, હાજીપીર, નારાયણ સરોવર, કોટેશ્વર, માંડવીનો સાગર, વિજયવિલાસ, કંથકોટ, મણિયારો ગઢ, ગુંતરીગઢ, કાળાડુંગરનું દત્તાત્રય મંદિર, ધીણોધર, ઝારો – આ અને બીજા અનેક મહત્ત્વના સ્થળો કચ્છને વિશેષતા બક્ષે છે.

કચ્છનું ચાંદીકામ 'કચ્છ વર્ક' તરીકે ખૂબ જાણીતું હતું. ઉપરાંત મીનાકામ, આભૂષણ કલા, હસ્તકલા, કમાંગરી, માટીકામ, સ્થાપત્ય કલા, ઊન કામ, ગૂંથણ ભરતની કલા, રોગાનકામ, આરીભરત અને અન્ય કલાઓ વિશ્વભરમાં વિખ્યાત છે.

કચ્છમાં વ્રજ ભાષાની પાઠશાળા પણ ચાલતી. શ્રી અને સરસ્વતી કચ્છ પર પ્રસન્ન હતાં. એવો યે વખત હતો, જ્યારે બન્નીના માલધારી લોકો, "દૂધ વેચવું એ તો દીકરો વેંચવા જેવું છે" એમ ગણતા. એવી ભરી ભરી ભાવના હતી. આજે સૂક્કોભઠ્ઠ જણાતો ખપત વિસ્તાર કદીક વૈભવ અને લીલપથી ભર્યો ભાદર્યો રહેતો.

ભવ્ય ભૂતકાળની યાદો હવે રહી ગઈ છે. આજે મૂલ્યો હવે પલટાયા છે. દૂધ વેંચાય છે. સાચું ઘી ખૂટી ગયું છે. સાપ જાય અને લિસોટા રહે એ તો સારું છે, પણ અહીં તો ગાય ગઈ ને ગોરજ રહી છે...

છતાં કચ્છી માડુ આ ભૂમિની અસ્મિતાને જાળવવા મથી રહ્યા છે. બદલાયેલા દેશકાળમાં હવે આ જિલ્લો માગે છે વિકાસ... માંગે છે સત્તાવર્તુળોની જાગૃતિ...

કચ્છ કીર્તિકળશ છે, એને કાટ નહીં ચડે. પણ આ કળશનું સંમાર્જન થાય એ જરૂરી છે...

*હે સજ્જનો! પાળિયા પરનાં સિંદૂરની ભાષા ઉકેલો...*
*ખંડિયેરોની ખામોશી ઉકેલો...*
*રણની છાતીમાં લવકતી ઝરણની ઝંખનાને ઉકેલો...*
*ગાયના મોં પર સૂકાયેલા અશ્રુરેલા જેવી નદીઓને ઉકેલો...*
*ડુંગરોના ઢાળ પર રખડતી બકરીની ભૂખને ઉકેલો...*
*હા, ઉકેલીશું તો જ ઉકેલ આવશે...*
*...અને હે આકાશ! કચ્છડો માગે છે તારી રહેમ...*
*"એવું નહીં કે ભેટને સોગાદ માગે છે;*
*એવુંય નહિં કે ઐશ ને આહલાદ માગે છે;*
*ને એમ પણ નહિં કે દયા ને દાદ માગે છે;*
*બસ, કચ્છ તો ઝરમર જરી વરસાદ માગે છે"*

---

## ચાલો કચ્છ જોવા

**(અનુસંધાન : પાના નં.-૩૨ ઉપરથી ચાલુ)**

***આ ઉપરાંત નીચે લખ્યા ખાસ જોવા-માણવા-જાણવા જેવા સ્થાપત્યોમાં :***

કેરા કોટાયનાં શિવમંદિરો, રુદ્રમાતા ડેમ, વાગડમાં કંથકોટ, પ્રખ્યાત રવેચી માતાનું મંદિર, ધોરમનાથ ધીણોધર જાગીર, કાળો ડુંગર, મેકણ દાદાનું મંદિર જેનો ધરતીકંપ બાદ જીર્ણોદ્ધાર થયેલ છે, કચ્છ રાજવી કુળની કુળદેવી આઈ આશાપુરાનું ભવ્ય સ્થાનક, કે જ્યાં ઠેઠ મુંબઈથી માનાં ભક્તો પગપાળા અથવા સાઈકલથી નોરતામાં દર્શને પધારે છે તે કચ્છની સતત રક્ષા કરતી આઈ આશાપુરાના પરચા અને દયાદૃષ્ટિ કચ્છીયતને સ્નેહ, સમર્પણ, શાંતિ અને ભાઈચારાનાં દર્શન કરાવે છે.

લખપત પાસે હાજીપીરની દરગાહ હિંદુ-મુસ્લિમનાં ભાઈચારાની મિશાલ સમાન છે. હાજીપીરની માનતા, દર્શન, શ્રદ્ધા જેટલા મુસ્લિમો રાખે છે તેટલી જ બલકે કદાચ એથી પણ વિશેષ હિંદુ ભાઈઓ રાખે છે. દર વર્ષે હાજીપીરનો મોટો મેળો ભરાય છે અને હજારો હિંદુ મુસ્લિમ ખુદાના આ ઓલિયાની કબર પર દર્શનાર્થે આવે છે.

***એસ.બી.એક્સ.-૮૨/૮૩,***
***આદિપુર, કચ્છ-૩૭૦ ૨૦૫.***

# ચાલો કચ્છ જોવા

• મુકુંદ કે. મહેતા 'અલ્પ' •

ઈતિહાસથી ઉપેક્ષિત અને વર્ષો લગી, કચ્છ એટલે માત્ર રણ પ્રદેશ એવી ભારત અને જગતના લોકમાનસમાં છબી ધરાવતું કચ્છ, આઝાદી બાદ અને ખાસ કરીને ૨૬મી જાન્યુઆરી, ૨૦૦૧નાં મહાવિનાશકારી ધરતીકંપ બાદ જગતનાં, ભારતના અને ગુજરાતના નકશા પર, ફિનિક્સ પક્ષી જેમ રાખમાંથી બેઠું થાય તે રીતે જનમાનસ અને આમ જનતાની દૃષ્ટિ પર ઊપસી રહેલ છે.

આમ તો કચ્છ પ્રદેશ અત્યંત પુરાણો પ્રદેશ છે. અનેક ચડતી પડતીનો સાક્ષી છે અને રાજાશાહીની જોહુકમી અને ક્યારેક રાજાઓની સારાઈનો, કચ્છ સાક્ષી છે.

કચ્છ વિશે, કચ્છના ઈતિહાસ વિશે, રાજાશાહી વિશે તો કચ્છના ઘણા વિદ્વાન કચ્છી લેખકોએ ઘણું બધું લખેલ છે. એટલે એ વિશે અત્રે કોઈ પુનરાવર્તન કરવાનો આ લેખકનો ઈરાદો નથી પરંતુ કચ્છમાં કેટલું કેટલું જોવાલાયક, માણવાલાયક અને કચ્છની કુદરતી પ્રાકૃતિક અને ધાર્મિક સંસ્કૃતિમાં ધરબાયેલું પડ્યું છે તેની આછેરી ઝલક દર્શાવવાનો આ મારો નમ્ર પ્રયાસ માત્ર છે.

શરૂઆત કરું તો કચ્છી કવિ સ્વ. શ્રી નિરંજનના નીચેના શબ્દોને યાદ કરીએ.

*"હેમારે વાટ પુગો નિરંજન, ધીણોધર સંભારન*
*અસીં બાલુડા બુલ બુલ ઈનજા, માડી અસાંજો ચમન."*

કવિ નિરંજને આ ચાર લીટીમાં ઘણું બધું કહી દીધું છે. કચ્છી તરીકેની કચ્છીયત ભાવનાની બેનમૂન છબી શ્રી નિરંજનની આ ચાર લીટીમાં શબ્દે શબ્દે ઝરે છે.

આવો આપણો આ કચ્છ મુલક વર્ષો લગી, વણપિછાણ્યો, વણ ઓળખાયેલો અને ઉપેક્ષિત રહ્યો. એને હવે આપણે ભૂલી જઈ, ચાલો કચ્છનાં સાચાં દર્શન કરીએ.

સૌથી પ્રથમ તો કચ્છમાં શિલ્પની દૃષ્ટિએ, સ્થાપત્યની દૃષ્ટિએ, ધાર્મિક સ્થળો, માણવાલાયક સમુદ્ર કિનારો, પર્યટનધામો જેવાં વિવિધ જોવાલાયક સ્થળો વિશે થોડુંક નિહાળીએ.

ભુજમાં રાજાઓની સમાધિ સમાન છતરડી શિલ્પકળાનો બેનમૂન નમૂનો છે. આવું ઝીણું સુંદર આબેહૂબ શિલ્પ એ ખરેખર કચ્છની શિરોમોર શિલ્પકળા સમાન છે.

શિલ્પ સ્થાપત્યનાં અન્ય જોવાલાયક સ્થળોમાં ભુજથી વીસેક કિલોમીટરને અંતરે આવેલ કેરા ગામ કોટાય. આ ઉપરાંત પુંઅરો ગઢ, લખપત, કંથકોટ, તેરા (અબડાસા) નો ઐતિહાસિક કિલ્લો, મણિયારો ગઢ, અંધૌ, ધોળાવીરા, કોટેશ્વર, ભુજનો આઈના મહેલ, પ્રાગમહેલ, વિજય વિલાસ – આ બધાં શિલ્પકળાની સાક્ષી પૂરતાં પૌરાણિક પુરાતત્ત્વ સ્થળો જોતાં કચ્છની શિલ્પ અને પુરાતત્ત્વની સમૃદ્ધિની છબીને છતી કરે છે.

આ ઉપરાંત ધાર્મિક સ્થળોમાં આશાપુરા દેવી, માતાનો મઢ, કોટેશ્વર, નારાયણ સરોવર, વાંઢાય, જેસલ તોરલ, ધ્રબ, રાપર-રવનું રવેચી માતાનું મંદિર, માધાપર અને દેવપરનાં યક્ષમંદિરો, બિલેશ્વર મહાદેવ (માંડવી), ધોંસા, હાજીપીર જેવાં અનેક ધાર્મિક સ્થળો હિંદુ મુસ્લિમ સંસ્કૃતિ અને ભાઈચારાની મિશાલ સમાન છે.

કાળો ડુંગર, ધીણોધર, ઝારા ડુંગર જ્યાં ઐતિહાસિક ઝારાનું યુદ્ધ થયેલ હતું. આવા ઐતિહાસિક મનોરમ્ય ડુંગરો કચ્છની પૌરાણિક સમૃદ્ધિ સમાન છે. કચ્છના રણની શી વાત કરવી!

કચ્છ જેવું સફેદ રણ તો ભાગ્યે જ ક્યાંય જોવા મળે. આદરણીય મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કચ્છીઓને જ નહીં જગતની પર્યટક પ્રિય જનતાને કચ્છના રણની, રણની શોભાની અને રણ પણ માણવા જેવી જગ્યા છે તેની સારી પહેચાન કરાવેલ છે. દર વર્ષે નિયમિત યોજાતા રણોત્સવમાં છેલ્લાં કેટલાંક વર્ષોથી હજારો પર્યટકો રણની કુદરતી નજાકતનો આનંદ લૂંટવા કચ્છની મુલાકાત લે છે.

આ રીતે કચ્છમાં શું નથી? અરે એક દૃષ્ટિએ જોઈએ તો કચ્છમાં જે શિલ્પકળા, પુરાતત્ત્વ-સ્થાપત્યો, ધાર્મિક સ્થળો, રળિયામણું રણ અને ડુંગરો અને સૌથી વિશેષ તો અદકેરો આવકાર ભર્યો ભાઈચારો, જગતના અન્ય પ્રદેશમાં શોધવા નીકળો તો પણ જોવા મળે કે નહીં એ વિચારવાલાયક બની જાય.

આ રીતે શિલ્પ, સ્થાપત્ય, ધાર્મિક સ્થળો વગેરેની દૃષ્ટિએ અત્યંત રોચક અને જોવાલાયક પ્રદેશ છે. મેં શરૂઆતમાં વર્ણવ્યાં તે સ્થળો પૈકી તમામ સ્થળોની વિગતવાર માહિતી આપવી હોય તો દરેક સ્થળ, સ્થાપત્ય માટે અલાયદો લેખ લખવો પડે તેમ છે. પરંતુ આ સ્થળો પૈકી નીચેનાં કેટલાક ખાસ સ્થળોની આછેરી ઝલક આપવી અનિવાર્ય છે એમ મને લાગે છે અને તે માહિતી નહીં આપું તો મારો આ પ્રયાસ અધૂરો લાગશે. જેથી નીચેનાં કેટલાક ખાસ સ્થળો વિશેની થોડીક ઝલક આપી મારો લેખ પૂર્ણ કરીશ.

● **રાજાઓની છતરડી :**

ભુજ શહેર, જે કચ્છનું પાટનગર છે ત્યાં કચ્છમાં થઈ ગયેલ સ્થળોની છતરડી શિલ્પ સ્થાપત્યની દૃષ્ટિએ બેનમૂન છે. અત્યારે જ્યાં ગાયત્રીનું મંદિર આવેલ છે, તેની પછવાડે સમાંતરે આ છતરડીઓ આવેલી છે. ઘુમ્મટ આકારની રાજવીઓનાં સ્મારકોની ઝાંખી કરાવતી કલાત્મક આ છતરડીઓ જોવા જેવી છે. જેમાં ખાસ કરીને રાવશ્રી લખપતજીની છેલ છતરડી, કલાત્મકતાના બેનમૂન નમૂનારૂપ છે.

● **આઈના મહેલ :**

રાવશ્રી લખપતજીએ ૧૭૫૨ થી ૧૭૬૧ દરમ્યાન જેનું સર્જન કરાવેલ છે તે ભુજનો આઈના મહેલ સમગ્રતયા નામ પ્રમાણે વિવિધ આરીસાઓ મઢી તૈયાર કરેલ, વાસ્તવમાં અરીસા મહેલ છે. આઈનાઓથી આચ્છાદિત દીવાલો, વિવિધ ફુવારા, કાચનાં ઝુમ્મરો, હાથીદાંતના નકશીકામથી જડેલ દરવાજાઓ, અનેક પુરાણી વસ્તુઓના સંગ્રહસ્થાનરૂપ કચ્છ સ્થાપત્યની અને શિલ્પ, કળા-કારીગરીની બેનમૂન છબી પ્રત્યક્ષ કરે છે.

આ ઉપરાંત ઐતિહાસિક પ્રાગમહેલ, શરદબાગ એ રાજાશાહી સ્થાપત્યનાં જોવાલાયક સ્થળો છે. પ્રાગમહેલ ઇટાલિયન કલા કારીગરીના નમૂનારૂપ, ઇટાલિયન ઈજનેરોએ બાંધેલ અત્યંત વિશાળ પટાંગણમાં આવેલ બેનમૂન શિલ્પ કારીગરીની સાક્ષીરૂપ જોવાલાયક મહોલાત છે અને આ પ્રાગમહેલને શોભાવતું અને એનું ભારતમાં કદાચ ક્યાંય નહીં હોય એવું ટાવર ઘડિયાળ, દર પંદર પંદર મિનિટે સમયની યાદ અપાવતું અને સંગીતમય ટકોરા સંભળાવતું કદાચ સમગ્ર ગુજરાતનાં કોઈ પણ શહેરમાં નહીં હોય એવો આ ટાવર ભુજની ઓળખનું એક અનેરું પાસું છે એમ કહી શકાય. છેલ્લાં કેટલાંક વર્ષોથી આ ટાવરના ટકોરા ભુજની પ્રજાથી રિસાઈ ગયા હતા પરંતુ હવે એવું જાણવા મળેલ છે કે કચ્છના જ એક કારીગરે અત્યંત જહેમત બાદ આ ટાવરને ફરથી રણકતું કરેલ છે.

શરદબાગ, મ્યુઝિયમ, કચ્છ સંસ્કૃતિ દર્શન, આ બધા સ્થળો ભુજમાં અત્યંત દર્શનીય અને કચ્છની આગવી ઓળખને ઉજાગર કરાવતા પ્રતીકો છે. કલા, ઇતિહાસ, સંસ્કૃતિ, લોકજીવન, ઉદ્યોગ, હસ્તકલા વગેરે વિવિધ પાસાંઓનું સચોટ રીતે દર્શન કરાવતું ભુજનું આ મ્યુઝિયમ કદાચ ભારતનાં અન્ય મ્યુઝિયમોની સરખામણીમાં નંબર વનનું સ્થાન લઈ શકે તેવું છે. કચ્છનાં ગામડાંઓની ભાતીગળ સંસ્કૃતિના પ્રતીક સમું કચ્છ સંસ્કૃતિ દર્શન કચ્છ અને પર્યટકોને જોયા વિના ન ચાલે એ હકીકતનો ઇનકાર કોઈ પણ વ્યક્તિ કરી શકે તેમ નથી.

રાજવીઓના શોખ, જાહોજલાલીના પ્રતીક સમો શરદબાગ પેલેસ પણ અત્યંત દર્શનીય અને જોવાલાયક છે.

ધરતીકંપ બાદ ભુજને જો કોઈ ઉત્તમ નજરાણારૂપ વસ્તુ પ્રાપ્ત થયેલ હોય તો તે રૂપિયા ૮૦ કરોડના ખર્ચે ઊભું થયેલ સંગેમરમરનું વિશાળ અને બેનમૂન ભગવાન શ્રી સ્વામિનારાયણનું નવું મંદિર છે. કૉલેજ રોડ પર વિશાળ પટાંગણમાં તન, મન, ધન અને શ્રમ સાથે સ્વામિનારાયણ સંપ્રદાયના સંતો, હરિભક્તો અને એન.આર.આઈ. હરિભક્તોની ધાર્મિક ભાવનાને ઉજાગર કરાવતા આ ભવ્યાતિભવ્ય મંદિરનું ઉદ્‌ઘાટન તા. ૨૦-૫-૨૦૧૦ થી ૨૬-૫-૨૦૧૦ લગી દેશ વિદેશથી પધારેલ હરિભક્તોના સાંનિધ્યમાં રંગેચંગે પાર પાડવામાં આવેલ અને તે સમયે સમગ્ર કચ્છ ભક્તિના રંગે રંગાઈ ગયેલ.

● **વિજય વિલાસ પેલેસ :**

કચ્છના હાલના રાજવી મહારાવશ્રી ખેંગારજી ત્રીજા (પૃથ્વીરાજજી) ના દાદા મહારાવશ્રી વિજયરાજજી કલારસિક હતા. તેઓને મોટી ઉંમરે રાજગાદી મળેલ હોઈ, શારીરિક રીતે થાકેલ હતા. છતાં શોખીન જીવડા હોવાથી માંડવીથી ૮-૧૦ કિલોમીટરના અંતરે આવેલ વિજયવિલાસ (કાઠડા) ગામમાં લગભગ ૬૫૦ થી ૭૦૦ એકર જમીનના વિસ્તારમાં ભવ્ય વિજય વિલાસ પેલેસ, હિંદ સ્થાપત્યની કલાકારીગરીની ઝાંખી કરાવતો આ પેલેસ અત્યંત દર્શનીય છે. સમગ્ર પટાંગણમાં વાવેલ વિવિધ પ્રકારનાં વૃક્ષો, મહેલને અડીને આવેલ સુંદર દરિયાકિનારો – આ બધું જોવા આવનારને જકડી રાખે છે.

માંડવીના કિનારાની તો શી વાત કરવી! આજથી છ દાયકા પહેલાં માંડવીના બંદરની જાહોજલાલી કંઈ ઓર જ હતી. તે સમય માંડવી બંદરનો પ્રભાવ માત્ર ભારત પૂરતો મર્યાદિત ન હતો પરંતુ વિદેશોમાં પણ માંડવી બંદરનો ડંકો વાગતો હતો. મામઈદેવની વાણી પ્રમાણે "જડે માધા થીંધોરા, તડેં મડઈ થીંધી મસાણ' એ ઉક્તિ અનુસાર માધુભા (વિજયરાજજી) ગાદીએ બેસતાં માંડવી બંદરની જાહોજલાલીમાં સદંતર ઓટ આવી ગઈ.

● **હોડિયો કોઠો (દીવાદાંડી) અને વિન્ડ ફાર્મ :**

દરિયા કિનારાને અડીને મધ્યમાં ઊભી કરેલ દીવાદાંડી માંડવીના દરિયાની ભવ્યતાની નિશાની રૂપ છે. દરિયાખેડુ નાખવાઓને દિશા સૂચન કરતી આ દીવાદાંડી કદાચ જૂજ દરિયા મધ્યે જોવા મળે તે પ્રકારની છે.

દરિયા કિનારે સતત ફૂંકાતા પવનનો સદુપયોગ ઊર્જા ઉત્પન્ન કરવા માટે માંડવીમાં વિશાળ વિન્ડફાર્મ ઊભું કરવામાં આવેલ છે.

લગભગ ૧ાા-૧ાાા મીટરની ત્રિજ્યામાં ફેલાયેલી ૨૨ થી ૨૫ પવનચક્કી લગભગ રૂપિયા બે લાખના ખર્ચે ઊભી કરેલ આ પવનચક્કીઓ ૨૦-૨૧ ફૂટ ઊંચી છે અને લાખો રૂપિયાની વીજળી, ગ્રીડ વિદ્યુત, વિદ્યુત બોર્ડને પૂરી પાડે છે. આ વિન્ડફાર્મની વીજળી ડેન્માર્કના એન.ઈ.પી.સી. માઈકોન કંપનીને સોંપાયેલ છે.

(અનુસંધાન : જુઓ પાના નં.-૩૦ ઉપર)

# વિદેશી પ્રવાસીઓને આકર્ષતું ભારતનું પર્યટન ક્ષેત્ર

• પ્રા. સૂર્યકાંત ભટ્ટ •

આજે પ્રવાસન ક્ષેત્ર ભારત દેશ માટે સંજીવની સાબિત થઈ રહ્યું છે. ભારત પ્રગતિના નવા સ્તર પર જઈ રહ્યું છે જેમાં ‘અતિથિ દેવો ભવ’ની સાંસ્કૃતિકતા ભળેલી છે. તે છે ભારતનો પર્યટન ઉદ્યોગ. સામાન્ય અર્થ કરીએ તો જીવતરનો આનંદ મેળવવા, કોઈ વ્યવસાયિક કામકાજ અર્થે, કોઈ વિશિષ્ટ અભ્યાસ અર્થે દેશમાં એક રાજયમાંથી બીજા રાજયમાં વિશિષ્ટ સ્થળોની મુલાકાતને આંતરિક પર્યટન કહે છે. જ્યારે એક દેશમાંથી બીજા દેશમાં ઉપરોક્ત કારણોસરની મુલાકાતને બાહ્ય પર્યટનરૂપે મૂલવવામાં આવે છે.

સામાન્ય રીતે પર્યટકો આવા સ્થળે રજાની મજા માણે, અનેક નવીનતમ ચીજવસ્તુઓની ખરીદી કરે, અવનવી વાનગીઓ આરોગે, અન્ય પ્રવાસીઓ સાથે વિચાર વિમર્શ પણ કરે, ભાવિ વ્યવસાયિક યોજનાઓ પણ ઘડે.

પ્રવર્તમાન સમયમાં પ્રવાસન ઉદ્યોગ અતિશય સ્પર્ધાત્મક ઉદ્યોગ બનવા પામ્યો છે. જેમાં દિન પ્રતિદિન નવીનીકરણ સામેલ કરવું પડે છે. ઇ.સ. ૨૦૧૦-૧૧માં ભારતના પ્રવાસન ઉદ્યોગનો વિકાસ દર ૧૭.૩ ટકા જોવા મળે છે. ભારતમાં પ્રવાસન ઉદ્યોગે ઇ.સ. ૨૦૧૦-૧૧માં રૂા. ૨૧,૮૨૮ કરોડનું હૂંડિયામણ મેળવ્યું હતું. આ ક્ષેત્રે વિદેશી હૂંડિયામણ પ્રાપ્તિ વધારી શકાય છે.

ઇ.સ. ૨૦૧૨માં જે આંકડાઓ પ્રાપ્ત થયા છે તદાનુસાર ભારતમાં પુરાતત્ત્વિય વિભાગ હેઠળના ૧૨૦ જેટલા પ્રવાસન કેન્દ્રોની મુલાકાત ૩૦ લાખ વિદેશીઓએ લીધી છે, જ્યારે સ્થાનિક ૪ કરોડથી વધુ લોકોએ લીધી છે.

૧૨મી પંચવર્ષીય યોજના ઇ.સ. ૨૦૧૨થી ઇ.સ. ૨૦૧૭ માટે પ્રવાસન મંત્રાલય માટે રૂા. ૧૫,૧૯૦ કરોડની ફાળવણી કરાઈ છે. ભારતમાં ચારે દિશાઓના રાજ્યોમાં તથા મધ્ય ભારતમાં પુરાતત્ત્વીય પ્રસિદ્ધ વિવિધ સાંસ્કૃતિક સ્થળો ખૂબ જ દર્શનીય છે. કેટલાંક સ્થળો હજારો વર્ષ પુરાણાં છે.

પૂર્વ ભારતમાં કોલકાતા, ગુવાહાટી, શિલોંગ, દાર્જિલિંગ, પટના, જમશેદપુર દર્શનીય છે. ઉત્તર ભારત જમ્મુ - કાશ્મીર, શિમલા, દહેરાદૂન, આગ્રા - દિલ્હી હિમાલયનાં ગિરિ શિખરો રમણીય છે. મધ્ય ભારત અલ્હાબાદ, ભોપાલ, વારાણસી — તો દક્ષિણ ભારતમાં ચેન્નાઇ, ત્રિવેન્દ્રમ, બેંગ્લોર, કોચીન આદિ આહ્લાદક સ્થળો છે.

પ્રવાસન ક્ષેત્રે પશ્ચિમ ભારત વિશિષ્ટ ભાત ઊપજાવી રહ્યું છે. મુંબઈ, ગોવા સમુદ્ર કિનારાના સી-ફૂડ પ્રવાસીજનોને આકર્ષે છે. મહેલોનું શહેર ઉદયપુર — રણ, ડુંગરો અને દરિયાસભર એક વિશિષ્ટ પ્રકારની સંસ્કૃતિ સભર છે. બીગ-બી શ્રી અમિતાભ બચ્ચને જણાવ્યું કે, “કચ્છ નહીં દેખા તો કુછ નહીં દેખા” એ ઉચ્ચારની યોગ્ય પ્રતીતિ પર્યટકોને થઈ રહી છે. કચ્છની સુંદર કચ્છી વાનગીઓ, કચ્છી પહેરવેશ, કચ્છી આભૂષણો, કચ્છનાં આગવાં કલાત્મક વસ્ત્રો, કચ્છનું મડવર્ક, કચ્છનું લેધર વર્ક, પગરખાં, લેધર બેલ્ટ, વૉલેટ આદિ પ્રવાસીઓને ખૂબ જ આકર્ષી રહ્યાં છે.

કચ્છના સોના-ચાંદીની હાથ કારીગરી, કચ્છનાં સૂડી-ચપ્પુ, કચ્છી બાંધણીઓ તથા કચ્છી આભલા ભરતકામે પણ પ્રવાસીઓને ખરીદી માટે ખૂબ જ આકર્ષ્યા છે. કચ્છી મોજડી, કચ્છી સાદી અને ભરત ભરેલી શાલ, કચ્છનું રબારી ભરત, આરી ભરત, લાકડા તથા લાખ પરનું કામ બેમિસાલ છે.

પ્રતિવર્ષ રણોત્સવોને કારણે કચ્છનું પર્યટન ક્ષેત્ર પ્રતિ વર્ષ લાખો પ્રવાસીઓથી આજે તો ધમધમે છે. સફેદ રણની મુલાકાત તો અનેક લોકો લેતા જ રહે છે. માતાના મઢ, હાજીપીર, કાળો ડુંગર, ધીણોધર ડુંગર, ભદ્રેશ્વર જેવાં અનેક ધાર્મિક સ્થળો હવે તો બારેમાસ ધમધમે છે. કંડલા, માંડવી, મુંદ્રા, કોટેશ્વરનો દરિયાઇ વિસ્તાર પણ જોવાલાયક છે.

પર્યટન કે પ્રવાસન ક્ષેત્રનું ભાવિ ઘણું જ ઉજ્જવળ છે. દેશ દેશાવરના રહેવાસીઓ વચ્ચે સદ્ભાવનો સેતુ પર્યટન ક્ષેત્ર જ રચી શકે.

*લીમડા લેન, સંસ્કાર નગર,*
*ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*
*મો. ૯૮૨૫૨ ૩૪૩૪૬*

DEEP JYOT
STATIONERY MART
MFG. OF : EXERCISE & ACCOUNT BOOKS & ALL TYPES OF OFFICE FILES
JAYESH S. PAREKH
M. : 98241 06623
FACTORY : Plot No. 4601, G.I.D.C., Ankleshwar-393 002.
Ph. : 253137

# કચ્છના તત્કાલીન સમયના લોકજીવનનું પ્રતિબિંબ ઝીલતા જૂના પત્રો

• બાબુલાલ ગોર •

આજે રેડિયો, ટેલિવિઝન-વીડિયો, ઇન્ટરનેટ, ઇ-મેલ વગેરે માધ્યમોનો એટલો બધો પ્રસાર થયો છે કે પત્રલેખન કાંઈક કાલગ્રસ્ત બનવા બેઠું હોય તેમ લાગે છે. છતાં પણ પત્ર આપણા જીવન વ્યવહારનું મહત્ત્વનું ને જરૂરી અંગ છે એમ તો કહેવું જ પડે.

'શબ્દે શબ્દે સેતુબંધ' નામના પુસ્તકમાં 'સત્સંગની સુગંધ' એ શીર્ષક હેઠળ ગુણવંત શાહે પત્રવ્યવહાર વિશે લખ્યું છે કે, 'ભારતીય સંસ્કૃતિને 'સત્સંગ-સંસ્કૃતિ' કહેવાનું યોગ્ય છે. રામ અને વશિષ્ઠ વચ્ચેનો સત્સંગ કેવો પાવનકારી હતો તે સમજવા માટે 'યોગવાસિષ્ઠ' વાચવું પડે. એ જ રીતે બૃહદારણ્યક ઉપનિષદમાં જનક અને યાજ્ઞવલ્કય વચ્ચે થયેલા સત્સંગ સંવાદરૂપે વાંચવા મળે છે. પૂજ્ય રવિશંકર મહારાજ, મકરંદ દવે, મોરારજી દેસાઈ, મનુભાઈ પંચોળી (દર્શક), વિમલા ઠકાર અને મુનિ શીલચંદ્ર વિજયજી જેવા અનેક મહાનુભાવો જોડે થયેલો પત્રવ્યવહાર 'સત્સંગ' બનીને સાર્થક થયો એવી લાગણી મને વારંવાર થઈ છે.

પંડિત જવાહરલાલ નેહરુએ ઇન્દિરા ગાંધી પર લખેલા પત્રો એક ઐતિહાસિક હકીકત બની ગઈ છે. એ હકીકત સર્વસુવિદિત છે કે વિચારો, લાગણીઓ, સંદેશા પહોંચાડવાનું પત્ર કરતાં ચડિયાતું માધ્યમ કોઈ જ નથી. એટલે પત્ર એટલે સેતુબંધ. આજે સેલફોન, મોબાઈલ અને અનેક માધ્યમોને કારણે આજની ઘડી તે રળિયામણી લાગે છે, પણ કચ્છના અતીતમાં ડોકિયું કરીએ ત્યારે પત્રને ચિઠ્ઠી કહેવાતી ને કેવા પત્રો લખાતા તે અંગે રસપ્રદ જાણકારી મળે છે. સાથે તત્કાલીન કચ્છના સંદેશાવ્યવહાર વિશે પણ જાણકારી મળે છે. સાથે સાથે તોલમાપનાં સાધનો, લોકવ્યવહાર, આર્થિક વ્યવહાર, રીત-રિવાજ જેવી અનેક બાબતો પણ જાણવા મળે છે. અહીં એવા પત્ર-ચિઠ્ઠીના કેટલાક નમૂના ઉદાહરણરૂપે પ્રસ્તુત છે.

## સાધારણ ચિઠ્ઠી

*અંજાર, કારતક સુદ-૧૫*
*ભોમે, સં. ૧૯૬૪*
*રા. મુગટરામ નરસિંહભાઈ,*
*લાયબ્રેરીઅન,*
*ખેંગારજી લાયબ્રેરી, મુ. અંજાર.*

લાયબ્રેરીમાંથી મેં સરસ્વતીચંદ્ર ભાગ-૧ લો અને હેન્ડબુક ઓફ ઇન્ડિયન લો, એ બે પુસ્તકો ઇશ્યૂ કર્યા હતાં ને આજ રોજે અમારા માણસ ભીખુ કલ્યાણ સાથે પાછાં મોકલ્યાં છે, તે અમારે ખાતે જમા કરી પહોંચ આપશો અને સરસ્વતીચંદ્ર ભાગ-૨જો તથા હિન્દુ લો, એ બે પુસ્તકો અમારે નામે ચઢાવી, તે એ જ માણસને આપશો.

*લિ. અંબારામ શિવશંકરના સલામ*

## ખાનગી કાગળો

**નમૂનો ૧ લો :**

સ્વસ્તિ શ્રી મુંદ્રા બંદરે મહા શુભ સ્થાને પૂજયારાધ્યે સર્વે શુભોપમા જોગ શેઠશ્રી ૫. ઠા. આણંદજી ગોપાલજી, એતાનશ્રી મુંબઈ બંદરેથી લિ. આજ્ઞાંકિત ઠા. નરભેરામ માવજીના જે ગોપાલ વાંચી દંડવત્ પ્રણામ સેવામાં અંગીકાર કરશોજી. જત અત્રે ક્ષેમકુશળ છે. આપની ક્ષેમકુશળના પત્ર લખતા રહેશો. શેઠજી મેં આપની દુકાને રહી, પાંચ વર્ષ નોકરી કરી તે દરમિયાન આપે મને પોતાના છોરુ સમાન ગણી વેપારી કેળવણીથી વાકેફ કર્યો, તે માટે હું આપનો ઘણો જ આભારી છું. આપની રજા લઈ વધારે કમાવા સારુ હું મુંબઈ આવ્યો, પણ કેટલાક દહાડા સુધી મને ગમ્યું નહીં, તેથી વધારે નિરાશ થયો. આખરે ભગવાનની તથા આપ મુરબ્બીની કૃપાને લીધે હું નોકરી મેળવવા શક્તિમાન થયો છું.

શેઠ અલીદીના વશરામનું નામ તો આપે સાંભળ્યું હશે. તે મોટા વેપારી છે. જંગબારથી તે આફ્રિકાના છેક અંદરના ભાગ સુધી તેમને ઠેકઠેકાણે બધી મળીને ૪૭ ને આશરે દુકાનો છે. મજકૂર શેઠ મને હાલ રૂ. ૭૫૦ ના વર્ષાસનથી જંગબાર મોકલે છે. આવ્યા-ગયાનું ખરચ શેઠ સાહેબને શિરે છે અને ખોરાકી પોશાકી વગેરેનું બધું ખરચ મારે માથે છે. ત્રણ વર્ષની બંધી કરી છે. આવતા મેલમાં હું મુંબઈથી ઊપડી શ્રી જંગબાર જઈશ, તે દરમિયાન મુજ સરખું કામકાજ લખી સેવકને આભારી કરશો. બેન કંકુ તથા ભાઈ જગુને તાવ આવતો હતો, તે હવે સારું હશે તેના ખબર લખશો. સં. ૧૯૬૩ ના બીજા ચૈત્ર વ. ૫, વાર શુક્ર.

*લિ. ઠા. નરભેરામ વાલજીની સહી*

*દા. પોતે*

**નમૂનો બીજો :**

સ્વસ્તિ શ્રી જોડિયા બંદરે મહા શુભસ્થાને સર્વે શુભોપમા લાયક શાહશ્રી ૫. ખીમચંદ તેજપાળની ચિરંજીવી સદા ઘણી હોજો. જોગ શ્રી અંજારથી લિ. મે. પ્રેમચંદ વીરચંદના જુવાર વાંચજો. જત અત્રે ક્ષેમકુશળ છે. તમારી ક્ષેમકુશળતાનો પત્ર એક ટપાલમાં આવ્યો તે પહોંચ્યો છે. તમારા ગયા પછી કચ્છમાં વરસાદ સારી પેઠે થયો છે, તેથી હવે તમારે જોડીએથી બાજરાનું સાટું કરવું નહીં. કેમ કે આ છેલ્લા વરસાદથી આપણી તરફ પણ બાજરો શ્રીકાર ઘણો થશે. ઘઉં કળશી ૧ ની કોરી ૧૮૫ છે, તે જો પોસાય તો ઘઉં ખરીદજો. વળી ઓણ સાલ કચ્છમાં ચણાની ઘણી અછત છે. કોરી ૧૬ ની સૈ છે. તે જોડી એથી જરૂર પોસાણ થશે, માટે તે ખરીદ કરી ભાવતાલના ખબર અમને તરત જણાવજો. માલ પરત ખરીદ કરી ચઢાવી તમે પણ વળતીઆ થશો, સં. ૧૯૬૪ ભાદરવા વદ - ૧૨ વેઉ.

*દા. મેતા શામજી ત્રિકમજીના જેગોપાલ વાંચશો.*

**નમૂનો ૩જો :**

**મુસલમાન લોકોમાં કાગળ લખવાની રીત**

સ્વસ્તિ શ્રી ભુજ નગરે મહા શુભ સ્થાને સર્વે શુભોપમા જોગ ભાઈશ્રી ૫ અલાના પીરમહમદને સાહેબધણી સદા સુખી રાખે અને ઈમાન બક્ષે, આમીન. એતાનશ્રી માંડવી બંદરથી લિ. ભાઈ યાર મહમ સુમારની દુવા સલામ વાંચજો. જત અત્રે ખુદાતઆલાની મહેરબાનીથી ખેર આફીઅત છે. તમારી ખેર આફીઅતના ખાગળ લખતા રહેજો. બીજું લખવા કારણ એ છે, જે તમારો ભાઈ કેસર પીરમહમદ ઊંટ ઉપર કારસાજી લઈને ભુજથી આવેલો છે. તે કારસાજી તેણે તેના ધણીને પહોંચાડી છે, પણ ઊંટ ખાલી કરી બજારમાંથી પાછાં વળતાં તે ભડક્યું, તેથી બજારમાં બે-ચાર જણને જરા વાગ્યું છે અને ભાઈ કેસરનો હાથછોલાઈ ગયો છે, તેથી તેને ઇસ્પિતાલમાં લઈ જઈ મલમપાટો કરાવીએ છીએ. પાંચ-સાત દિવસમાં આરામ થઈ ગયા પછી તે ભુજ આવશે, તે જાણજો. ખુદાકરીમે જેમ માંડ્યું હોય, તેમ થયાં કરે છે. તેમાં કોઈની કસૂર ગણવી નહીં. કામકાજ લખતા રહેજો અને ભાઈ અલારખ્યા, જુણસ, અભુ તથા જે સંભારે તેને અમારા ઝાઝા કરીને સલામ દેજો. સં. ૧૯૬૩ ના વૈશાખ સુ. ૨ વાર ભોમે.

## અરજીનો નમૂનો

ગૌબ્રાહ્મણ પ્રતિપાળ, નોધારાધાર, ધર્મધૂરંધર, અખંડ પ્રૌઢ પ્રતાપ, મહારાજાધિરાજ, મિરઝા મહારાઓ શ્રી ૭ ખેંગારજી સવાઈ બહાદુર, જી.સી.એસ.આઈ.ની નામદાર ભુજ દીવાની કોર્ટમાં.

વોરા વાઘજી જટાશંકર, જ્ઞાતે નાગર
રહેવાસી ભુજના, ઉંમર વર્ષ ૪૦,
ધંધો નોકરી.

...વાદી...

*વિરુદ્ધ*

ભટ્ટ પુરુષોત્તમ કાનજી,
જ્ઞાતે બ્રાહ્મણ, રહેવાસી ભુજના,
ઉંમર વર્ષ ૫૫, ધંધો યજમાનવૃત્તિ.

...પ્રતિવાદી...

*દાવો*

***રસ્તો અટકાવ્યા બાબત.***

હું વાદી અરજ કરું છું કે મજકૂર પ્રતિવાદી અને હું નાગરચકલા આગળ ભટ્ટ શેરીમાં રહીએ છીએ. ત્યાં અમારું મજમું ફળિયું છે અને મારે ઘેરથી બે રસ્તે જા-આવ થઈ શકે છે. તેમાંના એક તરફ પ્રતિવાદીએ ભીંત ચણી રસ્તો અટકાવ્યો છે. તેને અમે ઘણો સમજાવ્યો, પણ તે માનતો નથી. માટે સદરહું ભીંત પડાવી નાખી આગળ માફક રસ્તો ચાલુ કરવા હુકમ ફરમાવશો.

દાવાનું કારણ સં. ૧૯૬૪ ના ફાગણ સુદ-૧૩ ને રોજ ગામ ભુજમાં ઉત્પન્ન થયું છે.

દાવાની ફી બદલ કોરી (૨૦) નો સ્ટાંપ અરજી ઉપર ચોડ્યો છે.

હું વાદી એકરાર કરું છું કે ઉપરની હકીકત મારા જાણવા અને માનવા પ્રમાણે ખરી છે. સં. ૧૯૬૪ ના વૈશાખ વ.૫

*લિ. વોરા વાઘજી જટાશંકરની સહીં*
*દા. પોતે*

## અરજીનો એક વધુ નમૂનો

ગૌબ્રાહ્મણ પ્રતિપાળ નોધારા આધાર, ધર્મધૂરંધર, અખંડ પ્રૌઢ પ્રતાપ, મહારાજાધિરાજ, મિરઝા, મહારાઓશ્રી ૭, ખેંગારજી સવાઈ બહાદુર, જી.સી.એસ.આઈ.ની નામદારની ભુજની દીવાની અદાલતમાં.

રાઠોડ મેરૂ પંચાણ, જ્ઞાતે ખવાસ,
રહેવાસી ભુજ, ઉંમર વર્ષ ૬૫,
ધંધો નોકરી.

...વાદી...

મેતા દુલેરાય જટાશંકર,
જ્ઞાતે નાગર,
રહેવાસી ભુજ, ઉંમર વર્ષ ૩૦,
ધંધો ગરાસ ચાસનો.

...પ્રતિવાદી...

*ગાડીથી ઈજા થવાને લીધે નુકસાની બદલ કો. (૨૦૦) ભરી દેવા બાબતે.*

(૧) હું વાદી અરજ કરું છું કે સાં. ૧૯૬૨ ના જેઠ સુદ-૧ રવેઉને રોજ સાંજના ૬ વાગ્યાના સુમારે હું નાકા બહાર દર્શન કરી પાછો ઘેર જવા મહાદેવ નાકામાં પેઠો, તેવામાં પ્રતિવાદીના ઘોડાનો એકો પૂરપાટ દોડતો આવ્યો અને પવન ઘણો હતો, તેથી ગાડીનો અવાજ મેં સાંભળ્યો નહીં. આ એકાનો પોલ મને અથડાવાથી હું પડી ગયો અને ઘોડાના પગ તળે છૂંદાયો. ખાત્રીને માટે મહેરબાન દાક્તર સાહેબનું સર્ટિફિકેટ આ અરજી સાથે સામેલ રાખ્યું છે.

(૨) ધક્કો લાગવાથી, પડવાથી અને ઘોડાના પગ તળે છૂંદાવાથી મારો જમણો હાથ ભાંગ્યો અને મારે પડખે, બરડે અને અંદરના ભાગમાં મૂઢમાર વાગ્યો, આથી હું ચાર માસ માંદો રહ્યો અને મારું કામકાજ કરી શક્યો નહીં.

(૩) માટે નીચે પ્રમાણે નુકસાની પ્રતિવાદી મજકૂર તરફથી અપાવવા મહેરબાની કરશો.

૧૬૦) ચાર માસ માંદો રહ્યો તેના રોજ તરીકે.

૪૦) દવાદારૂ ખર્ચ થયો તેના.

એ પ્રમાણે નુકસાની બદલ કોરી ૨૦૦) અપાવવા મહેરબાની કરશો.

(૪) દાવાની ફી બદલ કોરી ૧૬) અંકે કોરી સોળનો સ્ટાંપ અરજી ઉપર ચોડ્યો છે.

(૫) હું વાદી એકરાર કરું છું કે ઉપરની હકીકત મારા જાણવા અને માનવા પ્રમાણે ખરી છે. સાં. ૧૯૬૫ ના આસો સુદ-૧૦, સોમવાર.

*રાઠોડ મેરૂ પંચાણની સહી,*
*દા. વકીલ*

અબ્દુલા બીન સિદિક

★

આવા અનેક પત્રો, હૂંડી, હૂંડી ગેરવલ્લે જાય તો પેંઠ લખવા માટે પેંઠનો નમૂનો, ખત લખવા વિશેના નમૂના વગેરે અનેક પત્રો અંગે માહિતી આપતું એક જીર્ણશીર્ણ પુસ્તક હાથ લાગ્યું. તેમાં પ્રસિદ્ધ પત્રો આકર્ષક વૈવિધ્ય ધરાવે છે. તેમાં કચ્છના તત્કાલીન સમયના લોકજીવન અને લોકમાનસનું પ્રતિબિંબ જોવા મળે છે. લોકોનાં સુખ-દુઃખ, આનંદ-ઉલ્લાસ, આશા-આકાંક્ષા, પીડા-નિરાશા, સંસાર વ્યવહાર, પરસ્પરના સંબંધ, સંઘર્ષ તેના દ્વારા જાણી શકાય છે. કચ્છી પ્રાચીન સંસ્કૃતિ અને અસ્મિતાની તસવીર ઊપસે છે.

*(સંદર્ભ : ચિઠ્ઠીના નમૂના અને અન્ય સ્રોત)*

***૬૫, ભાનુશાલીનગર, કર્મભૂમિ એપાર્ટમેન્ટની સામે, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.***

## કચ્છ કોઠારેજી શક્તિ ને, શક્તિ ને ભક્તિ

### કોઠારેજી ગજબ શક્તિ : અજ્જોમલ ઉર્ફે અરજણ લોડાયા

કોઠારેજા અજોશા, જેંજી પડછંડ કાયા જોરધાર
ભલ ભલેંજા છક્કા છુટેં, એલા નરવંકા પાણીદાર.
અજોશા ચોવાજે અજોમલ, જેંજી આય જભરી કહાની,
દાડી નીચે-બ બગલમેં બ ગુડેમેં હેક સાંમટા પંજ નાઈરેંજા કઢેં પાણી.
સોન જેળા મોલ થીયેં તેલા, સખ્ખર બીજજો કંઈયેં વાવેતર
તેંમધા બોય કુલેંસેં બ હળ ખેંચી, અજોભા ખેડિયેં ખેતર.
અજોશા ભારી દિલાવર ઈનજ્યું ગાલીયું વટ્ટવારીયું
અજોશા ચેં જુકો કમ જલીયું, ઈનકે પાર પાડીયું.
કચ્છ જે રાજા અજ્જેજી કસોટીલા, હલાય બ જભરા મલ્લ
અચો અચો મુડસ માડુ ચ્યાં અજોભા, ચપ્પેંતેં રખી ખિલ્લ
બી હથેંતેં રસા બંધાઈ અજોભા ચ્યાં, ખિચ્યો મુંકે બોય મલ્લ
તાકાતસેં ખેંચ્યાં મલ્લ પિંઢ છણ્યા ઉથ્યા તોય, ન ખેંચાણા થક્યા બોય મલ્લ
હાણે વારો આયો અજોભાજો, બોય મલ્લેકેં રસાબંધાણાં
માડી ગોડીયે હીંચેતીં અજ્જેજી હેકડી હીંચણમેં બોય મલ્લ ખેંચાણા
છણ્યા રોળ્યા હથ પગ છોલાણા પગે લગી સિંધ કુરા ભગા બોય મલ્લ
અળીખમ અજોભા મુચ્છમેં મુરકેં, સજે કોઠારેકે આવઈ ખિલ્લ
શક્તિ ને ભક્તિ જા વા પ્રતિક, બળ ને કળ ભેગી બુધ્ધિ પણ શાણી
ઈન અજોશા અજોમલ્લજા, વંશજ ચોવાણા "અજાણી"

### કોઠારેજી શક્તિ ને ભક્તિ : આણંદ માલુ લોડાયા


અઠ્ઠ ફૂટ ઊંચી સાડા ત્રેફૂટ પહોળી હેળી અદ્‌ભુત કાયા
હી વો આણંદ માલુ, ન્યારો કુધરતજી હેળી માયા
બ માડુએંકે બગલમેં ખણી માઈલેં સુધી પ્યો હલે
થકેજી કિડાં ગાલ ન હુવે ઈતાં ખિલ્લે પ્યો ખિલ્લે
ભગવાનતેં સચ્ચો ભરોસો, ધર્મમેં પૂરો ધ્યાન
ચૌદસ પૂનમ અણતાલી કલાક, પોષો કાઉસગમેં મસ્તાન
નિત છ અઠ કલાક દેરેમેં લભેં, એળા માડુ સંતોષી
જોરેં વિગર જિંધગી હલ્યો, રાત ડીં રે ખુશી
ઈનજી જભરી જીવદયા ન્યાર્યો, પગેંજે ભુક્કીયેમેં પ્યાવા કીળા
હિકડે પણ કીળેકે મરેલા ન ડિના પિંઢ ભોગવેવ્યા પીળા
કીળેજે પોષણલા રોજ શેર બ શેર ગિને મખ્ખણ
હરેં હરેં ભુક્કીયેંમેં લગાઈ, કંઈયેં કીળેંજો રક્ષણ
કોઠારેજા હી કુલદીપક, યુગજી અજબ વ્યક્તિ
ચોથે આરે જેળો જીવતર, સજી જમાર કેં પ્રભુ ભક્તિ.

*રશ્મિન ખોનાનો કાવ્યસંગ્રહ : "ધન્ય! દશેંજી નાત : ભાગ૧" માંથી સાભાર*

• શુભેચ્છા સહ : પ્રોપરાઈટર : પ્રમેશ દંડ

**LAXMI ELECTRICAL CORPORATION**
**GOVERNMENT LICENCED ELECTRICAL CONTRACTORS**
All TYPES OF ELECTRICAL WORKS & ELECTRICAL CONSULTANTS
WE UNDERTAKE B.E.S.T., Reliance Energy & M.S.E.B. WORKS
Shree Niwas, Block No.-2, Opp. Nalanda, R.H.B. Road, Mulund (W), Mumbai-400 080. **Cell. : 93222 77220**
**Other No. : 25600739 E-mail : laxmielectric_corp@yahoo.co.in**

# સંત શિરોમણિ પૂ. મોરારિબાપુની શુભેચ્છા મુલાકાત








તા. ૨૨ જૂન, ૨૦૧૬ની શુભ સવારે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના **પ્રમુખ શ્રી પ્રતાપ નારાણજી દંડ** તથા **માનદ્ મંત્રી શ્રી કે.આર. શાહ** અને 'મંગલ મંદિર'ના પરામર્શક - વરિષ્ઠ સાહિત્યકાર **ડૉ. કેશુભાઈ દેસાઇ**એ ચિત્રકુટધામ, તલ ગાજરડા ખાતે સંત શિરોમણિ પૂ. મોરારિબાપુની શુભેચ્છા મુલાકાત લઈ સંસ્થાની માનવતાલક્ષી પ્રવૃત્તિઓની આછેરી ઝલક આપી હતી.

પૂ. બાપુ આગલે દિવસે જ પટણા (બિહાર)ની રામકથાનું સમાપન કરી વતન તલગાજરડા ખાતે પધાર્યા હતા, છતાં પૂ. બાપુના અંતેવાસી શ્રી જયદેવભાઈ માંકડ તથા પૂ. બાપુના લઘુબંધુશ્રી સાથે ડૉ. કેશુભાઈએ કરેલ વાતચીત મુજબ સમયસર સવારે ૧૦.૦૦ વાગ્યે ચિત્રકૂટધામ ખાતે પધારી પ્રતિનિધિ મંડળ સાથે નિરાંતે ચર્ચા વિચારણા કરી હતી અને અનુકૂળતાએ સંસ્થાના વિવિધ ઉપક્રમોની મુલાકાત લેવા માટેનું નિમંત્રણ પણ સ્વીકાર્યું હતું.

પૂ. બાપુ જેવી આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવતી ધાર્મિક જગતની શિરોમણિ પ્રતિભાએ આપણા પ્રતિનિધિ મંડળ સાથે જે આત્મીયતાપૂર્વક વાર્તાલાપ કર્યો, એથી સ્વાભાવિક રીતે જ સમાજ સાથેની એમની શુભ લાગણીનો અહેસાસ થાય. પૂ. બાપુએ જે ભાવભીનું આતિથ્ય કર્યું અને સંસ્થાને 'પ્રસાદ' સ્વરૂપે સારી એવી રકમનું દાન કરવાની સાથે પ્રેમાગ્રહપૂર્વક અમને કૈલાસ ગુરુકુળ ખાતે ભોજન-પ્રસાદ લઈને જ જવાનો આગ્રહ કર્યો, એથી એક સાચા મહાત્માની કરુણાનો જ સાક્ષાત્કાર થયો.

ડૉ. કેશુભાઈ દેસાઈએ પૂ. બાપુને એમની પ્રસિદ્ધ નવલકથા 'સૂરજ બુઝાવ્યાનું પાપ' ભેટ ધરી હતી. પૂ. બાપુએ પ્રતિનિધિમંડળમાં સામેલ **શ્રીમતી પુષ્પાબેન કે. શાહ** તથા **શ્રીમતી શાંતાબહેન દેસાઈ** સહિત તમામનું વિશિષ્ટ વસ્ત્રાલંકાર દ્વારા સમ્માન કર્યું હતું. એ ધન્ય ક્ષણોની સ્મૃતિ વર્ષો સુધી સચવાશે!

# શ્રી મહારાષ્ટ્ર કચ્છી ઓસવાલ જૈન સમાજ (એકમ)

## મહા અખિલ ભારતીય યુવક-યુવતી પરિચય મિલન

## 12th HUM-TUM 2016 - રવિ-સોમ-મંગળ, તા. ૨૧ - ૨૩ ઑગસ્ટ ૨૦૧૬

### "અમે લઈ ગયા અને તમે રહી ગયા"

અરે આ કહેવત તો હવે જુની થઇ, અને એની સાથે જોડાયલી માન્યતા પણ. અને નવી માન્યતા એવી છે કે, સગપણ સંમ્મેલન એ સુપાત્રની પસંદગી માટે ચોજાય છે. જેનો હેતુ નવા જુના માં ફરક કરવો નહીં, પરંતુ યોગ્ય પસંદગીની તક આપવાનો છે. તો ચાલોં અમે તૈયાર છીએ તમને આ તક આપવા, અને ભાવભર્યુ નોતરૂ મોકલીએ છીએ અમારા ૧૨ માં યુવક-યુવતી પરિચય સેતુનુ "HUM-TUM 2016 THE RISING WINDS OF CHANGE"

અમે આવકારવા ઉત્સુક છીએ બધાને જે હમણાજ નવી પાલવીની જેમ વેલે ફુટ્યા હોય અને જેમની પ્રથમવાર હોય.

જેઓ એ આમાં બે વસંતો માણી હોય. અને એબધાપણ

જેમણે બધીજ મૌસમ અનુભવી હોય અને Experience નુ અમૃત પણ પીધુ હોય.

એવા ૩૩ વર્ષ સુધી યુવક-યુવતી આ મહા અખિલ ભારત સગપણ સમ્મેલન મા બે રાત્રી મુકામ સાથે પોતાના જીવનસાથીની પસંદગી કરવા.

આપણી સંસ્કૃતીમાં ગૃહસ્થાશ્રમ ને સર્વાધિક મહત્ત્વ આપવામાં આવ્યુ છે આપણો સમાજ છે પારિવારિક માનસિકતા ધરાવતો સમાજ છે સમય, સંજોગો, અપેક્ષાઓ, ઇચ્છાઓ થી બંધાયલો આપણો સમાજ એક સફળ પરિવાર બનાવવા તથા ટકાવી રાખવા ઝઝુમતો રહેછે અને એમા સૌથી મહત્ત્વાનો ભાગ ભજવે છે આપણો **જીવનસાથી.**

પહેલા રૂઢી, પરમ્પરા અને માન્યતાઓને ધ્યાન માં રાખીને જીવનસાથી ની પસંદગી કરાતી સારા મુરતિયા અને કન્યાઓની શોધ ઘરવાળા અથવા ઓળખીતા સંબંધીઓ કરી આપતા.

હવે જમાનો બદલાયો છે ફક્ત પરમ્પરાઓ નહી પણ અન્ય ઘણી બાબતો ને ધ્યાન માં રાખીને આજ કાલ જીવનસાથીની પસંદગી કરવામાં આવે છે અને આ કાર્યમા સહજતા અનુભવાય એટલે અન્ય સંસ્થાઓની જેમ મહારાષ્ટ્ર એકમ પણ વર્ષોથી કાર્યરત છે.

લોક લાગણીને માન આપીને અમે ફરી એકવાર હાજર છીએ અમારા

યુવક-યુવતી મહાપરિચય સેતૂસાથે "12th HUM-TUM 2016 THE RISING WINDS OF CHANGE"

આ જેટ-યુગ Options નુ યુગ છે આપણને એક બ્રાન્ડ, એક કલર, એક ટેકનોલૉજી થી સમાધાન થતુ નથી. અને આજ લૉજિક લગ્ન ને પણ લાગુ પડવા લાગ્યુ છે તો તમારી અનુકુળતા ને ધ્યાન મા રાખીને તમને 'ALL UNDER ONE ROOF' મળી રહે એ માટે દેશસ્તરીય પરિચય સેતુનુ આયોજન કરી રહ્યા છીએ.

જેની અન્ય વિગતો સાથે ના ફૉર્મ સાથે મોકલેલ છે.

૧૮ વર્ષ ની સફળતા બાદ ફરી એકવાર મહારાષ્ટ્ર એકમ લઇ ને આવી રહયુ છે.

૩૩ વર્ષસુધીના યુવક-યુવતીમાટે પરિચય સેતૂ "12th HUM-TUM 2016 THE RISING WINDS OF CHANGE"

મહાબળેશ્વરનુ ખુશનુમા વાતાવરણ અને **"ડ્રીમલેન્ડ હૉટેલ"** ની સુંદરતા અને

મહારાષ્ટ્ર એકમની મહેમાન ગતી માણવા અને તમારા **જીવનસાથી**ની પસંદગી કરવા આપસૌનુ સ્વાગત છે.


| | | | |
|---|---|---|---|
| પ્રમુખ શ્રી. ઉત્તમભાઇ ખોના | મંત્રીશ્રી દામજી કાનજી છેડા (કોલ્હાપૂર) | સહમંત્રીશ્રી મુકેશ રાઘવજી છેડા (નાસિક) | સહમંત્રીશ્રી સમીર કિરણ કુરિયા (મિરજ) |
| સાંગલી 09822530391 | 09890128879 | 09766744448 | 09422515006 |


॥ જય જિનેન્દ્ર ॥

Reg. No. 'E' 1321

# શ્રી મહારાષ્ટ્ર કચ્છી ઓસવાલ જૈન સમાજ (ઐક્મ)

C/o. શ્રી સાંગલી કચ્છી જૈન સેવા સમાજ સંચાલિત માલતીબેન પ્રેમજી છાડવા કચ્છી જૈન ભવન
181, Miraj Road, Sangli. Maharashtra 416 416 Ph. (0233) 2326899

યુવક/યુવતી : ........ **અંગત માહિતી** ........ ફોર્મ નં. :

## મહા અખિલ ભારતીય યુવક–યુવતી પરિચય મિલન 12th HUM-TUM 2016

### હોટેલ ડ્રીમલૅન્ડ મહાબળેશ્વર : રવિ–સોમ–મંગળ, તા. ૨૧ – ૨૩ ઑગસ્ટ ૨૦૧૬

(ઉમેદવારનું નામ) (માતાનું નામ) (પિતાનું નામ) (દાદાનું નામ) (અટક)

નામ : ..........

સરનામું : ..........

.......... પીન કોડ નંબર :

ફોન નંબર : (કોડ ) ......(R)......(O)......(M)...... (Whats App)......

જન્મ તા. : ...... / ...... /...... જન્મ સમય : ...... a.m./p.m. જન્મ સ્થળ : ...... બ્લડ ગ્રુપ ...... ve

કચ્છનુ ગામ : ...... મોસાળનું નામ – ગામ : ......

અભ્યાસ : ...... વિશેષ સિધ્ધી હોય તેની માહિતી : ......

પોતાના ધંધો/નોકરી ...... માસિક આવક : પોતાની : ...... E-mail :......

પિતા/વાલીનો ધંધો/નોકરી ...... માસિક આવક : પિતા વાલીની :

પોતાનો ધંધો / નોકરીનું સરનામું : ......

પિતા/વાલીનો ધંધો/નોકરીનું સરનામું : ......

શારિરીક ખોડ : હા ☐ ના ☐ જન્માક્ષરમાં માનો છો? હા ☐ ના ☐ મંગળ કે શનિ છે? હા ☐ ના ☐

લગ્ન વિષયક : અપરણીત ☐ છૂટાછેડા ☐ વિધુર/વિધવા ☐ જે વિધૂર/વિધવા હોય તો બાળકોની સંખ્યા ☐

ઘરમાં કુલ વ્યક્તિ : ☐ ભાઈઓની સંખ્યા : ☐ પરણીત ☐ અપરણીત ☐ સંપ્રદાય : દેરાવાસી /સ્થાનકવાસી

બહેનની સંખ્યા : ☐ પરણીત ☐ અપરણીત ☐ પસંદગીનું ગામ / શહેર : ......

પસંદગીપાત્ર વ્યક્તિ અંગેની અપેક્ષા : ......

શોખ : ......

ચશ્મા છે? હા ☐ ના ☐ ઊંચાઈ ☐ વજન ☐

| ઉમેદવાર માટે ઉપસ્થિત રહેનાર વાલીનું નામ | ઉમેદવાર સાથે સબંધ |
|---|---|
| ૧. | |
| ૨. | |

બે રાત્રી રહેઠાણ વ્યવસ્થા ચહા, નાસ્તો, ભોજન સાથે
રજિ. ફી ઉમેદવાર યુવક–યુવતીની ફી Rs. 800/-
પ્રત્યેક વાલીની રકમ Rs. 1200/- પ્રમાણે
ટોટલ રકમ Rs.

**ફોર્મ અને રકમ ભર્યાની સ્લિપ મોકલવાનુ સ્થળ**

**Shri. Mukesh R. Chheda**
1, Indira Appartment, Patil Road No. 4,
Off College Road, Nasik 422 005
Mob. 09766744448, 07588619312

**SHREE MAHARASHTRA KUTCHI OSWAL JAIN SAMAJ,**
**BANK OF INDIA 090110110000947 KOLHAPUR. (Shahupuri Branch)**
રોકડા બૅંકમાં ભરીને સ્લિપની ઝેરૉક્સમાં આપનુ પુરૂ નામ અને ગામ લખી ફોર્મ ફોટાસાથૅ નાસિકના સરનામેં મોકલસો

| પ્રમુખ શ્રી. ઉત્તમભાઈ ખોના સાંગલી | મંત્રીશ્રી દામજી કાનજી છેડા (કોલ્હાપૂર) | સહમંત્રીશ્રી મુકેશ રાઘવજી છેડા (નાસિક) | સહમંત્રીશ્રી સમીર કિરણ કુરિયા (મિરજ) |
|---|---|---|---|
| 09822530391 | 09890128879 | 09766744448 | 09422515006 |

॥ જય જિનેન્દ્ર ॥

(PTO)

CUT FROM HERE

## સૂચના અને નિયમ

- શ્રી મહારાષ્ટ્ર એકમનુ આ ૧૨ મુ મહા પરિચયમિલન **ભારતભરના દરેક ક્ષેત્ર માં** વસતા કચ્છી જૈન યુવક–યુવતી માટે રાખવામાં આવેલ છે.
- સુંદર વ્યવસ્થા માટે આપના યુવક–યુવતીના ફૉર્મ સારા અક્ષરે ભરી સાથે જાણાવેલ બૅંકમા રક્કમ ડિપોઝિટ કરી સારા ચોખા દેખાય એવા બે ફૉટા નાસિક ના શ્રી. મુકેશભાઇ છેડાના સરનામે મોકલવા વિનંતી (ફોટાઉપર પિન લગાડવી નહી) બૅંકમાં ભરેલ રકકમની સ્લિપની ઝેરૉક્સ આપનુ નામ અને ગામ લખવા વિનંતી.
- આપની જાણમાટે સંમેલનમાં ફૉર્મ અને ભરેલ રક્કમની સ્લિપની ઝેરૉક્સ સાથે લાવવી.
- પરિચયની સુંદર બુક બનવવામાં સમય લાગે છે માટે ફૉર્મ ૩૧ જુલાઇ ૨૦૧૬ સુધી સ્વીકારવામાં આવશે. છેલી તારીખની રાહ ન જોતા વહેલાસર ફૉર્મ ભરીને મોકલવા વિનંતી.
- રહેઠાણ વ્યવસ્થા નિવાસ કમીટીને સોપવામાં આવેલ હોવાથી સંખ્યાની અનુકુળતા પ્રમાણે રૂમોમાં જે સંખ્યા ફાળવવામાં આવશે તે સ્વીકારવાની રહેશે.
- હોટેલ ડ્રીમલૅંડમાં રવિવાર, તા. ૨૧/૮/૨૦૧૬ ના સવારના ૧૦ થી ૧૨ સમય ઉમેદવારસાથે રજિસ્ટ્રેશન માટે હાજર રહેવું. (યુવક–યુવતીવગર ફક્ત વાલીઓને એન્ટ્રી નહીં મળે.) રજીસ્ટ્રેશન માટે મોકલાવેલ રકમ પાછી આપવામાં આવશે નહીં.

  (ઉપરોક્ત સમયપહેલા આવનારે પોતાની વ્યવસ્થા પોતે કરવાની રહેશે.)
- ફાળવાયેલી રૂમો મંગળવાર, તા. ૨૩/૮/૨૦૧૬ ના હોટેલ નાં નિયમપ્રમાણે ૯ વાગે ચેકઆઊટ સમયે ખાલી કરવાની રહેશે. બપોરસુધી સામાન રાખવાની વ્યવસ્થા કરી આપવામા આવશે.
- પોતાના લગેજઉપર ઓળખમાટે પોતાનુ નામ અને ગામ ના લેબલ લગાડવા વિનંતી.
- અનિવાર્ય સંજોગામાં કાર્યક્રમમાં ફેરફાર કરવાનો અધિકાર શ્રી મહારાષ્ટ્ર એકમના અધિકારીઓને રહેશે.
- ફોર્મ સાથે જેમણે રકમ મોકલાવેલ હશે તેમનુ જ ફોર્મ સ્વીકારવામાં આવશે.
- ફોટા વગરના ફોર્મ સ્વીકારવામાં આવશે નહીં. ફોટા સીધા અને સારા દેખાય એવા મોકલવા.

**આપની આજુબાજુ મિત્રો, સંબંધીઓ મુંબઇ તથા બહારગામ વસ્તા પરિવારોને આ પરિચય સંમ્મેલનની જાણ કરવા વિનંતી.**
**પુછપરછ સંપર્ક માટે ફોન સવારના ૮ થી ૧૨ અને સાંજના ૪ થી ૮ દરમ્યાન કરવા વિનંતી.**

**સોગંદપૂર્વક ખાત્રી આપું છું કે ઉપરોક્ત માહિતી સાચી અને સત્ય છે.**

| ફોર્મ ભર્યા તારીખ | પિતા / વાલીની સહી | યુવક / યુવતીની સહી |
|---|---|---|

॥ જય જિનેન્દ્ર ॥

## અસ્મિતાના ઓવારણા લેતું કેન્દ્ર
# ભારતીય સંસ્કૃતિ ફાઉન્ડેશન - કચ્છ દર્શન મ્યુઝિયમ

• નીતા કિશોર જોશી •

"ભારતીય સંસ્કૃતિ દર્શન : કચ્છ" નામનું આ મ્યુઝિયમ એટલે કચ્છની લઘુ પ્રતિકૃતિ. કચ્છના દરેક પાસાને સાંસ્કૃતિને આવરી લેતી વસ્તુઓ અહીં જોવા મળે છે.

ભાષા-સાહિત્ય, વેપાર વાણિજ્ય, કલા કારીગરી, રહેણી-કરણી, વિજ્ઞાન, તત્ત્વજ્ઞાન આ બધી જ વસ્તુઓ દ્વારા થતું સંસ્કૃતિનું ભવ્ય દર્શન એટલે જાણે 'કાન્તમ ક્રતુમ ચાક્ષુપમ.'

કચ્છની ધરતી પર ખેર, બોરડી ને બાવળ છે. કાસ ને ઝાંખર પણ છે. પણ ત્યાંના માણસ પણ સવા લાખના છે. હજારો વર્ષ જૂની કલા અને સંસ્કૃતિથી કચ્છડો રળિયાત છે, ઉજળો છે. જગતભરમાં જેનો જોટો જડવો મુશ્કેલ છે એવી કચ્છ સંસ્કૃતિના સાચુકલા દર્શન કરવા હોય તો ત્યાંના સંગ્રહાલયો નિહાળવા જોઈએ. જેમ પુનામાં આવેલું સુવિખ્યાત સંગ્રહ સ્થાન રાજા કલેક્ટરની દેન છે, તેમ કચ્છ લોક સંસ્કૃતિ ક્ષેત્રે અવિસ્મરણીય બની રહેલું આ સંગ્રહસ્થાન કચ્છી લોકસંસ્કૃતિના વૈતાતિક સ્વ. રામસિંહજી રાઠોડનું અનોખું નજરાણું છે.

ભુજમાં આવેલું ભારતીય સંસ્કૃતિ ફાઉન્ડેશન (મ્યુઝિયમ) એટલે કચ્છના આંતરબાહ્ય દેહની ઓળખ આપતું દર્શનીય સ્થળ. કચ્છી લોકકળાના ઉચ્ચ અભ્યાસી સ્વ. રામસિંહભાઈ રાઠોડ સ્થાપિત આ મ્યુઝિયમ ગ્રામ્ય જીવનની શૈલી, કલા અને સંસ્કૃતિની સંભાળ, સાચવણી તથા વિકાસ માટે પ્રયત્નશીલ છે.

કચ્છ પંથકની પુરાતન કલાના ઉત્કૃષ્ટ નમુનાઓ એકત્ર કરીને સ્વ. રામસિંહજીભાઈ રાઠોડ નામના એકલવીરે એકલા હાથે સ્થાપેલ ભારતીય સંસ્કૃતિ ફાઉન્ડેશન-મ્યુઝિયમ ૧૯૮૦ માં સ્થાપેલ હતું.

સ્વ. રામસિંહજીભાઈ રાઠોડે ૧૯૫૮માં 'કચ્છ સંસ્કૃતિ દર્શન' પુસ્તક લખ્યું હતું. આ પુસ્તકને મુંબઈ સરકારનો સુવર્ણ ચંદ્રક, અને રાષ્ટ્રીય સાહિત્ય અકાદમીના ઍવોર્ડ મળ્યા હતા.

ભૂકંપ બાદ આ મ્યુઝિયમને મરામત કરાવી નવસર્જન કરવામાં આવેલ છે અને સુઆયોજિત પિક્ચર આર્ટ ગેલેરી, ટેક્ષટાઈલ વિભાગ તથા લાયબ્રેરીને નવો ઑપ આપવામાં આવેલ છે.

કાપડ તથા ભરત વિભાગમાં ખૂબ જ સુંદર અને અપ્રાપ્ય એવા રેશમીકામ, ઝરીકામ તથા બાંધણીના નમુનાઓ અહીં રાખવામાં આવ્યા છે. વિવિધ પ્રદેશોની વિવિધ જાતિઓનું ભરતકામ પ્રદર્શિત કરાયું છે. બન્ની વિસ્તારના જત, મુતવા, નોડે જાતિ તેમજ મેઘવાળ વગેરેના ગૃહ શણગારની વસ્તુ સાથે પોતાના પહેરવાના પોશાકો સહિતના નમુનાઓ ઉપરાંત ઘોડા, બળદ, ઊંટ, વગેરેના વાર તહેવારના અથવા લગ્ન પ્રસંગે શણગારવાના ભરતકામના નમુનાઓ અહીં જોવા મળે છે.

અબડાસા અને વાગડ બાજુના જૈનો, ભાનુશાળી, સોઢા, રબારી તથા કણબી પટેલ અને રજપૂતો દ્વારા વપરાતી આઈટમોના ઉત્કૃષ્ટ પ્રકારનાા નમુનાઓ પણ અહીં છે. આ સિવાય સિંધી અને ભાટિયા જ્ઞાતિ માટેના રેશમી કાપડ તથા કિનખાબ કાપડ પરના ઝરીકામ સહિતના પોશાકો અહીં રાખવામાં આવેલ છે. ભરત કામના આ નમુનાઓ આશરે ૫૦ થી ૧૦૦ વર્ષ જૂના છે.

મ્યુઝિયમમાં તોરણ, ગોખલિયા, બારસાંખિયા, ચાકડા, ધાણિયા, ઓછાડ, ઓશિકાના કવર, ઘોડિયા (છાંટિયા), કંજરી, બ્લાઉઝ, કાપડું, ગજ, ઘાઘરા, ઝુલડી, ગલેચી, ટોપી, કેડિયા, બટુવા, આભા (ગગા) આરી ભરતનાં (મોચીકામનાં) ખુબ મહત્વના તેમજ ખુબ જ જુના સિલ્કના (રેશમી) પીસ અહીં છે. તદુપરાંત બ્લોક પ્રિન્ટનાં (અબડાસા અને મુંદ્રા બાજુના) અતિ અગત્યના નમુના પણ અહીં જોવા મળે છે. મોતીકામના પંખા, મોળ, ચોટલા, હાર, હાથ ફગમાં પહેરવાના આભુષણ, ડ્રાબ, નાળિયેર મોજડી, તલવારની ખોલ, મુખવાસની થેલી, પારણામાં ઝુલાવવાના ઝુમર તથા પોપટ જેવા રમકડાં, અત્તરની શીશી, સોપારી, મણ ગોઠડા, કાનફુલ વગેરે વસ્તુઓ પણ દશ્યમાન છે.

## • શ્રી સહજાનંદ સ્વામીની પ્રસાદી :

સં. ૧૮૬૦ ના મહા સુદ સાતમના યુગ પુરુષ શ્રી સહજાનંદ સ્વામીએ કચ્છની ધરતી પર પુનિત પગલાં પાડ્યાં હતાં. સાત વર્ષ તેઓએ સમગ્ર કચ્છમાં પરિભ્રમણ કર્યું. રાજકીય અસ્થિરતા અને કુદરતી આફતોના કારણે પ્રજા પરેશાન હતી. પરંતુ શ્રી સહજાનંદ સ્વામીના આશિર્વાદથી લોકોમાં એક પ્રકારની જાગૃતિ આવી હતી. આ સંપ્રદાયના અનેક મહત્ત્વના જૂના પુસ્તકો આ કેન્દ્રમાં સચવાયેલા છે. બ્રહ્માનંદ, નિષ્કુળાનંદના કાવ્યગ્રંથોની પ્રસાદી પણ ઉપલબ્ધ છે. આ ઉપરાંત મહારજશ્રીએ પ્રસંગોપાત ઉપયોગમાં લીધેલા ઠામ-વાસણ અને અન્ય વસ્તુઓ પણ સચવાયેલી છે.

- **અભ્યાસ સામગ્રી :**

કચ્છની અસ્મિતાને ઉજાગર કરતું વિપુલ સાહિત્ય અહીં સંગ્રહાયેલું છે. જિલ્લાના કંઠી જેવા વિસ્તારમાં વસતા જૈનો પાસે તેઓની અંગત લાઈબ્રેરી ઘણી સમૃદ્ધ હતી. નારાયણ સરોવરનું આવું પુસ્તકાલય સૌથી જૂનું હતું.

આ સંસ્થામાં કચ્છ વિશેની અભ્યાસ સામગ્રી સ્વ. રામસિંહજીભાઈ રાઠોડના પુસ્તક 'કચ્છનું સંસ્કૃતિ દર્શન' તથા 'કચ્છ એન્ડ રામચન્દ્ર' માંથી મળી રહે છે. અહીં 'કુમાર' જેવા સામયિકોના જૂના અંકો પણ સચવાયેલા છે. 'કુમાર' માસિકના તંત્રી શ્રી બચુભાઈ રાવતની બેઠક, તેઓ વાપરતા તે કલમ, હસ્તલિખિત સાહિત્ય અહીં રખાયા છે. મ્યુઝિયમના ડેલામાં તેરા ગામ - અબડાસા કચ્છના દરબાર ગઢના રામાયણના ચિત્રોની પ્રતિકૃતિ અને ભાવનગરના પ્રખ્યાત ચિત્રકાર-કલાકાર શ્રી ખોડીદાસ પરમારના માર્ગદર્શન હેઠળ બનેલા રામાયણનાં ચિત્રો મુકાયેલા છે.

આ ઉપરાંત નવસર્જન પામેલ મ્યુઝિયમની પિક્ચર આર્ટ ગેલેરીમાં કચ્છના વિકાસમાં જે કોઈએ ફાળો આપ્યો હોય તે પૈકી કેટલાક મહાનુભાવો અને કેટલાક સમર્થ સાહિત્યકારોની તસવીરો પણ જોવા મળે છે. તેમાં કવિ રાઘવ, દલપતરામ, ડાહ્યાભાઈ, છોટાલાલ સેવકરામ ભટ્ટ, નંદ શંકર તુલજારામ, મણિભાઈ જશભાઈ મહેતા, જીવરામ અજરામર ગોર, હાજી મહમદ અલારખ્યા, શિવજી રણછોડભાઈ ઉદયરામ, દુલેરાય કારાણી, દલપતરામ ખખ્ખર, કેશવ હર્ષદ ધ્રુવ, રામજી અર્જુન ગજકંધ 'બકુલેશ', ગોકુલદાસ બાંભડાઈ, દેશળજી પરમાર, બચુભાઈ રાવત, રવિશંકર રાવળ, સરોજ પાઠક, મકબુલ કચ્છી, કવિ નિરંજન, ડૉ. જયંત ખત્રી, ચંદ્રશંકર મુળરાજ અંજારિયા, મનુભાઈ પાંધી, વનુભાઈ પાંધી, ગૌતમ શર્મા, લાલજીભાઈ સોની સહિતના અનેક સાહિત્યરત્નો તથા તજજ્ઞોની તસવીરો અહીં મૂકવામાં આવી છે.

મ્યુઝિયમના પ્રવેશદ્વાર-દરવાજા ઉપર સાત પોપટનું તોરણ છે, જે પંડિતાઈના પ્રતિકરૂપ છે. ઉપરાંત કચ્છની સંસ્કૃતિના પ્રતિક સમુ વહાણ અને કચ્છનો નકશો, તરતી માછલી, કચ્છ ભૂમિનું એમોનાઈટ વગેરે મુકવામાં આવ્યા છે. તથા રબારી લીંપણના રામાયણી ચિત્રો, સા-રે-ગ-મ-પ-ધ-ની-સા ના સાત સ્વરો રજૂ કરતા અસલ કચ્છી બનાવટના સાત ઘંટ (ખરકા) ડેલીમાં મુકવામાં આવ્યા છે. તેની બાજુમાં સારંગ રાગ તથા કર્ણની આકૃતિ મુકવામાં આવી છે. સારંગ રાગ કચ્છના દેહાતી સંસ્કૃતિ જેવી રબારી જાતિનું છે. તેઓ લગ્ન વખતે તથા મરશિયા વખતે આ એક જ રાગમાં ગાય છે. એ આની વિશિષ્ટતા છે. આના દ્વારા સુખ અને દુઃખની સમાનતા દર્શાવવામાં આવેલ છે. આ પ્રવેશદ્વાર ગુફાના આકાર જેવો બનાવાયો છે અને તેના ઉપર કોતરણી કરેલ તોરણ તથા સૂરજ અને ચંદ્રના પ્રતિકો મુકાયા છે.

મ્યુઝિયમમાં પ્રવેશતા 'ૐ' શબ્દનો ધ્વનિ પ્રસરાવતો ઘંટ (ખરકો) મુકવામાં આવ્યો છે. તથા આ સંસ્થાનો ધ્યાનમંત્ર 'છે' ખાસ ધ્યાન ખેંચે છે. વિખ્યાત નોબત વાદક સુલેમાનભાઈ જુમાની મુળ અસલ નોબત આ મ્યુઝિયમમાં સાચવીને દર્શનીય રીતે રખાયેલી છે. જૂના જમાનામાં કચ્છી મહિલા દળણાં દળતી એ અસલી ઘંટી (જંઘર) પણ અહીં છે.

આ મ્યુઝિયમનું ઉદ્‌ઘાટન ગુજરાતી સાહિત્યના જાણીતા કવિ સ્વ. ઉમાશંકર જોશીના વરદ હસ્તે કરવામાં આવેલ ત્યારે તેઓએ સ્વહસ્તાક્ષરે લખેલ તામ્રપત્ર આ મ્યુઝિયમને આપેલ, તે તામ્રપત્ર આ મ્યુઝિયમમાં મોજૂદ છે.

આ મ્યુઝિયમમાં કચ્છીયતની પહેચાન કરાવતા જિયોલોજીના જૂના નકશા, ભૂસ્તર શાસ્ત્રને લગતા પથ્થર અશ્મિભૂત-અવશેષો, પુરાતન પૂજાના પ્રતિકો, પ્રાચીન સમયમાં લોકો ઉપયોગ કરતાં એ વાસણો, આંખમાં આંજણ આંજવાની સોયરાની પેટીઓ, સોયરાદાની, શાહીના ખડિયા, જુદી જુદી કલમો (જે આજના કોમ્પ્યુટર યુગમાં ભવિષ્યની પેઢી માટે નજરાણા સમાન ગણાય) જૂના લેટરપેડ અને અન્ય સ્ટેશનરી, તાડપત્ર, ભોજપત્ર વગેરે અહીં સચવાયેલા જોવા મળે છે.

આજના ઝડપી અને જેટ યુગમાં ભાગ્યે જ જોવા મળે તેવા મુસાફરીના સાધનો જેવા વિવિધ ગાડા, જૂના જમાનાના સંગીતના સાધનો જેવા કે મોરચંગ, ભોરીંગો, સુરંદો, વાંસળી, જોડિયા પાવો વગેરે આ મ્યુઝિયમમાં સચવાયા છે. તેવી જ રીતે કચ્છની સંસ્કૃતિની પરંપરા દર્શાવતા રાસ, ભરતકામ પર કંડરાયેલ છે. તેમાં મુતવા, આહીર, પેચ વર્ક વગેરે સાથે ફોટોગ્રાફી અને લાકડાની કોતરણી કામમાં તામ્રની પ્લેટમાં રાસ જોવાલાયક છે. કચ્છના પ્રખ્યાત સુડી ચપ્પુ, બુઢ ચાચાના વખતના કુંભારી કામના કલાત્મક જૂના માટીના વાસણો, તેના પરનું પેઈન્ટીંગ કામ વગેરે જોઈ અભિભૂત થઈ જવાય છે. ઢેબર રબારીઓના લગ્ન વખતના શણગાર સમા વરરાજાના પોષાક વગેરે તથા મોતીના દાગીના, ભરતકામના નમૂના જેવી આકર્ષક ટોપી, નાણાં રાખવા માટેની પાકિટો વગેરે અનોખા કળાના નમૂના આ મ્યુઝિયમની શોભામાં વધારો કરી રહ્યા છે. જૂના સિક્કા, બળદ, ઘોડા જેવા પ્રાણીઓના શણગારના સાધનો, કચ્છી વિશિષ્ટતા ભરેલી બાંધણીના નમૂના, અતિ ઝીણી બાંધણીની બાંધણી, તદુપરાંત ધાણેટી ભરત, સુફ ભરત, કટાપ કામ, અન્ય ભરત કામ, રોગાન કામ પ્રિન્ટ વગેરે અહીં જોઈને કચ્છની સંસ્કૃતિ પરત્વે વારી જવાય છે.

રાઠોડ કુટુંબ દેવસ્થાન તરીકે પૂજનીય બાપુજીનો પડદો અને બાપુજીનું જીવનશૈલી દર્શાવતું છટાકેદાર આખું ચિત્ર આ મ્યુઝિયમની શોભામાં શુંદર અભિવૃદ્ધિ કરી રહ્યું છે. તેના નીચે મોતીની 'પછીત પાટી' ૧૮ થી ૨૦ ફુટ લાંબી દીવાલ પર દર્શાવાઈ છે. જે આજે પણ જરા પણ કરચલી પાડ્યા વિનાની અકબંધ રાખવામાં આવી છે. આ મ્યુઝિયમમાં કચ્છી કમાંગરીના ચિત્રો પણ જોવાલાયક છે.

કલા સાથે સાહિત્યનો સંગમ આ મ્યુઝિયમમાં થયેલો છે. કચ્છને કેન્દ્રિત કોઈ પણ વિષય ઉપર પી.એચ.ડી. કરવા ઉત્સુકને

અહીં યોગ્ય માહિતી પ્રાપ્ત થાય છે કચ્છ, ગુજરાત, સમગ્ર ભારત તથા વિદેશી વિદ્યાર્થીઓ પોતાના પી.એચ.ડી. ના અભ્યાસ માટે આ મ્યુઝિયમનો લાભ લઈ રહ્યા છે.

આ મ્યુઝિયમનો બીજો ભાગ 'કચ્છીયત કમઠાણ' રૂપે છે. આ ઉદ્યાનમાં ગ્રામીણ લોકોની રહેણીકરણીની માહિતી આપવામાં આવી છે. ગામડું હોય ત્યાં 'ગામજો ચોરો' હોય. અહીં ચોરો, ચબુતરો અને હોજનું મહત્ત્વ દર્શાવાયું છે. ચબુતરાનો કાષ્ટ કલાનો પ્રતિક નયનરમ્ય છે. અહીં અષ્ટકોણી હોજ પણ તૈયાર કરવામાં આવ્યું છે. આ હોજમાં જાંબલી કલરના કમળ થાય છે. અને જે પથ્થર તથા સિમેન્ટના દ્વારા ઝીણા નકશી કામથી વેલ બનાવી છે તે પણ પ્રેક્ષણીય છે. સાથે જૂની મૂર્તિના સ્ટેચ્યુ મુકવામાં આવ્યા છે.

આ પરિસરમાં રબારી તથા જત લોકોના ભુંગા બનાવી દર્શાવાયા છે. તથા ધુકાણ, વણાટ કામના સાધનો વગેરે પણ રાખવામાં આવ્યા છે.

આ મ્યુઝિયમના સ્થાપક સ્વ. રામસિંહજીભાઈ રાઠોડે તેમના મોટાભાઈની યાદમાં કેસર ચોરો બનાવેલ છે. જે વર્ણનથી નહીં પણ જોવાથી તેની અનેરી મજા માણી શકાય છે. આ સંદર્ભમાં વિશેષ માહિતી પર પ્રકાશ પાડતા શ્રી દિલીપભાઈ વૈદ્યે લખ્યું છે કે,

*'મ્યુઝિયમમાં ગામનો ચોરો, માટી કામના માનવ જન્મથી મૃત્યુ સુધીના ઉપયોગમાં આવતા નમુનાઓ, મોચી કામ અને વણકરની શાલ, તેમજ બન્ની તેમજ રબારી આવાસના નમુનાઓ પણ રખાયા હોવાથી આ રહેઠાણના અભ્યાસીઓ માટે - અભ્યાસ - માટે આવતા વિદ્વાનોને દુર્ગમ સ્થળોમાં ગયા વિના ભુજમાં જ માહિતી પ્રાપ્ત થાય છે. અહીં કચ્છી કમાંગરી ચિત્રકલામાં બનેલું એક ચિત્ર લગ્નની ચોરીનું છે. જેમાં અલગ અલગ જ્ઞાતિઓની હાજરી દર્શાવાઈ છે અને પહેરવેશથી જ જ્ઞાતિભેદ દર્શાવાયો છે. વિશેષમાં તેમાં વેશ્યાને પણ બતાવાઈ છે.'*

આ વિશિષ્ટ મ્યુઝિયમની પ્રગતિથી પ્રભાવિત થઈ ગુજરાત ખનિજ વિકાસ નિગમ (જી.એમ.ડી.સી.) એ અનુદાન પણ આપ્યું હતું. જેમાંથી મ્યુઝિયમ માટે બે માળનું મકાન બનાવાયું હતું પરંતુ ભૂકંપે આદરેલી ભવાઈથી તેનો ઉપલો માળ ઉતારી લેવો પડે એટલી હદે નુકસાન પામ્યો. પરિણામે ઉપલો માળ ઉતારી લેવો પડ્યો. જો કે આ મકાનમાં કોઈ વસ્તુ મુકેલી નથી એટલું સદ્‌ભાગ્ય કહેવાય. હવે આ મકાન પુનઃનવસર્જન પામેલ છે. અને તેમાં સુંદર પીક્ચર આર્ટ ગેલેરી નવનિર્મિત કરવામાં આવી છે.

રામસિંહજીભાઈ અખિલ ભારતીય જંગલ લેવલના અધિકારી હતા. અને તેમણે નોકરી દરમ્યાન કચ્છના ગામે ગામથી નમુનાઓ, પુસ્તકો વગેરે દુર્લભ સામગ્રી એકઠી કરી હતી. રામસિંહજીભાઈને જૂની વસ્તુઓ ઉપરાંત વનસ્પતિનો પણ શોખ હતો. અહીં તેમણે ઈંગોરિયા, વાંસ, બોધમ, કોરડો, ગુગળ, કેતકી, કુંવાર, રગત રોયળો, ગરમાળો, તુલસી ચંદન, બિલીપત્ર વગેરે ઔષધીય વનસ્પતિ વાવી હતી. જે વર્તમાન સમયમાં પણ ફુલીફાલી મોજૂદ છે. સ્વ. રામસિંહજી રાઠોડના અવસાન બાદ તેઓના ધર્મપત્ની ભારતીબા રામસિંહજી રાઠોડે આ મ્યુઝિયમના વિકાસ અને સાચવણી માટે નિષ્ઠાથી કામ કર્યું હતું. અને તેઓના પણ મૃત્યુ બાદ કુટુંબીજનો એટલે કે તેઓના પુત્રી શ્રીમતી મીનાક્ષીબેન અને જમાઈ શ્રી ભરતેન્દુભાઈ પરમાર આ મ્યુઝિયમનું સંચાલન કરી રહ્યા છે. તેમના આ કાર્યમાં આશાપુરા ફાઉન્ડેશનના અધ્યક્ષ શ્રી નવનીતભાઈ શાહ, તુષારભાઈ દેઢિયા, સદગત મધુભાઈ ભટ્ટ, પ્રેમજીભાઈ ભાટી, ઉષાબહેન ભાટી, સરદારસિંહ રાઠોડ, પ્રમોદભાઈ જેઠી, ઉમિયાશંકર અજાણી, મુકેશભાઈ ઝવેરી, રેશમાબહેન ઝવેરી, બાબુલાલ ગોરનો સહયોગ રહ્યો છે.

ભારતીય સંસ્કૃતિ ફાઉન્ડેશન તરફથી કચ્છીમાં તથા ગુજરાતી ભાષામાં સર્જન કરતા સર્જકોને તેમની સાહિત્ય સેવાને લક્ષમાં લઈ, સ્વ. રામસિંહજીભાઈ રાઠોડની પુણ્યસ્મૃતિમાં સુવર્ણચંદ્રક અર્પણ કરવામાં આવે છે. પ્રથમ પાંચ વર્ષ આ સુવર્ણ ચંદ્રકો આશાપુરા ફાઉન્ડેશનના સહયોગથી આપવામાં આવ્યા હતા. છઠ્ઠા વર્ષથી ૨૦૦૩થી આ સુવર્ણચંદ્રક અર્પણની તવારીખી વિગતોને પ્રસ્તુત કરતું સચિત્ર-માહિતીસભર સુંદર આકર્ષક બ્રોચર (માહિતીકાર્ડ-પત્રક) પણ પ્રકાશિત કરવામાં આવેલ છે.

વર્તમાન સમયમાં આ મ્યુઝિયમ વિશેષ લોકચાહના મેળવી ચૂક્યું છે અને સ્થાનિક લોકો ઉપરાંત દેશ વિદેશના વિદ્યાર્થીઓ, તજજ્ઞો, લેખકો, કલાકારો, મહાનુભાવો આ મ્યુઝિયમની સતત મુલાકાત લઈ, જોઈ, માણી આનંદની લાગણી વ્યક્ત કરી રહ્યા છે. હાલ આ મ્યુઝિયમ આથી પણ વિશેષ પ્રગતિ કરીને વધુને વધુ લોકોને આકર્ષક આનંદ આપનારું બની રહે તે માટે ભુજ વિભાગના પૂર્વ ધારાસભ્ય અને જી.એમ.ડી.સી.ના માજી ચેરમેન શ્રી મુકેશભાઈ ઝવેરી તથા તેમના પત્ની રેશ્માબહેન ઝવેરી જહેમતભર્યો પુરુષાર્થ કરી રહ્યા છે. અલભ્ય અને અમૂલ્ય આ મ્યુઝિયમ કચ્છની સંસ્કૃતિનું દર્શન કરાવતું અનોખું મ્યુઝિયમ છે. મ્યુઝિયમ દરરોજ સવારે ૧૦.૩૦ થી ૧.૧૫ બપોરે ૨.૩૦ થી ૫.૦૦ દરમ્યાન ચાલુ રહે છે. તેમજ રવિવારે મ્યુઝિયમ બંધ રહે છે.

*મેનેજર, ભારતીય સંસ્કૃતિ ફાઉન્ડેશન – ભુજ-કચ્છ*

Office No.-7, Lokhandwala Building,
3/5, Garibdas Street, Vadgadi,
Masjid Bunder (W), Mumbai-400 003.
Tel. : (022) 23468106, (RIM) 32422541,
9324308802 Fax : 23468109
Customer Care : 9324945601
E-mail : nishant.vltc@gmail.com ■ www.vltc.in

NAVIN ORIENT

*VIJAY LAXMI TRANSPORT CARRIERS*
**NAVIN ORIENT CARRIER**
THE TRANSPORT FOR RAJASTHAN ■ THE TRANSPORT FOR MADHYA PRADESH
FLEET OWNERS ■ TRANSPORT CONTRACTORS ■ CARGO MOVERS

# કચ્છ કેરાકોટનું શિવ મંદિર

• સંકલન : બાબુલાલ ગોર •

આપણા દેશમાં ગુજરાત અને પંજાબ બે એવા પ્રદેશો છે જેમને વિદેશો સાથે અને આગંતુકો સાતે સૌથી વધુ સંબંધ રહ્યા છે. અને આ બે પ્રદેશોમાં પણ કચ્છના સંબંધ બહોળા છે. આથી જ, આજે રણ ગણાતા કચ્છમાં ભારે મહિમાવંત જૂના અવશેષો અપાર છે. અહીં આવા એક જૂના અવશેષ વિશે માહિતી પ્રસ્તુત છે.

ભુજથી મુંદ્રા રસ્તે, ૨૫ કિલોમીટરના અંતરે કેરા ગામ આવેલું છે. આ સ્થાન લાખા ફુલાણીના શિવમંદિર માટે ખાસ જાણીતું છે. પુરાણકાળમાં આ ભૂમિ પર કપિલમુનિનો આશ્રમ હતો એમ પણ કહેવાય છે. એટલે એ ગાળામાં એ કપિલગ્રામ પણ કહેવાતું અને આ આશ્રમની બાજુમાં જ નાગમતી નામે એક નદી સર્પાકારે વહે છે. ઇતિહાસવિદો નોંધે છે તે પ્રમાણે કેરાકોટ એટલે કચ્છના પરાક્રમી રાજવી લાખા ફુલાણીનું પાટનગર. આ દાનવીર, શૂરવીર, પ્રજાપ્રેમી રાજાના જીવનના પ્રસંગો આલેખતી અનેક કથાઓ છે.

આ રાજવીએ કેરાકોટનો ગઢ અને શિવમંદિર બંધાવેલાં. આજે આ મંદિર અને કોટ ભગ્નાવશેષ છે પણ આ અવશેષોનું દર્શન માત્ર તેના ભવ્ય ભૂતકાળનો સહજ ખ્યાલ આપે છે. કચ્છના પ્રવાસે આવતા પ્રવાસીઓ આ કેરાકોટના દર્શન કરી પાવનતાની લાગણી અનુભવે છે. અનેક સૈકાના વાયરા અને તડકા - છાંયા સહીને લાખા ફુલાણીની કીર્તિપતાકા લહેરાવતો આ કિલ્લો છે. કપિલકોટ શબ્દ રૂપાંતર થતાં કેરાઇકોટ, કેરાકોટ અને કેરા થયું છે. લાખાએ બંધાવેલ આ શિવાલયને "લાખેશ્વર શિવાલય" પણ કહેવામાં આવતું. ઇતિહાસવિદ પ્રા. ડૉ. નીતાબેન ઠાકર લખે છે કે કેરાના શિવાલયમાં પથ્થરની પ્રચંડ શિલાઓ, સિમેન્ટની ચોડાઈ વગર એકબીજા પર એવી સફાઇથી ચણવામાં આવી છે કે, અત્યારે પણ તેના ખૂણાઓ એવા ને એવા સ્પષ્ટ દેખાય છે. સખત પથ્થરોમાં તે સમયના કડિયાઓ કેવું સુંદર કામ કરી શકતા, તેના આ નમૂના છે. પથ્થરમાં કરેલું સુંદર કોતરકામ પ્રમાણસર, આંખને ગમે તેવું અને બહુ જ ચોક્સાઈવાળું છે. ઘુમ્મટની દરેક બાજુએ એકબીજા પર એવા આઠ આઠ ત્રિકોણો કોતરાયેલા છે અને જેમ જેમ ઉપર જાય તેમ નાના બનતા જાય છે, અને એકની પાછળ બીજા હોય તેમ દેખાય છે. આ દેખાવે એક બારીની આસપાસ માણસો ઊભા હોય તેવો ભાસ થાય છે. મંદિરના શિલ્પની ઘસાયેલી મૂર્તિઓની આકૃતિઓમાં પણ તેમના અંગભંગનું સરસ લાવણ્ય તરી રહે છે.

આ કેરાકોટના બેનમૂન શિલ્પની વાત કરતાં ઇતિહાસકાર નરેન્દ્રકુમાર જોશીએ પણ લખ્યું છે : "ભગ્નમૂર્તિઓ, ભગ્નશિલ્પ – આમ બધુંય ભગ્ન હાલતમાં હોવા છતાં તેમાં ભારતીય શિલ્પની જે પરંપરા ભરેલી છે તે પ્રબળ છે જ."

શિવમંદિરની કલાત્મક જાળી અને તેની નીચેની પંક્તિમાં કોતરેલું હસ્તીદળ, સભામંડપની દીવાલો પરનાં સુશોભનો, જે જુઓ તે બધું તેના ઘડનાર કલાકારને માટે મુક્ત પ્રશંસા માગી લે છે. મંદિરને બારીકીથી જોનારને શિખર નીચેની સીધીસાદી ભીંત ઉપર કંડારેલા સંસારજીવનનાં દશ્યો જોવા મળે છે. મંદિરને ફરતી, શિલ્પીનાં મૃદુ ટાંકણાં વડે ઘડાયેલી, મૃદુ પાંખડીઓ ઉપર મૃદુતા સજીવ બની ઊભી હોય તેવી પાંચ ફૂટ ઊંચી ભરાવદાર, સમતોલ, સુઘડ, ભાવવાહક મૂર્તિઓ જોવા મળે છે. મંદિરના શિલ્પની ઘસાયેલી મૂર્તિઓની આકૃતિમાં પણ તેમના અંગભંગનું સરસ લાવણ્ય તરી રહે છે. કિલ્લાની રાંગમાં છૂટાછવાયા ચણાયેલા જૂના ભંગારમાંના કેટલાક કોતરણીભર્યા પથ્થરો પણ એ જમાનાની અશાંતિમાંયે શિલ્પીનું ટાંકણું કેવું નિરાંતે ઉત્તમ કૃતિઓ સર્જતું તેનો ચિતાર રજૂ કરે છે. કેરાના શિવમંદિરનું નિર્માણ થયું એ સમયે જાણે જીવન અને કલા અન્યોન્યનાં પૂરક હશે એવું લાગે છે. ધાર્મિક વિચારસરણી અને જીવનભાવના એક રહી શકે - માનવ પ્રવૃત્તિના એવા આદર્શનું કેરાના શિલ્પમાં દર્શન થાય છે. આ શિલ્પસર્જન જોઈને લાગે છે કે, સુઘડ સંસારની સૌંદર્યભાવના નવા યુગની નવીનતા નથી. એ સમયની સંસ્કૃતિની શણગાર સામગ્રી કેરાના શિલ્પમાં નિત્ય બોલતી લાગે છે. અને તેમાંથી તે વખતનું સંસારદર્શન મનને રસતરબોળ કરી દે છે. તે સમયના કચ્છના કારીગરોએ સખત પથ્થરોમાં કલામય કોતરકામ કરવામાં કેટલે દરજ્જે અસાધારણ નિપુણતા પ્રાપ્ત કરી હતી તેનો તાદશ્ય ખ્યાલ આપવા માટે કેરાનાં ખંડેરોમાં હજુ પણ પૂરતા અવશેષો જોવા મળે છે.

*૬૫, ભાનુશાલી નગર,*
*ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧. • મો. ૯૪૨૭૪ ૦૭૪૩૨*

***જો જીવને 'ક'થી શરૂ થતી પાંચ વસ્તુઓ – કીર્તિ, કાંચન, કામિની, કાયા અને કુટુંબમાં આસક્તિ ન થાય તો 'સ'થી શરૂ થતી પાંચ વસ્તુઓ – સુખ, શાંતિ, સમૃદ્ધિ, સમાધિ અને સિદ્ધિની પ્રાપ્તિ થાય.***

# કચ્છનાં નારી રત્નો : સોનલપરી

• માર્કંડરાય મહેતા •

કચ્છના અબડાસા તાલુકામાં નાનું એક ગામ હતું. એ ગામમાં કુડધર નામનો એક રબારી રહેતો હતો. તે ગાયો-ભેંસો રાખતો અને તેમના લાલન-પાલનમાં આખો દિવસ વ્યસ્ત રહેતો. એનું કામ વહેલી સવારથી શરૂ થાય તે ઠેઠ રાત સુધી ચાલ્યા જ કરે. એને પોતાનાં પશુઓ તરફ ખૂબ પ્રેમ હતો એટલે તે દરેકની સારસંભાળ ખૂબ જ ભાવથી કરતો. તેની પત્ની પણ પોતાના પતિને ખૂબ જ સાથ આપતી અને ગાયોની દોવાઈ, દૂધની સાચવણી અને તેનું વિતરણ દૂધમાંથી દહીં અને તેને વલોવીને વહેલી સવારે માખણનો પિંડો ઉતારતી અને તેનું સુંદર, સુવાસિત ઘી બનાવતી. મેઘબાઈનું ઘી એટલે ગામમાં પહેલા નંબરનું. એટલે ગામલોકો તેમજ બહારગામના પણ તેમનું ઘી ખરીદવા તત્પર રહેતા. આમ, કુડધરનો સંસાર સુખમય હતો. બન્ને પતિ-પત્ની પોતાનું જીવન આનંદમાં વિતાવતાં પરંતુ તેમને એક વાતની ખોટ હતી, તેમને કોઈ બાળક ન હતું. મેઘબાઈએ તે માટેના ઘણા પ્રયત્નો કર્યા - વ્રતો રાખ્યાં, તપ કર્યાં અને દોરાધાગા પણ કરી જોયા. ગામમાં આવતા સંન્યાસીઓ, બાવાઓ તમામની સેવા કરી અને આશીર્વાદ મેળવ્યા પણ તેમના પર ઈશ્વરની કૃપા ન જ થઈ તે ન જ થઈ. આમ સંતાનસુખ વગર દંપતી મનમાં અસંતોષ અનુભવતું. પણ કરે શું? એમાં તેમનું કાંઈ ચાલે તેમ ન હતું, એટલે પડોશનાં બાળકોને રમાડી, ખુશ કરી - સંતોષ માનતાં.

એક વાર કુડધર પોતાની ગાયો-ભેંસો લઈને ચરાવવા સીમમાં દૂર દૂર નીકળી ગયો. તેણે સાંભળ્યું હતું કે, ચારેક માઈલ દૂર એક શંકરનું મંદિર છે અને તેની આજુબાજુ પુષ્કળ લીલું ઘાસ છવાયેલું છે એટલે આજે તે દિશા તરફ ચાલી નીકળ્યો અને તે મહાદેવના મંદિરના પાસે આવી પહોંચ્યો. ખરેખર ત્યાં પુષ્કળ ઘાસ હતું એટલે તેની ગાયો-ભેંસો ચરવા લાગી ગઈ. મંદિર પાસે એક તળાવ હતું. તળાવની પાળ પર એક વડનું વિશાળ વૃક્ષ હતું. કુડધર ત્યાં વિસામો ખાવા બેઠો અને બપોરા કરવા ઘેરથી લાવેલા રોટલાની સાથે એકાદ ભેંસ દોહીને દૂધ સાથે ખાવા બેઠો. એ નિરાંતે ખાતો હતો ત્યાં તેણે મહાદેવના મંદિરમાંથી કોઈ નાના બાળકના રડવાનો અવાજ સાંભળ્યો. તેને આશ્ચર્ય થયું કે આવા જંગલમાં બાળક ક્યાંથી? છતાં તેણે માન્યું કે મંદિરનો પૂજારી નાનાં બાળકો લાવ્યો હશે, પરંતુ બાળકના રડવાનો અવાજ ચાલુ જ રહ્યો એટલે ખાવાનું જેમ તેમ પૂરું કરી પોટલી બાંધી મંદિર તરફ ગયો. મંદિર કાંઈ બહુ મોટું ન હતું, પરંતુ તેની ચોતરફ ઊંચી દીવાલ હતી. એટલે તે મંદિરના બારણાથી દાખલ થયો ત્યાં તેણે જોયું બહાર એક નાનું અતિસુંદર બાળક, ખીલેલા ફૂલ જેવું, હાથપગ હલાવ્યા કરતું હતું અને રડ્યા કરતું હતું. કુડધરે ત્યાં જઈ બાળકને તેડી લીધું પણ બાળક રડતું રહ્યું. કુડધરને થયું કે તે કદાચ ભૂખ્યું હશે એટલે તે પોતાની શ્રેષ્ઠ ગાય પાસે બાળકને લઈ જઈ તેના આંચળમાંથી શેડ કાઢી બાળકના મોંમાં નાખી. ખરેખર બાળક ભૂખ્યું હતું એટલે તે દૂધ પીવા લાગ્યું અને કુડધરે પણ દૂધની શેડ ચાલુ રાખી. રોવાનું તો ક્યારનુંય બંધ થઈ ગયું હતું એટલે હસવા લાગ્યું. કુડધરે વિચાર્યું કે આવું ફૂલ જેવું કોમળ, અતિશય રૂપાળું આ બાળક કોનું હશે. વળી તેણે જોયું તો તે બાળક એક કન્યા હતી અને જે કપડાં ઉપર તે બાળકી સૂતી હતી તે કપડું કુડધરે તપાસ્યું તો તે કોઈ અતિ કિંમતી શાલ હતી. હવે કુડધર મૂંઝાયો. તેણે આ બાળકનાં મા-બાપ ક્યાંય હોય તો તેની તપાસ કરવા લાગ્યો. આમ-તેમ ફર્યો, ખૂબ બૂમો પાડી પણ કંઈ જવાબ ન મળ્યો. હવે આ બાળકનું મારે શું કરવું? આવી સુંદર પરી જેવી આ બાલિકા કોની હશે? એને કોણ મૂકી ગયું હશે? અરેરે! આવાં નિર્દોષ બાળકને ભગવાનને ભરોસે મૂકતાં તેની માતાનું દિલ કેમ ચાલ્યું હશે? તે કેવી ક્રૂર હશે કે જે આવી સુંદર બાલિકાને મૂકીને ચાલી ગઈ! થોડીક વાર મૂંઝવણમાંને મૂંઝવણમાં તે આમ-તેમ ફર્યો પણ તેને કંઈ સૂઝ્યું નહીં. કલાકો વીતી ગયા, સાંજ પડી ગઈ. હવે મારે તો ઘેર પહોંચવું છે. શું કરવું? જેવી ભગવાનની મરજી. કુડધરે તો પોતાની ગાયો-ભેંસો એકઠી કરી ઘર તરફ રવાના થયો. રસ્તામાં તેને વિચાર આવ્યો, 'આહાહા...અમારે કોઈ સંતાન નથી અને મહાદેવ ભગવાને આવી સુંદર પરી જેવી સુંદર કન્યા મને આપી દીધી. હવે હું તેને મારી દીકરીની જેમ ઉછેરીને મોટી કરીશ.' તે ઘેર પહોંચ્યો અને ઝટપટ ઘરમાં જઈ મેઘબાઈના ખોળામાં બાળકીને મૂકી દીધી અને કહ્યું : 'લે ભગવાને આપણને આ પરી જેવી બાળકી આપી છે' અને પછી મેઘબાઈ પાસે પોતાને આ બાળકી કેમ મળી તે વાત કરી. મેઘબાઈ તો રાજીની રેડ થઈ ગઈ અને તે બાળકી જાણે પોતાની જ હોય તેમ તેને ઉછેરવા લાગી.

દિવસે દિવસે તે બાળકી મોટી થવા લાગી. હવે તો તેણી ઘરમાં આમ-તેમ ફરતી. કાલાઘેલા શબ્દો બોલતી અને મેઘબાઈને 'મા, મા' કહીને બોલાવતી. મેઘબાઈને આ બાળકીના શબ્દો 'મા, મા' સાંભળી જાણે સ્વર્ગ મળ્યું હોય તેવો આનંદ થતો. કુડધર પણ ઘણો જ ખુશ હતો અને દિવસમાં કલાકો સુધી તે બાળકીને રમાડ્યા કરતો. એક વાર મેઘબાઈએ કુડધરને પૂછ્યું,

આપણે એનું નામ શું રાખશું? કુડધર જાણે આ પ્રશ્નની રાહ જોતો હોય તેમ તરત જ બોલી ઊઠ્યો, 'સોનલ.' સોનલ નામ સાંભળી મેઘબાઈ પણ ખુશ ખુશ થઈ ગઈ. ત્યાર પછી સોનલ સોનલ કહીને આખા ઘરને ભરી મૂક્યું.

દિવસે દિવસે સોનલનું સૌંદર્ય ખીલવા લાગ્યું. બધા કુડધરને પૂછતા કે આ તારી દીકરી છે? આવી રૂપાળી દીકરી તું ક્યાંથી લઈ આવ્યો? કુડધર જવાબ આપતો એ તો ભગવાનની દીધેલી છે અને ભગવાને દીધી હોય પછી તો અપ્સરા જેવી જ હોય ને! ત્યાર પછી બધા લોકો એમ માનવા લાગ્યા કે કોઈ અપ્સરાએ પૃથ્વી પર જન્મ લીધો લાગે છે. કુડધરે પોતાની આ વહાલી દીકરીને ખૂબ લાડથી ઉછેરી અને તેને ક્યારે પણ કાંઈ પણ દુઃખ ન થાય એવા પ્રયત્નો કરતો રહેતો અને મેઘબાઈ તેને જોઈને તો ગાંડી થઈ જતી.

વર્ષો વીત્યાં. સોનલ હવે પોતાના પિતાને મદદ કરતી અને ગાયો-ભેંસોને ચરાવવા પણ સીમમાં લઈ જતી. તેની ગાયો-ભેંસો સોનલ પર એટલી બધી હળી ગઈ હતી કે સોનલ બૂમ પાડે કે બધી તરત જ જ્યાં હોય ત્યાંથી દોડી આવતી. ગામના લોકો વિચારતા કે આવી સૌંદર્યવાન, સદ્‌ગુણી દીકરીને કુડધર ક્યાં વરાવશે? કુડધર પણ એ જ વિચાર કર્યા કરતો હતો. પરંતુ કુદરતની કરામત કાંઈ ઓર જ હતી. એક વાર કચ્છનો રાજવી ફૂલ તે ગામમાં શિકાર માટે આવ્યો કારણ કે ગામની સીમમાં ચિત્તાનો ત્રાસ હતો અને ગામની કેટલીક સારી ગાયોને તે ચિત્તાએ મારી નાખી હતી એટલે ગામલોકો ત્રાસી ગયા હતા. કોઈ સીમમાં જતું જ નહીં. રાજા જામફૂલે ગામના દરબારી ઉતારામાં મુકામ કર્યો હતો અને દરરોજ શિકાર કરવા નીકળી પડતો પરંતુ ચિત્તો હાથ લાગતો ન હતો. ફૂલને થયું, 'અરે! હું રાજા અને મારી રૈયતને આ ચિત્તાના ત્રાસમાંથી છોડાવી પણ શકતો નથી, ધિક્કાર છે મને! અને તેણે નિર્ણય કર્યો કે આવતીકાલે જ્યાં સુધી આ ચિત્તો મરે નહીં, ત્યાં સુધી હું આ ગામમાં પ્રવેશ નહીં કરું. બીજે દિવસે પોતાના શિકારીઓ સાથે જામફૂલ ચિત્તાને ઠાર કરવા નીકળી પડ્યો અને કલાકો સુધી સીમમાં અહીંથી તહીં રખડ્યો. બપોર થઈ ગઈ. શિકારીઓ પણ થાક્યા હતા. બધાને એમ હતું કે, હવે થોડો આરામ કરીએ પણ આજે જામફૂલ ખૂબ ગુસ્સામાં હતો અને તેણે આરામ કરવાનો વિચાર ન કર્યો પણ પોતાના શિકારીઓને બોલાવીને કહ્યું કે, આજે આપણે જ્યાં સુધી ચિત્તાને ન મારી શકીએ ત્યાં સુધી ખાવાનું, આરામ કરવાનું, બધું બંધ. શિકારીઓ પણ સમજ્યા કે આજ રાજાનો મિજાજ ઓર છે, એટલે એક પાકટ શિકારીએ કહ્યું, 'બાવા, આપણે ભીમસર તળાવે જઈએ, ત્યાં ચિત્તો જરૂર પાણી પીવા આવશે,' અને બન્યું પણ તેમજ. બધા શિકારીઓ અને રાજા સંતાઈને ચિત્તાની રાહ જોતા હતા અને ચિત્તો પણ પોતાની હંમેશની ટેવ મુજબ ભીમસરમાં પાણી પીવા આવ્યો. બધા શિકારીઓ બંદૂકોથી તૈયાર થઈ ગયા અને જેવો રાજાનો હુકમ થયો કે ફટાફટ ગોળીઓ છૂટી અને તેમાંય રાજા ફૂલની ગોળી ચિત્તાના શરીરની આરપાર નીકળી ગઈ અને આઠ-દસ ગોળીઓથી વીંધાયેલો ચિત્તો ત્યાં ને ત્યાં ઢળી પડ્યો. રાજા ખુશ હતો. ભૂખ્યો પણ હતો એટલે પોતાને ઉતારે જલદીથી પહોંચી ગયો.

સાંજ પડવા આવી હતી. રાજાના ઉતારાની સામે જ એક વિચિત્ર દૃશ્ય જામફૂલે જોયું. બે ભેંસો જોરથી દોડતી આવી રહી હતી અને માણસો બધા ભાગો ભાગો કરી રહ્યા હતા. સામેથી સોનલ પણ આવતી હતી. તેણીએ જોયું કે કોઈ બાળક વચ્ચે ઊભું છે. જો તેને બચાવવામાં ન આવે તો ભેંસો તેને કચડી નાખશે. સોનલના એક હાથમાં તેની વાછડી કૂદકા મારી રહી હતી. સોનલ તરત જ દોડી. એક હાથે છોકરીને તેડી લીધી. પગ નીચે વાછડીની રાશ પણ દબાવી દીધી અને સામે આવતી ભેંસોને અટકાવવા પોતે ઊભી રહી ગઈ. કોને ખબર કેમ પણ બન્ને ભેંસો સોનલ પાસે આવી શાંત પડી ગઈ. એટલે સોનલે તરત જ બન્નેના રાંઢવાં પકડી લીધાં. પોતાના ઉતારામાંથી જોઈ રહેલો ફૂલ આવી સૌંદર્યવાન અને બલિષ્ઠ સ્ત્રીને જોઈ અને તેણે કરેલા પરાક્રમનું પ્રત્યક્ષ દર્શન કરી આભો જ બની ગયો. આ બધો બનાવ પલકવારમાં બની ગયો. સોનલ તો પોતાને રસ્તે પોતાની વાછડીને કુદાવતી કુદાવતી ઘેર ચાલી ગઈ પરંતુ જામફૂલની શાંતિ હણાઈ ગઈ હતી. તેણે પોતાના વિશ્વાસુ માણસને બોલાવીને પૂછ્યું કે આ સ્ત્રી કોણ છે? પેલાએ કહ્યું, 'બાવા, એનું નામ સોનલ છે. એ કુડધર રબારીની પાલક પુત્રી છે. બધા કહે છે કે સ્વર્ગની અપ્સરા અહીં પૃથ્વી પર ઊતરી આવી છે.' જામફૂલ પણ બોલી ઊઠ્યો કે ખરેખર એ અપ્સરા છે.

બીજે દિવસે જામફૂલ પોતાની રાજધાની તરફ ચાલી નીકળ્યો. પરંતુ તેના મનમાં તો સોનલ કોતરાઈ ગઈ હતી અને તેણીને કેમ પ્રાપ્ત કરવી તે વિચારવા લાગ્યો. એણે પોતાના મંત્રી મારફતે કુડધરને તેના ગામથી તેડાવ્યો. પહેલાં તો કુડધર ગભરાયો. તેને થયું રાજાએ મને શા માટે બોલાવ્યો હશે? મેં રાજ્યનો કાંઈ પણ ગુનો કર્યો નથી. પણ કુડધર ત્યાં પહોંચ્યો ત્યારે રાજાએ સામે

JAYANT STEELS
179-A, Kandori Building, Opp. Sarvoday Nagar,
Panjarapole Road, Bhuleshwar, Mumbai-400 004.
Ph. : (022) 2242 2463 • 2242 7263

જયંત સ્ટીલ્સ
૧૭૯/એ, પાંજરાપોળ રોડ, સર્વોદય નગરની સામે,
મુંબઈ-૪૦૦ ૦૦૪. ★ ફોન : ૨૨૪૨૨૪૬૩ / ૭૨૬૩ / ૭૩૯૦
સુંદર - સુઘડ રસોડાના રાચરચીલાનું પ્રાપ્તિનું પ્રેરણા સ્થાન

ચાલીને તેને આવકાર્યો અને પોતાની પાસે જ એક મોટા આસન પર બેસવા કહ્યું. પછી રાજાએ કુડધર સાથે ઘણી વાતો કરી એ પણ પૂછી લીધું કે સોનલ કોણ છે અને તે તેને ક્યાંથી મળી વગેરે બધી માહિતી પણ મેળવી લીધી અને છેવટે પોતે સોનલ સાથે લગ્ન કરવા માગે છે એવી પોતાની ઈચ્છા જાહેર કરી. આવા ઓચિંતા પ્રસ્તાવથી કુડધર મૂંઝાયો. હું એક ગરીબ રબારી અને આ તો એક રાજા. અમારા બેની સરખામણી ક્યાં? પણ પછી તેને લાગ્યું કે ખરેખર સોનલ રાજરાણી થવા લાયક છે એટલે તેણે રાજાનો પ્રસ્તાવ સ્વીકારી લીધો.

કુડધરે ઘેર આવી આ વાત સોનલ પાસે કરી ત્યારે સોનલે પોતાના પાલક પિતાને કહ્યું કે, હું ફૂલને વરવા તૈયાર છું પણ મારી એક શરત છે. જે દિવસે ફૂલ બીજી રાણી લાવશે તે દિવસે સોનલ આ દુનિયામાં નહીં હોય. કુડધરને આ વાત યોગ્ય લાગી અને તેણે રાજાના મંત્રીને સોનલની આ શરત માન્ય હોય તો સંબંધ કબૂલ રહેશે એમ જણાવ્યું. ફૂલે આ વાત ઘણી ખુશીથી સ્વીકારી અને લગ્નની તૈયારી થવા લાગી. રાજા ફૂલ ઘણો શોખીન હતો. તેથી આ લગ્નમાં ખૂબ ધામધૂમ કરવા પોતાના મંત્રીઓ, સેવકો અને ભાયાતોને પોતાની ઈચ્છા બતાવી. આ લગ્ન એટલું બધું ભવ્ય બન્યું કે આજુબાજુના રાજાઓ પણ જેઓ લગ્નમાં આવ્યા હતા તે ચકિત થઈ ગયા અને વળી સોનલ જેવી સૌંદર્યવાન પત્ની ફૂલને મળી તેથી તેના ભાગ્યની અદેખાઈ કરવા લાગ્યા.

લગ્ન બાદ ફૂલનો આનંદ સમાતો ન હતો. તે સોનલ સાથે એટલો બધો આનંદમાં રહેતો કે જાણે તેનું જીવન જ પલટાઈ ગયું અને સોનલ પણ પોતાના પતિને ખુશ રાખવા પોતાથી બનતું બધું કરતી અને ચાંદની રાતે પોતાના મહેલની અટારી ઉપર તેણી જ્યારે ફૂલ પાસે પોતાના મીઠા રાગથી સંગીત જમાવતી ત્યારે ફૂલ હર્ષ વિભોર થઈ જતો.

આવા આનંદ વચ્ચે આ દંપતી સુખ-ચેનથી જિંદગી ગુજારવા લાગ્યું અને એક વિશેષ આનંદનો દિવસ આવ્યો જ્યારે સોનલે એક તેજસ્વી પુત્રને જન્મ આપ્યો. આ પુત્ર તે લાખો ફુલાણી. આ બાળક જન્મથી જ તેજસ્વી તેમજ સ્વરૂપવાન હતો. કચ્છના ઈતિહાસમાં આ લાખો ફુલાણી એક અતિ પરાક્રમી, બહાદુર, વીરપુરુષ તરીકે વિખ્યાત છે. તેના વિષે કવિઓએ કેટલાંય કાવ્યો લખ્યાં છે. આવા તેજસ્વી બાળકના પિતા થવાથી ફૂલનો ગર્વ સમાતો ન હતો. તે કલાકો સુધી પોતાના પુત્રને રમાડ્યા કરતો.

હવે આપણી આ કથાનો એક કરુણ પ્રસંગ આવે છે. રાજાનું જીવન એ પોતાના અંગત જીવન કરતાં પોતાના રાજ્ય માટેનું વધારે હોય છે. એટલે એક મોટા પાડોશી રાજાએ પોતાની રાજકુમારીને ફૂલ સાથે પરણાવવા માગું નાખ્યું અને એમ કહેવાય છે કે જેવો ફૂલ બીજી રાણીને પરણીને પોતાની રાજધાનીમાં આવ્યો કે તેણે પોતાના મહેલમાં સોનલને ન જોઈ. તેણે સોનલની ખૂબ તપાસ કરાવી પણ ક્યાંય તેનો પત્તો ન લાગ્યો એટલે તેને સોનલની શરત યાદ આવી અને અફસોસ કરતો રહ્યો. તેની નવી રાણી પણ શાંત અને સૌંદર્યવાન હતી પણ ફૂલનું જીવન સોનલ વગર જીવનપર્યંત બેચેન જ રહ્યું.

હવે લાખો પણ ખૂબ મોટો થઈ ગયો હતો. આ વાર્તા પૂરી કરતાં પહેલાં આપણે લાખા વિષે થોડીક વાતો જાણી લઈએ. એક કવિ લખે છે કે :

*લાખા પુત્ર સમુદ્ર કા, ફૂલ ધરે અવતાર;*
*પારેવા મોતી ચુગે, લાખા રે દરબાર.*

આ દોહામાં કવિએ લાખાને સમુદ્રનો પુત્ર એટલે કે મેઘનો અવતાર કહ્યો છે અને તે એટલો બધો સમૃદ્ધ હતો કે તેના આંગણે પક્ષીઓ મોતી ચણતાં હતાં. એક બીજા કવિ લખે છે કે :

*પચ્છમ હિંદરો પાતસા, લાખો ફુલાણી.*

આ કાવ્યમાં કવિ લાખાને પશ્ચિમ હિંદુસ્તાનનો બાદશાહ ગણાવે છે. એમ કહેવાય છે કે લાખાના તાબા હેઠળ કચ્છ અને રાજસ્થાનના છ પ્રમુખ ગઢ હતા.

લાખાએ અત્યારના કેરા ગામ પાસે એક મોટું શહેર બંધાવેલું અને એક મોટો કિલ્લો કપીલકોટ ચણાવેલો અને એક મહાદેવનું મંદિર લાખેશ્વર બંધાવેલું. આ મંદિર આજે પણ શ્રેષ્ઠ વાસ્તુકલાના નમૂના તરીકે કેરા ગામની પાસે જર્જરિત અવસ્થામાં પણ એક ઉત્તમ નમૂના તરીકે આપણને લાખાની જાહોજલાલીનું દર્શન કરાવે છે. ■

## કાલસિદ્ધ કોણ છે?

*વહેલા ઊઠી, આળસ ત્યજી, કામ કરે તે*
*કાલ સિદ્ધ પુરુષ છે.*
*નક્કી કરેલા સમયે, નક્કી કરેલું કામ આદરે તે*
*કાલનો વધારે સદુપયોગ સાધે તે*
*કાલને કર્તવ્યથી ભરપૂર રાખે તે*
*કાલમાં શાંતિ, ઉલ્લાસ, ક્રિયાશક્તિ, આનંદ, જાગ્રત રાખે તે – કાલસિદ્ધ પુરુષ છે.*

MILAN® MASALA

K. K. MASALAWALA
31, K.N. ROAD, MASJID (W), MUMBAI-400 009.
TEL. : 2377 4209 2375 7674
TELEFAX : 2379 0883

MILAN® MASALA

# નઝર હૈ અબ્રે-કરમ પર....

• જયંતી જોષી 'શબાબ' •

ઈતિહાસ પોતાને સમયે સમયે ફરી ફરીને દોહરાવતો હોય છે અને તેથી જ કચ્છી અષાઢી બીજને આ વર્ષે પોંખવા 'મંગલ મંદિર'ના વિશેષ અંકમાં, દસ્તાવેજીકરણના બહુમૂલ્ય ઉદ્દેશથી એ વિશેષ માહિતીની અપેક્ષા તંત્રીશ્રી પ્રતાપ નારાણજી દંડ દ્વારા રખાઈ છે કે :

કચ્છી નવા વર્ષ તરીકે 'અષાઢી બીજ'ની ઉજવણીનો પ્રારંભ ક્યારથી થયો? કોના શાસનમાં નવા વર્ષ તરીકે ઘોષણા થઈ? કઈ ઘટનાને પરિણામે કચ્છી વર્ષની સ્થાપના થઈ?

બરાબર એ જ સવાલો મનમાં લઈને, આજથી ચાર દાયકા પહેલાં, હું ભુજમાં કચ્છ રાજ્યના રાજપુરોહિત પરમાદરણીય ગુલાબશંકર લાલજી પંડ્યાજીના ભુજના નિવાસ સ્થાને પહોંચ્યો હતો. અત્યંત ટૂંકમાં કહું તો એનું કારણ કે જરૂરિયાત એ હતું કે કચ્છ ઔદ્યોગિક વિકાસ મંડળ - મુંબઈના નેજા હેઠળ મુંબઈના 'ષણ્મુખાનંદ ઑડિટોરિયમ'માં તારીખ ૨૭ જૂન, ૧૯૭૬ અને રવિવારે એક સાંસ્કૃતિક કાર્યક્રમસભર સ્નેહ મિલનનું આયોજન કરવામાં આવ્યું હતું અને એ માટે મુરબ્બી શ્રી સુરેન્દ્રભાઈ શેઠના સંયોજનમાં, બહુઆયામી કલાકાર મુરબ્બી શ્રી હસનભાઈ જમાદાર સાહેબના વડપણ હેઠળ ગીત, સંગીત, નૃત્યનો કાર્યક્રમ રખાયો હતો. એ સમગ્ર કાર્યક્રમનું સંચાલન મને સોંપાયું હોઈને તથા કચ્છમાં મુંબઈથી આવી વસ્યાને માંડ ચારેક વર્ષ થયા હોઈ કાર્યક્રમની પૂર્વતૈયારી માટે રાજપુરોહિતજીને મળી ઉપરોક્ત સવાલોના ઉત્તર જાણવા અનુનય કર્યો. તેઓશ્રી રાજપુરોહિત હોવા ઉપરાંત કચ્છી અષાઢી પંચાંગ પણ કાઢતા. તેથી પણ સત્તાવાર માહિતીની અપેક્ષા હતી.

એમના જણાવ્યા અનુસાર એવી કોઈ વિશેષ ઘટનાથી પ્રારંભ થવો કે કોઈ રાજવાની રાજ્યકાળમાં થયેલી ઘોષણા જેવું કશુંય મળતું નથી. હા, સમગ્ર ભારત પૈકી દક્ષિણનાં રાજ્યોમાંથી કેટલાક અષાઢી નવા વર્ષની પરંપરા ધરાવે છે અને દરિયાઇ માર્ગે કચ્છનો સંબંધ તેમની સાથે હજારેક વર્ષ જૂનો હોઈ ત્યાંથી એ આપણે ત્યાં આવી હોવાની એક શક્યતા હોઈ શકે. ભગવાન જગન્નાથ, બલભદ્ર અને તેમની બહેન સુભદ્રાની નગરચર્યા રથયાત્રાનો હવાલો આપી તેમણે પોતાનો મંતવ્યનો આધાર આપ્યો હતો. એમ પણ કહ્યું કે જ્યોતિષ - પંચાંગને આધારે એ પરંપરા સાડા નવસોથી હજારેક વર્ષ જૂની તો છે જ છે.

આ બાબતે થોડોક વધુ અભ્યાસ અને વિદ્વાનોના પરામર્શનને અંતે એક તથ્ય હાથ લાધ્યું અને તે એ કે આ આખીય પરંપરા ફક્ત ને ફક્ત લોકપરંપરા જ છે. જેનો ઝાંખોપાંખો આધાર લોકકથા, પુરાણો તેમજ વેદ, બ્રાહ્મણોમાં પણ મળી રહે ખરો!

આ બાબતે આગળ વધતાં જણાવ્યું કે કચ્છ એટલે એવો ભૂ-ભાગ કે જે ચારેય બાજુથી પાણીથી ઘેરાયેલા કાચબા જેવો છે. એ પ્રદેશની નજીકનો કે પડોશી કે બગલમાં આવેલો પ્રદેશ તે સિંધ. 'કચ્છ' શબ્દનો એક અર્થ 'બગલ' પણ હોવાથી, સિંધની બગલના પ્રદેશ લેખે એનું નામ કચ્છ પડ્યું હોઈ શકે.

પ્રાકૃતિક આપદાઓની લીલાભૂમિ જેવા આ કચ્છ પ્રદેશમાં સમયે સમયે આવી વસેલા અને પછી સમરસ થઈ ફક્ત કચ્છી તરીકે ઓળખાતા લોકોની આજીવિકા મુખ્યતઃ ત્રણ માર્ગે ચાલતી : (૧) રામમોલ એટલે કે વરસાદ આધારિત ખેતી. (૨) પાણીની શોધમાં ભટકતા રહી થતું પશુપાલન અને (૩) સમુદ્ર રસ્તે અન્ય દેશોમાં જઈ વેપાર-નોકરી કરવી કે દરિયાખેડુ નાવિક થઈ દરિયાઈ ખેપ કરવી.

આ ત્રણેય પ્રકારો ફક્ત ને ફક્ત વરસાદ આધારિત હોવાથી, વરસાદની ઋતુ શરૂ થયા પહેલાં સહુ વતનમાં પાછા ફરે અને તેમનું આગમન જ ઓચ્છવ બની જાય. ખારા સમુદ્રના ઘેરામાં વસતા લોકોને મીઠા પાણીનું વરસવું... શાહ ભીટાઈ લખે છે તેમ... એક 'તડ તડ તમાસો'થી ઓછું નથી હોતું. વરસાદ પર આધારિત કચ્છનું અસ્તિત્વ તેથી જ ઈશ્વરકૃપા અને માનવયત્નનો સરવાળો રહ્યું. કોઈએ સાચું જ કહ્યું છે કે :

*"નઝર હૈ અબ્રે-કરમ પર, દરખ્તે સહરા હૂં,*
*કિયા ખુદાને ન મોહતાઝે - બાગબાં મુઝકો."*

(અર્થાત્ મારી નજર તો વાદળની કૃપા પર છે કારણકે હું તો રણનું વૃક્ષ છું. કદાચિત તેથી જ ઈશ્વરે મને માળીનું ઓશિયાળું નથી બનાવ્યું! મારે તો આકાશી-કૃપા એ જ આધાર છે.)

ફક્ત ખેતી કે પશુપાલન જ નહીં દરિયાઇ ખેપ કે વેપારવણજ પણ એ ઈશકૃપાના આધારે હોય છે. વર્ષાના આગમને દરિયાઇ ખેપો ચાર મહિના માટે બંધ થઈ જાય. તેથી ઘર-પરિવાર, સગાવહાલાં સહુનો મેળો અષાઢના આરંભે થાય. દરિયાલાલનું પૂજન તો ખરું જ, સાથોસાથ વરસે નહીં તો વરસ કેવું? એટલે પ્રભુને પ્રાર્થનાય ખરી કે, 'વરે વસંધો કીજ!' (વરસતું વર્ષ આપજે!)

લોકો ભેગા મળીને લાપસીનાં આંધણિયાં મૂકે. ઈશ્વરને પ્રાર્થે કે મેઘરાજ અમારે આંગણે પધારો અને તે પણ સજોડે! મતલબ કે અહીં ઘટાટોપ મેઘની સાથે તેની પ્રિયા વીજળીને ય લોકો

ઝંખે, આરાધે! કહે ય ખરા કે 'અષાઢી બીજ, વાદળ ને વીજ!'

શૃંગારના બે ય સ્વરૂપો તાદૃશ થાય — મિલન અને વિપ્રલમ્ભ! મળેલા જીવો મિલનની મોજ માણે તો સમય-સંજોગે વતન ન પહોંચી શકેલા લોકો વિરહી યક્ષની માફક પોતાને અભિશાપગ્રસ્ત માને! અહીં વીજળી વિનાનો વાદળ પણ અધૂરો લાગે. વસુન્ધરા, ભોમકા, મેઘરાજ માધવની વાટ જુએ ને એનું ભવ્ય આગમન થાય ત્યારે લોકો વધાવે કે

*"મીં આયો માધો આયો,*
*ધરતી તોજો લાડો આયો!"*

(વરસાદરૂપે માધવ આવ્યો છે, હે ભોમકા, તારો વરરાજા આવ્યો છે!)

પરંતુ ખરી મજા તો મિલન... ચિરવાંછિત મિલનમાં અને તેથીય વધુ મજા તો એવા મિલનની અડોઅડ ઊભેલા ભમરાળા વિરહમાં હોય છે! વળી જો એ મિલન કે વિરહ પત્ની સાથેના ન હોઈ પ્રેયસી સાથેના હોય તો એની વાત જ કંઈ ઓર હોય છે.

પુરૂરવા એટલે ઋગ્વેદના સંવાદ સૂક્તનો નાયક. અર્થ સ્વરૂપે "બહુધા રોરુયતે અસૌ પુરૂરવા" ઘણું ગાજે કે વિલપન કરે તે પુરૂરવા, એ કચ્છીઓનો મેઘ! અને એના હાથમાંથી આવી આવીને સરી જતી એની પ્રેમિકા તે વીજળી, ઉર્વશી! જે ઉરને વશ કરે તે ઉર્વશી, જે કાંતિમાન હોય તે ઉર્વશી! કચ્છની વીજળી પણ કેવી? તમે આંખ ન મેળવી શકો એવી તેજસ્વી, દૈદીપ્યમાન! એ અવકાશી મહેફિલમાં આવે ને સહુની આંખો જ અંજાઈને મિંચાઈ જાય! હજારો વોલ્ટના બલ્બ પણ એની પાસે ફિક્કા લાગે...

*"વો આયે બઝમમેં, ઈતના તો 'મીર'ને દેખા*
*ફિર ઈસકે બાદ, ચિરાગોંમેં રોશની ન રહી!"*

એ પુરૂરવા અને ઉર્વશીના મિલનથી થતો પુત્ર તે વરસાદ, આયુષ્. જો જળ એ જીવન એમ સ્વીકારીએ તો કચ્છવાસીઓ માટે એ જળ જ જીવાદોરી રહ્યું છે. એટલે કચ્છવાસી જનો વિક્રમ અને ઉર્વશી ઉપરાંત આયુષ સાથેના આ દિવ્ય પરિવારને આવકારવા અષાઢી બીજનું પર્વ સ્વયંભૂ રીતે ઊજવતા એમ માનવાને અવકાશ છે.

શ્રાપગ્રસ્ત અપ્સરા (અપ્સુ સરત્યસૌ અપ્સરા) એટલે કે જળે સરકતી વીજળી તે અપ્સરા નેં એને જોવા આભને આરે ઊભેલો નાયક તે પુરૂરવા. એને કચ્છી લોકસાહિત્યએ કેટલાક ફેરફાર કરી પોતીકો બનાવ્યાનું આ દંતકથાત્મક લોકવાર્તા કહે છે...

ઓઢો જામ શ્રાપગ્રસ્ત અપ્સરા હોથલને તળાવમાં, ખુલ્લા વાળ છૂટા મેલી, સ્નાન કરતી જોઈ પ્રેમમાં પડે છે. વિક્રમોર્વશીયની માફક અહીં પમ શરતને આધીન અપ્સરા એનો પ્રેમ સ્વિકારી એને પરણે છે અને એનો ભંગ થતાં જ છોડી સ્વર્ગે જતી રહે છે. પરંતુ યુક્તિબળે પાછી આવી મળે છે. આખરે તો 'ભર્તૃહરિ'જીની ઉક્તિ ચરિતાર્થ થતી રહે છે કે : "સંયોગાઃ વિયોગાઃ, વિયોગાઃ સંયોગાઃ ।"

ગુજરાતની સાથે સાથે વિશ્વ લોકસાહિત્યના મર્મી અને જાણતલ એવા લોકવાર્તાકાર સ્વ. દરબાર પૂંજાવાળા સાથે આકાશવાણી - ભુજના સ્ટુડિયોઝ પર આ બાબતે વાત થતાં તેમણે જણાવ્યું હતું કે વરસાદને ઝંખતા કે દરિયાકિનારાના કંઈ કેટલાય દેશોમાં આ કથા પોતીકા ફેરફારો સાથે લોક સાહિત્યમાં ચિરંજીવી છે. ગુજરાતી લોકસાહિત્યની આ અમર પંક્તિઓ તેમણે સંભારી હતી કે —

*"આભે ધારાળાં કાઢીયાં,*
*ને વાદળ ચમકી વીજ;*
*મારા રૂદાને રાણો સાંભર્યો,*
*કે આવી અષાઢી બીજ!"*

અને, અંતરમનમાં બેઠેલો કચ્છી લોકસાહિત્યનો કારાયલ ગહેક્યો હતો કે....

*"ઉત્તર સેરું કઢૈયું*
*ડુંગર ડમરેઆ;*
*હીયડો તલફે મચ્છજીં*
*સજણ સંભરે આ!"*

(ઉત્તર દિશાએથી વાદળોના દળ કટક આવી પુગ્યા. ડુંગરાઓ ધૂળની ડમરીઓથી ધૂસરિત થઈ ગયા એવામાં મારું મનડું જળવિહોણાં મત્સ્યની જેમ તરફડે છે કારણકે પ્રિયતમ યાદ આવ્યા છે!)

હા, લોક પરંપરાને સથવારે જ અહીંના દરબારગઢમાં કચ્છી નૂતન વર્ષારંભે ખાસ કચારી (વિશેષ સભા)નું આયોજન થતું. જેમાં મહારાઓશ્રી પોતે પ્રજાજનોને રૂબરૂ મળતા. કવિ-કોવિદો અને કલાકારો તેમજ અગ્રગણ્ય નગરજનોનું સન્માન સાકરપડો, ઉત્તરીય અને પસભરીને ત્રોફા (સોપારી કે નાળિયેર) આપી કરાતું. આખુંય વાતાવરણ શરણાઇ અને નોબત વાદનના મંગલ સ્વરોથી પુલકિત રહેતું.

લોક પરંપરા એક નદી જેવી હોય છે. એ લોકમાતા જેવી જ વાત્સલ્યમયી અને સર્વદા હોય છે. એના મૂળ સુધી પહોંચવું સંભવ ન લાગતાં એમાં અવગાહન કર્યાનો અભિનવ આનંદ લીધા જેવો છે. સમયની ધૂળ જ્યાં ધોળાવીરા જેવા નગરોને ગળી ગઈ છે ત્યાં અત્યારે તો ભાવપૂર્વક એ રજ થોડીક ખંખેરી એ ભવ્ય ખંડેરો વચ્ચે નિરંતર વાગતા રહેતા નોબતના સૂરો થોડીકવાર માટે તો આત્મસાત્ કરીએ, કારણ....

*"બેસબબ તો નહીં હૈ, યે સૂને મકાં કે સન્નાટે*
*કિ મકાં ભી યાદ કિયા કરતે હૈં મકીનોંકો!"*

(આ સૂના મકાનોના સન્નાટા કારણ વિનાના નથી, એ મકાનો પણ એમાં રહેનારાઓને સંભારે છે!) ■

કચ્છી પ્રતિભા વિશેષ

# પ્રતિભાશાળી વ્યક્તિત્વ : મહારાવ લખપતજી

• હરેશ ધોળકિયા •

આપણે કોઈ પણ કૃતિને જ્યારે નિહાળીએ છીએ, ત્યારે આપોઆપ તેમાંથી આપણને કર્તાનું દર્શન થાય છે. જો કૃતિ ઉત્તમ હશે, તો સમજવું કે કર્તા પણ પ્રતિભાશાળી હશે. અને જો કૃતિ નબળી કે સામાન્ય હશે, તો કર્તા પણ તેવા જ હોવાના. આપણે જ્યારે કોઈ મકાન કે કલાકૃતિ કે શહેર કે ગામના રસ્તાઓ સામાન્ય કે નબળા જોઈએ છીએ, ત્યારે ખ્યાલ આવી જાય છે કે આના કર્તા પણ તેવા જ હશે! પણ જ્યારે આપણે તાજમહાલ, કુતુબ મિનાર, મોનાલીસાનું ચિત્ર, ભારતની અવકાશ સિદ્ધિઓ વગેરે જોઈએ છીએ, ત્યારે તરત જ ખ્યાલ આવી જાય છે કે આને જેમણે બનાવેલ હશે, તેઓ પણ અદ્‌ભુત લોકો હશે. કૃતિ બરાબર કર્તા — આ અફર નિયમ માની લેવો.

કચ્છમાં પણ જ્યારે કોઈ ઉત્તમ કૃતિ વિશે સાંભળીએ છીએ અથવા તો જોઈએ છીએ, ત્યારે તેમાં પણ આપણને કર્તાનાં જ દર્શન થાય છે. કચ્છના ઈતિહાસમાં આવી જે મહાન અને અદ્‌ભુત કૃતિઓ થઈ ગઈ છે, તેમાં એક કચ્છની વ્રજભાષા પાઠશાળાનો ઉલ્લેખ કરી શકાય. અને તેના કર્તા કચ્છના એક મહારાવ લખપતજી હતા. તેથી તે પણ એક અદ્‌ભુત કર્તા હશે તેવી કલ્પના કરી શકાય.

કચ્છના ઈતિહાસમાં રાજાશાહીના બે વિભાગ પાડી શકાય. પહેલા વિભાગમાં જામ ફૂલથી લઈ જામ રાવળ સુધી આવી શકે અને બીજા વિભાગમાં રાવ ખેંગારજી પહેલાથી મહારાવ મદનસિંહજી સુધી આવી શકે. આ બન્ને વિભાગોમાં અનેક રાજાઓ થઈ ગયા છે. તેના ત્રણ વિભાગ પાડી શકાય : એક, સામાન્ય રાજાઓ. બીજો, સલારા રાજાઓ અને ત્રીજા ઉત્તમ રાજાઓ. સામાન્ય રાજાઓમાં ન પડીએ. એક રાવ રાયધણજી બીજા તેમાં ધ્યાન ખેંચે છે જેના સમયમાં કચ્છમાં અંધાધૂંધી ફેલાઈ ગઈ હતી. સારા રાજાઓ થોડા થઈ ગયા છે જેમાં રાવ દેશળજી, ભારમલજી, પ્રાગમલજી વગેરે આવી શકે. પણ ઉત્તમ રાજવીઓમાં બે નામ તરી આવે છે : એક તો જામ લાખો ફુલાણી અને બીજા મહારાવ લખપતજી. આજે જ્યારે કેરાકોટ અને કેરાનું શિવ મંદિર જોઈએ છીએ, ત્યારે લાખા ફુલાણીની પ્રતિભાનો સ્પષ્ટ ખ્યાલ આવે છે. છેક અગિયારમી સદીમાં જ્યારે ચારે તરફ સરાસરીપણું પ્રવર્તતું હતું ત્યારે તેણે કરેલ આ બાંધકામ તેની કલાત્મક દૃષ્ટિનો પરિચય કરાવે છે. તો આયના મહેલ વગેરે જોઈએ છીએ કે કેટલીક બીજી ઘટનાઓ વિશે સાંભળીએ છીએ, ત્યારે મહારાવ લખપતજીની પ્રતિભાનું દર્શન થાય છે.

કચ્છમાં જે અઢાર જાડેજા રાજવીઓ થઈ ગયા, તેમાં મહારાવ લખપતજી અલગ જ તરી આવે છે. અન્ય રાજાઓની તુલનામાં તેમનામાં અદ્‌ભુત કલ્પનાશક્તિ અને વ્યવસ્થાશક્તિનો સંગમ જોવા મળે છે. આમ તો તેમના વ્યક્તિત્વમાં ત્રણ મોગલ રાજાઓનાં મિશ્રણ દેખાય છે : જહાંગીર, શાહજહાં અને ઔરંગઝેબ. જહાંગીર જેવા રીસાળ અને પિતા વિરોધી હતા. શાહજહાં જેવા કલાકાર હતા. અને ઔરંગઝેબ જેમ તેમણે પણ પોતાના ઉત્તમ પિતાને નજરકેદ કર્યા હતા. પણ તેમનું સાચું વ્યક્તિત્વ તો આપણને શાહજહાં જેવાં કલાકાર હોવામાં જ જોવા મળે છે. શાહજહાં પણ, મોટા ભાગે, બાંધકામ ક્ષેત્રે જ જાણીતા રાજવી છે. બીજા ક્ષેત્રોમાં તેનું ખાસ પ્રદાન જોવા મળતું નથી. પણ લખપતજીનું વ્યક્તિત્વ તો, શાહજહાંની તુલનામાં, બહુપરિમાણી છે. તે તો અનેક ક્ષેત્રોમાં વિહર્યા છે. આપણે તેના તરફ આછી ઝાંખી કરવાનો પ્રયત્ન કરીએ.

## • આર્થિક ક્ષેત્રે :

કચ્છના ભાગ્યે જ કોઈ રાજાએ કચ્છના આર્થિક ક્ષેત્ર પર ઊંડો પ્રભાવ પાડ્યો છે - સિવાય કે લખપતજીએ. કચ્છ એક સૂકો પ્રદેશ છે. અહીં સૂકી ખેતી જ મુખ્યત્વે રોજગારીનો વિસ્તાર રહ્યો છે. અન્ય ક્ષેત્રોમાં કોઈ વિકાસ થયો હોય તેમ ઈતિહાસમાં દેખાતો નથી. લખપતજી પહેલા રાજવી છે જેમણે કચ્છમાં રોજગારી ક્ષેત્રે નવાં ક્ષેત્રો ઊભાં કર્યા છે. તેમણે પોતાના ટૂંકા રાજ્યકાળ દરમ્યાન કચ્છમાં લગભગ અઢારેક જેટલા ઉદ્યોગો શરૂ કર્યા હતા. જેમાં મીનાકામ, ચાંદીકામ, શિલ્પકામ, ઘડિયાળ બનાવવું, મકાનો બંધાવવાં, તોપો બનાવવી, કાચનું કારખાનું, લાદીઓ બનાવવાનું કારખાનું વગેરેનો સમાવેશ થાય છે. આના પરિણામે, સ્વાભાવિક છે કે, કચ્છમાં અનેક નવા કારીગરો તૈયાર થયા હશે અને રોજગારીનું પ્રમાણ વધ્યું હશે. અને કેટલાક ઉદ્યોગોમાં તો માત્ર તેમના જ સમય પૂરતું આ કામ ન થયું. તેમના ગયા પછી પણ, આજ સુધી, આ મીનાકામ જેવા ઉદ્યોગો કામ કરી રહ્યા છે.

લખપતજીની પ્રતિભા અહીં જ અટકતી નથી. તેમની પ્રતિભા તો લાંબાગાળા માટે દેખાય છે. તેમના સમયમાં ઈંગ્લેન્ડમાં ઔદ્યોગિક ક્રાંતિ થઈ છે. માત્ર ઈંગ્લેન્ડમાં જ. અને પછી જો તપાસ કરવામાં આવવે તો આ ઔદ્યોગિક ક્રાંતિ આખા વિશ્વમાં કેવળ કચ્છમાં જ દેખાય છે. લખપતજીના પ્રભાવથી! તે સમયે સમગ્ર ભારતના બીજા રાજાઓ જ્યારે ભોગ વિલાસમાં રચ્યાપચ્યા હતા અને વિકાસ વિશે ભાગ્યેજ ચિંતન કરતા હતા,

ત્યારે લખપતજી એક એવા રાજવી દેખાય છે જે પણ, વિલાસમાં જીવન ગાળવા છતાં, એક પ્રખર જિજ્ઞાસુ હતા અને વિશ્વમાં બનતા બનાવો વિશે જાગૃત રીતે ધ્યાન રાખતા હતા અને તક મળ્યે તેનો અમલ કચ્છમાં કરતા હતા. તેમણે જ્યારે રામસિંહ માલમ પાસેથી યુરોપની કળાની વાતો સાંભળી હશે ત્યારે તરત તેમનો આ જિજ્ઞાસુ અને કલાકાર સ્વભાવ ઉત્તેજિત થયો હશે અને આ પ્રવૃત્તિઓ શરૂ કરી હશે. પણ મૂળ વાત કે જ્યારે ભારતના અન્ય વિસ્તારોમાં લગભગ અંધકારનો સમય પ્રવર્તતો હતો, ત્યારે લખપતજીએ કચ્છમાં ઔદ્યોગિક ક્રાંતિનાં પગરણ માંડ્યાં હતાં જેનો તત્કાલીન કચ્છને અવશ્ય લાભ મળ્યો હશે. ભારતમાં તો આ ક્રાંતિનાં પગરણ છેક અઢારમી સદીના અંતમાં જમશેદજી તાતાના પ્રયત્નોથી શરૂ થયાં હતાં. આ મુદ્દા પર જો ઊંડાણથી વિચાર અને સંશોધન કરવામાં આવે, તો લખપતજીની પ્રતિભા પર વારી જવાય તેમ છે. જગતના સૌથી પછાત વિસ્તારમાં ઔદ્યોગિક ક્રાંતિની શરૂઆત કરવી તે નાની વાત નથી. આ બાબત પર આજ સુધી ઈતિહાસકારોનું ધ્યાન નથી ગયું, પણ હવે તે બાબતે ઊંડા સંશોધનની જરૂર છે.

- **બાંધકામ ક્ષેત્રે :**

લખપતજીનો શાહજહાં સ્વભાવ ઉત્તમ રીતે વ્યક્ત થાય છે તેમની બાંધકામની પ્રવૃત્તિઓમાં. સંભવ છે, તેમણે ઘણાં બાંધકામ કરાવ્યાં હશે, પણ તેમની સર્વોત્તમ અભિવ્યક્તિ દેખાય છે તેમણે તૈયાર કરેલ "આયના મહેલ"માં. આયના મહેલમાં આપણે જ્યારે જઈએ છીએ અને તેમાં પ્રગટ થતું વૈવિધ્ય જોઈએ છીએ, ત્યારે 'વાહ-વાહ" બોલાઈ જવાય છે. સંગેમરમરની દિવાલો, તેમાં જડેલા અરીસાઓ, આસપાસ વેનેશીયન કાચનાં આચ્છાદનો, લટકતાં ઝુમ્મરો, દિવાલ પાસે રખાયેલ સાંકડો માર્ગ, વચ્ચે વિહાર હોજ, તેમાં બેસાડેલ ચીની લાદીઓ, ફુવારા માટે ઉપયોગમાં લેવાયેલા પંપો અને સાઈફનો જે ગમે તેવા ઉનાળામાં પણ મહેલને શીતળ રાખે, બહારથી સૂર્ય પ્રકાશ કે ધૂળ ન આવે માટે પ્રવેશદ્વાર પાસે રખાયેલ અંધકાર, આખા ખંડોને કુશળતાપૂર્વક પ્રકાશિત કરી શકાય એ રીતે રખાયેલ મીણબત્તીની વ્યવસ્થા, રેશમી ભરતવાળા ગાલીચા, ઉત્તમ ચિત્રો અને કલાકારીગરીના નમૂના...આવી તો અનેક અદ્ભુત કલાકૃતિઓથી મહેલ છલકાય છે. જોતાં ધરાઈએ જ નહીં! ભલે મહેલ બાંધ્યો રામસિંહે છે, પણ તેની ઝીણામાં ઝીણી વિગતોમાં લખપતજીએ પણ પળેપળ રસ લીધો જ હશે. રામસિંહને પણ કામ કરવામાં ભારે આનંદ આવ્યો હશે. એમાં એક બીજી બાબત ખાસ ધ્યાન ખેંચે છે તે એ કે ત્યારે જ્યારે મોગલ કે રાજસ્થાની અને દક્ષિણ ભારતની શિલ્પકળા પ્રચલિત હતી અને તેનો જ ઉપયોગ થતો હતો, ત્યારે લખપતજીએ યુરોપિયન કળાનો ઉપયોગ કરી આ મહેલ બાંધ્યો છે. પરંપરાથી જુદા પડવું એ હિંમત માગી લે તેવું કામ છે જે કેવળ લખપતજીની પ્રતિભા જ કરી શકે.

તો એવું જ પાઠશાળાનું મકાન. તે પણ તેમણે જ બંધાવ્યું છે. આજે પણ તે જોઈએ છીએ ત્યારે તેના બાંધકામ પર આફરીન થઈ જવાય છે. તેમનાં મૃત્યુ પછી તેમની જે છતરડી તૈયાર કરવામાં આવી છે, તે પણ તે જ સૂચવે છે કે તેમણે આગળથી રામસિંહને કહી દીધું હશે કે તેમનું સ્મૃતિ ચિહ્ન કેમ તૈયાર કરવું. તે પણ આજે કલાકારોને સતત આકર્ષે છે.

આ બધાં બાંધકામો જોઈએ છીએ ત્યારે તેમની પ્રતિભા આપણા સામે ઝળહળતી દેખાય છે અને આપણે આદર અનુભવીએ છીએ. આજે પણ વિશ્વભરના લોકો જ્યારે આયના મહેલની પ્રદક્ષિણા કરે છે, ત્યારે સ્તબ્ધ થઈ જાય છે. ટેકનોલોજીના યુગમાં વગર ટેકનોલોજીએ આવું ઉત્તમ બાંધકામ બધાને આશ્ચર્યવત કરે છે.

- **સાહિત્ય ક્ષેત્રે :**

લખપતજી શાહજહાંથી એક પગલું આગળ જાય છે. શાહજહાંનો રસ કેવળ બાંધકામ ક્ષેત્રે મર્યાદિત દેખાય છે. સાહિત્ય ક્ષેત્રે તેનું અંગત કે જાહેર પ્રદાન જોવા મળતું નથી. લખપતજી અહીં તેનાથી અલગ પડે છે. તેમણે અન્ય ક્ષેત્રો સાથે સાહિત્યમાં પણ અંગત અને જાહેર રીતે ઊંડો રસ લીધો છે.

આટલા સંકુલ અને ખટપટી વહીવટ વચ્ચે (પોતે પણ ખટપટી હતા!) પણ તેમણે સાહિત્યમાં રસ કેળવ્યો છે. મહત્ત્વની બાબત એ છે કે તેમણે જાતે પણ સાહિત્યનું સર્જન કર્યું છે. તેમણે લખેલાં પુસ્તકોમાં "લખપતિ શૃંગાર," "લખપતિ સાન મંજરી," "સૂર તરંગિણી", "મૃદંગ મોહરા," "રાગ સાગર" અને "સદાશિવ વ્યાહ" હતાં એમ મનાય છે. આ પુસ્તકો તેમણે તત્કાલીન પ્રચલિત વ્રજભાષામાં લખ્યાં છે. ખૂબીની બાબત એ છે કે તે પોતે કચ્છી છે. માતૃભાષા પણ કચ્છી જ હશે. છતાં તેણે તેમાં રસ ન લેતાં કે સાહિત્ય ન સર્જતાં અખિલ ભારતીય સ્વીકૃત એવી વ્રજભાષામાં જ લખ્યું છે.

ત્યાંથી પણ લખપતજી અટક્યા નથી. તેમણે કચ્છમાં પણ ઉત્તમ સાહિત્યકારો સર્જાય માટે 'વ્રજ પાઠશાળા' ની સ્થાપના કરી છે. આ વ્રજશાળા એવી શૈક્ષણિક સંસ્થા હતી જેમાં વ્યવસ્થિત રીતે કવિઓને તૈયાર કરવાની તાલીમ આપવામાં આવતી હતી. તે માટે તેમણે ઉત્તમ શિક્ષકો પણ રાખ્યા હતા. અને વિચારવાનું એ છે કે તે સમયમાં જ્યારે કચ્છ ભારતના મોટા ભાગોથી વિખૂટું હતું ત્યારે સમગ્ર ગુજરાતમાંથી, કદાચ રાજસ્થાનમાંથી પણ, યુવાનો આ કવિત્વની તાલીમ લેવા આવતા હતા. અને બીજી મહત્ત્વની બાબત એ હતી કે લખપતજી પછીના વારસોએ પણ આ સંસ્થાનું મહત્ત્વ સ્વીકાર્યું હશે, કારણ કે કચ્છ ભારતમાં ભળ્યું ત્યાં સુધી આ વ્રજભાષા પાઠશાળા ચાલુ રહી અને કવિઓ તૈયાર થતા રહ્યા. તેના છેલ્લા આચાર્ય તરીકે શ્રી શંભુદાનજી ગઢવી હતા જે હજી થોડા વર્ષો પહેલાં જ વિદાય થયા છે.

આ ઉપરાંત એવી પણ નોંધ છે કે વ્રજભાષા પાઠશાળા ઉપરાંત તેમણે સંગીતનું શિક્ષણ આપવા માટે એક પાઠશાળા સ્થાપી હતી.

અને આ બધી સંસ્થાઓ ચલાવવા માટે તેમણે હમીરદાન રત્નૂ, કનક કુશળ, કુંવર કુશળ જેવા રસસિદ્ધ કવિઓ અને મયારામ અને ફકીરચંદ જેવા સંગીતજ્ઞ અને રામસિંહ માલમ જેવા કલામર્મજ્ઞ પોતા પાસે રાખ્યા હતા. આમ, તે અપ્રતીમ યોદ્ધા હોવા સાથે એક સર્વાંગી સાહિત્યકાર, કલાકાર, ચિત્રકાર, નૃત્યવિદ્યા વિશારદ પણ હતા. એક બહુઆયામી વ્યક્તિત્વ ધાવનાર પ્રતિભાશાળી!

પણ વહીવટ અને તાણ વચ્ચે આ રીતે સાહિત્ય અને કળાઓમાં રસ લેવો એટલું જ નહીં, સાહિત્યકારો તથા કલાકારોને તૈયાર કરવા એ તો કેવળ દીર્ઘ દષ્ટિવાળા વિઝનરીને જ વિચાર આવે. અને કેવળ વિચાર આવવો એ પૂરતું નથી, તેનો અમલ કરવો એ મોટી ઘટના કહી શકાય. એટલે જ આપણને લખપતજીમાં આ વિઝનરીનાં દર્શન થાય છે.

- **પ્રતિભાશાળીને આદર આપવો :**

સાચા પ્રતિભાશાળીનું એક અદ્‌ભુત લક્ષણ હોય છે કે તે બીજા એવા જ પ્રતિભાશાળીને ઓળખી શકે છે અને, શક્ય હોય તો, તેને મદદરૂપ થાય છે અને તેની પ્રતિભાનો સમાજને લાભ પણ અપાવે છે. રાવ લખપતજીમાં આ બાબતનાં પણ આપણને દર્શન થાય છે.

ત્યારે એક બીજો જ એવો પ્રતિભાશાળી વ્યક્તિ હતો રામસિંહ માલમ. હતો તો તે ઓખાનો એક વાઘેર ખારવો, પણ અકસ્માતે તે યુરોપ જઈ ચડ્યો અને જિજ્ઞાસુ હોવાથી, ત્યાંથી અનેક વિદ્યાઓ શીખી આવ્યો જે કલાત્મક હોવા સાથે રોજગાર ક્ષેત્રે પણ ઉપયોગી હતી. ભારતમાં આવ્યા પછી તેણે સૌરાષ્ટ્ર-ગુજરાતના અનેક રાજાઓનો સંપર્ક કર્યો અને પોતાની આ વિદ્યાનો ઉપયોગ કરવા ઓફર પણ કરી, પણ ત્યારના કોઈ જ રાજાએ તેની આ વાતને સાંભળી નહીં અને અવગણ્યો. તેથી તે નિરાશ થઈ ગયો અને માંડવીમાં આવ્યો અને પોતાના કોઈ સંબંધી પાસે રહ્યો. પણ ત્યારે કચ્છમાં લખપતજી હતા. તેમની પ્રતિભાથી માંડવીના લોકો પણ પ્રભાવિત જ હશે. એટલે જ્યારે રામસિંહની કળાની વાતો કોઈએ સાંભળી હશે, ત્યારે કોઈએ તેને લખપતજી પાસે જવાનું કહ્યું હશે. અથવા એવું પણ બન્યું હોય કે લખપતજીના કાને તેની કળાકારીગરીની વાતો પહોંચી હશે અને તેને તેમણે દરબારમાં બોલાવ્યો હશે અને સાંભળ્યો હશે.

પણ જેવો તેને સાંભળ્યો હશે, તરત તેનો તેમણે સ્વીકાર કર્યો હશે અને કામ સોંપી જ દીધું હશે. ઉદ્યોગો, બાંધકામ બધેમાં કામ સોંપ્યું હશે. સંભવ છે, તે પણ આવા જ કોઈ જિજ્ઞાસુની રાહ જોતા હશે જે તેમને રામસિંહમાં દેખાયો હશે. અને પ્રતિભાનું અદ્‌ભુત લક્ષણ એ હતું કે તેમણે રામસિંહને બધું જ કામ કરવા માટે પૂર્ણ સ્વતંત્રતા આપી દીધી હશે. રામસિંહે શરૂઆતમાં ઉદ્યોગોની તાલીમ માટે હુન્નરશાળા શરૂ કરી હતી. તેની પરવાનગી આપી હશે. તેની વાતો સાંભળી અને કામગીરી જોઈ લખપતજીને લાગ્યું હશે કે રામસિંહનો વધારે લાભ લેવો હોય તો તેને વધારે શીખવાની તક આપવી જોઈએ. એટલે તેમણે તેને ફરી યુરોપ મોકલ્યો અને નવી વિદ્યાઓ શોખવાની પ્રેરણા આપી. પરિણામે કચ્છના આર્થિક અને કલાત્મક જગતમાં હલચલ મચી ગઈ.

આ એક અદ્‌ભુત ઘટના કહી શકાય. બે પ્રતિભાશાળી ભેજાઓ એકઠાં થાય ત્યારે કેવા જાદુ સર્જી શકે છે તેનો આ નમૂનો છે કે કચ્છમાં આવી અદ્‌ભુત વસ્તુઓનું સર્જન થયું. બે વચ્ચે કેવી અદ્વૈત વિચારસરણી હશે તેની કલ્પના જ કરવી રહી. આ બાબત પણ ઊંડો વિચાર ને સંશોધન માગે છે.

આવું જ દેખાય છે આયના મહેલના સર્જનમાં. રામસિંહમાં કલ્પનાશક્તિ હતી, પણ તેને પથ્થરમાં અદ્‌ભુત રીતે વ્યક્ત કરવી પણ કળા છે જે આયના મહેલ બાંધનાર કડિયા - ગૈધર “દેવશી” હતા, તેને પણ લખપતજીએ પૂર્ણ સ્વતંત્રતા આપી દીધી હશે અને સત્કાર્યો હશે. સૌથી મોટી વાત એ છે કે આયના મહેલમાં આ ગૈધરના નામનો ઉલ્લેખ અને ફોટો પણ છે. એક નાના કારીગરને આટલું માન એક વિશાળ હૃદય ધરાવતો પ્રતિભાશાળી જ આપી શકે. અને સંભવ છે, આવા અનેક કારીગરોને તેમણે ઉત્તમ વળતર આપી અનેક અદ્‌ભુત કામ કરાવ્યાં હશે. રાવ લખપતજી અહીં પણ શાહજહાંથી અલગ એટલા માટે પડે છે કે શાહજહાંએ તાજમહાલ બાંધનાર કારીગરોને મારી નાખ્યા હતા એમ કહેવાય છે જેથી બીજો તાજમહાલ ન બાંધી શકાય. ત્યારે લખપતજીએ તો તેમને સાચવ્યા અને અમર કરી દીધા.

તે જ રીતે વ્રજભાષા પાઠશાળામાં પણ ઉત્તમ શિક્ષક કવિઓ રાખ્યા હશે જેના પ્રભાવે જ ત્યાંથી ઉત્તમ કવિઓ જન્મ્યા હશે.

આ સમગ્ર બાબતો પર ઊંડાણથી નજર કરાય તો પળે પળ લખપતજીમાંથી પ્રતિભા ઝળહળ થતી જોવા મળે છે. તેમનો મોટાભાગનો સમય ખટપટોમાં અને ભોગવિલાસમાં ગયો તેથી કદાચ તે આ બાબતો પર વધારે ધ્યાન નહીં આપી શક્યા હોય અને રામસિંહ પર છોડી દીધું હશે, પણ જો તે લાંબું જીવ્યા હોત, તો બીજાં અનેક અદ્‌ભુત સર્જનો તેમણે કચ્છમાં કર્યા હોત અને કચ્છની કદાચ શિકલ બદલાઈ ગઈ હોત.

છતાં જેટલું પણ કર્યું તે લખપતજીની પ્રતિભાને યોગ્ય રીતે વ્યક્ત કરે છે જેને સલામ જ ભરવી રહી.

*પેરિસ બેકરી પાસે, ન્યુ મિન્ટ રોડ,*
*ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*

GIRISH © 2567 5418 • MUKESH © 2568 5279
203, New Anant Bhuvan, 2nd Floor,
257/65, Narshi Natha Street, Mumbai-400 009.
Tel. : (022) 23756332, 23751250 Fax : 91-22-23750452

Ramji Devshi Shah & Co.
CUSTOM HOUSE AGENT

## આંતરસૂઝ + આંતરપ્રજ્ઞા એટલે કાંતિકાકા

# એક્સેલન્ટ માનવ કેળવણીકાર : કાંતિસેન શ્રોફ

• ભદ્રાયુ વછરાજાની •

જન્મ કચ્છના માંડવીમાં નાનાના ઘરે, વૈષ્ણવ સંસ્કારોની વચ્ચે, ૧૯૨૩ ના પહેલા મહિનામાં. નાના દરિયાખેડુ. બાર વર્ષની ઉંમરે વહાણમાં બેસી આફ્રિકા ગયા. પચ્ચીસમા વર્ષે પાછા આવ્યા. ચાઈનીઝ રેશમ, કાપડ અને થોડાક સુરતી વણકરોને ભેગા કરી નાનો વણાટ ઉદ્યોગ ઊભો કર્યો. દાદા બીજા ભાટિયા કુટુંબોની જેમ મુંબઈ સ્થાયી થયેલા. તેઓ પારસી સ્કૂલમાંથી મેટ્રિક થયેલા અને ફ્રેન્ચ તથા સંસ્કૃતમાં પ્રવીણ. ભગવદ્‌ગીતા રગેરગમાં. ત્રીજી પેઢી સુધી ગીતાની સમજ પહોંચાડેલી, તે આજ સુધી ટકી છે. આજે પણ કાંતિસેન શ્રોફ વાત માંડે એટલે 'સહવીર્યમ્' શબ્દ આવે જ.

પિતા ચત્રભુજ અને માતા ગોકીબાઈનું છઠ્ઠું સંતાન કાંતિસેન સૌથી નાના. પાંચ ભાઈ અને એક બહેન. બીજા ક્રમના ચાંપરાજભાઈએ 'ઍક્સેલ' શરૂ કરી. ગોવિંદજીભાઈએ તેને આગળ વધારી. કાંતિસેને તેને વૈશ્વિક બનાવી. આણંદજીભાઈ રામકૃષ્ણ મિશનમાં જોડાઈ સાધુ બન્યા અને અકાળે વિદાય લીધી. બહેન નંદિની ડૉક્ટર બન્યાં અને હૈદ્રાબાદમાં આજે શ્રેષ્ઠત્વનું પ્રતીક બની રહેનાર સી.સી. મેમોરિયલ હોસ્પિટલ શરૂ કરી. કાંતિસેનના નાનપણનો સમય એટલે ગાંધીજીની સ્વાતંત્ર્યની લડતનો કાળ. ઉછેરમાં માતાનો સાત્ત્વિક પ્રભાવ. માતા-પિતાએ ભેટમાં આપ્યા : અનર્ગળ પ્રેમ અને સાથે રહેવાનો ભરપૂર આનંદ. જે કંઈ પણ કરવાનું હોય એમાં બધા ભાઈઓ ભેગા જ હોય.

'હું ચાર વર્ષનો હતો ત્યારે પણ મારા ભાગે ઘણાં કામો રખાયાં હતાં. ઘરમાં દરેકને ચોક્કસ કામ સોંપાતું જ. પતંગ ઉડાડવો હોય તો પતંગ કદી બજારમાંથી નહીં ખરીદવાનો. જાતે બનાવવા મથવાનું. ફોટોગ્રાફી કરવી હોય તો બાથરૂમને ડાર્કરૂમમાં ફેરવી નાખવો, સસ્તો કોડાકનો કૅમેરો વાપરવાનો અને જાતે જ પ્રિન્ટ કાઢવાની! જાતે કામ કરવાનો જ આનંદ. સાબુ હોય કે અત્તર, સ્નો-પાવડર હોય કે માથામાં નાખવાનું તેલ, બધું જ ઘરે બનાવવાનું.' આજે નેવું વર્ષે પણ બાળસહજ સ્મિત અને વિસ્મયભરી નજરે કાંતિસેન શ્રોફ વાતો કરે છે. એ હતો તો 'મુર્દાબાદ યુગ.' સરઘસો નીકળતાં અને દરેક બાબત માટે 'મુર્દાબાદ' પોકારતાં. પિતા ચત્રભુજ શ્રોફ સંતાનોને બેસાડી સમજાવતા : 'મુર્દાબાદનો નારા લગાવવાથી તમે શું મેળવી શકશો? આપણે તો બ્રિટિશરોથી વધારે સારા થતાં શીખવાનું છે. બ્રિટિશરોની તાકાત છે વિરાટ ઉદ્યોગો. તેમના ઉદ્યોગો કરતાં વધારે ઉત્તમ ઉદ્યોગો કેમ સ્થાપવા અને ચલાવવા તે જો શીખી શકાય તો મુર્દાબાદ બોલાવ્યા વગર તમારું ધ્યેય સિદ્ધ થાય.' પિતાની આ વાત સંતાનોને એવી ગળે ઊતરી ગઈ કે ઉદ્યોગ અને સેવાનાં ક્ષેત્રોમાં શ્રોફ પરિવાર ટોચ પર પહોંચ્યો અને ગુણવત્તા અને ઉત્કૃષ્ટતામાં તેમની બરોબરી કરવામાં અન્યને હાંફ ચડવા લાગી. કાંતિસેન કહે છે : 'અમે પાંચ આંગળીઓ જેવા હતા જે હથેળી સાથે સંલગ્ન હોય છે. દરેક પાસે કામ કરવાનો ચોક્કસ હેતુ છે, નિયત કામ છે. સાથે રહેવાથી જે સામૂહિક બળ ઊભું થયું તેનો ઉપયોગ "બહુજન હિતાય, બહુજન સુખાય" કરતા રહ્યા જીવનભર.'

કાંતિસેન શ્રોફને આજે સૌ વહાલથી 'કાંતિકાકા' કહે છે. ઉદ્યોગમાં, સામાજિક કાર્યોમાં અને માનવીય ગુણોમાં કાકા શિરસ્થ છે. પણ તેઓ વિનમ્રતાથી આનો શ્રેય ગળથૂથીમાં મા-બાપે પાયેલા સંસ્કારોને જ આપે છે. ઉછેર એટલો શ્રેષ્ઠતમ થયો કે જાણે સમગ્ર જીવનના મજબૂત પાયા ધરબાયા. પુત્રી નંદિનીએ ડૉક્ટર બનવાની અને લોકસેવા કરવાની ઇચ્છા પ્રગટ કરી, ત્યારે માતાએ નિર્ણય કર્યો કે શ્રોફ પરિવાર પાસે આવક મર્યાદિત હોવાથી સૌથી નાના પુત્ર કાંતિસેને ડૉક્ટર બનવાની ઇચ્છા છોડવી પડશે. કુટુંબ માત્ર એક સંતાનનો ખર્ચ સહન કરી શકે તેમ હતું અને તો તે સંતાન પુત્રી હશે! સૌએ માતાનો નિર્ણય માથે ચડાવ્યો, ખુદ કાંતિસેને પણ! પરિણામે કાકાથી ચાર વર્ષ મોટાં બહેન નંદિની તે સમયની ભાટિયા જ્ઞાતિનાં બીજાં મહિલા ડૉક્ટર થયાં.

કાંતિસેને જીવન માણ્યું છે. પોતે જીવનને દોર્યું નથી, સહજતાથી જીવનના વહેતા પ્રવાહ સાથે તેઓ વહ્યા છે. આઠ વર્ષના કાંતિસેન ચેસના માસ્ટર, તો એ જ વખતે ઘરમાં રસોઈ કરવામાં પણ હાજર. બહેન ડૉક્ટર થાય તો કાંતિસેન કલાકાર થાય એવું નક્કી થયું. આમેય હાથના વપરાશમાં કુશળતા ખરી! એક બુક પબ્લિશરને સરસ ચિત્રો દોરી દેવા લાગ્યા, નાને પાયે કમાતા થયા. મિત્રોએ ટ્યૂશન અપાવ્યાં. ફાઈન આર્ટ કૉલેજમાં જોડાયા. થોડો વખત ચિત્રકામના શોખને લઈને શાંતિનિકેતન પણ ગયા અને ત્યાં અભ્યાસ કર્યો, પણ રાષ્ટ્રીય બનાવોએ તેમના અભ્યાસમાં ખલેલ કરી. ૧૯૪૨ની 'હિંદ છોડો' ચળવળમાં શ્રોફ પરિવાર પૂરા જોમથી જોડાયો. બધાં જેલમાં ગયાં. કાંતિકાકાની સાથે જેલના લૉકઅપમાં અન્નાસાહેબ સહસ્રબુદ્ધે જેવા સર્વોદય કાર્યકર હતા. દેશ વિષેની સાચી સમજ આપતાં અન્નાસાહેબે ગામડાં સુદૃઢ કરવા નવયુવાનોની ફોજ તૈયાર કરવા કાંતિસેનને પ્રેર્યા. અન્નાસાહેબે ગાંધીજીનું વાક્ય કાંતિસેનના હૃદયમાં કોતરી કાઢ્યું : 'સાચી કળા એ છે જે ભારતનાં ગરીબ બાળકના ગાલને ગુલાબી બનાવે.'

ગાંધી વિચારથી પ્રેરાઈ ગામડાંમાં કામ કરવાના ઉમદા વિચારથી ૧૯૪૩માં કાંતિસેન કચ્છ આવ્યા. ગઢશીશામાં ખાદીકામ તથા રચનાત્મક કાર્યો કરતા ગાંધીનિષ્ઠ મૂળજીભાઈ વેદને મળી સાથે કામ કરવાની ઈચ્છા દર્શાવી. મૂળજીભાઈએ તેમને વાર્યા. ગાંધીકામમાં પ્રવૃત્ત લોકોની વૃત્તિથી વાકેફ કરી 'ગામડું નહીં પણ શહેર' અને 'ઉદ્યોગ દ્વારા મોટા વર્ગને આર્થિક સહયોગ' ની વાત અંકે કરાવી. તે સમયે જ ચિત્રકળા છોડી ઉદ્યોગમાં પ્રવૃત્ત થવાની વાત કાંતિસેને કલાગુરુ રવિશંકર રાવળને કરી. રવિશંકર રાવળે સામે પ્રશ્ન કર્યો : 'મારી એક વાત માનશે? તારે ઉદ્યોગમાં પચાસ વર્ષ સ્થિર રહી કામ કરવું પડશે. સફળતા મેળવવી હોય તો એક જગ્યાએ પચાસ વર્ષ બેસવું અનિવાર્ય છે. બોલ કરી શકીશ?' કાકા સંમત થયા ને 'ઍક્સેલ' માં સાઠથી વધુ વર્ષો પ્રવૃત્ત રહ્યા!

દસ હજાર રૂપિયાની મૂડીથી જોગેશ્વરીના ભેંસના એક તબેલામાં 'ઍક્સેલ' ની શરૂઆત થયેલી. ચાંપરાજભાઈ, ગોવિંદભાઈ અને કાંતિસેન ક્રમશઃ તેમાં જોડાયા. કાંતિસેન માનવસંસાધનના માણસ. હોદ્દો 'ટૅકનિકલ આસિસ્ટંટ' નો, પણ કામ જ્યાં જ્યાં પ્લાન્ટ શરૂ થાય ત્યાંની અથથી ઈતિ વ્યવસ્થાનું. મકાન બાંધવાના, યંત્રો ગોઠવવાનાં, કર્મચારીની નિમણૂક કરવાની, તેઓને તાલીમ આપવાની એવાં સઘળાં કાર્યોમાં કાંતિસેન ગળાડૂબ રહે. કાકાએ મેદાન પર રહીને જ કામ કર્યું છે. કાકાનું ઘડતર સ્વયંભૂ આંતરસૂઝથી થયું જે સમય જતાં આંતરપ્રજ્ઞામાં પરિણમ્યું. એક ઉદાહરણ : જ્યારે કાકાએ ભાવનગરમાં 'ઍક્સેલ' ની નવી ફેક્ટરી શરૂ કરી, ત્યારે સાઈટ સામે એક રક્તપિત્તગૃહ હતું. કાકા તેમાં ગયા. પહેલા જે ભાઈઓ મળ્યા તેને પૂછ્યું : 'તમે શું કરો છો?' જવાબ મળ્યો : 'અમે આગળ ઈલેક્ટ્રિશિયન હતા.' કાકાએ કહ્યું : 'હતા-એટલે શું? શું તમે તમારું કૌશલ્ય ભૂલી ગયા છો?' 'ના, પણ હવે તો અમે આવી સ્થિતિમાં છીએ. અમને કોણ કામ આપે?' કાકા તરત બોલ્યા : 'કામ કરવું છે? આવો, અમારી ફેક્ટરીમાં જોડાઈ જાવ.' એ બે ભાઈઓ 'ઍક્સેલ' ભાવનગરના પહેલા બે કર્મચારી બન્યા! એમાંના એક કાળુભાઈ કહે છે : 'કાકાના સ્નેહને કારણે હું હેલ્પરમાંથી સુપરવાઈઝર બન્યો. કાકાએ મને વાયરમેનનો કોર્સ તો કરાવ્યો પણ સ્વાસ્થ્ય જાળવવા તરતાં પણ શીખવ્યું!'

કાંતિકાકાને સ્પષ્ટ સમજાયું કે ઉદ્યોગગૃહ માટે કેવળ યાંત્રિક અને નાણાકીય કાર્યક્ષમતા ઊભી કરવી જ જરૂરી નથી, માનવ સંબંધો આધારિત અને વ્યાપક વિષયોની સમજ ધરાવતો કર્મચારી સમૂહ પણ ઊભો કરવો જરૂરી છે. કાકાએ પોતાનાં બધાં જ કાર્યોમાં 'માનવીય ચહેરા' ને સતત નજર સમક્ષ રાખ્યો છે. કાકાએ પોતાની પ્રતિભાથી 'ઍક્સેલ' ને એક બાજુ આકાશે પહોંચાડી તો બીજી બાજુ સામાજિક જવાબદારીરૂપે અનેક કામ કર્યા.

લોકનાયક જયપ્રકાશ નારાયણ અનેક ઉદ્યોગપતિને મળે અને ગાંધીજીનો ટ્રસ્ટીશિપનો વિચાર ઉદ્યોગપતિઓ અપનાવે તેવું સમજાવે. વાત સાંભળે બધા પણ સંમત કોઈ ન થાય. ગોવિંદભાઈ અને કાંતિસેન શ્રોફ જે.પી. સાથે જોડાયા, ને ગયા વિનેબાજીને મળવા. વિનોબાજીએ પૂરા બે દિવસ આપ્યા. વિનોબાજીએ કહ્યું : 'ટ્રસ્ટીશિપ શબ્દ ન વાપરો તો ચાલશે, મહાજન શબ્દ રાખો. તો તમે 'મહાજન' તો બની શકો ને?' કાકાએ પોતાના મનમાં સંકલ્પ કર્યો અને તેમાંથી ૧૯૭૯ માં માંડવી કચ્છમાં શરૂ થઈ : 'શ્રી વિવેકાનંદ રિસર્ચ એન્ડ ટ્રેનિંગ ઈન્સ્ટિટ્યૂટ.' સાડા ત્રણ દાયકામાં આ સંસ્થા વટવૃક્ષ બની છે અને પાણી, ગ્રામવિકાસ, શિક્ષણ, ખેતી, પર્યાવરણ, લોકજાગૃતિ જેવા અનેક વિષયો પર સફળતાપૂર્વક કામ કરે છે. કાકાનું બીજું પ્રદાન તે 'ઍગ્રોસેલ.' ઉદ્દેશ સ્પષ્ટ - સીધો : ખેડૂતોનું એકર દીઠ ઉત્પાદન અને નફો વધે અને તે પણ પર્યાવરણને નુકસાન કર્યા સિવાય. રાષ્ટ્રીય ઉત્પાદનમાં ફાળો આપવા એક જ છાપરા નીચે યોગ્ય સમયે, યોગ્ય ગુણવત્તા, યોગ્ય ટેકનોલોજી, યોગ્ય ભાવે ખેડૂતને મળી રહે તે ઍગ્રોસેલ. હવે તો તે રાષ્ટ્રીય સ્તરે વિસ્તરેલ છે. ૧૯૯૩માં કાકાની દૂરંદેશીથી દસ હજાર એકર જમીનમાં 'બ્રોમાઈન ફેક્ટરી' શરૂ થઈ. તેણે બન્નીનાં ચાલીસ ગામોનાં જ લોકોને રોજગારી પૂરી પાડી. ત્યાંનો સમાજ સચવાયો, કચ્છની સરહદ પર ઉદ્યોગે મોટો ફાળો આપ્યો. કાંતિકાકાનો એક અદ્‌ભુત પ્રયોગ 'સેલરીચ.' વીસ વર્ષોની જહેમત પછી શહેરી કચરાને સજીવ ખાતરમાં પરિવર્તિત કરવા માટે ખાસ જૈવિક પ્રક્રિયા તેમણે શોધી અને કચરાને સોનામાં પલટી નાખી જે ખાતર બન્યું તેને નામ આપ્યું 'સેલરીચ.' મુંબઈના કમિશનર ખૈરનાર અને તિહાર જેલનાં વડાં કિરણ બેદીએ કાંતિકાકાની સેલરીચ પ્રક્રિયાને અનુસરી ચમત્કાર સર્જ્યા.

કાંતિસેન શ્રોફને અનેક ઍવોર્ડથી સન્માન મળ્યું છે. તેમાં સર્વશ્રેષ્ઠ ૧૯૯૫માં અંગ્રેજી 'The Week' સાપ્તાહિકે તેઓને Man of the year Award જાહેર કરી ડિસેમ્બરનાં કવર પેજ પર કાકાનું સ્મિત રેલાવતું ફોટોચિત્ર પ્રકાશિત કર્યું. ધી વીકે લખ્યું : 'પોતાનો સ્નેહ અને જ્ઞાન વહેંચતા આ સ્વપ્નદ્રષ્ટાએ સૂકા વિસ્તારમાં જીવનને પુષ્પિત કર્યું છે.' કાંતિકાકા પોતાને મળેલા 'દર્શક ઍવૉર્ડ' થી ભાવવિભોર છે. કાંતિસેન શ્રોફ માનવ કેળવણીકાર છે, કારણ? તેમના જ શબ્દોમાં : નાના હતા ત્યારે બધા સાથે જમતા. મા પોતાના હાથે બધાને જમાડતી. કામ વધ્યું, કાર્યકરો વધ્યા, રસોડું મોટું થયું. પણ સાથે જ જમવું, એકસરખો સૌ માટે રાંધેલો આહાર લેવો. કોઈને માટે અલગ ખાસ જગ્યા નહીં. આ શરૂઆત ૧૯૪૭થી થઈ. અનેક જગ્યાએ ઉદ્યોગો અને સંસ્થાઓ ચાલે છે. અમારા ઘરની ત્રીજી પેઢી અને સૌ સાથીઓ માટે કૉમન કિચન, કૉમન ફૂડ, કૉમન સીટ' બધે જ! સાત દાયકાથી કામ ચાલે છે, પણ ક્યારેય હડતાલ પડી નથી...'

આજે પણ કુટુંબના બધા સભ્યો ભાવથી યાદ કરે છે કે, 'ઘરમાં એવો સમય કદી આવ્યો નથી કે જ્યારે કાંતિસેન શ્રોફ ડાઈનિંગ ટેબલ ગોઠવવાની પળે ગેરહાજર હોય.' ■

# ડૉ. કાંતિ ગોર 'કારણ'
## વિરલ કલમકાર

• મદનકુમાર અંજારિયા 'ખ્વાબ' •

*બુજણ તાં ફક્ત સચજ્યું ગાલ્યું બુજેતો,*
*સચો સડ સજણજો સજણકે જ સુજેતો.*
*ગજેંતા વડર, ભા! ગગન કિત ગજેતો!*
*તીં માડૂજે મન સુંધી માડૂ જ પુજેતો.*

— માડૂ કે માડૂ જે મન સુધી પુજાઈંધલે મિંજા હિકડો કલમકાર પણ હુવેતો... પણ હી કમ ઑખો આય, ભલા!

*હિન જીયણજી ખેલકે સમજણું કીં ખેલ નાંય,*
*સમજે પુઠિયા બ્યેંકે સમજાયણું કીં સેલ નાંય...*

ભૉ, મનકે મન સાથેં જોડેજી ડુરી સા-પસા સલાડીને ભનાય સગાજેતી.

હિત કેણી આય એડે જ હિકડે સા-પસા સલા ડીંધલ સર્જકજી ગાલ — જેંજે બારેમેં "સંસ્કૃત સાહિત્ય અકાદમી"જા અધ્યક્ષ શ્રી ગૌતમ પટેલ લિખ્યાં અયાં ક —

"ડૉ. કાન્તિ ગોર પાસે વિવિધ વિષયોને બહેલાવવાની શક્તિ છે... એમની ગુણયુક્ત મનોરમ રચના લોકો સુધી પહોંચી શકે છે."

ત ઇ ઐં ડૉ. કાન્તિ ગોર.

નાટક, નિબંધ, વારતા ને બ્યેં ગદ્ય-પ્રકારેંજા હી સર્જક માયાડુ કવિ પં ઐં, કારણ ક 'કારણ' ઈનીંજો ઉપનામ આય.

હરેક સર્જક કે કોય ખાસ પ્રકારમેં લિખેજી ફાવટ વધારે હુવેતી. તીં નાટક લિખેજી કલા કાન્તિભાકે જિજી હથૂકી આય. મંચ તેં ઈનીંજા લિખલ નાટક ભજવાજેં વિઠા; ત આકાશવાણીતેં પ્રસારિત પં થીયેં પ્યા, સામયિકમેં ને સભાયેં મેં પં ઈનીજા નાટક ખાસી જમાવટ કરિયેંતા.

ઈનીંજે સંસ્કૃત નાટક સંગ્રહ "सागरः" કે જોરાતો આવકાર મિલ્યો આય.

'ચાલો ભજવીએ' — એડે મથાડે હેઠ પં વિદ્યાર્થીયેં ને બ્યેં કલાકારેં કે નાટકમેં ને અભિયનકલામેં રસ ગિનધા ક્યાં અયાં. 'એકોક્તિ' — એકપાત્રીય અભિનય લા પં ઈનીં ખાસ હિકડો પુસ્તક લિખ્યાં અયાં, જુકો વડો જનપ્રિય ભનલ આય.

"सागरः" મેં ડૉ. કાન્તિ ગોર પિન્ઢ લખ્યોં અયોં — "પૂજ્ય પિતાશ્રીએ મારા શૈશવમાં જ મને રામાયણ, મહાભારત અને સિંહાસન બત્રીસીની વાર્તાઓ કચ્છીમાં સંભળાવેલી. આ સાહિત્ય - પરિચય સમય જતાં ગાઢ બન્યો. અભિનય અને નાટ્ય લેખનના શોખને કારણે સંસ્કૃત નાટકો અને એ રીતે મહર્ષિ ભરતના નાટ્યશાસ્ત્ર સુધીની સફર શક્ય બની..."

લેખકજો હી ગિનાન કચ્છી સાહિત્ય કે ૫ લાટ નાટકેં જો ફાડો ડિઈ રેયો આય.

નોંધે જેડી ગાય ઇ ૫ આય ક, કચ્છી લોકસાહિત્યકે કાન્તિભા સંસ્કૃત નાટકેંમેં થાન ડિનોં અયો. ઈનીંજા સંસ્કૃત નાટક "व्रजवाणी ग्रामस्य ढौलवादकः" ને "होथल पदमिनी" આકાશવાણીતાનું પ્રસારિત થ્યા. (જ કારાણીબાપા અજ હૈયાત હુવે, ત હી જાણીને પાં ભેરા ઇ પં કેડા રાજી થીયેં!)

નાટક હિકડો ચોટધાર પ્રકાર આય, જુકો ભાવકેંકે ને ન્યારીંધલેં કે જિજી અસર કરેતો. કુલા ક સંસારજા ચિત્તર કલાત્મક ઢબેં નાટકેમેં રજૂ થીંધા હુવેંતા... હકીકત કડેંક નાટક જેડી ને નાટક હકીકત જેડી!

ડૉ. કાન્તિ ગોર જો હી કચ્છી નાટક-સંગ્રહ કચ્છી ભાસા ને સાહિત્યમેં જૉરાતો ફાડો ડિનેવારો આય.

રાજીપો હિન ગાલજો ૫ આય, ક પાંજા ઘણે કચ્છી સર્જક, કલાકાર ને સંસ્થાઉં કચ્છી નાટકેંજા સફડ પ્રયોગ પ્યા કરિયેં. કચ્છી નાટક લિખાજેંતા ભજવાજેંતા... હિન ડિસમેં ડૉ. કાંતિ ગોરજો નાટક-સંગ્રહ આવગો ભની રોંધો. ને જડેં હી નાટક ભજવાંધા, તડેં લાટ સફડતા મિલંધી. કુલા ક નાટકેંજા વિસય કલપનાસેં ઉભા કરલ હૂંધે છતાં હકીકતજી કેફિયત જેડા ઐં.

'ભાઈબંધી' — હિન નાટકમેં ભલા થે જી સલા ઘટનાજી ભાસામેં મિલેતી. રમેશ ભાઈબંધ રાકેશકે નોકરી ડેરાયતો, તેર હૂણું હી ખપે ક "કર ભલો ઇ લગે વલો." પણ, ભન્યો અવરો... રાકેશ તાં વિગો જ હલ્યો વિઠે! ધગો કઈંધલ રાકેશ, 'ઘાયલ'જી હી ગાલ જાધ ડેરાયતો —

***ગુસ્સે થયા જો લોક તો પથ્થર સુધી ગયા,***
***પણ દોસ્તોના હાથ તો ખંજર સુધી ગયા!***

...પણ છેલ્લી ભાકીં નીણાઈજો નૂર રાકેશજી અખ ખોલી વિજેતો. સમજે જેડો નાટક.

'નઈ ધુનિયા' નાટકમેં સમાજજો હિકડો સચ પધરો થ્યો આય. પેણે પોરવા પુત્તર જેડો પુત્તર પારકો થઈ વિએતો. એડો ઘણેં કુટુમેંમેં ભનંધો હુવેતો. આનંદકે પુત્તર-નોં પૂરો ખાધે જો

પં નતા ડીંયે! તેર હોટલવારો સંતોસ આનંદ કે પ્રેમ ડેતો...

સંસાર અટપટો આય...

હિન નાટક ધરમ્યાન ભાસા-પ્રેમજી બુસકાર પ પિરગટ થઈ આય... નેર્યો હી ગાલબોલ :

આનંદ : *આઈં કચ્છી લાટ કુછોતા, પણ કચ્છી નતા લગો...*

સંતોસ : *આઉં મૂર બિહારજો, મહારાષ્ટ્ર જે લાતૂરમેં બાપુજીજી ભધલી થઈ... ઉતે પંજાબી છોકરીજો પ્રેમ મિલ્યો... ભૂકમ્પ પોઆ હિતે આયો ત કચ્છ ભેરો મુંકે કચ્છીસે પણ પ્રેમ થઈ વ્યો આય!*

આનંદ : *વા! પાંજે ડેસજી વિવિધતામેં એકતાજો આઈંતાં જભરો ધાખલો અયો!*

સંસ્કારજો વારસો મિલ્યો હુવે, ત કોય કારસો નતો નડે. — હિન સચજી સુગંધ પસરાયતો નાટક 'વારસો.' ઓંજી ગાલ પ સોંજી ભાસામેં ચેજી કલા, ઈ જ કધાચ કાન્તિભાજી સફડતાજો 'કારણ' આય.

ઈ ગાલ સચી આય ક કાન્તિભાજી ભાસામેં જિજા અલંકાર નઈ, ભાસાકલાજી કોસિસ પ નાંય, નાં-નાં સબધ ક ચવકું વિજીને સાહિત્યજી વાનગી ભનાયજો ઈરાધો નાંય... નિપટ ગાલબોલજી ભાસા, સમાજજી ને સંસારજી ભાસા આય...

લેખક લક્ષ્મીકાન્ત વૈષ્ણવજી વારતાજો કચ્છી નાટકમેં રૂપાન્તર કરેને પાં સુધી કાન્તિભા પુજાયાં અયાં, નાટક 'જાત્રી' દ્વારાં.

અવકાસયાનમેં ત્રે જાત્રી; યાનમેં પ્રાણવાયુ ખુટંધો વિઞેતો... હિકડે જાત્રી કે ચંધરયાનમેં વિઞણું પે, એડી હાલત ઉભી થીંયેતી...! મિડે વિડેતાં...બખોબખ!

— પણ આખરતાં યાન સઈસલામત પ્રિથમીતેં પુજેતો! સંસારજો જ ચિત્તર ચોંટધાર ઢબેં નાટકમેં રજૂ થ્યો આય. સજો નાટક પ્રતીકાત્મક — સિમ્બોલિક આય.

લેખજી અનુવાધ - સગતિ જો પરચો 'જાત્રી'મેં મિલેતો.

...આવગી ગાલ ઈ આય ક લેખક નાટકેં મેં ભિરી વ્યા ઐં... રચના ભનઈ ખપે, રચનાકારજો મેમા નાંય!...તેર રજનીશ જો હી વિધાન જાધ અચેતો —

***उसकी मूर्ति नहीं बनानी,***
***अपनी मूर्ति विसर्जित करनी है!***

નાટક 'સોણું' મેં પ્રકાશ ને છાયાજી પ્રેમસેં ભરલ જિંધગીજો ચિત્તર કાન્તિભા અખરેંજી કલાસેં ચિતર્યો અયોં. ...પણ પ્રેમજ્યું ઘટનાઉં સોણેંમેં હુઈયું... પ્રકાશજ્યું અખિયું ખુલેત્યું... છાયાતાં ધરિયામેં બુડી વઈ હુઈ! સોણેંજાતાં ટુકર - ટુકર!

***હી સંસાર પિન્ઢ હિકડો સોણું! ચોણડ્યો ક —***
***મિડે સોણું જ આય...***

***નિંધરમેં ન્યારલ સોણું***
***અખિયું ખુલંધે ગુટેતો;***
***ને જિયણજો સોણું ત્રુટેતો***
***અખિયું બૂંચાજે તેર!***

રૂપિયેજી રાંધ માડૂકે જ રાંધીકડો ભનાય વિજેતી. 'મિલકત' નાટક ભજવે જેડો આય. પિન્ઢજે ભાયેં કે મિલકત મિલે, તેંલા અમર ચર્યો ભનેજો નાટક કરેતો. પણ યોગેશ તાં ઈનકે મારે વિજેજી જોજના ઘડેતો... પણ છેલ્લાં તાં, મિલકત મિલેજે રાજીપે મેં યોગેશ સચઈ ચર્યો થઈ વિનેતો! તેર કવિ વિસન નાગડાજી ગાલ તાજી થીયેતી —

***હી મિડે માડૂ મર્યા જેંલા વિડી,***
***વટ વગર બ્યોં કી ન વો ઉન પાધ મેં!***

ડૉ. કાન્તિ ગોર કલમકાર સાથેં કેડવણીકાર પણ ઐં. તેંજે લાભ 'પરીક્ષા' નાટક કે મિલ્યો આય. માડૂ-માડૂજો નાંતો ઈ જ સચો ગિનાન. માંગ ભૂલલકે વાટ વતાઈધલ છાત્ર જ કસોટીમેં સફડ થીયેતો...

નકાં ભણલ માડૂતાં જિજી ભાગમભાગ પ્યા કરિયેં... ને તેર મન પૂછેતો ક હી ડિગ્રીયું કૂરે કમજ્યું? 'કેનોપનિષદ' મેં પણ સવાલ પૂછેમેં આયો આય —

**केनेषितं पतति प्रेषितं मन:**

(કેંજી ઈચ્છાસેં મન ધોડેને સટું કઢેતો?)

નાટક 'સંબંધ'મેં કુટમજેં સભ્યેંજે સભંધેંકે લેખક ચુટી નજરસેં ન્યાર્યોં અયો. નાટકમેં હિકડો વાક્ય આય : 'ધુનિયાંભરજ્યું વાનગીઉં માજી મમતા સેં ભનલ સુકી માન ગિયા પાણી ભરીએં, સે આંઈ ભૂલી વિઓતા!'

કારાણીબાપા પ લિખ્યાં વાં — 'મિણિયાં મુકે મિટી લગેતી માડી તોજી માની!'

સભંધેંજો તત્ત્વગિનાન હિન નાટકમેં કાન્તિભા વડી નાટકી છટાસેં આલેખ્યોં અયોં.

માયા ને ગોવિંધજા પુત્તર-નોં સવારથજા સગા ઐં... બારાનું બ જ ડીં લા આયા ને વરી ભજેજી તૈયારીમેં હુવા, ને તેરેં માસીજો વસિયતનામું આયો. ચાલી લખજી મિલકત માસી માયા લા વસિયત કરી વ્યા. ...ઈ જાણીને ઈ જ પુત્તર-નોં લાગણી વતાયલા વિઠા! ને તડેં માયા ને ગોવિંધ મિડે મિલકત ડાનમેં ડઈ ડિનેજો નિક્કી કરિયેંતા! ...નાટકજી આખરમેં હી વાક્ય અચેતો —

"જિંદગીજી ચોપડી વાંચેજી આધત પિઈ વિઞે ત હરેક માડૂ પાંકે કીંક ને કીંક સિખાઈ વિઞેતો..."

**(અનુસંધાન : જુઓ પાના નં.-૫૯ ઉપર)**

# રામસિંગ માલમ

• સંકલન : હીરાલાલ વી. ઊનડોઠવાલા •

મહાભારતમાં એક ઉલ્લેખ છે કે, "આત્મવિકાસ માટે જિજ્ઞાસુ મસ્તિષ્ક, પરિશ્રમી હાથ અને ઉત્સાહી હૃદયની આવશ્યકતા હોય છે. જે વ્યક્તિ પાસે આ ત્રણે છે તે વિકાસનાં સર્વોચ્ચ સોપાન ચડી શકે છે. વિશ્વની કોઈ કામના તેને માટે અપ્રાપ્ય નથી રહેતી. તે અસંભવને સંભવ બનાવી શકે છે." આ કથન જો સર્વાંશે કોઈ વ્યક્તિને લાગુ પડતું હોય તો તે વ્યક્તિ છે રામસિંગ માલમ.

અઢારમી સદીનો સમય કચ્છના ઈતિહાસમાં અતિ મહત્ત્વપૂર્ણ ગણાય છે. આ સમયે ત્યાં સાહિત્ય, સંગીત, ચિત્રકલા જેવી લલિતકલાનો નવોન્મેષ થઈ રહ્યો હતો અને સાથે સાથે નવા ઉદ્યોગો અને હુન્નરો દ્વાર ઉપયોગી કલાનાં ઉત્કર્ષનાં દ્વાર પણ ખૂલી રહ્યાં હતાં. કચ્છની ઉન્નતિનું ઉજ્જવળ ચિત્ર ઊપસી રહ્યું હતું.

કચ્છની રાજધાની ભુજમાં કચ્છી, ગુજરાતી, સંસ્કૃત, ફારસી અને વ્રજભાષાનાં સાહિત્ય સ્વરૂપોની ઉન્નતિનો આ સમય હતો. ભુજમાં કાવ્યરચનાના શિક્ષણ માટે વ્રજભાષા પાઠશાળાની સ્થાપના થઈ હતી. કાવ્યશાસ્ત્ર અધ્યયન-અધ્યાપનની સાથે સાથે કાવ્યશાસ્ત્રના ગ્રંથોનું નિર્માણ અને વિવિધ રસોથી સંપન્ન કાવ્યગ્રંથોના રસાસ્વાદની પ્રવૃત્તિ દ્વારા સાહિત્ય સંસ્કારની દીપ્તિ ભારતભરમાં પ્રસરી રહી હતી.

ભુજમાં સોના-ચાંદીની કારીગરી, મીનાકામની કલાત્મક રચના, હાથીદાંત અને કાષ્ઠનું બારીક નકશીકામ થઈ રહ્યું હતું. ચિત્રકલા, ગોથિક રેખાંકન, રેશમી મશરૂનું ઈલાયચા વણાટકામ, વિવિધ ધાતુઓ ઢાળી તેનાં નવાં નવાં મિશ્રણોમાંથી શસ્ત્રો, યંત્રો બનાવવામાં નૈપુણ્ય પ્રાપ્ત કરાઈ રહ્યું હતું.

સુપ્રસિદ્ધ માંડવી બંદર પર સમુદ્રની ચળકતી રેતીમાંથી કાચ બનાવવાનો ઉદ્યોગ, પિત્તળમાં બીજી ધાતુઓનું મિશ્રણ કરી ઘડિયાળ બનાવવાની ટેકનિકનો સૂત્રપાત થઈ રહ્યો હતો. પથ્થરને વિવિધ રૂપાકાર દઈ સ્થાપત્યના અદ્‌ભુત નમૂના તૈયાર થઈ રહ્યા હતા. સોની, લુહાર, મોચી, વાઢા સુથાર, મિસ્ત્રી, સલાટ, મણિયાર-બધા જ વ્યસ્ત હતા, મગ્ન હતા.

અહીં કલા, કૌશલ અને કરામતનો અપૂર્વ યોગ થયો હતો. અપૂર્વ હતું એ વાતાવરણ! એના સર્જનમાં એટલું શ્રેય કવિ, સંગીતજ્ઞ, કલામર્મજ્ઞ, શ્રી અને સરસ્વતી-સંપન્ન કચ્છના મહારાવ લખપતજીને ફાળે જાય છે. તેટલું જ વાઘેર જાતિની એક મામૂલી વ્યક્તિ, પુરુષાર્થ અને બહુમુખી પ્રતિભા-સંપન્ન રામસિંહ માલમને પણ મળે છે.

રામસિંહ વંશપરંપરાથી સમુદ્રમાં દેશ વિદેશ સુધી વહાણ ચલાવનાર ઓખામંડળનો એક વાઘેર હતો. તે એક નાખવો હતો. એકવાર આફ્રિકા જતાં વહાણમાં સાહસિક કિશોર રામ સફરે નીકળ્યો. સમુદ્રની સફરનો આનંદ માણવા ઉત્સુક આ કિશોર હજુ તો સમુદ્રના સૌંદર્યને માણવાનો પોતાનો ઉમંગ પૂર્ણ કરે તે પહેલાં જ રસ્તામાં તોફાન આવી પહોંચ્યું.

ભયંકર સમુદ્રી તોફાનમાં ફસાયેલું આ વહાણ અંતે તૂટી પડ્યું અને રામસિંહ સમુદ્રમાં ફેંકાઈ ગયો. જીવન-મરણ વચ્ચે ઝોલાં ખાતા રામસિંહને ડચ વહાણવટીઓએ જોયો. દયા ખાઈને બચાવી લીધો. પરંતુ થોડા જ સમયમાં આ ડચ વહાણને સમુદ્રી ચાંચિયાઓએ ઘેરી લીધું અને લૂંટવા માંડ્યું. નીડર રામસિંહે ચાંચિયાઓનો સામનો ફર્યો અને જાનના જોખમે પણ ડાકુઓને ભગાડી મૂકવા કોશિશ કરી. ડચ નાવિકો આ નાનકડા સાહસિક અને બહાદુર કિશોર પર અત્યંત ખુશ થઈ ગયા અને તેને પોતાના આશ્રમમાં હોલેન્ડ લઈ ગયા.

હોલેન્ડની ભૂમિ પર રામસિંહના જીવનનો નવો અધ્યાય શરૂ થયો. સાહસિક, મહેનતુ, ઉદ્યમી અને કલાપ્રેમી રામસિંહની સમક્ષ એક પડકાર હતો. કેવી રીતે આ પ્રદેશની કલા, કલાત્મક હુન્નરો શીખવાની આકાંક્ષા પૂરી કરી શકાય? રામસિંહ સમક્ષ પહેલો પ્રશ્ન હતો જીવન-નિર્વાહનો અને બીજો પ્રશ્ન હતો અહીંના વિવિધ હુન્નરી ઉદ્યોગ અને કલા-કારીગરી શીખવાનો. રામસિંહ મહેનતુ હતો એટલે મજૂરી કરીને જીવન-નિર્વાહ સરળતાથી કરી શકે તેમ હતો. એક અજાણ્યો વિદેશી જેની ભાષા, સંસ્કાર, આકૃતિ તથા સામાજિક ધરાતલ ભિન્ન હતાં તેને માટે અહીંના હુન્નર ઉદ્યોગને શીખવા અને તેનાં રહસ્યો પામવાં અતિ દુષ્કર હતાં.

પરિસ્થિતિ આવી વિષમ હોવા છતાં રામસિંહે પોતાના પુરુષાર્થનો પ્રારંભ કરી દીધો. તે પેટ ભરવા મજૂરી કરવા લાગ્યો અને વધારે કામ કરી થોડા જ પૈસા લઈ લોકોનાં મન જીતવા લાગ્યો. તે કલાનાં ક્ષેત્રોમાં મજૂરી કરવા જતા યુરોપીય ઉદ્યોગપતિઓ અને કારીગરોને આવી અતિ સામાન્ય પરદેશી વ્યક્તિથી સાવધાન રહેવાની જરૂર નહીં લાગી હોય અને તેથી ચતુર રામસિંહ ઊંડાણથી, સમજપૂર્વક કામ શીખતો ગયો. અથાગ મહેનત, લગન અને અદમ્ય ઉત્સાહ તથા સાહસથી તે એક પછી એક સોપાન ચડતો ગયો.

રામસિંહે વહાણ બનાવવાનાં વિવિધ ક્ષેત્રોનું અધ્યયન કર્યું. તેણે ઉત્તમ વહાણ બનાવવા માટે જરૂરી નૈપુણ્ય પ્રાપ્ત કર્યું. કાચ ઉદ્યોગનાં રહસ્યો હસ્તગત કર્યાં. ગોથિકકલાનાં રેખાંકન, સોના-ચાંદીનું નકશીકામ તથા મીનાકામનું કૌશલ આત્મસાત્ કર્યું. હાથીદાંત તથા કાષ્ઠનું કોતરકામ તે શીખ્યો. વિવિધ ધાતુઓને ઓગાળી નવાં નવાં મિશ્રણો તથા તેમાંથી બનતાં યંત્રની ટેકનિકથી તે પરિચિત થયો. રેશમ, મશરૂકામની ખૂબીઓનું જ્ઞાન અર્જિત કર્યું. આમ વિવિધ હુન્નર અને કલા કારીગરીમાં કૌશલ પ્રાપ્ત કરવા તે અઢાર અઢાર વર્ષ સુધી યત્ન કરતો રહ્યો. અંતે આ દુર્ધર્ષ સંઘર્ષમાં સફળતા મેળવી તેણે પોતાની મનોકામના પૂર્ણ કરી.

અઢારમી શતાબ્દીના મધ્યકાળમાં ત્રીસ વર્ષનો નવયુવાન રામસિંહ કચ્છ આવી પહોંચ્યો. આ સમયે કચ્છમાં મહારાવશ્રી લખપતજીનું રાજ્ય હતું. સાહિત્ય કલાના મર્મજ્ઞ મહારાવશ્રીએ મેધાવી પ્રતિભાથી સંપન્ન, બહુવિધ કલા-હુન્નરમાં નિપુણ રામસિંહને આશ્રય આપ્યો. સુવર્ણ-સોહાગાનું મિલન થયું...

કચ્છ પ્રદેશનો કાયાકલ્પ થવા લાગ્યો.

રામસિંહના નેતૃત્વમાં વહાણ બનાવવાનો ઉદ્યોગ શરૂ થયો. માંડવી, મુંદ્રા અને જખૌ બંદરો પર વહાણવટાના વિવિધ સરંજામ માટે 'જહાજવાડા' ની સ્થાપના થઈ. રામસિંહે કચ્છના નાવિકોને એકત્ર કર્યા અને નૌ વિદ્યાનાં રહસ્યો સમજાવવા શરૂ કર્યાં. તેણે સ્વાનુભવોની કથા સંભળાવી, સમુદ્રમાર્ગના અટપટા રસ્તાઓના જ્ઞાન માટે રેખાંકનો અને નકશાઓ, વહાણવટા માટે ઋતુ-નિર્દેશોના નિયમો, વિવિધ પ્રકારનાં વહાણોના ગુણ-દોષ, દેશ-વિદેશના સમુદ્રનાં વિવિધ રૂપો, સમુદ્રી વાતાવરણનાં પરિવર્તનો વગેરેનો વિસ્તૃત અને ગહન પરિચય દેવાનું શરૂ કર્યું.

રામસિંહે એક શાહી વહાણ પણ બનાવ્યું. તે વહાણમાં તે બીજા નાવિકોને લઈ સમુદ્રની સફરે નીકળ્યો. તે 'કેપ ઓફ ગુડ હોપ' થઈને ઇંગ્લેન્ડની મુલાકાત લઈ પાછો વળ્યો. જ્યારે આ સફર ખેડી તે સુરક્ષિત વળી આવ્યો ત્યારે તેણે બનાવેલા આ શાહી જહાજની ઉમદા બનાવટ વિષે સૌને ખાતરી થઈ. હવે તો અરબી સમુદ્રમાં કચ્છી બનાવટનાં વહાણ મશહૂર થયાં. કચ્છી વહાણની સાથે વહાણવટાના કૌશલમાં નિપુણ રામસિંહ પણ 'ધ નેવિગેટર' ના ઉપનામથી આંતરરાષ્ટ્રીય ક્ષેત્રમાં વિખ્યાત થઈ ગયો.

સન ૧૭૪૭થી ૧૭૫૩ ના મધ્યમાં રામસિંહ પોતાના ઉમદા કલાકારો અને કારીગરોને લઈને વહાણવટા તેમ જ અન્ય હુન્નર-ઉદ્યોગ અને કલા-કૌશલનાં નવાં નવાં સ્વરૂપોનું અધ્યયન કરવા યુરોપની મુલાકાતે ગયો. તે યુગમાં કારીગરીની સાથેનો રામસિંહનો આ પ્રવાસ એક અપૂર્વ ઘટના છે. ભારતવર્ષના ઇતિહાસમાં આવો પ્રયાસ પ્રથમ અને એક અવિસ્મરણીય પ્રસંગરૂપે અંકિત રહેશે.

રામસિંહના નામને ચિરસ્મરણીય બનાવે છે ભુજનો આઇના મહેલ. રામસિંહ પ્રવીણ સ્થપતિ, ચિત્રકાર અને યંત્રવિદ તો હતો જ, પણ સાથે સાથે ઉર્વર કલ્પનાનો સ્વામી પણ હતો. કાવ્ય-કલાપ્રેમી રસિક મહારાવ લખપતજીના સ્વપ્નને સાકાર રૂપ પ્રદાન કરવા રામસિંહ દ્વારા બનાવેલ બેનમૂન આઇના મહેલ તેની સાક્ષી પૂરે છે. જ્યારે કચ્છની ધરતી પર ગ્રીષ્મનો આગ ઝરતો તડકો અને ગરમ લૂથી અસહ્ય ઉષ્ણ વાતાવરણ છવાઈ જાય છે ત્યારે ભુજના આઇના મહેલમાં ચાંદની જેવી શીતલતા અને માદકતા છવાયેલી રહે છે. વાતાનુકૂલ યંત્રોનું જ્યારે નામોનિશાન ન હતું ત્યારે આવું અદ્ભુત સર્જન આપણને આશ્ચર્યવિમુગ્ધ કરી નાખે છે. મહેલની આરસની દીવાલો સુવર્ણાંકિત નકશીકામથી સુશોભિત છે. તેમાં વચ્ચે વચ્ચે દર્પણો મઢ્યાં છે. કલાત્મક સ્તંભો પર મીણબત્તીઓ શણગારેલી રહેતી. તે મીણબત્તીઓ જ્યારે પ્રજ્વલિત કરવામાં આવતી ત્યારે તેનો આછો પ્રકાશ અરીસા-જડિત દીવાલો પર બિંબિત પ્રતિબિંબિત થઈ ફુવારાના સુગંધિત જલબિંદુઓમાંથી પસાર થઈ મહેલની છત સુધી પહોંચી નીચે લહેરાઈ, ચારે બાજુ પથરાઈ જતો અને ત્યારે એકીસાથે શીતળતા, સુગંધ અને માદકતાભર્યું અપૂર્વ વાતાવરણ સર્જાઈ જતું. આજે આટલાં વર્ષો પછી પણ રામસિંહની પ્રતિભાના કીર્તિસ્તંભ સ્વરૂપ આઇના મહેલ તે યુગની ઝાંખી કરાવે છે. સ્થાપત્યના ક્ષેત્રમાં રામસિંહની ચિરસ્થાયી દેન છે. માંડવીનો રાજમહેલ અને રાવ દેશળજી અને લાખાજીની છતરડીઓ, જ્યાં કલાત્મક ચારુતાનાં દર્શન થાય છે. પૂર્વ અને પશ્ચિમ, મોગલ અને રાજપૂત શૈલીઓનો અદ્ભુત સમન્વય તેમના રચના કૌશલમાં દૃષ્ટિગત થાય છે.

રામસિંહે કચ્છમાં વિશિષ્ટ પ્રકારના કલાત્મક નકશીકામનો પ્રારંભ કર્યો. તેણે કલાના ક્ષેત્રમાં 'કચ્છી ઘરાના'ની પ્રતિષ્ઠા કરી. વર્તુળાકાર રેખાઓનું સંગુફન અને તેમાં ઊપસાવેલી લતા-પાંદડીઓની સંરચના 'કચ્છ વર્ક'ના નામે આજે પણ ખ્યાત છે. સોના-ચાંદી પર મીનાકારીની કલા હસ્તગત કરવા ભુજના રાજમહેલમાં એક શાળા ઊભી કરવામાં આવી, જ્યાં ભુજના તમામ સોનીઓને તાલીમ આપવામાં આવતી. 'કચ્છ વર્ક' ની સંરચના હાથીદાંત અને કાષ્ઠના કોતરકામમાં, રેશમી આરી

Prakash®

**PRAKASH METAL CRAFT PVT. LTD.**

E-56/57, Sarvoday Nagar, 1st Panjrapole Lane, Mumbai-4.

Tel. : 2242 7461 Telefax : 2242 6636

E-mail : prakashmetalcraft@rediffmail.com • Website : www.prakashmetalcraft.com

MFG. ST. STEEL UTENSILS

ભરતમાં, પથ્થરો અને સ્થાપત્યના વિવિધ નમૂનાઓમાં પ્રસ્તુત થતી રહી. આજે પણ રાજમહેલ તેમ જ કચ્છ મ્યુઝિયમમાં રામસિંહની હુન્નરશાળામાં બનેલા મીનાકામના અનેક નમૂનાઓ છે. મીનાજડિત તલવારો, છરી, જમૈયા, અત્તરદાનીઓ ગુલાબદાનીઓ, ફૂલદાનીઓ, સંદૂકો, પ્યાલા વગેરે એકએકથી ચડિયાતી કલાકૃતિઓનો અહીં સંગ્રહ છે. કચ્છના મીનાજડિત ચાંદીનાં આભૂષણો તો દેશભરમાં ખ્યાતિ પામેલ છે.

રામસિંહે કચ્છમાં બીજા અનેક ઉદ્યોગોની સ્થાપના કરી. લોઢાની સાથે વિવિધ ધાતુઓનું મિશ્રણ કરી શસ્ત્રો બનાવવાં શરૂ કર્યાં. કચ્છના લુહારોને લોઢામાંથી બનતી જાતજાતની વસ્તુઓ શીખવી. તેણે કચ્છમાં ભુજ તાલુકાના રેહા ગામ અને મંજલ ખાતે તથા અબડાસા તાલુકાના કોઠારા ગામે આ ઉદ્યોગનાં થાણાં સ્થાપ્યાં. અહીં જુદાં જુદાં હથિયાર બનાવવામાં આવતાં. જમૈયા, તલવાર અને તોપો પણ બનાવવામાં આવતી. રામસિંહે ઘણી ઉત્તમ પ્રકારની તોપો અહીં તૈયાર કરાવી હતી. રામસિંહની તોપોને કવિ કનક કુશળજીએ 'રામસંગી' નામાભિધાન બક્ષી તેની ઉત્તમ બનાવટને સત્કારી હતી. રાવ લખપત જયારે તેરા ગામના ઠાકુર સામે રણે ચડ્યા ત્યારે તેમને સફળતા અપાવવામાં વિદેશી તોપચીઓની જેટલી મહત્તા હતી તેનાથી વધારે મહત્તા 'રામસંગી' તોપોની હતી. રામસિંહે કેટલાંક વૈવિધ્યપૂર્ણ કલાત્મક આયુધો પણ અહીં બનાવ્યાં હતાં. આજે પણ કચ્છનાં સૂડી, ચપ્પુ અને છરી ઘણાં પ્રખ્યાત છે. રામસિંહે પિત્તળને ઢાળી ઘડિયાળ બનાવવાં શરૂ કર્યાં. સાથે સાથે સુતરાઉ બનાદરી ઈલાયચા અને મશરૂના કપડાની બનાવટો પણ તૈયાર કરાવી. રામસિંહે માંડવીની ચળકતી રેતીમાંથી કાચ બનાવવાનો ઉદ્યોગ સ્થાપ્યો. તેણે કાચના અનેકાનેક નમૂનાઓ બનાવ્યા. આજે પણ કાચનાં કલાત્મક ઝુમ્મર ભુજ સંગ્રહાલયમાં તેમ જ રાજમહેલમાં શોભી રહ્યાં છે અને તે સમયના કલા-વૈભવની સાક્ષી પૂરે છે. આમ, કચ્છમાં ચાલતા અનેકાનેક હુન્નરો ઉદ્યોગો અને કલા કારીગરીનાં કામોમાં રામસિંહની પ્રેરણા પ્રાણરૂપ હતી.

રામસિંહે આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે કચ્છને યશસ્વી બનાવ્યું. સાથે સાથે કચ્છના ખૂણેખૂણે હુન્નર-ઉદ્યોગ અને કલા પ્રત્યે પ્રજાના હૃદયમાં ઉમંગ, ઉત્સાહ જગાવ્યા. કચ્છને નવા નવા ઉદ્યોગથી સંપન્ન કરી, આર્થિક ક્ષેત્રની સમૃધ્ધિનાં દ્વાર ખોલ્યા. આવો હતો રામસિંહ માલમ. જન્મથી સાધારણ, કર્મથી અદ્‌ભુત, મનથી દુઃસાહસી, તનથી પરિશ્રમી, આદતથી ઉદાર, સ્વભાવથી ચતુર, વિદ્યાલયી શિક્ષણથી વંચિત પણ અનુભવની શાળાનો સ્નાતક, કારીગરી અને કૌશલના ક્ષેત્રમાં અનન્યતમ, કલ્પનાના સાતમા આકાશને સ્પર્શવામાં સક્ષમ, પરંતુ સદૈવ ધરતીથી જોડાયેલ. તેનું કારીગર, નાવિક, સ્થપતિ, પ્રશિક્ષક, ઉદ્યોગ સંચાલક કયું રૂપ મુખ્ય હતું તે કહેવું દુષ્કર છે. બધા જ ક્ષેત્રોમાં તેનું યોગદાન મહત્વપૂર્ણ રહ્યું છે. કચ્છ પોતાના પનોતા પુત્ર પર ગર્વ લઈ શકે છે.

રામસિંહના જન્મની જેમ જ મૃત્યુ વગેરેની બાબતમાં પ્રમાણિત માહિતીનો અભાવ છે. કચ્છનો આ બહુમુખી પ્રતિભાસંપન્ન કલાગુરુ પર્યાપ્ત દીર્ઘાયુષ્ય ભોગવી અંતે મુંદ્રામાં આશ્રયદાતા દ્વારા ભેટમાં મળેલ પોતાની જાગીરમાં સન ૧૭૭૩માં સદાને માટે પોઢી ગયો. પરંતુ તેના દ્વારા પ્રાપ્ત કલાનો અમર વારસો આજ પણ કચ્છની સંસ્કૃતિને ગરિમામય બનાવી ગયો છે.

*"કાળના દીર્ઘ પથ પર ભારતીય કલાનાં સતત અને દૃઢ પદચિહ્ન મહાન કૃતિઓના રૂપમાં આપણી સમક્ષ છે. જાણે કે સૌંદર્યના કોઈ વિરાટ દેવતા પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ ચારે દિશાઓમાંથી પસાર થયા હોય અને પોતાની પાછળ વિવિધ પ્રકારની શિલ્પ, વાસ્તુ, ચિત્રાદિ સામગ્રી વેરતા ગયા હોય! આ કલાની કથા એક બાજુ સરળ છે કેમ કે તે એક સૂત્રમાં પરોવાયેલી છે અને બીજી બાજુ જટિલ છે કેમકે તેના વાણા-તાણામાં વિવિધ પ્રકારના તાંતણાઓ ગુંથાયેલા છે. ભારતીય કલાના ઈતિહાસવેત્તાઓએ એમ કરવું જોઈએ કે જ્યાં જે સ્થાનીય, પ્રાદેશિક અને રાષ્ટ્રીય સંદર્ભ, વિસ્તારરૂપ, શૈલી અને અલંકરણ, પ્રભાવ અને અર્થ છે ત્યાં તેને ઓળખીને વ્યાખ્યા કરવી જોઈએ."*

વાસુદેવશરણ અગ્રવાલના ઉક્ત કથનના આલોકમાં રામસિંહ માલમની કલા સૃષ્ટિનું સમ્યક્ મૂલ્યાંકન કરવું હજુ બાકી છે.

## ડૉ. કાંતિ ગોર 'કારણ' – વિરલ કલમકાર

**(અનુસંધાન : પાના નં.-૫૬ ઉપરથી ચાલુ)**

સર્જક હરીન્દ્ર દવે લિખ્યાં વાં, ઈ ગાલ સંભરેતી :

"નાટકનો સંબંધ જીવન સાથે છે. નાટક એટલે જીવનની પસંદ કરેલી ક્ષણો... સળંગ જીવનની એવી સંગત ક્ષણો, જે જીવનમાં કોઈને કોઈ તબક્કે જોવા મળે છે...."

જુધે-જુધે વિસયેંકે હિન નાટક સંગ્રહમેં થાન ડેવાણું આય. "ઘર જો ભગીચો" મેં પરડેસી ચીજેંજી લાલચમેં માડૂ કેડા કમ કરેતો, ને પોય ખુવાર થીયેતો, તેંજો ચોંટધાર ચિત્તર લેખક કલમસેં ચિતર્યો અયો. ડાણચોરી ઈતાં પ્રજાતંત્રજી પ્રાણચોરી જેડો ગુનો આય, હિન ગાલકે ૫ નાટકજો લિભાસ માપોમાપ પેરાયમેં આયો આય.

હિન વાક્ય મેં સમજે જેડો આય –

"અડણજે ભગીચેજે ફુલડેંકે બારાંજે ફુલેંનું ઉતરધા ન સમજો..."

સચી ગાલ આય... વિડેસમેં ડોલરજા મૂલ થીયેંતા, ભારતમેં ડોલરજા ફુલ થીયેંતા... કિત ચલણ ને કિત વલણ! ... મેરા ભારત મહાન! રાષ્ટ્રીય પિરભ હુવે, તેર હી નાટક ભજવે જેડો, ભલા!

– એડે સર્જક કે લખ-લખ વંદન. ■

# ભારતના પ્રથમ પાઇલોટ : પુરુષોત્તમ કબાલી

• સંકલન : હીરજી પાસુ શાહ •

કચ્છના લખપત ગામનાં કચ્છી લોહાણા શ્રી પુરુષોત્તમ મેઘજી કબાલીનું નામ ભારતીય ઇતિહાસના પાના ઉપર ભારતના પ્રથમ હિંદી વિમાની તરીકે અંકિત થઈ ગયેલ છે.

આજથી ૮૩ વર્ષ પહેલા ૧૯૨૯નાં જુનનાં પ્રારંભનાં દિવસો હતા, લંડનનું વાતાવરણ ખુશનુમા હતું. વર્ષનાં સૌથી લાંબા દિવસોની શરૂઆત થઈ ગઈ હતી. લંડનના ક્રોયડોન ઍરપોર્ટ ઉપર એક વિમાન ઊભું હતું. તેની આસપાસ થોડાક લંડનવાસીઓ તથા ઘણા બધા ભારતીયો ઊભા હતા. આ બે સીટર વિમાનની પાંખ ઉપર VT-AAT લખેલું છે. જેના પરથી સિદ્ધ થતું કે આ વિમાન ભારતના નામે રજિસ્ટર થયેલું હતું. અને એનું નામ લખેલું હતું Feather of Dawn (ફીધર ઓફ ડોન) 'પ્રભાતનું પીંછું'!

વિમાન અને એના ભારતીય પાયલોટની પૂજા થઈ, તિલક થયા ને આરતી ઉતારી, નારિયેળ ફોડાયું ને કેકથી મોઢું મીઠું કરાયું! આ કાર્ય સિદ્ધ થયું એક ભારતીય સન્નારીના હસ્તે જે ભવિષ્યમાં ભારતનાં પ્રથમ મહિલા ગર્વનર બનવાનાં હતા તે હતા ભારતની આઝાદીની લડતનાં ઘડવૈયાઓમાંના એક સરોજીની નાયડુ તથા પાયલોટ હતા ભારતનાં ઇતિહાસનાં પ્રથમ વિમાની (પાયલોટ) કચ્છ લખપતનાં લોહાણા શ્રી પુરુષોત્તમ મેઘજી કબાલી.

સ્પાર્ટન કંપનીનું આ વિમાન લઈને કબાલી પેરીસ, માર્સલીસ, પીઝા, રોમ, ટ્યુનીસ, ત્રિપોલી. અબોકીર, ગાઝા, બસરા, બુશિર, બંદરઅબાસ, જાસ્ક, ચારબતના માર્ગે કરાંચી સુધી ૨૦,૦૦૦ માઈલનો આટલો લાંબો પ્રવાસ એકલા હાથે ખેડીને કબાલી ઇંગ્લેન્ડથી ભારત આવવાના હતા. વિમાને ઍરપોર્ટ પરથી ઉડ્ડયન ભર્યું તેની થોડી જ વાર બાદ આઝાદીની ચળવળમાં ભાગ લેનારા દોષી તરીકે સરોજિની નાયડુની ધરપકડ કરવામાં આવી.

ખુશનુમા વાતાવરણમાં લંડનથી ઉપડેલ કબાલીનું સ્પાર્ટન કંપનીનું VT-AAT વિમાન ૭મી જુન, ૧૯૨૯ નાં પેરીસ પહોંચ્યું અને ત્યાંના લીમ્ફને ઍરપોર્ટ પરથી રિફ્યુલિંગ કરી, બળતણ ભરીને ફરી ઉડ્યું. ૧૫મી જુનનાં પ્રભાતમાં ઇટાલીનાં રોમનાં અવકાશમાં દેખાયું ને ત્યાં ઉતર્યું. ત્યાંથી ટુનીસ થઈને કબાલીનું વિમાન સહારાનાં રણને પાર કરવા મથતા મથતા ત્રિપોલીનાં આકાશમાં દેખાયું. લંડનથી ઉપડી ઊંચી ઉડાનો ભરતા ભરતા અહીં સુધી પહોંચેલ કબાલીનાં વિમાનને એક નાનકડો અકસ્માત થયો અને ત્રિપોલી-લિબિયામાં લેન્ડિંગ કરતી વખતે આગળનું ટાયર ફાટતાં વિમાનપટ્ટી પર જ વિમાન ક્રેશ થઈ ગયું. આ અણધાર્યા અકસ્માતમાં કબાલી તો બચી ગયા પરંતુ વિમાનની સફર ત્યાં જ અટકી ગઈ. આમ કચ્છના લખપત ગામનાં આ કચ્છી વિમાનીનું નામ ભારત તથા વિશ્વ ઇતિહાસના પાના ઉપર ભારતના પ્રથમ વિમાની તરીકે અંકિત થઈ ગયું.

કબાલી જેવી અનામી વ્યક્તિ પાસે વિમાન ક્યાંથી આવ્યું એવા પ્રશ્નો આપણને ચોક્કસથી જાગે એ સ્વાભાવિક છે. ભારતમાં પ્રથમ વિમાની તરીકે લાયસન્સ ધારણ કરનાર પુરુષોત્તમ કબાલી હતા, એ વાત કોઈપણ નકારી શકે તેમ નથી. આ બાબતે વધુ જાણકારી લેવા આપણે થોડો ઇતિહાસ ખૂંદવો પડશે.

મુંબઈને બંદર તરીકે વિકસાવવાની શરૂઆતના તે દિવસો હતા. મુંબઈમાં હાલનું ઘાટકોપર જે ખાડીની નજીક હતું તે વિસ્તાર મુંબઈનું કદાચ સૌથી પહેલું પરું બન્યું. ત્યાંથી નજીકની ખાડીમાં લાંગરાતા જહાજોમાંથી માણસો અહીં આવીને વસ્યા. ત્યાંના એક કચ્છી સ્થાનિક મેઘજી વલ્લભજી ઠક્કરને બ્રિટનની તેલની રોકફેલર કંપનીની ઘાસલેટની એજન્સી મળેલ. તેમાંથી તેઓ અઢળક ધન કમાયા હતા. વલ્લભબાગ લેનનું નામ પણ એમના નામ પરથી પડેલ. ઈ.સ. ૧૯૦૨ માં મેઘજી વલ્લભજી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ત્યાં બંધાવેલ લક્ષ્મીનારાયણનું મંદિર આજ પર્યંત ઊભું છે. આવા કુટુંબમાં ઇ.સ. ૧૯૦૭માં મેઘજીભાઈને ત્યાં પુરુષોત્તમનો જન્મ થયો. બાલ્યકાળથી જ અનેક મહત્વકાંક્ષાંઓ સેવતા પુરુષોત્તમે પોતાને ફોટોગ્રાફીની એક કંપની 'બોમ્બે બર્લીન ટ્રેડિંગ કંપની'માં કામ કરીને એ કળામાં પારંગત બનાવી દીધેલ. ઇ.સ. ૧૯૦૬માં રાઈટ બ્રધર્સ દ્વારા શોધાયેલા વિમાનનાં કારણે વ્યવસાયની નવા જ પ્રકારની અનેક તકો ઊભી થઈ હતી. ભારતમાં પણ અનેક યુવકોનાં મનમાં વિમાને ઘણું આકર્ષણ જણાવ્યું હતું. પરંતુ બ્રિટિશ રાજનાં ઓછાયામાં હજી સુધી કોઈ પણ ભારતીય, વિમાનનાં કોકપીટ સુધી પહોંચ્યો નહોતો.

આવા માહોલમાં પુરુષોત્તમ કબાલીએ લંડનના બ્રિસ્ટલ શહેરથી મોટર મંગાવીને મોટર ચલાવતા શીખ્યા. ત્યારબાદ અરવિંદ મફતલાલ, બંસીધર સોમાણી, પોરબંદરના રાણા, જામનગરનાં જામસાહેબ દિગ્વિજયસિંહના સહકારથી ઇ.સ. ૧૯૨૮ના ૨૧ એપ્રિલે વિમાની બનવા સ્ટીમરમાં ઇંગ્લેન્ડ ઊપડ્યા. ઇંગ્લેન્ડમાં વિમાન શીખવા ન મળ્યું એટલે જર્મની ગયા અને પાંચ

મહિના ત્યાં શીખીને લંડનની 'ઇમ્પિરીયલ ઍરવેઝ લિમિટેડ' માં તેમણે વિમાન ઉડાડવાની તાલીમ લેવાનું શરૂ કર્યું. ૨૫ દિવસમાં ૪૨ કલાક ઉડ્ડયન કરીને તેમણે 'A' અને 'B' લાયસન્સ મેળવ્યું. આ દરમ્યાન ૯૦૦૦ ફૂટની ઊંચાઈએ અડધો કલાક જેટલો સમય ગાળ્યો જે એમની કાબેલિયતની પહેચાન કરાવે છે. ઇ.સ. ૧૯૨૯ની બીજી એપ્રિલે સમાચાર પત્રોમાં પ્રગટ થયેલ આ સમાચાર હિંદી પ્રજા માટે ગૌરવનો વિષય હતા તથા પહેલા હિંદી પાયલટ તરીકે કચ્છી વીર કબાલીનું નામ નોંધાઈ ગયું.

ત્યારબાદ તેમણે સ્પાર્ટન કંપનીનું (VT-AAT) વિમાન સને ૧૯૨૯ની ૨૨મી મેના દિવસે ખરીદ્યું, જેને ઉડાવીને ભારત લઈ આવવાની ગણતરી હતી. કબાલી ખૂબ જ નાનકડા વિમાનમાં ખૂબ લાંબો સમય પ્રવાસ ખેડવા માંગતા હતા. જે તે સમયે ઘણું અસામાન્ય હતું. જૂનમાં આ પ્રવાસ કરવો એની જાહેરાત થઈ અને તે સમયે ઇંગ્લેન્ડમાં વસતા કેટલાક ભારતીયોએ એમના માનમાં 'National Liberal Club' ખાતે એક ટી પાર્ટીનું આયોજન કર્યું. આ પાર્ટીમાં નવાબ ઉમર હયાતખાન, દોરાબજી ટાટા, મહારાજા ઓફ વઢવાણ વગેરે મહાનુભાવો હાજર હતા તથા લોર્ડ પીલ (Secretary of State of India) સર અતુલ બેનર્જી (High Commissioner of India), લેડી સ્પાર્ટન, આગાખાન વગેરેનાં સંદેશ વાંચવામાં આવેલ. બધાએ એમને આ સાહસ બદલ બિરદાવ્યા અને શુભેચ્છાઓ આપી અને જુનનાં પ્રથમ અઠવાડિયામાં શરૂ થઈ આ કચ્છી લોહાણા યુવકની ગૌરવગાથાની શરૂઆત.

પાછા ફરીએ ત્રિપોલીમાં જ્યાં આ વિમાન તુટ્યા બાદ એને રીપેર કરાવી મુંબઈ લઈ જવાયું અને બોમ્બે ફ્લાઈંગ ક્લબ - મુંબઈમાં પ્રશિક્ષણ માટે મુકાયું. હવે આ તરફ નવેમ્બર, ૧૯૨૯માં લંડનમાં રોયલ ઍરો ક્લબ દ્વારા આગાખાને ઇનામી સ્પર્ધાની જાહેરાત કરી. જે મુજબ જે કોઈ ભારતીય વિમાની એકલા હાથે પ્લેન ઉડાડી એક મહિનામાં ઇંગ્લેન્ડથી ભારત પહોંચશે તેને ૫૦૦ પાઉન્ડનું ઇનામ આપવામાં આવશે. આ સફરમાં વિમાનીએ રેડિયોનો ઉપયોગ નહીં કરવો. ત્રણ સાહસિકો આના માટે તૈયાર થઈ ગયા. તે હતા મનમોહન સિંઘ, જેઓ બ્રિસ્ટલ, લંડનમાં ભણતા સિવિલ એન્જિનિયર હતા. બીજા હતા એસ્પી મેરવાન એન્જિનિયર (જેઓ પાછળથી ભારતીય વાયુ સેનાના વડા બનેલ) અને ત્રીજા હતા જે.આર.ડી. ટાટા (જેમણે ઇન્ડિયન ઍર લાઇન્સ અને એર ઇન્ડિયા સ્થાપી.) આમાંથી મનમોહન સિંઘ, લંડનથી તા. ૮-૪-૧૯૩૦ નાં રવાના થઈને ૧૧-૫-૧૯૩૦ના કરાંચી પહોંચ્યા. રસ્તામાં એમને સેંટ રામ્બર્ટ, માર્સેલ્સ, ફ્રાન્સ ખાતે કળણમાં ઊતરવું પડ્યું હોવાથી મહિનાથી વધારે સમયમાં પહોંચ્યા અને એમના પછી તા. ૨૫-૪-૧૯૩૦ નાં લંડનથી ઉપડેલ એસ્પી એન્જિનિયરે ૧૨-૫-૧૯૩૦ નાં કરાંચીમાં ઉતરાણ કર્યું અને ટેકનિકલ કારણોસર ઇનામ એને આપવામાં આવ્યું. આ ઘટનાનો મનમોહનસિંઘે ખેલદિલીથી સ્વીકાર કર્યો. એને જોઈને મુંબઈની પારસી કોમ્યુનિટીએ એમનો ભવ્ય સત્કાર કર્યો.

પુરુષોત્તમ કબાલી ભારત આવ્યા બાદ તેમણે 'ઇન્ડિયન ગ્લાઇડિંગ એસો.' ની સ્થાપના કરી. જર્મનીમાં વિમાનની ટ્રેનિંગ લેતી વખતે તેમણે ગ્લાઇડિંગનું સંપૂર્ણ જ્ઞાન મેળવ્યું હતું. પુના નજીક ઔંધનાં ડુંગરાળ પ્રદેશમાં આ માટે ખૂબ સારી જગ્યા હતી. ઔંધ પ્રદેશનાં મહારાજાએ આના માટે રજા આપી અને ગ્લાઇડર તથા અન્ય સામાન રાખવા માટે શેડ પણ બનાવી આપ્યા. ગ્લાઇડર એક પ્રકારનું એન્જિનરહિત વિમાન હોય છે જે પાઇલટોને ટ્રેનિંગ માટે ખૂબ કામ આવે છે. કબાલીનાં આ પરાક્રમની નોંધરૂપે શ્રી ગજાનનશંકર ખોલે નામક લેખકે મરાઠીમાં 'કબાલી વૈમાનિક' નામનું પુસ્તક પણ બહાર પાડેલ છે જે શાળાઓમાં રેફરન્સ બુક તરીકે રખાયેલ.

સને ૧૯૩૧માં તેમણે મુંબઈમાં 'એર સર્વિસીસ ઓફ ઇન્ડિયા લિ.' નામની પેસેન્જર વિમાની સેવા શરૂ કરી અને અને શરૂઆતમાં મુંબઈ-પુના, અમદાવાદની ફ્લાઈટ્સ ચાલુ કરી. ઇ.સ. ૧૯૩૭માં રાજકોટ, ભાવનગર એરોડ્રમ બનતા ત્યાં પણ વિમાની સેવા શરૂ કરી. પાછળથી આ કંપની સિંધિયા નેવીગેશનને વેચવામાં આવેલ. ત્યારબાદ તે ટાટાની ઇન્ડિયન એરલાઈન્સ કોર્પોરેશનમાં સમાઈ ગઈ.

કબાલીનું નામ 'કબાલી' કેમ પડ્યું તેની પણ એક કથા છે. અફઘાનિસ્તાનના રાજા 'અમાનુલ્લા' સામે કાવતરું થતા સ્થાનિક અફઘાનો તેમની સામે વિફર્યા હતા અને એમનું કુટુંબ કાબુલમાં ફસાઈ ગયું હતું. તે વખતે તેમના મિત્ર તરીકે પુરુષોત્તમ કબાલીએ કાબુલ જઈને રાજાના કુટુંબને બચાવ્યું એટલે ત્યારથી કચ્છી લોહાણા ઠક્કરમાંથી કાબુલને પછી કબાલી થયો. પુરુષોત્તમ કબાલીનાં પૌત્ર પ્રણવ તેમની અટક કબાલી જ લખે છે અને થોડા વર્ષો પહેલા મુંબઈમાં બ્રિટિશ હાઈ કમિશનરની કચેરીમાં સેવા આપતા હતા.

સ્વાતંત્ર્ય સંગ્રામ વખતે સુભાષચંદ્ર બોઝને કલકત્તાથી કાબુલ સુધી મૂકી આવવાનું કામ કબાલીએ કરેલ, તે બદલ જેલમાં જવું પડેલ. જેલમાં તેમને સરદાર પટેલ, પંડિત નહેરુ જેવા નેતાઓ સાથે તથા ગજાનન શંકર ખોલે સાથે ઓળખાણ થઈ. ત્યારબાદ ઘાટકોપરમાં પુરુષોત્તમ કબાલીનો બંગલો તો સ્વાતંત્ર્ય સેનાનીઓ માટે આશ્રયસ્થાન બની ગયેલ. ઇન્દિરા ગાંધી સહિત ઘણા રાષ્ટ્રીય નેતાઓને વિમાન ચલાવતા કબાલીએ શિખવાડ્યું. એમના પત્ની નારાયણી બાઈને પણ એમણે વિમાન ચલાવતા શિખવાડ્યું હતું.

કચ્છના આ શૂરવીરે ભારત દેશની સૌથી અગત્યની સેવા ભાગલા બાદ બજાવી. કાશ્મીરના મહારાજ હરિસિંહએ ભારત સાથે કાશ્મીરને જોડવામાં થોડો વિલંબ કર્યો એટલે પાકિસ્તાને તક જોઈ ચડાઈ કરી. તે વખતે આખું કાશ્મીર પાકિસ્તાનના હાથમાં જવાનું જોખમ હતું. તે સમયે પુરુષોત્તમ કબાલી પાસે

**(અનુસંધાન : જુઓ પાના નં.-૯૫ ઉપર)**

# મેઘજી કુંવરજી પટેલ
## સાહસિકતાની સિદ્ધિ

• દિનેશચંદ્ર જગજીવન શાહ •

કચ્છી માડુમાં સાહસિકતા એ જન્મોગત સ્વભાવ છે. શૂન્યમાંથી સર્જન કરવામાં તેની સાહસિકતા જીવનના ઊંચા શિખરે લઈ જાય છે. આવા જ એક કચ્છી માડુ-ગામ નારાણપરના લેઉવા પટેલ મેઘજી કુંવરજી ખેતાણી (પટેલ) ની કથા સાહસિકતાનો પરિચય કરાવે છે.

ખેતીકામ કરતા માતા માનબાઈ અને ટ્રક ડ્રાઈવર પિતા કુંવરજીભાઈ પાસેથી મહેનત અને સાહસિકતાના ગુણ ગળથૂથીમાં મેળવી ૧૯૮૬થી એક જૂના ટેમ્પાથી યુવાનીમાં પોતાની જિંદગીની સફર ચાલુ કરી. ધીમે ધીમે મિત્રો, પ્રવાસીઓ અને સમાજ સાથેના મિલનસાર સ્વભાવ થકી લોકચાહના મેળવતા પટેલ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સના નામે કંપની ચાલુ કરી. બીજી બાજુ સરકારી કામો તેમજ વેપાર માટે જનતાની આવ-જા અમદાવાદ-રાજકોટ વચ્ચે ઉત્તરોત્તર વધતી ગઈ. તે સમયે ટ્રાવેલ્સના ધંધાની તકો સર્જાતી ગઈ. તેમના ધ્યાનમાં આવ્યું કે સ્ટેટ ટ્રાન્સપોર્ટની બસો ખાસ સગવડ ધરાવતી ન હતી. આ સમયે તેમણે આરામદાયક સગવડવાળી બસો આ રૂટ ઉપર મૂકવાની શરૂઆત કરી. જાતે દેખરેખ હેઠળ કારોબાર ચલાવતા મુસાફરોને વધુને વધુ સગવડ કેમ મળતી રહે તેવા પ્રયત્નો કરવા લાગ્યા. તે સમયે આજના જેવા રસ્તાઓ પણ ન હતા. આ લખનારને ખ્યાલ છે કે મુસાફરોને આકર્ષવા અને ઓછી હાલાકી થાય તે બદલ આજથી લગભગ ૨૫ વર્ષ પહેલાં 'વોલ્વો એ.સી.'' બસ તેના કાફલામાં ઉમેરવાનું નક્કી કર્યું. અને તે માટે નવી આવેલ બસમાં મુસાફરોને આકર્ષવા તેમણે એક દિવસ માટે ભુજથી રાજકોટ અને રાજકોટથી ભુજ માટે મફત મુસાફરીની સગવડ આપી લોકચાહના મેળવી. આમ તેઓ ધંધાના વિકાસરૂટ ઉપર સડસડાટ દોડવા લાગ્યા.

એક જૂના ટેમ્પામાંથી પ્રગતિ સાધી આજની તારીખે તેમની પાસે ૨૫૦ જેટલી મર્સિડિઝ, સ્કાનિયા, માન બ્રાન્ડની લક્ઝુરિયસ બસોનો કાફલા દ્વારા પટેલ ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સ આજે એક વટવૃક્ષ બનીને ઊભરી આવ્યું છે. તેમની આ ૨૫૦ જેટલી બસો ભારતના ગુજરાત, રાજસ્થાન, મહારાષ્ટ્ર રાજ્યોમાં ૧૬૫ રૂટ ઉપર દરરોજ દોડે છે. આ રીતે અમદાવાદથી ૭૫, રાજકોટથી ૪૫, કચ્છથી ૨૫, જામનગરથી ૨૦ સહિત જયપુર, નાસિક, પૂના, મુંબઈ, વડોદરા, શિરડી સહિતના રૂટોનો સમાવેશ થાય છે.

અખિલ ગુજરાત પ્રવાસી વાહન સંચાલક મહામંડળના છેલ્લા ૧૫ વર્ષથી બિનહરીફ પ્રમુખપદે ચૂંટાતા મેઘજીભાઈ ખેતાણી (પટેલ) સમાજસેવામાં તણ તન-મન-ધનથી પાછળ નથી રહેતા. જરૂરિયાતમંદોને શિક્ષણ તથા આરોગ્ય સેવા તેમની પ્રાથમિકતા છે. શ્રી કચ્છી જૈન સેવા સમાજ દ્વારા શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ ખાતે ચાલતા ડાયાલિસિસ સેન્ટરમાં તેમણે રૂપિયા પાંચ લાખનો માતબર ફાળો આપેલ છે અને શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની શિક્ષણ એન્ડ ઇતર ડેવલપમેન્ટ સમિતિ દ્વારા કાર્યક્રમ માટે જ્યારે પણ વાહનની જરૂર પડે છે ત્યારે નિઃશુલ્ક બસ સેવાની સગવડ પણ કરી આપે છે.

અમદાવાદ આવતા મુસાફરોને ઊતરવાની અગવડને ધ્યાનમાં રાખી અમદાવાદના એસ.જી. હાઈ-વે ઉપર 'પટેલ ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સ' ના નામે એક આધુનિક સગવડ ધરાવતું સંકુલ તેમના દ્વારા નિર્માણ પામી રહ્યું છે. જ્યાં મુસાફરોને સંપૂર્ણ સગવડ સાથે રહેવા ભોજનની વ્યવસ્થા પણ મળી શકે તેવું તેમનું આયોજન છે.

ઉપરાંત આગામી સમયમાં ભુજ-અમદાવાદ વચ્ચે આંતરિક સુવિધા ધરાવતી સુપર ફાસ્ટ લક્ઝુરિયસ બસ ચલાવવાની તેમની નેમ છે. જે ભુજ-અમદાવાદનું અંતર ચાર કલાકમાં પૂરું કરશે.

કચ્છી નવા વર્ષના પર્વે આ ૫૩ વર્ષની ઉંમરે સિદ્ધિની ભવ્યતામાં આળોટતા મેઘજીભાઈ ખેતાણી એક મળવા જેવા દિલેર માનવી છે.

*રજૂકર્તા : દિનેશચંદ્ર જગજીવન શાહ (ભુજ) અમદાવાદ*
*મો. ૯૪૨૬૫૭૭૬૭૮*

With Best Compliments From

**43 YEARS OF CIVIL ENGINEERING EXCELLENCE**
**We undertake Civil Works in Gujarat, Maharashtra & All Over India**

**M/s. NARENDRA SHAH & ASSOCIATES & M/s. D.N.D. Enterprises**

**Admn. Office :** 16, Shanti Bhuvan, 3rd Floor, Above Mcdonald's, Opp. Railway Station, Mulund (West), Mumbai-400 080. **Tel. : 25647572 E-mail : narendra_shah2006@yahoo.co.in**

કચ્છ : ક્લાસિક

# લોહીનું ટીપું....

• જયંત ખત્રી •

બે દિવસ અષાઢનો મેઘ વરસી ગયા પછી આકાશ ખૂલ્યું નહોતું, તોય બહુ ઘેરાયેલું ય નહોતું. પૂનમની અરધી રાત હતી. ક્યારેક કાળા વાદળાં ચંદ્રને આવરી લેતાં, ક્યારેક આંખે આંસુઓ ઉભરાય એમ ધુમ્મસ જેવાં વાદળ ચંદ્ર આડે ફરી વળી એને દૂભવી દેતાં.

શાંત ચૂપકીભરી અને ગંભીર એવી મેઘલી રાત હતી. તોય બેચરને ઊંઘ ન આવી - એનું એને દુ:ખ ન થયું! પણ ક્યારેય નહિ અને આજે એ જિંદગીનો હિસાબ ગણવા બેઠો : ગણતરી કરતાં એ ઉશ્કેરાઇ ગયો. એનું મન એના કાબૂ બહાર ચાલ્યું ગયું. વિચારોએ એને ફસાવી દીધો.

અને એ કોઈથી ફસાય અથવા દબાય એવી વ્યક્તિ નહોતી - એના વ્યક્તિત્વમાં ભઠ્ઠીના અંગાર અને લોઢાની કઠણાઇ હતાં.

એ જેલમાંથી છૂટીને આવતો હતો.

એની ગણતરી આગળ ચાલી.

....પછી એ પરણ્યો — એ તો જાણે ઠીક! પણ એનો બાપ કટોકટીને વખતે મરી ગયો. અને તાબડતોબ એના ઘર પર જપ્તી આવી. એના બાપનું કરજ એ ન જ ચૂકવી શક્યો. એના ખોરડાં, એની લુહારની ભઠ્ઠી જપ્તીમાં તણાઇ ગયા. સત્તરમે વરસે એણે પહેલીવાર દારૂ પીધો. વીસ વહરે પહેલી જ જાણવાજોગ મોટી ધાડ પાડી અને આબાદ છટકી ગયો. અઠ્ઠાવીસ વરસે પહેલી જ વાર જેલમાં ગયો. છત્રીસમે વરસે જેઠુભાને એણે માર્યો. જેઠુભા એને પગે આળોટવા, કરગરવા લાગ્યો ત્યારે એ ગામના ધણી પર એને અનહદ તિરસ્કાર ઊપજ્યો. એનું ખૂન કરવા નીકળેલો બેચર એનું નાક કાપી પાછો ફર્યો. ત્યાર પછી લુહારનો ધંધો પાછો શરૂ કર્યો. અને ચાર વરસ નીકળી ગયાં! એનો છોકરો બારેક વરસનો થયો - છોકરીય હવે ઓઢણું પહેરવા જેવડી થઈ. એક દહાડો જૂના જોડીદારે એને કહ્યું :

'બેચર, આ મોકો ફરી નહિ મળે. વાણિયાએ ચોરીનો માલ વેચાતો લીધો છે અને તાલુકાનું થાણું ચૂકી જવા નાળને રસ્તેથી આવશે. સાથે એક ખીમો ખવાસ જ હશે.' એણે ખૂંખારો ખાઈ ગળું સાફ કર્યું : 'આ મોકો ચૂકવા જેવો નથી!'

પણ બેચરે ઘસીને ના પાડી દીધી : 'હવે કોઇ દહાડો નહિ!'

'બેચર!' એના જોડીદારે કહ્યું : 'આજે-આજે આ હાથોમાં પહેલાં હતી એવી તાકાત નથી. નહિ તો હું તને કહેવા ઊભો રહું એવો નથી! હું તારા હાથ ફક્ત માગું છું. બીજું બધું હું ગોઠવી લઈશ. મારી ગોઠવણમાં કંઈક ચૂક રહી જાય તો ય હું તને છૂટો જ મેલીશ. હું-હું ફક્ત તારા હાથ જ માગું છું! આમ કરગરતાં મને શરમ તો આવે છે પણ કરું શું? તું આમેય કમાઇ ખાય છે. પણ મારી નસોમાં આવા ધંધાનું લોહી વહેતું નથી. અને મારે ઘેર ખખડતાં ખાલી હાંડલાં મારે પાછાં ભરી દેવા છે — મારું ગમે તે થાય — મારું ગમે તે થાય, સમજ્યો?'

બેચર ચૂપ રહ્યો. ભઠ્ઠીમાં મૂકેલો લોઢાનો સળિયો આખો લાલ થઈ ગયો.

સાતેક વરસે ફરી પાછો બેચરે દારૂ પીધો. જાણે કોઈ દહાડો દારૂ પીધો જ નહોતો — 'હેં! —હેં! હા-હા-હા!' કહેતાં એણે એના જોડીદારને ગળે હાથ નાખ્યો.

ગમે તેમ હોય - એના જોડીદારની ગોઠવણમાં ક્યાંક ચૂક હોય કે પછી બેચરના હાથોની તાકાતે દગો દીધો હોય, પણ એ કામ પાર પડ્યું નહિ. એટલું જ નહિ પણ એના જોડીદારે એને છેહ દીધો.

બેચરની આંખોની ભઠ્ઠીમાં ભડકા બળવા લાગ્યા. પણ અસલ તો એ યે ધાડપાડુઓની જમાતનો હતો. એ જમાતની નીતિ અને ધર્મ માન્ય રાખી એણે એના જોડીદારને ફસાવ્યો નહિ પણ કોરટમાંથી બહાર નીકળતાં બેચરે એને સંભળાવી દીધું : 'હું બહાર નીકળું ત્યાં સુધી ભગવાન તને જીવતો રાખે - તારો હિસાબ હું ચૂકવી દઇશ! અચૂક!'

એ આંખો જેલના દરવાજા સુધી લાલ રહી. ત્યાં દરવાજા આગળ આઠ ગાઉ ચાલીને આવેલી સ્થિર અને શાંત ઊભેલી એક વ્યક્તિને જોઈ એની આંખોના અંગારા ઠરી ગયા. એના તંગ સ્નાયુઓ શિથિલ થઈ જઇ, એના હાથ એની બાજુમાં અને માથું છાતીમાં નમી પડ્યાં. એ એની પત્ની હતી. એને એમ હતું કે એ ઠપકો દેશે અને કહેશે : 'આખરે તમે કોઇનું માન્યું નહિ - રતન જેવા છોકરાના સોગન કયા મોઢે ખાધા હતા?'

પણ એ એમાંનું કશું બોલી નહિ અને ઠંડી આંખે જોતી રહી. બેચર મુંઝાયો. એની પત્નીએ એવી જ ટાઢશથી પૂછ્યું : 'કેટલાં વરસ?'

'સાડા પાંચ!'

'કેમ કરીને કાઢશો? તમારા દેહમાં હવે એ ચીવટ ક્યાં છે — શા માટે આમ કર્યું?'

'મારી ચિંતા મેલી દે!' બેચરે કહ્યું, 'અને એક વાત

સાંભળ. જો, કનૈયો મોટો થયો છે અને એ આખરે મારા લોહીનું ટીપું છે. હું ગમે તેવો ચોર, ડાકુ, ધાડપાડું છું પણ મારામાં ચોરની ઝડપ અને ધાડપાડુની ગણતરી છે. પણ કનૈયો મૂરખ છે - એનામાં થોડીઘણી તારી કુમાશ છે - સમજી? એને જાળવજે! એ છોકરો જેટલો અધૂરો એટલો ભયંકર છે - મને તારી ફિકર નથી. મારીય ફિકર નથી. એને હૈયા સરખો જાળવજે. એની નસોમાં વહેતા મારા લોહીને ટાઢું જ રાખજે! સમજી? અને– ' કહેતાં બેચર જરા ખચકાયો, 'અને આમ મારી સામે જોઈ ન રહે સમજી? — સમજી? કંઈ બોલ તો ખરી?'

એની પાછળ જેલના દરવાજા બંધ થઇ ગયા, પણ પેલી ઠંડી નજર ઘણા દિવસો સુધી એની સાથે રહી.

બે મહિને એ પાછી મળવા આવી. બેત્રણ વાર બબ્બે મહિને આવી. પછી છ સાત મહિના નીકળી ગયા. અને એ આવી કે તરત જ બેચરે એનો ખભો પકડી હલાવી : 'કેમ આટલા મહિના કાઢી નાખ્યા? કનૈયો-કનૈયો કેમ છે?'

'સારો છે - એને તમારી પાસે આવવું હતું એટલે–'

'ના-ના.' એને વચમાં અટકાવી બેચર બોલી ઊઠ્યો, 'એને અહીં નહિ લાવતી!'

'એટલે જ મને મોડું થયું. હું દ્વારકા જાઉં છું એમ કહીને ત્યાંથી નીકળી છું અને હવે-હવે કદાચ ન પણ આવું!'

'નહિ આવે? કેમ?'

એની પત્ની જરા મૂંઝાઈ.

'તું મારાથી છુપાવે છે કંઈક - કનૈયો કેમ છે? એ સુવર શું કરે છે? ભઠ્ઠી કેમ ચાલે છે?'

'ભઠ્ઠી ઓલવાઈ ગઈ!'

'હેં?'

'હા. કનૈયાએ વેપાર શરૂ કર્યો છે!'

'વેપાર? વેપાર? શાનો વેપાર? લુહારનો દીકરો વેપાર કરે? એ હરામખોર, ચોર, પાજી–'

'શા માટે એને ભાંડો છો? જરા તમારી પીઠને તો ચકાસી જુઓ. તમારા કરતાં–'

બેચર ઊઠીને ઊભો થઈ ગયો. એની આંખોમાં પાછી ભઠ્ઠી સળગી ઊઠી.

'હું જ ચોર અને હું જ હરામખોર છું ને? તને આજે ખબર પડી? તો શા માટે ધક્કા ખાય છે અહીં! જાને, બીજો ભાયડો શોધી લે!'

'શું બોલ્યા?' કહેતાં એ બેઠી ને બેઠી ટટ્ટાર થઇ ગઇ. 'બોલો તો ખરા બીજી વખત? આ જીભે કીડા પડશે હોં!'

બેચર શરમાઈને નીચું જોઈ ગયો. 'હું-હું...' એનાથી વધારે બોલાયું નહિ. 'તું શા માટે મને ઉશ્કેરે છે?'

થોડીવારે બેમાંથી કોઈ કંઈ બોલ્યું નહિ. એની પત્ની ઊઠીને ઊભી થઈ. હું જઇશ - અને તમારા છોકરાને બરોબર જાળવીશ. સમજ્યા? પણ તમે બહાર નીકળો ત્યારે મિજાજને કાબૂમાં રાખજો! મારાથી વધારે સહેવાય તેમ નથી.'

એણે બહાર નીકળતું ડૂસકું રોક્યું તે બેચરે જોઈ લીધું. એ એમ જ બેસી રહ્યો. ઝીણી અને ઊંચી, હળવા પણ ચોક્કસ પગલે બહાર નીકળતી એને એ જોઈ રહ્યો.

વરસો વહી ગયાં. એ જેલમાંથી છૂટ્યો.

બેચરની ગણતરી પૂરી થઈ. પણ એને સંતોષ થયો નહિ. હજુ ક્યાંક કશુંક ખૂટતું હતું - એકાદ ડંખ હજી બાકી હતો! એકાદ પ્રશ્નનો જવાબ મળતો નહોતો. એથી મૂંઝવણ વધવા લાગી.

એ અષાઢની મેઘલી રાત હતી. ક્યારેક ઝંઝાવાતી પવનનો ઝપાટો આવી જતો અને એની પાછળ જરા વાર શ્રમથી હાંફતા વાતાવરણમાં માદક સુસ્તી આવી જતી.

બેચર ધર્મશાળામાંથી બહાર નીકળ્યો. એ વખતે આકાશ સ્વચ્છ દેખાયું. આંબલી ઘેરું ઘેરું બોલી રહી અને દૂર ઊભરાતી નદીની વેરણ જુવાની ઘૂઘવી રહી હતી.

અહીં દસેક ગાડાં બે દિવસથી નદી રસ્તો આપે એની રાહ જોતાં પડ્યાં હતાં. પણ નદી તો હજુ બંને કાંઠે ઊભરાતી જતી હતી. આજે તો ટપાલનું ઊંટ પણ જઈ શક્યું નહોતું.

અહીં ચિત્રવિચિત્ર માણસો ધર્મશાળામાં પડ્યાં હતાં. એક બ્રાહ્મણ કુટુંબ, ખવાસ, સાસરે જતી એક કોડીલી વાણિયણ, ખેડૂતો, ખેપિયા અને હવે ટપાલ પણ અટકી પડી હતી.

અને નદીએ સાંજના તો માઝા મૂકી. જમણી મેરની ભેખડ કૂદી જઈ, સામેની કણબીની વાડીમાં એ પેઠી અને જુવારના વાવેતરની સુથ વાળી નાખી.

પણ એ સાંજના એક છોડી આવી - એક કુંભારણ! બે ગાઉ પરથી ચાલીને આવી હતી : નદી ઓળંગવાની સૌ કરતાં એને વધારે ઉતાવળ હતી. રાત પડવા આવી ત્યારે હજીય નદીને ઉભરાતી જોઈ પીપળાના ઓટલા આગળ એ રડી પડી. બેચરે એને જોઈ. એ એની સામે જોઈ ઊભો રહ્યો. શું બોલવું એની પહેલાં તો એને ગતાગમ ન રહી અને એ છોડીએ તો રડ્યા જ કર્યું.

'શું છે આવડું બધું?' બેચર બોલ્યો.

'મારે પેલી પાર જાવું છે!'

'અહ! —તે અમને બધાયને અહીં બેસી રહેવું હશે? એ તો નદી ઊતરશે ત્યારે જવાશે! તારે રડવું હોય તો છોને રડ!'

પણ એ તો રડતી જ રહી — અને કહેતી ગઈ : 'મારે જાવું છે! નહિ– મારે જાવું છે!'

અને અંધારા ઊતરવા લાગ્યાં હતાં. પવન ફુંકાતો જરા હળવો પડ્યો હતો.

અણઘડ બેચર એ છોડીની સામે જોઈ રહ્યો. આવા નરમ પ્રસંગો એની અડફેટમાં બહુ ઓછા આવ્યા હતા. અને એવા પ્રસંગો એની ઘરવાળી હંમેશ સંભાળી લેતી. પણ આજે બેચર મૂંઝાયો. એની જીભ આડીઅવળી થઈ કંઈક હળવું બોલવા મથી રહી હતી. પણ કંઈ વળ્યું નહિ.

'લે ઊઠ હવે - બહુ થયું!'

ઓ છોડી તોય ઊઠી નહિ.

'બહેરી છે તો!' બેચરની આદતે જોર પકડ્યું અને એનાથી 'કઠણ' શબ્દો બોલાઈ ગયા. 'ધરમશાળામાં ચાલવું ચે કે નહિ? કે રાત ગાળવી છે આ ઓટલા પર? છો તો પૂરી નાદાન!'

'ધરમશાળામાં બધા વાણિયાબામણ છે!' છોડી ડૂસકું ખાતાં બોલી.

'તે કંઈ એમના બાપે બંધાવી છે ધરમશાળા? જોઉં તો ખરો કોણ જાકારો દે છે તને! ઊઠ, ચાલવા માંડ જોઉં!'

છોડી ઊઠી અને આગળ ચાલી ત્યારે મેઘલી સાંજ કરમાતી કરમાતી રંગ વેરી રહી હતી. અને એ કરમાતાં અજવાળાંની આડે બેચરે એ છોડીના ઓળાને, નીચું માથું કરી, ધીમો ધીમો ચાલતો જોયો ત્યારે અને એક વિચાર તો આવી ગયો કે છોડી ઘાટીલી હતી! એ વિચાર આવ્યો એવો જતોય રહ્યો. પણ એની પાછળ કેટલીક યાદ એવી તો ઊલટી પડી કે બેચર મનમાં જ બોલ્યો : 'આ - આજે થયું છે શું મને?'

ધર્મશાળાના વંડામાં પેસતાં બેચરે પૂછ્યું : 'શું નામ તારું?'

છોડીએ ઝડપથી ફરતાં કહ્યું : 'હલિમા.' અને બેચરને વહેમ ગયો કે જવાબ આપતાં તે થોડું હસી હતી.

'હલિમા - નથુ હાસમની છોકરી. ઓળખો છો મારા બાપને?'

'ના.' બેચર ધર્મશાળાનાં પગથિયાં ચડતો બોલ્યો. એનું મન બીજે ક્યાંક ફરતું હતું. અંદર દાખલ થઇ એણે હલિમાને એક ખૂણો બતાવતાં બધાં સાંભળે તેમ જોરથી કહ્યું : 'લે પડી રહે અહીં - અને કોઈ લપસપ કરે તો માબાપની સંભળાવી દેજે એને!'

પોતે જરા દૂર એક થાંભલાને અઢેલી પડ્યો. બધાં ખાવામાં પડ્યાં હતાં. વાણિયાના લાલટેનના અજવાળે એણે હલિમાને નીરખીને જોઈ. છોડી તો ફુટડી તો હતી. માંડ સોળેક વરસની હશે! એની આંખોનાં ઝબૂકિયાં બરોબર દેખાયાં નહિ. પણ બેચરને થયું કે એ રડતી નહિ હોય ત્યારે હસતી જ દેખાતી હશે!

બેચર વિચારે ચડ્યો. હલિમા પોતાની પાસે હતું એમાંનું થોડુંક ખાઈ લઈ બહાર વાવની કૂંડીમાં હાથ-મોં ધોવા બહાર નીકળી. બેચરને એના વિચારો ગળી ગયા હતા. પોતાની પાસેથી પસાર થતી એણે એને જોઇ નહીં.

પાછી વળતાં હલિમાએ એને પકડ્યો. 'તમે ખાધું કાકા?'

'કાકા?' બેચર ચમકીને બેઠો થઈ ગયો. અને જેમ તેમ બોલી નાખ્યું : 'ના — મારે નથી ખાવું.'

'નહિ તો હું આપું થોડુંક!' બોલતાં હલિમા એની પાસે ઊભી રહી. બહારથી ધસી આવતા પવનને એક સપાટે હલિમાની ઓઢણી ઊડી. એનો એક છેડો બેચરના મોં પરથી ફરી ગયો.

'હવે જા — જા!' બેચર ખોટું હસતાં બોલ્યો, 'ખાવાનું આપવાવાળી!'

હલિમા દોડતી ખૂણામાં નાઠી અને જતાં જતાં માથું પાછળ ફેરવી ઝીણું મીઠું હસતી ગઈ. જો અંધારું ન હોત તો બેચર જેવું હસ્યો એવા પોતાના હાસ્યથી પોતે જ ખસિયાણો પડત! તો ય એને ક્ષોભ તો થયો અને ક્ષોભમાં ને ક્ષોભમાં માથાની પાઘડી હેઠી પાડી, એનું ઓશીકું કરી, એ લાંબો થઈ પડ્યો.

પડતાં એણે ઊંઘવાનો પ્રયત્ન નહિ કર્યો. ધર્મશાળાની બધી બત્તીઓ ઓલવાઈ, અંધારું જામી પડ્યું. તોય બેચર ઠાલી આંખે અંધારાને જોતો રહ્યો. એને બહુ નિરાંત મળી હતી. શરૂમાં એના વિચારોએ એને બહુ સંતાપ્યો નહિ. પણ એ વિચારો એને આખરે ઉશ્કેરાટની હદ સુધી લઈ ગયા. ત્યારે રાત બહુ આગળ વધી હતી. બેચરની બેચેનીય એમ વધી પડી. એણે બેત્રણ બીડીઓ સળગાવી નાખી. એની વિશાળ છાતીમાં ગરમી ફરી વળી અને માથું ભારે થઇ ગયું.

બેચર બહાર નીકળ્યો.

એક તો એ અષાઢ મહિનો, અષાઢનો ભાર ઝીલીને ગર્ભવતી બનેલી મસ્ત ધરણી અને હવાએ ફૂંકાતાં કાળાં ધોળાં વાદળોની પાછળ લપાતો છુપાતો પૂનમનો ચંદ્ર! એ પવન, એ અંધારા અજવાળાં - એની નીચે એ ગર્ભકાળ ભોગવતી ધરતી વારેઘડીએ મિજાજ બદલે જતી હતી! હૂંફમાં ફક્ત પડી રહેવું ગમે એવી વાતાવરણમાં ઠંડી સુસ્તી ભરી હતી!

બેચર પગથિયાંની પાળને પકડી જરાક ઊભો રહ્યો. એની નજર ઠાલી ઠાલી બધે ફરી વળી. પવનની ઠંડી લહેરખીઓએ એની આંખો બંધ કરી દીધી.

એ માથું સુસ્તીથી ઝૂકી પડ્યું અને આંખો જરા ખૂલી ગઈ ત્યારે બેચરે જોયું કે બાજુની ફરસબંધી પર કોઇક નિરાંતે સૂતું હતું!

અને એને જાણ થઈ કે એ હલિમા હતી ત્યારે એક ક્ષણ તો એને ગભરાટ જેવું કંઈક થયું અને એણે માથું ફેરવી લીધું. પણ એ લાગણી ક્ષણજીવી હતી! એણે બીજી વખત નિશ્ચય અને સચોટતાતી એની તરફ જોયું.

પથ્થરને ઓશીકે એ સૂતી હતી. પવને એની ઓઢણી છાતી

અને પેટ પરથી ખસેડી નાખી હતી. અને—બાપ રે! એની ચોળીનું ક્યાં ઠેકાણું હતું! જરીના દોરાથી લટકતું, સોનાના એક જ મણકાવાળું મોટું, ચોરસ, રૂપાનું માદળિયું ઊંચી અને હાંફતી, ખુલ્લી છાતી પર હિલોળી રહ્યું હતું.

આ વખતે બેચર એને જોઈ જ રહ્યો. જોતાં એની નજર ધરાઈ જ નહિ. ધીમે ધીમે એના વિચારો ઊડી ગયા. એને કશાનું ભાન ન રહ્યું.

હલિમા હજી હાલી નહોતી. એક લાંબા પડેલા પગ પર બીજો ઊભો રાખેલો પગ નમી પડ્યો હતો. જમણા હાથની આંગળીઓ હોઠને અડું અડું કરતી ગાલ પર રહી ગઈ હતી. અને ડાબો હાથ સાપ જેવો વળાંક લઈ એની બાજુમાં પડ્યો હતો.

બેચર પોતાની આંખોમાં ગુમાઇ ગયો. થોડીવાર તો એણે દુનિયામાં પોતા સિવાય બીજા કોઇને નહિ જોયા. અને પળો ઊડવા લાગી. એની આંખો મિંચાઈ ગઈ. એનું ભાન પાછું ફર્યું.

અને ફરી એ આંખો પાછી ઊઘડી ત્યારે એનો રંગ અને ચહેરાની કરચલીઓ બદલાઇ ગયાં હતાં! સાડા પાંચ વરસની ભૂખ સળવળી ઊઠી!

એ રૂપ - એ જુવાની અને અષાઢી રાતની આ અમૂલ્ય પળ!

અને એ તે કેવી કુમળી જુવાની! બેચરના હોઠો પર એક ગંદું હાસ્ય આવી બેઠું અને એની આંખો બેઅદબ બની ઝીણી થઈ ગઈ. એની છાતીની ગરમી વધવા માંડી. એના સ્નાયુઓ તંગ થઈ ગયા.

બેચર બિલાડીની અદાથી કૂદકો મારી પગથિયાની પાળ કૂદાવી ગયો. એણે પાછળ માથું ફેરવીને ધર્મશાળામાં નજર નાખી. પછી હલિમા પર આંખ ઠરતાં પહેલાં, અજાણતાં, સામેનાં દૂર આકાશ અને ધરતીનાં વૈવિધ્ય એની નજરમાં સમાઇ ગયા.

વાતાવરણ ભાવનાની અતિશયતાની સુસ્તીથી ભર્યું હતું. અને એ નજર પાછી હલિમા પર ફરી ગઈ ત્યારે એના આખા શરીરે ઝણઝણાટી ફરી વળી. એની નજરનો એ ગુલામ બની ગયો.

પથ્થરના ઓશીકા પરથી હલિમાનું બદન પાણીના રેલા જેવું વહેતું પડ્યું હતું - એ બિડાયેલી કુમળી આંખો - એ રંગીલા હોઠ અને એ... બેચરની રાક્ષસી કાયા તંગ બની ને એની વટ તોળાઇ રહી.

બેચરના સ્વભાવમાં મૂળથી જ ચોરની કાર્યદક્ષતા અને ધાડપાડુની દઢતાં હતાં. એ ક્યારેય અચકાઇને પાછો નહિ ફરતો.

પળો પાછી ઊડવા લાગી અને બેચર એમ જ ઊભો રહ્યો.

પાસેની આંબલી ધીમું ધીમું બોલી રહી હતી. વાદળાં પાછળથી ચંદ્ર હજી બહાર નીકળ્યો નહોતો - બધું બરાબર હતું. વાતાવરણ પોતાની મસ્તીમાં ગુલતાન હતું.

પણ બેચરને કશુંક થઈ ગયું હતું! એની ઇચ્છા આ બાજુય નહિ અને તે બાજુય નહિ, એમની એમ મૃતઃપ્રાય થીજી ગઈ હતી.

કોઈ એક બે જણ જોઇ જાય એની એને ક્યાં પરવા હતી? ઇષ્ટ - અનિષ્ટ વચ્ચે એણે ભેદ નહોતો પારખ્યો કે પારખ્યો હતો?

બેચરને હવે વિચાર આવ્યો કે એને ત્યારે કોણ અથવા શું રોકી રહ્યું હતું? — પણ એને ધકેલતું ય કોઈ નહોતું! આ શું? આ કેવી વિચિત્ર મનોદશા! એને કશુંક થયું તો નહોતું? બેચરે ફરી અને ફરી હલિમા પર નજર ફેરવી. એ નાદાનને કશું ભાન નહોતું - એ એમ જ પડી હતી : અને એ એક ઉંકાર સુદ્ધાં બહાર નહિ કાઢી શકે. બેચરને ફરી હસવું આવ્યું અને ફરી એ ઇચ્છાએ જોર પકડવાનું શરૂ કર્યું!

ચંદ્ર હવે વાદળમાંથી બહાર પડ્યો અને આંબલીએ એની ઘટાની કેશવાળી હલાવી હુંકાર કર્યો.

બેચર પરાણે એના હોઠ પર ગંદું હાસ્ય લાવ્યો. પણ અડધો નીચો નમી એ અટકી ગયો. બાપ રે! એ હાંફતી છાતી : એની ઉપર કોઈ હાલતી ડાળીએ પારેવડું ઝુલે એમ ઝોલાં ખાતું પેલું માદળિયું! કેટલું સુંદર, કોમળ અને નિર્મળ! એ આખો નીચો નમશે અને એ સૌંદર્ય હમણાં ભૂંસાઇ જશે!

એ અરધા નીચા નમેલા ચોરની આંખ ફરી ઠાલી થઇ ગઈ — અને ફરી પાછી ભરાઇ ગઇ. એને કશાકની બીક લાગી. એ સીધો થઈ ગયો! એના સ્નાયુઓ શિથિલ પડ્યા અને મોઢાની કરચલીઓ ખૂલી ગઈ. એણે મોઢું ફેરવીને ઊંચે લીધું — બહુ ઊંચે! આંબલીની ઘટા પરથી ઊડી જઈને એની નજર દૂર, પેલાં ઘેરાતાં અને વિખરાતાં વાદળોથી ય દૂર, ચંદ્ર, તારા અને નક્ષત્રોની તજટપકીઓને અડતી અડતી, વિસ્તાર પામતી ક્યાંની ક્યાં ગુમાઇ ગઇ! અને એ નજરની આડે બધે પેલાં અબલખ પારેવડાં જેવું હિલોળા ખાતું માદળિયું ફરી વળતું! બેચરના મનમાં એ ત્રિલોકના સૌંદર્યની પરાકાષ્ઠાનો આનંદ ફરી વળ્યો.

જાણે કશુંક બનવા પામ્યું હતું — ક્યારનું ય બની ગયું હતું એનું એને ભાન થયું. એણે એક નિઃશ્વાસ છોડ્યો.

એણે ચાલ્યા જવાનું કર્યું અને પાછાં ફરતાં એને એક વિચાર આવ્યો. એણે ધીમે રહીને, કશા ક્ષોભ વગર, હલિમાની ઓઢણીનો છેડો ઊંચકી એની છાતી પર ઢાંકી દીધો. એ દશ્ય જોવાની હવે એને કશી જરૂર નહોતી. એના મનની આંખ હજી હિલોળતી હતી.

હલિમા એની ઓઢણીના સ્પર્શમાત્રથી જાગી ગઈ અને ચમકીને બેઠી થઈ ગઈ — 'ઓ! —હાય!'

બેચર હસતે મોઢે એની સામે જોઈ રહ્યો

'જોને-કેમ સૂતી હતી? મને થયું કે લાવ એને ઓઢણી

- ઓઢણી...' બેચરથી વધારે બોલાય તેમ નહોતું!

હલિમાએ પોતાના હાલ જોયા અને બેબાકળી ઝડપથી ઊભી થઈ જઈ ઓઢણીમાં લપાઇ ગઇ.

'તમે શું કરો છો અહીં?'

'મને ઊંઘ નહિ આવી એટલે બહાર નીકળ્યો અને તને આમ આવી રીતે...' કહેતા બેચર પાછો મૂંઝાયો.

'હવે જાઓને!' કહેતાં હલિમા પગથિયાંની પાળને અઢેલીને ઊભી - થોડુંક હસી પણ ખરી!

'તમારે ખાવુંય નથી અને ઊંઘવું ય નથી, કેમ કાકા?'

'જો છોડી - તું મને કાકા કાકા કે મા!'

'લ્યો!' હલિમાએ લટકો કરી જમણા હાથની હથેળીને પહોળી કરી. 'એમાં શું ગાળ ભાંડી તમને? કાકા નહિ તો શું દીકરા કહું?' એનું રણકતું હાસ્ય કુદરતના બીજા અવાજો સાથે ભળી ગયું.

'બેચર કહેજે!'

'નહિ, બેચરકાકા!' અને મધરાત પછીની નીરવ શાંતિમાં એ બે જણનાં કોમળ, કર્કશ હાસ્યનું મિશ્રણ ઘૂમી રહ્યું!

'જાઓને, સૂઈ જાઓ હવે.'

'અને તું?'

'હું મારે અહીં જ સૂઈશ.'

'તું પૂરી નાદાન છે, છોડી! તને બીક નથી લાગતી?'

'બીક કોની? —અને કંઈ થાય તો તમે ક્યાં દૂર છો?'

બેચર અંદર ચાલ્યો ગયો. અને પોતાની પાઘડીના ઓશીકે એણે જોરથી પડતું મેલ્યું. એ જ અંધારાં, એજ ઉઘાડી ઠાલી આંખ અને એ જ ગણતરી! પણ આ વખતે એ વિચારોમાં ડંખ નહોતો. અને ગણતરી સંતોષભરી રીતે પૂરી થઈ - બેચર ઊંઘી ગયો.

બીજી સવારે હજી આકાશ ખૂલ્યું નહોતું અને આથમણો વંટોળિયો પવન વાવો શરૂ થયો હતો.

ધર્મશાળાના આંગણામાં અને આંબલી નીચે ગાડાંઓમાં બળદ જોડાઈ રહ્યા હતા - નદીએ માર્ગ આપ્યો હતો. પીપળાના ઓટલા પાસે લોકોની મેદની ભેગી થઈ હતી.

બેચર મોડો જાગ્યો. અને ઊઠીને બેઠા થતાંવેંત એને હલિમાનો વિચાર આવ્યો. એણે ઝડપથી પાઘડી બાંધી અને બહાર પડ્યો. મુસાફરોનાં ગાડાં એણે દૂર જતાં જોયાં. પણ હલિમા ક્યાંય દેખાઈ નહિ.

વાવની કૂંડીએ એણે હાથ મોં ધોયા ત્યારે દૂર ધોરીઆને લાંબે છેડે લૂગડાં ધોતી હલિમા પર એની નજર પડી. બેચર સફાળો ત્યાં પહોંચી ગયો અને હસતાં હસતાં પૂછ્યું : 'છો તો અક્કલની માઠી! અહીં આવી, તે વાવની કૂંડીએ કપડાં ધોતાં શું થતું હતું?'

ત્યારે હલિમાએ ચમકી જઈ ઝડપથી પોતાનાં લૂગડાં પોતાની પીઠ પાછળ સંતાડી દીધા અને નીચું જોઈ ગઇ!

બેચરની ચકોર આંખોએ કશુંક જોઈ લીધું અને એણે એ પણ જોયું કે હલિમાની આંખો રડી રડીને લાલ થઈ જઈ સૂજી ગઈ હતી. એના ગાલ પર અને હાથો પર ઉઝરડા પડ્યા હતા અને એની કાયા કંપી રહી હતી!

હલિમા કંઈ કહે તે પહેલાં એણે છલાંગ મારી એનાં કપડાં ઝૂંટવી લીધાં અને જોયું તો એમાં લોહીના ડાઘ હતા. જે હલિમા ધોઈ રહી હતી. ચોળી છાતી આગળથી ફાટી ગઈ હતી અને ચીંથરાં લટકી રહ્યાં હતાં.

'કોણ હતો એ હેવાન?' બેચરે બૂમ મારતાં પૂછ્યું, 'કહે તો ખરી - એનાં હાડકાંના ભુક્કેભૂક્કા કરું.'

જવાબમાં હલિમા રડી પડી - ધ્રુસકે ધ્રુસકે રડી. વાળેલા ઘૂંટણ પર હાથ અને હાથ વચ્ચે માથુ નાખી, એ શરમ મૂકી, બેફામ રડી પડી.

બેચરની આંખે ઝનૂન ભરાયું.

'જીભ તો નથી કાપી નાખીને તારી? કહે, કોણ હતો એ સુવરનો બચ્ચો!'

હલિમાએ શરમથી મરી જતાં ઊંચે જોયું અને કહ્યું : 'જરા હળવે તો બોલો. લાજ લૂંટાવાની હતી તે લૂંટાઈ ગઈ. હવે શા માટે ઢોલ પર દાંડિયા મારો છો?'

બેચર અસ્વસ્થ બની સામેના એક પથ્થર પર બેઠો અને બીડી પેટાવી. હલિમાએ નીચું જોતાં કહ્યું : 'મને ખબર નથી પણ વહેલી પરોઢે એ બની ગયું. હું જાગી અને બૂમ પાડું તે પહેલાં કોઈએ મારે મોઢે હાથ દાબી દીધો અને બંને હાથ પકડી મને, મને....' કહેતાં એ પાછી રડી પડી. 'એ બે જણ હતા અને હું - મેં બહુ જોર કર્યું. મારો જીવ છો જતો રહે પણ હું એમ ન બનવા દઉં. પણ-પણ એ આખરે બની ગયું! મેં એને ઓળખ્યો નહિ - એનું મોઢુંય મને યાદ નથી. પણ એણે રેશમનું ખમીશ પહેર્યું હતું. આંગળીએ વીંટી હતી અને એની ટચલી આંગળી કપાયેલી હતી! મૂઓ રાક્ષસ! ...ઓ મા...રે!'

બેચર મનમાં ને મનમાં મૂંઝાયો. એ હાથની મુઠ્ઠીઓ વાળીને બેઠો હતો. રાજાના ઘોડા જેવી એની છાતી બહાર નીકળી આવી. 'તેં એને ફક્ત ઓળખ્યો હોત!' એણે કહ્યું, 'તો હું એનાં આંતરડાં ખેંચી કાઢત!'

'હવે શું ફાયદો?' કહેતાં હલિમા ઊઠીને ઊભી થઈ. બેચર ઊઠ્યો. જરા વાર એ બેમાંનું કોઈ બોલ્યું નહિ.

'લે-ચાલ હવે,' બેચરે કહ્યું, 'સામે પાર મારું ઘર છે, ત્યાં શિરામણ કરીને આગળ જજે!'

હલિમા એની પાછળ પાછળ ચાલી, પણ એની ચાલમાંથી

પેલી પતંગિયાંની નજાકત જતી રહી હતી.

બધા નદી પાર કરી ગયાં હતાં. ફક્ત એક જ ભગીનું ગાડું ભાડાની રાહ જોતું પડ્યું હતું.

બેચરે ભાડું નક્કી કર્યું. એ બંને ગાડા ઉપર ઊભાં રહ્યાં. બળદો પાણીમાં પડ્યા.

નદીમાં પાણી ત્યાં છીછરાં હતાં પણ વિસ્તાર લાંબો હતો. સામે દૂર કણબીનાં વાડીનાં જામફળ, જાંબુ અને આંબાનાં ઝાડ પવનના ઝપાટા સાથે લડી રહ્યાં હતાં. બેબાકળાં વાદળાંઓની અથડામણ વચ્ચે આકાશ ઘેરું ગૂંગળાયા કરતું હતું.

બેચરની જીભ એને તાળવે ચોંટી ગઈ હતી. હલિમા એના ખભાએ હાથ ટેકવી સ્વસ્થ ઊભી હતી.

'હું ને કાકા,' એ હળવું બોલી, 'છું જ એવી અભાગણ!'

'હું જન્મી અને મા મરી ગઈ અને તેર વરસની થઈ ત્યાં સુધીમાં તો અમારાં ખોરડાં ગીરવા મૂકાઈ ગયાં, ભાઈ મરી ગયો, તેર ગધેડાંમાંતી એક જ બાકી રહ્યો અને હવે બાપ મરવા પડ્યો છે!' એણે એક હળવો નિઃશ્વાસ છોડ્યો. 'દાઝ્યા ઉપર ડામ જેવું - મારા પતિએ મને કાઢી મૂકી!'

બેચરને આંચકો લાગ્યો એમ એણે પાછળ ફરીને હલિમાની આંખોમાં જોયું. એ આંખોમાં કેટલું બધું ઊંડું પેસી ગયેલું અને ઠરીઠામ બેઠેલું દુઃખ ભર્યું હતું તો ય એ મૂર્ખથી બોલી જવાયું : 'હેં! કાઢી મૂકી! પણ છો તો આવી ફૂટડી?'

'હા — અને ચાલાક પણ છું! એ જ તો મારી કમનસીબી છે! હું સ્વભાવે જ હસમુખી રહી અને માણસનું મન છે તો કો'ક દહાડો વધારે ઊભરાઈ જાય, ત્યારે હસું હસું ય થઈ જવાય. મારે સાસરીયે અને પીયરિયે બધેય ગરીબી અને કમનસીબી છે. મનને એમ થાય કે મારી જાતને મારે કાબૂમાં રાખવી જોઈએ. નહિં તો ગમે તેમ ધારી લેશે. અને લોકોની જીભે કંઈ તાળા દેવાય છે? પણ-પણ—' કહેતાં હલિમાની આંખે આંસુ ઊભરાયાં. 'પણ હું મારી જાતની ય વેરણ નીકડી અને સાસરિયું છોડવું પડ્યું! લોકોએ કંઈની કંઈ વાતો જોડી કાઢી. મને બીક હતી અને બન્યું પણ એમ જ! મારા સ્વભાવે મને દગો દીધો. મારો ધણી છંછેડાઈ પડ્યો. ત્યારે હું હસી રહી! એણે મને લાત મારીને બહાર કાઢી—હું-હું છું જ અભાગણી!'

બેચરનું મનેય દુભાઈ ગયું. ત્યાં તો એ સામે કાંઠે પહોંચ્યાં. બેચર કૂદકો મારીને નીચે ઊતર્યો અને પાછળ હલિમા ય કૂદી પડી.

'ધ્યાન રાખજે હોં! ઓલી પારથી જજે. ત્યાંની માટીમાં ઘરણ છે!'

ભેખડ ચડી જતાં એ ગામ નજરને ભેટી પડ્યું.

'એ જો, પેલું ફળિયું અને એ પેલી ઊંચી આંબલીવાળું મારું ઘર!' બેચરથી પરાણે હસી જવાયું. 'સાડાપાંચ વરસે ઘેર પાછો ફરું છું હો!'

'એમ? — પરદેશ ખેડવા ગયા હતા?'

'નહિ—' બેચરે કહ્યું. 'જેલમાં ગયો હતો! હેં—હા—હા...' એ ટીખળમાં, જોરથી ખરબચડું હસી પડ્યો પણ બીજી પળે એના સ્વભાવની મશ્કરી મરી ગઈ. એ ધીમો પડી જઈ હલિમાની લગોલગ ચાલવા લાગ્યો. એના ચહેરા પર પાછી કરચલીઓ ચઢી ગઈ.

'હું ચોર છું — સમજી! મારી બીક તો નથી લાગતી ને?'

'બીક કોની — તમારી, બેચરકાકા?'

હલિમાએ આંખો ભરીને બેચર પર ઠાલવી. 'મારે મન તમે ચોર નથી!' અને એ થોડુંક દયામણું અને ફિક્કું હસી પણ ખરી. આખી સવારમાં એ પહેલું જ હસી હતી. બેચરનું મન આનંદથી ભરાઈ ગયું. એ જોરથી હસી પડ્યો.

'ચોર તો છું — અવ્વલ નંબરનો — સમજી?'

ત્યાં તો એનું ઘર આવ્યું. ડેલીના દરવાજા ખુલ્લા હતા. બેચરે જોયું તો આંગણામાં એક ઘોડો બાંધ્યો હતો.

'લે—આ શું?' એણે કહ્યું, 'મારા આંગણામાં આ ઘોડો?— મારી ગેરહાજરીમાં અહીં બાદશાહી આવી બેઠી લાગે છે!'

એનો અવાજ સાંભળીને ઘરવાળી ઓસરીને દરવાજે દોડી આવી! 'તમે જ?' એણે કહ્યું, 'મને થયું કે એ તમારો જ અવાજ હતો!' બેચર છલાંગ મારીને ઓટલે ચઢી ગયો. અને ઘરવાળીની છેક નજીક એની સામે આવીને ઊભો.

'હું દેખાય છે તો મજાહમાં! અહીં શું અમનચમન ચાલે છે? આ ઘોડો કોનો છે?'

હલિમા ચુપચાપ બેચરની પાછળ આવીને ઊભી રહી.

ઘરવાળી હસી પડી.

'કનૈયાનો ઘોડો છે — એ ય હમણાં જ નદી પાર કરીને આવ્યો. તમને ઓલી પાર ધર્મશાળામાં ભેટ્યો નહિ?'

'પણ છે ક્યાં એ ગધેડો?' બેચર અધીરો બન્યો.

'એ જમે રસોડામાં!'

ત્યાં તો કનૈયો રસોડામાંથી હસતો હસતો બહાર નીકળ્યો. 'આ રહ્યો ને!'

બહાર નીકળતાં જ એની નજર બેચર પાછળ ઊભી રહેલી હલિમા પર ચોંટી ગઇ. એનું હાસ્ય એમનું એમ થીજી ગયું અને આંખો ફાટી ગઇ!

હલિમા એક ઓચિંતી ચીસ પાડી બેચરની બાજુમાં લપાતી એના હાથને બાઝી પડી. એના હાથમાંથી લૂગડાંની પોટલી પડી ગઈ. અને ભીનાં કપડાં વેરાઇ જઇ, અધૂરા ધોવાયેલા લોહીના ડાઘ ખુલ્લા પડી ગયા! બેચરની નજર એ કપડાં પર પડી. ચોરની ચપળતાથી એણે માથું ફેરવ્યું અને જોયું તો કનૈયાની નજરે ય ત્યાં ગઈ હતી! એણે એ પણ જોયું કે કનૈયાએ રેશમનું ખમીસ પહેર્યું હતું, એક વીંટી હતી અને એની ટચલી આંગળી કપાયેલી હતી.

**(અનુસંધાન : જુઓ પાના નં.-૭૩ ઉપર)**

# ફીણોટા

• ડૉ. મનુભાઈ પાંધી •

સૂર્ય ઊંચે ચઢ્યો અને આકાશની રતાશ એણે છીનવી લીધી.

ધીર અને મક્કમ ચાલથી અમારું વહાણ, ફુલાયેલા ગાલની જેમ, સઢમાં હવા ભરીને આગળ ધપતું રહ્યું.

ઊછળતાં મોજાંના સફેદ ફીણોટા દરિયાની ઘેરાશને વધુ ઘેરી બનાવી, મને પોતાની સાથેસાથે પોતાના ઉદ્‌ગમસ્થાન-મારા વતન તરફ લઈ ચાલ્યા.

યાદના સમુદ્રનાં મોજાં એકબીજાં પર પછડાટ ખાવા લાગ્યાં...

નાખુદા જાકબ ભટ્ટીએ મારા ખભા પર પોતાના મજબૂત હાથ ટેકવી, મારી આંખમાં આંખ પરોવતાં, એની વેધક દૃષ્ટિ ઠેરવતાં પૂછ્યું : 'તેજૂ, ચડને મું ભેડો?'

હું એની આંખમાં આંખ ન પરોવી શક્યો.

એ થોડી વાર કશુંય બોલ્યા વગર, જાણે મારા હૈયાની આરપાર જોઈ રહ્યો હોય તેવી દૃષ્ટિથી - સ્થિરતાથી તાકી રહ્યો, પછી બોલ્યો : 'માલમ, મારી સાથે ચડવું બચ્ચાંના ખેલ નથી.'

'હુકમ કરો.' મેં બીતાંબીતાં કહ્યું.

નાખુદાએ પોતાની ભરાવદાર દાઢી પર હાથ ફેરવ્યો. સફેદ વાળ ચોતરફ ડોકિયાં કરી રહ્યા હતા. કાંસામાંથી ઢાળી કાઢેલી કોઈ નક્કર મૂર્તિ જેવો એનો બાંધો હતો. આંખને છાઈ જતા ભમ્મરના વાળ નીચે મોટી કોડી જેવી એની આંખનાં તેજ, અંધારી રાત જેવા એના કાળા શરીરમાંથી દીવાદાંડીની રોશની જેવાં ચમકતાં મિંચાયાં અને ઊઘડ્યાં. ઘડીપળમાં એણે નિર્ણય કરી લીધો અને મારી પીઠ થાબડી કહ્યું : 'ઇન્શાલ્લાહ! તૈયાર થી, બેલી!'

અને રડતી કાશીમાં અશ્રુ હોઠમાં ચૂમી હું એ મધરાતે વહાણમાં ચડી ગયો.

ફુરજામાં કંડારેલી તોપોમાં બાંધેલ રસ્સા છૂટ્યા. લંગર ઊપડ્યું. આલાત ખૂવા સોંસરી તંગ બની, પાવડાઓનો કચકચાટ થયો, પરબાણો પર ખલાસીઓ સવાર થયા, સઢ ખૂલ્યા, એના ગાલ ફુલાયા અને ઊગતી ઉષાની સામે આસપાસનાં બીજાં વહાણો વચ્ચે થઈને તીરની જેમ વહાણ દરિયામાં વછૂટ્યું.

ચંદ્રનાં આછાં અજવાળામાં કિનારો વાદળી ઘેરી લીટી જેવો થતો ગયો. ઊછળતાં મોજાં પર નૃત્ય કરતા વહાણમાંથી 'રાવળ પીર', 'હોડીઓ કોઠો' અને 'રેતીના ઢૂવા' નાના અને અસ્પષ્ટ થતા ગયા. પીળી રેતીના વિશાળ પટ પરથી શરૂ થતાં છીછરાં પાણી ઘાટાં વાદળાં થતાં ગયાં. વારંવાર કિનારા પર પછડાટો ખાઈ પાછાં વળતાં મોજાંના ફીણોટા હવે ધીર અને મક્કમપણે આવતા અને ખોવાઈ જતા. ચોમેર ક્ષિતિજે આકાશ અને સાગર એકબીજાને ભેટી ગુફ્તેગો કરી રહ્યાં હતાં.

મોટી સફરનો મારો એ પ્રથમ દિવસ મારી યાદના પેટાળમાંથી ઉપસી આવ્યો.

★

બાહોશ સાગરખેડુ થવાનાં સ્વપ્નાં મેં નાનપણથી સેવ્યાં હતાં. સાગરની દિલ ધડકાવનાર છતાં આકર્ષક અનેક વાતો મારી કોમના ખલાસીઓ પાસેથી બચપણથી સાંભળતો આવ્યો હતો. અગાધ સાગરને પેલે પાર નવા મુલક, નવા માણસો, નવી વાણી અને ઊછળતા સાગરની કલ્પનાઓ સ્વપ્નમાં સાકાર બની એની ખુમારીના કેફમાં મને મસ્ત બનાવી જતી.

અનુકૂળ હવામાન અને કુશળ નાખુદાના સુખાણ પરના કાબૂથી સમુદ્રની છાતી પર હિલોળા લેતું અમારું વહાણ, અશ્વની જેમ થનગનતું, પોતાના માલિક નાખુદાની ઇચ્છાઓને જાતવાન ઘોડાની જેમ સાનમાં સમજી જઈ વફાદારીપૂર્વક અમલી બનાવતું, બેફિકરાઈથી દોડતું રહી, ધારેલ સમયથી પણ વહેલું મોમ્બાસા પહોંચ્યું અને દરિયાવાટના પ્રથમ અનુભવને, નવા મુલક અને નવા માનવના સંપર્કની ઉન્મત્ત યાદને મારા હૈયામાં કંડારીને આજે વળતી સફરનાં મંડાણ માંડ્યાં હતાં.

દરિયાની છાતી પર 'કોંતલ' ની મદમસ્ત ચાલની અદાથી આગળ ધપતા વહાણમાં પહેલી રાતે મારો પોરો બાર વાગ્યે આવ્યો ત્યારે ચાર કલાક સુધી હું ચૂપચાપ એ દરિયાને, એ શૂન્ય ક્ષિતિજને, શૂન્યદૃષ્ટિથી નિહાળી રહ્યો.

ચૂપકીભર્યા શાંત વાતાવરણમાં સમુદ્રનાં મોજાંનો પછડાટ અને પાણી કાપતા વહાણની સિસકારી મને કાશીના હૈયાના વલોપાતની યાદ આપતાં કંપાવી રહ્યાં ત્યારે એના કબૂતર જેવા ફફડાટની પરવા કર્યા વગર નાખુદા જાકબની પસંદગી પામ્યાનો ગર્વ યાદની સપાટી પર ઊપસી આવ્યો અને મારી છાતી અજાણતાં ફુલાઈ.

જાકબ નાખુદો દર ગોસે એકાદ નવો જુવાન પસંદ કરી પોતાની સાથે લેતો. એની પસંદગીમાં પાર ઊતરતા તરવરતા જુવાન ખલાસીઓ જાકબની નજરે ચડવા છાની હરીફાઈ કરતા જ રહેતા.

'તું કોરી છિપ્પન ઐયેં, જુવાન.' કહી એણે જ્યારે મને

પસંદ કર્યો ત્યારે મારું નામ ખલાસીઓની દુનિયામાં એકાએક વધી ગયું. જાકબ નાખુદો કોરીનકોર છીપર જેવા જુવાનિયાઓના કાળજામાં દરિયાખેડના ન ભૂંસાય તેવા પાઠો કોતરવામાં ઉસ્તાદ મનાતો. કેટલાય માડીજાયા ખલાસીઓની વચ્ચેથી એણે મને ચૂંટી કાઢ્યો છે એ વાત જ્યારે મેં ગર્વથી છાતી કાઢી કાશીને કરી ત્યારે એની આંખનાં ખારાં પાણીનાં પડળને પાર કરીને મારો ગર્વભર્યો ચહેરો અનિમેષ નયને જોઈ રહી. એ કેવો ગર્વ અનુભવતી હતી એ યાદ મનને અજબ સાંત્વના આપતી ગઈ.

એ રાતે નાખુદાએ ઓચિંતા મારા ખભા પર હાથ મૂકી પૂછ્યું : 'ઘર યાદ આવે છે, જવાન?'

ચમકીને પાછળ જોઈ, લાગણીમય થઈ મેં કહ્યું : 'દરિયાના પાઠો શીખવા છે, ઉસ્તાદ!'

એ હસી પડ્યો.

'શીખવ્યા શિખાય ખરા; પણ, માલમ, હૈયાની ઉકલત તો અનુભવે આવે છે.' કહી મારી પીઠ થાબડી એ ભંડારિયામાં જતો રહ્યો.

એ રાત પછી દિવસ ઊગ્યો અને દરિયો મારો ભેરુ બની ગયો. સાથીઓ શિક્ષકની અદાથી મને દરિયાની મસ્તી, હવાનાં એંધાણ, આકાશના રંગ, દિશાઓની ભૂગોળ અને દરિયાવાટનાં ગણિત શીખવતા રહ્યા.

નાખુદાને બાદ કરતાં અમે બાકી નવ જણ હતા. તેમાં 'મામા તપલ' સૌથી બળવાન સારંગ હતો. એના શરીરમાં સ્ફૂર્તિના ફુવારા ફૂટતા. એના માંસલ બાહુ પોલાદ જેવા નક્કર છતાં નેતર જેવા સ્થિતિસ્થાપક હતા એ સડસડાટ ખૂવા પર ચડી જવાની એની અદાથી પરખાઈ જતા. એનું નામ તો હતું રતુ માલમ, પરંતુ ખલાસીઓ મૂળ નામે ભાગ્યે જ ઓળખાય છે. એને કોઈને કોઈ તખલ્લુસ એના સાથીઓ મોડા યા વહેલા બક્ષી એનું એ જ નામ પ્રચલિત કરી દે છે. સહજ વાતમાં ગુસ્સો કરતા રતનશીને 'મામા તપલ' નામ મળ્યું. સુલેમાનને બધા 'દીવાન' કહેતા. મામા તપલ પછી એનું સ્થાન હતું. એનું બદન પથ્થર જેવું વજનદાર છતાં હવા જેવું હલકું મેં કામની રફતારમાં પારખ્યું. 'ગુજો' હજુ મારા જેવો જ હતો. ઊછળતા વહાણમાં સમતોલ શરીર રાખવાનું એણે મને શીખવ્યું. 'સીધાં કાગડી' એ ધામણના રસ્સાને ખેંચી, પાછો સરી ન જાય તે માટે લાકડાનાં 'ગીયામ' ને કેમ ગાળિયો નાખવો એ બતાવ્યું.

ચાંપો અમારો રસોયો હતો. પૂરનાં રાશન છતાં સવારસાંજની રસોઈ અગાઉથી નિયત થયા પ્રમાણે જ થતી અને દરિયાની ખારી હવામાં ખાધેલું ક્યાં ખોવાઈ જતું તે સમજાતું નહિ.

★

આજે વળતી સફરે ફરી ઊછળતાં મોજાં પર પૂરપાટ દોડી રહેલા જહાજમાં વહેલાં વતન પહોંચવાની આશાના ઉન્માદ હૈયામાં ઉછાળા મારતા યાદની દુનિયાને આંખ સામે તાદશ કરતા રહ્યા.

માર્ચ આથમ્યો અને એપ્રિલ ઊગ્યો. 'દક્ષિણ-ચોકી' માંથી આવતા 'ક્રોસ' વાવડાથી શરૂઆતની સફર ખુશનુમા બની.

ત્રણેક દિવસ આનંદના ગયા. હું મારી સાથે ઢોલક લાવેલો. રાત્રે ઢોલક પર ત્રાપ પડતી. હું ભજનો ગાતો. હુસેન અને ઇસુ કવાલી અને નાટકનાં ગીતો ગાતા. દીવાન વાર્તાઓ સંભળાવતો. નાખુદો અમને મૂક સાથ આપતો અને કવચિત્ કિનારાની પટ્ટી નજીક આવતી ત્યારે દરિયાનાં પરમાર પક્ષીઓ સંગીતમાં તાલ આપતાં હોય તેમ તેમની વિશાળ સફેદ પાંખો ફફડાવીને અમારી સાથે છત્ર રચી જતાં.

ચોથી રાતે પવન ધીમો પડ્યો. વહાણની ચાલ ઘટી ગઈ. મોમ્બાસા અને ભારત વચ્ચે આવતા સુખોતરા ટાપુ પાસેથી અમે છને બદલે વીસ દિવસે પસાર થયા.

એકવીસમો દિવસ ઊગ્યો.

પવન બિલકુલ પડી ગયો. વહાણ સ્થિર થઈ ગયું. દરિયો તળાવ જેવો શાંત બની બેઠો.

જાકબ ચૂપચાપ સુકાનને પોતાના લોખંડી હાથમાં સંભાળી, સાગર તરફ અનિમેષ નયને નિહાળી રહ્યો હતો. એના હૃદયનાં ઊંડાણ મને સમુદ્રની ગહેરાઈથીય ઊંડાં લાગ્યાં.

થોડી વારે એ મનોમન બબડ્યો : 'વાવડો અચેતો.'

'વાવડો માઠો છે, નહિ નાખુદા?' મેં હિંમત કરી પૂછ્યું.

બાળક તરફ પિતા હસે તેવા સહજ હાસ્ય સાથે એણે કહ્યું : 'તૂફાન કદી સારાં હોય?'

હું કશુંય બોલ્યો નહિ. મારે માટે આ નવા પાઠો હતા.

'હવે દરિયાને દુશ્મન માનીને એનાથી સતત લડવું પડશે, માલમ! એમાં ગાફેલ ન રહેવાય.' એણે કહ્યું.

હું આવતી લડાઈ પારખી ન શક્યો.

વહાણ તસુયે ખસતું ન હતું.

'વાવડો અચેતો, બેલી! હોશિયાર!' નાખુદાએ ક્ષિતિજે આકાશમાં આગ-ઝરતી રતાશમાંથી આવતી એક આછી વાદળીને જોઈ બૂમ મારી.

કશુંક ગંભીર બનવાની જાણે ઘડી તોળાઈ રહી.

થાળી જેવા સ્થિર દરિયામાં દૂરદૂરથી એક મોટું મોજું આવતું દેખાયું.

'પાંચસો કે હજાર માઈલ દૂરથી "સૂરિયો" વાવડો આ તરફ આગળ ધપે છે. સાથીઓ, સાંજ સુધીમાં સખત તૂફાન ત્રાટકી પડશે!' એણે કહ્યું.

તે દિવસે પેટ ભરીને ખાઈ લેવાની નાખુદાએ સલાહ આપી.

સાંજે પાંચેક વાગ્યે નાખુદાએ હાંક મારી : 'ખલાસી હોશિયાર! જોરદાર તૂફાન આવે છે! રાતે કંઈ દેખાશે નહિ.

સઢ વાવટો પકડી નહિ શકે!'

અને સઢને અર્ધો વીટવા મામા તપલ અને દીવાન વાંદરાની જેમ ખૂવા પર ચઢી ગયા.

તૂફાનમાં બહાર ફેંકાઈ પડે તેવી વસ્તુઓ સલામત સ્થળે ખસેડી, ત્યાં આભ ઘેરું થવા માંડ્યું. પવનની લહેરો આવીને આવી અને વાવડો ફૂંકાયો. એક પછી એક પહાડ જેવાં મોજાં દૂરદૂરથી હડસેલાતાં વહાણ પર આક્રમણ કરી રહ્યાં.

સઢમાં પવન ભરાયો અને વહાણ કાબૂ બહારની ઝડપે વછૂટ્યું. પવનનાં ઝાપટાં સઢના રસ્સાઓને તોડી નાખવા ગાંડો પ્રયત્ન કરતાં હતાં. સઢમાં ચિરાડો પડી. ચીંથારાં ઊડવા માંડ્યાં.

'મુંઢી માર્યો!' નાખુદાએ ત્રાડ પાડી.

પરમણના આગલા ભાગમાં સઢને બાંધી, પરમણનો છેડો વહાણમાં બાંધી, ફાટેલા સઢ પરનો બોજો હળવો કરાયો. સઢ ચોથા ભાગનો જ રહ્યો.

ગાજવીજ સાથે વરસાદ ત્રાટકી પડ્યો. વહાણ એક કોર નમીને ભાગતું હતું. બંને બાજુથી ઊછળતાં મોજાંનાં પાણી ઝડપભેર વહાણની અંદર ઠલવાતાં હતાં. ગરનાળાં પાણી બહાર કાઢતાં હતાં પણ ઠલવાતાં પાણીની રફતાર વધારે હતી. મળ્યું તે સાધન શોધી બધાય પાણી ઉલેચવામાં લાગી ગયા.

પવન ફૂંફાડા મારતો રહ્યો.

વરસાદ સાંબેલાને ધારે વરસતો રહ્યો.

જેમતેમ રાત વીતી ને દિવસ ઊગ્યો. સઢને પૂરો ઉતારી લેવાયો. વહાણ માત્ર ખૂવા પર રહ્યું. પહાડ જેવાં મોજાં વહાણની દીવાલને અફળાતાં એના પાટિયાંના કકડાટ બોલાવી પાટિયેપાટિયું છૂટું કરવા મથી રહ્યાં. એના ખીલા ઢીલા થવા માંડ્યા અને પવનની ઝાપટ અને વરસાદની હેલીએ માઝા મૂકી.

વરસાદ અને વહાણ પરથી ફરી વળતાં મોજાંની ચાબુક જેવી ઝાપટથી તરબોળ થયેલા બદન પર કપડાં ચોંટી ગયાં. પવન જાણે શરીર સોંસરવો નીકળવા માંડ્યો. બાવડાંનાં કૌવત થાક્યાં. સ્થિર ઉભાય કે બેસાય નહિ તેવાં સખત ઝોકાં વહાણ ખાતું હતું. ખૂવો વહાણને એક તરફ નમાવવા માંડ્યો અને ગાંડા હાથીની જેમ વહાણને ડોલાવવા લાગ્યો.

'ખૂવો કપ્યો! હિંમત મ છડ્યો, મર્દ જા બચ્ચા!' નાખુદાનો પોરસ ચઢાવતો હુકમ છૂટ્યો.

ઢળતી સાંજે તપલ અને હુસેનના કુહાડા ખૂવા પર વીંઝાયા.

તૂફાની દરિયાનો ઘૂઘવતો શોર, પવનના સુસવાટાની ભયંકર ગર્જના, વીજના ચમકાર પછી ભરખી જવા મથતા કડાકા, વહાણના અંગેઅંગના ચૂર થતા અવાજોનું ઘમસાણ નાખુદાના બરડાને ઢાંકી દેતું હતું.

'દીવાન-તેજૂ, કલમી કપ્યો!' જાકબે ત્રાડ પાડી.

અમે કરવતો શોધી કલમી કાપવા મંડ્યા. પવનની એક જોરદાર ઝાપટે મારા હથમાંની કરવતને ઝૂંટવી દૂર દરિયામાં ફેંકી ત્યારે હું ભોંઠો પડી ગયો; પરંતુ એ તરફ ધ્યાન દેવાનો કોઈને સમય ન હતો. અમે સામટું જોર કરી કલમ વધેરી. ખૂવા પરના ઘા કરવા દરેક ફાજલ ખલાસી મદદે દોડ્યો. રાત્રે આઠેક વાગ્યે ખૂવો લટક્યો.

'સમાલ!' અંધારાં ચીરતો નાખુદાનો અવાજ ગર્જનાની જેમ ચોમેર ફરી વળ્યો.

ઝડપથી કૂદી સૌ બાજુએ ખસી ગયા. ખૂવો પાણી ભરેલી લાકડાની ટાંકીને ચૂર કરતો દરિયામાં જઈ પડ્યો ત્યારે એનો એક છેડો રસ્સાથી જકડાયેલા વહાણ સાથે બંધાયેલો રહ્યો હોવાથી વારંવાર વહાણ સાથે ભટકાઈ પાછો સાંબેલા જેવા ઘા વહાણ પર કરવા લાગ્યો.

તૂફાન કરતાંય આ અકસ્માત વધારે ખતરનાક હતો. રાત અંધારી હતી. વહાણમાંની વસ્તુઓ, રસ્સાઓનાં ફીંડલામાં એવી અટવાઈ ગઈ હતી કે ખૂવો વહાણના કયા રસ્સા સાથે જોડાયેલો છે એ શોધવું મુશ્કેલ હતું. પળેપળ કિંમતી હતી.

'મામા, સુખાણ સંભાલ!' જાકબે ત્રાડ પાડી.

મામા તપલ દોડતો જઈ સુખાણ પર ચોંટી પડ્યો.

અને અમારી સૌની અજાયબી વચ્ચે ભેઠમાંથી છરી કાઢી, વહાણ સાથે રસ્સી બાંધી, બીજો છેડો કમ્મરે વીંટી નાખુદો દરિયામાં કૂદી પડ્યો.

અમારા સૌમાં ભયની અરેરાટી વ્યાપી ગઈ.

નાખુદો તૂફાની સાગરમાં, અંધારામાં ઓગળી ગયો.

ક્યારે એણે પાણીમાં તરતા દોરડાને શોધી કાઢી, કાપી નાખ્યું તેનું અનુમાન કરીએ તે પહેલાં તો જાકબ વહાણ સાથે બંધાયેલા છેડાને પકડી પાછો વહાણની કોરે દેખાયો.

બીજના અજવાળામાં અમે ખૂવાને કેટલેય દૂર સરી જતો જોયો. બાવડાં પકડી નાખુદાને અમે અંદર લીધો ત્યારે એની છાતી ધમણની જેમ હાંફતી હતી. એ મરજીવાએ અમને અને વહાણને ઉગારી લેવા ગાંડું સાહસ ખેડ્યું હતું. એના દિલની હિંમત અને સીનાનું જોર જોઈ અમે પણ મોત સાથે બાથ ભીડવા સાબદા થઈ ગયા.

આવા તૂફાન વચ્ચે રસોઈ કરી શકાઈ ન હોવાથી અમે ભૂખ્યા થયા હતા. આખો દિવસ કલાકેકલાકે નાખુદો બબ્બે બિસ્કિટ સૌને વહેંચતો હતો તે પણ ખૂટી ગયાં, એટલે જાકબ ભંડારિયામાં બીજાં બિસ્કિટ-ચણા વગેરે લેવા અંદર ઊતર્યો. એક વિરાટ મોજું વહાણ સાથે અફળાઈ વહાણ પર ફરી વળ્યું. આખી કેબિન પાણીથી ભરાઈ ગઈ. વહાણની પાછળની બાજુથી અંદર આવતાં પાણીને અટકાવતું દશેક ઇંચ જાડું લાકડું 'સુલેમાની' કડાકા સાથે પાણીમાં જઈ પડ્યું અને વહાણનો ભાંડો - પાછળનો ભાગ - નીચો નમી ગયો. પાણી ઝડપથી અંદર આવતા માંડ્યું.

નાખુદો એકદમ પાછો ફર્યો અને સુખાણ પર ફરી કબજો

લેતાં એણે હુકમ કર્યો : 'માલ વામ્યો!'

અને પાછળનો ભાગ હલકો કરવા જે હાથમાં આવ્યું તે દરિયામાં ફેંકાવા માંડ્યું. વેપારીઓનો લાદેલો માલ, ખૂવા-પરમાણિયા સઢના નકામા કકડા, ભીંજાઈ તરબોળ થયેલું રાશન સહિત ઘણુંય ફેંકી દેવાયું ત્યારે વહાણ હલકું થઈ સમતોલ બન્યું. અંદર ધસી આવતા પાણીની રફતાર ઘટી ગઈ.

જાકબે હાથમાંથી છટકી જવા મથતા સુખાણની ચરખીના ખાંચામાં આંગળાંનો ભરડો અને ફતી આડે પગનો ભીડો લીધો.

નીચું માથું કરીને ધસતા માતેલા આખલાની જેમ મોજાં આવીઆવીને વહાણ સાથે ટકરાતાં હતાં અને કોશ ભરી વહાણ સાથે ઠલવાતાં હોય તેવા ધોધથી અમારા પર થઈ ડેક પર રેલાઈ જતાં હતાં. વહાણ રબ્બરના દડાની જેમ હવામાં ફેંકાતું ત્યારે દરિયાની સપાટી ક્યાં છે તે દેખાતી નહિ અને બીજી જ ઘડીએ વખાણ નીચે ફેંકાતું ત્યારે વહાણના સાંધેસાંધા વેદનાની ચીસો પાડતા. પાણીની ખીણમાં વહાણ થઈ પડતું ત્યારે હમણાં જીવતાં દાટી દેશે એવી દહેશત લાગતી.

જીવન અને મરણના ખેલ વચ્ચે હાથમાંથી છટકી જવા મથતા સુખાણ પર ભીડો જમાવી વહાણને કાબૂ બહાર જતું રોકવા મથતા જાકબ ભટ્ટીનો ગંભીર અને સ્વસ્થ ચહેરો જોઈ અમારાં હૈયામાં હામ આવતી હતી.

જીવનમાં આવું તૂફાન અનુભવવાનો મારો આ પ્રથમ અથવા આખરી મોકો હતો.

જીવસટોસટના આ કાળ ચોઘડિયે છાતી પરની ચેનમાં માદળિયાની જેમ લટકતી સોનેમઢી હાથીદાંતની બે ચૂડીઓ, મને કાશીના હાથના મારી આસપાસ ભિડાયેલા અંકોડાની જેમ, છાતીએ ચોંટી હૂંફ આપતી હતી. કાશીના હાથ સુધી એ છલાં પહોંચે કે નહિ, મેં તો હૃદયથી એને એ પહેરાવી જ દીધાં હતાં.

પૂર્વનો તૂફાની સૂરિયો વાવડો પોતાના ગાંડપણમાં હજુ મસ્ત હતો. ઊછળતાં મોજાં વરસાદનાં છાંટણાંમાં ભળી જઈ ખારાં બની મોઢા પર આવી છંટાયાં ત્યારે કાશીની આંખનાં ખારાં પાણીની યાદ મનને અડકી મને ધ્રુજાવી ગઈ.

સખત અને સતત પરિશ્રમથી બધા થાકી ગયા હતા. વહાણમાંનું પાણી આખી રાત ઉલેચવું ચાલુ જ રહ્યું. ઠંડી અને પવન શિથિલ થયેલાં ગાત્રોને વધુને વધુ કમજોર કરતાં જતાં હતાં.

હું, સીધાં અને ઈસુ થાકીને વહાણનાં પાટિયાંને અઢેલી ઢળી પડ્યા. ઈસુના દાંત દોઢે ચડી ગયા હતા. જીવનની આશા છોડી મોતને ભેટવા અમે તૈયાર થઈ ગયા. મગજે વિચાર કરવાનુંય માંડી વાળ્યું.

જાકબ નાખુદો એમ હારે એમ ન હતો. એણે એક શીશી શોધી કાઢી અમારા મોંમાં પ્રવાહી રેડ્યું. અમારામાં કાંઈક ગરમી આવી. હિંમતના શબ્દોથી નાખુદાએ પોરસ ચઢાવ્યો.

'હારીને મરવું? મર્દનો બચ્ચો તો લડતાંલડતાં મરે!'

અર્ધા કલાકના આરામ પછી ફરી અમે કામે લાગી ગયા.

રાત્રે એક વાગ્યે પવન જરા મોળો પડ્યો. તૂફાન ધીરેધીરે શાંત થતું ગયું. વરસાદ એકદમ અટકી ગયો. અંદર ઠલવાતાં પાણી અટક્યાં અને ઉલેચનારાઓનું કામ સરળ બન્યું.

ક્યારે કોણ ક્યાં ઊંઘી ગયો તેનું કોઈને ભાન ન રહ્યું. અમને જાકબે જગાડ્યા ત્યારે તડકા ચડી ગયા હતા. આકાશ સ્વચ્છ થઈ ગયું હતું, દરિયો ફરી સ્વચ્છ બન્યો હતો. થાકથી એની છાતી હાંફતી હતી. વહાણ સ્થિર બની દરિયાની છાતી પર માદળિયાની જેમ ઊછળતું હતું.

નાખુદાએ વહાણની હાલત તપાસી. ચોમેર જખમી બનેલા સૈનિક જેવી એની હાલત હતી. અર્ધો કલાક વધારે તૂફાન સહન કરવાની એની શક્તિ રહી નહોતી એ અમે બધા સ્પષ્ટ જોઈ શક્યા. ખાવાને કશું રૅશન બાકી રહ્યું ન હતું. પાણીની ટાંકી ખૂવાએ ભાંગી નાખી હતી, એમાંથી આઠેક ડબા પાણી નાખુદાએ એક પીપમાં ભરી લેવડાવ્યું.

દરિયાના તૂફાન કરતાંય આ મોટું સંકટ માથે આવી પડ્યું હતું. ખૂવાસઢ વગર વહાણની ચાલ અતીવ ધીરી બની હતી. નાખુદાએ દરિયાવટનો હિસાબ કરવાની કોશિશ કરી; અક્ષાંશ-રેખાંશ જોવા હોકાયંત્ર અને કમાન શોધ્યાં, જડ્યાં નહિ. આઠેક દિવસનો બાકી રહેલો પ્રવાસ ખેડતાં હવે ત્રણેક અઠવાડિયાં વીતી જવાનો સંભવ હતો. માત્ર પાણી પર જ આટલા દિવસો કાઢવા જેટલું પાણી બચ્યું ન હતું.

નાખુદાએ પરિસ્થિતિ સૌને સમજાવી. કોઈ વહાણ કે સ્ટીમર ન મળે તો આ પાણી પર જ દિવસો કાઢી શકાય એ માટે પાણીનું રૅશનિંગ અમે નક્કી કર્યું. માથાના તેલની અમારી નાની બાટલીઓ ધોઈ સાફ કરી એમાં અમને પાણી અપાયું. બહુ તરસ લાગે ત્યારે એમાંથી થોડાંક ટીપાં પાણી લેવાની અમારે ટેવ પાડવાની હતી.

તૂટેલા વહાણને સાંધવાનું કામ નાખુદાની દેખરેખ નીચે શરૂ થયું. ટિનના ડબાઓને કાપી તૂટેલાં પાટિયાંને ખીલાઓથી જડ્યાં. ખૂવા વગરનું વહાણ ખૂબ જ ડોલતું હતું. પગ સ્થિર રાખવાની હવે બધાને આદત પડી ગઈ હતી. બાકી રહેલા ફાટેલા સઢને સાંધી લેવામાં આવ્યા. આગળના ભાગમાં થોડાં વરાવંજી હજી બચ્યાં હતાં તેમાંથી ડોલ પરમણ બનાવી તેને ખૂવાસ્થાને મૂક્યાં. આશરે આઠમા ભાગના સઢથી વહાણની રફતારમાં થોડો વેગ આવ્યો પરંતુ એપ્રિલ વીતી ગયો હોવાથી વહાણ જૂન માસ પહેલાં પહોંચે નહિ તો ત્યારબાદના દરિયાના મિજાજમાં વહાણને કિનારે પહોંચાડવું શક્ય ન હતું. જાકબે સુખાણને કચ્છના કિનારા તરફ આશરે ગોઠવ્યું અને શ્રદ્ધાપૂર્વક એણે એ તરફ નેમ સાંધી.

રસોડા પાસેના એક પીપમાં ગંધાતું પાણી રહી ગયેલું. એને અમે વારંવાર ઉકાળ્યું છતાં પૂરતી ગંધ ગઈ નહિ, તોય

અમે નાક બંધ કરી એ પાણી ગળે ઉતારવા માંડ્યુ ને એમ સારું પાણી બચાવી રાખવામાં આવ્યું.

પાંચ દિવસ એમને એમ પસાર થઈ ગયા. વહાણ બસોએક માઈલ ચાલ્યું હશે ત્યારે એક સ્ટીમર દૂરથી પસાર થઈ. અમે કપડાં ઉતારી એના વાવટા બનાવી સ્ટીમરને આકર્ષવા ખૂબ પ્રયત્ન કર્યા પરંતુ સ્ટીમર ધીરે ધીરે નાની બનતી અદશ્ય બની ગઈ. તે સાથે અમારી આશાનો કિનારો અદશ્ય બની ગયો. હિંમત તૂટતાં થાક અને ભૂખ એકદમ જોર કરી રહ્યાં. ક્વચિત્ માછલાં પકડીને ખાઈ લેતાં, ત્યારે તરસ બમણી વધી જતી. કોઈ કશું બોલતું નહિ. ભજન અને કવાલીઓ બંધ થઈ ગયાં હતાં. મારી પ્યારી ઢોલક સમુદ્ર પર કોણ જાણે ક્યાં હિલોળા લેતી હશે! કાશી દરરોજ કિનારે આવી વહાણ જોવા હાથની છાજલી કરતી હશે. એના મનનાં તૂફાન સમુદ્રના તૂફાનથી કંઈ કેટલાં ભારે હશે એ વિચાર મનને ખિન્ન કરી દેતો.

નાનકડા સઢને આધારે નવમે દિવસે અમે 'ધારી' પર આવી લાગ્યા. પાણી ઘેરાં મટી લીલાં બન્યાં એટલે જાકબે ઉપરથી કહ્યું : 'ધારી ડીસાણી, બેલી! હાણે કિનારો ત્રી-પાંત્રી માઈલ ખપે.'

વતન હવે ત્રીસ-પાંત્રીસ માઈલ પર જ હશે એ વાતથી મરી પરવારેલી હિંમતના તૂટ્યાફૂટ્યા કણ ફરી સંધાયા.

પીવાનું પાણી માત્ર બે ડબા જ બાકી રહ્યું હતું.

બીજે દિવસે સવારે દૂરદૂર કિનારો દેખાયો. અમે કિનારા તરફ આશાભરી મીટ માંડી. વહાણની ધીરી ચાલને શૂન્ય મન અને શૂન્ય આંખે જોઈ રહ્યા.

વહાણ ધીરેધીરે આગળ સર્યું.

પીળી રેતીના ઢૂવા હવે સ્પષ્ટ થતા ગયા. વતનનો કિનારો ઓળખી બધા ગેલમાં આવી ગયા. અમારા જીવમાં જીવ આવ્યો.

ડૂબી ગયેલું મનાતું વહાણ દેખાયાની ખબર સાંભળી કિનારા પર લોકોની હકડેઠઠ ભીડ જામી હતી. ધીરે, અતિ-અતિ જ ધીરે વહાણ આગળ સરતું હતું. દરેક પળ અમને સો-સો પળ સમી ભાસતી હતી. વહાણના હાડપિંજરને સૌ આભા બની જોઈ રહ્યા હતા. અમારી ઊંડી ઊતરી ગયેલ આંખો અને લથડતા પગ વતનની ધરતી પર સ્થિર રહી શક્યા નહિ. મને લથડતો ભાળતાંની સાથે કાશીએ દોટ મૂકી. સ્વજનો-કુટુંબીઓ-વ્યાપારીઓ, નાખુદા અને બંદરી લોકોની મેદનીને ચીરતી - કોઈની પરવા વગર દોડતી આવી મને બાઝી પડી...

ને મારી છાતી પરના ફાટેલા ખમીસમાંથી હાથીદાંતનાં એ છલાં બહાર ડોકિયું કરી ગયાં.

કાશી ડૂસકું ભરી મારી છાતીમાં સમાઈ ગઈ. એક પરમાર પક્ષી સફેદ પાંખો ફફડાવતું રડી ઊઠ્યું.

કિનારાની રેતી પર સમુદ્રની લહેરોના ફીણોટા જાણે કશું જ બન્યું ન હોય તેમ પછડાટો ખાઈ રહ્યા. ■

## લોહીનું ટીપું

**(અનુસંધાન : પાના નં.-૬૮ ઉપરથી ચાલુ)**

બેચરના દાંત જોરથી બીડાઈ ગયા : 'સા...લંપટ, પાજી, શયતાન!' એને કોઈ અટકાવે, ઘરવાળી વચમાં પડે, તે પહેલાં એણે હાથ ઊંચક્યો. અને એ હાથ હેઠો ઊતર્યો ત્યારે એક ભયંકર અવાજ થયો. બીજા અવાજે કનૈયો હેઠો પડ્યો અને એના મોઢામાંથી લોહી વહેવા લાગ્યું!

'અરે! આ તમે શું કર્યું? તમે તે લોહીની ભૂખ લઈને પાછા આવ્યા છો કે શું?' કહેતી ઘરવાળી હેઠા પડેલા કનૈયા પર અષાઢના મેઘ ધરતી પર નીચા નમે એમ, નીચી વળી. 'એણે એવડો તે શું ગુનો કર્યો તમારો?'

બેચરે ઘરવાળીનો હાથ પકડીને આંચકા સાથે દૂર ધકેલી.

'મને પૂછે છે? — પૂછને એ સૂવરને?'

કનૈયો લોહી નીતરતા મોંએ ઊઠીને ઊભો થયો અને ઓસરીને દરવાજે દોટ મૂકી. એને પકડવા કૂદતા બેચરને આડે ફરેલી હલિમા એના પગમાં ઠોકરાઇ ગઈ! રડતી રડતી એના પગે બાઝી પડી : 'નહિ — નહિ! એને જવા દો, કાકા!'

'ચૂપ!' બેચરે એક આંચકા સાથે એના હાથમાંથી પોતાનો પગ છોડાવ્યો, 'મને કાકા કે'મા!'

'સાડાપાંચ વરસે પાછા ફર્યા અને— ' એની ઘરવાળીની આંખમાંથી આંસુના રેલા વહી નીકળ્યા. એનો અવાજ બેસી ગયો. 'અને આ રતન જેવા છોકરાને...'

'રતન જેવો?' બેચર ત્રાડૂક્યો.

'આ આને જો — આ ફૂલની કળી જેવી છોકરીની લાજ લૂંટનાર—એ— લંપટ કોનો છોકરો છે? કહે તો ખરી કે કોના લોહીનું ટીપું છે?'

બેચરથી કહેતાં તો કહેવાઇ જવાયું. પછી એ મનમાં જ બબડ્યો : 'કોના લોહીનું ટીપું?' અને એની આંખ આડે અષાઢના મેઘ ફરી વળ્યા. એ ખુન્નસભરેલી આંખ એક પળમાં ઠાલી થઈ ગઈ. એના ચહેરા પરથી કરચલીઓની હવા ઊડી ગઈ. એની આંખ આડે પેલું સૌંદર્યદર્શન આવી ઊભું - એ ફૂંકાતો પવન, રસીલી મેઘલી રાત, પેલી ઝૂલતી ડાળી પર હિલોળતાં પારેવડાં જેવું માદળિયું અને એ — ગુમાઈ જવાનું મન થાય એવી — નિરાંતભરી મોકળાશ!

બેચર ધબ દઇને બેસી ગયો. જે આંખની કીકી આડે કોઈ દહાડો આંસુ નહોતા ઊભરાયાં ત્યાં આજે ઝળહળિયાં આવી ગયાં.

ઘરવાળી એની બાજુમાં બેસી ગઈ અને એના માથાના બરછટ વાળમાં આંગળીઓ ભેરવી ધીમું બોલી : 'હું ય પૂછું છું તમને, એ કોના લોહીનું ટીપું છે?' ■

# સુરખાબ

• વનુ પાંધી •

ધોમ ધખતો હતો.

ભૂરા આકાશમાંથી અગ્નિ વરસતો હતો. સૂકો, ક્ષારવાળો, ખારો પાટ પ્રકાશથી આંખને બાળી દેતો હતો. નજર પહોંચે ત્યાં સુધી સૂકી, ભૂખરી રેતી પથરાઈને પડી હતી. પવનમાં દૂરદૂર ઘૂમરી લઈને રેતી આકાશે ચઢતી હતી. વાતાવરણમાં ભયંકર ઉકળાટ હતો, અસહ્ય બાફ હતી.

રણવીર ધીમે પગલે મારી પાસે આવીને બેઠો. મારી નજર સહેજ એના તરફ ફરી અને પછી ધગધગતા રેતાળ પટ પર ખોવાઈ ગઈ. પીલુના વૃક્ષને પીઠ દઈ હું જરા આરામથી બેઠો. શરીરે પરસેવો વળતો હતો અને સૂકી ધૂળ ચોંટી ગઈ હતી. પગને હાથની આંટી ભેરવીને રણવીર નીચું માથું ઢાળીને બેઠો હતો.

મેં શરીરને ટુવાલથી લૂછતાં લૂછતાં પૂછ્યું : 'દેશના કંઈ સમાચાર?'

અતૂટ મૌનમાં મારો અવાજ મને જ ગૂંગળાવી ગયો. રણવીરે માથું ઊંચું કર્યું. એના લાંબા કાળા વાળે વીખરાઈ જઈને એનું મોં ઢાંકી દીધું હતું. દાઢી વધવાને કારણે એની લાંબી હડપચી વધુ લાંબી લાગતી હતી. આંખ પર ઝૂકેલા વાળ ખસેડતાં એ બોલ્યો :

'કશા સમાચાર નથી.'

આટલું કહી એ પાછો ચૂપ થઈ ગયો. એણે માથું ઢાળી દીધું. વેરાનમાં રેતી 'સૂઉ...સૂઉ...!' કરતી વહેતી હતી. પીલુનાં પાન ખખડતાં હતાં. એક હોલો ઘૂઘવતો હતો. અમે બેઠા હત તેની નીચે સૂકાયેલું તળાવ ઘૂરકતું હતું. સુકાઈ ગયેલા કાદવમાં જાનવરોનાં પગલાંની પડી ગયેલી છાપ ચોખ્ખી દેખાતી હતી.

દડી પડેલાં ખારાં પીલુ ઉપાડી નીચે ફેંકતાં મેં કહ્યું : 'રણવીર! તું તો ખેડૂત છો - નહિ?'

રણવીરે ફરી ઊંચું જોયું, વીખરાયેલા વાળ ફરી સમા કર્યા અને મારા પર શુષ્ક નજર ઠેરવતાં બોલ્યો : 'હા, ખેડૂત છું. પૂછવાનું કારણ?'

મને એના કંટાળા પર હસવું આવ્યું અને હું પણ ચૂપ થઈ ગયો. થોડી વારે તે બોલ્યો : 'દિલીપ! તેં પંજાબ જોયું છે?'

'ના.'

'ચિનાબ નદીના કાંપની રસાળ ધરતી પર તેં કદમ નથી મૂક્યાં. હું કિસાન છું - પંજાબનો કિસાન. હર્યાભર્યા ખેતરો અને વાડીઓમાંથી સીધો રણને કાંઠે આવ્યો છું.'

મેં ધીમેથી પૂછ્યું : 'શા માટે આવ્યો છે?'

શુષ્ક આંખે વેરાનમાં ચિત્ર ખડું કરતો હોય એમ એ બોલ્યો : 'મારી પોતાની જમીન નથી. મારો દાદો કિસાન હતો. મારો બાપ પણ ખેતરે જ પોઢ્યો. મારી શાદીમાં છેલ્લી જમીન પણ વેચાઈ ગઈ!'

પછી સહેજ અટકીને એણે આંખને ખૂણેથી મારા તરફ જરા જોઈ લીધું. એને બોલવું હતું એટલે એ અટક્યો નહિ : 'એક વર્ષ સુધી તો ખેતમજૂરી કીધી. પારકી જમીન જોડે નેહ ન બંધાયો. હું ત્યાંથી સીધો જ લશ્કરમાં ભરતી થઈ ગયો.'

વૃક્ષ પરથી હોલો ઊડ્યો અને વેરાનમાં ખોવાઈ ગયો.

'અહીંથી છૂટીને ઘેર જવાનો?' મેં પૂછ્યું.

'હા, મેં પૈસા બચાવ્યા છે. પન્નાએ પણ મજૂરી કરીને થોડાક બચાવ્યા છે. જઈને ખેતર લઈશ, ખેડ કરીશ. કિસાન છું ને!'

આમ કહી રણવીર ભૂખરા આકાશ સામે તાકી રહ્યો.

ખારો પાટ અગનઝાળે બળતો હતો. ગરમ લૂથી હોઠ સુકાતા હતા. રેતીનાં મોજાં સપાટ જમીન પર નાસતાં હતાં.

ત્યાં સામેની પાળ પર થઈને જોન આવતો દેખાયો. લાંબું ચક્કર લઈ તે અમારી પાસે આવીને ઊભો અને બોલ્યો : 'તમે અહીં શું કરો છો?'

રણવીરે સહેજે ઊંચે જોતાં કહ્યું : 'કરવાનુંય શું છે?'

જોને પાણીની મસક નીચે મૂકી અને પગ પહોળા કરીને બેઠો, પછી પ્યાલો ભરીને પાણી પીધું અને ચારેબાજુ પાણી છાંટવા લાગ્યો. કર્કશ સ્વરે રણવીરે પૂછ્યું : 'શું કરશ આ?'

જોન હસ્યો : 'જોતો નથી, જમીન ભીની કરું છું!'

પીલુથી ભરેલ ડાળખી ઉપાડી એના તરફ ફેંકતાં રણવીર ગર્જ્યો, 'લે, રોપ. એક દી પીલુનો બગીચો બનશે ને એની નીચે તારી કબર બનાવજે.'

જોને એના કહેવા તરફ ધ્યાન ન આપ્યું. ટુવાલ ભીંજવીને માથા પર મૂક્યો અને હોકલીમાં તમાકુ ભરવા લાગ્યો. પછી તેણે પૂછ્યું : 'શી વાત ચાલતી હતી?'

મેં શરીર સંકોર્યું અને કપડાં પરથી ધૂળ છંટકોરતાં કહ્યું : 'રણવીર વાત કરતો હતો...'

રણવીર ઉશ્કેરાયો : 'ચૂપ મર! એક હરફ પણ બોલ્યો તો માથું ભાંગી નાખીશ!'

આંખને ખૂણેથી મેં એના તરફ જોયું. જોરજોરથી એ પીલુ ચાવતો હતો. એના મુખના સ્નાયુઓ તંગ થઈ ગયા હતા. નાક પહોળું થઈ ગયું હતું અને કપાળ વચ્ચેની નસ ઊપસી આવી હતી.

ધરતી હાંફતી હતી. હડકાયા કૂતરાની પેઠે પવન આમતેમ આથડતો હતો. દૂર અમારું ઊંટ આંખ બંધ કરીને આરામથી વાગોળતું હતું.

'જોન! રણવીર અહીંથી છૂટશે ત્યારે જમીન લેશે, ખેતી કરશે. આ ભેંકાર મુલકમાં એને સદતું નથી.'

જોને રણવીર સામે જોયું; પણ તે તો માથું ઢાળીને બેઠો હતો. એના લાંબા વાળ પવનથી ઊડતા હતા.

હસીને જોને કહ્યું : 'એને એની ઔરત યાદ આવતી હશે.'

પણ આ વેળા રણવીર ન ખિજાવ્યો. જોને કહ્યું તે કદાચ એને ગમ્યું હશે.

મેં પૂછ્યું : 'જોન! તને ફાવે છે?'

'આખો દી પીધા કરું છું તે જુવે છે ને!'

'એ તો તારી આદત છે.'

'આદત!...' કહી એ મોટેથી હસી પડ્યો. રણવીર પણ ચમકીને એની સામે જોઈ રહ્યો. મને ખભેથી પકડીને હલબલાવતો એ બોલ્યો : 'મારી આદત! દિલીપ! મારી આદત બે માણસ વચ્ચે રહેવાની નથી સમજ્યો? હું તો ટેવાયેલો છું લાઈટ, ડાન્સ, મ્યૂઝિક અને ઔરતોથી.'

પછી હોઠ મરડતો બોલ્યો : 'અને આ રણ, રેતી તાપ-એ સર્વ વચ્ચે પડ્યોપડ્યો પીધા કરું છું એ મારી આદત નથી. તરસને ભૂલી જવા માગું છું, છિપાવવા નહિ.'

હું એની સામે જોઈ રહ્યો. એનું ગોળ મોં લાલ થઈ ગયું હતું. એના પાતળા, લાંબા હોઠ બિડાઈ ગયા હતા અને ફિક્કી આંખ વધુ ફિક્કી બની હતી.

પડખું ફેરવીને મેં નજરને રણમાં ડુબાડી દીધી.

મિલિટરીનું છેલ્લું વાયરલેસ સ્ટેશન રણની કાંધે ઊભું હતું અને એમાં અમે ત્રણ જણ માનવસતિથી દૂર દૂર ફેંકાઈ ગયા હતા. ઉનાળો બેસતો ત્યારે ખારા પાટમાં ખીલા ઠોકીને અમે તંબૂ ઊભા કરતા. સરહદની પેલે પારનાં તોફાનો પર અમે ખડી ચોકી આપતા. અમારું હેડ ક્વાર્ટર ચાલીસેક માઈલ પર હતું. ત્યાં બૅરેકમાં ઘણા સૈનિકો હતા. ત્યાંથી અમારા ત્રણ માટે ખાદ્યસામગ્રી આવતી અને વીસ માઈલ પરના ગામમાં પહોંચાડાતી. દરરોજ સાંજે અમારો ડ્રાઈવર ત્યાં જતો અને બધું લાવતો. દૂધ અને પાણી પણ ત્યાંથી જ આવતાં. છાપાં આવતાં. ઑફિસના ટપાલથેલામાં અમારા અંગત પત્રો પણ આવતા. રણવીર પોતાના પત્રો ખૂણે ભરાઈ વાંચતો, પણ એમાંથી લીટી સરખીય અમને વંચાવતો નહિ. એની પત્ની અભણ હતી. કો'ક મારફત પતિ પર પત્રો લખાવતી; પણ જોનના પત્રોમાં બધાં પાત્રો જીવંત બનીને પોતાની ઓળખ આપી જતાં. લીઝા ગુલાબી કવરમાં પત્ર લખતી, મેરીના પત્રમાંથી ખુશબો મહેકતી અને કવર પર પ્રેમનાં પ્રતીકચિત્રો પણ દેખાતાં. જોનના મિજાજમાં જ્યારે શરાબની છાંટ ઊઠતી ત્યારે પોતાની બૅગમાંથી લીઝાની અને મેરીની તસવીરો કાઢીને એ ચૂમતો અને મને બતાવીને કહેતો : 'જો, આ મેરી. છે ને ખૂબસૂરત? કેવી નશીલી છે! મારા પ્યાર વગર તરફડે છે. પણ એને ખબર નથી કે જોન કેવી જગ્યાએ છે ને કેમ છે. દમ વગરના પત્રો લખે છે.'

પછી લીઝાની તસવીર બતાવીને કહેતો : 'દિલીપ! જો, આ લીઝા, રૂપનો છાંટો પણ નથી. ઠંડી છે. દારૂ નથી પીતી. દર રવિવારે દેવળમાં જાય છે. પણ આ ખારા પાટની જાણે એને માહિતી હોય એમ એ પત્રો લખે છે. ભારે રાહત આપે છે.'

હસીને હું પૂછતો : 'કોને પરણીશ?'

એ ભારે મૂંઝવણમાં પડી જતો, બેઉ તસવીરો સામે તાકી રહેતો અને જવાબ ન આપતો.

બંને જણ મને ઘેરી વળતા, પૂછતા : 'દિલીપ! તારો કોઈ કાગળ કેમ નથી આવતો?'

હસીને હું જવાબ આપતો : 'કોઈ હોય તો લખે ને?'

'એટલે જ તું લશ્કરમાં ભરતી થઈ ગયો, કાં?' રણવીર કહેતો.

દુશમનો દેખાતા નહોતા છતાં અમે બંદૂકો સાથે રાખતા. છાપાંઓ પાનાં ભરીને શાંતિની સિફારસ કરતાં ને છતાંય યુદ્ધ ચાલતું હતું; પણ ભેંકાર, માનવહીન, ઉજ્જડ મરૂભૂમિ જોડે પળેપળ અમે તો લડતા હતા.

ચમકારા મારતો ખારો પાટ આંખને આંધળી કરી નાખતો હતો. મેં નજર ફેરવી. રણવીર હજી એમ ને એમ જ માથું ઢાળીને બેઠો હતો. જોન ખાલી થયેલી હોકલી હથેળી પર પછાડી તમાકુ કાઢતો હતો અને પેલું ઊંટ હજીયે બંધ આંખે વાગોળ્યે જતું હતું. અમે ત્રણે જણ થોડીક વાર મૌન સેવી રહ્યા, અવાજ વગર ગૂંગળાતા રહ્યા. પછી મેં મૌન તોડ્યું : 'જોન! એમ કરીએ તો? સાંજે દૂધ-તરકારી લેવા આપણે જ જઈએ તો?'

ફિક્કું હસીને રણવીરે કહ્યું : 'એથી શું વળવાનું છે?'

'આપણે ત્રણે રોજ એકબીજાને જોઈએ છીએ. એ સિવાય તો કો'ક માણસને જોશું!'

જોને કહ્યું : 'આપણો ડ્રાઈવર કે'તો તો કે માત્ર ત્રણ જણ રહે છે ત્યાં. ચારેક ભાંગ્યાંતૂટ્યાં ઝૂંપડાં છે.'

ઊભા થતાં મેં કહ્યું : 'ચાલને, ચક્કર મારવામાં શું જાય છે?'

બંને ઉઠ્યા.

સૂરજ સહેજ નમ્યો ત્યારે અમે ઊપડ્યા. જીપ પરનો શેડ નીચે નાખી દીધો. સપાટ જમીન પર મેં જીપ મારી મૂકી. સૂર્યનો રોષ કંઈક ઓછો થયો હતો પણ જમીનમાંથી ગરમ વરાળ છૂટતી હતી. વ્હીલ નીચે કચડાતી પોપડીઓનો અવાજ આવતો હતો. સીટ પર શરીર લંબાવતાં રણવીરે કહ્યું : ‘સ્પીડ વધાર.’

જીપ વધુ વેગથી દોડવા મંડી. ગરમ પવન સૂસવતો-સૂસવતો વહી જતો હતો. વચ્ચેવચ્ચે પીલુનાં ઝુંડ દેખાઈ જતાં. ચોમેરની ખામોશીમાં એન્જિનનો અવાજ કંટાળો આપતો હતો. અંત વગરનો ખારો પાટ ચોમેર ઘૂરકતો દાંતિયાં કરતો હતો. અમે મૂંગા હતા. અમને મૂંગા રહેવાની આદત પડી ગઈ હતી. કાચ પરની ધૂળ લૂછતાં જોને કહ્યું : ‘દિલીપ! એકાદ વર્ષ અહીં રહ્યા તો બોલવાનું ભૂલી જઈશું.’

ગમગીન નજરે રણવીર રેતાળ જમીનને જોઈ રહ્યો હતો. તે બોલ્યો : ‘આ રેતાળ ડાકણ આપણને ભરખી જવાની!’

થોડી વારે તળાવની પાળ અને એ પરનાં પીલુનાં ઝુંડ પાધરાં થયાં. પાળ પાસે જીપ થંભાવી અમે ઊતર્યા. રણવીરે પાણીની મસક અને દૂધનું વાસણ ઉપાડ્યાં. પાળ ચઢતાં જોન બોલ્યો : ‘ચાલો, જરા તળાવ જોઈ લઈએ.’

તળાવ સુકાયેલું હતું. ત્યાં પણ એક ઊંટ પીલુનાં પાન ચાવતું ઊભું હતું. પાળ પરથી જોયું તો નીચે માટીની ગારે લીંપ્યા ચારેક કૂબા દેખાયા. કૂબા પાછળથી એક મોટો કાળો કૂતરો અમારા પર ધસી આવ્યો. ભયથી અમે જરા પાછળ હઠી ગયા પણ કૂતરો ખસ્યો નહિ અને અમારાં શરીર પર ત્રાટકી પડ્યો. રણવીરે ખભા પરની બંદૂક હાથમાં લીધી ન લીધી ત્યાં વાંસનું બારણું પછાડતી એક છોકરીએ ઝડપથી આવીને બંદૂક પકડી લીધી અને કહ્યું : ‘સા’બ! મારજે નહિ!’

અને બીજી જ ક્ષણે પેલા કૂતરાની ગરદન પકડીને એ એને ઢસડી રહી.

જોન હેટ ઉતારી જરા નીચો નમ્યો ને કૂતરાને સંબોધતો હોય તેમ બોલ્યો : ‘સલામ, દોસ્ત!’

ઉશ્કેરાઈને કૂતરો છોકરીના હાથમાંથી છૂટવા જોર કરી રહ્યો.

છોકરીએ કહ્યું : ‘એને છંછેડો મા. છૂટ્યો તો તમારાં અંગેઅંગ પીંખી લેશે!’

પછી એ કૂતરાને થોડો દૂર લઈ ગઈ અને ત્યાં એને બાંધી દીધો. એટલી વારમાં તો એક બુઝુર્ગ આદમી ઉતાવળે પગલે ત્યાં આવી પહોંચ્યો. તેણે અમને કહ્યું : ‘આવો, સા’બ! આ કૂતરો જંગલી છે. માણસ દેખીને ભુરાટો થાય છે.’’

પછી એ બુઝુર્ગ દૂર પડેલો એક ખાટલો નજીક ઢસડી લાવ્યો અને તે પર ઊનની એક ધાબળી પાથરી દઈને અમને કહ્યું : ‘‘બેસો, સા’બ!’ પછી થોડે દૂર ઊભેલી પેલી છોકરીને કહ્યું :

‘‘જા, હીરી! સા’બ સારુ દૂધ મૂક.’’

હું અને જોન ખાટલા પર બેઠા, રણવીર આંટા મારવા લાગ્યો. પાંચેક વાર છેટે બાંધેલી એક બકરીને હીરા દોહવા બેસી ગઈ હતી. એણે પોતાનું શરીર ઘેટાની ઊનનાં વસ્ત્રોથી ઢાંક્યું હતું. ગોળ ભરાવદાર મોં અને કોણી સુધી હાથ છૂંદણાંથી ભર્યા હતા. હાથે તેણે વજનદાર બલોયાં પહેર્યાં હતાં. એની અધખુલ્લી દેખાતી સ્નાયુબદ્ધ પીઠ દૂધ દોહતાં હલતી હતી.

બુઝુર્ગે પાસે પડેલો હુક્કો આગળ સેરવ્યો. એ જોઈને જોન બોલ્યો : ‘લ્યો, ચાચા! આજ આ તમાકુનો ટેસ કરી જુઓ.’

બુઝુર્ગ ‘હો...હો’ કરતો હસી પડ્યો. એના થોડાક રહી ગયેલા મોટા દાંત બહાર દેખાઈ આવ્યા. એણે આંખમાં કાજળ આંજ્યું હતું અને અસંખ્ય કરચલીઓવાળા મોં પર જેમતેમ ઊગેલી મોટી દાઢી મેંદીથી રંગી હતી. તેણે કહ્યું : ‘‘તંઈ તમ તરણ તિયાં રીયો છ, કાં? આજ તમ જાતે નીકરી આવ્યા! માણસ ન’ તો?’’

મેં કહ્યું : ‘‘આજ તો ચાચા! મનમાં થયું કે બે માણસનાં મોઢાં જોઈ આવીએ.’

હોકા પર જામેલ રાખને ઉડાડવા બુઝુર્ગે ફૂંક મારી, પછી કહ્યું : ‘માણસું તો, ભા! આ મેર વેરાનમાં કુણ હોય?’

જોન બોલ્યો : ‘ચાચા! તમે છો ને? અહીં કેટલાં વર્ષ કાઢ્યાં?’

બુઝુર્ગના હોઠ સહેજ હસ્યા : ‘મેં કે? આ પળિયાં ઈયાં આવ્યાં. મારી દીકરી હીરા પણ ઈયાં જ જનમી.’

વાંસનું બારણું ઉઘાડી, હાથમાં માટીના પ્યાલા લઈ હીરા અમારા ખાટલા લગોલગ આવી ઊભી. અમારા પગ તેને અથડાઈ પડ્યા પણ તે ન હટી. પ્યાલા અમારી સામે ધરતાં બોલી :

‘લ્યો!’

તે અમારી એટલી નજીક ઊભી હતી કે એનાં વસ્ત્રો અમારા શરીર પર પડતાં હતાં. એના શરીરમાંથી ઘીની વાસ આવતી હતી. દૂર ઊભેલ રણવીર સામે હાથ હલાવતી એ બોલી : ‘લે, નીકર દૂધ ઠરી જાશે.’

પણ રણવીર જીપ તરફ ઉતાવળે ચાલતો હતો. હીરા થોડેક દૂર બાંધેલા કૂતરા પાસે બેસીને એને ખીજવી રહી હતી. ઘુરકિયાં કરતો કૂતરો એના શરીરને ખૂંદતો હતો અને તે એની બાજુમાં આળોટતી હતી. થોડી વારે રણવીર જીપમાંથી બિસ્કિટો લઈને આવ્યો અને ખાટલા પર એ મૂક્યાં. જોને પડીકું ખોલ્યું અને થોડાંક બુઝુર્ગને આપ્યાં ત્યારે એનું મોં મલકાયું. એણે કહ્યું : ‘‘સા’બ! મે’રબાની કીધી.’’

પછી એણે હીરાને પડકારતાં કહ્યું : ‘ઈયાં મર ને!’

કૂતરાને છોડીને હીરા આવી અને ફસડાઈને બેઠી. બુઝુર્ગે

એને ત્રણચાર બિસ્કિટ આપતાં કહ્યું : 'લે, તુંયે ખા.'

રાજીના રેડ થઈને એ બિસ્કિટ ખાવા લાગી. ખાતાંખાતાં કહ્યું : 'ભા! ભારી કુણાં સે!'

હસીને જોને પૂછ્યું : 'તન એ ભાવ્યાં?'

માથું હલાવીને એણે હા પાડી.

'તો લે.' કહીને જોને બધાં બિસ્કિટ એના ખોળામાં વેરી દીધાં. હાથ ઉલાળતી તે બોલી : 'આટલાં તો ઘણાં.'

એને ટાપલી મારતાં બુઝુર્ગે કહ્યું : 'ખાઈ લે, બાઈ! આવું તને કોણ ખવડાવવાનું હતું?'

સૂરજ નમી ગયો હતો. ગરમ પવન જરા ઠંડો થયો હતો. બકરીઓ 'બેં! બેં!' કરતી હતી. જોન અને બુઝુર્ગ વાતે ચઢ્યા હતા. રણવીર કૂતરાને ખીજવતો હતો. એણે ઊઠીને થોડાંક બિસ્કિટ કૂતરા સામે ધર્યા, પણ કૂતરો તો ભયંકર ઘુરઘુરાટી કરી ઊઠ્યો. એ જોઈને બુઝુર્ગ બોલ્યો : "સા'બ! ઈ માનવાનો નથી. એણે અમ તરણ સિવાય માણસ દીઠાં નથી એટલે બીજાં માણસુંને જોઈ કાળે બળે છે."

અચાનક ખાટલા પાછળ કોઈ આવી ઊભું. હીરા બરાડી : 'અધા! મેરૂ આવી પૂગો!'

અમે પાછળ ફરીને જોયું. બુઝુર્ગ બોલ્યો : 'મારો મેરૂ...મારી હીરાનો ધણી.'

હાથ જોડી મેરૂ ખાટલાની કોરે બેઠો. એના લાંબા સ્નાયુબદ્ધ શરીર પર અમારી આંખ ચોંટી રહી. એણે લુંગી પહેરી હતી અને ઉપલું શરીર ઉઘાડું હતું. છાતીએ માદળિયું ઝૂલતું હતું. એણે પોતાનાં લાંબાં ઓડિયાંને કાળી ટપકીવાળા એક પીળા રૂમાલથી બાંધી લીધાં હતાં. એનું લાંબું અણિયાળું નાક નજરને ખેંચતું હતું. એની દાઢી વ્યવસ્થિત રીતે કાપેલી હતી અને હડપચી આગળ ઝીણી અને અણિયાળી બનતી હતી. એની કાળી કીકીમાંથી વછૂટતી નજર જોનાર સોંસરવી ઊતરી જતી હતી. એ સ્વભાવે તીખો અને ઝનૂની હશે એવું અનુમાની શકાતું હતું.

સીધી રીતે એ અમારી જોડે વાતે ન વળગ્યો. એની નજર હીરા પર થઈને કૂતરા પર રમતી હતી.

બુઝુર્ગે એના તરફ હોકો લંબાવ્યો તે લઈ એ નીચે બેઠો. અમે એને મૂંગામૂંગા જોઈ રહ્યા. કૂતરાને એણે છોડ્યો ને પછી એ કૂતરો એની બાજુમાં નીચું માથું ઢાળીને બેસી રહ્યો. એની પીળી ચળકતી આંખ તો અમારા પર જ રહી.

ચૂપકીદી અસહ્ય હતી. છેવટે વૃદ્ધ બોલ્યો : "મેરૂ! કાળિયાએ સા'બ ને ભારે સતાવ્યા."

મેરૂએ વહાલથી કૂતરાને પંપાળ્યો, પછી અમને કહ્યું : "સા'બ! ઈ ટેવાયો જ ઈમ છે. નાનકડું ગલુડિયું હતો ત્યારે એને હું લાયો'તો. ઓલા ભૂંગામાં પૂરી રાખ્યો'તો. અમે એને બહાર કાઢતા જ નંઈ. અમારા તરણ સિવાયે ઈણે કોઈ માણસ કે જાનવર ભાળેલું જ નો'તું. ઈ મોટો થિયો ઈ કેડે જ ઈને બા'ર કાઢ્યો. હવે અમ સિવાય કોઈ માણસ જુએ તો ત્રાટકી બેસે છે."

અમે સ્તબ્ધ થઈ કૂતરા સામે જોઇ રહ્યા. આટલી વિચિત્ર રીતે કૂતરાને કેળવાયેલો અમે પહેલી જ વાર જોયો. મેરૂએ અમને પૂછ્યું : "સા'બ! દૂધ પીધું?'

જોન લહેકાથી બોલ્યો : 'હોવે! પણ ભારે ખારૂં!'

મેરૂ સહેજ હસ્યો : "સા'બ, બકરીનું છે ને! ખારાં પીલુ ખાય તી દૂધ પણ ખારું જ દે ને?"

રણવીર વચ્ચે પુરાયો : 'મેરૂ! કેટલી બકરી છે?'

'ચાર. ત્રણ ઘેટી છે અને એક ઊંટ પણ છે.'

'ને તમારા દાણા?'

'ખેતર છે ને, સા'બ!'

રણવીરનો રસ વધ્યો. તે આગળ સરક્યો : 'ખેતર છે? શેનો મોલ કરશ? બળદ છે?'

મેરૂ પણ જામ્યો : 'જુવાર-બાજરીનો. રેતાળ મલકમાં બીજું શું પાકે? ઢાંઢા મારા પોતાના નથી. મોસમ ટાણે બીજા પાસેથી આણું છું.'

રણવીર અને મેરૂ વાતમાં જામી ગયા હતા. બુઝુર્ગ વચ્ચે હોંકારા પૂરતો હતો. હીરા કૂતરા જોડે ગેલ કરતી હતી. અંધકારના ઓછાયા ઊતરતા હતા. એટલે જોન બોલ્યો : 'હવે ઊઠીએ. અંધારામાં રણમાં ભૂલા પડ્યા તો પત્તો નહિ લાગે.'

મેરૂ અને બુઝુર્ગ અમને મોટર સુધી વળાવવા આવ્યા. બુઝુર્ગે કહ્યું : 'કોક વાર આવતા જાવ. જીવ જરા છૂટો થાશે.'

મેરૂ રણવીર તરફ ફરીને બોલ્યો : "સા'બ! આવતા જજો. કો'ક દન ખેતરે જાશું."

તે રાતે અમે 'કૉટ' પર આળોટતા હતા. દિવસભર ઊકળેલ ધરતી રાહતનો શ્વાસ ભરતી હતી. પવન પડી ગયો હતો. અંધકારે રણની વેરાનતાને ઢાંકી દીધી હતી. લચી પડતા તારાઓથી ભર્યું આકાશ ઉપર ઝઝૂમતું હતું. ક્ષિતિજ વગરનું અફાટ આકાશ ભય પ્રેરતું હતું. ચૂપચાપ આવીને સિતારાઓ પોતપોતાની નિયત જગ્યાએ ગોઠવાઈ જતા હતા. કોઈ ઊગતા હતા, કોઈ ખરતા હતા. દેખાતા અને ઓળખાતા હતા તેથી વધુ અનામી અને અદીઠ હતા. મહારાણી સમી આકાશગંગા પોતાનો સફેદ પોશાક પાથરીને ગંભીર વદને આકાશી ઝરૂખેથી ગગનને નીરખતી હતી. સારુંય આસમાન પ્રકાશની ઝાંયથી ઝળહળતું હતું. ઉપર નજર પરોવી મેં કહ્યું : 'જોન! રાતને સમયે રણકાંઠડે આકાશ જોવું, એ પણ એક લહાવો છે.'

જોને કહ્યું : 'ખરેખર, આટલી સંખ્યામાં મેં બીજે ક્યાંય તારા નથી જોયા. આટલું ચોખ્ખું આકાશ પણ બીજે ક્યાંય નથી દીઠું. નજર ખસેડવાનું મન નથી થતું.'

અમે ત્રણે આકાશ તરફ મીટ માંડીને પડ્યા હતા. થોડી વારે રણવીર બોલ્યો : 'દિલીપ! મેરૂ આ મસાણિયા જમીનમાં શું ખેતી કરતો હશે? દુનિયામાં આટલી બધી જમીન પડી છે છતાં એ અહીં કેમ પડ્યો રહ્યો હશે?'

મારી આંખ અને મારા વિચારો આકાશેથી નીચે સરી પડ્યાં.

મેં કહ્યું : 'કાળી મજૂરી કરીને બે દાણા પામતો હશે અને કદાચ એણે આ ખારા પાટ સિવાય બીજી જમીન જોઈ પણ નહિ હોય! જનમથી જે જમીન એણે ખૂંદી છે એ જ જમીન ખેડવાનું એને મન થાય.'

જોને કહ્યું : 'આ રણને કાંઠે, માનવ વિનાની ધરતી પર, એ ત્રણે દિવસો કેમ કાઢતાં હશે?'

હું સહેજ હસ્યો : "પેલા કૂતરાએ એ ત્રણ સિવાય માનવી નો'તું જોયું એટલે આજ એ ત્રણ સિવાય કોઈનેય નથી ઓળખતો. એ ત્રણ જણનું પણ કૂતરા જેવું જ છે. બીજા કોઈનેય એ ત્રણ ઓળખતાં નથી એટલે એકલવાયાં જેવું એમને કંઈ નથી. એકાંતનું એ જીવન-ઘડતર, સંબંધની છેલ્લી, સૌથી નજીકની સ્થિતિ પર એમનું મન વધારે કશું જાળવી નહિ શકે તેમ જ જે છે એમાંથી કશું છોડી પણ નહિ શકે."

પડી ગયેલ પવન પાછો સજાગ બન્યો હતો. રણની સપાટી પર એનાં દોડવાનાં પગલાં ગાજતાં હતાં. સુસવાટનો એ અવાજ નિર્જનતામાં અટવાતો પળમાં તદ્દન નજીક આવી, બીજી પળે દૂર - અતિ દૂર સરકી જતો હતો.

જોને હોકલી પેટાવી હતી. પવનથી દેવતા ઝબકતો હતો, બુઝાતો હતો. એના પ્રકાશે ક્ષણભર જોનનું નાક દેખાતું. થોડી વારે વળી હડપચી દેખાતી. પછી વળી આંખો ને કપાળ દેખાતાં. ઉધરસ ખાતાંખાતાં જોન બોલ્યો : 'દિલીપ, તેં હીરા જોઈ?'

'હા.'

"એને ઔરત કેમ કહેવી? વાસ મારતું ગંદું શરીર, ચામડી ઉતરડી લે એવાં ખરબચડાં કપડાં, શરમ કે સંકોચ જરાય નહિ! જોતો'તો ને, કૂતરા સાથે કેવી બાઝતી'તી તે?"

હસીને મેં કહ્યું : 'જોન! એ સ્ત્રી છે જ, પણ એને માટે આપણે પુરુષ નથી.'

'તો?'

'એને મન પુરુષો છે મેરૂ, બુઝુર્ગ, કૂતરો અને ખારો પાટ.'

જોન ચૂપ થઈ પોતાના 'કૉટ' પર લેટી પડ્યો. અંધકારનાં મોજાંઓએ અમારાં શરીરને ઉપાડી ઉલાળી દીધાં.

એક દિવસ વહેલી સવારે હું અને જોન તંબૂમાં બેઠા હતા. જોન પત્ર લખવામાં મશગૂલ હતો. ત્યાં બહારથી રણવીરની બૂમ સંભળાઈ. અમે બેઉ સફાળા બહાર દોડ્યા અને પૂછ્યું : 'શું છે? શું છે?'

ક્ષિતિજ તરફ આંગળા ઠેરવતાં રણવીરે કહ્યું : 'ત્યાં જુઓ!'

અમે નજર થંભાવી, ચમકતા ખારા પાટ પાછળથી એક વાદળ સરતું સરતું અમારા તરફ આવતું હતું. રણવીર હર્ષથી નાચતો હતો અને કહેતો હતો : 'જો, જોન! જો! વરસાદની મોસમ બેઠી!'

અમે સ્થિર નજરે આવતા વાદળને જોઈ રહ્યા.

એકાદ કલાક પછી એ વાદળ અમારા ઉપરથી પસાર થયું. એનો પડછાયો ખારા પાટ પરથી રમતોરમતો સરકી ગયો અને થોડી વારે ક્ષિતિજમાં વાદળ સમાઈ ગયું.

રણવીર શુષ્ક સ્વરે બબડ્યો : 'ખેતર-વાડી પર તો બધાં વાદળ વરસે છે, તારે તો અહીં વરસવું હતું!'

જોન બોલ્યો : 'વાદળ પણ ભૂલાં પડે છે, તે આજ જોયું.'

તે દિવસ અમે બહુ બેચેનીમાં ગાળ્યો. મનમાં થયું કે આ રેતાળ મુલક પર વાદળ વરસવાનાં જ નથી.

પણ ત્રણેક દિવસ પછી મધરાતે અમારા શરીર પર પાણીનાં ફોરાં પડ્યાં ત્યારે અમે બેબાકળા બની જાગી ઊઠ્યા. જોયું તો આકાશ ઘેરાયું હતું. તારા દેખાતા ન હતા. પવનની ઠંડી લહેરો આવતી હતી. આખી રાત ઝરમર-ઝરમર વરસાદ વરસ્યો. તંબૂની અંદર પડ્યાપડ્યા અમે વર્ષાનું સંગીત સાંભળતા હતા.

માઈલો સુધી વિસ્તરેલી ધરતીના કણકણ ભીના બનીને ફોરતા હતા. આકાશમાં ગાજવીજ હતી. વહેલી સવારે સૂર્યના આગમનની રાહ જોતા અમે બહાર ઊભા હતા. આજે તો સૂર્યનાં કિરણોને ધરતીએ વહાલથી ઝીલ્યાં, મમતાથી પંપાળ્યાં. રણપ્રદેશને અમે પાણીમાં ભીંજાયેલો જોયો. પવન ઠંડો થયો હતો. રેતીની ડમરીઓ શમી ગઈ હતી. અગ્નિ હોલવાઈ ચૂક્યો હતો. ધીમેધીમે સૂરજ ઊંચે ચઢ્યો પણ એનાં કિરણોમાંનાં દાઝ અને તાપ જાણે શમી ગયાં હતાં!

દિવસ આથમ્યો. મુદ્દત પછી આકાશે રંગ ધર્યા. પાણીથી ભરાયેલા પ્રદેશ પર રંગીન પ્રકાશ છવાઈ ગયો.

ધીમેધીમે રણકાંઠો અનેક નદીઓનાં પાણીથી ભરાતો ગયો. એક વેળા જ્યાં રેતીનાં મોજાં દોડતાં હતાં ત્યાં પાણીની લહેરો ઊઠી. ચોમેર નજર પહોંચે ત્યાં સુધી પાણીપાણી થઈ ગયું.

અમારા મનમાં ઉલ્લાસ છવાઈ ગયો. સુંદર ભોજન મળવા લાગ્યું. જોન વાયોલિન વગાડવા લાગ્યો અને રણવીર પંજાબી ગીતો લલકારતો થયો.

એક દિવસ તળાવ પર પીલુના વૃક્ષ હેઠળ હું બેઠો હતો ત્યાં જોન દોડતો આવ્યો અને કહ્યું : 'જો, દિલીપ! આ...'

એના હાથમાં નાનકડું પક્ષી હતું. આશ્ચર્યથી મેં પૂછ્યું : 'આ વેરાનમાં પંખી ક્યાંથી?'

'એ જ કમાલ છે ને! આ "કુત્કી" છે. બહુ દૂરથી આવ્યું છે. જગપ્રવાસી છે. વિસામો ખાવા એ પંખીઓ નીચે ઊતર્યા

હતાં. મેં એક પકડી પાડ્યું.'

નાનકડું પંખી જોનના હાથમાંથી છટકવા મહેનત કરતું હતું. એ જોઈ જોન ધીમેથી બોલ્યો : 'જા, બચ્ચા! મોજ કર.'

ને પંખીને છોડી દેતાં એ ઝડપથી ઊડી ગયું.

ધીમે ધીમે રણ ઉપર પક્ષીઓનાં ટોળાં ઊતરવા લાગ્યાં. પંખીઓ આવતાં, એકાદ દિવસ વિસામો લેતાં અને પછી પાછાં ઊપડી જતાં. પૈયાં આવ્યાં. ગંદલ અને મંડુલનાં ટોળાંનો કલશોર ગાજી રહેતો. હવામાં પાંખ વીંઝતાં તેઓ આકાશને છાપરે થઈને પેલે પાર ચાલ્યાં જતાં. રાત પડતી ત્યારે એમના અવાજથી રણ સજીવ થઈ ઊઠતું. ભેંકાર, વેરાન મરુભૂમિ પણ કોઈનો વિસામો હતી.

અમને મેરૂ અને હીરા સાંભર્યા. પાણી ભરાઈ ગયું હતું એટલે અમે ઊંટ પર ઊપડ્યા. કૂબા પાસેના તળાવ પર અમે ઊંટ ઝુકાવ્યું.

રણવીરે કહ્યું : 'ચાલ, તળાવ જોઈ આવીએ.'

તળાવની પાળે, પીલુના વૃક્ષની ઓથે, અમે ઊભા રહ્યા. તળાવમાં ઠીકઠીક પાણી ભરાયું હતું. એ કબીલાનું વર્ષ આરામથી નીકળી જાય એમ હતું. અચાનક અમારી નજર દૂરથી આવતાં મેરૂ અને હીરા પર પડી. આગળ મેરૂ દોડતો હતો, પાછળ હીરા. તળાવની પાળ ચઢીને બેઉ આવ્યાં. હાંફતી હીરા બૂમ મારતી હતી : 'ભાગ! નીકર મરી ગયો સમજ!'

પણ મેરૂ ભાગ્યો નહિ. તે હીરાની નજીક આવી ઊભો. બેઉ હાંફતાં હતાં. ત્યાં તો હીરાએ ગાફેલ મેરૂને ધક્કો માર્યો. મેરૂ નીચે ગબડી પડ્યો. હીરા દાંત કાઢતી જોરથી હસી. ખિજાતો ખિજાતો મેરૂ ઊઠ્યો. પળવાર હીરા સામે જોઈ રહ્યો. પછી એની ગરદન હાથેથી દબાવીને નીચે પાડી દીધી અને એના શરીર પર બેસીને જોરથી ખૂંદવા લાગ્યો. હીરા ચિત્કાર કરી રહી. મેરૂ એના દેહ ઉપર વધુને જોરથી ખૂંદવા લાગ્યો. હીરા ચિત્કાર કરી રહી. મેરૂ એના દેહ ઉપર વધુ ને વધુ નીચો નમતો જતો હતો...અને એના હાથમાં હીરાનું શરીર વધુને વધુ નાનું થતું સમાઈ ગયું.

અમે આંખો ફેરવી લઈને નીચે ઊતરી ગયા.

હંમેશ મુજબ આજ પણ હીરા દૂધ લાવી. અંગો અડકી પડે એટલી નજીક ઊભી રહી. કૂતરા જોડે બાખડતી રહી.

અમે પાછા વળ્યા ત્યારે જોન બોલ્યો : 'દિલીપ! તેં જોયુંને તળાવ પર?'

'હા.'

'તું સાચો છો. હીરા માટે આપણે પુરુષ નથી.

એક દિવસ વિચિત્ર પક્ષીઓનું ટોળું અમારાથી થોડે દૂર આવીને બેઠું. જોને એમને ઓળખી કાઢ્યાં,

'આ તો ફ્લેમિંગો...'

'સુરખાબ...નહિ?' મેં પૂછ્યું.

'હા, સુરખાબ.'

સાંજ પડી. બીજો દિવસ ઊગ્યો. બે દિવસ પસાર થઈ ગયા પણ એ પક્ષીઓ ઊડ્યાં નહિ. બીજું ટોળુંય આવ્યું. અને થોડા દિવસમાં તો અસંખ્ય સુરખાબોથી એ પ્રદેશ છવાઈ ગયો. એ સુરખાબ દિવસના સમયમાં પોતાની લબડતી ચાંચ પાણીમાં નાખીને જીવાત ખાતાં, જમીન ખોદીને નાના-નાના ઢગલા બનાવતાં અને સાંજ પડતી ત્યારે આકાશમાં પાંખ પ્રસારીને ફરવા ઊપડતાં. એમની મોટી ગુલાબી પાંખ એ સમયે સૂર્યાસ્તના પ્રકાશમાં અજબ મોહક લાગતી. તેઓ મોટી સંખ્યામાં ભેગાં થઈને થોડુંક દોડતાં અને ધીમેધીમે શરીરને હવામાં તરતું મૂકતાં ત્યારે આખા રણ પર જાણે હવા થંભી જતી!

નર-માદા મુક્ત વિહાર કરતાં. લાંબી ડોક કરી અમને સંશયથી જોઈ રહેતાં. સુરખાબ ગયાં નહિ. એમણે જમીન ખોદી તેમાં ઈંડાં મૂક્યાં અને ધીમેધીમે બચ્ચાં દોડતાં દેખાયાં. જોન એમને જોઈને ગાંડો થઈ ગયો અને બોલ્યો : 'દિલીપ! આ પંખીઓ હજારો માઈલો કાપીને આવે છે. વચ્ચે લીલાંકુંજાર વન, સરોવરો, નદીઓ, ખેતરો આવે છે, છતાં તેઓ ક્યાંયે અટકતાં નથી. આવીને આ રણમાં જ છાવણી નાખે છે, બચ્ચાંને જન્મ દે છે અને પછી પાછાં પોતાના વતન તરફ રવાના થઈ જાય છે!'

મરુભૂમિના આ અજબ આકર્ષણે ઊભી કરેલી સુરખાબની સૃષ્ટિમાં હું અટવાઈ ગયો. હવે અમે એકલા નહોતા. સુરખાબની જીવંત પંખીસૃષ્ટિ દિનરાત અમારી સામે જ હતી.

ચોમાસું પૂરું થયું. સમય વીતવા લાગ્યો. ફરી પાછો સૂર્ય દઝાડવા લાગ્યો. પાણી વરાળ થઈને ઊડવા લાગ્યું. સુકાઈ સુકાઈને પાણી જેમજેમ દૂર ખસવા લાગ્યું તેમતેમ સુરખાબ પણ પાણીની બાજુએ બાજુએ સરકવા લાગ્યાં. સહેજ ખિજાઈને રણવીરે કહ્યું : 'રણને જીવતું જોયું, હવે પાછી પહેલાં જેવી જ બળતી ધરા નહિ દેખી શકાય.'

બચ્ચાં ઊડતાં શીખી ગયાં હતાં. ધીમેધીમે સુરખાબનાં પ્રવાસી ટોળાં વિદાય લેવા લાગ્યાં. એમના અવાજે આકાશ ગાજી ઊઠ્યું. પાણી સુકાતાં પાછી ખારી જમીન જેમજેમ પાધરી થવા લાગી તેમતેમ સુરખાબ ઊપડવા લાગ્યાં. પવન ગરમ થવા લાગ્યો.

અમે મેરૂ-હીરા પાસે જતા; પણ લગભગ તેઓ ખેતરે જ રહેતાં. રણવીર અને જોન વધુને વધુ મૂંગા થતા જતા હતા. તેઓ સુકાતાં પાણીને અને ઘરમાર્ગે પાછા વળતાં સુરખાબને જોતા બેસી રહેતા. અમે મૂંગા બન્યા હતા. અગોચર પ્રાણી વગરની ધરતીના સૂનકારે અમારાં હૃદયની કુમાશને છીનવી લીધી હતી. દિવસે ધરા તપતી. એની કાયામાંથી વરાળો ઊઠતી. પવન શરીરને બાળતો રહેતો, જ્યારે રાતે ઠંડી પડતી. ઠંડા પવનથી

ધ્રૂજતા અમે ત્રણ તાપણી પાસે બેસી રહેતા.

લાખો પક્ષીઓના ગુંજારવથી જીવતું બનેલું રણ હવે ખામોશ બન્યું. રેતાળ મુલકનું એ મૌન અમારા મનમાં સણકા પાડતું હતું. સુરખાબનું છેલ્લું ટોળું ઊપડી ગયું ત્યારે રણવીર માત્ર એટલું જ બોલ્યો : 'હવે પાછા આપણે ત્રણ...'

એક દિવસ અમે ત્રણે ફરવા નીકળ્યા. સુરખાબે ઊભા કરેલા માટીના ઢગલા જીપનાં પૈડાં નીચે આવીને ફસકી જતા હતા. ફૂટી ગયેલાં ઈંડાની ધૂળમાં દટાયેલ કરચો દેખાતી હતી. મરજી પ્રમાણે હું જીપ ચલાવતો હતો. આજે હીરા-મેરૂ પાસે જવાની અમારી ઈચ્છા હતી. રણવીર અને જોનશૂન્ય નજરે ચોમેર જોતા બેઠા હતા. અચાનક રણવીરે મારો હાથ પકડી લઈને કહ્યું :

'થોભ! જો, ત્યાં શું છે?'

મેં બ્રેક મારી. જોયું તો થોડે જ દૂર એક પક્ષી ઊભું હતું. મેં જીપને એ તરફ લીધી પણ અવાજથી એ ઊડી ન ગયું. અમે નીચે ઊતર્યા અને ધીમે પગલે એના તરફ ચાલવા લાગ્યા. એક સુરખાબ ઊભું હતું.અમારાં પગલાંનો અવાજ સાંભળી એણે સર્પ જેવી પોતાની લાંબી સફેદ ડોક અમારા તરફ ફેરવી. એક બીજું સુરખાબ નીચે પડ્યું હતું. એમાંથી આછી ગંધ ઊઠતી હતી. એ જોઈને જોને કહ્યું : 'મરી ગયું લાગે છે.'

અમારી આંખ એના પરથી ખસતી નહોતી. મુલ્કનો એ પ્રવાસી આજ બળતી ધરા પર, વેરાન રણકાંઠે, એકલો-અટૂલો ઊભો હતો. ઘરમાર્ગે પેલા બાગબગીચા, વહેતી નદીના રમણીય પ્રદેશ અને ગિરિશૃંગો તરફ પાછા ફરવાની કોઈ તમન્ના જાણે એને રહી ન હતી! મરુભૂમિ જ આજ એનો છેલ્લો વિસામો બેઠી હતી!

રણવીર અને જોન મોટરમાં ગોઠવાયા.

સુરખાબ અમારી છેક પાસે આવી ઊભું રહી ગયું. મારી અને એની આંખ મળી. મેં એ આંખમાં જોયા જ કર્યું. એની ઝીણી નાનકડી આંખમાં કૂતરા સાથે બાખડતી હીરા ગોળ ચકરાવો લઈ અદશ્ય થઈ ગઈ... ડોસાની લાલ દાઢી હોકાના ધુમાડા વચ્ચે ગૂંચવાતી પસાર થઈ... મેરૂના લાંબા હાથ હીરાનું ગળું દાબતા અને એનું શરીર ખૂંદતા એ પક્ષીની આંખના વર્તુળમાં ગોળગોળ ફરીને પછી બહાર નીકળી ગયા!... અને જોરથી ઘૂરકતા, દાંતિયાં કરતા કૂતરાએ અંદરથી મોં બહાર કાઢ્યું! પછી બધું ઢંકાઈ ગયું અને રેતીની મોટી ડમરી ઊડતી દેખાઈ! આખો ખારો પાટ ઘુમરડી લઈ ગયો!

...અને બીજી પળે મારી બંદૂક ઊઠાવીને મેં એના તરફ ફોડી, ધુમાડાના ગોટા શમ્યા ત્યારે એ ઊભેલું સુરખાબ તરફડીને શાંત પણ થઈ ગયું હતું.

રણવીરે ચાલુ કરેલ જીપમાં હું ઝડપથી કૂદી પડ્યો અને બોલ્યો : 'ઘર તરફ લે, મેરૂ પાસે નથી જવું.' ■


JETHABHAI DOONGARSHI TRANSPORT CO.

J. D. LOGISTICS



H.O. : 708/18, Bhavani Peth, Near Gurunanak Telephone Exchange, Pune-411 402.
Tel. : (020) 26434611 / 08425818000 • Fax : (020) 26434525 • E-mail : jdtcompany@gmail.com

Admn. O. : 313/315, Narshi Natha Street, Khajurwala Chamber, Masjid Buunder, Mumbai-400 009.
Tel. : (022) 23426818, 23400597 • Fax : (022) 23451950 • E-mail : jdadmnoff@yahoo.co.in

DAILY PARCEL & FULL TRUCK LOAD SERVICES
FROM MUMBAI & GUJARAT TO PUNE & SOLAPUR AND RETURN

MUMBAI OFFICE

| | |
|---|---|
| ANDHERI | 09323963410 |
| BHAT BAZAR | 09323963409 |
| BHIWANDI | 08425818022 |
| VASAI | 09323320952 |
| VASHI | 08425818023 |
| TARAPORE | 09322407169 |
| ULHASNAGAR | 09324495236 |
| BHAYANDER | 09820283922 |

PUNE & OTHER MAHARASHTRA OFFICE

| | |
|---|---|
| PUNE (BOOKING) | 08425818009 |
| PUNE (DELIVERY) | 08425818012-16 |
| CHINCHWAD | 08425818011 |
| WAGHOLI | 08425818020 |
| FURSUNGI | 08425818014 |
| TALEGAON | 08425818021 |
| SOLAPUR | 08425818030 |
| KOLHAPUR | 08425818027 |

GUJARAT OFFICE

| | |
|---|---|
| AHMEDABAD | 08866858858 |
| SURAT | 09377763408 |
| VAPI | 09377763409 |
| RAJKOT | 09327774777 |

UTTAR PRADESH OFFICE

| | |
|---|---|
| VARANASHI | 09336939327 |
| VARANASHI | 0542-2454585 |
| MAUNATH BHANJAN | 09335015165 |

# તરસના કૂવાનું પ્રતિબિંબ

• વીનેશ અંતાણી •

સાંજ સુધી તો કશું જ નહોતું; પણ રાત પડતાં તો વાવડો નીકળ્યો અને શરીર પર રેતીના કણના પ્રહાર થવા લાગ્યા. રણની કાંધ ઉપર ચંદ્ર હજી તો ઊગ્યો જ હતો કે ક્ષિતિજ રેતીની આંધીથી ઘેરાઈ ગઈ અને ઉપરનું આકાશ રંગ બદલવા લાગ્યું. એણે ખાટલી ઉપરથી પગ ઊંચા લઈ લીધા. આખા દિવસની ધખધખતી લાય પછી વાવડો ગમતો હતો; પણ વાવડો ખેંચી લાવ્યો હતો તે રેતીનું તોફાન હવે દિવસો સુધી રહેવાનું હતું. હજી તો શરૂઆત હતી. સવાર પડતાં રેતીની દીવાલો ઊભી થઈ જશે અને સુસવાટા મારતો વાવડો પસાર થતો રહેશે.

એણે આજુબાજુના ભૂંગાઓમાં જોયું. નાનીનાની ચીમનીઓનો પ્રકાશ એકએક ભૂંગાને દ્વીપ બનાવી દેતો હતો. ભૂંગામાં ઊંચા, પડછંદ, દાઢીવાળા આદમીઓ, કાળા બુરખાવાળી ધોળી સ્ત્રીઓ અને ફક્ત ખમીસ પહેરીને ફર્યા કરતાં બાળકો ઠરી રહેલા ચૂલા સામે જોતાં આવતી કાલે નીકળી પડવાની ગમગીનીને ખોતરતાં હશે.

એણે બગાસું ખાધું. ખુલ્લા થયેલા મોઢામાં રેતી ઘૂસી ગઈ. ઉધરસ આવી. એક ઊંટ ગાંગરવા લાગ્યું. એ ઊભો થઈ ગયો. આ લોકોને કોઈ પણ રીતે નહીં સમજાવી શકાય! ઊંડો શ્વાસ લઈને દરેક ભૂંગા સાથે કાંટાની વાડથી વાળેલા વાડામાં ઊંચી ડોક કરીને રેતીની આંધીને સૂંઘતાં ઊંટોનાં કાળાં છાયચિત્રો જોયા કર્યા. એ ઊંટોની ડોક જંગલમાં ઊગી આવેલાં થડિયાંનો આભાસ ઊભો કરતી હતી. તે પોતાના ભૂંગામાં ગયો. અંદર જલી રહેલી ચીમનીને ફૂંક મારીને બુઝાવી દીધી. બહાર નીકળી આવ્યો અને ચાલવા માંડ્યું.

ચાલીસ-પચ્ચાસ ભૂંગાંઓ વસાવીને ઊભું થયેલું આ ગામ, લોકો એને વાંઢ કહેતા. રણની જમીન ઉપર ઊગી આવેલી વાંઢમાંની એક વાંઢ. વાંઢની બહાર બાવળ અને પીલુનાં ઝાડોની ઝાડી આવેલ હતી. દિવસે ઊંટ અહીં છૂટથી ચરતાં. છાતીની પાંસળીઓ ઉલેચીઉલેચીને ઊભાં કરેલાં ચાર-પાંચ નાનાંનાનાં ખેતરોમાં ડૂંડાં બેસતાં ત્યારે ડૂંડાંનો લીલો રંગ રણની આબોહવામાં આગંતુક લાગતો; પણ એ તો ક્યારેક જ. બાકી ખારાપાટ પર ઊગેલા ઘાસ પર લોકોનું પશુધન ઊછરે અને એના પર વાંઢના લોકોનો જીવનનિર્વાહ ચાલે. ગામની બહાર ખોદેલા ખૂંયરા (કૂવા) ઉપર માટીનો હવાડો બાંધેલો હતો; પણ છેલ્લાં ચાર વર્ષથી આવા ખૂંયરા, અરે ખુદ પાતાળ, પણ પાણી વિના ખાલી થઈ ગયાં હતાં. એ ફરતોફરતો સુક્કા તળાવની જમીન પર આવી ગયો. કરચલીવાળા ચહેરા જેવી તળાવની જમીન પર તરડ પડી ગઈ હતી.

અહીંથી પણ ભૂંગાં જોઈ શકાતાં હતાં. થોડા ભૂંગાની ચીમનીઓ બુઝાઈ ગઈ હતી. માત્ર ઓળા જ દેખાતા હતા. ચંદ્ર હજી પૂરેપૂરો રેતીમાં ઢંકાઈ ગયો નહોતો, પણ પાછલી રાતે નમ્યા પહેલાં જ ઢંકાઈ જશે. સૂરજ તો ઊગશે જ નહીં, દિવસો સુધી; છતાંયે સવાર તો પડશે જ. આવતી કાલની સવારે આખી વાંઢ ખાલી થઈ જશે. એને વેદના થઈ. કેટલાયે દિવસ સુધી એ બધાને રોકતો રહ્યો, સમજાવતો રહ્યો, પણ સતત ચાર વર્ષથી દિવસ રાતની જેમ હાલ્યા આવતા દુષ્કાળે ઊંચી કાયાવાળા આદમીઓની છાતી તોડી નાખી હતી. પાણી વિના બેહાલ પશુઓ તરફડી-તરફડીને મરી ગયાં હતાં. વાટ જોવાનું કહ્યું તો ગાળ ખાધી : 'વાટ તો, ભૂંડા ચાર વરસથી જોઈએ છીએ. તું જ કે' નથી જોતા?'

હા પાડવા સિવાય એની પાસે કોઈ જવાબ નહોતો.

'તું જ કે, ગુમાવ્યું એટલું રહ્યું છે બાકી?'

એણે ખાલી પડતા જતા વાડાઓ તરફ નજર ફેરવી હતી. છાતીમાં શ્વાસ ભરીને પૂછ્યું હતું, 'પણ ક્યાં જશો?'

થોડી વાર સુધી તો કોઈએ જવાબ નહોતો આપ્યો, પણ પછી કોઈક બોલ્યું હતું : 'સડક તો લાંબી છે. હાલ્યા જશું.'

એકઠા થયેલા બધા જ લોકોનાં સુકાઈ ગયેલાં જડબાંઓ પર સંમતિ દેખાતી હતી. હવે કોઈ ઉપાય નહોતો.

'પણ હું નહીં આવું.'

કોઈએ એની નોંધ ન લીધી.

'મરવું જ છે તો સડક પર મરવા કરતાં મારા ભૂંગામાં મરવું શું ખોટું છે?'

'પણ કરીશ શું અહીંયાં!'

'આટલાં વરસ શું કર્યું છે?'

એને ગમતું નહોતું. અહીંથી ચાલ્યા જવું વ્યવહારિક હતું, છતાંયે એને ગમતું નહોતું. આ જાણે પરાજય હતો. રણના આદમીઓની છાતી કુદરત તોડી જાય એ કેમ પોસાય?

'તું તો એકલો છે...મરી ગયો તોયે કોને ખોટ પડવાની છે...'

એને લાગ્યું કે આ આક્ષેપ હતો. એને ખોટી રીતે સમજવામાં

આવી રહ્યો હતો, પણ બોલવાનો અર્થ નહોતો.

આખા દિવસના ઉકળાટ પછી રણની રાત ઠંડી હિમ જેવી થઈ જાય. એ ઊભો રહ્યો. પોતાના ભૂંગા તરફ પાછો ચાલ્યો. ચારે તરફનું રણ અંધકાર અને રેતીમાં અટવાઈ ગયેલું, નિઃસ્તબ્ધ અને ભેંકાર લાગતું હતું. ચંદ્ર ઝાંખો થઈ ગયો હતો. વાવડો દર વર્ષે લાવતો એ આંધી લાવ્યો હતો.

ખાટલી પર પડ્યો. વાડામાં બાંધેલું ઊંટ એને આવેલો જોઈને ગાંગર્યું. એણે આંખ પર હથેળી દાબી દીધી. આંખ બળતી હતી. અંદર રેતીના કણ ખૂંચતા હતા. આ તોફાન હવે દિવસો સુધી ચાલશે દાઢી, વાળ, દાંત, નખ અને કાનમાં રેતીના કણ લટકવા માંડશે.

એ નાનો હતો ત્યારથી આવી આંધી જોઈ છે. ઊંટ લઈને સીમમાં ચરાવવા જતો ને આવા તોફાનમાં આખો દિવસ કાઢી નાખતો. તોફાન ખૂબ વધી જાય ત્યારે ઊંટો ગરદન લંબાવીને પડ્યા રહે અને એ એકાદ ઊંટના પેટની આડશે છુપાઈ જાય. રોટલા ખાવા કાઢે ત્યારે રેતી પણ ચવાય. અંધકાર, પવન અને રેતીની વચ્ચે સમય પસાર થતો ગયો ને એ મોટો થતો ગયો. એની સમજણમાં અને વધતી વયમાં રેતીનાં તોફાનોએ નવા અર્થ પ્રેર્યા. ગમે તેવા બપોરે ઊંટોને ચરતાં મૂકીને, બાવળના કે પીલુના એકાદ ઝાડ નીચે મોરચંગ કાઢીને એ વગાડવા માંડતો. ધીરે ધીરે લય બંધાતો જાય. મોરચંગના અવાજમાં એ બધું ભૂલી જાય. રેતી ઓકતો બપોર, લાંબાંલાંબાં શુષ્ક મેદાનોની એકલતા અને ઊંટોની આંખોમાં ઓગળ્યા કરતો સમય...બધું જ અદૃશ્ય થઈ જતું. પછી તો એ મોરચંગ બીજા માટે વગાડતો થઈ ગયો.

એ વર્ષે કોઈ વખતે નહોતું ચાલ્યું એટલું લાંબું તોફાન ચાલ્યું. લાંબી ડોક તાણીને રેતીની વણજાર વણથંભી પસાર થતી જ રહી. એ પીલુના થડની આડશે બેઠો રહેતો. બંધ આંખોમાં રેતી ખૂંચતી અને હાથ-હોઠોની વચ્ચે મોરચંગ દબાયેલું રહેતું. પણ એને ખબર હોય કે એના ખભા પર જે શ્વાસ સ્પર્શે છે તે કોઈ ઊંટનો શ્વાસ નથી. કણાની જેમ રેતી ખૂંચે છે તોયે બે પાંપણોની વચ્ચે બાવળની શૂળ ખોસીને ખુલ્લી આંખે એને કોઈ સાંભળતું.

આંખમાંથી ખારાં પાણી વહી જતાં અને એને સંભળાતું, 'હવે બસ કર, ભૂંડાં...મારાથી નથી સંભળાતું.'

એ અટકી જતો ને પૂછતો : 'થાકી ગઈ?'

'ના'. એ ડોકું ધુણાવતી અને એનાં લાંબાંલાંબાં ચાંદીનાં એરિંગ આંદોલિત થઈ ઊઠતાં. વાળમાં બાંધેલી ઘૂઘરી ઝણકી ઊઠતી, 'ના, થાકી નથી ગઈ. તારી આંખમાં રેલો તો જો...'

એ હસતો, 'આંખમાં કણાં ખૂંચ્યાં છે તે ખારાં પાણી તો કાઢશે જ ને!'

ને પછી એની આંખમાં તાકી રહેતો. એ શરમાઈને ડોક નીચે સંતાડતી.

''કે'ને...'' એ કહેતો.

'પણ શું કહું?' એ લાલ થઈ ગયેલી આંખ ઊંચી કરીને પૂછતી.

'આ અંદર કણાં ખૂંચે છે એનું કંઈક બોલ ને...' એનો છૂંદાયેલો હાથ એ પકડી લેતો.

ભરપૂર પુરુષનો ખડતલ સ્પર્શ અનુભવતી એ બોલતી, 'કણાં તો મારી આંખમાંયે ખૂંચ્યાં છે; પણ શું કરું? વાવડો બંધ થાય તો કણાંયે નીકળે.'

વાવડાની વાત પર એ હસતો, 'ગાંડી! વાવડો એમ બંધ ન થાય. વાવડા તો આપણી ભીંત છે. જોતી નથી, આ ભરબપોરે પણ મને અને તને કોઈ દેખી શકતું નથી...'

પછી તો વાવડો અટકતો, રેતીની દીવાલ ખસી જતી અને આકાશનો મટમેલો રંગ સાફ થઈ જતો. રાત દરમિયાન એકાએક બદલી ગયેલાં દૃશ્યોવાળી સાફ સવાર ઊગતી. આટલા દિવસોનું વેર લેતો હોય તેમ કાળઝાળ સૂરજ ગરમી ઝીંક્યે રાખતો. કબૂતર અને હોલાનાં ગળાં કૂજતાં રહેતાં. લૂ ઝીંકાતી રહેતી. સાંજ નમ્યે રણની કાંધ ઉપર ઠંડી રાત ઊતરી આવતી. રાતે પણ ખાટલામાં પડ્યો એ મોરચંગ વગાડતો. એને ખબર રહેતી કે થોડે દૂર આવેલા ભૂંગામાં એ પણ ખાટલો નાખીને પડી હશે ને એના કાન મોરચંગ પર મંડાયા હશે. ઘણીવાર દસ-બાર ભૂંગા દૂર એકાદ ઓળો ઊભો થતો દેખાતો ને પાછો ખાટલા પર પછડાઈ પડતો. રણની ઉનાળાની ઠંડી રાત આખાયે પટ પર છવાઈ જતી ને એ ધીરેધીરે સૂઈ જતો.

આ બધું થતું પણ વરસાદ ન આવતો. વાદળાં ઘેરાય, ચકલીઓ ધૂળમાં પાંખ ફેલાવીને નહાય, ઊંટ ગરદન ઊંચી કરીને હવાને સૂંઘે, પણ કશું જ ન થાય. ક્યારેક ઘેરાઈઘેરાઈને છાંટા પડી જાય ને આકાશ ખૂલી જાય.

'ફટ ભૂંડા! વરસતાંયે ન આવડ્યું?'

એને ખબર નહોતી કે એનું બોલવું કોઈ સાંભળી ગયું હશે. રેતીની વણજાર સાથે એક દિવસ એક અજાણી સાંઢણી એની વાંઢમાં આવીને એની મોરચંગની પ્રીતને ઉપાડીને ચાલી જતી દેખાઈ. એ જાણે કહેતી હતી : 'ફટ ભૂંડા! વરસતાં ન આવડ્યું તો આવડો ઘેરાયો કાં?'

એ બેબાકળો બનીને સફાળો જાગી ઊઠ્યો. આખું શરીર પરસેવાથી રેબઝેબ થઈ ગયું હતું. પાછલી રાતની નિઃસ્તબ્ધ શાંતિ હતી અને પડખેની ઝાડીમાંથી તમરાં બોલતાં હતાં. એને લાગ્યું, જાણે એક સાંઢણી હમણાં જ એની ખાટલી પાસેથી પસાર થઈ ગઈ હતી; પણ કશું જ નહોતું. વધી ગયેલા વાવડાના સુક્કા સુસવાટાની પેલે પાર બધું જ સંકેલાઈ ગયું હતું અને આછો ચંદ્ર ખારી જમીન નીચે ઊતરી જવાની તૈયારીમાં હતો.

એણે બીડી સળગાવી અને સળગતી બીડીના આછા લાલ પ્રકાશને તાકતો બેસી રહ્યો.

...સવારે આંખ ઊઘડી ત્યારે દિવસ ચડી ગયો હતો; પણ સૂર્ય નહોતો ઊગ્યો. કાનમાં જુદા જ પ્રકારની ચહલપહલના અવાજ સંભળાયા. એ બેઠો થઈ ગયો.

વાંઢના લોકો જવાની તૈયારી કરી રહ્યા હતા. જરૂરી વસ્તુઓ બહાર કાઢવામાં આવી રહી હતી. ઊંટો ગાંગરતાં હતાં. બે ત્રણ ઊંટને નીચે બેસાડીને એમના પર ખાટલી મૂકવામાં આવતી હતી. ખાટલાના પાયા સાથે ફાનસ, ખાલી માટલાં અને પોટલાં લટકાવવામાં આવી રહ્યાં હતાં. આદમીઓ એમની દાઢી નીચે છુપાયેલી ઉદાસીને અવાજમાં વ્યક્ત કર્યા વિના સતત બોલ્યે જતા હતા. કાળા બુરખા પહેરેલી સ્ત્રીઓ ભૂંગાંમાંથી અંદરબહાર આવજા કરતી હતી.

ચારે બાજુની પ્રવૃત્તિમાં એ નિષ્ક્રિય બેઠો હતો. વાડામાં જોયું તો એનું ઊંટ પણ બાવળ સાથે બંધાયેલું હતું અને આંખો બંધ કરીને જડબાં હલાવતું હતું.

આ ફેરાનો દુષ્કાળ ચટ્ટાન જેવી છાતીવાળા લોકોને પણ ભાંગી ગયો. એને લાગ્યું કે એ પરાજિત થઈ રહ્યો છે. કશુંક છટકી રહ્યું છે. અંદરથી વર્ષોથી ભોગવતો આવ્યો છે એ અધિકાર કોઈક છીનવી રહ્યું છે... અહીંથી જવું હોય તો જઈ શકાય... પણ ગયા પછી શું? એ સમજતો હતો, આખી વાંઢ ચાલી જશે પછી અહીં પણ શું રહેવાનું હતું? જડબાં ફાડીને તાકી રહેલા ભૂંગા... ઊંટના બરાડા અને ઊંચની ગંધ વિનાની હવા... રેતીનાં તોફાનો... વાડની સૂકી ડાળી પરથી વારંવાર ઊડી જતા હોલા... ધગધગતાં મેદાનો અને અંધારી રાતે ચીમનીના પ્રકાશ વિનાનાં ભૂંગાંઓના કાળાકાળા ઓળા... પાછલી રાતે કાંધ ઉપર ઝળૂંબી રહેલા ચંદ્રની એકલતા...

બધા ધીરે ધીરે ખસકી રહ્યા હતા. સીમમાં એકઠા થઈ ગયા હતા. એ પણ પાછળ ઘસડાયો. દૂર મરી ગયેલાં ઢોરોનાં હાડપિંજર પર કાગડા ઊડતા દેખાયા. પછી એ કાગડા સ્થિર થઈ ગયા અને ચાલીસ-પચાસ ઊંટો ચાલવાથી ઊડતી ધૂળ વાવડાની ધૂળમાં સમાઈ ગઈ...

એ બધાને સડક પર જવું હતું, ને સડક પર ગયા. ન ગયો માત્ર એ અને વાડામાં બાંધેલું એનું ઊંટ દેખાયું ત્યાં સુધી એણે જોયા કર્યું. ચારે બાજુ વાવડો, વાવડો ને વાવડો. રેતી, રેતી અને રેતી. વાળમાં હાથ ફેરવ્યો. ધૂળ ખરી.

મરી ગયેલાં ઢોરોનાં હાડપિંજરને સડતાં મૂકીને, પાણીની તરસથી સુકાતાં ગળાંવાળાં છોકરાંઓને ઊંટ ઉપર બાંધેલી ખાટલી પર બેસાડીને બધાં ચાલ્યાં ગયાં હતાં. ન ગયો માત્ર એ. એનો કોઈ અર્થ નથી, એણે કહ્યું હતું. છતાં પણ બધા ગયા હતા. જઈ તો એ પણ શક્યો હોત, તરસ તો એના ગળામાંયે કાંકરીની જેમ ખૂંચતી હતી. રાહતકામોની મજૂરી કરી કરીને છાતી તો એની પણ તૂટી ગઈ હતી, છતાંયે એ નહોતો ગયો. જવાનું ક્યાં હતું?

એણે એક ઊંડો શ્વાસ લીધો. એના બધા જ પ્રશ્નો નિરુત્તર રહી જવા જ પુછાયા હતા. સામે એક સડક હતી - થોડે દૂર સુધી દેખાઈને પછી અજાણી દિશામાં તૂટી પડતી સડક.

પાછળ વાંઢ હતી, ખાલી ભેંકાર ઉજ્જડ...આ ભૂંગાં, આ ખાલી તળાવ, પીલુનાં ઝાડ, બાવળના કાંટાળા પડછાયા, ઉનાળાના ધખધખતા બપોર અને ટાઢી હિમ જેવી રાતો...

હું નહીં આવું...પડઘા પડ્યા. શાંતિમાં ઝીણુંઝીણું મોરચંગ વાગતું હતું અને એક સાંઢણી દૂર ને દૂર દોડતી જતી હતી. બધું જ સમાપ્ત થઈ ગયું હતું.

ખોબો ભરીને રેતી એની આંખમાં ઉલેચાઈ ત્યારે એને ભાન આવ્યું કે સામે વાવડો ઊભો છે. એના ગળામાં સુક્કા પડઘા પડતા હતા. ફેફસાંની જાળીમાં આ મોસમનું સમગ્ર તોફાન ભરાઈ બેઠું હતું. નસેનસમાં દૂર ચાલ્યા ગયેલાં ઊંટોના પગની ગાદીઓનો થપ્પથપ્પ અવાજ પડઘાતો હતો. હાડપિંજરોને ખોતરતા કાગડા એમની ચામડીમાં ચાંચ ભરાવતા હતા. પગમાં બધા જ બાવળની શૂળો ભોંકાતી હતી. આકાશ રેતીથી ઘેરાયું હતું.

'ઘેરાવું હતું તો, ભૂંડા, રેતી બનીને કાં ઘેરાયો...' એ જોરથી બોલી ઊઠ્યો.

ફાટેલી આંખે એ પાછો ફર્યો. પરસેવા પર રેતી ચોંટતી હતી. આંખમાંથી ખારાં પાણી નીકળતાં હતાં. કણાં લાગ્યાં છે ને...વાંઢના દરેકેદરેક ખાલી ભૂંગામાં એ જઈ આવ્યો. એ દોડ્યો પોતાના ભૂંગા પાસે આવ્યો. વેરાન નિઃસ્તબ્ધતામાં એણે એક અવાજ સાંભળ્યો. વાડામાં એનું ઊંટ ગાંગરતું હતું. ક્ષણવાર એ થંભી ગયો. ફાટેલી આંખે ઊંટને જોતો રહ્યો. પછી એ ભૂંગામાં ગયો. પાછો બહાર આવ્યો ત્યારે એના હાથમાં કુહાડી હતી. ઝાંપો ખોલીને તે વાડામાં ગયો. એને નજીક આવતો જોઈને ઊંટે ગરદન હલાવી અને ગાંગરવા માંડ્યું. આંખ બંધ કરીને એણે જોરથી ઊંટની ડોક પર કુહાડીનો ઘા કર્યો. ઊંટનો અવાજ અવરોધાઈ ગયો. બાળપૂર્વક કુહાડી પાછી ખેંચીને એણે ફરીથી ચારપાંચ ઘા કર્યા. ઊંટ નીચે ઢળી પડ્યું. એના લાંબા પગ તરફડિયાં મારતા હતા. કપાયેલા શરીરમાંથી લોહી વહેતું હતું. થોડીવારે ઊંટના પગ શાંત થઈ ગયા અને આખું શરીર લંબાઈને ઢળી પડ્યું.

એણે પોતાના તંગ થઈ ગયેલા શરીરને ઢીલું કર્યું અને બળપૂર્વક પકડેલી કુહાડી ફેંકી દીધી. ઊંટની નજીક ગયો. નીચે નમ્યો ને ઊંટની ખુલ્લી રહી ગયેલી આંખમાં તાકવા માંડ્યું. એ છળી ઊઠ્યો. મરી ગયેલી નિશ્ચેતન બે આંખો જાણે તરસના ઊંડા કૂવા હતી અને એ કૂવામાં એનું પોતાનું જ પ્રતિબિંબ દેખાઈ રહ્યું હતું... ■

# રેતનાં ફૂલ

• ગૌતમ શર્મા •

'રામસંગ!'

'સાહેબ...!'

'ગાડી બડા ચક્કરમાં જ લે.'

'ખૂબ કહી.' બોલીને આનંદમાં આવી જઈ રામસંગે જીપની ગતિ વધારી મૂકી.

આજ શુક્રવાર હતો. છોટા ચક્કરમાં જ જવાનું હતું પરંતુ પૂનમ પણ આજે જ હતી. ઉપર અને નીચે ચોતરફ પ્રકાશ ફેલાયેલો પડ્યો હતો. વાદળ વિનાના આકાશમાં ચાંદની નિષ્કંટક ફેલાઈ રહી હતી. એમ જ સપાટ, વેરાન, સુક્કા રણના રેતાળ પટ પર જ્યાં લગી નજર પહોંચે ત્યાં લગી ચંદ્રનાં કિરણો પથરાયેલાં પડ્યાં હતાં. ક્યાંય ઝાડ, ઝાંખરાં, ઘર, મકાન... કશી જ આડખીલી ન હતી.

સરસરાટ કરતી જીપ પોતાના નિયત ચકરાવામાં દોડ્યે જતી હતી. બેલાના ઉજ્જડ રણકંઠાર પર માઈલો લગી પથરાયેલા પાકિસ્તાનની સરહદ પરના મારા કસ્ટમ આઉટ-પોસ્ટની પેટ્રોલિંગની આ રાત હતી. છોટા ચક્કર એટલે અઢી કલાકની રામસંગની બેફિકર ઝડપી ડ્રાઈવિંગમાં પૂરું થતું ચક્કર; બડા ચક્કરમાં તો ખાસ્સા પાંચ કલાક લાગી જતા અને બેલા આઉટપોસ્ટની માઈલો લગી લંબાયેલી સરહદી પટ્ટી પરનું ચક્કર પૂરું થતું.

ધીરેધીરે જીપ ઝડપ પકડવા મંડી અને પછી એ ઝડપે એકધારું સ્થિર સ્વરૂપ પકડ્યું. મેં પગ લંબાવી સીટ પર પીઠ ઢાળીને શરીર ઢીલું કર્યું. બાજુની સીટ પર લટકતી મારી રિવૉલ્વર ઝોલાં ખાઈ રહી. સુક્કા પટ પર પથરાયેલી રેતીના કણેકણ જીપના કાચમાંથી ધસમસતા આવતા મારી સોંસરવા જાણે પસાર થઈ જતા હતા. ઝડપથી ઘસડાયે જતા મારા નિષ્ક્રિય શરીરમાં જાણે દૂધે ધોયેલા ઘુમરાતા વાતાવરણે ધીમેધીમે તૃપ્તિ આણવા માંડી. હું અર્ધમીંચી આંખે પડ્યો રહ્યો.

'સાહેબ!'

'હં...'

'રતન કહેતી હતી...'

નાળિયેર-શી, રુક્ષ આવરણ નીચે, રામસંગના હૈયાની કુમાશ ધરબાયેલી પડી હતી, જેમાં રતનની વાતોનું અમી સદા લહેરાયા કરતું અને આવી વિરલ, માદક ક્ષણોએ બધાં આવરણોને તોડીફોડી બહાર ફૂટી નીકળતું.

રતન અને રામસંગની ગુફ્તેગો મેં રામસંગને મોંએ આમ કેટલીયે વાર સાંભળી હતી, તેથી કંઈક બાલિશ છતાં સુંદર વાત સાંભળવા મળશે એમ ધારી મેં કાન માંડ્યાં.

'રતન કહેતી હતી, સાહેબ!' રામસંગે સ્ટીયરિંગ વ્હીલ પર પોતાના હાથ ટેકવી કહેવા માંડ્યુ : 'કે ભૂંડા! રણની રેતીના રૂપની તમને શું ખબર પડે? તમે તો રણ ખૂંદી જાણો, વગડો વટાવી જાણો; પણ એની ગોદમાં રમવાનું કોઈ દી મન થયું છે?'

પવનની એક જોરદાર ઝપટ આવી. હું આંખમાં પડેલી કાંકરી કાઢવા મથામણ કરવા લાગ્યો. રામસંગ હસી પડ્યો.

'સાહેબ, આ ધૂળ નથી હોં, રેતી છે. આંખમાંથી કણી નીકળે એ જોજો, સફેદ અને પાસાદાર હશે.'

હું નવાઈ પામી રામસંગ સામે જોઈ રહ્યો.

'હા, સાહેબ! આ રણકાંધાને આટલા પ્રેમથી, આટલી ઝીણવટથી મને રતને જોતાં શિખવાડ્યું છે. એ તો કહે કે તમને રણમાં પવન વાતો જણાશે, ડુમરી ઊડતી લાગશે. પાણી વગરની વેરાન અને ભરખી જનારી મોતચૂડ દેખાશે, ધગધગતા બપોરની કલ્પનામાં તમે શેકાઈ જશો; પણ રણ વચ્ચે કોઈ દી રાત કાઢો તો એની રેતીની શીતળતાનો ખ્યાલ આવે, વહેલી પરોઢે વરસતી ઝાકળનો ખ્યાલ આવે. જૂગજૂની તરસથી રેતીના કણેકણને આ ઝાકળને પોતાનામાં ચૂસી લેતા કદી જોયા છે? એ જુઓ તો તમને રેતીના સફેદ કણોની ગરમી ઝીલવાની તાકાતની ખબર પડે! એ જુઓ તો તમને આ રણકાંધાનાં માનવીઓનાં હૈયાંના ખમીરની ઝાંખી થાય.'

'રામસંગ, રતન ઘેલી છે.'

'સાહેબ! મનેય ઘણીવાર એમ લાગે છે; પણ ઘણી વાર એની વાત સાચીયે લાગે છે. એ જે ધરતીના પટ પર જન્મી છે એનું ધાવણ એને ભાવી ગયું છે. ધરતીનો પ્યાર અને આવાઆવા તુક્કા એનો બારોટ બાપ એને વારસામાં આપી ગયો છે.'

'પણ એને રણની ભયંકરતાનો ખ્યાલ નથી.'

'સાહેબ, ભૂલ ન કરતી રતન તો રણને ખોળે જ ઊછરી છે. એનો ખૂણેખૂણો એણે ખૂંદ્યો છે. હું પણ નહિ જાણતો હોઉં એટલી એ આ પટને જાણે છે. એ તો કહે છે કે આ તો મરજીવાની ભોમ છે - જેનામાં રણની રેતીના કણો જેટલું ખમીર ન હોય તે આ મુલકમાં રહી ન શકે. રણનો વેરાન પટ જે જીરવી શકે એ જ જીરવે.'

મેં બહાર નજર કરી. ઉઘાડો ચંદ્ર અમારી સાથે સાથે દોડી

રહ્યો હતો. ચોગરદમ લંબગોળ ક્ષિતિજ સુધી પૂર્ણ પ્રકાશમાં ચાંદની આળોટી રહી હતી. રણની ભેંકાર નિર્જનતા અને બુંદેબુંદ માટે તરસાવી મારનારી ક્રૂરતાનો ઓછાયો હજુયે મનના ખૂણામાં રમ્યા કરતો હતો; છતાં એ ભયને બે પલ દૂર ખસેડી આ વિરાટ રમણીયતા માણી લેવાનું તો દિલ થતું જ હતું. હું કહું તે પહેલાં રામસંગે ગાડીને રોકી દીધી હતી.

'જુઓ તો ખરા, સાહેબ! એ...ય ને લાંબે સુધી આકાશને ધરતીનો પટ પથરાયેલો પડ્યો છે અને ચારેબાજુ ચાંદની...બસ ચાંદની જ રેલાયેલી પડી છે. જાણે એમ થાય છે કે વહાલભરી જનેતાના ખોળામાં, બસ, લાંબે સુધી આળોટ્યા જ કરીએ. આપણી ગાડીમાં બેસીને એમ જ આપણે આળોટ્યા જઈએ છીએ ને!'

હું હસ્યો. આખરે રામસંગ પણ આ જ મુલકની પેદાશ ને! બારોટનો દીકરોય ખરો!

'અને, સાહેબ! જ્યારે ચોમાસું જામતું હશે ત્યારે કેવો દેખાવ થતો હશે અહીં?'

રામસંગના આ શબ્દોએ હું વિચારઝોલે ચડ્યો.

ઘનઘોર આકાશમાંથી રણપ્રદેશ પર તૂટી પડતા અનરાધાર વરસાદની તો કલ્પના જ કરવાની રહી. બેમર્યાદ રેતીના પથારા પર તડ...તડ...તડ... વરસાદની રમઝટ બોલતી હશે ત્યારે કુદરતના એ અદ્‌ભુત નૃત્ય સાથે કદમ મિલાવવાની કોઈ આદમના બેટાની તો તાકાત નહીં જ હોય! માત્ર રેતીનો પ્રત્યેક કણ જેમ અકળાવતા સૂરજની અસહ્ય ગરમી પી જતો હશે તેમ આવા ધોધમાર વરસાદને પણ શાંતિથી, સ્વસ્થતાથી પી જતો હશે. રણનું તળિયા વિનાનું પેટ, વરસાદનું પાણી ચુસાય એટલું ચૂસીને બાકીના પાણીમાં પોતાના પેટાળમાં ગરમી, સંતાપ અને ઝેર ભેળવી રણમાં ખારા પાણીનો પટ છલકાવી દેતું હશે!

'આ...હા...સાહેબ! શું સોનું વરસી રહ્યું છે!'

'હા, જકાત વગરનું!' મેં ટાપશી પૂરી.

રામસંગ રંગમાં આવતો જતો હતો. મને બીક હતી કે લોકકક્ષાનું કોઈ પૃષ્ઠ ખોળી લાવીને એ પોતાના બુલંદ કંઠે દોહા લલકારવા લાગશે; પણ હું મારા મનને વધારે બહેકાવવા નહોતો માગતો. જાણીજોઈને હું પાછો વળતો - હંમેશાં.

'જો, દૂર કંઈ ઝાંખરાં જેવું જણાય છે ત્યાં લગી ફરી આવીએ.'

ગાડીની ઝડપ વધી. આંખમાં પેસી ગયેલ રેતીનો કણ હજુ બહાર નહોતો નીકળ્યો. ધીમેથી મેં આંગળી ફેરવી. અનાયાસે કણી બહાર આવી. સફેદ, અર્ધપારદર્શક, પાસાદાર એ કણને હું જોઈ રહ્યો.

'જુઓ, સાહેબ!' રામસંગે ગાડી ઊભી રાખી. એક નાના શા ટેકરા પર જંગલી વનસ્પતિ આડેધડ ઊગી નીકળી હતી. ઝાંખરાં વચ્ચે થોર જેવાં કૂંડલાં ઊભાં હતા, જેના પર વગડાઉ ફૂલ ફૂટી નીકળ્યાં હતાં. એક ફૂલ રામસંગે તોડ્યું.

'સાહેબ! આ રણકાંધાનું ફૂલ - કઠણ, કડક પાંદડીઓવાળું, વાસ વગરનું આ ફૂલ જલદી ખીલતું નથી, જલદી કરમાતું નથી!'

મેં એ ફૂલને મારી રિવૉલ્વરના પાકીટના બટનમાં ભેરવ્યું, ફૂલ અને રિવૉલ્વર! પણ આ રણકંઠારના ફૂલને એની નાનપ ન હતી. એ તો ઉન્નત મસ્તકે મારી સામે જોઈ રહી હસી રહ્યું હતું. મારા હથિયારની વિનાશકને જાણે નવું સૌંદર્ય સાંપડ્યું!

'ચાલો, રામસંગ!' બીજું ફૂલ ચૂંટતા રામસંગને મેં તાકીદ કરી.

અને પાછા ફરતાં આકાશની મધ્યમાં આવી ગયેલા ચંદ્રે મને મૂંગો કરી દીધો. મને ઊંડા વિચારમાં ગરકાવ જોઈ રામસંગ પણ કશું બોલ્યા વિના ગાડી દોડાવ્યે જતો હતો. રેતીના કણો અને સમયની ક્ષણો મારી આંખ સામેથી પસાર થઈ રહ્યાં હતાં. આકાશના ખૂણેખૂણામાં પીળો પ્રકાશ વરસી રહ્યો હતો... સતત બેમર્યાદપણે... બેરહમપણે... દિલમાં કોઈ અદીઠ અકળામણ થઈ રહી હતી.

ધરડડડ...ગાડી સહેજ ચીલા બહાર જતી હોય એવું લાગ્યું. મેં જોયું તો રામસંગની આંખ ઘેરાતી હતી.

'રામસંગ! હવે ગાડી મને ચલાવવા દે.'

'ના, સાહેબ! હવે તો થોડો જ રસ્તો છે. હજી બે-ચાર ચીલા એવા આવે છે કે બેમાંથી સાચો રસ્તો પારખવો આપને માટે પણ મુશ્કેલ છે...પણ, સાહેબ! તમે જરા આંખ મિંચો. કલાકેકમાં તો આપણે પહોંચી જઈશું.'

મેં શરીર લાંબું કરી, સીટ પર માથું ઢાળી આંખો મિંચી દીધી.

આંખો ખોલી ત્યારે અમે આવી પહોંચ્યા હતા. ઘડિયાળમાં જોયું તો ત્રણ વાગ્યા હતા. ઘરના નીચેના એક ઓરડામાંથી રતનની માની ઉધરસનો અવાજ આવતો હતો. ઓરડાના ઉંબર પર જ રતન ઊભી હતી. એના હાથમાં લાલટેન હતું. લાલટેનના પીળા મેલા અજવાળામાં એનો ચહેરો ચમકી રહ્યો હતો. ઊંઘે ઘેરાયેલી મારી નજરોને લાગ્યું કે જાણે રેતીનો ઢગલો સળગી રહ્યો છે. રામસંગે પોતાની ઓરડી તરફ તથા મેં દાદરા તરફ પગ વાળ્યા.

'ગરમાગરમ રોટલા ખાવા તમારા નસીબમાં જ નથી.' રામસંગની પીઠ તરફ ઠપકાભરી નજર કરતાં રતન બોલી.

'સાહેબ! કપડાં બદલી લ્યો, ત્યાં જમવાનું આવે છે.' રામસંગે પોતાની ઓરડીની સાંકળ ખોલતાં કહ્યું.

દાદર ચડતાંચડતાં રિવૉલ્વરના પટ્ટાને ખભા પર સેરવતાં મારી નજર પેલા ફૂલ પર પડી. આંગણામાંથી નજરે પડતા આકાશના ટુકડામાંથી ચંદ્રકિરણો એ ફૂલ પર પડતાં હતાં. ફૂલ પણ એ સોનેરી પ્રકાશમાં ચમકી રહ્યું હતું - લાલટેનના પ્રકાશમાં

સળગતા રતનના વાળની જેમ જ!

'ના...મારે જમવું નથી. ભૂખ નથી.' અચાનક મારાથી બોલી જવાયું અને હું સપાટાબંધ દાદર ચડી ગયો.

કપડાં બદલતાં મને તૂટક અવાજો સંભળાવા લાગ્યા

'આ...ફૂલ! હં! થોરિયે ટીંબે ગ્યા'તા'

'સાચું કહું છું, રતન! પૂનમથી પેટ ભરાઈ ગયું છે.'

'ગાંડા, એમ કંઈ ભૂખ ભાંગતી હશે?'

અને થાકેલા શરીરને મેં બિછાના પર નાખ્યું.

બીજે દિવસે ઊઠ્યો ત્યારે અગિયાર વાગી ગયા હતા. આજ તો ફરજિયાત આરામનો દિવસ હતો. બડા ચક્કરની રખડપટ્ટી પછી બીજો દિવસ અને રાત આરામ ન લેવાય તો અંગેઅંગમાં કળતર થવા માંડતી. આ પ્રદેશના કેટલાક નિયમો પાળવા આવશ્યક જ હતા. શરીરે દાઝી જવાય એવા પાણીથી નાહતી વખતે રૂંવાડાંમાં પેસી જતા ઝીણા રજકણોને ઘસી ઘસીને કાઢવા પડતા અને તેની સાથે જ શરીરના સ્નાયુઓને સ્ફૂર્તિ મળતી.

સલામ કરતા રામસંગના હાથમાંથી ગરમાગરમ કૉફીનો કપ મેં લીધો.

'સાહેબ, આજ તો હવે આરામ કરો.'

'અને તું?'

'મારે હજી ગાડી સાફ કરવી છે.' કહી એ નીચે ઉતરી ગયો.

થોડી વારે ગાડીના મશીનની ઘરઘરાટી સંભળાવા લાગી. મેં ગોખમાંથી જોયું તો મારા સિવાય બધા જ કામે લાગી ગયા હતા. ગાડી નીચે પડ્યોપડ્યો રામસંગ કશી માથાકૂટ કર્યા કરતો હતો. નીચેની ઓરડીઓમાંથી રતનની મા કચરો વાળતી હતી. રતન કપડાં ધોવા ગઈ હોય એમ લાગતું હતું.

આ મુલકની આ ખાસિયત છે. દિવસ ઊગતાં તમે કામમાં ગૂંથાઈ જાઓ, નહિ તો આળસ તમને ખાઈ જાય, વેરાન તમને ભરખી જાય. તમારાથી પછી કામ ન થાય. તમને પછી રાત્રે ઊંઘ ન આવે. ઝીણા રજકણો તમારાં રૂંવાડાંમાં પેસી જઈ ભરડો લે અને કળતર થવા માંડે. દિવસના આરામ કરો તો રાત તમારી વેરણ બને. રાતની ઊંઘ મેળવવા અહીં દિવસે શ્રમ કરવો પડે છે. અહીં આરામને બદલે ઊંઘ નથી વેચાતી, શારીરિક શ્રમને બદલે ઊંઘ મળે છે; છતાં આજે મારો આરામનો દિવસ હતો. બડા ચક્કરને બીજે દિવસે આરામ કરવો જ જોઈએ, નહિતર ડ્રાઈવિંગ ન થાય; પગે ગોટલા ચડી આવે. નાછૂટકે મેં આરામખુરશીમાં પડતું મૂક્યું. ટેબલ પરથી એક અંગ્રેજી પુસ્તક ઉપાડી નિરર્થક પાનાં ફેરવવા લાગ્યો.

આજ પવન જોરથી ફૂંકાતો હતો અને વારંવાર દિશા બદલતો હતો. આકાશ ધૂંધળું થઈ ગયું હતું. તેમાં ધીરેધીરે સૂર્યની ગરમી ઉમેરાતી જતી હતી. ચામતી ચીકણી થતી જતી હતી અને તેના પર બારીક રજની જાણે ખરેરી કરતી હતી. હા, આ મારી દુનિયા હતી - ઉજ્જડ, વેરાન, કઠણ, ક્રુર!

નીચેથી ધુમાડો આવી રહ્યો હતો. સાથે રંધાતા અનાજની વાસ પણ આવતી હતી. પેટમાં ધીરેધીરે ભૂખ ઊઘડતી હતી.

કશોક અવાજ થતાં મેં જોયું તો રતન જમવાની થાળી લઈને મેડીમાં દાખલ થતી હતી. મારી સામે ટિપાઈ પર એણે થાળી ગોઠવી. ખારા પાણી અને અરીઠા વડે ધોયેલા એના ભૂખરા વાળ પવનમાં ઊડી રહ્યા હતા. આંખ આડે આવતા વાળને કાન પાછળ ચડાવતી એ મારી સામે જોઈ હસી પડી સ્વસ્થ, ખુલ્લું, નિર્ભીક હાસ્ય!

રતૂમડા એના ચહેરા પર તાજા સ્નાને સફેદ ઝાંય આપી દીધી હતી. ભૂખરા સુંવાળા વાળ પવનમાં ઊડાઊડ કરી રહ્યા હતા. પહોળી ભૂરી આંખોની માંજરી કીકીઓમાં રણના કણેકણની ચમક ઝગારા મારી રહી હતી.

'ઓ...હો, સાહેબ! આજ તો કંઈ વા ઊપડ્યો છે ને! ચારે બાજુ રેતી ચક્કર લઈ રહી છે ને માથે ગરમી વરસી રહી છે. આવી લૂમાં કોના દી ઊઠ્યા છે કે આ બાજુ ઢૂંકે?'

હું હસી પડ્યો.

'તે દિવસેય આવો જ વંટોળિયો હતો, રતન!' મેં થાળીને નજદીક ખેંચતાં કહ્યું.

'પણ તે દી, સાહેબ! તમે ન હોત તો આ રામસંગ જીવતો પાછો વળ્યો ન હોત.' મેડીમાં દાખલ થતો રામસંગ બોલી ઊઠ્યો. મોબિલથી ખરડાયેલા એના હાથમાં ગાડીની ચાવી હતી. તેણે ચાવી ટેબલ પર મૂકી.

તે દિવસ આઉટ-પોસ્ટના સરકારી ઊંટનો પગ છૂટ કરાવવા રામસંગ નીકળ્યો હતો. વળતા બપોરના સ્તબ્ધ વાતાવરણમાં આમ જ હું મારા ખાણાની રાહ જોઈ રહ્યો હતો. આમ જ થાળી લઈને રતન મેડીમાં દાખલ થતી હતી. અચાનક સુસવાતા પવન વચ્ચે દૂર...દૂર એક ધડાકો. સંભળાયો રતન અચાનક થંભી ગઈ.

'સાહેબ...'

એનું બોલવાનું પૂરું થાય તે પહેલાં એક છલાંગે ટેબલ પરથી રિવૉલ્વર ને કારતૂસનો પટ્ટો ઉપાડી, સરસરાટ નીચે ઊતરી, જીપને રેતીના ગોટા વચ્ચે મેં મારી મૂકી હતી. પલભર તો મને લાગ્યું હતું કે મેં સાચી દિશા નહોતી પકડી; પણ ફરીથી એક ધડાકો સંભળાયો અને અવાજની દિશામાં મેં જીપ મારી મૂકી. રામસંગ હથિયાર વિનાનો હતો. થોડી વારે રજભર્યા ધૂંધળા વાતાવરણમાં ત્રણ-ચાર ઊંટ-સવારોના ઓળા દેખાયા. અને મેં હવામાં ગોળીબાર કર્યો અને ગાડીનું હોર્ન કર્યું. દાણચોરો સમજી ગયા કે વહાર આવી છે. એમણે પોતાનાં ઊંટો મારી મૂક્યાં. કેટલેય સુધી મેં એમનો પીછો પકડ્યો પછી પાછળ પાછળ ધસમસતા આવતા રામસંગના ઊંટને જોઈ હું પાછો ફર્યો. રામસંગ કે ઊંટને કશી જ ઈજા નહોતી થઈ એટલું મારે માટે

ગનીમત હતું.

"લે, હાલ, હવે પાણી ગરમ કરી દે, ના'વા સારું." રામસંગે રતન તરફ ફરીને કહ્યું.

'તે તારી નોકરી મંડાવી હશેને?' રતને એના તરફ આંખ ઉલાળતાં કહ્યું. એની આંખમાં બહાર ચક્કર લેતા વંટોળિયાની છબી ઊપસી આવી હતી.

'તે, સાહેબ સારુ કેમ કરશ, ત્યારે?'

— પણ દાદર તરફ વળતાં રતનથીયે જવાબ વાળ્યા વિના ન રહેવાયું :

'ઈ તો તારા સાહેબ ઈ મારાય સાહેબ ને!' કહી એ ધડધડાટ દાદરો ઊતરી ગઈ.

કોળિયો ભરતાં ભરતાં હું પણ હસી પડ્યો.

જમીને પથારી પર આડો પડ્યો. બારી બંધ કરવાથી ગરમીથી બફાઈ જવાય તેમ હતું; ખુલ્લી રાખવાથી લૂની ઝાપટો પર ઝાપટો આવતી હતી. છેવટ લૂની ઝાપટો સહન કરતાં કરતાં હું ઊંઘમાં સરી પડ્યો.

જાગ્યો ત્યારે સૂર્ય આથમવાની તૈયારીમાં હતો. મેડીને એક ખૂણે મારી બંદૂક રામસંગ સાફ કરી રહ્યો હતો. ટેબલ પર ટપાલ, છાપું વગેરે પડ્યું હતું. હાથ-મોં ધોઈ, કૉફી પી હું ટપાલ વાંચવા લાગ્યો. રામસંગ ધીરેથી નીચે ઊતરી ગયો. હંમેશાં ટપાલ લખવા-વાંચવા સમયે હું એકાંત પસંદ કરતો. ટપાલ વાંચી, બે-ચાર કાગળોના જવાબો લખી હું પેપર વાંચવામાં પડ્યો.

અચાનક અંધારું ઊતરી પડ્યું. અહીં આમ જ થાય છે. દિવસ રાતમાં અચાનક જ ફેરવાઈ જાય છે. ટેબલ-લેમ્પ સળગાવી આરામખુરશી પર પડી હું વિચારે ચડ્યો.

ફરી એ જ પગરવે મને તંદ્રામાંથી જગાડ્યો. ટિપાઈ પર થાળી રાખતાં રાખતાં ટેબલ-લૅમ્પના અજવાળામાં રતને મારી રિવૉલ્વરના પાકીટના બટનમાં ભેરવેલા ફૂલ સામે જોયું. એ સહેજ હસી રહી. એના સ્વચ્છ, સફેદ એકસરખા દાંતની હારમાળા લાલચટક હોઠ વચ્ચેથી ડોકાઈ રહી હતી. એ હાસ્યમાં તાજગી હતી, રણ પર ઊતરતી રાતની ઝાકળભરી મદહોશ ભીનાશ હતી. એ પાછી ફરી. એના અંબોડામાં એવું જ એક ફૂલ ભેરવાયેલું હતું. મને થયું કે હુંયે મારું ફૂલ એ ભૂખરા વાળના સુંવાળા જથ્થામાં ભેરવી દઉં. મારાથી એક નિઃશ્વાસ નખાઈ ગયો.

જમ્યા બાદ વાંચતાં વાચતાં મારી આંખ ઘેરાવા લાગી. ઘણી વારે ઝબકી જાગ્યો ત્યારે જોયું તો બાર વાગી ગયા હતા. હવે ઊંઘ આવે તેમ ન હતી, કારણ કે આખો દિવસ આરામ પામેલા શરીરને નિદ્રા મળી શકે તેમ ન હતી. ગોખ પાસે ઊભા રહીને મેં જોયું તો આંગણામાં ચાંદની રેલાઈ રહી હતી. નીચે એક બાજુ એક ખાટલામાં રામસંગ સૂતો હતો - પોતાના આખા દિવસના શ્રમને બદલે મળેલી ઊંઘ ભોગવતો. બીજે છેડે એક ખાટલામાં સૂતી હતી રતન. ચાંદનીમાં થીજેલું યૌવન જાણે ખાટલા પર પથરાયેલું પડ્યું હતું.

દિલમાં ન જાણે કશોક ખટકો થતો હતો. બહાર ચાંદની ફેલાઈ રહી હતી. રણમાં આ ચાંદની માઈલો લગી વરસ્યા જ કરતી હશે. હવે બિછાનામાં પાસાં ઘસ્યા કરવાનો કશો અર્થ ન હતો. ટેબલ પરની ગાડીની ચાવી ઉપાડી મેં હાથમાં રમાડવા માંડી. પેલું ફૂલ મારી સામે તાકી રહ્યું - થોરિયો ટીંબો!

આજે તો એકલો ચક્કર મારી આવું, એવી કંઈક ઇચ્છા મનમાં આકાર લેવા લાગી. ટેવાયેલા હાથોએ રિવૉલ્વરનો પટ્ટો ખભે ભેરવી દીધો. પેલું ફૂલ અચાનક મારા હાથમાં આવી ગયું.

અન્યમનસ્ક-ભાવે હું નીચે ઊતર્યો.

દાદર નજદીક જ રતનનો ખાટલો હતો. યૌવનપુષ્ટ અવયવોમઢિત સૌંદર્ય પરિશ્રમિત નિદ્રામાં ગલોફાયેલું પડ્યું હતું. માંસલ ગોરા હાથ પર એક બાજુ ઢળેલું એનું મસ્તક ચાંદનીમાં નાહી રહ્યું હતું. ભૂખરા વાળના સાપ-શા સુંવાળા વળાંકભર્યા અંબોડામાં એક ફૂલ ડોકાઈ રહ્યું હતું.

મેં ધીરેથી નીચે નમી એ ફૂલની બાજુમાં જ મારા હાથમાંનું ફૂલ રાખી દીધું. એમ કરતાં એ ભૂખરા વાળની સુંવાળપ મારાં ટેરવાંને ચોટી રહી. મારા હાથ અટકી ગયા. નાજુક વળાંક લેતાં ભવાં નીચે રતનની આંખોનું ચેતન અત્યારે આરામ લેતું હતું. તીખા સીધા નાકની ધારદાર અણી એના યૌવનને તાજગી અને ખુમારી બક્ષી રહી હતી. અર્ધખુલ્લા લાલ હોઠ મારી નજરને ભરી દેતા પૂર્ણ તંદુરસ્તીભર્યા લોહીના રંગે રંગાયેલા મરકી રહ્યા હતા.

દિલના એક ખૂણામાં ધરબાયેલું દર્દ ફરી જાગ્રત થયું અને મારાથી નિઃશ્વાસ નંખાઈ ગયો.

રતને આંખો ખોલી. માંજરી પાંપણોની લાંબી અણીઓ બે ઘડી નાચી રહી, પાછી સ્થિર થઈ. એની રેતરંગી ભૂરી કીકીઓ મારી સામે તાકી રહી. એ કીકીઓનાં અંદરનાં કૂંડાળામાં ચંદ્રનાં કિરણોની ભૂક્કી અંજાઈ ગઈ હતી. એ આંખના ઊંડાણને હું જોઈ રહ્યો.

કશા પણ ભાવ વિના રતન મને જોઈ રહી, જોઈ જ રહી. હું પણ સ્તબ્ધ બની એ આંખમાં છુપાયેલા શાંત તોફાનને નીરખી રહ્યો.

અચાનક હું કશું સમજું તે પહેલાં એ આંખમાં ચમક આવી. હું કશું જાણું તે પહેલાં એ બેઠી થઈ ગઈ. હું કશું બોલું તે પહેલાં સામેની ઓરડીમાં દાખલ થઈ એણે દરવાજો અંદરથી ભીડી દીધો.

ખાલી ખાટલા પર મારું ફૂલ લેટી પડ્યું.

ધૂંધળી મારી આંખો સામે ચંદ્રકિરણો નાચી રહ્યાં. એક લહેરખી આવી અને મારા ગાલને થાપટ મારી ગઈ. યંત્રવત્ હું ગાડીમાં બેસી ગયો. ચાવી લગાડી, મશીન સ્ટાર્ટ કરી, કોઈ

કશું સમજે, સફાળો બેઠો થતો રામસંગ રોકે કે દરવાજો ખોલતી રતન કશું બોલે તે પહેલાં મેં ગાડીને મારી મૂકી.

કોઈ જંગલી પશુ જાણે ખોદીખોદીને ઊંડે ધરબેલું કંઈક કાઢવા મથી રહ્યું હોય એવી ઊથલપાથલ મારા મનમાં થઈ રહી હતી. કોઈ હિંસક તાકાત મારી જાગૃતિનાં પડોના ફૂંદેફૂંદા ઉડાડી રહી હતી. ઘવાયેલો, વિમૂઢ, કોઈ, વિચિત્ર નશામાં હું ગાડી દોડાવી રહ્યો.

સરસરાટ ચાંદની દોડ્યે જતી હતી. હું પાછળ પુરપાટ ગાડી દોડાવ્યે જતો હતો. હજુ વધુ, હજુ વધુ...ગાડી સ્પીડ પકડ્યે જતી હતી. રણની વિશાળ છાતી પર હું જાણે આળોટ્યે જતો હતો. રેતના રજકણો અને ચાંદનીના પ્રકાશકણોને મારા મોં પર ઝીલતો ક્યાંય લગી ઉન્મત્ત-શો ગાડી દોડાવ્યે જ ગયો.

ઘણી વારે ઝાંખરાં દેખાયાં...થોરિયો ટીંબો!

ટીંબા નજદીક ગાડી ઊભી રાખી હું નીચે કૂદી પડ્યો. જેટલાં ફૂલ દેખાયાં એટલાં એકઠાં કરી હું પાછો ફર્યો. રણની હવામાં હવે જરાક ઠંડક ઉમેરાઈ હતી. મને સહેજ ઠંડી પડતી હોય એવું લાગ્યું. મેં ફરી સ્પીડ વધારી એન્જિન ઘરઘરાટી કરી ઊઠ્યું. હોઠ બીડી મેં ચંદ્ર સાથે હોડ માંડી. સરસરાટ હું અને ચંદ્ર દોડતા જ રહ્યા...દોડતા જ રહ્યા.

કેટલીયે વાર થઈ ગઈ છતાં ગામ ન દેખાયું. શું હું ભૂલો પડ્યો? હવે જરા ધ્યાનપૂર્વક મેં ગાડીને ચલાવવા માંડી. દૂર..દૂર કશુંક દેખાતું હતું. પીળચટ્ટા સમુદ્રમાં સહેજ કાળાશ પડતો ડાઘ શાનો હતો? નજદીક આવતાં ઝાંખરાં સ્પષ્ટ થયાં.

- એ જ થોરિયો ટીંબો!

આ તો બડા ચક્કરને બદલે મોતના ચકરાવામાં પડ્યો. ધીમેધીમે સાવચેતીપૂર્વક રસ્તાની દરેક નિશાની જોતોજોતો હું પાછો ફર્યો. નિશાનીઓમાં તો હતું શું? એકસરખા ઢગ, એકસરખા ઠૂંઠાં, એકસરખી ચાંદની. ઠેકડી ઉડાડતો ચંદ્ર હવે મારી પાછળ પાછળ આવી રહ્યો હતો. હવા હવે ભીની થઈ હતી. વારેવારે પવનની ઝાપટો હવે ટાઢનું લખલખું પેદા કરી જતી. થાક અને નિરાશા મારી આંખમાં ખટકી રહ્યાં હતાં. આ બધાંથીયે વધારે ખતરનાક વાત તો એ હતી કે એક વિચિત્ર પ્રકારનું ઘેન મારો કબજો લેવા માગતું હતું. હોઠ દબાવી મહામહેનતે સરી જતી સંજ્ઞાને કાબૂમાં રાખતો ખૂબ પ્રયત્ને આંખ ખુલ્લી રાખતો હું આગળ વધી રહ્યો. ચંદ્ર હસતો રહ્યો, પવન વાતો રહ્યો, હું હોઠ પીસી મરણિયો બની ગાડી ચલાવતો રહ્યો. મારા હાથ અને પગના સાંધા તૂટવા લાગ્યા. આંખોની પાંપણોનું વજન વધવા લાગ્યું. દૂર...દૂર કશુંક ઓળા જેવું જણાયું. આશામાં ને આશામાં મેં ગાડીને એ દિશામાં દોડાવી. નજદીક આવતાં જોયું તો-

એ જ ઝાડવાં - એ જ ઝાંખરા -

એ જ થોરિયો ટીંબો!

સરતી જતી સંજ્ઞામાંયે મને દૂરથી બંદૂકનો અવાજ સંભળાયો. મહામહેનતે મેં પણ મારી રિવૉલ્વર બહાર કાઢી હવામાં એક વાર કર્યો અને થાકીને લોથપોથ હું મારા પર કાબૂ ન રાખી શકતાં ઢળી પડ્યો.

મેં આંખ ખોલી ત્યારે હું મારા બિછાના પર પડ્યો હતો. મારું આખું શરીર તૂટતું હતું. મહામહેનતે હું બેઠો થયો.

સામે જ દરવાજાને અઢેલીને રામસંગ ઊભો હતો.

'સાહેબ, આ નહોતું કરવું. મને તો જગાડવો હતો!'

હું સહેજ હસ્યો. બારીમાંથી પરોઢનું અજવાળું આવતું હતું. મેં હાથ લંબાવી ટેબલ પરનો ગ્લાસ ઉપાડ્યો અને એકીશ્વાસે પાણી ગટગટાવી ગયો. એક ગ્લાસ જેટલા એ પાણીએ તો જાદુ કર્યું. મારા સુક્કા હોઠ, સાંકડું ગળું અને તૂટતી નસોને એકદમ રાહત જણાઈ. સહેજ સાકર મેળવેલા એ પાણીએ મારું ઘેન, મારો થાક-બધું જ ઉતારી મૂક્યું.

રામસંગ મારી સામે એકીનજરે જોઈ રહ્યો હતો.

'સાહેબ!' એણે તરડા અવાજે કહ્યું. દબાવેલો ક્રોધ એના સ્વરમાં ધ્રુજારી પેદા કરતો હતો, 'તમે...તમે...તમે રતન ઉપર હાથ નાખ્યો...'

મેં જોયું તો ટેબલ પર ફૂલોનો ઢગલો પડ્યો હતો. મારાથી એક નિઃશ્વાસ નખાઈ ગયો.

'તમે જાણો છો, સાહેબ! કે મારા અને રતનના વિવાહ થવાના છે. તમે જાણો છો, સાહેબ! કે મારી અને રતનની વચ્ચે કેવો મનમેળ છે, છતાં તમે, સાહેબ...'

'રતન ક્યાં છે?' મેં એને અટકાવીને પૂછ્યું.

'મને મારી વાત પૂરી કરવા દ્યો, સાહેબ!' સળગતી નજરે મારી સામે જોઈ રહેતા રામસંગે કહ્યું.

'સાહેબ, તમે મારી જાન બચાવી છે. તમારા વિના આજે હું જીવતો ન હોત, એટલે જ મારે એક વાત કરવી છે.'

એ હોઠ પીસી બોલી રહ્યો.

'અમે તો સાહેબ! આ રણકાંધાનાં માનવી. માણસને જીવતાં ભંડારી દઈએ અને મોત આવે ત્યાં લગી હરફ પણ ન ઉચ્ચારવા જેટલી પીડા પણ સહી જાણીએ. હું રતનને પરણવાનો છું, એ સમજવા છતાં તમે જ્યારે રતન પર નજર નાંખી ત્યારે એક વાત પૂછું? એક સવાલ પૂછું? સાચો જવાબ દેજો, હોં!'

રામસંગનો ધીમો અવાજ રણમાં ભૂલા પડેલા કોઈ એકલવાયા મુસાફર પર ક્રૂર નિર્દયપણે થપાટો મારતા પવન જેવો સુસવાટા મારી રહ્યો.

'તમે...રતનને પરણશો?'

રામસંગની જલતા અંગાર-શી આંખો મારા ચહેરા પર ખોડાઈ રહી. એના અવાજમાં સહેજ ધ્રુજારી આવી ગઈ.

'સાહેબ! તમે એને ઘરમાં બેસાડતા હો તો રામસંગ હરફ પણ નહિ ઉચ્ચારે. એમ થાશે...એમ થાશે તો રામસંગ રણમાં

ગરક થઈ જાશે.'

બહારથી એક ધ્રુસકું સંભળાયું.

રામસંગ હોઠ બીડી ચૂપ ઊભો; હું ઊભો થઈ ગયો.

'પણ જો...જો એમ ન હોય તો...તો કહો તમારો શો ઈરાદો હતો? શી મુરાદ હતી?' કહેતાં રામસંગના ચહેરાના સ્નાયુઓ એકદમ તંગ થઈ ગયા.

'રામસંગ, તારી ભૂલ થાય છે.' મેં ધીમા સ્વસ્થ અવાજે કહ્યું અને આગળ વધી ફૂલના ઢગલામાંથી એક ફૂલ ઉપાડ્યું.

'તને મારી વાત સમજાશે કે કેમ એ તો નથી જાણતો; પણ મારે એ જણાવી દેવું જરૂરી છે.' કહી મેં જોરથી ફૂલની એક પાંખડી તોડી.

'આ ફૂલમાં તાકાત છે, કૌવત છે, તાજગી છે, કદી ન કરમાય એવી ખુમારી છે. રણની મોસમોનું ખમીર સિંચાઈ સિંચાઈને આમાં ભરેલું પડ્યું છે. રેતીના કણેકણની કવિતા આમાં સંઘરાયેલી છે. આવું બધું કહીકહીને તેં અને રતને મને દુઃખી કરી નાખ્યો.'

એના ખભા પર હાથ રાખી, એની સળગતી આંખોમાં મેં આંખ પરોવી. મારી આંખમાં ભર્યો પડેલો વિષાદ સાશ્ચર્ય એ જોઈ રહ્યો.

'દોસ્ત! દસ વર્ષે પહેલાં મારી પત્ની મરણ પામી હતી. ગુલાબની કળી-શી એ નાજુક ઓરતે જ્યારે મારી જિંદગીમાંથી વિદાય લીધી ત્યારે હું સત્તાવીસ વર્ષની ભરયુવાન ઉંમરનો હતો. મારા જીવનની તમામ કવિતા, કલ્પના, આનંદ, રસ-બધુંજ છીનવાઈ ગયું. મેં પણ મારી એ સમણાં શી જિંદગી ભૂલવા કસ્ટમનાં ખરાબમાં ખરાબ થાણાંઓમાં જીવન વિતાવવા માંડ્યું.'

રામસંગના કડક ચહેરા પર કુમાશ આવતી જણાઈ.

'કચ્છના આ રણકંઠાર પર બેલાના નિર્જન, રેતાળ, વેરાન, કાંટાળા મુલકમાં મને ક્યાંથી હૂંફ મળવાની હતી? મને ક્યાંથી મારા દફનાયેલા યૌવનના અવશેષોની યાદ આ રેતીના ઢગલાઓમાંથી તાજી થવાની હતી?'

મારા અવાજમાં મારા દિલનું દર્દ ઊભરાઈ આવ્યું,

'અફસોસ! રામસંગ!' મેં મારા હાથમાંના ફૂલને ટેબલ પર રાખ્યું. 'તારો અને રતનનો રાત-દિવસનો સંસર્ગ, તમારો ઉલ્લાસ, આનંદ, મસ્તી, છેડછાડ એ બધું તો ઠીક, પણ આ ખાઈ જતા ભેંકાર મુલકને પણ નવી દૃષ્ટિએ જોતાં તમારી પાસેથી શીખ્યા બાદ મારી પત્નીની ભુલાયેલી તમામ મધુર સ્મૃતિ હજારહજાર ડંખ દેતી જાગી ઊઠી, એટલું જ નહિ પણ મારી વર્ષોથી દબાયેલી કોઈ અણપ્રીછી સૌંદર્યભૂખ જાણે બમણું જોર કરીને બહાર આવવા માગે છે.' એટલું કહી મેં ટેબલ પરથી એક કવર ઉપાડ્યું.

'તને ખબર નહિ હોય, રામસંગ! પણ આ બધું ભૂલવા - આ બધાથી દૂર થવા મેં બદલી માગેલી. મારી બદલીનો હુકમ પણ આવી ગયો છે.'

'શું કહો છો, સાહેબ?' રામસંગથી અચાનક બોલી જવાયં.

'હા, રામસંગ! આ રણ, આ રેતી, આ રેતની કવિતા, રેતનાં ફૂલ...રતન...હું જોતો હતો અને હું હારતો જતો હતો, તેથી જ મારે અહીંથી ચાલ્યા જવું હતું. ગઈ કાલે રાત્રે જાણે મારી દસ વર્ષથી દબાયેલી તમામ તૃષ્ણા જાગી ઊઠી. રણનું તમામ ખમીર, તમામ સૌંદર્ય લપેટીને રતન સૂતી હતી...હું જાણું છું કે રતન આ સાંભળે છે પણ મને તેનો અફસોસ નથી. મને અફસોસ એનો છે કે મારી આટલાં વર્ષોની મહેનત બરબાદ થઈ ગઈ.'

રામસંગ કંઈ બોલવા જતો હતો એને મેં હાથ ઊંચો કરી અટકાવ્યો.

'મારું જીવન સુક્કા ઠુંઠા જેવું, વર્ષો પછી વર્ષો વિતાવ્યે જતું હતું. કડક શિસ્ત, કડવી ફરજો અને વેરાન પ્રદેશોની રખડપટ્ટીમાં આનંદ, કેફ, તૃપ્તિ અને કલ્પનાનાં મૂળિયાં લગભગ બળી જવા આવ્યાં હતાં; તેને ફરીને તમે ઠંડક બતાવી છે, વસંતની આશા આપી છે, કવિતા માણતાં અને કલ્પનાભરી કુમાશ તરફ ઢળતાં શીખવ્યું છે. તમે મને દુખીદુખી કરી નાખ્યો. મારી જાગ્રત થયેલી ભૂખનો હવે કાંઈ રસ્તો નથી. મારી અતૃપ્તિને તૃપ્ત કરવા, એક ભૂતાવળ શી જાગતી સ્મૃતિઓના દર્દને ભૂલવા હવે જિંદગીભર મારે વલખાં મારવાનાં. કોઈ પણ કેફ, કોઈ પણ નશો, કોઈ પણ ઘેનમાં હું મારી સંજ્ઞા નહિ ગુમાવી દઉં ત્યાં લગી મને આરામ નહિ મળે. રતન...રતન...'

દરવાજામાં રતન દેખાઈ.

'રતન! મને હતું કે હું આ ઉજ્જડ, વેરાન મુલકમાં મારા જીવનમાં સુંવાળા સ્વરૂપને દાટી દઈશ. મને હતું કે હું રણના ધગધગતા કણો વચ્ચે શેકાઈ શેકાઈને મારા ભૂતકાળનાં કુમળાં વર્ષોને જલાવી દેવા શક્તિમાન થઈશ પણ... પણ... તેં મને આ વેરાનમાં કવિતા દેખાડી. કુદરતનાં નવાં નવા સ્વરૂપો નવી નવી રીતે જોવાની ભૂખ ઉઘાડી. હા, રતન! તેં મને રેતનાં ફૂલ અને રણની કવિતામાં ડૂબાડી દઈને ફરીથી યૌવનનો રાહ દેખાડી, અસંતોષની-સહરાની તરસનો પંથ બતાવી ક્યાંયનો ન રાખ્યો જાઓ...રતન...રામસંગ!'

રતન અને રામસંગ અડોઅડ ઊભાં હતાં. ઊગતા સૂર્યનાં કિરણો તેમનાં મસ્તક પર થઈને મેડીમાં દાખલ થતાં હતાં. ધૂંધળી નજરે હું જોઈ રહ્યો. મારા મગજમાં લોહી ધસી આવ્યું. ગુસ્સામાં ટેબલ પરનાં સઘળાં ફૂલો ઉપાડીને જોરથી તેમના પર ફેંક્યાં અને બરાડી ઊઠ્યો :

'જાઓ, ચાલ્યાં જાઓ!'

અને તેથી જ હજુ પણ ચાંદની રાતે દિલ પર જ્યારે કાબૂ નથી રહેતો ત્યારે જીપ લઈને નવા આઉટ-પોસ્ટના બડા ચક્કરમાં હું રઝળવા નીકળું પડું છું - રેતનાં ફૂલોને ઢૂંઢવા! ■

વાર્તા સરવાણી

# માણસાઈની મહેક

• કાનજી જે. મહેશ્વરી 'રિખીયો' •

જખરા...ઓ...જખરા! મારા આંગણામાં આવીને કોઈકે સાદ પાડ્યો. અવાજ કાને અથડાતાં ઊંઘ ઊડી ગઈ. મેં આંખો મસળી દરવાજો ખોલ્યો. હજી રાતનો અંધકાર છવાયો હતો. મને સ્પષ્ટ કંઈ દેખાયું નહિ.

'કોણ છે?' મેં જ પૂછ્યું!

હું જાફર છું...જાફર! આગંતુકે જવાબ આપ્યો.

અરે જાફર! તું અત્યારે? અડધીરાતે? આવ...આવ. મારાથી સહજપણે કહેવાઈ ગયું.

બેસવાનું કે વાતો કરવાનો સમય નથી ભા...જખરા! આપણા ગરાસિયા જોરૂભા બાવા ઘણા બીમાર છે. બાવાજીના ઘરની હાલત તો ક્યાં અજાણી છે?

જાફર જોરૂભાની વાત કહેતો હતો, ત્યાં અધવચ્ચે તે વાત અટકાવી મેં કહ્યું : આપણા ગામની આપણને સૌને ખબર છે. કોની ક્યારે કઠણાઈ આવશે એ તો અલખધણી જાણે. મને શું કરવું છે? એ કહેને ભાઈ! જખરાથી સહજે કહેવાયું.

જખરાના સવાલનો જવાબ આપતાં જાફરે કહ્યું : તમે કપડાં પહેરી તૈયાર થાઓ. ત્યાં સુધી તમારા ગાડા ઉપર સાંઘી બાંધી, ગાડું તૈયાર કરું છું. એમ કહેતાં જાફરે ગાડા ઉપર સાંઘી બાંધી, તૈયારી કરી, એટલામાં તો જખરો તૈયાર થઈ જેવો બહાર નીકળવા જતો હતો, ત્યાં મા-સેજબાઈએ પૂછ્યું : કેમ પુત્ર! અડધી રાતે ક્યાં જાય છે? મા-સેજબાઈને જોરૂભાની વાત જખરાએ કહી. જોરૂભાને માંડવી દવાખાને લઈ જવા અને તે ખાલી હાથે જવું? આવા વિચારે મા-સેજબાઈને અંતરમાં કરુણાનો સંચાર થયો. ઘરમાં રોકડ રકમ તો હતી નહિ. પણ એંસી વરસ પહેલાં પોતે પરણ્યાં ત્યારના ચાંદીના દાગીનામાં એકાદ દાગીનો ઘરના સંજીરામાં પડ્યો હતો. સંજીરો ખોલ્યો. હાથમાં પહેરવાનું ચાંદીના ભૂરીઢા (બેલડા) જે આઠ દિવસ પહેલાંજ પુત્ર જખરાએ માંડવીથી ખરીદ્યા હતા. તે દાગીનાની જોડ જખરાના હાથમાં આપતાં મા-સેજબાઈએ કહ્યું : બેટા! જોરૂભાને કર્મની કઠણાઈમાં ગરીબાઈએ પીસી નાખ્યો છે. ગમે તેમ તોય આપણા ગામના ગરાસિયા, તે આપણું નાક છે. જખરા પુતર! આજે ભગવાને ભલું કરવાની તક આપી છે. તું જલ્દી...જલ્દી જા. મા-પુત્રની વાત ચાલતી હતી. એટલામાં તો જાફરે ગાડામાં બળદ જોડી ગાડું તૈયાર કરી ઝાંપામાંથી બહાર પણ કાઢ્યું ને જખરાને કહ્યું : જખરા! તું વથાણમાં આવ! ત્યાં સુધી હું દરબારગઢમાંથી જોરૂભાને ગાડા ઉપર બેસાડીને વથાણમાં આવું છું. આમ કહેતાં જાફર ગાડું લઈ પહોંચ્યો જોરૂભાને ઘેર. જોરૂભાને આખી વાત કહી માંડવી લઈ જવા બાથમાં ઉપાડીને ગાડા ઉપર સુવડાવ્યા.

જખરો ગામના છેવાડે રહેનાર કમી-કસબીનો કામ કરનાર 'રિખીયો' હતો. તો જાફરના અધા (પિતા) મામધ એ જોરૂભાના દરબારમાં હુક્કા-પાણી-સેવાનું કામ કરતો. અને તેમાં ગુજરાન ચાલતું. પણ સમય જતાં જોરૂભાની આર્થિક સ્થિતિ નબળી પડતી ગઈ. જમીન પણ ખાલસા થઈ ગઈ. આવકનાં કોઈ સાધન રહ્યાં નહિ. અને ઘરમાં કોઈ અન્ય કમાનાર પણ ન હતા. ત્યારે પચાસ વર્ષની વય વટાવ્યા પછી, પાણીની કાવડથી ગામના કૂવામાંથી પાણી ભરીને ગામના વણિકોનાં ઘેર હેલ-પાણી આપવાનું કામ કર્યું. આવું મહેનતનું કામ કર્યું પણ શરીર થાક્યું. બીમારીમાં ઘરવખરી ખલાસ થઈ. બેસહારા બની ગયા હતા. આવા કપરા સમયમાં જખરો અને જાફર, જોરૂભાની મદદે પહોંચ્યા.

ગામના વથાણમાં જોરૂભાને ગાડા ઉપર લઈને જાફર આવ્યો, ત્યારે જખરાને બળદની રાસ હાથમાં સોંપી, પોતે જોરૂભાની પડખે ગાડા ઉપર બેઠો. ગાડું ચાલુ થયું, ત્યારે રમજુનો કૂકડો બોલ્યો : કૂકડે...કૂક...અને એ અવાજની સાથે જ ઠાકર મંદિરના ઝાલરનો ઝણકાર પણ થયો. હવે પરોઢિયું થવા આવ્યું.

દસ ગાઉ પંથ કાપ્યો, ત્યારે જોરૂભાને ગાડા ઉપર લોહીની ઊલટી થઈ. ગાડું ઊભું રખાયું. જખરાએ પોતાના માથા ઉપર બાંધેલ ફાળિયા-પાઘ-ના છેડાથી જોરૂભાનું મોં સાફ કર્યું. જાફરે ઘેરથી ગાડામાં બાંધેલ પાણી જોરૂભાને પિવડાવ્યું. જોરૂભાની હાલત અતિ નાજુક જોઈ જખરાએ કહ્યું : ભા જાફર! શું કરશું? અલ્લાહ ઉપર ભરોસો રાખીએ - જાફરે જખરાને હિંમત આપી ગાડાને હાંક્યું.

સવારના પહોરે સૂર્ય ઉગતાં માંડવી દવાખાને પહોંચ્યા. જાફરે જોરૂભાને બાથમાં લઈને દવાખાને બાંકડા ઉપર સુવડાવ્યા. ડૉક્ટર પાસે તપાસ કરાવી. આખરે ડૉક્ટર સાહેબે તપાસ કરી હોસ્પિટલમાં મળતી દવા-સારવાર આપી. પણ જોરૂભાની નબળાઈ ખૂબ હતી. તેથી બજારમાંથી બીજી દવા લઈ આવવાની ચિઠ્ઠી લખીને જાફરના હાથમાં આપી. જાફરે ચિઠ્ઠી જખરાને આપતાં કહ્યું : આ દવા અને લોહીની એક બોતલ માટેની સગવડ કરવી છે. મારી પાસે નાણાં તો નથી! હવે શું કરશું? ત્યારે જખરાએ કહ્યું : તું ગભરાઈશ નહિ. મારી માતાજીએ અગમચેતી રાખીને પોતાના દાગીનાની એક જોડ મને આપી છે. આ રહી! એમ કહેતાં જાફરને બતાવતાં જખરો પહોંચ્યો સીધો પદમશી સોનીની દુકાને. સવારમાં ભગવાનની છબી પાસે અગરબત્તી કરી હજી પદમશી સોની ગ્રાહકની રાહમાં બેઠો, ત્યાં તો જખરો પહોંચ્યો,

શેઠ! આઠ દિવસ પહેલાં આપની દુકાનેથી આ ચીજ હું લઈ ગયો હતો. પણ ઘરમાં તાણ પડતાં વેચવી પડે છે. આ ચીજ લઈ પૈસા આપો.

પદમશી સોનીએ ચીજ ચકાસી, વજન કરી પછી તે ચીજના રૂપિયા વીસ પૂરા જખરાને આપ્યા. આ વીસ રૂપિયા કેમ! જખરાએ સવાલ કર્યો.

પદમશી સોનીએ કહ્યું : દાગીના વેચતી વખતે ઘડામણ, ઘસાઈ વગેરે કિંમતમાં ન ગણાય. અને એથી ૪૦ રૂપિયામાં તમે જે ચીજ આઠ દિવસ પહેલાં લીધી હતી, તે ચીજને વેચવા જતાં અડધી કિંમત આવી.

જખરા સામે જોરૂભાની દવા લેવાની ચિંતા હતી. આનાકાની કર્યા વગર જે વીસ રૂપિયા મળ્યા, તે લઈ દવાની દુકાને જખરો પહોંચ્યો. ડોક્ટરની ચિઠ્ઠી મુજબ દવા બાટલા સાથે દુકાનદારે બીલ આપ્યું રૂપિયા ૩૦ પૂરા.

જખરો મૂંઝાયો! ૨૦ રૂપિયા દુકાનવાળાને આપ્યા ને 'ખૂટતા રૂપિયા પછી આપીશ' આટલું કહ્યું. ત્યાં તો દવાની દુકાનવાળા શેઠે બાંધેલ દવાનું પડીકું પાછું લઈને કબાટમાં મૂકી દીધું, અને જખરા સામે ન કહેવાનાં વેણ કહેવા લાગ્યો! શું જમાનો આવ્યો છે? જાણ ન પિછાણને હું તો તારો મહેમાન! સવારની પહોરમાં હજી બોણી પણ કરી નથી. ત્યાં ઠગારા લોકોની લાઈન લાગે. જા...જા...અહીંથી તારું મોઢું લઈને પાછો જા. પહેલાં રૂપિયા પૂરા ૩૦ ત્રીસ લઈ આવ. પછી દવા લેવા આવજે. આ કંઈ ધર્માદાનું મંદિર નથી. મને-કમને જખરાએ સાંભળી લીધું. પાછો પહોંચ્યો પદમશી સોનીની દુકાને. મેડિકલ સ્ટોરવાળાની આખી વાત સંભળાવી. પોતાના પગમાં પહેરેલ ચાંદીની કાંભી ઉતારીને પદમશી શેઠને કહ્યું : આ લ્યો! ને મને બીજા ૧૦ રૂપિયા આપો. શેઠે કોઈ આનાકાની કર્યા વગર દસ રૂપિયા આપ્યા. ત્રીસ રૂપિયા મેડિકલના સ્ટોરવાળા દયાલુભાઈને આપીને જખરો સીધો પહોંચ્યો દવાખાને! જોરૂભાની બજારૂ દવાથી સારવાર થઈ. ડોક્ટર ફરી બીજી વાર તપાસ માટે આવ્યા. લેબોટરીનો રિપોર્ટ પણ આવી ગયો હતો. આ બધું જોઈ ડોક્ટરે જખરાને કહ્યું : જોરૂભાને આજે લોહીની એક બોટલ જરૂર છે. જખરાએ આ વાત જાફરને કરી. જાફર તૈયાર થયો. પણ જાફરનું લોહીનું ગ્રુપ અને જોરૂભાના લોહીનું ગ્રુપ એકસમાન ન થયું. દવાખાને આવતા-જતા ઘણા યુવાનોને જોરૂભા માટે લોહી આપવાની આજીજી કરવામાં આવી. પરંતુ કોઈએ પોતાનું લોહી આપવાની તસ્દી લીધી નહિ.

આખરે જખરાએ પોતાના લોહીના ગ્રુપની તપાસ કરાવી. તો તે લોહીનું ગ્રુપ જોરૂભાના લોહીગ્રુપ સાથે મળ્યું. અને જખરાએ પોતે સ્વેચ્છાએ પોતાનું લોહી-રક્તદાન કર્યું. જખરાની લોહી-રક્તદાન મળતાં જ જોરૂભાની કાયામાં ચેતનાનો સંચાર થયો.

જોરૂભા ઠીક થયા, ત્યારે જખરાનો હાથ પકડી કહેવા લાગ્યા : જખરા! તું મુંજો ભગવાન છે! કૃષ્ણ ભગવાન આજે તારા રૂપે આવ્યા ને મને ઉગાર્યો. જખરા! તારું ઋણ હું કે મારા વંશ-વારસ કદી નહિ ભૂલે... આમ...જોરૂભા...જખરાનો હાથ પકડી વાતચીત કરતા હતા ત્યારે ગામના પૂજારી ટીલાં-ટપકાં કરી જોરૂભાની ખબર અંતર પૂછવા આવ્યા હતા. જોરૂભાની વાત સાંભળતાં જ ગોર મહારાજનું ધોતિયું ઢીલું થઈ ગયું. 'જખરા મેઘવારનું લોહી-ગામના ગરાસિયા જોરૂભાની કાયામાં ચડ્યું! આ અધર્મ થઈ ગયો... મહાપાપ... મહાપાપ...' એમ બબડતાં જખરા સામે આંખો ફાડી પૂજારીએ ત્રાડ પડી : મૂઆ જખરા! તેં મહાપાપ કર્યું છે. ક્ષત્રિયવંશની કાયાને તેં અભડાવી છે. તને ભગવાનની પણ બીક ન લાગી! જખરાએ માફી માગી. પણ પૂજારીએ તો રાડારાડ કરીને દવાખાનામાં દેકારો મચાવી દીધો. સૌએ પૂજારીની વાતમાં સૂર પૂરાવ્યો. કોઈએ જખરાની મદદ ન કરી. ત્યારે જાફરે કહ્યું : તમે લોકો કોઈ જોરૂભા માટે લોહી આપવા તૈયાર થયા નહિ. લોહી મળ્યું નહિ, ને મારા લોહીનું ગ્રુપ કામ ન આવ્યું, ત્યારે જખરાએ પોતાનું રક્તદાન કર્યું. એમાં તો ખુદા પણ રાજી છે. માણસને મુસીબતમાં જે મદદ કરે તે સાચો ઈન્સાન છે. બાકી આ મહારાજ મોટી વાતો કરે છે. પણ એમને પૂછો : તમે તમારું લોહી જોરૂભાને આપશો ખરા! જાફરની વાત કાપતાં પૂજારીએ કહ્યું : તું હિંદુ ધર્મની વાત ક્યાં જાણે છે? જખરો તો અસ્પૃશ્ય છે. અને તેણે તો અસ્પૃશ્ય લોહી આપીને મહાપાપ કર્યું છે. આટલી વાતચીતમાં માણસોની ભીડ વચ્ચે ડૉક્ટર સાહેબ આવી ગયા. સૌને શાંત પાડી ડૉક્ટર સાહેબ બોલ્યા : ધન્ય છે જખરાને! જેણે કોઈ પણ ધર્મની અંધતાને ફેંકી દઈ, માનવતાને જ ધર્મ ગણ્યો છે. આમ કહીને સૌની હાજરીમાં ડૉક્ટર આનંદ જોશીએ જખરાને પોતાની છાતી સરસો આપ્યો. એટલું જ નહિ, ડૉક્ટરે બે હાથ જોડીને જખરાને વંદન કર્યા.

પૂજારી મહારાજ વીલું મોઢું લઈ ત્યાંથી પોતાને ઘેર પહોંચ્યા. સાંજે આરતી વખતે પૂજારી મહારાજની કાયા થરથરવા લાગી. બાજુમાં ઊભેલ તેના પુત્રે આરતી લઈ લીધી. અને પૂજારી ત્યાં ઢળી પડ્યા. લોકોમાં શોરબકોર થવા લાગ્યો. આરતી પૂરી થઈ. પૂજારીને ગર્ભગૃહમાંથી બહાર લાવી હવા નાખી. થોડીક હળવાશ થઈ ત્યારે મંદિરમાં જ પૂજારીને અંતઃપ્રેરણા થઈ. પૂજારીએ પસ્તાવો વ્યક્ત કરતાં કહ્યું, ગામના જખરાએ ધર્મનું બીડું ઝાલ્યું છે. મેં ખોટો આરોપ મૂક્યો છે. ભગવાને મને સજા કરી છે. આમ કહી તે ઊભો થઈને સીધો પહોંચ્યો જખરાની મા-સેજબાઈ પાસે. દલિતવાસમાં મા-સેજબાઈ પાસે જઈને પોતાની અંધતાથી 'જખરા' વિષે ઊપજાવી કાઢેલ વાત બદલ પસ્તાવો કરી માફી માગી.

માંડવી દવાખાનાની સારવારથી જોરૂભા સ્વસ્થ થયા. એટલે ચારેક દિવસે જખરા સાથે જાફરે જોરૂભાને સ્વઘરે પહોંચાડ્યા. દરબારગઢમાં આનંદ થયો. જોરૂભાના ખબર-અંતર પૂછવા આવનાર ગામવાસી નર-નારીને જોરૂભાએ એકજ વાત કરી : ધન્ય છે જખરાને! જેણે મારો જીવ બચાવ્યો. માંડવીના દવાખાને આવનાર કેટલાય સંબંધીઓમાંથી કોઈએ પોતાનું લોહી ન આપ્યું, પણ જખરાએ રક્તદાન કરી ભારતીય ધર્મ-માનવધર્મની ધ્વજા લહેરાવી છે. આમ ગામમાં જખરાએ પોતાના એકોતેર કુળને તાર્યાં.

*૧૫૦, ગણેશ નગર, ગાંધીધામ, કચ્છ-૩૭૦ ૨૦૧.*
*ફોન : (૦૨૮૩૬) ૨૫૨૮૨૫ • મો. ૯૪૨૬૭ ૮૯૬૭૦*

# લાકડું

• મદનકુમાર અંજારિયા 'ખ્વાબ'

નદીઓ ગટગટાવીને ઊછળતું અટ્ટહાસ્ય વેરતો દરિયો... અફાટ જલરાશિ, ઘૂઘવતાં મોજાં, ખારા ફીણની પછડાટો, વહાણો, દોરડાં, ચહલપહલ, માલસામાનની હેરફેર અને ઘોંઘાટ વચ્ચે સૂસવતો સમય...

માછલીઓની વાસ વેઠતા ચહેરાઓ, અવરજવર અને બંદરીય ઘટમાળને જોતું આકાશ...!

તમે પણ જહાજમાં આવ્યા છો... કદાચ કોઈ કામસર કે માત્ર કુતૂહલથી બધું જોવાય આવ્યા છો...!

પણ અહીં, મારી લગોલગ ઊભા છો... જો કે હું કોઈ માણસ નથી... તમે છો, એ પૂરતું છે બાપ! બાકી હું તો થથરું છું માણસથી!

હં... તો તમે ઊભા છો, મારી સાવ નજીક... અને હું છું આ જહાજમાં જોડાયેલો એક હિસ્સો...! પણ હું માત્ર હિસ્સો નથી, બલકે એક કિસ્સો છું! હા, કિસ્સો!

મારા મૂળ રૂપ પર જાણે કે અંચળો ઓઢાડી દેવાયો છે! હું જે સ્થિતિમાં છું, એવું મૂળમાં નહોતું... અત્યારે તો હું લાકડું છું... જહાજમાંની કોઈ પેટીમાં જડાયેલું લાકડું!

મારી આંખો તમને નથી દેખાતી ને! તો આંસુ શાનાં દેખાય!

શું? મારી મૂળ ઓળખ પૂછો છો? ઓહ...! ભલે ચાલો, આપું છું મારી ઓળખ...

તમે જ્યાં ઊભા છો, એ સ્થળ, કાળ વગેરે બધું જ સાવ ભૂલી જાવ... અને આવો, હું તમને લઇ જાઉં મારા એ ભૂતકાળ ભણી...! દસ... નવ... આઠ... સાત... છ... પાંચ... ચાર... ત્રણ... બે... એક... શૂન્ય...!

★ ★ ★

ધરતીને આવેલી મજા જેવું એક ગામ.

ગામની ભાગોળ... ભાગોળે પહેરેલ લીલા કમખા જેવી લીલપ. વૃક્ષો, ઝરણાં, ટેકરીઓ, હરિયાળી... નાનાં ઘરો અને પેલા છેવાડે માટીની એક મઢૂલી... એની બહાર છાણ-માટીનો ઓટલો...

આ મઢુલીનું દ્વાર તો એવું બેઠા ઘાટનું, કે તમે એમાં પ્રવેશો, ત્યારે નમવું જ પડે! વાહ! કેવું દાવારહિત મંદિરપણું!

મઢુલીની ભીતર ધોળી ભીંતો પહેલા વરસાદની સોડમ જેવું હસ્યા કરે... લીંપણવંતી ઓસરી, ઘરના લલાટ જેવું પાણિયારું... બુદ્ધની આંખો જેવાં બે તૃષા-શામક માટલાં...

નાનકડાં રસોડામાં ચૂલા પર હૂંફાળું હસતી તાવડીને ભેટી-ભેટીને તામ્રવરણી તપનથી પાકતો રોટલો... મોરિયામાંની ટીખળખોર છાશ ખટમીઠું હસતી હોય... બરણીમાંથી અથાણું કાઢીને કાંસાની થાળીમાં રોટલાની પડખે પીરસે... વાડકામાં છાશ દે!

દીકરો જમતો હોય, ત્યારે માના મોં પરની કરચલીઓ લાગણીની લિપિ જેવી લાગે!

ઘર શ્વસતું રહે ઘરની વ્યાખ્યાને!

મા અને દીકરો... બસ શેષ બચેલું કુટુંબ! બિલોરી રાતની રજાઇ ઉતારીને ચંપકવરણી સવાર જાગે કે તરત એની આંખોમાં મઢૂલી અને આ મા-દીકરો પ્રતિબિંબિત થાય...

મોળું દૂધ અને ફાડ રોટલો!

સવારનો આ ખોરાક મા-દીકરાને ઓડકાર લાવતી તૃપ્તિ અપાવે...

અને પછી, મા એલ્યુમિનિયમના ડબરામાં ભરી આપે ભતાર! તે લઈને દીકરો જાય કામે...! ગાય ધણમાં જાય... મા મઢૂલીમાં સાફસૂફી કરે... માંજરી બિલાડી એને ઘસાતી ફર્યા કરે... એનું મ્યાઉં-મ્યાઉં અને પંખીઓનો શોર પ્રકૃતિગીતની જુગલબંદી રચે!

કૂણો તડકો માનો પડછાયો રચે...! જમીનને ત્યારે પ્રભાતિયાંનો સૂર અનુભવાય...

પછી તો કામમાંથી પરવારેલી મા ઓટલે બેસીને ચાકળા સીવે, થીગડ-થાગડ કરે... તો વળી ક્યારેક ચશ્માં ચડાવીને વ્રત કથાઓની ચોપડી વાંચવા મથે!

મઢૂલીની એકમાત્ર બારી કૂણા તડકાનો એક-એક ઘૂંટડો પીતી રહે! પછી તો ઘરપણું ઘીંગું જ બને ને!

મઢૂલીની પડખે એક ઘેઘૂર ઝાડ... આ ઘરમાંના અઢળક વાળાઢાળાનું મૂક સાક્ષી! માની વિભિન્ન જીવન - સ્થિતિઓને આ ઝાડ વંદતું રહે! મઢૂલી આ ઝાડની છાયામાં હતી, પણ ઝાડને લાગતું કે પોતે પેલી માની છાયામાં છે!

નમતી સાંજે ગોધણની ઘંટડીઓના મધુર ધ્વનિ અને કેસરી ગોરજ વચ્ચે આ મઢૂલી મંદિર જેવી લાગે અને ઝાડ લાગે પીઢ પૂજારી!

કદીક દીકરાને સાંજે આવવામાં મોડું થતું, તો માની સાથે ઝાડ પણ ચિંતા કરે! વૃક્ષમાં માત્ર જીવ નથી હોતો, લાગણી પણ હોય છે...

ગાય આવે... એને બુચકારીને મા ખંધે બાંધે, ત્યારે માથું હલાવીને ગાય જીદ કરે, જે સમજી જતી મા એના ગળાંની ઝુલને પસવારે... ખાણ નીરે... કંઈ વાતોય કરે... અને ગાય જાણે બધું સમજતી હોય એમ આ માડી સામે જોવેય ખરી!

મા ગાયને દોવે, ત્યારે દૂધની સેરો એવું સંગીત રચે, કે બોઘરણું વાદ્ય બની જાય!

મા-દીકરો વાળુ પતાવીને ઘડીક બેસે... શબ્દો સાર્થકતા અનુભવે એવી થોડી વાતો થાય... બસ, પછી સૂઈ જાય... સાથે પેલું ઝાડ પણ ઊંઘે, પણ કાગા-નીંદરમાં!

– આવો હતો એક તળપદો જીવનક્રમ...

પણ –

– એક કાચી પરોઢે મા સફાળી જાગી ગઈ!

દીકરાને હલબલાવીને વ્યગ્ર માએ જગાડ્યો!

"શું છે માડી! શું થયું મા!" - દીકરો બેઠો થઈ ગયો!

માની બેબાકળી આંખો ચકળવકળ!

મા હાંફી રહી હતી...

ધ્રૂજતા સ્વરે મા કહે – "બેટડા! ઝાડને.... આપણાં ઝાડને... એય! જો... તો!"

મા-દીકરો ઠેબાં ખાતાં ઝાંપો ઉઘાડીને જોઈ રહ્યાં!

....મઢુલીને ઓથ આપતાં પેલાં ઘેઘૂર ઝાડને કેટલાક લોકો કુહાડા ઝીંકી-ઝીંકીને છાકી રહ્યા હતા!

ખચ્ચ! ખચ્ચાક! ખડડડ ખચ્ચ!

મા-દીકરો સ્તબ્ધ!

ફાટી આંખે, ફફડતા હૈયે બંને જોતાં રહ્યાં!

લીલાં ફાડિયા ખડકાતા રહ્યા...

માળાઓ રગદોળાતા રહ્યા...

કલશોરના સ્થાને કિરાં-વિરાં!

ઝાડનાં માંસની લીલી વાસ!

ઓહ! જાણે સગીર લીલપ પર 'ગેંગ-રેપ' થયો!!

મઢૂલી અનાથ બની...

મા-દીકરો કઠિયારાઓને કંઈ કહી ન શક્યાં.

...અને એ ખાટકીઓ જેવા અજાણ્યા લોકો ઝાડનાં લીલાં લાકડાંઓ ખટારામાં ખડકીને ચાલ્યા ગયા!

કૂતરા રોયાં, પક્ષીઓના ટહુકા ચિરાયા, હવા ઝાડના છેલ્લા શ્વાસોની શબવાહિની બની...

ખિન્ન મા-દીકરો તો દોડીને ઝાડના છિન્નભિન્ન અવશેષોમાં આળોટતાં કલ્પાંત કરવા લાગ્યાં! જાણે ભાગોળનો ભરથાર હણાયો! બ્રહ્મચારી જેવો એક છાંયડો છેદાયો!

મા-દીકરાનું તો જાણે સર્વસ્વ લૂંટાઈ ગયું! મઢૂલીની સફેદ ભીંતોએ પહેલીવાર કફનનો રંગ વેઠ્યો!

અબોટ સુખનાં સમીકરણો બદલાઈ ગયાં! દિવસો સરતા ગયા... કાળ એ તો વહેતો દરિયો!

મઢૂલીના સ્થાને હવે ઉજ્જડ ભીંતોનું ખોખું છે! મા-દીકરો પણ હવે હશે કે શું, કોને ખબર!

★ ★ ★

અને હવે?–

–હવે, તમે જહાજમાં, જ્યાં હતા, ત્યાં મારી નજીક પરત આવી ગયા છો... લાકડાંની પેટી પાસે...

હવે મને જુઓ...

ઓળખાણ પડી?

હં... તમારું અનુમાન સાચું છે.

હા, હું છું મઢૂલી પાસેનાં, પેલા રહેંસાઇ ગયેલાં ઘેઘૂર ઝાડનું જ એક લાકડું!

અનેક પ્રક્રિયાઓ પછી, હવે હું એ લાકડામાંથી બનેલી પેટીમાં ફેરવાઈ ગયો છું! જહાજમાં જડાયેલી પેટી!

મારામાં હવે શરાબના શીશાઓ રખાય છે!

હું હવે સત્ય-ગાથાને માણસે ભાંડેલી દંતકથાની ગાળ છું!

અરે હા! મેં તો મારી ઓળખ આપી... પણ તમે કોણ છો? –

– કોણ છો તમે?

*સંસ્કાર નગર, ભુજ, કચ્છ.*

"ROLEX" Brand

Rushabh
STEEL CENTRE
G-77, Sarvoday Nagar,
Shri Mahendrakumar T. Shah Marg,
(1st Panjrapole Lane), Mumbai-400 004.
Tel. : 2242 2072, 3393 7310 • Fax : (022) 3008 0072
MFGR. & DEALERS IN : *Rolex* SQUARE DABBA & TIFFIN

# યશોદાને મળી ગયો કાનુડો

• નેહા ભાવેશ પારેખ •

"આન્ટી, હું આવીશ, હું આવીશ...." ધ્રુવે રડતાં-રડતાં કીધું. રીતુને આ ઘરમાં પરણીને આવે હજી એકાદ મહિનો માંડ થયો હશે. ધ્રુવ તેમના પડોશીનો દીકરો હતો. રીતુ સાથે ખૂબ હળીમળી ગયો હતો.

ચાર વર્ષનો ધ્રુવ આમ તો જાણે ખાલી સૂવા જ પોતાના ઘેર જતો, બાકી આખો દિવસ રીતુના જ ઘરમાં હોય. દિવસ આખો એની ધમાલ-મસ્તી ચાલતી જ રહે. રીતુના ઘરમાં પણ બધાંને ખૂબ વહાલો. બન્ને પડોશીઓનો સંબંધ ઉષ્માભર્યો તો પહેલેથી જ હતો. ધ્રુવની મમ્મી આખોદિવસ મોટા દીકરાને ભણાવવામાં વ્યસ્ત હોવાથી ધ્રુવ પાછળ તો સમય જ નહોતી આપી શકતી. "રીતુ, જલ્દી કર, આપણે પાર્ટીમાં જવાનું મોડું થાય છે" એનો પતિ બૂમાબૂમ કરતો હતો. ધ્રુવે રડી-રડીને જીદ કરી કે હું તો આન્ટી સાથે જઈશ જ. રીતુ આ મીઠડા છોકરાને ના ન પાડી શકી.

"અરે! તું રડીશ નહીં ધ્રુવ, બસ તને આઈસ્ક્રીમ ખવડાવવા લઈ જઉં છું, પછી તારે જીદ નહીં કરવાની, હોંને?" રીતુએ રડતા ધ્રુવને શાંત પાડતાં કહ્યું.

રાજ અને રીતુ બાઈક પર એને આઈસ્ક્રીમ ખવડાવવા લઈ ગયાં. ત્યાંથી પાછા ફરતાં રસ્તામાં એકદમ દોડી આવતી ગાયને બચાવવા જતાં રાજનું બાઈક સ્લીપ થઈ ગયું અને ત્રણે જણાં બાઈક સાથે ધડામ કરતાં પડ્યાં.

એ અકસ્માતમાં રાજ અને રીતુને તો બહુ ન વાગ્યું પણ નાનકડો ધ્રુવ રોડ-ડિવાઈડર સાથે અથડાતાં જ બેભાન થઈ ગયો. રસ્તા પર લોકોનું ટોળું જમા થઈ ગયું. એમ્બ્યુલન્સ આવી ને ત્રણેય જણાને હોસ્પિટલ લઈ જવાયાં. રાજ અને રીતુ તો બહુ ઘવાયાં ન હતાં, પણ ધ્રુવની હાલત ગંભીર હતી. તે કોમામાં જતો રહ્યો હતો.

અકસ્માતની જાણ થતાં ધ્રુવનાં માતા-પિતા અને રાજ-સેતુનાં પરિવારજનો પણ હોસ્પિટલ દોડી આવ્યાં. દીકરાની આ હાલત જોઈને ધ્રુવની મમ્મી તો બેભાન જ થઈ ગઈ. થોડીવાર પછી ભાનમાં આવતાં રીતુએ તેમની માફી માગી. ડૉક્ટરના કહેવા મુજબ ધ્રુવ ક્યારે સાજો થશે એ હવે ઉપરવાળાના હાથમાં જ હતું. "હે ભગવાન! ધ્રુવની આ હાલત માટે હું જ જવાબદાર છું" એવું હોસ્પિટલમાં કલ્પાંત કરતાં રીતુ ખૂબ રડી.

ઘરનાં બધાંએ અને પછી તો ખુદ ધ્રુવનાં માતા-પિતાએ પણ રીતુને સમજાવી કે, "આમાં તમારો શું વાંક? કુદરત આગળ સૌ લાચાર છે, નસીબમાં લખ્યું હોય છે એ કોઈપણ કાળે થઈને જ રહે છે." આટલી-આટલી સાંત્વના છતાં રીતુ અપરાધ ભાવથી પીડાતી રહી.

"આજથી ધ્રુવની તમામ જવાબદારી મારા શિરે." રીતુએ ધ્રુવની મમ્મીને કહી દીધું. એ સવારથી જ હોસ્પિટલ પહોંચી જતી ધ્રુવને નવડાવવા, જમાડવા, સમયસર દવા આપવાની તમામ જવાબદારી એણે સ્વીકારી લીધી. ધ્રુવને ઘેર લાવ્યા પછી પણ પોતાના સગા-દીકરાની જેમ ધ્રુવની સેવા ચાકરી કરતી રહી. તે હંમેશાં ભગવાનને એક જ પ્રાર્થના કરતી કે "હે ભગવાન! ધ્રુવ જલદીથી સાજો થઈ જાય." "કુદરત આગળ સૌ લાચાર છે, પણ રાજ, એ દિવસે આપણે ધ્રુવને આઈસ્ક્રીમ ખાવા ન લઈ ગયાં હોત તો કદાચ આજે આ દિવસ ન આવત અને આપણે આનાં નિમિત્ત પણ ના બનત" પતિના ખોળામાં માથું મૂકીને રીતુએ કીધું. રાજની સહમતિથી એ નિર્ણય લે છે કે, "જ્યાં સુધી ધ્રુવ સાજો ના થાય ત્યાં સુધી એ પોતાનું બાળક નહીં લાવે."

આવો નિર્ણય તેણે જ્યારે પોતાના પરિવારજનો સંભળાવ્યો ત્યારે ઘરમાં ખૂબ કકળાટ થયો પણ રાજ અને રીતુ પોતાના નિર્ણય પર અડગ હતાં. ધ્રુવના નવજીવન માટે તેઓએ પોતાની ખુશીઓનો ત્યાગ કરવાનું નક્કી કર્યું હતું.

આમ ને આમ ઘણો સમય વીતી ગયો, પણ ધ્રુવને સાજો કરવામાં રીતુએ સહેજ પણ કચાશ રાખી ન હતી. આ બધામાં રાજ પણ તેને સંપૂર્ણ સાથ આપતો હતો. રીતુને હજી એક આશા હતી કે એક દિવસ તો ધ્રુવ જરૂર ભાનમાં આવશે. અને આખરે એક દિવસ ભગવાને તેની પ્રાર્થના સાંભળી. એને ચમત્કાર ગણો કે રીતુની શ્રદ્ધા, પણ ધ્રુવ આખરે કોમામાંથી બહાર આવ્યો. એ દિવસે રીતુની ખુશીનો પાર ન રહ્યો. તેની આંખો ખુશીનાં આંસુથી છલકાતી ગઈ. તેણે મનોમન ભગવાનનો આભાર માન્યો, તેનો ત્યાગ આજે રંગ લાવ્યો હતો.

રીતુ અને ધ્રુવનું એકમેક સાથેનું મિલન જોઈ બધાની આંખમાં આંસુ આવી ગયાં. રીતુ તો પોતાના બાળક વિષેનો ખ્યાલ જ ભૂલી ગઈ હતી. આટલાં વર્ષોથી તે પોતાના દીકરાની જેમ ધ્રુવની સાર સંભાળ લેતી હતી. જાણે ગયા જન્મનું કોઈ લેણું ન હોય!

મૈયા યશોદાને જાણે એનો કાનુડો મળી ગયો ને કાનુડાને યશોદા! ■

# કચ્છી ટૂંકી વાર્તા : ધવા નેં ધુઆ!

• બાબુલાલ ગોર •

અબ્દુલ નેં ઝુબેદા બોયજી નિંધર ઉડી વિઈ વી. તીં ઈનીંકે કધાખર અગૂણીં મજા પ નતે આવઇ. ઈનીંજી જિન્ધગાની કર માયુસી નેં ગમજો સમંદર ભની રઈ વિઇ હુઈ. ઈતરો ઓછો હુવે તીં ઈનીંજે ડુખીયારે જીયણજો હિકડો ને હિકડો આસરો એડો ઈનીંજે નૂરે-નજર જેડો પુત્તર યાસીન પ ભીમારીમેં પથારી જલી, હિનીં બીં... અમ્મી-અબ્બુકે રુંધા છડી, ખુધાજે ઘરેં પુજી વેઓ! ઈતાં ઉસ્યો પણ ઈનજો વિઞણજો એડો ત કારી ઘા બીં કે લગો જ સજી ખલકતા ઈનીંજો રસ ઉથીવ્યો.

તેંમેં પ અબ્દુલતાં નિપટ સૂન્ન, બાઘો થિઇ રેઓ. હરેં હરેં ઈનજે મનતેં એડા વિચાર હાવી થિઇ વેઆ જે આઉં બચલેજો ઈલાજ કરાયેલા ડાગધરવટે કોઠી વ્યો સેં પણ ઉન ધવા કરેજી ના ચેં ઈતરે યાસીન હી ફાની ધુનિયાં છડી અલ્લાકે પ્યારો થિઇ વેઓ.

જડે અવરા વિચાર ધિમાગતેં હાવી થિઇ વિઍતા તડેં માડું સેતાનજે હવાલે થિઇ વિઍતો. ઈનકે મરે-મારેજા તીં ઈન્તકામ ગિનેજા વિચાર અચેંતા ને ઇ એડેં વિચારેંતેં અમલ કરેલા પ બેસબ્ર થીંધો હોયતો.

અબ્દુલ પ ઉન ડાગધર વિપુલકે પતાઇ છડેજો મનસૂબો ભનાઇ, ઈનજે બંગલે પુગો. ડાગધરજે આલિશાન બંગલેજે ચોફેર વડો ભગીચો હો. રખાલીયેજી નજર ચૂકાઇ, ઈન ભગીચે ઘુસલ અબ્દુલ ડાગધરજે બંગલેજી અધખૂલી બારીવટે પુજી વેઓ. મિંજારા નજર કેં ત ડાગધર કો બાઈમાડુસેં ગાલ્યું કેં તે. મુરમેં જ સોફેતેં હિકડો નિંઢડો બચ્ચો બેભાન જેડી હાલતમેં, છિક્કી - આંચકી અચીંધી હૂવે તીં, રઈ રઈને ઉછરંધો... તકડો તકડો સા ખણંધો પ્યો હો. ઊ બાઈમાડુ હથ જોડી ડાગધરકે મનાંયતેં, ચેંતે - “ડાગધર સાયભ! હૈયા કો ઉપાય કર્યો નેં મુંજે હિન જિગરજે ટુકરે જેડે પુત્તરકે ભચાઇ ગિનો! આં જ્યું લખ-સો ભલાઇયું!”

ડાગધર ભરપૂર ગમ ને લાચારી ભરલ સડસેં ચેં, “સુષ્મા! મું અચ્યોં ન, મુંથી કીં પ થિઇ સગે તીં નાંય. આંઉ મજબુર ઐયાં.”

ડાગધરજા હી સબધ સુણી અબ્દુલજી અખીયેં ખુન્નસ વધી આયો. ડાગધરકે છેકાલે આંધલ છૂરેં તેં ઈનજે હથજી પકડ મજબૂત ભનઇ. ઉતઇ ડંધ ગેડ્યું કરીંધે ઇ ચપેંમેં વિવડ્યો - “રખે હી તબીબ હિન મોહતરમાજે માસુમકે પ પતાયેલા જ મડેતો! મુંજે યાસીનલા પ મું હિન કમજર્ઈકે ઘણે અધાબાવા કેઆવા, પ ઈનટાણે પ ઈન એડો જ જભાભ ડિનેં હોય ને મું પુત્તર વિઞાયો!” હાણેં હી બ્યો ભોગ ગિનલા મડેતો - ઇં વિચારી, વધારે ઉશ્કેરાટમેં અચીંધે ઈનજો માડમાઠો ઈરાધો ઓર મક્કમ ભન્યો. ઇ બારી મ્યાં મિંજ ઘુસણ જ વેઓતે તાં ડાગધરજી ગાલજા હી સભધ ઈનકે સુણાણાં....

“સુષ્મા, સમજેજી કોશિશ કર. કુરો મુંકે હી પાંજો પુત્તર ડુવલો હુવે? પ જડે જીયણજી બાજર જ ખૂટઈ વે તિત ડાગધર પ કૂરો કરી સગે? ચાર ડીં મોંધ જ ભનલ ભના મું તોકે ચ્યો વો જ હિકડે ગરીભ - રાંક મજુર કુટુમજે સિકી - લધલ પુત્તરકે પ આઉં મિડે ઉપાય કરે છતાં, કિત ભચાઇ સગ્યોસેં? હેવર પાંજે હિન - નિમિષ ઠેકાણે મુંકે ઉનીંજો બાર યાસીન ડિસાજેતો! નેઠ તાં હકીમજો હરકો ઉપચાર અલ્લાજે હીલે-હવાલે જ હૂવેતો. અસીં ધવા જ ડિઇ સગોં, બાજર તાં અલ્લા ડે...

નેં અબ્દુલજો ખુન્નસ રુંગા ભની અખીયેમ્યાં વઈવેઓ! ઈનજે હથમ્યાં છૂરો છણી પ્યો!

*૬૫, ભાનુશાલી નગર,*
*ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧. મો. ૯૪૨૭૪ ०७४३२*

## ભારતના પ્રથમ પાઇલોટ – પુરુષોત્તમ કબાલી

**(અનુસંધાન : પાના નં.-૬૧ ઉપરથી ચાલુ)**

લગભગ ૨૨ વિમાનો અને એટલા જ પાયલોટો હતા. ત્યારના ગૃહપ્રધાન સરદાર પટેલે રાત્રે ૧૧ વાગે ફોન કરી પુરુષોત્તમ કબાલીને ઊંઘમાંથી ઉઠાડી તેમના બધા વિમાન અને પાયલોટોને તાત્કાલિક કાશ્મીર મોરચે લગાડ્યા. લશ્કરના જનરલ થીમૈયાની દોરવણી હેઠળ કબાલીની તમામ ફોર્સ પહેરેલ કપડે વિમાન લઈને કાશ્મીર આવી પહોંચી અને લશ્કરના જનરલ થીમૈયાની દોરવણી હેઠળ ૧૪ ટન વજનની ટેન્કો વિમાનોની નીચે લટકાવી કાશ્મીરના મોરચે પહોંચાડી, જેને કારણે આક્રમણખોરોને અટકાવી શકાયા. જો આ ન બન્યું હોત તો આજે આખેઆખું કાશ્મીર પાકિસ્તાનના કબજા હેઠળ હોત.

એમની આ સેવાઓને યાદ કરીને ઇ.સ. ૧૯૭૨માં ત્યારના વડાપ્રધાન શ્રીમતી ઇન્દિરા ગાંધીએ તેમને તામ્રપત્ર આપીને નવાજ્યાં ઉપરાંત સ્વાતંત્ર્યવીર તરીકે પેન્શન પણ બાંધી આપ્યું. પરંતુ તેમણે પેન્શન સ્વીકારવાની ના પાડી. તા. ૧૬-૧-૧૯૮૨ નાં દિને તેઓ અવસાન પામ્યા ત્યાં સુધી ખુમારીથી જીવ્યા.

આજે દક્ષિણ મુંબઈના વાલકેશ્વરમાં નેપિયન્સી રોડ પર જંક્શન છે ત્યાંના એક ચોકનું નામ ‘પુરુષોતમ કબાલી ચોક’ છે. કચ્છનું નામ રોશન કરનાર પુરુષોત્તમ કબાલીની આ કથા છે. ■

# કચ્છી કથા : "આજી - પુનરાજી"

• સ્વામી સચ્ચિદાનંદ •

જુદા જુદા સમયે કચ્છમાં આવીને અનેક જાતિઓ વસતી રહી છે. મોટા ભાગે આ જાતિઓનો આવવાનો માર્ગ સિંધપ્રદેશ રહ્યો છે, એટલે ભાષા તથા સંસ્કૃતિની દૃષ્ટિએ કચ્છની જૂની પ્રજા ગુજરાત કરતાં સિંધની વધુ નજીક કહેવાય. કચ્છી ભાષા સિંધી ભાષાની બોલી જ કહેવાય. કચ્છમાં આવનારી પ્રાચીન પ્રજા પશુપાલક હતી. આમ તો પ્રાચીનકાળમાં બધી પ્રજા પશુપાલક જ હતી. પશુપાલકો પોતાનાં મોટાંમોટાં પશુઓનાં ટોળાં લઈને જ્યાં ચરવાનું સારું હોય ત્યાં ફરતા રહેતા. તેઓ યાયાવર હતા એટલે એક જગ્યાએ કાયમ માટે રહેતા નહીં. વળી ચરાણો વરસાદને આધીન રહેતાં. વરસાદ અનિયમિત હોવાથી વારંવાર દુષ્કાળ પડતો, તેથી જ્યાં સારો ઘાસચારો હોય ત્યાં પોતપોતાનાં પશુઓ લઈને ખસતા-વિચરતા રહેતા. પશુઓમાં ગાયો, ભેંસો, બકરાં-ઘેટાં તો ખરાં, પણ સિંધ અને કચ્છમાં સૌથી મોટું પશુધન ઊંટોનું હતું. ઊંટોની મોટી સંખ્યા રણ પાર કરવામાં અને રણમાં જીવવા માટે બહુ ઉપયોગી હોવાથી ઊંટોનાં મોટાંમોટાં ટોળાંને 'ઑથ' કહેવાયેલી. પોતપોતાની ઑથો લઈને માલધારીઓ ફરતા રહેતા, એટલે કચ્છની કથાઓમાં આવી ઑથોની વાતો વિશેષ જણાય છે. પ્રત્યેક પ્રદેશની એક ભૌગોલિક સ્થિતિ હોય છે. આ ભૌગોલિક સ્થિતિ ત્યાંના વાસીઓની સંસ્કૃતિનું નિર્માણ કરવામાં મહત્ત્વનો ભાગ ભજવતી હોય છે. કચ્છના લોકોને-ખાસ કરીને માલધારી લોકોને સમજવા માટે ત્યાંની ભૌગોલિક સ્થિતિ સમજી લેવી જરૂરી છે.

એવું મનાય છે કે ઈ.સ. છઠ્ઠી શતાબ્દીમાં દેવેન્દ્ર નામનો સરદાર થયો. તેને ચાર પુત્રો થયા : (૧) અસપત, (૨) ગજપત, (૩) નરપત અને (૪) ભૂપત. આ ચારમાંથી અસપતે ઈસ્લામ ધર્મનો સ્વીકાર કરી લીધો. તેના વંશજો ચકતા મુસલમાન થયા, જેમને મોગલ પણ કહેવાય છે. (આ દિલ્હીવાળા મોગલ નહીં.)

નરપતના વંશજો સિંધમાં સમાવંશી રાજપૂતો થયા. ગજપતના વંશજો ગિરનાર જૂનાગઢમાં ચૂડાસમા થયા અને ભૂપતના વંશજો જેસલમેરના ભાટી કે ભટ્ટી રાજપૂતો થયા. ત્યારે ઈસ્લામનો ઉદય નવોનવો થયેલો. ભારતમાં ઈસ્લામનો પ્રવેશ સિંધ અને કેરલના માર્ગે થયેલો - સિંધમાં ભૂમિમાર્ગે અને કેરલમાં સમુદ્રમાર્ગે થયેલો.

આપણે ભૂપતના ભટ્ટીવંશની વાત કરવી છે. ભૂપત મારવાડના અવલવાડા ગયો અને ત્યાંના સરદારની નોકરી કરવા લાગ્યો. તેની બહાદુરીથી પ્રભાવિત થઈને અવલવાડાના પવર સરદારે તેને પોતાની કન્યા પરણાવી.

ભૂપતને છ દીકરાઓ થયા. ત્યારે આ બધા લોકો સારું ચરાણ મેળવવા માટે પરસ્પર નાનાં-મોટાં યુધ્ધો કરતા રહેતા. જીવનમાં આજીવિકા સૌથી મહત્ત્વનું તત્ત્વ હોય છે અને પોતપોતાની આજીવિકા માટે નાના-મોટા ઝઘડાઓ મનુષ્યોમાં જ નહીં પશુ-પક્ષીઓમાં પણ થતા રહેતા હોય છે. એટલે સતત યુદ્ધો કરતા રહેવું અને આજીવિકા મેળવતા રહેવી તે ત્યારે આજના કરતાં વધુ પ્રસ્તુત રહેતું. બળિયાના બે ભાગ એવો નિયમ રહેતો. ત્યારે જીવવા અને ટકી રહેવા વધુમાં વધુ પુત્રો હોવા એ બહુ જરૂરી હતું. વડીલો પુત્રવધૂને આશીર્વાદ આપતા : "દશપુત્રી ભવ!" અર્થાત્ દશ પુત્રોની મા થા!

ભૂપતના છ પુત્રો મહાબળવાન નીવડ્યા. પરાક્રમ આનુવંશિક હોય છે. એટલે નમાલા વંશો વધારવા કરતાં પરાક્રમી વંશો વધારવા તે ડહાપણ કહેવાય. જ્યારે નમાલા વંશોની પ્રજા વધી જતી હોય છે ત્યારે રાષ્ટ્ર નમાલું બની જતું હોય છે, પણ જ્યારે પરાક્રમી અને બુદ્ધિશાળી પ્રજાનો વંશ વધતો હોય છે ત્યારે રાષ્ટ્ર મહા બનતું હોય છે. પ્રજાની કક્ષા એ જ રાષ્ટ્રની કક્ષા બની જાય છે, તેથી ઉચ્ચ ગુણોવાળી પ્રજાનું સંવર્ધન કરવું જોઈએ.

અવલવાડાના પવરોને પાસેના જરકાછાવાળાઓનું ભારે દુઃખ હતું. લગભગ પ્રત્યેક સમયે અને પ્રત્યેક સ્થળે જ્યાં બે પ્રજાઓ વસતી હોય છે ત્યાં બળવાન પ્રજા દુર્બળ પ્રજાને દબાવતી-સતાવતી હોય છે. આ પ્રશ્ન લગભગ સ્થાયી થઈ જતો હોય છે. પવરોએ ભૂપતના છ પુત્રોની સરદારીમાં એક મોટું સૈન્ય એકઠું કરીને કાયમી દુઃખ મટાડવા માટે જરકાછા ઉપર ચઢાઈ કરી દીધી. જે પ્રશ્ન કોઈ રીતે ઉકેલાતો ન હોય તે યુધ્ધ દ્વારા ઉકેલાતો હોય છે. જે લોકો યુદ્ધ કરી શકતા નથી તેઓ શાંતિમંત્રણાથી પણ પ્રશ્ન ઉકેલી શકતા નથી, કારણ કે શાંતિમંત્રણા પણ ત્યારે જ સફળ થતી હોય છે જ્યારે પાછળ યુદ્ધનો વિકરાળ ચહેરો ડરાવતો હોય.

ભૂપતના છ પુત્રોએ જરકાછા સાથે યુદ્ધ કર્યું અને વિજયી થયા. પ્રશ્ન ઉકેલાઈ ગયો. પણ વિજયથી નવા પ્રશ્નો પણ ઊભા થતા હોય છે. હવે પ્રશ્ન હતો કે જરકાછાનો જામ કોણ બને? ત્યારે રાજાને જામ કહેવાતો. જ્યાં ઘણા દાવેદારો હોય ત્યાં કલહ મોટો થાય. જામ બનવાના છ દાવેદારો થઈ ગયા હતા. અંતે છયેને જુદાજુદા ભાગો આપીને સૌને પોતપોતાના વિભાગના જામ બનાવાયા. આ છયેનાં નામ જાણવા જેવાં છે : (૧) ચિના, (૨) મોડ, (૩) ભદુઆ, (૪) લીંજા, (૫) ભાદામ અને (૬) અંજ. આ નામો ઉપરથી પણ જાણી શકાય છે કે આ જાતિઓ ક્યાંક દૂરથી પશુધન લઈને વિચરતી-વિચરતી અહીં આવી હશે.

આ રીતે જરકાછા ઉપર ભૂપતનો ભટ્ટીવંશ શરૂ થયો કહેવાય.

છ પુત્રોમાંથી ચાર પુત્રોનો વંશ બહુ ચાલ્યો નહીં, પણ ભદુઆ અને ભાદામનો વંશ ચાલ્યો. જેટલા જન્મે તે બધા બાપ થતા નથી હોતા. જે બાપ થાય તેનો જ વંશ ચાલે. ભદુઆ અને ભાદામના વંશમાં આગળ જતાં પગારો આજી અને પગારો પુનરાજી થયો. આ 'પગારો' શબ્દ આજે પણ જેસલમેરની બંને બાજુના મુસ્લિમોના ધર્મગુરુ માટે વપરાય છે. ભારત-પાકિસ્તાન બંને તરફના આ મુસ્લિમોના ગુરુને 'પીર પગારો' કહેવાય છે, જેનાં મૂળ આ રાજપૂત વંશમાં હોવાં જોઈએ.

આપણે હવે 'પગારો' શબ્દ છોડીને આજી અને પુનરાજી શબ્દનો પ્રયોગ કરીશું. એક વાર જરકાછામાં ભયંકર દુકાળ પડ્યો. ઢોરોને ચરાણ રહ્યું નહીં તેથી આજી અને પુનરાજીએ નિર્ણય કર્યો કે હવે આપણે જરકાછા છોડીને જ્યાં સારું ચરાણ હોય ત્યાં જઈએ. પશુપાલકો વરસાદી જીવન જીવતા હોવાથી અને વરસાદ અનિયમિત હોવાથી સતત ભટકતું જીવન જીવતા. બંને ભાઈઓએ જરકાછા છોડી દીધું અને પોતપોતાની મોટીમોટી ઑથો લઈને ઘાસની શોધમાં નીકળી પડ્યા.

ભૂખ્યાં પશુઓના માલધારીઓમાં સહજ રીતે ભેલાણવૃત્તિ હોય છે, તેથી જ્યાંથી તેઓ નીકળે કે જ્યાં તેઓ વસે ત્યાં મોટા પ્રમાણમાં ભેલાણ કરાવે. ત્યારે ખેતી તો ખાસ રહેતી નહીં, પણ સૌ સૌનાં પોતપોતાનાં ચરાણ રહેતાં, જેમાં માલિક પોતે પોતાનાં પશુઓ ચારતો. બીજાનાં પશુઓને પેસવા ન દેતો; પણ આજી અને પુનરાજી માથાભારે થઈને ગમે તેના ચરાણમાં પોતાનાં જંગી પશુઓ મૂકી દેતા અને બિંદાસ્ત થઈને ચારતા. આ રીતે આગળ વધતા વધતા તેઓ છેક શિયાણકોટ પહોંચી ગયા. (કદાચ આ પંજાબનું સિયાલકોટ હોઈ શકે.) ત્યાં સોરસીપીઆ નામના રાજાનું રાજ્ય ચાલતું હતું. (નામ ગ્રીક ભાષાનું લાગે છે. કદાચ સિકંદરના કોઈ સરદારનું રાજ્ય હોય.)

આજી-પુનરાજીના ભેલાણના ત્રાસથી લોકો રાજા સોરસીપીઆ પાસે રાવ-ફરિયાદ કરવા ગયા. રાજાએ તરત જ સેના મોકલી આજી-પુનરાજીને ચાલ્યા જવા હુકમ કર્યો, પણ બંને ભાઈઓ ધરાર માન્યા નહીં. અંતે લડાઈની સ્થિતિ આવી પડી. રાજાની સેનાને પહોંચી શકાશે નહીં તેવું માનીને બંને ભાઈઓએ ચાલાકીભરી રમત રમી. તેમણે નમ્રતાપૂર્વક શરણાગતિ સ્વીકારી અને પછી પોતાના વાંઢ ઉપર છાશ પીવા બોલાવ્યા. યુક્તિથી છાશમાં કાંઈક એવું ભેળવી દીધું કે છાશ પીનારા બધા સૈનિકોને ઘેન ચઢ્યું. પછી તો એ બધાને દારૂ પણ પાયો અને બરાબર નશો ચઢાવ્યો. બધાને જમવાય બેસાડ્યા અને ત્યાં જ બધાનાં માથાં કાપી નાખ્યાં. રાજા સારસીપીઓ અને તેની સેના આ રીતે કપાઈ ગઈ, કોઈ બચ્યું નહીં. કોઈ સંદેશો આપનાર પણ બચ્યો નહીં. પ્રત્યક્ષ રીતે આ વિશ્વાસઘાત જ કહેવાય, પણ રાજનીતિમાં આવું તો થતું હોય છે - થતું રહ્યું છે. રાજકારણમાં વિશ્વાસઘાત કરવો એ પાપ તો છે જ, પણ વિશ્વાસઘાતથી બચતા રહેવું તે મુત્સદ્દીપણું છે. તેના વિના રાજ્ય કરી શકાય નહીં.

આજી અને પુનરાજીએ સિયાલકોટ ઉપર કબજો કરી લીધો અને રાજ્ય કરવા માંડ્યું.

ત્યારે સિયાલકોટ કાબુલના સુલતાનનું ખંડિયું રાજ્ય હતું. સુલતાનને ખબર પડતાં જ તે મોટી સેના લઈને સિયાલકોટ ઉપર ચઢી આવ્યો. પણ ચતુર આજી-પુનરાજી બંને નમી પડ્યા અને મોટું નજરાણું આપીને સિયાલકોટ છોડીને પાછા જરકાછા જવા તૈયાર થઈ ગયા.

બધા પોતપોતાની મોટીમોટી ઑથો લઈને પાછા જરકાછા જઈ રહ્યા હતા. રસ્તામાં બંને ભાઈઓ વચ્ચે ગેરસમજથી અને ટૂંકી બુદ્ધિથી ઝઘડો થઈ ગયો. સાથે રહેનારાઓમાં ગેરસમજ થતી જ રહેતી હોય છે. જો તેનું નિવારણ સમય-સમય ઉપર કરવામાં ન આવે તો ગેરસમજ મહાવિષ બનીને મહાવિનાશકારી પણ થઈ શકે છે. બીજું એક ખાસ મહત્ત્વનું તત્ત્વ ભારતીય યોદ્ધાઓમાં એ પણ રહ્યું છે કે તેમનામાં શૂરાતન તો પુષ્કળ હોય છે, પણ ડહાપણ ઓછું હોય છે. ડહાપણ વિનાનું શૂરાતન આત્મવિનાશ કરનારું પણ થઈ જતું હોય છે.

એક દિવસ શિકારનાં જાનવરના ભાગની બાબતમાં બંને ભાઈ લડી પડ્યા અને તેમાંથી બંને પક્ષના ભાલા ઊછળી પડ્યા. અંદરોઅંદર ભયંકર ધિંગાણું જામ્યું. બંનેની સાથે શરણાઈ વગાડનારો લંઘો હતો તેણે તરત જ શરણાઈ વગાડવી બંધ કરી દીધી. શરણાઈ બંધ થવાથી લંઘાની પત્ની લંઘીએ તપાસ કરી તો ભયંકર ખૂનરેજી થઈ રહી હતી. લંઘીએ ડાહ્યા માણસોને વચ્ચે નાખીને ધિંગાણું બંધ કરાવ્યું. ડહાપણ વિનાના શૂરવીરો નાનીનાની બાબતો ઉપર લડી પડતા હોય છે. વારંવાર લડી પડનારા આર્થિક વિકાસ કરી શકતા નથી. આર્થિક સમૃદ્ધિ ધીરગંભીર માણસોને જ મળતી હોય છે અને ટકતી પણ હોય છે.

આ ધિંગાણામાં આજીના ઘણા માણસો મરાઈ ગયા અને તે પોતે પણ ભારે ઘાયલ થયો. છ મહિના સુધી તે ખાટલામાં રહ્યો. માંડ સાજો થયો. હવે તે અને તેનો પક્ષ દુર્બળ થઈ જવાથી પુનરાજીને છોડીને જરકાછામાંથી કંજરકાછા જઈને રહેવા લાગ્યો. બંને ભાઈઓમાં વેરનો ડંખ રહી ચૂક્યો હતો.

આજી કંજરકાછામાં રહીને પોતાને બળવાન બનાવવા લાગ્યો. વેરવૃત્તિ વ્યક્તિને શાંતિથી રહેવા ન દે. વેર વાળવા માટે વૈરાગ્નિમાં બળતો માણસ ગમે તેવો પુરુષાર્થ કરતો હોય છે. આજીએ ફરીથી નવું સૈન્ય તૈયાર કર્યું. કોઈ પણ ભોગે તે ભાઈને મારીને બદલો લેવા માગતો હતો. તેના સૈનિકો પુનરાજીનું પૂતળું બનાવીને તેના ઉપર તીરનાં નિશાન ચલાવવાનો મહાવરો કરતા રહેતા. તીવ્ર દ્વેષવૃત્ત શત્રુને પ્રત્યક્ષ મારી ન શકે તો તેને નિમિત્ત બનાવીને, વાણી કે વર્તનથી પોતાનો ઊભરો ઠાલવવાનો પ્રયત્ન કરતા રહે છે.

હવે બન્યું એવું કે શરણાઈ વગાડનારો લંઘો પોતાની લંઘીને તેડવા માટે કંજરકાછે ગયો. ત્યાં તેણે સૈનિકોની આવી પ્રૅક્ટિસ

જોઈ લીધી. તે સમજી ગયો કે હજી આજીના મનમાં પુનરાજી પ્રત્યેની વૈરવૃત્તિનું શમન થયું નથી. જરૂર ભવિષ્યમાં બંને વચ્ચે મોટો ભડકો થઈ જશે. જે લોકો યોદ્ધા ન હોય, રાજસત્તા સાથે કશી લેવાદેવા ન હોય તે લોકોએ સર્વપ્રથમ પોતાના પરિવારની સુરક્ષાનો વિચાર કરવો જોઈએ. લંઘાને થયું કે મારી લંઘીને તેડીને ક્યાંક સુરક્ષિત જગ્યાએ ભાગી જવું સારું. તે આવો વિચાર કરતો હતો ત્યાં પ્રૅક્ટિસ કરતા યોદ્ધાઓની નજર તેના ઉપર પડી ગઈ. તેઓ તેને પકડવા દોડ્યા. લંઘો બીકનો માર્યો ભાગ્યો અને લંઘાવાસમાં પેસી ગયો. લંઘાની સાસુએ તેનું રક્ષણ કર્યું અને બધા પાછળ પડેલાને પાછા વાળી દીધા. પછી તો લંઘો રોજ આજીના દરબારમાં જવા લાગ્યો અને શરણાઈ વગાડવા લાગ્યો.

એક દિવસ આજીએ રાજી થઈને લંઘાને સવાસો ઊંટની ભેટ આપી. લંઘો અને લંઘી ઊંટ લઈને પોતાના વતન જરકાછા જવા નીકળ્યાં. જ્યારે પુનરાજીએ લંઘા પાસે સવાસો ઊંટ જોયાં અને તે આજીએ આપેલાં છે તેવું જાણ્યું ત્યારે તે ચમક્યો. તેને થયું કે જરૂર આજી બળવાન થઈ ગયો હશે અને હવે વેર વાળશે. ડંખ નીકળે નહીં ત્યાં સુધી વેરની વૃત્તિ શમે નહીં. આજીનો ડંખ નીકળ્યો ન હતો તેથી તે પૂરી તૈયારી કરીને વૈર વાળવા સગા ભાઈ પુનરાજી ઉપર ચઢી આવ્યો. પોતાની સેનાને કિલ્લા બહાર રાખીને તૂરીના ગુપ્ત વેશે પરિસ્થિતિ જાણવા આજી નગરમાં પેસી ગયો અને યોગાનુયોગ તેને લંઘી મળી ગઈ. બંને એકબીજાને ઓળખી ગયાં. લંઘી પોતાના રાજાને મદદ કરવા તૈયાર થઈ ગઈ અને તેણે જણાવ્યું કે આજે એક મરણ થયું હોવાથી બધો દરબાર મરણક્રિયામાં રોકાયેલો છે અને દરબારની બધી ઑથો રેઢી પડી છે.

આજીને આ એક સારી માહિતી મળી ગઈ. ખરા સમયે લંઘી કામમાં આવી ગઈ. વતનનાં આશ્રિત અને ઉપકાર નીચે આવેલાં જાતવાન માણસો કપરા સમયમાં કામ આવતાં હોય છે. લંઘીના બતાવ્યા પ્રમાણે આજી બધી ઑથો વાળીને ચાલતો થયો. સાંઢણીઓના ચારનારા બધા રબારીઓની કતલ કરી નાખી પણ એક રબારીને નાક-કાન કાપીને જીવતો રાખ્યો, જેથી તે પુનરાજીને સંદેશો કહી શકે. સ્વજનો પ્રત્યેની તીવ્ર ઇચ્છા પણ જાગે - "મેં કેવું કરી બતાવ્યું!" તેવી બડાશ હાંકવાની પણ ઇચ્છા થાય. ડાહ્યો માણસ આવા છીછરાપણાથી દૂર રહે, પણ ડહાપણ વિનાનું પરાક્રમ મોટા ભાગે છીછરું જ હોય છે.

નાકકાન કપાયેલા રબારી પાસેથી સમાચાર સાંભળી પુનરાજી કોપાયમાન થયો અને તરત જ પોતાની ઑથો પાછી વાળવા વારે ચઢ્યો. તેના લશ્કરની ધૂળ ઊડતી જોઈ આજીને સમજાઈ ગયું : હવે યુદ્ધ નજીક છે. અધૂરામાં પૂરું ઘોડી ઉપરથી નીચે ઊતરતાં તેનો પગ એક ઝાંખરામાં પડ્યો અને ત્યાં બેઠેલા સર્પે તેને ડંખ દીધો. ઝેર ચઢવા લાગ્યું. મરણ નિશ્ચિત માની તેણે બધી ઑથો લઈ કંજરકાછે પહોંચી જવા સૌને હુકમ કર્યો અને પોતે તથા લંઘો બે જણા જ ત્યાં રહી ગયા. હવે તે બેભાન થવાની તૈયારીમાં હતો. એ પોતાનાં ધનુષ્યબાણ લઈને એક પાળિયાના ટેકે બેસી રહ્યો. પુનરાજીનું સૈન્ય નજીક આવતાં જ તેણે મરણદશામાં પણ બાણ છોડવા મંડ્યો. હાહાકાર મચી ગયો. છેલ્લા શ્વાસ સુધી તે બાણ ચલાવતો રહ્યો. અંતે ઝેર ચઢવાથી તેના પ્રાણ નીકળી ગયા. તેનું સૈન્ય પાછું વળ્યું. પુનરાજી પણ પોતાના ભાઈ આજીની વીરતા જોઈને દંગ થઈ ગયો. બધાએ મળીને ત્યાં આજીના અગ્નિસંસ્કાર કર્યા. પુનરાજીએ મુખાગ્નિ આપ્યો અને પોતાના ભાઈ પાછળ પોકે ને પોકે રડી પડ્યો. ડહાપણ વિનાનું શૂરાતન કેવો અનર્થ કરે તેનું આ પરિણામ હતું. આજીની રાણીઓ અને બીજી કેટલીયે રાજપૂતાણીઓ વિધવા થઈ રોક્કળ કરવા લાગી.

પરિવારની કોઈ અતિમહાન વ્યક્તિ ઓચિંતી મરણ પામે એટલે તરત જ શૂન્યતા આવી જાય. શૂન્યાવકાશમાં તેની સંપત્તિ રક્ષણ વિનાની થઈ જાય. રક્ષણ વિના સંપત્તિ અને સત્તાનું રક્ષણ થાય નહીં. અરક્ષિત સંપત્તિ લૂંટવા ચારે તરફ લોકો ખેંચાખેંચ કરવા લાગે. થોડા જ સમયમાં બધું લૂંટાઈ જાય. આજીના મરણ પછી તેનું પણ તેવું જ થયું. તેનાં ચરાણોમાં બીજા લોકો પોતાનાં પશુઓ ચરાવવા લાગ્યાં. તેની રાણીઓ ક્રંદન કરી-કરીને કરુણ વિલાપ કરવા લાગી. સ્ત્રીઓનાં રીસ, ક્રોધ અને વિલાપ પુરુષોને હચમચાવી નાખતાં હોય છે. આવી સ્ત્રીઓના પ્રેરાયેલા પુરુષો ભયંકર ઇતિહાસ સર્જી બેસતા હોય છે. આજી પછી તેના રાજ્યની સરદારી તેના વારસદાર મોડે લીધી હતી. રાણીઓના રોજરોજના વિલાપથી તે વિચલિત થઈ ગયો. તેણે પુનરાજી પ્રત્યે વેર વાળવાનો નિશ્ચય કર્યો, પણ પોતાની શક્તિ ઘણી ઓછી હોવાથી તે કાબુલના સુલતાન પાસે મદદ માગવા પહોંચી ગયો.

કાબુલનો સુલતાન આજી અને પુનરાજીના કજિયાની વાત જાણતો હતો. તે તકની જ રાહ જોતો હતો. તેને તક મળી ગઈ. જેણે સામ્રાજ્ય વધારવું હોય તેણે નાના-નાના રાજાઓના કુસંપ અને ક્લેશનો લાભ ઉઠાવવાની તક જતી કરવી ન જોઈએ. નાના લોકો પરસ્પર લડવાના જ. તેમની નાની મહત્ત્વાકાંક્ષા પૂરી કરવા તેઓ મોટાને શરણે જવાના જ. આવા સમયે મોટાએ તકનો લાભ લઈને પોતાનો પ્રભાવ વધારવો જોઈએ.

કાબુલનો સુલતાન પોતાની વિશાળ સેના લઈને મોડની સાથે પુનરાજીના જરકાછા પહોંચી ગયો અને ગઢને ઘેરી લીધો. પુનરાજી કિલ્લાના દરવાજા બંધ કરીને સુરક્ષાત્મક યુદ્ધ કરતો રહ્યો. ઘણો સમય વીતી ગયો પણ કોઈ પરિણામ ન આવતાં સુલતાન ઘેરો ઉઠાવીને ચાલતો થયો.

બીજી તરફ પોતાની ઑથોનું હરણ કરાવનાર લંઘીને શોધી કાઢીને પુનરાજીએ તેની કતલ કરાવી નાખી. પત્નીની કતલથી લંઘો છંછેડાયો. તેણે બદલો લેવાનું નક્કી કર્યું. નાનો માણસ પણ જો જાણભેદુ હોય અને ફૂટી જાય તો ઘણું નુકસાન કરી શકે છે. લંઘો ઘોડો દોડાવીને પાછી વળતી સુલતાનની ફોજને જઈ મળ્યો. એણે કિલ્લામાં પેસી જવાનો ગુપ્ત માર્ગ બતાવી દીધો. રાત્રે ઓચિંતી સુલતાનની સેના પાછી વળી અને કિલ્લામાં ઘૂસી ગઈ. ચારે તરફ લૂંટફાટ મચાવી, આગ લગાડી હાહાકાર મચાવી દીધો.

**(અનુસંધાન : જુઓ પાના નં.-૧૦૧ ઉપર)**

સિંધી વાર્તા

# પાંચસો બાળકોની માતા

• લખમી ખિલાણી •

'આઈ એમ વેરી સોરી, હું ખરેખર દિલગીર છું. મારા હાથની વાત હોત તો હું ચોક્કસ તમારી મદદ કરત,' આચાર્યા ચન્દ્રા અજવાણીએ પોતાની લાચારી વ્યક્ત કરતાં જણાવ્યું.

'દીદી મારા પર આટલો ઉપકાર કરો. જીવનભર તમારી ઋણી રહીશ' કહેતાં કહેતાં મોહિનીને ગળે ડૂમો ભરાઈ આવ્યો.

'જુઓ તમે જ વિચારો. ધોરણ ૧૧ના બે વર્ગોમાં ૮૦ ને પ્રવેશ આપવાનો છે, તેની સામે ૨૦૦ અરજીઓ મળી છે. નિયમાનુસાર ગુણવત્તાને આધારે પ્રવેશ આપવાના છે. તમારી દીકરીના ગુણ તો પચાસ ટકા કરતાં પણ ઓછા છે. તમે અન્ય કોઈ શાળામાં પ્રયત્ન કરી જુઓ. ક્યાંક તો પ્રવેશ મળી જ જશે.' ચન્દ્રાએ સામે પડેલી એક ફાઈલ ઉઠાવી અને શાળાકીય બાબતે સામે જ બેઠેલી શિક્ષિકા કુમુદ સાથે ચર્ચા કરવા માંડી.

મોહિનીએ વિચાર્યું કે હવે અહીં બેસવાનો કોઈ અર્થ નથી. દરવાજાની બહાર વાલીઓની ભીડ જામી હતી. સહુ કોઈ પોતાનાં સંતાનોના શાળા પ્રવેશ માટે પરેશાન હતા. બાળકોના ભવિષ્યની ચિંતા વાલીઓને કરગરવા મજબૂર કરે છે. આમ તો કોઈની સામે ખોળો પાથરીને આજીજી કરવાનું મોહિનીના સ્વભાવમાં નહોતું. આજે પણ મમતાની વર્ગ શિક્ષિકા કુમુદ; તેને બળપૂર્વક અહીં ખેંચી લાવી હતી. તેણે કહ્યું હતું, 'એક વાર પ્રયત્ન કરી જોવામાં શો વાંધો છે?'

પોતાની સાથે લાવેલા ગુણપત્રકો અને પ્રમાણપત્રો વગેરે દીકરી મમતાને સોંપતા મોહિનીએ મનોમન નક્કી કરી લીધું. ઠીક છે. વારૂ. એસ.એસ.સી. તો તેણે પાસ કરી લીધી છે. હવે તેને હું સિવણ - કાંતણ તથા ઘરના અન્ય કાર્યોમાં કુશળ બનાવી દઈશ. આમેય આગળ જતાં સ્ત્રીએ તો ઘર જ સંભાળવાનું છે ને! કૉલેજના અભ્યાસનો ખર્ચ ઉઠાવવાની પણ તેની ત્રેવડ ક્યાં છે? ઈશ્વરની પણ કદાચ એ જ ઈચ્છા હશે.

મોહિનીએ ઊઠતાં કહ્યું, 'સારું દીદી, હું રજા લઉં. મમતાનું ધ્યાન રાખવા તમને ફરી વાર વિનંતી કરું છું. તમારી જ દીકરી છે. દસ સુધી તો અહીં તમારી જ શાળામાં ભણી, હવે ૧૧માં બીજી કઈ શાળા એને પ્રવેશ આપશે?'

ચન્દ્રાએ કટાણા મોંએ મોહિની સામે જોયું. તેણે વિચાર્યું, બધા વાલીઓ આદુ ખાઈને તેની પાછળ જ પડી ગયા છે. એક એક સાથે ચર્ચા કરવા જાઉં તો મારા માથાના વાળ જ સફેદ થઈ જશે. બીજી જ ક્ષણે ચહેરા પર હાસ્ય લાવતાં તે બોલી, 'તમે સમજતા કેમ નથી? પચાસ ટકા કરતાં ઓછા ગુણવાળાને પ્રવેશ આપીશ, તો સૌ પ્રથમ તમારી દીકરીને આપીશ. હા, તમારું નામ શું?'

'મમતા ટહિલ્યાણી', છોકરીએ સહેજ ડરતાં કહ્યું. 'આગળ અભ્યાસની ઈચ્છા હતી, તો મહેનત કરીને સારા ગુણ કેમ ન મેળવ્યા?' આચાર્યએ મમતાને ટપારી. મમતાને બદલે કુમુદે આચાર્યને ઉત્તર આપ્યો, 'દીદી, મમતા ભણવામાં તો ઘણી હોશિયાર છે. પણ આ વખતે પરીક્ષા દરમ્યાન તેને ટાઈફોઈડ થઈ જવાથી પેપર સારાં નથી ગયાં. તમે ઈચ્છો તો...' કુમુદ અટકી ગઈ. ચન્દ્રા તેની તરફ કઠોર નજરે જોઈ રહી હતી, જાણે ઠપકો ન આપતી હોય, 'તમને આ બાબતે વચ્ચે પડવા કોણે કહ્યું?'

ચન્દ્રાએ મનમાં નિર્ણય કર્યો, 'ના આમ તો ના જ થાય.'

શાળાના સંચાલક મંડળની જે અનામત બેઠકો છે, તે માટે એક સ્થાનિક ધારાસભ્યે અગાઉથી જ કહી રાખ્યું છે. બીજી બેઠક મેનેજિંગ ટ્રસ્ટીની સાળી માટે છે. નગરના કેટલાયે દાનવીરો લાઈનમાં છે. આ શાળા તેઓના દાન-ફાળા પર ચાલે છે. મૃદુસ્વરે તે બોલ્યા, 'હું કંઈ પણ કરી શકવા અસમર્થ છું. કુમુદ, તમને તો ખબર છે કે નિયમ એટલે નિયમ. હું નિયમ નહીં તોડું. કોઈ એકની તરફેણ કરીશ તો અન્ય વાલીઓ મારી પર ચઢી બેસશે.'

મોહિની એકી નજરે ચન્દ્રાના ચહેરા પરના ભાવ વાંચતી રહી. આજે, તે તેની બાળપણની ગુલાબી ગાલવાળી સખી નહોતી. તેનો કઠોર ચહેરો કેટલો શ્યામ પડી ગયો હતો? આજકાલના શિક્ષકોના ચહેરા પર પહેલાં જેવાં આનંદ-ખુશી નથી. કદાચ બાળકોને ભણાવવાની જવાબદારી તેઓ માટે ભારે બોજ બની ગઈ છે. મોહિનીએ બન્નેની વિદાય લીધી અને મમતાનો હાથ પકડી આચાર્ય કક્ષમાંથી બહાર નીકળી ગઈ.

કુમુદને તેની આચાર્યા પર ગુસ્સો આવતો હતો. શિક્ષિકાઓ પાસેથી નિયમ વિરુદ્ધ કામ કરાવતાં કાયદા-કાનૂન યાદ નથી આવતા? ના, આ સ્ત્રી એકદમ બંજર જમીન છે. એ ભૂમિ પર સહાનુભૂતિના અંકુર નથી ફૂટવાના. મોહિનીએ સાચે જ યોગ્ય કહ્યું હતું, 'હું ચન્દ્રાને નાનપણથી ઓળખું છું. તેની પાસે જવાથી કંઈ નહીં વળે.' પણ હું જ તેને પરાણે અહીં ખેંચી લાવી અને તેનું અપમાન કરાવ્યું. કુમુદને અપરાધ ભાવના થઈ આવી.

કુમુદ વિચારવા માંડી. મોહિની દીદી ખરેખર દેવી જ છે. સમગ્ર દુનિયામાં સૌના દુઃખમાં ભાગ લેનારી, અને મુસીબતમાં મદદરૂપ બનનારી, એટલે જ તો લોકો એના ગુણ ગાય છે. પતિના અવસાન બાદ તકલીફો વેઠીને બે સંતાનોને મોટાં કર્યાં હતાં, એમ છતાંય તેના ચહેરા પર કોઈ ફરિયાદ ન હતી. તેનો શાંત અને સૌમ્ય ચહેરો સ્વાભિમાનની ચમકથી ખીલેલો હતો.

બહાર રાહ જોઈને ઊભેલા વાલીઓ પાસેથી પટ્ટાવાળો ચબરખીઓ લઈ આવ્યો, પણ ચન્દ્રાએ એને ના પાડી દીધી. 'સૌને કહી દો કે કાર્યાલયમાં ફોર્મ્સ જમા કરાવી દે. અત્યારે મારી પાસે મુલાકાત માટે સમય નથી. પ્રવેશ મેળવેલા વિદ્યાર્થીઓનાં નામ નોટિસ બોર્ડ પર મૂકવામાં આવશે.' તેણે પટ્ટાવાળાને સૂચના આપી.

ચન્દ્રાને લાગ્યું કે વિદ્યાર્થીઓ કરતાં તો તેઓના વાલીઓ શિરોવેદનાનું કારણ છે. ઑફિસ તો ઠીક, ઘરે પણ આરામથી બેસવા નથી દેતા. આખો દિવસ ફોન રણક્યા કરે છે. ઉફ! મારાથી હવે આ કામ નહીં થાય, તબિયત પણ સાથ નથી આપતી.

આચાર્યને 'ડિસ્ટર્બ્ડ' જોઈને કુમુદ ફાઈલો ઉઠાવીને ચાલવા માંડી. એકાએક ચન્દ્રા તેને પૂછી બેઠી, 'તમને ખબર છે — આ મોહિનીબેન આપણી શાળામાં શિક્ષિકા તરીકે સેવાઓ આપી ચૂક્યા છે?' 'હા દીદી સાંભળ્યું છે. કાશ તેમણે આ નોકરી ન છોડી હોત તો તેમને પોતાના સંતાનોના ઉછેર માટે આટલી મુસીબતો ઉઠાવવી ન પડત,' કુમુદે કહ્યું.

'એનો અર્થ કે તમને પૂરી વાતની જાણ નથી. નોકરી મોહિનીએ છોડી નહોતી, છોડાવવામાં આવી હતી' ચન્દ્રાની વાત સાંભળીને કુમુદે સાશ્ચર્ય તેની સામે જોયું. 'હા, આ વિદ્યાલયની સ્થાપના કરનાર ભાઈસા'બ ત્યારે જીવિત હતા. તેઓએ નિયમ બનાવ્યો હતો કે જે શિક્ષિકા આ શાળામાં કાર્ય કરશે, તેણે અવિવાહિત રહેવું પડશે.'

'આ તો કઠોર નિયમ છે. દીદી!'

'ભાઈસા'બનું માનવું એમ હતું કે જો શિક્ષિકાઓ લગ્ન કરી લેશે, તો તેઓને પણ બાળકો થવાના. ત્યારે તે શિક્ષિકાઓ વિદ્યાર્થીઓ પ્રત્યે પૂરતું ધ્યાન નહીં આપી શકે. વિદ્યાર્થીઓ સાથે તેઓ યોગ્ય વ્યવહાર નહીં કરી શકે. તમારી આ મોહિનીદેવીએ ભાઈસા'બની આજ્ઞાનું ઉલ્લંઘન કરીને લગ્ન કર્યાં. બે બાળકો પણ થયાં. એની સજા તો તેને મળવી જ જોઈએને! નિયમ એટલે નિયમ.'

બિલકુલ નહીં. ચન્દ્રાએ મકક્મતાથી કહ્યું, 'ભાઈસા'બ તો અસાધારણ વ્યક્તિ હતા, શિક્ષિકાઓએ શિક્ષણના પ્રસાર માટે સંપૂર્ણ જીવન અર્પણ કરી નાખવું જોઈએ, એવો તેમનો વિચાર સાચો હતો. શાળામાં વિદ્યાર્થીઓને ભણાવવા અને ગૃહસ્થી સંભાળવી, એ બન્ને કાર્ય એકી સાથે ન થઈ શકે. મારી દૃષ્ટિએ ભાઈસા'બ સાચા હતા. મને જ જુઓ ને! આજે સૌ મને પાંચસો બાળકોની મા કહે છે. આ પાંચસો બાળકો મને ઘણાં જ વહાલાં છે.'

કુમુદ ઊભી થતાં બોલી, 'હું નથી માનતી. મારી દૃષ્ટિએ તો કોઈ પણ વ્યક્તિને બલિનો બકરો ક્યારેય પણ ન બનાવવો જોઈએ, પછી ભલે ને તે માનવ જાતિના ઉત્કર્ષનું મોટું કાર્ય કેમ ન હોય! વ્યક્તિને જેમાં આનંદ મળે, મનની ખુશી મળે એવું કાર્ય કરવું જોઈએ.'

કુમુદનું આ ભાષણ દીદીને ગમ્યું તો નહીં, અલબત્ત કુમુદ તેમનું પ્રિયપાત્ર ખરી. કવિતા-વાર્તા લેખનને કારણે, તેનું માન સન્માન અન્ય શિક્ષિકાઓની તુલનાએ અધિક ખરું. ચન્દ્રાએ સહેજ ચિડાઈ જતાં કહ્યું, 'કુમુદ, તમે પણ લગ્ન કરતાં પહેલાં સારી રીતે વિચારી લેજો. આ વિદ્યાલયનો નિયમ આજે પણ અફર છે.' કુમુદે કોઈ પણ પ્રતિક્રિયા ન આપી, તે બહાર નીકળી ગઈ.

કુમુદના ગયા પછી ચન્દ્રા ઊભી થઈ. કબાટમાંથી માથાના દર્દની ગોળી કાઢી, પાણી સાથે ગળી ગઈ. કપાળ પર બામ ઘસ્યું, માથા પર રૂમાલ બાંધીને, રૂમની બહાર લાલબત્તી 'ઓન' કરીને, આરામ કુર્સીમાં પટકાઈ પડી. દર્દને કારણે માથું ફાટી રહ્યું હતું. હમણાં કેટલાક દિવસોથી તબિયત પણ સારી નથી રહેતી. સ્વભાવ પણ ચીડિયો બની ગયો હતો. શિક્ષિકાઓ સામનો કરતાં અચકાય છે. તેઓને અપમાનિત થઈ જવાની બીક લાગે છે. વિદ્યાર્થીઓનો કલબલાટ અને વર્ગખંડમાં તેઓની નિર્દોષ ઉછળકૂદ ચન્દ્રા સહન નથી કરી શકતી. ડંડો લઈને તરત જ વર્ગખંડમાં તે ધસી જાય છે. બિલાડીથી જેમ ઉંદર છુપાઈ જાય તેમ બાળકો તેઓના આચાર્યાને જોઈને બેંચ નીચે લપાઈ જાય છે. વિદ્યાલયમાં એની સારી ધાક છે, એવી આસપાસના લોકોમાં ચર્ચા છે.

બંધ આંખે ચન્દ્રાની સામે, વીસ વર્ષ પહેલાંનો મોહિનીનો તાજો, યૌવનથી છલોછલ ચહેરો ઊભરી આવ્યો. હવે તેનું શરીર નબળું પડી ગયું હતું. દુઃખ દર્દ સહન કરતાં કરતાં તેના વાળ ચાંદીના તાર જેવા સફેદ થઈ ચૂક્યા હતા, પણ આંખોમાં ચમક ખરી! મુખ પર આત્મવિશ્વાસ તથા સંતોષની આભા હતી. તે વિચારવા લાગી કે કુમુદનું કહેવું યોગ્ય હતું ખરું? તેણે પસંદગીમાં શું કોઈ ભૂલ કરી હતી? નારે ના! તેની પ્રત્યેક ઈચ્છા પૂરી થતી હતી. આજે તેની પાસે શું નથી? આચાર્યની ખુરશી, બંગલો, કાર, નોકર-ચાકર, ઉપરાંત નગરમાં પ્રતિષ્ઠા માન-સન્માન, કલેક્ટરથી માંડીને મિનિસ્ટર સુધીની વ્યક્તિઓએ શાળામાં પોતાના સંતાનના પ્રવેશ માટે તેની ખુશામત કરી હતી! તે દરેક દૃષ્ટિકોણથી પ્રસન્ન હતી, ખુશ હતી, બેહદ ખુશ.

તેની સરખામણીએ મોહિની પાસે શું છે? રમેશ તો ભરયુવાનીમાં તેને વૈધવ્યનો સાડલો ઓઢાડીને ચાલ્યો ગયો.

પડોસીઓના કપડાં સીવવામાં અને ટ્યૂશન કરવામાં જ મોહિનીએ જિંદગી ખોઈ નાખી. આજે તેની પાસે કશું જ નથી. જો તેણે ભાઈસા'બનું કહ્યું માન્યું હોત, તો આજે તે આચાર્ય હોત. ભણાવવામાં હોશિયાર, એટલે ભાઈસા'બ પણ તેનું માન રાખતા. પણ તેણે આચાર્યની ખુરશીને ઠોકર મારીને, રમેશની પસંદગી કરી હતી.

ચન્દ્રાની નજર સમક્ષ ૨૦-૨૫, વર્ષ પહેલાનાં દૃશ્યો ફરવા માંડ્યા. મોહિની કરતાં તે વધુ આકર્ષક અને સુંદર હતી. રમેશ પણ તેને ચાહતો હતો. જો તેણે ઈચ્છયું હોત તો મોહિનીનું ઘર આજે તેનું ઘર હોત. મોહિનીની દીકરી આજે એની દીકરી હોત. પોતે તેની ચોટલીઓ ગૂંથીને, તૈયાર કરીને ગાલ પર બે-ચાર બચ્ચીઓ ભરીને શાળાએ મુકવા આવત. આહ! આ જીવનનું કેટલું મોટું સુખ છે. બાળકો જીવનના અંદરના ખાલીપાને ભરી દેતાં હશે, કદાચ!

કોઈ કવિની પંક્તિઓ તેના દિલમાં વારંવાર વાગી રહી હતી અને દર્દનાં મોજાંઓ પેદા કરી રહી હતી, 'ભટકતી રહી રૂહ દર દર, ન મિલા પ્યાર કહીંસે પલ ભર!' પણ બધાં સુખ તો બધાંને નથી મળતાં અનેકોને તેના ભાગ્યની ઈર્ષ્યા પણ થાય છે.

ચન્દ્રાએ મનોમન નિર્ણય કર્યો કે સેવા નિવૃત્તિ પછી તે સ્વયંને કોઈને કોઈ સામાજિક કાર્યમાં પરોવી દેશે. લોકો પછી ભલે ને તેને પલાયનવાદી કહે. પણ એ રીતે અમુક લોકોનું તો ભલું થશે. ભાઈસા'બ સાચે જ કહેતા કે વ્યક્તિએ અન્યની ખુશી માટે, પોતાની ખુશીનો ત્યાગ કરી દેવો જોઈએ. આ ધરતી પર, અમારા જેવા માણસો, સ્વયંના જીવનનો ભોગ આપીને અન્યોના જીવનમાં પ્રકાશ આપવા જન્મ્યા છે.

બપોરના બાર વાગ્યા હતા, રજા પડવાને એકાદ કલાકની વાર હતી. ઘેર જઈને આરામ કરશે. ઓટોમાં જવાને બદલે ચન્દ્રાએ પગે જવાનું નક્કી કર્યું. તેણે છત્રી ઉપાડી, આંખો પર ગોગલ્સ ચઢાવ્યા, પરસાળમાંથી પસાર થતાં સ્ટાફ રૂમમાં મલકાતી શિક્ષિકાઓના સ્વર કાને પડ્યા. કુમુદનો સ્વર હતો, 'મારે માટે જ્યારે પસંદગીનો સમય આવશે ત્યારે હું તો મોહિનીબેનની જેમ માસ્તરીને લાત મારીને ચાલી નીકળીશ. ચન્દ્રાબેનની જેમ મારે કોઈને દુ:ખી નથી કરવા કે નથી દુ:ખી થવું. જે પોતે સુખી નથી તે બીજાને શું સુખ આપશે? કહે છે કે હું બાળકોને વહાલ કરું છું, હં! જેણે પોતે કોઈનો પ્રેમ નથી મેળવ્યો, તે બીજાને શું આપશે? શું વહેંચશે? જે એક બાળકની મા ન બની શકે, તે પાંચસો બાળકોની મા શું બનશે?'

શિક્ષિકાઓ દ્વારા થતાં આ ઠઠ્ઠા-મશ્કરીના તોફાને તેને જડમૂળમાંથી ઉખાડી દીધી. તેનું માથું ચકરાવા લાગ્યું. પોતાની જાતને પડતાં બચાવી લેવા ચન્દ્રાને હાથ લંબાવીને દીવાલનો ટેકો લેવો પડ્યો.

***સૌજન્ય : "માટીની મહેક અને અન્ય સિંધી વાર્તાઓ"***

## કચ્છી કથા : "આજી - પુનરાજી"

**(અનુસંધાન : પાના નં.-૯૮ ઉપરથી ચાલુ)**

સુલતાનની સેનાથી બચવા અને પોતાના શિયળની રક્ષા કરવા કેટલીય રાજપૂતાણીઓએ આત્મહત્યા કરી. જોતજોતામાં આખું નગર લૂંટાઈ ગયું અને ઉજ્જડ થઈ ગયું. આ બધો સમય પુનરાજી નગર બહાર હતો. તે જ્યારે પાછો ફર્યો અને નગરની દશા જોઈ ત્યારે તે સ્તબ્ધ થઈ ગયો. ચારે તરફ વિનાશ જ વિનાશ હતો. સૌથી મોટો વિનાશ તો પુનરાજીની ઓરમાન માતા, તેની રાણી અને તેની કુંવરીનું હરણ કરીને ડોલીમાં બેસાડીને સુલતાન લઈ ગયો એ હતો. ભાઈએ ભાઈનો વિનાશ કરાવ્યો હતો. જો લંઘીને સ્ત્રી સમજીને ક્ષમા આપી દીધી હોત તો કદાચ આ મહા અનર્થ ન થયો હોત. કેટલીક વાર ક્ષમા આપવી એ પણ પોતાના હિતમાં હોય છે અને ન આપવી તે વિનાશકારી થઈ શકતું હોય છે. પહેલાં ભત્રીજા મોડે અને પછી લંઘાએ મહા અનર્થ કરી મૂક્યો હતો. ડહાપણ વિનાનું શૂરાતન દાટ વાળતું હોય છે.

પુનરાજી તરત જ સુલતાનની ફોજ પાછળ પડ્યો. તેને માતા, રાણી અને કુંવરીની ચિંતા હતી. સુલતાનની નજર રાજપૂત સ્ત્રીઓ ઉપર હંમેશાં રહેતી હતી. ભૂમિ જીતવા કરતાં પણ સ્ત્રીઓએ જીતવાનો તેને વધુ આનંદ હતો. સુલતાનને મોડનો સાથ મળ્યો. રાજપૂત રાજપૂતનો દુશ્મન બન્યો હતો. ભાઈ ભાઈને હરાવવા માટે સુલતાનને તેડી લાવ્યો હતો. પુનરાજીએ જોયું કે પોતાનો ભાઈ મોડ ૫૦૦ ઘોડેસવારો સાથે સુલતાનની આગળ જઈ રહ્યો છે. પુનરાજીએ તેને રોક્યો અને સમજાવ્યો : 'તારે મારી સાથે દુશ્મનાવટ હતી તો તેં મારું નગર ખેદાનમેદાન કરાવી નાખ્યું, પણ ઓરમાન માતા, રાણી અને કુંવરીએ તારું શું બગાડ્યું હતું? હજારો રાજપૂતાણીઓએ શિયળ બચાવવા આત્મહત્યા કરી લીધી! આવું કામ તને શોભે?' બંનેએ મન મૂકીને વાતો કરી. હવે મોડને પોતાની ભૂલ સમજાઈ, પણ હવે શું થાય? વૈર વાળવા તે સુલતાનને લઈ તો આવ્યો, પણ તેણે તો પોતાની મા-દીકરીઓની આબરૂ ઉપર પાણી ફેરવ્યું.

અંતે બંનેએ મળીને સુલતાનની ફોજને રસ્તો ભુલવાડીને એક એવા ડુંગરાળ રસ્તા ઉપર ચડાવી દીધી, જ્યાંથી વારાફરતી એક જ માણસ પસાર થઈ શકે. આવા સાંકડા રસ્તામાં પુનરાજીએ સુલતાનની આખી ફોજને કાપી નાખી. સુલતાન ચામુંગલને ખબર પડી, તો તે રાજકુમારી સોનલને એકલી ઉઠાવીને બીજા રસ્તેથી ભાગી છૂટ્યો, પણ પુનરાજીના માણસો તેની પાછળ પડ્યા અને સુલતાન તથા સોનલને પકડી લાવ્યા. સુલતાને શરણાગતિ સ્વીકારી. પુનરાજીએ પોતાની ઓરમાન માતા, રાણી અને રાજકુમારી સોનલને મેળવીને યુદ્ધમાં વિજય મેળવ્યો.

બધા વાજતેગાજતે પાછા ગઢકાછા આવ્યા અને ગઢકાછા બળીને રાખ થઈ ગયું હતું તેનો ફરીથી ઉદ્ધાર કરવાના કામે લાગી ગયા. રાજકુમારી સોનલનાં લગ્ન પુનરાજીએ પોતાના સગા ભાણેજ આમરજી સાથે કરી દીધાં.

આ કથામાંથી આજે પણ ઘણો બોધપાઠ લઈ શકાય તેમ છે.■

# લઘુ કથાઓ

• નવીન ત્રિપાઠી 'અલ્પ'

## ધમ્મા! મોજ કર!!

પોરબંદરથી ભુજ જતી બસ રાજકોટ થોભી. ધક્કામુક્કી છતાં નવીનને જગ્યા મળી ગઈ.

બસ ઊપડતાં કંડક્ટરે કહ્યું, 'ટિકિટ!' 'એક ભુજ,' કહીને ખિસ્સામાંથી પાકીટ કાઢવા નવીન ઊભો થયો... પાકીટ ગૂમ!

કંડક્ટરે કહ્યું, 'ચિંતા ન કરો! આ બસનું રોકાણ ભુજમાં એક કલાક છે. ત્યાં પૈસા આપી દેજો અને હા, રસ્તામાં ચા-નાસ્તો આપણે સાથે જ કરીશું. લ્યો આ ટિકિટ, મોજ કરો!'

નવીનને આશ્ચર્ય થયું. 'મોજ કરો' શબ્દપ્રયોગ મિત્રો સાથે તે અવારનવાર કરતો અને આ કંડક્ટર પણ બીજા મુસાફરો સાથે વારંવાર મોજ કરો! — કહી આનંદનું આદાનપ્રદાન કરતા હતા.

રસ્તે ઉપાહાર ગૃહ આવતાં કંડક્ટરે તેને આગ્રહપૂર્વક ચા-નાસ્તો કરાવ્યો.

નવીને વાતવાતમાં 'મોજ કરો' શબ્દનું રહસ્ય જાણવા પ્રયત્ન કરતાં કંડક્ટરે કહ્યું, સાહેબ... વાત જાણે એમ છે કે હું જ્યારે હાઈસ્કૂલમાં ભણતો હતો ત્યારે મારી મા બીમાર હોવાથી પરીક્ષા ફીની રકમ સારવારમાં વપરાઈ ગઈ ને પરીક્ષાની ફી છેલ્લી તારીખ સુધી પણ ભરી ન શક્યો ત્યારે મારાં વર્ગશિક્ષિકા બહેને કહ્યું, તારી ફી હું ભરી આપું છું. ધમ્મા! મોજ કર!!

નવીને ધમ્માભાઈને કહ્યું, તે બહેનનું નામ યાદ છે?

તેણે કહ્યું, નામ... નામ... કંઈક યાદ આવે છે... લખમીબહેન, લછમીબહેન, ના.... ના... લક્ષ્મીબહેન, અરે યાદ આવ્યું... રશ્મિબહેન!

ભુજ આવતાં નવીન ઘેર આવ્યો. પત્ની રશ્મિ પાસેથી પૈસા લઈ ઉતાવળે બસ સ્ટેશને આવ્યો. જાણવા મળ્યું કે તે કંડક્ટરને બીજા રૂટમાં ફરજ પર મૂકવામાં આવ્યા છે.

પછી તો નવીને વારંવાર તેની તપાસ કરી પણ ધમ્માભાઈની બદલી અન્ય જિલ્લામાં થઈ હોવાનું જાણવા મળ્યું.

પરીક્ષા ફી ની રકમ નવીન સુધી પહોંચાડી ઋણમુક્ત થવું એ પણ શું યોગાનુયોગ હશે? આજે તો એ દયાળુ ધમ્માભાઈનાં કોઈ સમાચાર નથી ને માયાળુ રશ્મિ પણ હવે સ્મૃતિ બની ગઈ છે. ધમ્માભાઈને ટિકિટની આપવાની રકમ નવીને હજી પણ પાકીટમાં સાચવી રાખી છે!

વયસ્ક મિત્રોની મંડળીમાં કોઈ આનંદ કરતી વ્યક્તિને વારંવાર મોજ કરો... મોજ કરો...!નો શબ્દ પ્રયોગ કરતાં નવીન સાંભળે છે ત્યારે તેના ખભા પર હાથ મૂકીને સહેજે તેને પૂછી લેવાનું મન થાય છે કે, શું તમારું નામ ધમ્માભાઈ છે??

★

## ફિફ્ટી ફિફ્ટી

પપ્પા! મારા પ્રથમ પગારની ખુશાલીમાં લ્યો - કરો મીઠું મોઢું ને આપો આશીર્વાદ!

આશીર્વાદ! પણ આ કવરમાં શું છે વળી?

મારા પ્રથમ પગારનો રાજીપો... તમને નવો કોટ સીવડાવવા માટે મમ્મી ક્યારનીય કહેતી હતી ને? મમ્મી ખૂબ રાજી થશે, એમ કહી પૈસાનું કવર ટેબલ ઉપર રાખી પુત્ર ખુશાલી વહેંચવા બીજા ખંડમાં ગયો.

કેટલાક સમયથી ખાલી રહેલી ખુરશી તરફ તેમણે જોયું ને બોલ્યા, લઈ લઉં?

બારીમાંથી રૂપકડું પતંગિયું આવીને ખુરશીના હાથા ઉપર બેસી ગયું, એ જ લહેકાભર્યા પ્રેમાળ પ્રત્યુત્તર 'લઇ જ લેવાય! લઈ લ્યો! પણ એક શરતે!'

'કઈ શરત?' તેમણે કહ્યું.

આ રકમમાં આપણું ફિફ્ટી ફિફ્ટી!...

હું ન સમજ્યો!

સમજાવું! જુઓ, તેની નોકરી ન હોવાથી હું તેને ખિસ્સા ખર્ચ માટે તમારાથી છાની રીતે પૈસા આપતી, પણ હમણાં કેટલાક સમયથી... હું તેને કંઈ પણ... એટલે સમજી ગયાને?

એટલે તું એકલી એકલી આ આનંદ લેવા માંગશને? હવે તને સાચું કહું, હું પણ તને ખબર ન પડે તેમ મોબાઇલ - કપડાં વગેરે માટે પૈસા આપતો હતો!

થોડા સમયમથી મેં પણ તેને કંઈ આપ્યું નથી. એટલે મારા ભાગની ફિફ્ટી પણ તેને આપી દઉં તો થઈ જાય ને ફિફ્ટી ફિફ્ટીનો સંતોષ!

ખિસ્સામાં રાખવા માટે હાથમાં લીધેલું કવર તેમણે ટેબલ પર પાછું રાખી દીધું.

કેટલાક સમયથી આંખમાં રહેલો ખાલીપો સજલ બન્યો. તેમણે જોયું તે ખુરશીની આજુબાજુ ઊડાઊડ કરતું પેલું રૂપકડું પતંગિયું ટેબલ ઉપર પડેલા કવર ઉપર જરીક બેઠું... સ્પર્શ કર્યો ને બારી બહારે ઊડી ગુલાબના પુષ્પ ઉપર બેસીને ગુલાબ બની ગયું.

*ડી/૫, અરિહંત નગર, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*

ચિંતન

# સમાજના યુવાનો તથા વ્યવસાયિકોને આહ્વાન

• હીરેન કે. શાહ •

સૃષ્ટિનું ગણિત છે કે જે પોતાની જાતને બદલાતા સમયની જરૂરિયાત પ્રમાણે ન ઢાળે તેને આ સૃષ્ટિની રચનામાંથી બહાર થઈ જવું પડે છે. આ નિયમ જગતની તમામ સંસ્કૃતિઓથી માંડીને જીવ/જનાવર સુધી બધાને સરખી જ રીતે લાગુ પડે છે. એક વખતના મહાકાય ડાયનાસોર હોય કે નોકિયા ફોન, બધાના અંજામ સરખા જ જોવા મળ્યા છે.

આપણે જો આપણા કચ્છી સમાજને આ જગત સાથે તાલ મેળવવાની કસોટી પર મૂકીએ તો જબરદસ્ત વિરોધાભાસ જોવા મળે.... ૧૯૬૫થી શરૂઆત કરીએ ને આજદિન સુધી નજરમાં રાખીએ તો આર્થિક પ્રગતિ ખૂબ જ પ્રશંસનીય રહી છે. પણ વધુ બારીકાઈથી જોતાં એ ખ્યાલ આવે કે પ્રગતિ મેળવવાની રીતમાં ફરક આવી રહ્યો છે. આપણા સમાજના બિઝનેસમેનને આપણે કહેતાં સાંભળીશું કે "ધંધા હવે પહેલા જેવા નથી રહ્યા' માર્જિન ઘટી ગયા છે. કોમ્પિટિશન બહુ વધી ગયું છે વગેરે વગેરે... પરિણામે આપણે આપણી આવનાર પેઢી (નેકસ્ટ જનરેશન) ને સલાહ આપીએ છીએ કે જોબ કરીને શાંતિથી જીવન વિતાવો. કદાચ આ જ અભિગમના કારણે કૉટન, ટ્રાન્સપોર્ટ, અનાજ જેવા કેટલાક ધંધાઓમાં જ્યાં આપણી પકડ હતી તે હવે નથી રહી. એક બાજુ આર્થિક પ્રગતિ તો ચાલુ જ છે પણ સાથે-સાથે આપણે ટોચનું સ્થાન ગુમાવ્યું છે.

ગ્લોબલાઈઝેશન ઓફ બિઝનેસ અને આર્ટીફીશિયલ ઈન્ટેલિજન્સ જેવી આધુનિક ટેકનોલોજીસ આપણી સામે ચેન્જિસ અને ઓપોર્ચ્યુનિટીઝ સમાન ભાવે આવી રહી છે. આનું સૌથી પાવરફુલ (એક્ઝામ્પલ) ઉદાહરણ છે ઇન્ટરનેટ. મોટા બિઝનેસ જ્યારે ઇન્ટરનેટના કારણે કોમ્પિટિશનનો સામનો કરી રહ્યા છે ત્યારે નાના-નાના વ્યાપારીને (વર્લ્ડ) દેશ-વિદેશમાં ગમે ત્યાં માલ વેચવાની તક મળી રહી છે. જે પહેલાં વિચારી પણ શકાતી ન હતી.

એક નેચરલ વિચારધારા રાખીને આપણે વિચારીએ તો ગ્લોબલાઈઝેશન અને ટેકનોલોજીનો વિકાસ હવે થંભવાનો નથી. સારું હોય કે ખરાબ, આપણને ગમે કે ન ગમે, આપણે એક્સેપ્ટ કરીએ (સ્વીકારીએ) કે નહીં, ગ્લોબલાઈઝેશન અને ટેકનોલોજીનો વિકાસ થંભવાનો નથી જ.

મિત્રો, હવે આપણે વિચારવાનું છે કે આપણે આ સંજોગો (સિચ્યુએશન) માંથી ઊભી થતી ઓપોર્ચ્યુનિટીઝને ઍનકેશ કરવી છે કે પછી માથે હાથ દઈને 'ધંધા હવે પહેલાં જેવા નથી રહ્યા', જેવી માત્ર કમ્પલેઈન જ કરવી છે. આ ચેલેન્જને પૂરી રીતે આપણા સમાજની બિઝનેસ કોમ્યુનિટી તથા જોબ અને પ્રોફેશનમાં રહેલ વર્ગ સામનો (ફેસ) કરી શકે તે દિશામાં શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સક્રિય પ્રમાણે વિચારી રહ્યું છે અને એક એવું પ્લેટફોર્મ ઊભું કરવાની ઇચ્છા (આઈડિયા) ધરાવે છે જ્યાં આપણે બધા જ નવી ઊભી થતી વ્યવસ્થામાં ભળી શકીએ. ગ્લોબલાઈઝેશન અને ટેકનોલોજી જ્યારે આપણા સમાજની હોશિયારી અને મહેનત કરવાની ક્ષમતા સાથે ભળશે ત્યારે આપણે જરૂરથી સફળતાના એવા શિખર પર પહોંચીશું કે જ્યાં આપણા પહેલા જેવા ટોચના સ્થાન ઉપર ફરી બિરાજીશું.

ભારતની સંસ્કૃતિ સમગ્ર રીતે સમાજ ઉપર આધારિત છે. દરેક ગામ કે શહેરમાં ભિન્ન-ભિન્ન સમાજો પોતાની રીતે પોતાનાં સમાજની પ્રવૃત્તિઓ કરે છે અને સમાજને પ્રગતિનાં પંથે લઈ જવા પ્રયત્નો કરે છે. મોટાભાગે દરેક સમાજોમાં બાળકો, યુવાનો, મહિલાઓ તથા વૃદ્ધોનાં મનોરંજન માટે અથવા માર્ગદર્શન માટે કંઈકને કંઈક વ્યવસ્થા હોય છે જ્યારે યુવક-યુવતી ભણી-ગણીને વ્યવસાયમાં કે નોકરીમાં લાગે છે ત્યારે તેઓ નિવૃત્ત થાય ત્યાં સુધી તેઓને માર્ગદર્શન આપવા માટે કોઈ જાતની ગોઠવણ હોતી નથી.

વર્ષોથી આપણા સમાજમાં પણ એવી જ વ્યવ્સથા ચાલી રહી છે. મહિલાવિકાસ હોય, યુવાવિકાસ હોય કે સિનિયર સિટીઝન હોય દરેકને માર્ગદર્શન માટે સમાજમાં કઈને કઈ વ્યવસ્થાઓ છે જ પણ યુવક-યુવતીઓ ભણી-ગણીને ધંધે લાગે તો તેમના માટે ખાસ કોઈ વ્યવસ્થા નથી. નાની મોટી લોન આપવાની કદાચ વ્યવસ્થા હશે.

ભૂતકાળમાં આપણો સમાજ રૂ ના વેપારમાં, ટ્રાન્સપોર્ટના ધંધામાં તથા અનાજના વેપાર કે એવા જ કોઈ વ્યવસાયોમાં ખૂબ જ પકડ ધરાવતો હતો. યુવક ભણી લે એટલે પોતાના વડીલોના ધંધામાં જોડાઈ જાય અથવા વડીલો જે રીતે નોકરી કરતા હોય તે રીતે નોકરીએ લાગી જાય. અત્યાર સુધી ઘણા બધા વ્યવસાયિકોએ કે નોકરિયાત વર્ગે પોતાના ધંધાને આગળ વધારવા માટે કે પોતે આગળ વધવા માટે કોઈ પ્રયત્નો કરેલ નથી. તેથી આજની પરિસ્થિતિમાં આપણા સમાજની જે-જે ક્ષેત્રનાં વ્યવસાયોમાં પકડ હતી તે જતી રહી છે અને લગભગ

બધા જ વ્યવસાયો બીજાના હાથમાં જતા રહ્યા છે.

કેટલાક વિચારશીલ લોકોએ આ બધા પાછળનાં કારણોની તપાસ કરી તો એમને ખ્યાલ આવ્યો કે ભૂતકાળમાં આપણે આપણા ધંધાની રીતમાં જમાના પ્રમાણે સુધારા-વધારા ન કર્યા, જેને આજના શિક્ષિત સમાજમાં અપડેશન કહેવાય છે. આપણે વધારે સારી રીતે કમાવવા શું કરવું જોઈએ કે જેથી આપણે વધારેમાં વધારે કમાઈ શકીએ. આપણા સમાજમાં ઘણા બધા લોકોની એવી વિચારસરણી છે કે આપણે આપણા કુટુંબનો વ્યવહાર બરાબર ચલાવી શકીએ છીએ. પછી વધારે કમાવવાની શું જરૂરત છે. એમ સંતોષ માની બેસી રહે છે. આજનો જમાનો સ્પર્ધાનો છે. એટલે દરેકે દરેક વ્યક્તિએ પોતે કમાય છે તેના કરતાં વધારે કેમ સારી રીતે કમાઈ શકીએ એ બાબત ચોક્કસ વિચારવું જોઈએ.

ઉપરોક્ત પરિસ્થિતિમાં આપણા સમાજના કેટલાક વ્યવસાયિકોએ જમાના પ્રમાણે તાલમેલ મેળવી વ્યવસાયની આધુનિક રીતો અપનાવી અને પોતાના ક્ષેત્રમાં અત્યારે સર્વોચ્ચ શિખરે બિરાજે છે. પણ એવાં ગણ્યાં ગાંઠ્યાં નામો જ છે. જેમ કે નવનીત પરિવાર, ઍન્કર પરિવાર, આરતી ગ્રુપ, ધરમશી કોમોડિટીઝ વગેરે... ત્યારબાદ ઘણા ક્લિયરીંગ-ફોરવર્ડિંગ અથવા બાંધકામના વ્યવસાયમાં આગળ આવેલા છે.

સમાજના ધનિકવર્ગ અને મધ્યમવર્ગ વચ્ચે ખાઈ વધતી જ જાય છે. પણ એક વાત આપણા સમાજ માટે ગૌરવ લેવા જેવી છે કે આપણા અગ્રેસર પરિવારો હંમેશાં સમાજની પ્રવૃત્તિઓમાં દાનની ગંગા વહાવી સામાજિક પ્રગતિને વેગ આપવામાં મદદરૂપ થયા છે. તે જ રીતે જો દરેક વ્યક્તિ પોતે વધારેમાં વધારે કમાવાની કોશિશ કરે તો સમાજ અત્યારે સમૃદ્ધ છે તેના કરતાં પણ વધારે સમૃદ્ધ થશે.

ઉપરોક્ત બાબતે વિચાર કરતાં કેટલાક વિચારશીલ વ્યક્તિઓએ વ્યવસાયિકોને માર્ગદર્શન આપવા માટે "ઇન્ટીગ્રેટેડ કેરીયર ગાઈડન્સ અને કાઉન્સેલિંગ" આપવા માટે 'કચ્છ કોર્પોરેટ ફોરમ' ની રચના કરી છે.

આ બાબતમાં આપણે શું વિચારી શકીએ અથવા કઈ રીતે આગળ વધી શકીએ તે વિશે આપ સૌના વિચારો અમને આવકાર્ય રહેશે. ■

## સજા અંગે પુનર્વિચારણા

**(અનુસંધાન : પાના નં.-૧૦૫ ઉપરથી ચાલુ)**

આપણાં મૂલ્યો અને આદર્શો હંમેશાં હકારાત્મક હોવા જોઈએ. ગુનેગારને એના ગુનાની ગરદમાં છોડી દેવાનો નહિ પણ એને એમાંથી બહાર કાઢવાનો આપણો પ્રયત્ન હોવો જોઈએ. અહીં પ્રભુ ઈસુની જાણીતી ઉક્તિ યાદ કરીએ : "હું તો દયા ઈચ્છું છું, નહિ કે બલિઓ. હું તો પુણ્યશાળીઓને નહિ, પણ પાપીઓને બોલાવવા આવ્યો છું" (માથ્થી ૯, ૧૩). ઈસુએ કદી કોઈ ગુનેગારને સજા કરી નથી. પરંતુ એમના સંપર્કમાં આવેલા ગુનેગારો પાપ અને ગુનાનો રસ્તો છોડીને સન્માર્ગે ચઢી ગયા છે.

આપણે ભારે ગુનાના ખ્યાલથી ગુનેગારને મૃત્યુદંડ કે ફાંસીની સજા જોરશોરથી કરીએ ત્યારે એ જ સ્ફુર્તિથી આપણે આત્મનિરીક્ષણ કરીએ તો આપણને માલૂમ પડશે કે આપણે પોતે પણ કોઈ અપવાદ વિના નાનામોટા ગુનેગારો છીએ. કોઈએ માણસોના બે પ્રકારો પાડ્યા છે. નાનામોટા ગુના માટે પકડાયેલા કેદી માણસો અને ગુનાની પકડમાંથી છટકી ગયેલા કહેવાતા 'નિર્દોષ' લોકો. આખરે આપણે બધા માણસો છીએ, ગુનેગારો છીએ. તો આપણને એક જ વલણ - દયાનું વલણ જ શોભે.

હું ધારું છું કે આપણે આપણા પ્રત્યે તેમજ બીજા પ્રત્યે દયાળુ બનીએ તો આપણે કદી કોઈને માટે મૃત્યુદંડની માગણી કરી ન શકીએ. આપણને આપણી મહામૂલી ભેટ જીવનની કદર હોય તો આપણે માનવજાતને બચાવવાના બધા પ્રયત્ન કરીશું અને કદી કોઈને માટે ફાંસીની સજા માગી ન શકીશું.

આપણે કોઈ રીઢા ગુનેગાર માટે ફાંસીની જોરશોરથી માગણી કરીએ ત્યારે આપણી અંદર ઘર કરી રહેલ ધિક્કાર અને દુશ્મનાવટ તરફ આપણું ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂર છે. ધિક્કાર કે દુશ્મનાવટ એટલે પ્રેમનો અભાવ. બીજા માણસને પોતાના ભાઈ કે પોતાની બહેન તરીકે ઓળખવાની ઊણપ, આપણામાં ઘર કરી બેઠેલાં વૈમનસ્ય અને વેરભાવને ઓળખીએ. આપણે સમજવાની જરૂર છે કે, માનવમાત્રની ભલાઈ કોઈને ધિક્કારવામાં નહિ પણ એની ભલાઈ, એનું કલ્યાણ ઈચ્છવામાં છે. પ્રભુ ઈસુના શબ્દો યાદ કરીએ : "હું તમને કહું છું કે, તમારા શત્રુ ઉપર પ્રેમ રાખો અને તમને રંજાડનાર માટે દુઆ માગો." (માથ્થી ૫, ૪૫)

છેલ્લે, મૃત્યુદંડની શિક્ષા પર પરત આવીએ. મૃત્યુદંડની શિક્ષાનો હેતુ એક ગુનેગારનો જીવ લેવા સાથે બીજા બધા લોકોને ફાંસીની બીકે ભારે ગુનાઓમાંથી દૂર રાખવાનો છે. પણ આજ સુધી આપણને એમાં સફળતા મળી નથી. મૃત્યુદંડની જોગવાઈ ધરાવતા ગુનાઓ ઘટવાને બદલે વધ્યા છે. બીજી બાજુ જે દેશોમાંથી મૃત્યુદંડની સજા દૂર કરાઈ છે ત્યાં સંશોધકોએ પુરવાર કર્યું છે કે ત્યાં ગુનાઓ વધ્યા નથી. ગુનેગારનો જીવ લેવાથી નહિ પણ ગુનેગારને નાનામોટા બધા જ પ્રકારના ગુનાથી દૂર રાખવાનાં પગલાંથી ગુનેગારનું જીવન સુધારી શકાય અને તમારી-મારી સુરક્ષાની તથા સમાજને રાષ્ટ્રની ભલાઈની ખાતરી કરી શકાય. ઈતિહાસમાં આતંક જેવા ગુનાનો માર્ગ છોડીને પોતાની અને બીજાની ભલાઈના રસ્તે ચઢેલા માણસોનો દાખલો આપણને મળે છે. એમાં અન્યાયને બદલે બધા માણસો માટે ન્યાય અને સમાનતા જોઈએ. ધિક્કારને બદલે સૌ કોઈને માટે પ્રેમ અને આદરમાન જોઈએ. ■

# સજા અંગે પુનર્વિચારણા

• ફાધર વર્ગીસ પોલ •

બે ત્રાસવાદીઓને ૨૦૧૨ અને ૨૦૧૩ માં ૮૦ દિવસની અંદર ફાંસીની સજા અપાઈ. અફઝલ ગુરુને નવી દિલ્હી ખાતે તિહાર જેલમાં જાન્યુઆરીની ૯મીએ ફાંસી આપી દેવાઈ. એના ૮૦ દિવસ પહેલા પૂણે ખાતે યરવાડા જેલમાં અજમલ કસાબને ફાંસીએ લટકાવ્યો. બે આતંકી જીવનો અકાળે અંત આવ્યો. પછી જુલાઈ ૨૦૧૫ માં યાકૂબ મેમણને પણ ફાંસીની સજા અપાઈ.

ભાજપના એક આગેવાન નેતા રવિશંકર પ્રસાદે કટ્ટરવાદી ગુરુને મૃત્યુદંડની સજા થયાનો નહિ પણ એને ફાંસીની સજા મોડી થયાનો અફસોસ ટેલિવિઝનમાં વ્યક્ત કર્યો હતો! તો અફઝલ ગુરુના ફાંસી પરના મૃત્યુના સમાચારથી અમદાવાદ શહેરમાં અમુક કોમવાદી લોકોએ ઉજવણી કર્યાના સમાચાર છે! બાળકીઓ અને સ્ત્રીઓ પર બળાત્કાર કરનારાઓને ફાંસી કે મૃત્યુદંડની સજાની અને એ પ્રકારનો કાયદો ઘડવાની માગણી આજકાલ જ્વલંત બની છે!

આવા સંદર્ભમાં દેહાંતદંડની શિક્ષા કે ફાંસીની સજા અંગે પુનર્વિચારણા કરવાની મને તાતી જરૂર લાગે છે. દેહાતદંડની સજા એટલે કદી સુધારી ન શકાય, બદલી ન શકાય એવી એકવારકી શિક્ષા. કારણ, મૃત્યુ પામેલા કોઈ માણસને આપણે ફરી જીવન આપી ન શકીએ. પુનર્જીવિત ન કરી શકીએ. ઈંગ્લેન્ડમાં ભયંકર ગુના માટે ફાંસીએ ચડાવાયેલો એક માણસ વર્ષો પછી તમામ શંકાથી પર નિર્દોષ પુરવાર થયાનો કિસ્સો બન્યો છે.

ગુજરાતમાં ૨૦૦૨ના ગોધરાકાંડ પછી ટાડાના ભયંકર કાયદા હેઠળ કેટલા ઈસમોને દેશદ્રોહીઓ તરીકે વર્ષો સુધી જેલમાં ગોંધી રાખ્યા બાદ નિર્દોષ માનવીઓ તરીકે કોર્ટે છૂટા કર્યા છે! તો બીજી બાજુ આ જ ગોધરાકાંડમાં અમુક વગદાર ઈસમોને નિર્દોષ તરીકે કાયદા કાનૂનની પકડમાંથી દૂર રાખ્યા પછી તેમને ખરા હત્યારા તરીકે જેલની સજા કર્યાના બનાવો બન્યા છે.

આપણા કાયદાનો આદર્શ છે કે ભલે નવ્વાણું ગુનેગાર છૂટી જાય પણ એક નિર્દોષને સજા ન થવી જોઈએ. પરંતુ નરી વાસ્તવિકતા એ છે કે આપણા દેશમાં કાયદા કાનૂનની રાહે ઘણા નિર્દોષોને વર્ષોની જેલની સજા ભોગવવી પડે છે અને કેટલાય રીઢા ગુનેગારો સ્વતંત્રતાથી આપણી શેરીઓમાં ફરે છે અને દેશ માટે કાયદો ઘડવાની તથા કાયદાઓનો અમલ કરાવવાની રાજસત્તા પણ ભોગવે છે!

આજે દુનિયાભરમાં વધુને વધુ લોકો અને રાષ્ટ્રો માનવજીવનને મૂલવતાં થયાં છે. એટલે જ મોટા ભાગના દેશોમાંથી મૃત્યુદંડ નાબૂદ કરવામાં આવ્યો છે. હવે ભારત, અમેરિકા અને ચીન સહિજ જૂજ દેશોમાં મૃત્યુદંડનો કાયદો અમલમાં છે. હું દઢપણે માનું છું કે માણસ કોઈને જીવ આપી શકતો ન હોય તો એને કોઈનો જીવ લેવાનો પણ અધિકાર નથી.

અહીં આપણે કેવળ મૃત્યુદંડની શિક્ષાને જ નહીં પણ બધા જ પ્રકારની સજા અને કાયદા કાનૂનનો વિચાર કરીએ. કાયદાક ાનૂન અને સજાનો હેતુ સંસ્કારી અને શિક્ષિત સમાજના ઘડતર માટે છે. પણ દેખીતી વાત એ છે કે સાંપ્રત કાયદા કાનૂન અને સજાની વ્યવસ્થાથી આપણે સંસ્કારી અને સુરક્ષિત સમાજ સ્થાપી શક્યા નથી. આ પરિસ્થિતિ જ આપણને હાલની સજાપદ્ધતિઓ અંગે પુનર્વિચારણા કરવા પ્રેરે છે.

ગુનો અને સજા અંગેનો સુધારો રાજકારણથી શરૂ થવો જોઈએ. કારણ, રાજકારણીઓ હંમેશાં જાહેર નજર સામે છે. ગુનો પુરવાર થાય ત્યાં સુધી માણસને ભલે નિર્દોષ માનવામાં આવે, પરંતુ બળાત્કાર, હત્યા, ભારે છેતરપિંડી જેવા ગંભીર અપરાધ સામે કેસ થયો હોય એવી કોઈ વ્યક્તિ સંસદમાં કે ધારાસભામાં હોવી ન જોઈએ. એવા લોકોને નિર્દોષ પુરવાર થાય ત્યાં સુધી લોકસભા અને ધારાસભામાંથી જોજન દૂર રાખવાની જરૂર છે. જેમની સામે બળાત્કાર, ખૂનનો પ્રયાસ, કોમી રમખાણ જેવા મોટા ગુનાના આરોપ છે એવા લોકો જ્યાં સુધી અદાલત દ્વારા નિર્દોષ પુરવાર ન થાય ત્યાં સુધી તેમને રાજ્ય-સંગઠનની નાની-મોટી તમામ સત્તાઓથી દૂર રાખવા જોઈએ.

ગુનેગાર કાયદો ઘડનાર કે કાયદાનો અમલ કરાવનાર રાજકર્તાઓ બને ત્યારે કાયદામાં કે કાયદાના અમલીકરણમાં છટકબારી રાખશે અને પોતે કાયદાની પકડમાં ન આવે એવી તકેદારી રાખશે. એટલે કોઈ ગુનેગાર કે જેમની સામે ગંભીર ગુનાનો આરોપ છે તેવા લોકો કદી ચૂંટણી દ્વારા ધારાસભા, લોકસભા કે રાજ્યસભાનાં પગથિયાં ચડી શકવા ન જ જોઈએ.

સજા ગુનેગારને સુધારવા માટે છે. સમાજને સુરક્ષિત રાખવા માટે છે. આપણે ઇચ્છીએ છીએ કે રીઢા ગુનેગાર પણ પશ્ચાતાપથી હૃદયપલટો કરી ગુનાનો માર્ગ છેડે અને પોતાના કુટુંબ અને સમાજમાં આદરપાત્ર વ્યક્તિઓ બની રહે.

**(અનુસંધાન : જુઓ પાના નં.-૧૦૪ ઉપર)**

# હે જિંદગી!

• સુરેશ - અલકા પ્રજાપતિ •

*હે જિંદગી!*

મુસાફરી દરમ્યાન અમને એમ કે કેટલાક લોકો તારા વિશે સારા એવા જાણકાર છે, એટલે તેમનું મોટું બોર્ડ અને બેનર જોઈને તેમની સલાહ લેવા પહોંચી ગયા. વળી, તેમની સલાહ લેનારાની વિશાળ સંખ્યા જોઈને અમને એમ લાગ્યું કે આ જ યોગ્ય વ્યક્તિ છે જે તારા વિશે અમને સત્ય બતાવે.

તેમને મળ્યા પછી ખબર પડી કે તેઓ પોતે ખરેખર જાણકાર નથી પણ જાણકાર હોવાનો ઢોંગ કરે છે. અમને તેમના જેવો ઢોંગ શીખવતા ગયા. એક દિવસ અચાનક તેઓ ચાલ્યા ગયા. અમને એ બાબતે શાતા હતી કે તેઓ વિરાસતમાં અમારી પાસે અમને જે શીખવતા, તે નકશો મૂકતા ગયા.

એમના નકશા મુજબ આખી મુસાફરી એ જ રોડ ઉપર કરતા રહ્યા. અંતમાં પહોંચ્યા ત્યારે ખબર પડી કે અમારે તો ત્યાં જવાનું જ નહોતું. આવડો મોટો દગો?

તો પછી જેને અમે જાણકાર સમજતા હતા તે લોકો ભ્રમમાં હતા કે અમે અમારા ભ્રમમાં આ જાણકારને પકડ્યા?

આંબો પહેલાં કે ગોટલો? મરઘી પહેલાં કે ઈંડું? ઈશ્વરે માનવ બનાવ્યો કે માનવે ઈશ્વર બનાવ્યો? તે શોધવામાં આખી મુસાફરી પૂરી થઈ ગઈ. ગાડીમાં પેટ્રોલ પૂરું થઈ ગયું અને ગાડી બંધ થવાની હતી ત્યાં તેં કહ્યું કે તેને શોધવાની જરૂર જ ક્યાં છે?

તો પછી, તને છેલ્લે જણાવતાં શરમ ના આવી? મને પહેલેથી જણાવ્યું હોત તો ભરેલી ટાંકીવાળી ગાડી બીજી કોઈ જગ્યા શોધવામાં લગાડત!

કશુંક શોધવામાં મારામાં થતું 'પાગલપન' કોણ ઊભું કરે છે?

મને એવો ભ્રમ રહે છે કે હું શોધું છું.

હે જિંદગી! તને તો બધી જ શોધોની ખબર હોવા છતાં, અમારી પાસે આવી નકામી મજૂરી શું કામ કરાવે છે?

ઉપર વિમાનમાં બેઠો ત્યારે તારી અનંતતાનાં દર્શન થયાં. ઉપરથી જોતો થયો ત્યારે નીચે તારા તમામ સ્વરૂપનાં દર્શન થયાં.

ઉપરથી જોઉં છું તો મંદિર, મસ્જિદ અને ચર્ચ એક સાથે દેખાય છે. ઉપરથી જોઉં છું તો સમજાય છે કે ક્યાં કશાની જરૂર છે. માટીની બનેલી કોઈ આડશને અલગ અલગ નામ આપવાની જરૂર જ ક્યાં છે? અહીં, તો એવું કશું નથી જેના માટે નીચે ઝઘડવું પડે છે.

ઉપર જેટલો સમય રહું છું તેટલો સમય મને અર્થપૂર્ણ અને નિરર્થક કાર્યો વચ્ચેનો ભેદ સમજાય છે.

પરંતુ, જેવો નીચે આવું છું અને મારા નામનું લેબલ શરૂ થાય છે અને મારી યાદશક્તિ ગાયબ થઈ જાય છે. ફરી પાછો, મારી ભ્રમની દુનિયામાં ખોવાઈ જાઉં છું.

હે જિંદગી! નીચે રહ્યા પછી પણ મને સતત ભાન રહે તો તારું જાય છે શું? શું કામ તું પાછો અમને ભ્રમિત બનાવી દે છે? તને ડર છે કે તારી પોલ દુનિયાને ખબર પડી જશે? એક દિવસ અચાનક હું ટપકી પડ્યો. આસપાસ બધું જ નક્કી હતું મારે શું કરવાનું એ પણ નક્કી હતું. શાંત તળાવમાં એક વમળ ઊભું થયું. ક્યાં ટપકવું, કોને ત્યાં ટપકવું અને ક્યારે ટપકવું... બધું જ નક્કી હતું.

એક દિવસ અચાનક હું અહીંથી ટપકી જઈશ, ક્યારે ટપકી જઈશ, ક્યાંથી ટપકી જઈશ અને કેવી રીતે ટપકી જઈશ... બધું જ તારું નક્કી કરેલું હોય છે. એ સમયે મારી આસપાસના લોકોએ શું કરવાનું એ પણ નક્કી જ હોય છે.

તો પછી, વચ્ચેના સમયમાં ખરેખર અમારે નક્કી કરવા જેવું કાંઈ હોય છે ખરું?

હે જિંદગી! જે હું કરું છું અને જે હું કરવા માગું છું એ બન્ને વચ્ચે આટલી મોટી ખાઈ રચવાનું કોઈ ખાસ કારણ? જો તારે ખાઈ જ રાખવી હોય તો પછી મારે શું કરવું જોઈએ તેની મને સમજણ શા માટે આપે છે? જે કરવાનું છે તે ના કરી શકવાનો મારા મનમાં વસવસો પેદા કરીને તને મળે છે શું?

હે જિંદગી!

જે આખી મુસાફરીમાં જોવાનો નથી,

જે ભૂતકાળમાં જોયું છે એની કોઈ સ્મૃતિ નથી, તો પછી એવાં અજાણ્યાં રહસ્યો માટે આટલો બધો લગાવ શા માટે?

જે જાણતો નથી, જે જાણવાનો નથી તેના માટે સમય બરબાદ કરવા કરતાં, વર્તમાનમાં જીવતાં અમને શીખવ ને?

કલ્પનાઓનાં ફોલ્ડર મનમાં રચીને, કલ્પનાઓના ભવિષ્યમાં રાચીને, વર્તમાનને કલ્પનામય શા માટે બનાવવા દે છે?

હે જિંદગી!

આની પાછળનું તારું પ્રયોજન શું છે? ■

# મારું ભારત - સારું ભારત : "Relation" સંબંધ

• આચાર્ય વિજયરત્નસુંદરસૂરિ •

'પણ આપણી વાત અતિ મહત્ત્વના તબક્કે જ પહોંચી છે ત્યારે જ તમારું ઊભા થઈ જવા પાછળનું મહત્ત્વનું કોઈ કારણ ખરું?' લગભગ ૫૦ ની વયના એક વેપારીએ પોતાને ત્યાં ધંધાના સોદા માટે આવેલા બીજા વેપારીને પૂછ્યું. 'હા, છેલ્લાં પાંચેક વરસથી મારી પત્ની હોસ્પિટલમાં છે. મારે એને તાત્કાલિક ટિફિન પહોંચાડવાનું છે'

'ટિફિન પહોંચાડવા તમે પોતે જ જાઓ છો?'

'માત્ર ટિફિન પહોંચાડવા જ નથી જતો, એને જમાડું છું પણ હું પોતે જ!

'શું વાત કરો છો?'

'એક બીજી વાત પણ છે, રસ્તા પર થયેલ કાર અકસ્માતમાં એની સ્મૃતિ સંપૂર્ણપણે ગાયબ થઈ ચૂકી છે એટલે એ મને ઓળખતી પણ નથી'

'એ જો તમને ઓળખતી જ નથી તો પછી એને તમે જમાડો કે તમારો નોકર જમાડે, ફરક શું પડે છે?'

'તમારી વાત સાચી છે પણ એક વાત તમને કરું?

હું એનો પતિ છું એની એને ભલે ખબર નથી પણ એ મારી પત્ની છે એની મને તો ખબર છે જ ને?

ટૂંકમાં, એ મને ઓળખતી નથી એ વાત સાચી પણ હું તો એને ઓળખું જ છું અને એ હિસાબે જ હું એને મારા પોતાના હાથે જમાડું છું.'

મંદિરમાં બે પ્રકારના દીપક હોય છે.

એક : ભંડાર પર મુકાતો અને

બે : મંદિરના ગર્ભગૃહમાં ગોખલામાં મુકાતો.

દીપક તો બંને પ્રજ્જવલિત જ હોય છે છતાં એ બંને વચ્ચે કોઈ મહત્ત્વનો તફાવત હોય તો એ આ હોય છે કે ભંડાર પર રહેલ દીપક કોઈ પણ પળે બુઝાઈ જાય એવી શક્યતા હોય છે જ્યારે ગર્ભગૃહમાં રહેલ દીપક કે જેને અખંડ દીપક કહેવામાં આવે છે એ હંમેશાં પ્રજ્જવલિત જ રહે છે અર્થાત્ એ બુઝાઈ ન જાય એ માટે એને સતત હવાથી બચાવતો રાખવામાં આવે છે અને સતત એનામાં ઘી પૂરતા રહેવામાં આવે છે.

સામાન્યથી કહેવું હોય તો એમ કહી શકાય કે સંબંધો પણ આ બે પ્રકારના છે. એક : ભંડાર પર રહેલા દીપક જેવા. ટક્યા તો ઠીક અને ન ટક્યા તો ય ઠીક.

આત્મીયતાનું ઘી એમાં પુરાયું તો ય ઠીક અને ન પુરાયું તો ય ઠીક. અણસમજ, આગ્રહ, આસક્તિ અને અહંકાર, આ ચંડાળ ચોકડીની હવાનું એના પર આક્રમણ થયું તો ય ઠીક અને ન થયું તો ય ઠીક.

ટૂંકમાં, આ સંબંધને બચાવી રાખવાની કોઈ જાગૃતિ પણ નહીં અને સાવધગીરી પણ નહીં.

પણ સબૂર! કેટલાક સંબંધો હોય છે અખંડ દીપક જેવા. એ સંબંધોમાં આત્મીયતાનું ઘી સતત હાજર રખાતું હોય છે. એ સંબંધોમાં અણસમજને મહત્ત્વ અપાતું નથી, અહંકારને વજન અપાતું નથી. આગ્રહને ગૌરવ મળતું નથી, તો આસક્તિને પ્રાધાન્ય અપાતું નથી.

એ સંબંધોમાં કેન્દ્રસ્થાને હોય છે હૃદયની લાગણી. એ સંબંધોમાં બુદ્ધિ ગેરહાજર નથી હોતી પણ બુદ્ધિ હૃદયની આજ્ઞામાં હોય છે. એ સંબંધોમાં મનનો અવાજ ગાયબ નથી હોતો પણ મનના અવાજ કરતાં અંતઃકરણના અવાજને વધુ પ્રાધાન્ય આપવામાં આવતું હોય છે.

શું કહું?

જે સંબંધો લોહીના છે અને લાગણીના છે એ સંબંધોને આ દેશમાં 'અખંડ દીપક' નું ગૌરવ મળ્યું છે જ્યારે જે સંબંધો લેવા-દેવાના છે અને સ્વાર્થના છે એ સંબંધોને આ દેશમાં 'ભંડાર પર રહેલ દીપક' નું સ્થાન મળ્યું છે.

એક વાત યાદ કરાવું? પિતા-પુત્ર, માતા-પુત્રી, ભાઈ-બહેન, કાકા-ભત્રીજા, મામા-ભાણેજ આ બધા સંબંધોમાં

॥ ક્ષમા વીરસ્ય ભૂષણમ્ ॥
રાયચંદ કાનજી ધુલ્લા પરિવાર - સુથરી
"ધુલ્લા વિલા", બંગલા નં.-૨૦, ડ્રીમલેન્ડ સોસાયટી, જયશાસ્ત્રી નગર, એન.આર. હાઈલેન્ડ પાર્ક, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૨.
ફોન : ૨૫૯૨૪૪૪૬, ૨૫૬૨૪૫૪૪, ૨૫૯૧૪૫૪૪, ૬૬૩૪૩૫૭૭

પસંદગીની તક વ્યક્તિને ભલે મળી નથી હોતી છતાં એ સંબંધોને આ દેશમાં 'અખંડ દીપક' નું ગૌરવ આપવામાં આવ્યું છે એ હકીકત છે.

કબૂલ, મમ્મી-પપ્પાનો સ્વભાવ કદાચ બરાબર નથી, બહેન કદાચ કોક કારણસર પિયર પાછી આવી છે, ભાઈ મંદબુદ્ધિનો છે, કાકા કશું ય કમાતા નથી અને એ છતાં ય આ સંબંધોને અભયદાન મળતું જ રહે, એ આ દેશની સંસ્કૃતિ છે.

અલબત્ત, પતિ-પત્નીનો સંબંધ શરૂઆતના તબક્કે ભલે લાગણીનો હોય છે પણ એ સંબંધ પણ આગળ જતાં લોહીમાં રૂપાંતરિત થઈ જતો હોવાના કારણે એ સંબંધને પણ આ દેશમાં 'અખંડ દીપક' નું ગૌરવ જ મળ્યું છે.

હા, 'લેવા-દેવા' ના જે સંબંધો ભંડાર પર મુકાતા દીપક જેવા છે એમાં જરૂર નથી કે લોહી અને લાગણી ભળેલા જ હોય.

ઘરાક-વેપારી, શિક્ષક-વિદ્યાર્થી, નોકર-શેઠ, કૅપ્ટન-ખેલાડી આ અને આવા અન્ય પ્રકારના લેવડ-દેવડના કે આદાન-પ્રદાનના સંબંધોમાં લોહી કે લાગણીની ઉપસ્થિતિ અનિવાર્ય નથી. લાગણીની ઉપસ્થિતિ કદાચ હોય પણ છે તો ય એ લાગણી ચિરસ્થાયી હોતી નથી અને એટલે જ એ સંબંધોને આ દેશમાં 'અખંડ દીપક' નું ગૌરવ ન મળતાં 'ભંડાર પરના દીપક' નું ગૌરવ જ આપવામાં આવ્યું છે.

એક નક્કર વાસ્તવિકતા જણાવું? સૌંદર્ય, સંપત્તિ, સત્તા કે સ્વાસ્થ્યમાં કડાકો બોલાયા પછી પણ મનની સ્વસ્થતા ટકાવી રાખવામાં હજી કદાચ સફળતા મળી શકે છે પણ સંબંધમાં કટુતા પ્રવેશી ગયા બાદ કે કડાકો બોલાઈ ગયા બાદ મનની સ્વસ્થતાને અકબંધ રાખતાં તો નવનેજાં પાણી ઉતરી જાય છે.

કારણ? બગડેલા સંબંધો દુઃખના સમયમાં આપણી નજીક રહેલાઓને ય દૂર ચાલ્યા જવા મજબૂર કરીને જ રહેતા હોય છે.

અને હકીકત એ છે કે સુખના સમયમાં આપણાંથી દૂર રહેલાઓ આપણી નજીક નથી પણ આવતા તો ય આપણી પ્રસન્નતાને આંચ નથી આવતી પણ દુઃખના સમયમાં આપણી નજીક રહેલાઓ જો આપણાંથી દૂર ચાલ્યા જાય છે તો મનની પ્રસન્નતાને ટકાવી રાખવાનું આપણાં માટે અશક્યપ્રાયઃ બની જાય છે.

સંદેશ સ્પષ્ટ છે. અખંડ દીપકને સુરક્ષિત રાખવા જો જાગૃતિ અને સાવધગીરી રાખવી જ પડે છે તો અખંડ દીપકનું પ્રતિનિધિત્વ ધરાવતા લોહીના અને લાગણીના સંબંધોને મીઠા-મધુરા રાખવા જાગૃતિ અને સાવધગીરી રાખવી જ પડે છે.

અહંકારને વજન ન અપાઈ જાય એનું જો ધ્યાન રાખવું પડે છે તો સામાને અન્યાય ન થઈ જાય એની તકેદારી પણ રાખવી પડે છે. અણસમજના કે ગેરસમજના શિકાર ન બની જાય એની જો જાગૃતિ રાખવી પડે છે તો આગ્રહબુદ્ધિ સામાનું દિલ તોડી નાખવામાં નિમિત્ત ન બની જાય એની સાવધગીરી પણ રાખવી પડે છે.

ભૂલશો નહીં.

જાલિમ મંદીના માહોલ વચ્ચે મૂડીને સાચવી રાખવી એ જો પડકાર છે, પ્રદૂષિત વાતાવરણ વચ્ચે તંદુરસ્તી ટકાવી રાખવી એ જો મોટો પડકાર છે તો જે કાળમાં લોહીના અને લાગણીના સંબંધો પણ લેવા-દેવાના સંબંધોમાં રૂપાંતરિત થવા લાગ્યા છે, જે કાળમાં છૂટાછેડાની સંખ્યામાં અને વૃદ્ધાશ્રમોની સંખ્યામાં ભારે વધારો થઈ રહ્યો છે એ કાળમાં લોહીના અને લાગણીના સંબંધોને આત્મીયતાથી ધબકતા રાખવા એ તો પ્રચંડ પડકાર છે.

આ સંદર્ભમાં એક ઓર વાત.

લોહીના અને લાગણીના સંબંધો હોવા જોઈએ મૂળ સાથે જોડાયેલ વૃક્ષ જેવા કે જીવનભર એક-બીજા સાથે જોડાયેલા જ રહે જ્યારે લેવા-દેવાના સંબંધો વૃક્ષની ડાળી પર બેસતા અને ઊડતા રહેતા પંખી જેવા હોય તો ય ચાલી જાય કારણ કે એનું કોઈ લાંબું આયુષ્ય હોતું નથી.

એટલું જ ધ્યાન રાખીએ આપણે કે સંબંધની ગરિમાને કલંકિત કરે એવા વ્યવહારોથી જાત દૂર જ રહે. આખરે શુદ્ધ સંબંધો સ્થિર સંબંધોના પાયા પર જ ઊભા થવાના છે! સાવધાન!

## નકારાત્મકતાને જાકારો આપો

નકારાત્મક પર જ હંમેશાં શંકા કરો પછી એ તમારા માટે હોય કે અન્ય કોઈ માટે, અથવા તો આ જગત અંગે હોય. આપણે એવું માની લીધું છે કે આ જગતમાં બધા જ નકામા છે, અહીં બધું જ નકારાત્મક છે, બધું જ નિરાશાજનક છે અને પછી આપણે પેલી વ્યક્તિ પર વિશ્વાસ મૂકવાનો પ્રયત્ન કરીએ છીએ. તમે ગમે ત્યાં જાવ મુશ્કેલીઓ આવવાની પરંતુ એક જુદું જ વલણ અપનાવો. ગુનેગાર પણ અંતરમાં ક્યાંક સારો જ હશે. સંજોગોએ તેને ગેરમાર્ગે દોર્યો. જો આવું વિચારતા થશો તો સમય આવશે કે તમે નકારાત્મકતાને શંકાની નજરે જોશો અને જીવન સુખી થઈ જશે. ■

તીર્થ પટ
હરીભાઈ ભીખાભાઈ પેઈન્ટર
જૈન ધર્મના કેન્વાસ પેઈન્ટીંગ, તીર્થપટ, માર્બલ કાર્વિંગ તીર્થપટ - તીર્થ રચના બનાવનાર
★ તળાવ એરીયા, પ્રાઈમરી સ્કુલ સામે, પાલીતાણા-૩૬૪ ૨૭૦. ★ ૧૩, બાલમંદિર શોપીંગ સેન્ટર, તળેટી રોડ, પાલીતાણા.
Tel. : (02848) 252454 • Mo. 94262 46176, 99240 36761

# ધર્મ મને ક્યારે ફળશે?

• દક્ષા સંઘવી •

પાંચ હજારની વસતિ ધરાવતું નાનકડું એ મારું ગામ. એમાં ઘણાં મંદિરો છે. મારા ગુરુની એ કર્મભૂમિ છે. બાળપણથી ત્યાં દર વર્ષે જવાનું થતું. અરે! દિવસોથી રાહ જોવાતી કે ક્યારે રજા પડે અને ક્યારે જઈશ? ત્યાંનો મારો નિત્યક્રમ. સવારે દર્શન કરવા, પૂજા કરવી, પછી પ્રવચનમાં બેસવું. બપોરે ભક્તિ અને રાત્રે આરતી. આ સિવાયના સમયમાં પાંચીકા રમવા, અમદાવાદ બાજી રમવી, રખડવું ને મસ્તી કરવી.

પ્રવચનમાં સમજણ ન પડે એટલે ઘડિયાળના કાંટા પર વારંવાર નજર જાય. પણ મનમાં એક ગાંઠ વળી ગયેલી કે શાળામાં સૌથી સુખી હું છું, કેમ કે મને આ ધર્મ મળ્યો છે. હા! એક વાત દૃઢ થયેલી કે સાચું સુખ સ્વાવલંબનમાં હોય છે. સ્વ ના આશ્રયે હોય. પરાવલંબનમાં તો ત્રણ કાળમાં પણ સુખ હોઈ શકે નહિ, પરાવલંબનમાં તો કાયરતા, પામરતા છે જે મને ના જચે. દિવસો સરકતા ગયા. અમે મોટાં થયાં. દર વર્ષની જેમ ત્યાં ફરી પાછું જવાનું થયું.

મારી સહેલી મીના બોલી, આજે સાત વાગ્યે આવી જજે. વિદ્વાન આવવાના છે. કંઈક કુતુહલપૂર્વક હું ત્યાં ગઈ. દસ મિનિટની સામાન્ય વાતચીત પછી વિદ્વાને મને પ્રશ્ન કર્યો કે, તું કેમ અહીં આવે છે? આજ સુધી આવો પ્રશ્ન કોઈએ પૂછ્યો નહોતો. પળવારમાં મેં થંભીને કહ્યું, અહીં ઘણા બધા ભગવાન છે. મને એમની વચ્ચે રહેવાનું, એમનાં દર્શન કરવાનું ગમે છે. ત્યાં તેઓ બોલી ઊઠ્યા, તું અહીં મનોરંજન કરવા આવે છે? હું સ્તબ્ધ થઈ ગઈ. મને થયું કે મારા ઉપર સનનન્ કરતું તીર છોડવામાં આવ્યું છે. કાપો તો લોહી ના નીકળે એવી હાલત હતી મારી. હું અવાચક થઈ ગઈ. મનોમન બોલી : ‘અમે કંઈ અહીંયાં ખાવાપીવા નથી આવતાં.’ થોડીવાર પછી અંતરમાંથી અવાજ આવ્યો, બધાની વચ્ચે પ્રથમ મુલાકાતમાં આવું કહેનાર વ્યક્તિ સામાન્ય તો ન હોય. તેમણે આવું શા માટે કહ્યું, તે મારે વિચારવું પડશે. અરે હા! તેમણે સાચું જ કહ્યું છે કે, હું અહીં વર્ષોથી આવું છું; એ જ નિત્યક્રમ. પણ મારામાં કોઈ સુધારો તો થયો જ નથી. પહેલાં જ્યાં હતી ત્યાં ને ત્યાં જ છું. મને જો પ્રભુ સાથે પ્રીત હોત તો મેં એમનાં કહેલા વચનોનો અમલ કર્યો હોત. લોકોમાં ને મારામાં કોઈ જ ફરક નથી. તેઓ બહારમાં મનોરંજન કરે છે અને હું અહિયાં. પછી તો મેં શાંત ભાવે એ વિદ્વાનને નમન કર્યા.

પણ આ ચિંતનમાંથી એક પ્રશ્ન ઊગી નીકળ્યો. ધર્મ મને ક્યારે ફળશે? ધર્મના ગુણગાન તો ગાયા પણ સમજી કાંઈ નહિ. કારણ, સમજ્યા ત્યારે કહેવાય, જ્યારે અમલમાં મૂકીએ. જેમ જેમ વિચારતી ગઈ તેમ તેમ લાગે છે કે ધર્મને માર્ગે જવા માટે જરૂર છે સત્સંગની, સ્વાધ્યાયની, સ્વનિરીક્ષણની, ચિંતન-મનનની. સત્સંગથી આપણા વિચારો અને માન્યતાઓને પુષ્ટિ મળે છે. સત્સંગ વિચારોને ઊર્ધ્વગામી બનાવે છે. સંગઠન શક્તિનો અનુભવ કરાવે છે અને તેનો અભાવ ભૌતિક દુનિયામાં ક્યારે ખેંચી જાય છે તેની ખબર પડતી નથી. તો વળી પ્રશ્ન થાય કે સત્સંગ કરવો તો કોનો કરવો? જે વ્યક્તિમાં જ્ઞાન હોય. ફક્ત જ્ઞાન જ નહિ સાદગી પણ હોય. પ્રશ્ન થાય જ્યાં સાદગી ન હોય, ભૌતિક સુખોનું આકર્ષણ હોય ત્યાં ધર્મ કેવી રીતે હોઈ શકે?

વળી, જેમ ભોજનની રોજ જરૂર છે તેમ સ્વાધ્યાયની પણ રોજ જરૂર છે. કારણ, દુઃખનું કારણ અજ્ઞાનતા છે. સ્વાધ્યાય કરવાથી સાચું જ્ઞાન મળશે. સમજ આવશે પણ સ્વાધ્યાય કરીને પણ અટકવાનું નથી. જ્યાં સુધી ચિંતન-મનન નહીં ચાલે ત્યાં સુધી જ્ઞાન એક જાણકારી બની રહેશે. જેમ કે ગાંધીજીએ કહ્યું, ‘સત્ય એ જ પરમેશ્વર.’ સાંભળ્યું. સારું લાગ્યું. નિબંધમાં લખ્યું, વક્તૃત્વમાં બોલી, પણ એનો અર્થ સમજી નહીં અને સમજ્યા વગર અમલમાં આવે નહીં. સ્વાધ્યાયમાં કાંઈ વાંચીએ તેના પર ચિંતન-મનન કરવું જરૂરી છે. જ્યાં સુધી શાસ્ત્રીય કથનને ચિંતનના એરણ પર ચઢાવીશું નહીં ત્યાં સુધી શ્રદ્ધા એના પર થાપો મારશે નહીં. અમલમાં તો ત્યારે જ આવે જ્યારે શ્રદ્ધા થાપો મારે.

ચિંતન-મનન સાથે સ્વનિરીક્ષણની પણ એટલી જ જરૂર છે. સ્વનિરીક્ષણનો અભાવ હશે તો મને કંઈક આવડે છે એવા ખ્યાલમાં રાચીશું. પોતાની ભૂલો નહિ દેખાય પણ બીજાની ભૂલો જરૂર દેખાશે. એક દૃષ્ટિએ સ્વસ્થ માનસ તો એને કહીએ જેને બધામાં ગુણો દેખાય, તેમની વિશેષતા દેખાય. સ્વનિરીક્ષણથી અહંકાર ઘટશે. બીજાને ખુલ્લા મને સાંભળવાની ધીરજ આવશે. જોકે આ બધું તો પાશેરામાં પહેલી પૂણી જેટલું પણ નથી.

નાનપણથી જ હું ધાર્મિક વાતો વધારે કરતી. મારી આસપાસનાં સૌ કોઈ કહેતા કે મને ધર્મમાં વિશેષ રુચિ છે. હું શાંતભાવે સાંભળતી. પણ વર્ષો પછી વિચાર આવ્યો કે હું અંગ્રેજી ભણાવું છું. અંગ્રેજીના જ્યારે કોઈ વિશેષ નિયમો મારી જાણમાં આવે ત્યારે ખૂબ ખુશ થાઉં છું. વિદ્યાર્થીઓને ખૂબ

**(અનુસંધાન : જુઓ પાના નં.-૧૧૧ ઉપર)**

આરોગ્ય

# આત્મહત્યા (Suicide) – ૨

• ડૉ. મણિલાલ ગડા – ડૉ. દીપ્તિ શાહ (ગડા) •

ગયા અંકના લેખમાં આત્મહત્યાના વિશ્વમાં આંકડાઓ, આત્મહત્યા વિષેના કાયદાકિય, ધાર્મિક, સમાજિક તથા મનોવૈજ્ઞાનિક દૃષ્ટિકોણ, આત્મહત્યા/મરવાના વિચારોનું મનોવૈજ્ઞાનિક પૃથક્કરણ તથા આત્મહત્યા વિષેના ગેરસમજ વિષે જાણકારી મેળવી. આ લેખમાં આત્મહત્યાનો પ્રયાસ કરનારના કિસ્સા વિષે મનોવૈજ્ઞાનિક જાણકારી (નિદાન તથા સારવાર) વિષે જાણકારી મેળવીએ.

- **કેસ સ્ટડી :**

અમારા ફિઝિશિયન ડૉક્ટર મિત્રનો ફોન આવ્યો કે ઈમરજન્સી વોર્ડમાં દાખલ કરેલ મહિલાને તપાસવાની છે. ડૉક્ટરે જણાવ્યું કે ચાર દિવસ પહેલાં આ મહિલાએ આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો હવે સારવાર બાદ શારીરિક રીતે નોર્મલ છે પરંતુ મનમાં હજી મરવાના વિચારો આવે છે. મનની સારવારની જરૂરત છે.

ઈમરજન્સી વોર્ડમાં મહિલાની ઊંડાણમાં મનોવૈજ્ઞાનિક તપાસ કરી.

૫૦ વર્ષની સરલાબેનને (નામ બલ્યું છે) ઈમરજન્સીમાં આઈ.સી.સી.યુ. (I.C.C.U.) માં દાખલ કરેલ હતી. વધારે પડતી ઊંઘની ગોળીઓ ખાઈને આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો. એ વખતે સરલાબેનની હાલત ગંભીર (Serious) હતી. બ્લડપ્રેશર નીચું (low-લો) હતું. શ્વાસોચ્છવાસની પ્રક્રિયા અનિયમિત હતી. બેહોશ હાલતમાં એ મહિલાને એના પતિ અને દીકરાએ દાખલ કરેલ. શરૂઆતમાં આઈ.સી.સી.યુ. માં વેન્ટિલેટર (કૃત્રિમ શ્વાસોચ્છવાસ માટેનું મશીન) પર રાખેલ. સમયસરની સારવારથી દરદીની હાલતમાં ધીમે ધીમે સુધારો થયેલ. ચાર દિવસ બાદ દરદીની હાલતમાં સુધારો થયેલ અને હવે શારીરિક રીતે નોર્મલ હતી તથા ખતરાથી બહાર હતી. (મેડિકલી સ્ટેબલ હતી)

મનોવૈજ્ઞાનિક માહિતી (Psychiatric history and psychiatric examination) નીચે પ્રમાણે હતી. આઠેક મહિનાથી સરલાબેનની ઊંઘ ઓછી થઈ ગઈ હતી. સવારના પરોઢિયે ઊંઘ વહેલી ઊડી જતી હતી. સવારના સ્ફૂર્તિ ઓછી રહેતી હતી. સવારના કામકાજ કરવાનું મન ન થતું. પરાણે ઘરનું કામકાજ પૂરું કરી સ્કૂલે જતી (સરલાબેન સ્કૂલમાં પ્રિન્સિપાલ હતાં.) સાંજના ખૂબ થાક, નબળાઈ લાગતાં. નાની નાની બાબતોમાં ગુસ્સો આવી જતો હતો (જે એમનો સ્વભાવ ન હતો.) ગુસ્સો કર્યા બાદ પસ્તાવો પણ થતો હતો. રડવું આવી જતું હતું. નકારાત્મક વિચારો આવતા હતા. જિંદગી જીવવામાં રસ ઓછો થઈ ગયો હતો. "આના કરતાં મોત સારું" એવા વિચારો આવતા હતા.

એકાદ મહિના પહેલાં, સાતમા સત્રમાં એન્જિનિયરિંગમાં અભ્યાસ કરતો એકનો એક પુત્ર નાપાસ થયો હતો. ત્યારબાદ ઉપરોક્ત લક્ષણો તથા વિચારોનું પ્રમાણ વધી ગયું હતું "પ્રિન્સિપાલનો દીકરો નાપાસ થયો. મારો દીકરો નાપાસ થયો. હું નિષ્ફળ શિક્ષિકા છું. લોકો મારા વિશે શું અભિપ્રાય બાંધશે? હું સ્કૂલમાં મોઢું બતાડવા લાયક નથી રહી." વગેરે વિચારોનો મારો સતત ચાલુ રહેતો હતો. એમને એમ લાગતું હતું કે બીજા શિક્ષકો આગળ એમની કિંમત ઓછી થઈ ગઈ છે.

પતિએ ઘણી સમજાવવાની કોશિશ કરી કે દીકરો હોશિયાર છે. અત્યાર સુધી દરેક પરીક્ષામાં ૯૦% થી વધારે ગુણાંક લાવે છે. આ વખતે એક જ વિષયમાં ફક્ત ત્રણ ગુણાંકથી નાપાસ થયેલ છે. ફરી વધારે મહેનત કરી પાસ થઈ જશે. એનું સત્ર બગડતું નથી. બીજા વખતે બંને સત્રની પરીક્ષા સાથે આપશે. આપણે દીકરાને હિંમત આપવાની છે, હૂંફ આપવાની છે.

સરલાબેનના મનના વિચારો ઓછા ન થયા. વિચારોએ એમનો કબજો લઈ લીધો. એ દિવસે ઘરમાં કોઈ ન હતું ત્યારે વધારે પડતી ગોળીઓ લઈ આત્મહત્યાનો પ્રયાસ કર્યો. સદ્ભાગ્યે સમયસરની સારવારથી સરલાબેન બચી ગયાં.

પરંતુ મનમાં હજી નકારાત્મક વિચારો તથા "જીવન જીવવા જેવું નથી" વિચારો ચાલુ હતા. એટલે સારવાર કરનાર ફિઝિશિયને મનોચિકિત્સકનો અભિપ્રાય લઈ મનોચિકિત્સકની સલાહ પ્રમાણે સારવાર કરવાની સલાહ આપી.

- **નિદાન :**

આ એક "હતાશાની બીમારી" (Depressive Disease) નો કેસ છે. બીજી શારીરિક બીમારીની જેમ હતાશાની બીમારીનું નિદાન શારીરિક લક્ષણો પરથી થાય છે કારણ પરથી નહીં. આ કિસ્સામાં મન ઓછું લાગવું, પરોઢિયે ઊંઘ વહેલી ઊડી જવી, થાક, નબળાઈ, ચીડિયાપણું, નકારાત્મક વિચારો, જીવન જીવવામાં રસ ન રહેવો વગેરે હતા. જે છેલ્લા છ મહિનાથી હતા. દીકરો પરીક્ષામાં નાપાસ થયો એની પહેલાથી હતા. જેના

પર ધ્યાન અપાયું નહોતું. દીકરાના નાપાસ થવાના પ્રસંગ બાદ બીમારી વધી ગઈ અને દરદી આત્મહત્યા કરવા પ્રેરાઈ. જો બીમારીનું નિદાન વહેલુ થયું હોત તો આત્મહત્યાનો પ્રયાસ અટકાવી શકાત.

***સરલાબેનના કિસ્સામાં હતાશાની બીમારી તરફ ધકેલનારા પરિબળો :***

૧. દર્દીનો સંવેદનશીલ, લાગણીશીલ સ્વભાવ. દરેકને યેનકેન પ્રકારે રાજી રાખવાની વૃત્તિ. ટી.વી., સિનેમામાં દુઃખનો પ્રસંગ આવે તો આંખમાં તરતજ આંસુ આવી જાય. બીજાને પણ "ના" પાડવાની અસમર્થતા.

૨. છેલ્લા વર્ષમાં બનેલ નકારાત્મક, દુઃખના પ્રસંગો જેને લીધે સરલાબેનના મન પર ઊંડી અસર થયેલ : (૧) માતાને લકવાની બીમારી, (૨) સ્કૂલની વ્યવસ્થાપક સમિતિમાં બદલાવ તથા નવા અધિકારીઓ જોડે ચકમકને લીધે સ્ટ્રેસનું પ્રમાણ ખૂબ જ વધી ગયું હતું.

૩. દીકરો નાપાસ થયો એ પ્રસંગને લીધે હતાશાની બીમારીનું પ્રમાણ ખૂબ જ વધી ગયું હતું. અપરાધભાવ તથા પોતાની જાતને દોષિત માનવાના લક્ષણોને લીધે સરલાબેન આત્મહત્યા તરફ ધકેલાયા.

- **સારવાર :**

હોસ્પિટલમાં જ હતાશા પ્રતિરોધક દવાઓ ચાલુ કરી. સાથે કાઉન્સેલિંગ તથા ફેમિલી થેરાપી શરૂ કરી. દર્દી સાથે આત્મહત્યાના પ્રયાસ બદલ હાલ પૂરતી કાંઈ પણ ચર્ચા ન કરવાની કુટુંબીજનોને સલાહ આપી. દર્દી પ્રત્યે નકારાત્મક વલણ ન રાખવાની સમજણ સાથે ચર્ચા કરી. પતિ અને દીકરાએ સમજણપૂર્વક તથા સહાનુભૂતિપૂર્વકના સંવાદો શરૂ કર્યા. ગુણવત્તાભર્યા સમય (Quality time) ગાળવાની શરૂઆત કરી. આ બધા પ્રયત્નોને કારણે (દવા + કાઉન્સેલિંગ) ધાર્યા પ્રમાણે પરિણામ મળ્યું. દસેક દિવસમાં મરવાના, નકારાત્મક વિચારો બંધ થઈ ગયા. અપરાધભાવ ઓછો થયો. ત્યારબાદ હોસ્પિટલમાંથી રજા આપી.

ત્રણેક મહિનાની સારવારમાં સરલાબેન પૂર્વવત કામકાજ અને જવાબદારી સ્વીકારતા થઈ ગયા. હતાશાની બીમારી કાબૂમાં આવી.

- **મનોવિશ્લેષણ :**

ફક્ત બાહ્ય ઘટના કે પ્રસંગને લીધે હતાશાની બીમારી થતી હોય તો સરલાબેનના પતિને પણ હતાશાની બીમારી થવી જોઈએ. એમને હતાશાની લાગણી થયેલ. એમનામાં આ ઘટનાનો સામનો કરવાની શક્તિ હતી. યોગ્ય નિર્ણય કરી એ નિર્ણય અમલમાં મૂકવા સમર્થ હતા જેથી પતિને હતાશાની બીમારી ન થઈ.

- **મનની પ્રતિકાર કરવાની શક્તિ :**

મનની પ્રતિકાર કરવાની શક્તિ નીચેના ત્રણ પરિબળો પર આધારિત છે.

(૧) મગજના અવયવોની રચના તથા કાર્ય (Biological Factor) જેમાં અનુવાંશિકતા તથા બાળપણમાં મેળવેલ પૌષ્ટિક આહાર મહત્ત્વનો ભાગ ભજવે છે.

(૨) વ્યક્તિત્વ (Psychological - Temperament) સંવેદનશીલતા, અપેક્ષાઓ, મનથી બાંધછોડ કરવાની વૃત્તિ, યોગ્ય સમયે યોગ્ય પદ્ધતિથી "ના" પાડવાની સમર્થતા મહત્ત્વના અંગો છે. બાળપણનો માતાપિતાનો ઉછેર અગત્યનો ભાગ ભજવે છે.

(૩) બાહ્ય પ્રસંગો તથા એ પ્રસંગો પ્રત્યે વ્યક્તિગત પ્રતિભાવ તથા પ્રતિક્રિયા અગત્યનું અંગ છે.

મનની બીમારીના નિદાન તથા સારવાર માટે આ ત્રણેય પરિબળો વિષે જાણકારી મેળવવી જરૂરી છે જેથી યોગ્ય વ્યક્તિગત સારવાર કરી શકાય. ■

## ધર્મ મને ક્યારે ફળશે?

**(અનુસંધાન : પાના નં.-૧૦૯ ઉપરથી ચાલુ)**

આનંદપૂર્વક સમજાવું છું. અંગ્રેજીની જેમ ધર્મ પણ મારા માટે એક વિષય તો નથી બની ગયો ને? વર્ષો પહેલાં સાંભળ્યું હતું કે, હું આત્મા છું, પરિપૂર્ણ છું, અનંત શક્તિથી ભરેલી છું અને હું ખૂબ ખુશ રહેતી. મને થતું કે મને જે જોઈએ છીએ તે મળી ગયું છે. હવે બીજું કાંઈ જાણવાની જરૂર નથી. આજે લાગે છે કે અંદરની દઢતા માટે તત્ત્વજ્ઞાનમાં પણ ઊંડાં ઊતરવું પડશે. મારી રુચિ આ દિશામાં છે. જો કે હજી હું ધર્મની પહેલી પરિપાટી પણ નથી ભણી.

આનંદ તો મને આધ્યાત્મિક પ્રવચનો અને ભજનમાં આવે છે. સમાધાન શક્તિ પણ અહીં જ મળે છે. હા, થાય છે કે સમજ આવે તેમ પારદર્શકતા વધતી જાય છે.

આશ્ચર્ય એ વાતનું થાય છે કે, જ્યારે લોકો કહે, તમને આ નથી આવડતું. આમ કરવું જોઈએ. આમ ન કરવું જોઈએ. એ બધું સંભળાય છે, પણ ગુરુ કહે છે, "તું ભગવાન આત્મા છે. અનંત સુખશક્તિથી ભરેલો છે, પરિપૂર્ણ છે." એ આનંદ આપે છે. સારું લાગે છે, સંભળાય છે. પણ હજી દિલ સોંસરવું ઉતર્યું નથી. જ્યારે દરેકમાં મને ભગવાન આત્મા જણાશે, ત્યારે ધર્મ મને ફળશે.

*૮, સૌમ્ય ફ્લેટ, સેંટ ઝેવિયર્સ કૉલેજ રોડ*
*મ્યુનિસિપલ માર્કેટ સામે, નવરંગપુરા,*
*અમદાવાદ-૩૮૦ ૦૦૯.*
*ફોન : ૯૪૨૯૨ ૧૦૪૫૮*

# જીવન સંધ્યાએ આરોગ્ય સાચવીએ

• માણેક એમ. સંઘોઈ •

## વધતી ઉંમરે થતી અસરો (EFFECTS OF OLD AGE)

આજે લોકો પહેલાં કરતાં લાંબું આયુષ્ય જીવે છે અને વધુ વર્ષો સુધી પ્રવૃત્તિમય સુખી જીવન જીવવાની ઈચ્છા કરે છે. જેમ જેમ ઉંમરે વધે તેમ પરિવર્તન પણ આવતાં જાય. વાળ ધોળા થવા માંડે. આંખો અને કાન નબળાં પડે. યુવાનીની ઝપાટા બંધ ડુંગર ચડવાની ઝડપ અને શક્તિ મોટી ઉંમરે ઓછી થઈ જાય. કેટલીક વાર નામો ભુલાઈ જવાય. આવું બધું હોવા છતાં પણ, જીવનને પ્રવૃત્તિમય અને તેની તંદુરસ્તી જાળવી શકાય છે. તેમાં આપણને કોઈ રોકી શકે તેમ નથી. પ્રૌઢ કે વૃદ્ધ થવું, એ રોગ નથી. વૃદ્ધ એટલે બુઢ્ઢા-બુઢ્ઢી થવું એમ પણ નથી. જેમાં ડહાપણની અનુભવની અને જ્ઞાનની વૃદ્ધિ થાય એ વૃદ્ધ.

કુદરતી નિયમો પ્રમાણે શરીર પોતાનું કામ કરે છે. ઉંમર વધે તેમ શરીરનાં અંગોની શક્તિ ઘટે. "હવે તો ભાઈ, ઉંમર થઈ" કહીને કોઈ પણ પ્રકારની પરાધીનતાની કે હતાશાની લાગણી વગર પૂરા આત્મવિશ્વાસથી, કપરા સંજોગોમાં મુશ્કેલીઓનો સામનો કરી શકીએ છીએ. તેમાં કુટુંબીજનો, મિત્રો, સામાજિક સંસ્થાઓ અને સરકારની અમુક યોજનાઓની મદદ મળતી રહે છે. તે માટે આપણે માહિતગાર રહેવું જોઈએ.

## વધતી ઉંમરે થતા ફેરફારો (AGEING PROCESS)

- **વૃદ્ધાવસ્થાની પ્રક્રિયા :**

ઉંમર વધે તેમ ફેરફારો થાય. મીરાંબાઈએ કહ્યું છે તેમ "મારો હંસલો નાનો ને દેવળ જૂનું તો થયું." ઉંમર વધતી જાય તેમ શરીરરૂપી દેવળ પણ જૂનું થતું જાય અને કુદરતી ફેરફારો આવતા જાય, એ હકીકત છે. પણ દરેક વ્યક્તિમાં આ ફેરફારો સરખા નથી થતા. કોઈકને વિશેષ માંદગી આવે, કોઈક ઘણા વર્ષો સુધી નીરોગી રહે. સામાન્ય રીતે વૃદ્ધાવસ્થા કોને કહેવાય? એનો સંબંધ આ અવસ્થામાં રોગો સાથે શો? જુદા જુદા રોગો શું મોટી ઉંમરમાં થતી પ્રક્રિયા સાથે જોડાયેલા છે? આ ફેરફારો કે બીમારીઓને ખોરાક, દવા કે જીવનની રહેણીકરણીમાં સુધારા કરવાથી રોકી શકાય? અથવા એની પ્રક્રિયાને ધીમી કરી શકાય ખરી?

વૃદ્ધાવસ્થા શું છે? શું એ મૃત્યુ તરફ વધતી જતી અવસ્થા છે? વૈજ્ઞાનિક રીતે જોવા જઈએ તો એનો જવાબ 'ના' માં છે. હવે એમ મનાય છે કે વૃદ્ધાવસ્થા આવે છે, કારણ કે આપણા સમસ્ત જીવન દરમિયાન શરીરના કોષો અને અવયવોએ જે નાની નાની ભૂલો ભેગી કરી હોય એ સામાન્ય કાર્યોમાં આડે આવે. શુભ સમાચાર એ છે કે જો આપણે આ ભૂલોથી બચી શકીએ ને નુકસાનને રોકી શકીએ અથવા કુદરતી રીતે સારા થવાની શરીરની પ્રક્રિયાને વધારી શકીએ તો ઘણી બધી આધિ-વ્યાધિથી બચી શકાય. આરોગ્યપ્રદ ખોરાક કસરત જીવનની રહેણીકરણીમાં યોગ્ય ફેરફારથી અને જરૂર પડે તો દવા-ઉપચારથી બીમારીઓ ઉપર કાબૂ રાખી શકાય.

- **શરીરના કોષોની વૃદ્ધાવસ્થા :**

શરીર અબજો અબજ કોષોનું બનેલું છે. એ કોષોને વૈજ્ઞાનિક રીતે ટેસ્ટટ્યૂબમાં અનેક ગણા કરી શકાય છે. પણ અમુક સમય પછી એ વધતાં અટકે છે. જૂના થાય છે ને નાશ પામે છે. સંશોધનો થઈ રહ્યાં છે કે આ પ્રક્રિયા માટે કયાં પરિબળો કારણભૂત છે? શરીરના જુદાજુદા અવયવો (દા.ત. મગજ, ચામડી, હાડકાં વગેરે) જુદી રીતે અને જુદા જુદા સમયે જૂનાં થતાં જાય છે. પરંતુ આ બધા કોષોમાં સમય થતાં, એક સરખું નુકસાન થાય છે. એનાં ઘણાં કારણો લગભગ એકસરખાં હોય છે. શરીરના કોષોની આ પ્રક્રિયાનો અભ્યાસ વૃદ્ધાવસ્થામાં થતી બીમારીના કારણોને સમજવામાં ઘણો ઉપયોગી નીવડે છે.

- **વૃદ્ધાવસ્થાનાં કારણો :**

આનુવંશિક એટલે વારસાગત મળેલા આપણા શરીરના જનીનમાળખા (DNA) માં અને ત્યાર પછી વધીને શરીરમાં બીજાં ભેગાં થયેલાં કોષોમાં પરિવર્તન પામેલાં ઘટકો કારણભૂત છે. દા.ત. આંખના મોતિયામાં અને અલ્ઝાયમર નામની બીમારીમાં શરીરના પ્રોટીનમાં ફેરફાર થાય તે અને કેન્સરમાં એના કોષોમાં અનેકગણી વૃદ્ધિ થાય છે એ ઘટકો જવાબદાર છે. સામાન્ય જીવન જીવતાં જે આડી અસરો ભેગી થયેલી છે, તેનાથી શરીરને ઘણુંખરું નુકસાન થાય છે. દાખલા તરીકે શ્વાસ દ્વારા જે પ્રાણવાયુ લઈએ છીએ, તેમાનો ૧-૨ ટકા ઉચ્ચ પ્રકારનો ઉત્પન્ન કરતો 'ફ્રી રેડિકલ' છે, જે શરીરના પ્રોટીન અને (DNA) ને નુકસાન પહોંચાડે છે. પરંતુ આપણા શરીરમાં આ બધાં નુકસાનોથી બચવાની અને એને અનુરૂપ થવાની અદ્ભુત શક્તિ રહેલી છે,

પણ આપણાંથી ક્યાંક અને ક્યારેક ભૂલ થઈ જાય છે. અને આપણે આ શક્તિ ઓછી કરી નાંખીએ છીએ. આનુવંશિક (Genetics) સંશોધન વૃદ્ધાવસ્થાનાં કારણો શોધવામાં ઠીક કાર્ય કરી રહ્યું છે. શરીરના એવા આનુવંશીય કોષ (Genes) શોધાયા છે, જે અલ્ઝાયમર અને સાંધાના દુખાવામાં (ઓસ્ટીઓ આર્થરાઈટીસમાં) ભાગ ભજવે છે.

જો કે વૈજ્ઞાનિક સંશોધનોથી માનવી અજર અને અમર બનશે એ કહેવું મુશ્કેલ છે. કુદરતના નિયમોમાં જન્મ જરા, વિલય અને ફરી જન્મ થવો એ કાળચક્ર અચૂક છે.

## સદા યુવાન રહીએ

***(Be ever young – let zest of spring be ever in our life)***

વસંત ઋતુમાં એક અનોખો ઉલ્લાસ છે, આનંદ છે. એમાં ખીલેલાં રંગબેરંગી પુષ્પોની શોભા છે. આપણા જીવનમાં સદા વસંત રહો. ઉંમર શા માટે આડે આવે? માટે હસતાં રહીએ અને હસાવતાં રહીએ.

- ★ નેવું વર્ષની ઉંમરે રવિશંકર મહારાજ લોકસેવાની પ્રવૃત્તિ ખૂબ ધગશથી કરતા.
- ★ ત્રાણું વર્ષની ઉંમરે બર્નાડ શો એ ‘ફાર ફેચેડ ફેબલ્સ’ નાટક લખ્યું.
- ★ જોશીલા યુવાન જેવા ૭૨ વર્ષના મુંબઈના સમાજ સેવાના ભેખધારી શ્રી કુલીનકાંત લુઠિયા (C.A.) છેલ્લા ૩૦ વર્ષથી “માનવ જ્યોત” ની મશાલ લઈ દિવસના સોળ કલાક સેવા આપી રહ્યા છે.
- ★ ૯૪ વર્ષના જાણીતા ફિલોસોફર બર્ટાન્ડ્ર રસેલ વિશ્વશાંતિના પ્રચારમાં સતત કાર્યરત રહી લેખન કાર્ય કરતા હતા.
- ★ એક સો વર્ષનાં પરદાદીમા મોસીસ ચિત્રકામ કરે.
- ★ સદા પ્રવૃત્ત રહેતાં ૯૯ વર્ષનાં ઈંગ્લેન્ડનાં ક્વીન મધર પ્રજાનાં ખૂબ માનીતાં હતાં.
- ★ નેવું વરસે પણ ખાન અબ્દુલ ગફાર ખાન આદર્શો માટે કામ કરતા રહ્યા.
- ★ શ્રી મોરારજી દેસાઈ ભારતના પ્રધાનમંત્રી બન્યા ત્યારે એમની ઉંમર કેટલી હતી?
- ★ ૯૫ (જન્મ તા. ૪-૨-૧૯૨૧) વર્ષના શ્રી સ્વામિનારાયણ પંથના વડા પૂ. પ્રમુખસ્વામી મહારાજ અનેક વિશ્વયાત્રાઓ કરી રાત-દિવસ લાખો ભક્તજનોને માર્ગદર્શન આપી રહ્યા છે.
- ★ આપણા શાસ્ત્રોમાં સો વર્ષ જીવવાનો હિસાબ કર્યો છે. ૫૦ થી ૭૫ વર્ષ સુધી વાનપ્રસ્થાશ્રમનો છે અને ૭૫ વર્ષે સંન્યાસ લેવા માટે કહ્યું છે. પણ હજી ઠીક સંખ્યામાં એવાં મોજીલાં સ્ત્રી-પુરુષો છે, જેઓ એંસી વર્ષની ઉંમરે પણ પરણીને ઘર સંસાર માંડે છે.

આમ આ સર્વ વ્યક્તિઓના જીવનમાં સદા વસંત રહી છે. પ્રફુલ્લિતપણે પોતાને કાર્યરત રાખી શક્યા છે, તો આમાં ઉંમરનો બાધ ક્યાં આવ્યો?

૨૦૧૬ વર્ષના અનુમાન પ્રમાણે ગુજરાતમાં ૮૦ વર્ષથી વધુ ઉંમરના વડીલોની સંખ્યા પાંચ લાખ સાઈઠ હજાર ઉપર છે, અને સિત્તેર વર્ષથી મોટા એકવીસ લાખ છે.

જેઓ તન અને મનને કામમાં રોકી રાખે છે, તેઓ વધુ સુખી, તંદુરસ્તીભર્યુ અને આનંદી જીવન જીવે છે.

## આરોગ્યને જાળવી રાખવાના સાદા નવ ઉપાયો

**(BASIC NINE RULES FOR GOOD HEALTH)**

(૧) ખાવાપીવામાં યોગ્ય આરોગ્યપ્રદ આહાર કરવો.

(૨) સિગારેટ, દારૂ, તમાકુ વગેરે વ્યસનોથી દૂર રહેવું.

(૩) બેઠાડુ જીવનનો ત્યાગ કરી શરીર શ્રમ-કસરતની ટેવ પાડવી રોજ એકાદ માઈલ તો ચાલવાનું રાખવું જ.

(૪) શરીરના વજન ઉપર કાબૂ રાખવો.

(૫) વ્યર્થ ચિંતા ન કરવી, હંમેશાં પ્રસન્ન અને હસતા રહેવું. નિરાંતે ઊંઘ લેવી.

(૬) મનને સંતોષ આપે એવા સારા કાર્યોમાં વ્યસ્ત રહેવું અને ઈર્ષા, મોહ ને મમતાનો ત્યાગ કરી જીવનભર કરેલા સંગ્રહને વહેંચી દઈ શાંતિનો અનુભવ કરવો.

(૭) શિયાળામાં ઠંડીથી અને ઉનાળામાં ગરમીથી બચવું.

(૮) ઘરની બહાર કૌટુંબિક, સામાજિક કે ધાર્મિક કાર્યોમાં ભાગ લઈ માનસિક તાણ ઊભી કરતાં તત્ત્વોથી દૂર રહેવું.

(૯) વધુમાં વધુ મિત્રો બનાવવા. પરિવાર કે મિત્રો સાથે રજા માણવા કે યાત્રાનો આનંદ લેવાનો કાર્યક્રમ વરસમાં એકાદવાર જરૂર ગોઠવવો. ■

સાંઘવ-રત્ન સ્વ. પૂ.શેઠ શ્રી મુરજી રાઘવજી લોડાયાના સ્મરણાર્થે....

MRL GROUP

**MRL CLEARING AND FORWARDING PVT. LTD.**

(CHA No. 11/374)

13/B, Sucheta Niwas, 285, Shahid Bhagat Singh Road, Fort, Mumbai-400 001.
Tel. : +91 22 22661380 / 22661600 Fax : +91 22 22703624
E-mail : imp@mrlshipping.com Web : www.mrlshipping.com

**Clearing, Forwarding & Shipping Agents**

# હોમિયોપેથિક સારવાર પદ્ધતિને સમજીએ

• પ્રા. સૂર્યકાંત ભટ્ટ •

એમ કહેવાય છે કે એક સૌમ્ય દવા વડે દર્દનો કાયમી ઈલાજ હોમિયોપેથી કરે છે. લગભગ છેલ્લાં બસ્સો વર્ષથી, આ ઉપચાર પદ્ધતિ અમલમાં આવી, જે વિશ્વમાં બીજા નંબરની ઉપચાર પદ્ધતિ મનાય છે. જર્મનીના ડૉ. હેનમેન આ ચિકિત્સાના પ્રણેતા છે. ડૉક્ટર ઉપરાંત કેમિસ્ટ પણ ખરા.

- **વિશ્વમાં આવકાર્ય પદ્ધતિ :**

હોમિયોપેથીની નિર્દોષ પ્રકૃતિ, સંશોધનાત્મક પધ્ધતિ, ચિકિત્સાની સરળતા, વધતી જતી સફળતા અને વધતી જતી લોકપ્રિયતાને કારણે આ સારવાર પદ્ધતિ વિશ્વના દેશો અમેરિકા, બ્રાઝીલ, ઓસ્ટ્રિયા, જર્મની, નોર્વે, સ્વિટ્ઝરલેન્ડ આદિમાં સુવિખ્યાત બનવા પામી છે.

- **હોમિયોપેથી કયા સિદ્ધાંત પર?**

રોગ થયો હોય ત્યારે સમાંતર અસર કરે તેવી દવા આપવી. જેથી શરીરમાં ચેતના પ્રગટશે. શરીરમાં રોગ પ્રતિકારક શક્તિઓ વધારવી. દવાના ખૂબ નાના ડોઝ આપી રોગ નાબૂદ કરવો. હઠીલા રોગોમાં પણ એક દવા આપવી. આવી દવા વિવિધ ઔષધોના મિશ્રણ દ્વારા તૈયાર કરી શકાય છે. પરિણામે દવા લેવાનો કોઈ અણગમો થતો નથી. મીઠી ગોળીઓ બાળકો પણ ઘણી સહેલાઇથી ખાઈ જાય, ગળે કે ચૂસે. દવા આરોગતા પહેલાં અને પછી ૧૦-૧૫ મિનિટ ખાવા-પીવા પર પ્રતિબંધ રાખવો પડે છે. હોમિયોપેથીની દવા લેવાની આ રીત, એ ખાસ તો હોમિયોપેથીની અલગ ઓળખ બની રહી છે.

- **પદ્ધતિની કેટલીક મર્યાદાઓ :**

ઈમરજન્સીમાં આ ઔષધ અત્યંત અસરકારક બની શકે તે માટે એક્સપરિમેન્ટ ચાલુ છે. જ્યાં સર્જરી વગર અન્ય કોઇ ઈલાજ ન હોય ત્યાં હોમિયોપેથી કાર્યરત રહેતી નથી. એચ.આઈ.વી. જેવા રોગો જેમાં રોગપ્રતિકારક શક્તિ નાબૂદ થઈ હોય અને આગળ વધી ગયેલા કેન્સર કે ચોથા સ્ટેજના ટી.બી. આદિમાં હોમિયોપેથી પદ્ધતિ તાત્કાલિક ફળ આપી શકતી નથી. પાચનતંત્રના રોગો, ચર્મ રોગો, માનસિક તકલીફો, મૂત્ર વિકાર આદિ રોગોમાં હોમિયોપેથી અક્સીર સાબિત થવા પામી છે.

- **સંશોધન :**

હોમિયોપેથી સારવાર પધ્ધતિમાં હાલે ક્લિનિકલ ટ્રાયલ લેવાનું ચલણ ખૂબ જ વધતું જાય છે. ઇ.સ. ૧૯૭૪થી ઇ.સ. ૨૦૦૩ સુધીમાં સો જેટલી ક્લિનિકલ ટ્રાયલ યોજાઇ હતી. જેમાં હોમિયોપેથીક ઔષધો અક્સીર પુરવાર થયા હતા. ઍલોપેથીની દવાઓ એકસરખા પ્રમાણ કે માત્રા ટેબ્લેટ્સ કે અન્ય સ્વરૂપોમાં અપાય છે, જ્યારે આ પદ્ધતિમાં એકસરખી માત્રા જોવા મળતી નથી. તબીબો પોતાના અનુભવોના આધારે ડોઝ બનાવી, ડોઝની માત્રા સમજાવે છે. આ પદ્ધતિની કોઈ આડઅસર વરતાતી નથી.

- **હોમિયોપેથીની શિક્ષણ વ્યવસ્થા :**

આપણા દેશમાં હોમિયોપેથીની સ્નાતક ડિગ્રી આપતી ૧૮૭ તથા અનુસ્નાતક ડિગ્રી આપતી ૪૨ કૉલેજો છે. પીએચ.ડી. થવાની વ્યવસ્થા કરવામાં આવી છે. કેન્દ્ર તથા રાજ્ય સરકાર દ્વારા ચાલતી ડિસ્પેન્સરીઓ અનુક્રમે ૨૧૫ તથા ૬૮૧૨ છે. ગવર્નમેન્ટ હેલ્થ સ્કીમ (જી.એચ.એસ.) ૩૫, રેલવે મંત્રાલય હેઠળ ૧૨૯ ડિસ્પેન્સરીઓ ચાલે છે. ભારતમાં હોમિયોપેથીક ડૉક્ટરો સ્વતંત્ર પ્રેક્ટિસ વધુ પસંદ કરે છે. જેથી તેમનું ફી નું ધોરણ એકસરખું નથી.

દિલ્હી સરકાર દ્વારા ચાલતા હોમિયોપેથીનાં સરકારી દવાખાનાંઓમાં છેલ્લા દસ વર્ષમાં દર્દીઓની સંખ્યા પચાસ ટકા વધી છે. જેમાં બાળકો તથા મહિલા દર્દીઓ મુખ્ય છે. એક મોજણી મુજબ ૨૫ વર્ષથી ૪૪ વર્ષ સુધીનાં સ્ત્રી પુરુષો હોમિયોપેથીક સારવાર વધુ પસંદ કરે છે.

- **વિશિષ્ટ ઉપલબ્ધિ :**

હોમિયોપેથીક સારવાર પદ્ધતિ અંગે ૬૦ રિસર્ચ પેપર્સ તથા ૨૩૭ શોધ પુસ્તકો છેલ્લા ૧૦ વર્ષમાં પ્રગટ થવા પામ્યાં છે. સંશોધનો આજે પણ ચાલી રહ્યા છે. સંશોધકો અભ્યાસ બાબતે, દવાના પ્રમાણ પર, દવામાં વપરાતી વનસ્પતિઓ અને ટીંચરો પર, ગંભીર રોગો પરની આ દવાની અજમાયશો પર, પરિણામો પર સંશોધનો કરી જ રહ્યા છે.

વિશ્વભરમાં હોમિયોપેથીક સારવાર પદ્ધતિની ખ્યાતિ વધવા પામી છે.

*૧૬/એ, લીમડા લેન,*
*સંસ્કારનગર, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*
*મો. ૯૮૨૫૨ ૩૪૩૪૬*

*આપણી પાસે જે સમય છે એમાં જ પળે પળે તકના ધબકારા થયા કરે છે અને એનો ઉપયોગ કરતા જ રહેવું જોઈએ.*

ઇતિહાસ

# વીજળી વેરણ થઈ!

• દુલેરાય કારાણી • સંકલન : હીરાલાલ વી. ઊનડોઠવાલા •

ચોર્યાસી બંદરના વાવટા જેવા કચ્છના માંડવી બંદરનો દરિયો આજે જાણે ઘેલોતૂર બની ગયો હતો. પાણીનાં ઊછળતાં મોજાં ઘડીકમાં આકાશમાં ઊંચે ચડતાં હતાં, ઘડીકમાં નીચે પછડાતાં હતાં. કાળા નાગ જેવા ફૂંફાડા મારતો પવન પૂરા વેગથી વીંઝાતો હતો. અરબી સમુદ્ર પરથી દોડ્યાં આવતાં પાણી, માંડવીના કિનારા પર પછાડા મારતાં હતાં.

વિક્રમ સંવત ૧૯૪૫ના કારતક સુદ પાંચમ અને ગુરુવારનો દિવસ હતો. સને ૧૮૮૮ના નવેમ્બર માસની આઠમી તારીખ હતી. કચ્છના માંડવી બંદરને કિનારે બપોરના બરાબર બાર વાગ્યે એક સ્ટીમર લાંગરી હતી. એક સુશોભિત નગરી જાણે સાગર પર તરતી હોય એવી એ સુંદર અને વિશાળ હતી. એ આગબોટનું નામ હતું 'વેટરના.' પરંતુ એના ઝળહળતા વીજળીના પ્રકાશને લીધે લોકોએ એને 'વીજળી' નું ઉપનામ આપ્યું હતું. આ વીજળી આગબોટ વીજળીની રોશનીથી ઝળકી ઊઠતી, અને વીજળી જેવો જ એનો વેગ હતો. એટલે એનું વીજળી નામ ઉભય અર્થમાં સાર્થક થતું હતું.

વીજળી 'બોમ્બે સ્ટીમ નેવિગેશન કંપની' ની આગબોટ હતી. આ કંપની મુંબઈના હાજી હાસમ જુસબ નામના શેઠે કેપ્ટન જેમ્સ શેફર્ડ નામના અંગ્રેજ સાથે ભાગીદારીમાં સ્થાપી હતી. એનો વહીવટ હાજી હાસમના ભાઈ હાજી કાસમ સંભાળતા હતા. આ કારણથી એ કંપની 'હાજી કાસમની કંપની' કહેવાતી હતી અને વીજળી આગબોટ પણ 'હાજી કાસમની વીજળી' તરીકે જાણીતી થઈ હતી.

વીજળી આગબોટ ૨૬૯ ફૂટ લાંબી હતી. તેમાં પચીસ કેબિનો હતી. એનો કપ્તાન ઈબ્રાહિમ અતિ આગ્રહી અને જક્કી હતો. કોઈની સલાહ કે શિખામણ માનવી, એ એના સિદ્ધાંતથી બહારની વાત હતી. કમનસીબે વીજળી આજે એના હાથમાં આવી પડી હતી.

આ વીજળી આજે માંડવી બંદરના ખુલ્લા સાગરમાં ઊછળતાં મોજા વચ્ચે ડોલી રહી હતી. સમુદ્ર આજે એકાએક મસ્તીમાં આવી ગયો હતો. વીજળીનો કપ્તાન ઈબ્રાહિમ અભિમાની હતો. એની તાકાત પર એ મુસ્તાક હતો. આજનો ડોલતો દરિયો એને ડરાવી શકે તેમ ન હતો. વીજળીની મજબૂતી પર એ મગદૂર હતો. વીજળી પણ મગરૂરીથી ઊછળતા સાગરનો ઉપહાસ કરતી હોય તેમ સાગરનાં મોજાંની લહેરોમાં લહેરથી ઝૂલતી હતી.

વીજળી આગબોટ હાલમાં જ નવી બંધાઈને વિલાયતના ડંડી બંદરથી તાજી જ કરાંચી આવી હતી. કરાંચી મુંબઈની આજે એની પહેલી સફરનો લહાવો લેવા કચ્છની જનતા તૈયાર થઈ ગઈ હતી. કોને ખબર હોય કે એ પણ વિશ્વવિખ્યાત ટાઈટેનિકની પહેલી સફરનું જ અનુકરણ કરી રહી હતી!

નવીનકોર વીજળી આગબોટ મુંબઈ જવા માટે કરાંચીથી ઊપડી ચૂકી છે એવા સમાચાર કચ્છને ગામેગામ પહોંચી ગયા હતા. ખૂણેખૂણેથી કોડીલા કચ્છી માડુ વીજળીને પકડવા માંડવી બંદર પર દોડી આવ્યા હતા. ઉતાવળા કચ્છી ઉતારુઓ વીજળી પર વહેલા વહેલા, પહેલા પહોંચી જવા માટે પડાપડી કરી રહ્યા હતા.

માંડવીના કિનારા પરથી ઉતારુઓને લઈને એક પછી એક મછવા છૂટવા લાગ્યા હતા. કચ્છના સાડા સાતસો મુસાફરો વીજળીની સહેલ માટે તલપાપડ બની રહ્યા હતા. કચ્છનાં જુદાં જુદાં ગામોમાંથી તેર જાનો, મોડબંધા વરરાજા સાથે મુંબઈ પહોંચવા માટે વીજળી આગબોટ પર ચડવા માંડવી બંદરે આવી પહોંચી હતી. માંડવી બંદરનો રેતાળ કિનારો લગ્નગીતોના ગુંજારવથી ગાજી રહ્યો હતો.

તેર તેર જાનોના જાનૈયાઓ નિષ્ણાત જ્યોતિષીઓ દ્વારા મંગળ મુહૂર્ત જોવડાવીને નીકળ્યા હતા. પરંતુ ભાવિપદાર્થના જ્યોતિષનો ભેદ તો કોણ જાણી શક્યું છે? ભવિષ્યના ભેદને પારખવા બિચારા પામર માનવીનું ગજું પણ કેટલું?

એ સમયમાં મેટ્રિકના વિદ્યાર્થીઓને પરીક્ષા આપવા માટે છેક મુંબઈ જવું પડતું હતું. મેટ્રિકની પરીક્ષાનો દિવસ પણ એ જ આવતો હતો. માંડવીની જી.ટી. હાઈસ્કૂલના અને ભુજની આલ્ફ્રેડ હાઈસ્કૂલની મેટ્રિકના વિદ્યાર્થીઓ મેટ્રિક પાસ થવાની મોટી આશા સાથે ખુશખુશાલ થતા વીજળી આગબોટ પર ચડી ગયા હતા.

આ વખતે કચ્છ-કપાયાનું એક જૈન કુટુંબ પણ મુંબઈ જવા માટે આવી પહોંચ્યું હતું. ગાડા પરથી ઊતરીને તરત આ લોકો મછવા પર ચડવાની તૈયારી કરી રહ્યા હતા. એમની સાથે ચાર વરસનો એક નાનો છોકરો હતો. આ છોકરાએ એક ચમત્કાર સર્જી દીધો.

દરિયામાં દૂર દૂર ઊભેલી ધુમાડાના ગોટેગોટા કાઢતી વીજળીને આ નાના બાળકે જોઈ લીધી. આગબોટને જોતાં જ આ નાના બાળકના અંતરમાં ભવિષ્યની કે ભયની કોણ જાણે કેવી સ્ફુરણા જાગી ઊઠી! આ બાળક આગળ બધતું એકાએક

અટકી ગયું. પોતાના બાપને કચ્છી ભાષામાં એ કહેવા લાગ્યો.

'બાપા, પાંકે નાંય હલણું.' (બાપા, આપણને નથી ચાલવું) આમ કહેતાં જ એ બાળક ધ્રુજવા - થરથરવા લાગ્યું.

'બચુ બેટા! હૈયા હલ! ન કાં વીજળી ભજુ વેંધી' (બચુ બેટા! ઝટ ચાલ નહી તો વીજળી ભાગી જશે.)

'ભલે ભજી વિઞે બાપા, પાંકે નાય હલણું' (ભલે ભાગી જાય બાપા, આપણે નથી ચાલવું.) 'પણ નાંય હલણું કુલા?' (પણ નથી ચાલવું શા માટે?)

'નાય હલણું બાપા, નાંય હલણું!' (નથી હાલવું બાપા, નથી હાલવું.)

'બચુ, બેટા! ચર્યો મ થી!' (બચુ, ગાંડો થા મા!)

'બાપા, આગબૂટ બુડી વેંધી!' (બાપા, આગબોટ ડૂબી જશે.)

'ન બુડે પુત્તર, આગબૂટ કડેં બુડે?' (ન ડૂબે દીકરા, આગબોટ કંઈ ડૂબે?)

'બુડી વેંધી બાપા! પાંકે નાય હલણું!' (ડૂબી જશે બાપા! આપણે નથી ચાલવું)

બસ, આ નાનો છોકરો તો એક જ હઠ પકડીને બેસી ગયો. દીકરો ચાગલો હતો, લાડકવાયો હતો. માવિતરાની કોઈ સમજાવટ એને કામ ન લાગી, એ તો એક જ વાત પકડીને બેઠો હતો, બસ નથી ચાલવું! આગબોટ ડૂબી જશે અને હવે તો તેણે રડવાનું શરૂ કરી દીધું. કોઈ પણ પ્રકારે મછવા પર ચડવા તે તૈયાર ન થયો તે ન જ થયો.

બાળપુત્રની બાળહઠ પાસે આખરે માતા-પિતા લાચાર બન્યાં. મછવા પણ બધા ઊપડી ગયા. સ્ટીમરે ચીસ પાડી. આખું કુટુંબ મુંબઈ જવા માટે બીજો રસ્તો લેવા એ જ ગાડામાં પાછું ફર્યું.

કિનારા પરથી મછવાઓ તો તીરની માફક છૂટતા જતા હતા. પરંતુ આજના પવનના રંગઢંગ કંઈ ઓર જ જણાતા હતા. તમામ મછવાઓ પવનના હડસેલાથી મોટા ચક્કરમાં પડી ગયા. મહામુશ્કેલીથી વીજળીની સોડમાં જઈ શક્યા.

આ તરફ માંડવી બંદરનો મસ્ત મહેરામણ મસ્તીમાં ચકચૂર બનીને નાચી રહ્યો હતો. ઊંચે ઊછળતાં મોજાં વીજળીના લોખંડી શરીર પર થપ્પડો મારતાં પછડાતાં હતાં. હજારો વનરાજ એકી સાથે ગર્જતા હોય, એવી રીતે આજનો તોફાની સાગર ભીષણ ગર્જના કરી રહ્યો હતો.

તમામ મછવાના ઉતારુઓ એક પછી એક વીજળી પર આવી ગયા. મછવાના નાખુદાઓ સહીસલામત વીજળીની સોડમાં આવી લાગવાથી ખુદાનો એહસાન માનવા લાગ્યા. માંડવીના મહેરામણનું આવું તાંડવનૃત્ય આ અનુભવ નાખુદાઓએ આજ લગી કદી જોયું ન હતું.

એટલામાં એક કર્કશ ધ્વનિ સાથે વીજળીનું લંગર પણ ઊપડ્યું. આગબોટનું ભૂંગળું ભયાનક ઘેરા નાદ સાથે મહિષાસુરના ભીષણ સ્વરથી ભૂંકી ઊઠ્યું. સીટી વાગી. આગબોટ ધીરે ધીરે પાણીમાં સરકવા લાગી. કચ્છના સાડા સાતસો ઉતારુને પોતાની ગોદમાં લઈને, સાગર પટ પર હિલોળા લેતી વીજળી, માંડવી બંદરને છેલ્લી સલામ કરી વીજળીની ઝડપે આગળ વધવા લાગી.

દરિયાના પાણી પર ધીરે ધીરે અદૃશ્ય થતી વીજળી જ્યાં સુધી દૃષ્ટિપથ પરથી દેખાતી બંધ થઈ ત્યાં સુધી પ્રવાસીઓનાં સગાંવહાલાં માંડવીના કિનારા પર વીજળી તરફ મીટ માંડીને ઊભાં હતાં. કોઈ પોતાનાં સ્વજનોને વિદાય આપતાં હાથમાંના રૂમાલ હલાવી રહ્યાં હતાં. કોઈની આંખોમાંથી વહાલાનો વિયોગ આંસુરૂપે વહી રહ્યો હતો. કોઈનું દિલ સામે ઊછળતા સાગરની માફક શોકસાગરમાં ઘેરાઈ ગયું હતું.

આગબોટ દેખાતી બંધ થઈ અને સૌ પાછાં ફર્યાં. કોઈને ખબર ન હતી કે વીજળી આજે વેરણ થઈને અહીં આવી છે. કોઈ જાણતાં ન હતાં કે વીજળી એમનાં વહાલાં સ્વજનોને પોતાના ક્રૂર પંજામાં ઝડપી ગઈ છે. વહાલસોયાં વાલેશરીઓને આજે સદાને માટે વળાયેલાં છે એવી કોઈને કલ્પના પણ ક્યાંથી આવે?

વીજળી થોડા જ વખતમાં રૂપેણ બંદર થઈને સારિકાને કિનારે આવી પહોંચી. કેટલાંક ઉતારુ અહીં ઊતરવાના હતા તે ઊતરી ગયા. દ્વારિકાથી ૧૮૫ ઉતારુને લઈને વીજળી પાછી ભરસાગરમાં માર્ગ કાપવા લાગી.

દ્વારિકાનો કિનારો છોડતાં જ દરિયામાં વાવાઝોડાના તોફાનની શરૂઆત થઈ ચૂકી. આકાશમાં કાળા વાદળાંની ઘનઘોર ઘટા ઘેરાવા લાગી. કડકડાટ કરતી વીજળી ધોળે દિવસે આકાશમાં લિસોટા પાડવા લાગી. ડુંગર જેવડાં મોજાં ઊછળવા લાગ્યાં. શિયાળાનો શાંત સાગર આજે આવો મસ્તીખોર કેમ બની ગયો છે તે કોઈને સમજાતું ન હતું.

દ્વારિકાથી એક સપાટે વીજળી પોરબંદર આવી પહોંચી. સાગરનું તોફાન તો પળે પળે વધતું જતું હતું. પોરબંદરના દરિયામાં હાલકડોલક થતી વીજળી પોરબંદરથી ઉતારુઓની રાહ જોતી ઊભી હતી. પોરબંદરમાં એ વખતે લેલીસાહેબ નામનો અંગ્રેજ એડમિનિસ્ટ્રેટર હતો. આ અંગ્રેજ ડહાપણવાળો, ઠરેલ અને બુદ્ધિમાન હતો. દરિયામાં અચાનક ઊઠેલું આજનું તોફાન એને ઠીક લાગતું ન હતું. આવા તોફાની વાતાવરણમાં પોરબંદરના પ્રવાસીઓને વીજળી પર ચડવાની પરવાનગી આપવી, એ તો એમને સીધા મૃત્યુમુખમાં ધકેલવા જેવી વાત હતી, એમ એ સાહેબ સમજી ગયો હતો. આગબોટ પર ચડવાને સેંકડો મુસાફરો પોરબંદરના દરિયાકિનારે હાજર થઈ ગયા હતા. પરંતુ લેલીસાહેબે આજે આ તમામ લોકોને આગબોટ પર ચડવાની સાફ ના સુણાવી દીધી. સાહેબની મનાઈથી મુસાફરો ખિજાવા લાગ્યા. અહીં પણ મેટ્રિકની પરીક્ષા માટે મુંબઈ જવા તૈયાર થયેલા વિદ્યાર્થીઓ હાથ

પછાડતાં કોઈ પણ ભોગે રજા આપવા લેલીસાહેબને વીનવી રહ્યા હતા. મેટ્રિકનું વરસ બગડે તેના કરતાં આ વિદ્યાર્થીઓ મૃત્યુને ભેટવા પણ તૈયાર હતા. પરંતુ આ સાહેબ આજે હિમાલય જેવો અડગ અને મક્કમ બની ગયો હતો. પોરબંદરના એક પંખીને પણ વીજળી પર વિદાય કરવા તે તૈયાર ન હતો. લેલીસાહેબના આ આપખુદ ફરમાન પર ધિક્કાર વરસાવતા વિદ્યાર્થીઓ અને પ્રવાસીઓ નિરાશ હ્રદયે નિસાસા નાખતા પાછા ફર્યા.

લેલીસાહેબે કાળો વાવટો ફરકાવીને આજના ભયંકર તોફાનમાં વીજળીને આગળ ન વધવાની સૂચના આપી દીધી. પણ વીજળીનો આગ્રહી કેપ્ટન ઈબ્રાહિમ સાહેબની આ સૂચનાને ગણકારે એવો ન હતો. એ પણ પોતાના આગ્રહમાં ડુંગર જેવો દૃઢ હતો. એ કહેતો હતો મેં તો આવાં અનેક તોફાનો જોઈ નાખ્યાં છે. આવાં તોફાનો તો ખિસ્સામાં લઈને હું ફરું છું. લેલીસાહેબનો કાળો વાવટો વીજળીના કેપ્ટન ઈબ્રાહિમને એના નિશ્ચયમાંથી ડગાવી શકવાને શક્તિમાન ન હતો. પોરબંદરના કિનારા પર ફરકી રહેલા આ કાળા વાવટા પર ઉપેક્ષા અને ઉપહાસની એક દૃષ્ટિ ફેંકીને વીજળીના કપ્તાને વીજળીને મહાસાગરમાં ઊછળતાં મોજાં વચ્ચે હંકારી ભૂકી.

અને મહેરામણે પણ હવે માઝા મૂકવા માંડી હતી. કાળના દૂત જેવાં કાળાં મોજાં રાક્ષસોની માફક વીજળીને ખાઈ જવા જાણે ડાચાં ફાડીને દોડ્યાં આવતાં હતાં. વીજળી ઘડીકમાં એ મોજાં પર ઊંચે ચડતી હતી, ઘડીકમાં નીચે પટકાઈ પડતી હતી.

આકાશમાં વાદળાં નાચી રહ્યાં હતાં, સાગરમાં મોજાં નાચી રહ્યાં હતાં, એમની વચ્ચે વીજળી પણ અફળાતી કુટાતી નાચી રહી હતી. ઊંચે અનંત આકાશ, નીચે અનંત પાણી. ઉતારુઓમાં તો ગજબનો હાહાકાર મચી રહ્યો હતો. જ્યાં લગ્નગીતો ગવાતાં હતાં ત્યાં હવે કાળી ચીસો પડતી હતી. માતા બાળકોને જોઈને રડતી હતી. બાળકો માતાને જોઈને રડતાં હતાં. બહેનો ભાઈઓને જોઈને રોતી હતી, ભાઈઓ બહેનોને જોઈને રોતા હતા. જીવનની આશા સૌની આકાશકુસુમવત્ બની ગઈ હતી. રત્નાકર સાગર સૌની નજર સામે આજે કાળસ્વરૂપે નાચી રહ્યો હતો.

આમ ડોલમડોલ થતી અને ડચકાં ખાતી વીજળી વેરાવળ સુધી તો અવારનવાર દેખાતી રહી. ત્યાર પછી તે કોણ જાણે ક્યાં અદૃશ્ય થઈ ગઈ! વીજળી જેવી વીજળી વેરાવળ અને માંગરોળ વચ્ચેના ઊંડા દરિયામાં ક્યાંક ગરક થઈ ગઈ.

એકંદરે તેરસો મુસાફરો, પીઠીભર્યા અને આશાભર્યા કચ્છના તેર તેર વરરાજા, લગ્નનો આનંદ માણવા ઊપડેલી તેર તેર જાનોના જાનૈયા અને જાનડીઓ, કોઈ એકલવાઈ માવડીની અંધારલાકડી જેવા દીકરાઓ, આશાભરી બેનડીઓના બંધુઓ, કોઈના બાપ, કોઈના બેટા, કોઈની માતાઓ, કોઈના દીકરાઓ એ તમામે તમામને પોતાના ક્રૂર સકંજામાં સંકેલી લઈને વેરણ વીજળી મહાસાગરના અગાધ જળમાં સદાને માટે સમાઈ ગઈ.

કચ્છ અને સૌરાષ્ટ્રનાં અનેક ગામોમાં કાળો કેર વરતાઈ ગયો. કચ્છમાં તો લગભગ તમામ ગામોમાં સાદડીઓ મંડાઈ ગઈ. ઘેર ઘેર રોકકળ અને કલ્પાંતોના શોર સંભળાવા લાગ્યા. કેટલાંય ઘરો પર તો સદાને માટે તાળાં ચડી ગયાં. અનેક માતાઓ અપુત્ર બની ગઈ. અનેક બહેનો નભાઈ બની ગઈ, કેટલીયે પત્નીઓનાં કંકણ તૂટી ગયાં. અને વીજળીનું તો એક ભાંગેલું પાટિયું કે એકાદ માનવીની લાશ પણ કદી ક્યાંયે દેખાયાં નહિ. વીજળી જેવી વિશાળ આગબોટ કોણ જાણે ક્યા પાતાળમાં પેસી ગઈ!

કચ્છ અને સૌરાષ્ટ્રમાં વીજળીનું નામ કદી ભુલાવાનું નથી. આજે પણ ક્યાંક રાવણહથ્થાવાળા વેરણ વીજળીને યાદ કરતા સંભળાય છે :

***હાજી કાસમ તારી વીજળી રે, ભરદરિયે વેરણ થઈ.***
***વીજળી કહે મારો વાંક નહિ બાવા! લખ્યા છઠ્ઠીના લેખ-***
***કાસમની વીજળી રે, ભરદરિયે વેરણ થઈ.***

## સુંદર વૃદ્ધત્વ

**પ્રવૃત્તિશીલ રહો, દયાળુ બનો. પ્રભુમાં શ્રદ્ધા રાખો**

ઓલ્ગા કોટેલ્કો નામના ૭૭ વર્ષના એક વૃધ્ધ બહેને નક્કી કર્યું કે દોડવાની કસરત કરું. તે નાનપણમાં, યુવાનીમાં રમતવીર નહોતાં. જીવનભર શિક્ષિકા હતા. તંદુરસ્ત હતાં. વાંચનનો શોખ હતો. પરંતુ દોડ અને બીજી રમતમાં ભાગ લીધો ન હતો.

હમણાં ૯૫ વર્ષની ઉંમરે તેમનું અવસાન થયું. ત્યાં સુધી તે બિલકુલ તંદુરસ્ત, પ્રવૃત્તિશીલ કાર્યરત રહ્યાં. છેલ્લાં ૧૫ વર્ષમાં રમતગમતમાં તેમણે સેંકડો ગોલ્ડ મેડલ્સ મેળવ્યા અને ૩૭ વર્લ્ડ રેકોર્ડ તોડ્યા.

એક લેખકે વર્ષો સુધી તેમના જીવનને નિહાળ્યું, તેમની સાથે વાતો કરી અને એક પુસ્તક લખ્યું : 'What makes olga run?'

તેમણે સુંદર વૃદ્ધત્વ માટે કેટલાક નિયમો તારવ્યા.

૧. શારીરિક અને માનસિક કસરત નિયમિત કરતા રહો. "Sudoku is a shovel and excercise is a bulldozer"
૨. હંમેશાં કાર્યરત રહો. કંઈક ને કંઈક કરતા રહો. Keep moving.
૩. દયાળુ બનો, સર્વ પ્રત્યે દયાનો ભાવ રાખો, પ્રાણીમાત્ર પ્રત્યે દયા. Be kind.
૪. પ્રભુમાં શ્રદ્ધા રાખો. શ્રદ્ધા બળ આપશે. અરે! કોઈપણ બાબતમાં શ્રદ્ધા રાખી શકો. Believe in something.

આમ કરશો તો માત્ર લાંબુ નહીં, સારું જીવન જીવી શકશો.

***'ધી રોટેરિયન' ના લેખને આધારે***
***સંકલન : શરદભાઈ શાહ***

લલિત નિબંધ

# દેશી નળિયાં

• ગુલાબ દેદિયા •

ફળિયામાં કોઈને ઘરે કંઈ થાય તો એની જાણ પડોશીઓને થઈ જ જાય. કોને ઘરે કાગળ આવ્યો કે ટપાલીએ મનીઑર્ડર આપી અંગૂઠો લીધો, કોને ત્યાં આજે કયું શાક રંધાયું તે પણ પડોશીઓ સૂંઘી લે. ઘરમાં વાસણ ખખડે તેનો અવાજ ઘરમાં ન સંભળાય તે પહેલાં પડોશીઓના કાનને વહાલો થઈ રહે. મનુષ્ય પોતે કરેલાં કર્મ અને પડોશીધર્મ એ બેથી છૂટી નથી શકતો. મજિયારી ભીંત ન સાંભળી શકે એવી વાતો પણ હોય છે ખરી, પણ એક વાત તો જગજાહેર એટલે ફળિયા જાહેર થઈને જ રહે છે, તે નળિયાં સંચારવાનું.

ચૈત્ર-વૈશાખમાં વડીલો વહેલી તજવીજ કરે. સંચારાને ઘણાં ઘર હોય. અગાઉથી બુક કરવો પડે. દર વર્ષે એક દિવસ ઘર માટે અનોખો બની રહે. કાગડાને માળા બાંધતા જોઈને પણ સંચારકામ યાદ આવતું હશે.

ઉનાળાના સૂર્યનારાયણ આંખ ઉઘાડે અને નળિયાં સોનાનાં થાય તે પહેલાં તો સંચારો આવી પૂગે. પિત્તળના ગરમ વાટકાની પરવા કર્યા વગર ચા ગટગટાવી જાય. ભૂંગળી પીતાં પીતાં છાપરાને આંખોમાં ભરી લે. નિસરણી માંડે, છાપરે ચઢે. એક પછી એક કાવાં ઉઘાડતો જાય. અર્ધગોળ દેશી નળિયાં એક જગાએ ગોઠવતો જાય. દિવસભર ચાલનાર કામનો એને અંદાજ હોય.

વિલાયતી નળિયાં. બહુ મોટું નામ, મોભાદાર નામ. ને વિલાયતી નળિયાં અલગ. એનો મોભ્ભો અલગ. એ મેડીમોલાતો ગામમાં ખરી પણ ગામથી નોખી. એ નળિયાં પ્રથમ વિદેશથી આવ્યા હશે. વિદેશી તો હજીય લાગે જ છે. કારખાનામાં ઊપજે. આંખ ભરી દે એવો લાલચટક રંગ. કદાચ કેસરી અને લાલનું મિશ્રણ. એ સપાટ નળિયા પર અંગ્રેજીમાં કંપનીનું નામ ઉપસાવેલું હોય જેના પર ટેરવાં ફેરવ્યાનું સ્મરણ છે. સારી ઢબછબવાળાં એક માપનાં નળિયાં. એક વાર છાપરે મૂકાવ્યા કે પછી જોવાનું ન રહે. નળિયાંને તો લોક જુએ, પણ નળિયાં સાંચરવાની ચિંતા ટળે. નળિયાં જ ઘરને મોભ્ભો અપાવી દે.

પરંતુ મારા જેવા ઘણાને પેલાં નળિયાં જે વિલાયતીના આગમન પછી 'દેશી' કહેવાયાં તે જરા આત્મીય લાગે. રંગ થોડો ઝાંખો. સપાટી પણ તદ્દન લીસી નહિ. દેશી ખરાંને! અર્ધ ગોળાકાર લાંબાં, ઠસ્સાહીન. ગામનો કુંભાર પકાવે. સસ્તાં અવળાંસવળાં ગોઠવવામાં આવે. ગમે ત્યાં ગોઠવાઈ જાય. એ છાપરાંમાંથી હવાની અવરજવર સારી રહે. ઉનાળામાં પણ ઘરમાં ગરમી ન લાગે.

સમસ્યા કહો તો એક જ. એ નળિયાં દર વર્ષે સંચારવાં પડે. ચોમાસું બેસે તે પહેલાં એ મુખ્ય કામ ગૃહસ્થ માટે બની રહે. 'વા વાયાથી નળિયું ખસ્યું...' પણ બને. નળિયાં પર મોર ચાલે, ક્યારેક તો નીચા છાપરા પર હોશિયાર કૂતરા પણ પગ છૂટો કરે. નળિયાં વરસેદહાડે ભાંગે, થોડાંક ખસી જાય. નળિયાં અને વાંસની વળી વચ્ચે ધૂળ ભરાય, પાસેના વૃક્ષે પત્રપુષ્પ વૃષ્ટિ પણ કરી હોય. વરસાદ પહેલાં બધું સમુંસૂતરું કરવું પડે.

ઘર સંચાર શરૂ થાય. કાવાં ખૂલતાં જાય. સંચારો સાવરણીથી ઘસીને ધૂળ વરસાવતો જાય. ઘર ઘર ન રહે. ઘરમાં ગોઠવેલી-સજાવેલી વસ્તુઓ જેટલી પણ જંગમ હોય તેને ખસેડે. અમારા ઘરનું તો આંગણું મોટું એટલે ગોદડાં, પેટીપટારા, ઘરવખરી બધાંનો ત્યાં ખડકલો કરે. કહોને આખા ઘરને જ તડકે મૂકી દે.

ઘરના અતિપરિચિત ઓરડા ખાલી થઈ જતાં મોટા ભાસે, જુદા જ લાગે. અડવા લાગે. ખૂણામાં જ્યાં કાયમ ડામચિયો રહે છે એ ખૂણો ઘણા વખત બાદ જોવા મળે. બપોર થવા આવે ત્યાં સુધીમાં મુખ્ય ઓરડાનાં ઘણાં નળિયાં હટી ગયાં હોય. ઘરમાં છાપરામાંથી જ તડકો! નળિયાં વગરનું ઘર! ઘર નવા રૂપે જોવા મળે. અમે આંખો પહોળી કરી જોયા કરીએ. રાતે ઓરડાને ઘેરી વળે અને દિવસે શરીર સંકોચી ખૂણામાં સંતાઈ જાય એ શેષ અંધકાર આજે ક્યાં જતો હશે! વાંસની વળીમાંથી ઉપર બેઠેલો સંચારો દેખાય. મોભ સુધી પહોંચતાં એ કેવી સાવધાનીથી સરકતો હતો! વૈશાખનો વાયરો ક્યારેક સંચારના દિવસે જ ધુળેટી કરી દે. એ વાવડો ડમરી સંગ ધૂળ ઉડાડતો જાય.

તડકે મૂકેલાં ગોદડાં પર થોડી કૂદાકૂદ કરીએ, આળોટીએ. ઘરવખરીમાંથી જુદી જ ગંધ આવતી હોય. ઘરના લાકડાના મોટા પટારામાંથી કંઈક અવનવું મળી જશે એ આશાએ ફેંદી વળીએ. અમે બાળકો ઉપાડવા-મૂકવાના કામમાં નાનકડા હાથ લંબાવીએ. ધમાચકડી કરીએ તો કામની ઘાઈને લીધે અસ્વસ્થ વડીલો મારે પણ ખરા.

સૂર્ય માથે થંભ્યો હોય. મોટે ભાગે તો તે દિવસે પડોશીને ત્યાંથી જ બપોરનું જમવાનું આવે. વડીલો પ્યાલા પર કપડું મૂકી પાણી ફરીને ગાળીને પીતા હતા તે યાદ છે. ઘર અને વડીલોના દીદાર બદલાઈ ગયા હોય. સંચિત પરિગ્રહને વડીલો કઈ નજરે જોતા હશે!

તક મળે તો છાપરે ચડી આસપાસનાં મકાનો જોઈએ. હમણાં જ એક મેડી પરથી આસપાસનાં છાપરાં જોયાં હતાં. ઊંચા-નીચાં, સરખાં, હારબંધ છાપરાં ફળિયામાં જુદી જ ભાત રચતાં હતાં. વિહંગાવલોકન એક જુદું જ દર્શન પૂરું પાડે છે. નીચેની પરિચિત દુનિયા ઉપરથી નીરખતાં નોખી લાગે છે.

ગામડાંનાં ઘણાં ઘરોમાં પચાસ-સાઠ જણને પૂરાં પડે એટલાં ગોદડાં મળી આવે. જાન આવે, મહેમાન આવે ત્યારે ખપ લાગે એવું માની આ ડામચિયો સંભાળીને રાખ્યો હોય. ગોદડાં પાછાં મૂકતાં ગુજરી ગયેલાં દાદા-દાદીનાં વસ્ત્રોના અંશ ગોદડામાં જોઈ વડીલો અતીતમાં ખોવાઈ જતા. થોડોક સમય તડકાને તાકી રહેતા.

સાંજે કે બીજે દિવસે ઘર થાળે પડે. બધું પરિચિત જગાએ ગોઠવાઈ જાય. વડીલો હાશ કરે. ગ્રામસંસ્કૃતિમાં આ દેશી નળિયાંનો ફાળો કેટલો મોટો હશે. ઘાસનાં છાપરાંમાંથી નળિયાં આવ્યાં, માટી છાપરે ચડી, પહેલાં પહેલાં ઘાસપાંદડાં ચડ્યાં... હજી સુધી તો દેશી નળિયાં મારા ગામમાં બહુમતીમાં છે, પરંતુ હવે વિલાયતી વધી જશે એવું લાગે છે. નવું મકાન બાંધનાર દેશીને ક્યાંથી આવકારે!

નળિયામાં માટી, આડસર જે મોભનું સીધું લાકડું હોય તેમાં વૃક્ષ, ભોંયથી છાપરા સુધી માટી અને વૃક્ષના ઉપકાર - અનુગ્રહ ઓછાં નથી.

સાતમા ધોરણના ઈતિહાસમાં અમે ભણતા'તા કે માર્ટિન લ્યુથરે પેલા પાદરીઓને પડકારીને કહેલું કે છાપરાંના નળિયાંના નાના નાના કટકા થાય એટલા મારા દુશ્મનો હશે તોય હું ડરતો નથી. તૂટેલાં નળિયાં અને માર્ટિન લ્યુથર મારા મનમાં સાથે સાથે યાદ આવે છે. અર્ધનળાકાર નળિયાંમાં કાણું પાડી દોરી બાંધી એને બળદ બનાવી રમતા. સાત મિલોડીમાં પણ નળિયાંની ઠીકરી ચાલતી. માતાજીનું ધૂપ કરવામાં હજી નળિયું વપરાય છે.

મોભારે બેઠેલો કાગડો મહેમાન આવ્યાની વધાઈ લાવ્યો છે, તો મોભારે બેસી શોભતા મોરે મન મોહી લીધું છે. મોભ પરથી જ ઘરના વડીલને 'મોભી' કહેતા હશે ને!

તૂટતાં નળિયાંને જોઈ યાદ આવે છે કે જાપાનના યુદ્ધકળાના નિષ્ણાત રસ્તે પસાર થતા હતા. છાપરે બેઠેલો એક બગલો માણસના આગમનથી ચમકીને ઊડ્યો. એની પાંખના ઝાટકાથી છાપરાનાં એકાદ-બે નળિયાં ખંડિત થઈ ગયાં. એ જોઈ પેલા યુદ્ધશાસ્ત્રી ચકિત થઈ વિચારમાં પડી ગયા. એક સુંવાળી, નરમ પાંખની આ તાકાત! વધુ વિચાર કરી આ સિદ્ધાંતને વિકસાવી નરમ વસ્તુથી કઠણ વસ્તુને તોડવાની પરંપરાનો નિયમ શોધી કાઢ્યો.

પહેલા વરસાદમાં નળિયાં સ્નાન કરી સ્વચ્છ થાય. પછી એમનાં નેવાં હેઠળ નાનાંમોટાં વાસણ માંડી અમે વરસાદનું પાણી ભરી લેતાં. ટપકતાં, ધારબંધ વહેલાં નેવાં હજી સંભળાય છે. વરસાદનો એ અવાજ ગમતો. મૂળે તો અમને વરસાદની દરેક ક્રિયા ગમતી.

વરસાદ વધે ત્યારે ખબર પડતી કે છાપરામાંથી ક્યાં ક્યાં પાણી ગળે છે. અમે એને 'ચુવાક' કહેતા. ખસી ગયેલું કે તૂટેલું નળિયું પાણીને ઘરમાં આવવા દે. જ્યાં જ્યાં પાણી ટપકે ત્યાં તપેલી, માટલી, થાળ કે અન્ય કોઈ વાસણ મૂકીએ. ચુવાકથી ગુસ્સે તો થઈએ પણ મેઘરાજાને તે ઠપકો દેવાય! ક્યારેક સંચારો વરસતા વરસાદમાં આવી, છાપરે ચઢી ચુવાક ભાંગી દે. નળિયું ગોઠવી દે. એવી તો સુંદર એની સર્વિસ! વિલાયતી નળિયામાં ચુવાક થયો તો માર્યા ઠાર. ઝટ ઉકેલ ન આવે.

જમાનો બદલાયો છે. કચ્છમાં વરસાદનો સાદ સંભળાતો નથી. સંચારેલું ઘર નેવાં ટપકાવ્યાં વગર કોઈ વર્ષ રહી જાય છે. નળિયાં પાણી પી ધરાતાં નથી. ઘરનાં આંસુ નેવે ટપકતાં હોય છે. ગ્રામ્ય સંસ્કૃતિનું છત્ર બની રહેનાર દેશી નળિયાં અન્ય દેશી વસ્તુઓની જેમ વિદાય લઈ રહ્યાં છે. કુંભાર નળિયાં બનાવતા નથી. ખપત વગર શું બનાવે? કદાચ એને છાપરે પણ પેલાં વિલાયતી ચડી બેઠાં હશે.

નળિયાં સંચારનાર ઘણાં છાપરાંમાં સંચાર્યા બાદ પોતાનું છાપરું જુએ તો, એ સંચારવાનું એના ભાગ્યમાં ન હોય.

બંધ પડી રહેલાં જૂનાં મકાનોનો માચ જીર્ણ થઈ જાય. વળીઓ લળી પડે. નળિયાં ઢીલા ખાટલાની જેમ અંદર ઝૂકી જાય. એવું ઘર બિસ્માર હાલતને ઢાંકી ન શકે. એવાં છાપરાં જોતાં દુઃખ થાય. કોઈક ઘર પરથી આખો માચ જ ઉઠાવી લીધો હોય, માત્ર ભીંતડાં ઊભાં હોય તો પણ જોવાનું વસમું લાગે છે.

સો-સો ચોમાસાં, ઉનાળા, શિયાળા સુધી અડીખમ રહી પરિવારને પાંગરતો અને કલરવતો રાખનાર એ છાપરાની નિરાધાર દશા દુઃખ દે છે.

ખસી ગયેલું નળિયું ભલે ચુવાક દે, એ જે ચાંદરડાં દેતું એ તો બાળકો જ માણી શકતા. ઘરનાં અંદરના ઓરડામાં અંધારું દિવસે પણ અડી શકાય એટલું ઘટ્ટ. પેલી વાર્તામાં આવે છે, તેમ સોય પરોવી શકાય એવું ઘટ્ટ તો રાતે હોય છે. બપોરે ચાંદરડાંની ધાર થાય જે હાથમાં પકડી શકાય, રમી શકાય એવાં ચાંદરડાં અંધારામાં જાણે દૂધની ધાર. આકાશમાં પસાર થતાં વાદળ પણ એમાં દેખાય. સૂર્યના થોડાં કિરણો ચાંદરડાં બની અમૂલખ ભેટ દઈ જતાં.

મારાં આ દેશી નળિયાં પરથી શતાબ્દીથી સૂર્યનારાયણનો રથ ફર્યો છે. ખાલી અને ભરેલાં વાદળ પસાર થયાં છે. ચાંદની નેવાં ધારે ટપકી છે. ત્રિકાળ સંધ્યા ટાણે આઈઓના રથ પસાર થાય એવું વડીલો કહેતા. શિયાળામાં કૂંજડીઓની કતારો સરી છે.

વહી જતાં વરસાદી પાણીની જેમ નળિયાં વહી જાય તે પહેલાં થોડાંક નળિયાં હું રમકડાંના બળદ બનાવવા માટે અને ધૂપદાન માટે સાચવી લેવા વિચારું છું. નળિયામાં પ્રજાપતિનાં ટેરવાંનો સ્પર્શ સ્થિર થયેલો દેખાય છે. ■

શિક્ષણ ચિંતન

# ગતિશીલ ગુજરાતમાં શિક્ષણની અવળી ગતિ?

• શશીકાંત એમ. ઠક્કર •

કોઈપણ રાજ્યની પ્રજાના વિકસનો મૂળ પાયો શિક્ષણ છે. ગુજરાત રાજ્ય સરકારે શિક્ષણના પાયાની સુધારણા માટે શાળા પ્રવેશોત્સવ અને ગુણોત્સવ જેવા કાર્યક્રમોનું આયોજન અને અમલીકરણ ખૂબ જ ચીવટપૂર્વક કરાવવાની વિસ્તૃત પદ્ધતિ અમલમાં મૂકી છે અને તે માટે જરૂરી સાધનો, પુસ્તકો, કોમ્પ્યુટર શિક્ષણ વગેરે બાબતો અંગે વિવિધ યોજનાઓ હેઠળ ખાસ ગ્રાન્ટોની ફાળવણી પણ કરવામાં આવતી રહે છે.

આમ છતાં એ હકીકત સર્વવિદિત છે કે, બાળકોના શિક્ષણનું સ્તર દિનબદિન નીચું જાય છે. તાજેતરમાં ટીવીના એક માધ્યમ દ્વારા દર્શાવાયેલા ઍપિસોડમાં જણાવ્યા મુજબ છ સાત ધોરણમાં ભણતા બાળકો પણ સારી રીતે ગુજરાતી લખી વાંચી શકતા નથી. કેટલીક જગ્યાએ શાળાના ઓરડાના અભાવે બાળકો ખુલ્લામાં ભણે છે. જ્યારે કેટલીક જગ્યાએ શાળાના ઓરડાની હાલત પડું પડું જેવી હોય છે. મોટાભાગની શાળાઓમાં શિક્ષકો પૂરતા નથી. સરકારી શાળાઓમાં અપેક્ષા મુજબની ગુણવત્તા ન હોવાથી સંપન્ન વાલીઓને મને કમને પોતાના સંતાનોને ખાનગી શાળાઓમાં ઊંચી ફી ચૂકવીને પણ મૂકવા પડે છે. જ્યારે ગરીબ અને નીચલા મધ્યમવર્ગને આર્થિક રીતે ખાનગી શાળાઓ પોષાય તેમ ન હોવાથી સરકારી શાળાનો કોઈ વિકલ્પ રહેતો નથી. ગુજરાત રાજ્યે છેક સાઠના દાયકામાં ફરજિયાત પ્રાથમિક શિક્ષણનો કાયદો કર્યો હોવા છતાં વાસ્તવિક અમલની દિશા અને દશા સુકાન વગરના વહાણ જેવી છે.

તાજેતરમાં ગુણોત્સવના કાર્યક્રમના જાહેર થયેલા આંકડા મુજબ એ-પ્લસ શાળાઓની સંખ્યા ૨૦૧૩ માં ૯૬૬ હતી તે ઘટીને ૮૫૮ થઈ. એ ગ્રેડ શાળાઓ ૧૩૨૫૧ માંથી ઘટીને ૧૧૧૩૪ થઈ. જ્યારે બી-ગ્રેડ શાળાઓ ૧૪૭૮૪ થી વધી ૧૫૭૯૯ થઈ. સી-ગ્રેડ ૩૨૧૧ માંથી ૪૭૭૬ થઈ અને ડી-ગ્રેડ થોડીક ઘટીને ૧૯૬૫ માંથી ૧૬૭૦ થઈ છે. આમ એકંદરે સરકારી શિક્ષણની ગુણવત્તા વધવાના બદલે ઘટે છે અને નબળી શાળાઓની સંખ્યા ઘટવાના બદલે વધે છે. રાજ્યના પાયાના શિક્ષણની આ હાલત લાંબાગાળે ઉચ્ચ અભ્યાસ માટે ખૂબ જ નુકસાનકારક નીવડવાનો સંભવ છે.

આ પરિસ્થિતિના મુખ્ય બે-ત્રણ કારણો ગણાવી શકાય તેમ છે. સૌ પ્રથમ અને મહત્ત્વનું કારણ એ છે કે, સરકાર દ્વારા નિયમિતરૂપે વર્ષો વર્ષ જરૂરિયાત મુજબના શિક્ષકોની ભરતી પ્રક્રિયા કરવામાં આવતી નથી અને તેથી રાજ્યની મોટાભાગની શાળાઓમાં પૂરતા શિક્ષકો નથી. આ બાબત રાજ્યના વહીવટના તમામ તંત્રોને લાગુ પડે છે. મોટાભાગની વહીવટી કચેરીઓમાં કર્મચારીઓ અને અધિકારીઓની નિયમિત ભરતી વર્ષોથી બંધ કરી દેવાયાના પરિણામે જરૂર કરતાં અર્ધા મહેકમથી ચલાવવું પડે છે અને લટકામાં રાજ્ય સરકાર નવી નવી યોજનાઓ અને ઉત્સવોની કામગીરી વહીવટીતંત્ર ઉપર થોપતી જાય છે. આથી રાજ્યનું સમગ્ર વહીવટીતંત્ર તદ્દન લકવાગ્રસ્ત થઈ જવા પામ્યું છે.

શિક્ષણની બાબત પર પાછા આવીએ તો કેગના અહેવાલ મુજબ રાજ્યની સરકારી પ્રાથમિક શાળાઓમાં ૨૬૭૯૬ શિક્ષકો અને મુખ્ય શિક્ષકોની ઘટ છે અને ૫૭ શાળાઓમાં તો એક પણ શિક્ષક નથી. અંશકાલીન ઈન્સ્ટ્રક્ટરોની પણ ૨૨૭૭૦ જેટલી ઘટ છે. ૬૦૬ શાળાઓ માત્ર એક શિક્ષકથી ચાલે છે. નિયમો મુજબ પ્રાથમિક શાળામાં ઓછામાં ઓછા બે શિક્ષકો અને ઉચ્ચત્તર પ્રાથમિક શાળામાં ઓછામાં ઓછા ત્રણ શિક્ષકો હોવા જોઈએ. ૨૨૩ ઉચ્ચત્તર શાળાઓ ફક્ત એક શિક્ષકથી ચાલે છે. કેગના આ રિપોર્ટ મુજબ માર્ચ ૨૦૧૩ સુધી મુખ્ય શિક્ષકોની પણ ૪૨૬૨ જગ્યાઓ ખાલી હતી. વિજ્ઞાન અને ગણિત શિક્ષકોની ઘટ ૬૪ ટકા જેટલી છે ભાષા શિક્ષકોની ૫૯ ટકા જગ્યા ખાલી છે. ઉચ્ચત્તર શાળાઓમાં સન ૨૦૧૨-૧૩ માં ૧૯૨૦૬ શિક્ષકોની જગ્યા ખાલી હોવાનું નોંધાયું છે.

કચ્છ જિલ્લાનો સંદર્ભ જોઈએ તો પ્રાથમિક શિક્ષકોના ૧૧૦૨૮ ના મહેકમ સામે ૮૩૦૪ જગ્યા ભરાયેલી છે જેમાં પણ ૩૦૦૦ જેટલા તો વિદ્યા સહાયકો છે જ્યારે ૨૭૨૪ જગ્યાઓ ખાલી છે. આમ ૨૫ ટકા જેટલી જગ્યા ખાલી છે અને ૨૮ ટકા જેટલા વિદ્યા સહાયકો છે. આમ નિયમિત શિક્ષકો માત્ર ૪૭ ટકા છે. અબડાસા તાલુકામાં ૯૭૦ જગ્યાઓ સામે ભરાયેલી જગ્યા ૪૫૭ છે જ્યારે ૫૧૩ જગ્યા ખાલી છે. ૧૩ શાળા શિક્ષક વિહોણી છે. નખત્રાણા તાલુકામાં ૬૯૦ જગ્યા સામે ૩૫૩ ની ઘટ છે. પચ્છમની ૭ ગ્રુપ શાળાઓ અંગે કચ્છમિત્રની ટુકડીને જાણવા મળ્યું કે ત્યાં ૩૩૯ શિક્ષકોની ઘટ છે અને ૨૪ શાળાઓ માત્ર ૧ શિક્ષકથી ચાલે છે. કચ્છની ૧૧ માધ્યમિક શાળાઓમાં એક પણ શિક્ષકની જગ્યા ભરાઈ નથી. ગણિત વિજ્ઞાન તથા અંગ્રેજી વિષયના ૧૪૯ શિક્ષકોની જગ્યાઓ ખાલી છે. બિનસરકારી માધ્યમિક શાળાઓમા પણ ૧૫૩ શિક્ષકોની ઘટ છે. આ પરિસ્થિતિના પરિણામે, નરેડી, દયાપર, પાનેલી,

મોટી વેડહાર, નેત્રા, ભીમાસર ભુટકિયા વગેરે ગામોમાં શાળાઓને તાળાબંધી કરવાના કાર્યક્રમો ગામલોકોએ જાહેર કર્યા છે.

બીજું મુખ્ય કારણ એ છે કે રાજ્ય સરકારની જુદી જુદી અન્ય ખાતાઓ સંબંધિત કામગીરીઓમાં પણ શિક્ષકોને જોતરવામાં આવે છે અને તેના કારણે છતે શિક્ષકે પણ શાળાઓમાં શિક્ષણ કાર્ય યોગ્ય રીતે થતું નથી. આ બાબતમાં વિવિધ રીતે શિક્ષક મંડળો પણ ઉહાપોહ કરતા રહે છે. પરંતુ પરિસ્થિતિમાં કોઈ ફેર પડતો નથી.

એક બાજુથી રાજયના મુખ્યમંત્રી બે વર્ષમાં ગુજરાતના વહીવટી તંત્રને પેપરલેસ બનાવવાની યોજના બહાર પાડે છે જ્યારે બીજી તરફ પાયાનું ગુજરાતી શિક્ષણ પણ ખસ્તા હાલતમાં હોય ત્યારે ઇ-ગવર્નિંગની વ્યવસ્થા જેમાં ઉચ્ચ શિક્ષણને આવશ્યક છે જે તે બે વર્ષમાં સંપન્ન કરવાના સ્વપ્ન કેમ હાંસલ થઈ શકશે તે યક્ષ પ્રશ્ન છે. શિક્ષણ વ્યવસ્થા સરકારી પરિપત્રો આધારિત બની છે તેવું મુખ્યમંત્રીનું તાજેતરનું ઉચ્ચારણ સાચું છે.

એક તરફ જ્યારે જિલ્લામાં શિક્ષકોની મોટી ઘટ અનુભવાય છે ત્યારે બીજી તરફ જિલ્લામાં ભરતી થતાં શિક્ષકો એક યા બીજા બહાને અન્ય જિલ્લામાં બદલી માગે છે અને આવી બદલીઓ અમર્યાદ રીતે થતી રહે છે. આવી બદલી પામ્યા પછી છૂટા થવાના બાકી હોય તેવા શિક્ષકોની સંખ્યા છસોથી ઉપર છે તે બતાવે છે કે આવી બદલીનો વ્યાપ કેટલો મોટો હશે?

કાયદા અને નિયમોની દૃષ્ટિએ શિક્ષકોની કેડર એ જિલ્લા કેડર છે. ૧૯૯૩ અગાઉ જિલ્લા બદલીનો પ્રશ્ન જ હતો. પરંતુ પંચાયતી રાજની રચના પછી કર્મચારીઓની અદલાબદલી અને સરકારી સેવા અને પંચાયત સેવાના વિભાગો થતાં એલોકેટેડ કર્મચારીઓ માટે આ પ્રશ્ન ઊભો થયો. પરિણામે સરકારે આંતર જિલ્લા બદલી માટે નિયમો બનાવ્યા. ૧૯૯૩ના નવા કાયદા મુજબ જૂના નિયમો રદ કરી નવા નિયમો ગુજરાત પંચાયત સેવા (નોકરોની બદલી) નિયમો, ૧૯૯૫ કરવામાં આવ્યા.

આ નિયમોના નિયમ-૨ મુજબ કઈ કેડરના કર્મચારીઓ માટે બદલીના અધિકાર કોને છે તે નક્કી કરાયું છે અને તેમાં જિલ્લા કેડરમાં સમાવિષ્ટ અન્ય તમામ જગ્યાઓ માટેની બદલીના અધિકાર જિલ્લા વિકાસ અધિકારીને અપાયા છે.

આ નિયમો અન્વયે જિલ્લા કેડરના કર્મચારીઓની બદલી અન્ય જિલ્લામાં મેળવવાનો કોઈ કાનૂની હક્ક કર્મચારીઓને અપાયો નથી. આ નિયમોના નિયમ ના - ૩ અન્વયે આંતરજિલ્લા બદલી માટે ત્રણ શરતો નિયત કરવામાં આવી છે. (૧) કોઈ કર્મચારીને જાહેર હિતમાં અન્ય જિલ્લામાં બદલવાનો રાજ્યના પંચાયત સચિવનો અભિપ્રાય હોય. (૨) એક જિલ્લામાં ફાજલ થયેલા કર્મચારીઓને અન્ય જિલ્લામાં સમાવવાનો પંચાયત સચિવનો અભિપ્રાય હોય, ત્યારે રાજ્યકક્ષાએ આંતર જિલ્લા બદલીનો હુકમ થઈ શકે. (૩) કર્મચારી પોતે આવી બદલી માટે અરજી કરે અને જિલ્લા વિકાસ અધિકારીને તે માન્ય કરવા પાત્ર જણાય તો જે જિલ્લાની માગણી હોય ત્યાંના જિ.વિ.અ. ની સંમતિ મેળવી તેની બદલી કરી શકાય. જ્યારે પોતાના જિલ્લામાં કર્મચારીની ભયંકર ઘટ હોય ત્યારે આવી બદલીની અરજીઓ અહીંના જિ.વિ.અ. અસાધારણ સંજોગ સિવાય આગળ ધપાવે જ નહીં અને માગણીનો ઇન્કાર કરે તો આંતર જિલ્લા બદલી થાય જ નહીં. આમ છતાં અમર્યાદ રીતે આંતર જિલ્લા બદલીઓ કરાય અને પછી બદલી પામેલાઓને વહાલાદવલાની રીતે છૂટા કરાય તો ભ્રષ્ટાચારના આક્ષેપો થાય તેમાં નવાઈ નથી.

મુખ્યમંત્રી દ્વારા 'શિક્ષણ વ્યવસ્થા પરિપત્રો આધારિત બની છે' તેવું તાજેતરમાં થયેલું વિધાન અને રીતે સાચા છે કે કાનૂની નિયમોના સિદ્ધાંતોને બાજુએ મૂકી શિક્ષણ નિયામક કે ખાતાના ઉચ્ચ અધિકારીઓ દ્વારા કરાતા પરિપત્રોના આધારે આંતર જિલ્લા બદલીઓ થઈ રહી છે અને તેના પરિણામે કચ્છની વહીવટી વ્યવસ્થા અન્ય જિલ્લાઓની સરખામણીએ અત્યંત કફોડી બની છે તેનો ઈન્કાર થઈ શકે તેમ નથી.

કવિ કરસનદાસ માણેક રચિત કાવ્ય 'એક દિન આંસુ ભીનારે, હરિના લોચનિયાં મેં દીઠાં' માં કવિએ જે પાંચ પ્રસંગોનું વર્ણન કર્યું છે તે પૈકી એક પ્રસંગ શિક્ષણ વ્યવસ્થાને લગતો છે. આ પાંચે પ્રસંગો સાથે સાંપ્રત સમયની પરિસ્થિતિની સરખામણી સન ૨૦૦૩-૦૪ માં ત્રણ લેખો દ્વારા કરવામાં આવી હતી. તા. ૬-૧-૦૪ ના લેખમાં કવિના આખરી મણકા વિશે ચર્ચા કરી હતી. કવિની રચનાનો આ મણકો આ પ્રમાણે હતો.

*ખીલું ખીલું કરતાં માસૂમ ગુલ સૂચ શિક્ષકને સોંપાણા,*
*કારાગાર સમી શાળાના કાઠ ઉપર ખડકાણાં,*
*વસંત વર્ષા, ગ્રીષ્મ, શરદના ભેદ બધાય ભુલાણા,*
*જીવનમોહ તણા લઘુતમમાં પ્રગતિપદ છેદાણાં,*
*ઝરતા લાખો હૈયાના ઝબક્યા ત્યાં જ ઝલાણાં,*
*લાખ ગુલાબી સ્મિત ભાવિના વણવિકસ્યા જ સૂકાણાં,*
*તે દિન આંસુ ભીના રે હરિના લોચનિયાં મે દીઠાં.*

સાંપ્રત પરિસ્થિતિ સાથે સરખાવીએ તો બાળકોની શિક્ષણ પદ્ધતિમાં જરૂર બદલાવ આવ્યો છે, માહોલ પણ બદલાયો છે, પરંતુ નવી શિક્ષણ પદ્ધતિએ કુમળા બાળકોના ખભા ઉપર દફતરોનો ભાર વધાર્યો છે. શિક્ષણનો આર્થિક બોજ વાલીઓ ઉપર અમર્યાદ બન્યો છે. શિક્ષણનો વ્યાપ અધૂરી શાળા છોડવાના કારણે થયો છે. શિક્ષકોનો અભાવ ગામેગામ કઠે છે.

ઉચ્ચ શિક્ષણ અને માધ્યમિક શિક્ષણના ખુલ્લેઆમ હાટડા મંડાય છે. વિદ્યાર્થીઓને લૂંટવામાં યુનિવર્સિટીના ઉપકુલપતિ જેવા ઉચ્ચત્તમ હોદ્દેદાર પણ બાકાત નથી. પરીક્ષાના પેપરો ખુલ્લેઆમ લીક થઈ વેચાય છે. એટલું જ નહીં પણ પેપરોમાં અપાયેલા ગુણમાં પણ ફેરફારો થઈ જાય છે. ઉચ્ચ શિક્ષણ મેળવવા ઈચ્છનાર

અને પાત્રતા ધરાવનારાઓને પણ નાણાના અભાવે દાખલ ન કરાય તેવો શિક્ષણ વ્યાપાર ચાલે છે અને ઉત્તરોત્તર વધતો જાય છે. શિક્ષણના ખાનગીકરણથી જાતજાતની લૂંટની બારીઓ ખોલાતી જાય છે. યુનિવર્સિટીના પરીક્ષા નિયામક અને રજિસ્ટ્રારને પણ સસ્પેન્ડ કરવા પડે છે. હાઈસ્કૂલમાં શિક્ષકો નથી, કૉલેજોમાં પ્રોફેસરો નથી, યુનિવર્સિટી રોજનદારોથી ચલાવાય છે. કૉલેજો અને યુનિવર્સિટીઓ રાજકારણના અખાડા જેવી ચુંટણીઓ દ્વારા વેરઝેર અને વૈમનસ્યનો ફેલાવો કરે છે તેમના પ્રાંગણ ઝઘડા અને મારામારીના સમરાંગણ બને છે. વિદ્યાર્થીઓની જાત સલામતી પણ મુશ્કેલ બની છે. પ્રવેશ માટે દર વર્ષે વિદ્યાર્થીઓ અને વાલીઓની કતારો ભૂખ તરસ વેઠતી જોવાય છે. ડૉક્ટર બનવા સર્જાયેલા વિદ્યાર્થી નાણાના અભાવે એન્જિનિયર કે શિક્ષક બને છે. શિક્ષક બનવાપાત્ર વિદ્યાર્થી કારકૂન બને છે. અપાત્ર હોવા છતાં નાણાંબળથી બનતા ડૉક્ટરો કઈ કેટલાયની જિંદગીની પૂર્ણાહૂતિ કરી શકે છે.

યુવા વર્ગ, ગુટકા, પાનમસાલા અને ખાણીપાણીના વ્યસનોમાં વધુ ફસાતા જાય છે. ચરસ અને ગાંજાના પણ દમ મરાય છે. માયકાંગલા હાડપિંજરોની જેમ શિક્ષણ સંસ્થાઓના પ્રાંગણમાં આ યુવાની ખીખાટા કરતી દેખાય છે. વ્યસનોની ભરમાર તેમના જીવનને નર્ક બનાવશે તેનો તેમને અહેસાસ નથી.

*કવિ તેજના શબ્દોમાં,*

***ખમણ, ઢોકરા, ચટણી, ડબલરોટી તાજી,***
***સાંજીજો વિગેં ફરેલાય, ખેતાં પાઉંભાજી***
***સ્વાજે જે રસીયેંકે ખબર નાંય તેજ,***
***જે ખાઈખાઈને એડો, પિંઢ વેંધા ખાજી.***

સૌથી બદતર હાલત તો એ છે કે ગુરુપદ શોભાવતા કેટલાક અસુરો તેમની પુત્રીસમી વિદ્યાર્થિનીઓના ચીરહરણ કરે છે. તેમને બચાવવા કોઈ કૃષ્ણ ક્ષિતિજમાં દેખાતો નથી. છેલબટાઉ ધનિક છોકરાઓ છડેચોક બહેનદીકરીઓની મજાક અને છેડતી કરતાં અચકાતા નથી. તેમને રોકવાની કોઈ સુચારૂ વ્યવસથા આપણે ગોઠવી શક્યા નથી.

કોઈપણ દેશના પાયા સમી શિક્ષણ વ્યવસ્થાના આ હાલ જોઈને લોકશાહીના લોચન પણ ભીના થાય છે.

પ્રજાતંત્રના ગૌરવ અને આભાસી રક્ષાના બહાને, દેશનો સામાન્યમાનવી આજના પ્રગતિશીલ વિજ્ઞાનયુગની તમામ ટેકનોલોજીની વચ્ચે પણ અસહાયતા, શોષણખોરી, નિરર્થકતા, નિષ્ક્રિયતા અને નિર્માલ્યતાના સહારે અસલામતી અનુભવી દિશાહીન થઈ રહ્યો છે. આ માટે આપણી સત્તાલક્ષી રાજ્ય વ્યવસ્થા, અસમાન સમાજ વ્યવસ્થા, વ્યાપારિક શિક્ષણ વ્યવસ્થા અને ઉપદેશી ધર્મ વ્યવસ્થા જ મોટા ભાગે જવાબદાર છે. આ કડવા સત્યનું ઊંડું વિચારદોહન અને પરિણામ ચર્ચા અનિવાર્ય નથી? કવિ માણેકના સમયમાં શોષણની જે સ્થિતિ હતી તેનાથી દ્રવિત થઈને તેમણે જે સંવેદના પોતાની કવિતામાં ઉતારી તેનાથી ક્યાંક બદતર ગણી શકાય તેવી આ જ પરિસ્થિતિ છે તેનો કોઈ ઈલાજ કરી શકાશે?

*"જલિયાણ", શ્રીજી લેબોરેટરી પાસે,*
*જૂના બસ સ્ટેન્ડ પાસે,*
*જૂના વાસ, માધાપર, કચ્છ-૩૭૦ ૦૨૦.*

***નવા કપડાં બગડી ન જાય એની સાવધાની રાખતા મને હે પ્રભુ! એવી સદ્‌બુદ્ધિ આપજે કે મને મળેલો માનવભવ હું બગાડી ન બેસું.***

## લઘુ કથા

### લાડવો

*– નટવર આહલપરા*

આછું અંધારુંય ને આછો ઊજાસેય કળાતો હતો. સવાર પડી. અમરત ઊઠી. નહાવા-ધોવાનું પતાવી કાયમ પ્રમાણે ઘરના ઊંબરે સાથિયો પૂર્યો.

સૂરજદાદાને અને સાસુ-સસરાને પગે લાગી. કૂતરાને ચાનકી નાખી. ફળિયામાં બાંધેલી ગાયને ઘાસ નીર્યું. બાજરાનો લોટ લઈ કીડિયારું પૂર્યું. ધરતીમાને લાપસી જારી. સાસુ-સસરાને શિરામણ કરાવ્યું.

ત્રણ વર્ષના દીકરા માવજીને ઘોડિયામાં સુવાડ્યો. હાથમાં દોરી લઈ અમરતે માવજીને હીંચકાવતાં વાત શરૂ કરી. 'અય માવલા, હું તને એટલે હીંચકાવું છું કે, તું મોટો થાને ઈ વેળાએ જો ધરતીનો આંચકો આવે તો તને બીક નો લાગે, સમજ્યો?

મેં સાંભળ્યું છે કે, ગગા શે'ર માં આંચકા આવ્યા તારે ઊંચા-ઊંચા ઘોલકી જેવા મકાનમાં રે'તા માણસોને ટાઢમાં ઠૂંઠવાઈને તંબુ તાણી રેવું પડ્યું'તું. તારા જેવા છોકરાનું શું થાતું હશે? એની મા ન્યાં ઘોડિયાં ગોતવા ક્યાં જાય? એના બાપને સૂવા ખાટલો ક્યાંથી મળે? આપડે કાંઈ ઉપાધિ? ભગવાનની ઘણી દયા આપડે માથે છે.

ઘરનાં ઘર, લીલી વાડી, દુઝાણાં, ઘરમાં ધરમ-ધ્યાન ને સુખ શાંતિ, પણ માવજી મને ઇ સમજાતું નથી કે આપણને બધું સુખ મળ્યું છે, તોય તારા બાપુ મને, તને, બા-બાપુને અને આપડી જનમભોમકાને છોડીને શે'રમાં શું લાડવો લેવા ગ્યા હશે?'

*'શ્રી પવનતનય', ૩, વિમલનગર, યુનિવર્સિટી રોડ,*
*રાજકોટ-૩૬૦ ૦૦૫. મો. ૯૯૭૪૦ ૦૯૦૪૨*

# કાવ્ય સરવાણી

## જય જગન્નાથ

આવી આવી અષાઢી બીજ
આવ્યાં વાદળ ઘનશ્યામ
રથે ચઢી આવ્યા જગન્નાથ
બેન સુભદ્રા ભૈયા બલભદ્ર સંગાથ
રથારૂઢ શ્રી જગન્નાથ
રથ ખેંચે કેટકેટલા હાથ, રથ તાણે કેટકેટલા હાથ
હોંશીલા હુલ્લાસી હરખૂડા હૈસોહૈસો હાથહાથહાથ
ભૂમિમાં રોપાયા કેટકેટલા પગ
ફાટફાટ પિંડીયાળા કેટકેટલા પગ
આ-પાથી તે-પાથી આવી મળ્યા હુડુડુડુ
અડવાણા હૈસોહૈસો પગપગપગ
કેટકેટલી દિશાએથી આવે ઘેરો સાદ
કેટકેટલા કંઠેથી સહિયારો સાદ
જય જગન્નાથ જય જગન્નાથ...
ગલીઓમાં ગોળ ગોળ ઘૂમી વળે નાદ
જય જગન્નાથ જય જગન્નાથ...
રસ્તાને છોળ છોળ ખૂંદી વળે નાદ
જય જગન્નાથ જય જગન્નાથ...
વરસોથી ગલીચોક ઘૂમી વળે નાદ
જય જગન્નાથ જય જગન્નાથ...
આકાશે આંટો દઈ ઘૂમી વળે નાદ
જય જગન્નાથ જય જગન્નાથ...
ભૂરાટાં ચારેકોર જાણે પ્રલયપુર
જય જગન્નાથ જય જગન્નાથ...
રથ પર ચઢી બેઠા પૂજારી ને પંડા
ખાસમખાસ સેવકોના પછડાતા ડંડા
ઘેરી વળ્યા છડી-છત્ર-ચામર-ધ્વજધારકો
સૂતેલા શ્રીનાથ ફરતે પૈંક પરિચારકો
કેટકેટલો ઠાઠ રચી સૂતા જગન્નાથ
ઊઠાડવા ઊછળે જાણે આર્તનાદ
જય જગન્નાથ જય જગન્નાથ...
જય જગન્નાથ જય જગન્નાથ...

*– રમણીક અગ્રાવત*

## આવી અષાઢી સાંજ

આજ અષાઢી સાંજ, મારે ઘેર, આવી અષાઢી સાંજ.
આજ અષાઢી સાંજ, મારે ઘેર, આવી અષાઢી સાંજ.

વાદળાં કેરા ઢોલ ઢબુક્યા,
વીજળીની છે ઝાકઝમાળ. (૨)

વાયરા કેરી શરણાઈ વાગે,
મયુર નાચે તાન. (૨) મારે ઘેર...

કાળો રૂપાળો મંડપ બાંધ્યો,
આભની ચારે કોર. (૨)

વાજતે ગાજતે આવી પુગી,
મેઘરાજાની જાન. (૨) મારે ઘેર...

મોતીડે ને હીરલે પોંખ્યો,
શામળીયો લાડો. (૨)

આનંદે ઉમંગે વરસ્યો,
મેઘ થયો ખાંગો. (૨) મારે ઘેર...

*ખુશ્બુ એન. સરવૈયા*
*સારસ્વત વાડી સામે, આશાપુરા રિંગ રોડ,*
*ભુજ, કચ્છ-૩૭૦૦૧. • મો. ૯૯૭૯૬ ૧૨૭૫૬*

## આષાઢી બીજ

વાયધો ડીંધલ વલમ તાં જીં અચેં
બીજ આષાઢી અચેં નેં મીં અચેં.

ડે નિંઆપો તું કબુતર કચ્છજો
મીં છણેં કકરા કરઈ તે તી અચેં

વાટ નેર્યુંતા સજણજી મીં વઠે
મીં અચેંતા જીં સજણ પણ તીં અચેં

નાય ખેતર સીમ મેં પાણી અચેં
નેં સજણ ભેરા ફિરે જા ડીં અચેં

રાતભર જાગાં સજણ નેં મીં અચેં
સોણલા ડીં રાત 'જખ્મી' કીં અચેં?

*જયંતી ગોર "જખ્મી"*
*પ્લોટ નં.-૧૪, નરનારાયણ નગર,*
*કલેક્ટર કચેરી પાછળ, ભુજ, કચ્છ.• મો. ૯૯૦૯૯ ૧૬૭૨૨*

## અજ બીજ અષાઢી આવઈ...

અજ કચ્છીયેં જે નયેં વરેજી બીજ અષાઢી આવઈ
ભાવર મિડે ભેરા થૈને, હિકડે બ્યેંકે ડિયેં વધાઈ
અજ બીજ અષાઢી આવઈ...

ડાતારી જગમેં વખણાજે, કચ્છીયેંજી તાં ભઈ ભારી,
વિઠા ભલેં વિડેસ મેં વેં, પણ વતન કે ડીયેં હિયાંરી,
સુખ મેં વેં ક દુઃખમેં વેં, ઈ સુમેં, વતન કે સંભારી,
ધોડી અચેં પેરેલે કપડેં, ઈ ડુકાર કે ડીંયે ટારી,
અજ બીજ અષાઢી આવઈ...

કડેંક કુધરત મોં ફેરે ત, હેવર ડોલેજા દુઃખ ભારી,
કિડાંક ધરતી ઝૂંધી ડિસજે, ઉડે, ધૂળજી ડમરી ભારી,
ટીપે પાણી લાય ચોપા તરફડે, કિડાંક ભૂખ્યા રેં સંસારી,
કેની ભધલધી કિસ્મત તોજી? કુધરત, કો, ડે યારી?
અજ બીજ અષાઢી આવઈ...

ત્રે કોરાં આય ધરિયો ખારો, હિકડે કોરાં પટ ખારો,
સપાટ રણમેં રેતી ઉડેતી, કુધરતજી ઈ કારી,
વરાવંરે તાં મોસમ ભધલે, ઈ માલકજી બલિહારી
"કચ્છી" વે સુખમેં ક દુઃખમેં, ભજે ન હિંમત હારી
અજ બીજ અષાઢી આવઈ...

મીઠા વચન ને ઠલી હિંયારી, લખલખજી ગાલ નકામી,
છડ્યો મોહ પરદેસ જો ભાવર, વિદેસજી માયા નકામી,
મોભત કર્યો વતનજી મિટ્ટી સેં, ઉભો કર્યો કચ્છડે કે,
વતન મેં જભરા વિકાસ કરીને, ધિલડે કે ડ્યો ઠારી.
અજ બીજ અષાઢી આવઈ...

*ચંદ્રવદન જી. મહેતા 'સારસ'*
*૮૯, 'શબ્દલોક', સંસ્કારનગર,*
*ભુજ, કચ્છ. મો. ૯૯૭૮૦ ૫૨૮૦૦*

**પરિવાર**

*પરિવારમાં બંધારણ ન હોય, પણ વ્યવસ્થા હોય.*
*સૂચન ના હોય, પણ સમજણ હોય.*
*કાયદો ના હોય, પણ અનુશાસન હોય.*
*ભય ના હોય, પણ ભરોસો હોય.*
*શોષણ ના હોય, પણ પોષણ હોય.*
*આગ્રહ ના હોય, પણ આદર હોય.*
*અર્પણ ના હોય, પણ સમર્પણ હોય.*

## મુંજે કચ્છજી ધરતી

(રાગ : મેરે દેશ કી ધરતી સોના ઉગલે...)

મુંજે કચ્છજી ધરતી... ઈઈઈ... ઈઈઈ...
મુંજે કચ્છજી ધરતી સોનલવર્ણી
શૂરવીરેંજી ધરતી... મુંજે કચ્છજી ધરતી...

જિડાં દખણ, પુરવને પચ્છમ મેં મેરામણ ગરજેતો...
જિડાં ઉત્તર ડિસમેં રેતીભેરો, રણતાં રોજ તપેતો...
જિડાં ધર્મ-ધ્યાન નેં, ડાન-પુનજી ફોરમ રોજ ફુલેતી...
જિડાં નોંધારેંને દુખિયાંરેજી સેવા રોજ થીયેતી...
એડે મુણસ ડાનવીર જગડુશા કે જાધ કરેતી ધરતી...
મુંજે કચ્છજી ધરતી...

જિડાં પુરવમેં અંઈ માત રવેચી, પચ્છમ મેં આશાપુરા આઈ...
જિડાં ઉત્તરમેં અંઈ ગુરુ દત્તાત્રેય, દખણમેં શાહમુરાદ સાંઈ...
જિડાં હિંદુ, મુસ્લિમ, શીખ, ઈસાઈ, ભાવર થૈને રેંતા...
જિડાં હિકડાઈ જો રંગ ઘૂંટીને પ્રેમજો રંગ પીયેંતા...
અચો ન્યેર્યો કચ્છડેમેં આય મોભતજી હિ મસ્તી...
મુંજે કચ્છજી ધરતી...

જિડાં ડાતારીમેં જગડુશાને, ડાડો મેંકણ જ્ઞાની,
જિડાં શૂરવીરેંમેં અબડો અડભંગ, સુમરીયેં જો જાની,
જિડાં ઝારે જેડો સંપ ડિસાજે, હાજીપીર જી કુરબાની,
જિડાં ગામજે પધર ઉભલ પાડિયા, ડીયેં શૂરવીરેંજી જુબાની,
જિડાં હેમારેવટ પૂજી નિરંજન જાધ કરે હી ધરતી...
મુંજે કચ્છજી ધરતી...

જિડાં ડોલે પોઆ તાં લખેં માડુજી કિસ્મત ભધલઈ આય,
જિડાં આયા વડા ઉદ્યોગ ઉડાંજી રોનકતાં ભધલઈ આય,
જિડાં વિડેશ વસધલ ડાતારેંજી ડાતારી ડિસજેતી,
જિડાં આંજી જરૂરત આય કચ્છડેકે, જાધ કરે ઉ ધરતી,
અચો, હથ જલ્યો, "સારસ" ચેંતો જાધ કરેતી ધરતી
મુંજે કચ્છજી ધરતી...

*ચંદ્રવદન જી. મહેતા 'સારસ'*
*૮૯, 'શબ્દલોક', સંસ્કારનગર,*
*ભુજ, કચ્છ. મો. ૯૯૭૮૦ ૫૨૮૦૦*

**કોટન બેઝમાં પરવડે તેવી રેન્જ** વિશેષતા : હોલસેલ ભાવે રીટેલ
- ગઢવાલ • કોરા કોટન
- સુપરનેટ કોટા • ટીસ્યુ કોટા
- ફેન્સી કોટા • જૈન સિલ્ક
- ચંદેરી ટેમ્પલ • પ્રિન્ટેડ જ્યોર્જેટ



**"કાંચી"ની સાડી વાહ... વાહ...!!**
મીનલ દેઢિયા • 09930704743
**KANCHI** *A Blend of Indian Heritage*
૭૧/૭૩, શાહ ભુવન, ગ્રાઉન્ડ ફ્લોર, જુની હનુમાન લેન, કાલબાદેવી, મુંબઈ-૪૦૦ ૦૦૨.
Tel. : (022) 22060636 E-mail : sareekanchi@gmail.com Sunday Closed

## અખ મેં પાણી

*પાંણા મિડે પોલા નિકરધાં,*
*ન હુઈ ખબર,*
*ભાઈબંધ મિડે સલામી નિકરધાં,*
*ન હુઈ ખબર,*
*પ્યાતે છુટા તડે ભાવ ભારી વતાંયાં,*
*સમો વેંધે ફુસી પોંધા,*
*ન હુઈ ખબર,*
*અખમેં પાણી, અખ ભિંજાણી,*
*હથમેં હથ રખી હલેં વઠા,*
*મગર જા આસું હોઆ, ઈ*
*ન હુઈ ખબર,*
*સમો વઈ વ્યો, વરે નિકરી વ્યા,*
*તેં પોઆ, બાયણે મેં અચી ઉભા,*
*કેર તું ને કેર આઉં જી,*
*રાંધ ઈ રમે વિઠા,*
*અજાણ્યા થઈ, એંસારો દઈ,*
*ભજી વેંધા, ન હુઈ ખબર,*
*હતાશ થઈને હારી વેણી,*
*કુલાય! ભલા હિ જીયણ,*
*"અલ્પ" હિ આય હાર, કે*
*આય જીયણજી રાંધ, કેં કે ખબર.*

**મુકુંદ કે. મહેતા 'અલ્પ'**

## કચ્છી ગઝલ

મોભતજી નોભત વજાયું ત ખાસો,
ઈજ્જતજી લિજ્જત વધાયું ત ખાસો...

મરીને કુલા, હલ જિયણજી મધધસેં
જગતમેં જ જન્નત જમાયું ત ખાસો...

હી હથ પાંજા તાં રોજ હથસેં મિલેંપ્યા,
હિયેં સે હિયા પાં મિલાયું ત ખાસો...

ધરા કે ધુબાયું, ગગનકે ગજાયું,
ખુમારીજી ધૂણી ધુખાયું ત ખાસો...

છડ્યો યાર સાસા-ઉસાસા ઘડીજા,
સનાતનજી મહેફિલ સજાયું ત ખાસો...

**મદનકુમાર અંજારિયા 'ખ્વાબ'**

## ભેનણું

રાખડી ભા કે હલાઈયેં ભેનણું
હેત જા હાંઢા ઠલાઈયેં ભેનણું.

પારકે મુલ મા વિઞે તેનીં વટા
રાત-ડીં પીંગો ઝુલાઈયેં ભેનણું

ચાંતરોં ટાણું નીંઆણીં જો છતાં
'ભા-ભચેં' ચિઇ મન ખિલાઈયેં ભેનણું

ચેં સુખી પણ વેં ડુખી ઇ સાવરેં
વાણ જીયણ જો હલાઈયેં ભેનણું.

ડિઇ નીઆંપો ગામવારેં કે ખિલેં
નેં કરઇ રુંગેં છિલાઈયેં ભેનણું.

જિંધગી તા ઝેર "જખ્મી" માં વિગર
જાધ મા જી અજ ભુલાઈયેં ભેનણું.

**જયંતી ગોર "જખ્મી"**
**પ્લોટ નં.-૧૪, નરનારાયણ નગર,**
**કલેક્ટર કચેરી પાછળ, ભુજ, કચ્છ.**
**મો. ૯૯૦૯૯ ૧૬૭૨૨**

## ઠોકરો

રંગ, રૂપ, શબ્દ વિનાની છે ઠોકરો,
ને તોય મુસાફરની કહાની છે ઠોકરો!

રસ્તા તો અદ્યતન બને છે આજકાલના,
તોયે કદમ-કદમ પર શાની છે ઠોકરો?

સરનામું ક્યાંક તારા જ ઘરનું ન નીકળે,
રસ્તાને પૂછતો નહિ, ક્યાંની છે ઠોકરો?

તારા ચરણ છે અંધ, ને રસ્તાને છે નજર!
એ સત્યની સચોટ નિશાની છે ઠોકરો!

જાણે ગતિના ગાલે ખંજન પડ્યા કરે
આ હસમુખી ડગરની જવાની છે ઠોકરો!

સામેથી ચાલીને કદી આવતી નથી;
આપણા કરતાં તો સ્વમાની છે ઠોકરો!

વાગે ધરાર પણ, ચૂંકાર ના કરે,
મહાવીર ને ગૌતમના ગજાની છે ઠોકરો!

**મદનકુમાર અંજારિયા 'ખ્વાબ'**

હાસ્ય

# વાંઢા મંડળની વાર્ષિક મિટિંગ

• ચિત્રસેન શાહ •

અમારા શહેરના વાંઢાઓ ઘણા સમયથી દર શનિવારે હનુમાનજીના મંદિરે 'ગુસપુસ' કરવા મળે છે. એવી જાતની 'ગુસપુસ' અમારા લગ્ન કરેલાઓના મિત્રમંડળમાં જોરશોરથી થઈ રહી હતી. વાંઢાઓ શું 'ગુસપુસ' કરતા હશે એ એક રહસ્ય જ રહ્યું હતું! તેથી રહસ્યની એ ભેદી જાળને ભેદવા અમે અમારામાંથી એક 'કરમચંદ જાસૂસ' ને એક શનિવારે વાંઢાઓની મિટિંગમાં મોકલેલો. તેણે આપેલ રસિક અહેવાલની વિગતો કાંઈક આ પ્રમાણે છે.

જે દિવસે અમારા જાસૂસે મુલાકાત લીધી તે દિવસે વાંઢામંડળની વાર્ષિક મિટિંગ હતી, તેથી બધા જ વાંઢા બનીઠનીને આવ્યા હતા! જાણે સમૂહલગ્નના ઉમેદવાર હોય તેવા દેખાતા હતા!

મિટિંગ શરૂ થવાને વાર હતી. વાંઢાઓની સંખ્યા ધીમેધીમે વધી રહી હતી, તે દરમિયાન અંદરોઅંદર ગુસપુસ ચાલતી હતી!

એક વાંઢો બીજાના કાનમાં પોતાનો આક્રોશ ઠાલવી રહ્યો હતો, 'આપણી તે કાંઈ જિંદગી છે! હું ગઈકાલે મકાન ભાડે લેવા માટે ગયેલો તો મકાનમાલિકે મને પૂછ્યું : "પરણેલા છો?" કેમ જાણે આપણે તેની દીકરી ઉપાડી જવાના હોઈએ?'

બીજો એક વાંઢો ત્રીજાના કાનમાં કહી રહ્યો હતો, 'હું ગઈ કાલે રેશનિંગની દુકાને ખાંડ લેવા ગયેલો ત્યારે મારી પાછળ ઊભેલાં એક પરિચિત એવાં બહેન મને કહે : "ભાઈ! મને જરા આગળ આવી જવા દેશો? મારે જરા જલદી છે, કારણ કે હું ઘેર તમારા ભાઈને બાબો સાચવવા આપી આવી છું! અને તમે તો રહ્યા એકલા! તમને શું ફરક પડી જવાનો છે!"

આમ અંદરોઅંદર ગુસપુસ ચાલતી હતી ત્યારે વડીલ જેવા એક વાંઢાએ ઊભા થઈ કહ્યું, 'ભાઈઓ! આમ અંદરોઅંદર વાતચીત કરવાને બદલે જરા મોટેથી બોલો કે જેથી તમારા અનુભવોનો આસ્વાદ બીજા પણ માણી શકે.'

એક ભાઈ ઊભા થયા અને બોલવાનું શરૂ કર્યું :

'એક વાર હું વડોદરા જતી બસમાં મુસાફરી કરી રહ્યો હતો ત્યારે ખીચોખીચ ભરેલી બસમાં વચ્ચે ઊભેલાં એક બહેન મને કહે : "આ બેબીને જરા રાખોને! વડોદરા આવશે એટલે લઈ લઈશ." એમ કહીને એ બહેને એક વર્ષની બેબીને મારા ખોળામાં પધરાવી દીધી!'

"પછી શું થયું? પેલાં બહેન વડોદરા આવતાં પોતાની બેબી લઈ ગયાં?" સાંભળનારામાંથી એકે ઉત્કંઠા વ્યક્ત કરી.

'તે લઈ જ જાય ને!'

'તો તમે નસીબદાર! બાકી મને તો આ રીતે એક બહેન બાબો સાચવવા આપી ગયાં હતાં તે આજ દિવસ સુધી પાછાં લેવા જ નથી આવ્યાં!'

હસીહસીને મહિલાઓ વાંઢાઓ પાસે કામ કઢાવી જાય કે પછી આ રીતે 'બાબા-બેબી' પકડાવી જાય તો વાંઢાઓ બિચારા ના પણ કઈ રીતે કહે!

એકે વળી બીજાના કાનમાં કહ્યું :

'વાત ખાનગી રાખજો! આ કદાચ આપણી છેલ્લી મિટિંગ હશે! આપણું ગોઠવાઈ જાય તેવું લાગે છે! અમારી બાજુમાં જ હમણાં જથ્થાબંધ છોકરીઓવાળું એક કુટુંબ રહેવા આવ્યું છે!'

આ પ્રમાણે વાતચીત ચાલતી હતી ત્યાં વાંઢામંડળના પ્રમુખ - મંત્રી વગેરે આવી જતાં મિટિંગ શરૂ થઈ!

મંત્રીશ્રીએ ગયા વર્ષનો અહેવાલ વાંચ્યો. ગયા વર્ષે કેટલા વાંઢાઓ નવા ઉમેરાયા અને કેટલા 'બરબાદ' થયા, એટલે કે 'બાદ' થયા એના આંકડા રજૂ થયા. એક જણે 'નવા ઉમેરાયેલા વાંઢા' કોને કહેવા તે અંગે સ્પષ્ટતા માગી તો જવાબમાં કહેવામાં આવ્યું કે :

નીચે લખ્યા પ્રમાણેના મુદ્દામાંથી ગમે તે પ્રકારે ઉમેરાયા હશે તે 'નવા વાંઢા' તરીકે ગણાશે :

(૧) નવા જન્મેલા

(૨) બહારગામથી આવેલા (વાંઢાસ્તો!)

(૩) નવા 'ઘરભંગ' થયેલા

વાંઢાઓમાં હસાહસ થઈ રહી.

નવાં જન્મેલાં બાળકોને થોડા વાંઢા કહેવાય?! તેવી જ રીતે 'ઘરભંગ' થયેલાને પણ 'વાંઢા' કેમ કહી શકાય? તેમને 'વિધુર' કહેવાય!

મંત્રીશ્રીના 'ઉપલા માળ' વિશે વાંઢાઓમાં ફરીથી ગણગણાટ શરૂ થયો.

એક ખૂણેથી એક તાજા જ નવયુવાન વાંઢાએ ઊભા થઈ જાહેરાત કરી : 'ભાઈઓ, શાંતિ રાખો. અમુક ભાઈઓના મુખ પર વિષાદનાં વાદળ છવાયેલાં હું જોઈ શકું છું. એ વાદળને વિખેરી દેવા માટે તેમ જ વાંઢાઓની આર્થિક, સામાજિક અને

ખાસ કરીને તો 'માનસિક'' હાલત સુધારવાની એક અફલાતુન યોજના મારી પાસે છે! મારી યોજનાના બે વિભાગ છે.

**વિભાગ ૧ : વાંઢાઓ માટેની આચારસંહિતા**

(૧) નવરાશના સમયે ટી.વી., વીડિયો કે સિનેમા જોવાને બદલે વાંઢાઓએ હનુમાનચાલીસાના પાઠ કરવા, જેથી માનસિક સંતુલન જળવાઈ રહે.

(૨) સ્ત્રી-વર્ગથી દૂર રહેવું.

(૩) લગ્નવિષયક જાહેરાતો વાંચવી નહીં.

વાંઢાઓમાં હોહા મચી ગઈ! એક વાંઢો બરાડી ઊઠ્યો, 'શું તમે અમને આજીવન કુંવારા રાખવા માગો છો? લગ્નવિષયક જાહેરાતો વાંઢાઓ નહીં વાંચે તો કોણ વાંચશે?'

પેલા નવયુવાન વાંઢાએ કહ્યું, 'શાંતિ રાખો. જેને પરણીને ''શહીદ'' થવું હોય તેને છૂટ છે, પરંતુ પહેલાં મારી આખી યોજના તો સાંભળી લો!' એમ કહી તેણે પોતાની યોજનાનો વિભાગ બે રજૂ કર્યો :

**વિભાગ-૨**

'સરકારશ્રીને આવેદનપત્ર આપી વિનંતી કરવી કે વાંઢાઓ માટે નીચે પ્રમાણેના પાંચ મુદ્દાનો કાર્યક્રમ અમલમાં મૂકે :

(૧) ''લગ્નજીવનના ગેરફાયદા'' જેવા વિષયો પર ચર્ચા, સેમિનાર કે વર્કશોપ ગોઠવવા માટેના ખર્ચમાં 'સબસિડી' આપવી!

(૨) ''સતીપ્રથાના દૂષણ'' ને મૂળમાંથી જ ડામી દેવા માટે વાંઢાઓનું મોટું યોગદાન છે, તેથી વાંઢાઓનું બહુમાન કરવું.

(૩) વાંઢાઓ માટે બસ અને ટ્રેનમાં રિઝર્વ્ડ ક્વોટા રાખવો.

(૪) વાંઢા પેન્શન યોજના તેમ જ વાંઢા ગ્રુપ ઇન્સ્યોરન્સ સ્કીમ દાખલ કરવી.

(૫) વાંઢાઓને ''રોજગાર યોજના'' માં અગ્રીમતા આપવી.

(૬) વાંઢાઓને ઇન્કમટેક્સમાંથી સંપૂર્ણ મુક્તિ આપવી!

આ છેલ્લા મુદ્દાને કારણે વાંઢાઓ તો પરણવાનું માંડી જ વાળશે, પરંતુ પરણેલાઓ પણ છૂટાછેડા લઈ નવેસરથી ''વાંઢા'' બનવાનું પસંદ કરશે!'

બધા વાંઢાઓએ ઉપરોક્ત યોજનાને તાળીઓના ગડગડાટ સાથે વધાવી લીધી! અમારા 'કરમચંદ જાસૂસે' છેવટે ઊભા થઈ કહ્યું, 'ભાઈઓ! આપણા શહેરમાં મલ્લિકા શેરાવત આવી છે! જો તમારી બધાની ઇચ્છા હોય તો તેણીને આપણા મંડળમાં વાર્તાલાપ આપવા બોલાવી શકાય તેમ છે. તો તમારો બધાનો શો અભિપ્રાય છે?'

સભામાં સન્નાટો છવાઈ ગયો! મલ્લિકા શેરાવત - અને તેણીની આપણી સાથે મુલાકાત!?

આવી રોમાંચક જાહેરાત સાંભળી બધા વાંઢાઓ 'રોમૅન્ટિક મૂડ' માં આવી ગયા અને એકી અવાજે બોલી ઊઠ્યા, 'જરૂર બોલાવો! આપણે હમણાં જ પસાર કરેલી યોજનાના વિભાગ-૧ ના ક્લોઝ નંબર-૨ (સ્ત્રીવર્ગથી દૂર રહેવું!) રદબાત્તલ જાહેર કરીએ છીએ!'

*પ્લૉટ નં.-૩૧૪/એ, સેક્ટર-૨૦,*
*રાજશ્રી સિનેમા પાસે, ગાંધીનગર-૩૮૨ ૦૨૦.*

## જીવનપથ

જીવનની નૌકા સમયના વહેતા પ્રવાહમાં જેમ જેમ આગળ વધે છે તેમ તેમ ઘણી ભરતી ઓટનો સામનો કરવો પડે છે. સમયની આંધી અને ઝપાટો જીવનમાં ડગલે ને પગલે અથડાય છે. જીવનમાં ઝાંઝવાના જળ જેવા અનેક સપનાંઓ વેરણછેરણ થાય છે ત્યારે દિલને દર્દ અને આઘાત પણ લાગે છે. આ દર્દની દવા એક તો સમય છે અને બીજી દર્દની દવા એ બીજો ધક્કો એટલે કે ફટકો છે. એક આઘાતના ફલ બીજા આઘાત દ્વારા ટળે છે. આ એક સ્વાભાવિક જીવનલીલા છે. આઘાત પ્રતિ આઘાત અને એમાં જ જીવનનો બોજ કે ભાર હળવો થાય છે કે વિસરાય છે.

વહેતા પ્રવાહમાં તરતા આવડે તે સામે પાર સલામત જઈ શકે છે. બીજા તણાઈ જાય છે. ઝંઝાવાતોનો સામનો કરતાં કરતાં આપણે ટેવાઈ જઈએ છીએ અને વધુ મજબૂત બનીએ છીએ. 'ગમો સાથે સમજોતા' એ જ જીવનની મજા છે. જીવનનાં કપરાં ચઢાણ ચડવા એ એક સાહસ અને પડકાર છે.

સરળ જિંદગી નસીબવાનને હાથ હોય છે. જીવનમાં કંઈક કરવા ઇચ્છતા હોય એણે તો આઘાત અને પ્રતિ આઘાતની પ્રક્રિયામાંથી પસાર થવું જ પડે છે. મહાનતાનાં શિખરો સર કરનાર બધી જ વ્યક્તિઓએ જીવનના મેદાનમાં ગંભીર અને ઘેરી પછડાટો અને ધક્કાઓ ખાધા હોય છે.

ઠોકર ખાઈને જે કંઈક શીખે છે, હસતાં હસતાં ઊભો થાય છે અને આગળ વધે છે તેણે જિંદગીને જીતી છે. ફિનિક્સ પક્ષી રાખમાંથી પણ સજીવન થાય છે. મનુષ્ય જિંદગીના વિવિધ પ્રવાહો અને વિવિધ મોજાંઓનાં તોફાનોમાંથી જ સલામત બહાર આવે તો તે જીવન જીવી જાણે છે તેમ કહેવાય. જીવન જીવવાની જડીબુટ્ટી છે : ઝેર પીને પણ હસતા રહો એની અસર ન થવા દો અને પચાવી જાણો! જિંદગીના સાફલ્યનો અને પ્રગતિનો આ માર્ગ છે.

*– ચૌલા કુરૂવા*
*સૌજન્ય : "મૉર્નિંગ વૉક"*



# બાલુડેં જયું ગાલિયું

**સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા**

## બચુડો

અધા : પુત્તર બચુડા?

બચુડો : કો અધા કુરો કમ આય?

અધા : બચુડા, તપાસ ત કર પાંજે બાજુવારે ફ્લેટમેં રે તો સે જયંતિ જભરો હેડે ટ્રાફિક મેં રસ્તો ક્રોસ કરે ને સામે વ્યો ને છોરી કે નેરેને ફડો ડાચો કે ને કુલા પાછો આવ્યો. છોરી અનકેં એડો ત કુરો ચે વધે - જરા તપાસ ત કર...

બચુડો : ભલે અધા.

અધા : કુરો ગાલ વી?

બચુડો : ગાલ મે કીં માલ ન વો. છોરી પંઢજી બાલ્કનીમેં ઊભી ઊભી હથેડી મેં ખારીસીંગ રખે ને ખાઇંધી વી.. ખારી સીંગ જા ફોતરા ઉડાયેલા કે હથેડીમેં ફૂંક મારે તે સે જયંતિ સમજ્યો કે મુંકે હવામેં પપ્પી હલાય... સે એડો છોરી ત્રેવાર કેં તડેં જયંતિ ઓતે પુગો પણ નેરેં ત ચોરી અન સામે નેરે નતેં પણ ખારી સીંગજા ફોતરા ઉડાયેલા હથેડી મેં ફુંકું મારીંધી વી....

## ખિલજા મ ભલા

દારુનો ધંધો કરનાર : અમારા ધંધામાં અમારે હવે બીજા કોઈ પર આધાર રાખવો નહીં પડે.

સોડાનો ધંધો કરનાર : આ સુપ્રીમ કોર્ટે તો એના ચુકાદાથી અમારા ધંધાની વાટ લગાડી દીધી.

દારુનો ધંધો કરનાર : સુપ્રીમ કોર્ટે હવે ચુકાદો આપી દીધો છે કે હવે ફક્ત 'નીટ' જ ચાલશે. બીજું કાંઈ ચાલશે નહીં. 'નીટ' જ ફરજિયાત છે.

☺ ☺ ☺ ☺ ☺

શિક્ષક : આજકાલ ઓનલાઈન બિઝનેસની બોલબાલા એટલી બધી વધી ગઈ છે કે ભલભલા ધંધાદારીઓ ટેન્શનમાં આવી ગયા છે. હવે જણાવો કે આવા સમયમાં કોણ આવી સગવડથી ગભરાઈ ન જાય?

આદિત્ય : ઓનલાઈનના ગમે તેવા લાભથી પણ સુલભ શૌચાલયવાળાના પેટનું પાણી પણ હલતું નથી કારણકે આવી સુવિધા કોઈપણ માઇનો લાલ ઓનલાઈન ન આપી શકે.

☺ ☺ ☺ ☺ ☺

જમનાબેનઃ વર-તારો શું કહે છે?

ગંગાબેન : મારા વરને જે કહેવું હશે તે કહેશે... એમાં તારે ચાંપલાશ કરવાની જરૂર નથી.

☺ ☺ ☺ ☺ ☺

પ્રેયસી : વહાલા, કાલે મારો જન્મદિવસ છે. તો મને બ્લેક બૅરી કે ઍપ્પલ આપીશ તો હું રાજીરાજી થઈ જઈશ!

પ્રિયતમ : વહાલી, આવી ગરમીમાં બ્લેક બૅરી એ ઍપ્પલથી કાંઈ લાભ ન થાય. ગરમીમાં તો કાકડી ખાવી જ સારી.

☺ ☺ ☺ ☺ ☺

મુંબઈવાસી : તમારે અમદાવાદમાં ગરમીની શું કમાલ છે?

અમદાવાદી : અમારે ત્યાં શાકભાજી વેચનારો સવારે બૂમો પાડતો હોય છે રીંગણ લ્યો... રીંગણ લ્યો... અને બપોરે એ જ લારીવાલો બૂમો પાડે છે ભડથું લ્યો... ભડથું લ્યો...

☺ ☺ ☺ ☺ ☺

રમણ : કેમ કાકા, આમ આવા તડકામાં ઓટલા પર બેઠા બેઠા વાટકામાંથી ચમચી ચમચી દાળ ટેસથી ખાઓ છો?

કાકા : મને પંજાબી દાળ તડકા ખાવાની ખૂબ ઇચ્છા હતી. એટલે અઠવાડિયાથી તારી કાકીને કહેતો હતો દાળ તડકા બનાવ... એટલે કાકીએ આજે વાટકો ભરી દાળ આપી, ને કહ્યું, હવે ઓટલે બેસી દાળ તડકા ખાધા કરો... (તડકામાં દાળ ખાધા કરો...)

☺ ☺ ☺ ☺ ☺

ગ્રાહક : (સિનેમાની ટિકિટબારી ઉપર) ભાઇ મને અડધી ટિકિટ આપો..

ક્લાર્ક : અરે આ ઍડલ્ટ સિનેમા છે અને તું આવો ઢાંઢા જેવો છે તો પછી અડધી ટિકિટ કેમ માંગે છે?


ગ્રાહક : જો ભાઈ, મને ધારી ધારીને જો. હું એક આંખે કાણો છું અને એક કાને બહેરો છું. એટલા માટે અડધી ટિકિટ માથાકુટ કર્યા વગર આપી દે.

☺ ☺ ☺ ☺ ☺

શિક્ષક : વિજય માલ્યાકાંડમાંથી આપણે શું બોધપાઠ લેવો જોઇએ?

શ્રેય : જ્યારે અમીરો પોતાનું દેવું નથી ચૂકવી શકતા ત્યારે તેઓ દેશ છોડીને જતા રહે છે... જવા દેવામાં આવે છે. પણ ગરીબ લોકોને તો અહીં જ દેહ છોડવો પડે છે.

*૮/૨૬, ગંગામણિ ફ્લેટ્સ, વસંતનગર સોસાયટી, ગોપાલચોક, મણિનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮. ફોન : ૨૫૪૬૮૧૬૦*




શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા છેલ્લા ૪૦ વર્ષોથી "મંગલ મંદિર" સામાયિક પ્રકાશિત થાય છે. તેમાં વિવિધલક્ષી વિષયો ઉપરાંત સામાજિક, સાંસ્કૃતિક લેખો દ્વારા શિષ્ટ તેમજ કચ્છી સંસ્કૃતિને ઉજાગર કરતાં લેખોનું પ્રકાશન કરે છે તે અમને ખૂબ જ ગમે છે. 'મંગલ મંદિર' ઉત્તરોત્તર પ્રગતિ કરી રહ્યું છે. એ સંદર્ભે ભુજમાં તા. ૨૨-૫-૨૦૧૬, રવિવારના રોજ કચ્છના લેખકો સાથે 'મોક ગોષ્ઠિ'ના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં અમોને ઉપસ્થિત રહેવા માટે નિમંત્રણ આપના તરફથી મળેલ. તે માટે આપ સર્વેનો આભાર માનીએ છીએ.

આ કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહીને સર્જકોએ જે વિગતવાર ચર્ચા કરી, મૂર્ધન્ય સર્જકો તથા ઉપસ્થિત સર્જકોએ સુજાવ ને સૂચનો રજૂ કર્યા તે અને આપ સર્વે તરફથી જે આવકાર, લાગણી અને હૂંફ આપવામાં આવ્યા તે અમારા માટે યાદગાર બનેલ છે. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા કરવામાં આવેલ આ આયોજન કચ્છીયત, સાહિત્ય સર્જન અને સાંસ્કૃતિક ક્ષેત્રે પ્રભાવશાળી, લાગણીભીનું અને સર્વાશ્લેષી બની રહ્યો. અને અમને એમ થાય છે કે આવા ઉપયોગી આયોજનથી સર્જકોને પણ પ્રોત્સાહન અને હૂંફ સાંપડે છે. આ ફળશ્રુતિ આનંદદાયી છે. આવા પરસ્પરના સ્નેહસેતુ સમાન કાર્યક્રમનું આયોજન કરવા માટે આપ સર્વને, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ તતા સર્વ સહયોગીઓને, સહભાગીઓને ખૂબ ખૂબ ધન્યવાદ. આવનારા સમયમાં પણ આવા ઉપયોગી આયોજન થતા રહેશે એવી અભિલાષા છે. આભાર - આનંદ - ધન્યવાદ સહ સર્વની કુશળ મંગલ કામના.

*બાબુલાલ ગોર - ભુજ, કચ્છ*
*શ્રીમતી નીતાબેન કિશોરભાઈ જોશી - ભુજ, કચ્છ*

★

'મંગલ મંદિર' સાથે હૃદયપૂર્વકની લાગણીથી જોડાયેલા અને 'મંગલ મંદિર' સાથે પોતાના જ્ઞાન - અનુભવ - અભ્યાસ દ્વારા સતત સમાજ માટે પ્રેરણાદાતા રહેલ વયોવૃધ્ધ સ્વજનની ચીર વિદાયની સમાજે - 'મંગલ મંદિર'ના માધ્યમથી શ્રધ્ધાંજલિ આપી. એમના જીવન તેમજ એમના કાર્યક્ષેત્ર વિષે જણાવ્યું અને જતા જતા મૃત્યુ પછી દેહદાન કરી સમગ્ર સમાજને અનુકરણીય દૃષ્ટાંત પૂરું પાડ્યું. પ્રભુ એમના આત્માને ચીર શાંતિ પ્રદાન કરે એ જ અંતરની અભ્યર્થના.

સ્વ. શ્રી શાંતિલાલ વ. શાહે 'મંગલ મંદિર'ને તેમજ સમાજના સર્વેને સાથ સહકાર બદલ બિરદાવ્યા... ઘણી વખત અંત સમયે એવું કશું યાદ આવતું નથી પણ સદા જાગૃત - જ્ઞાનસાધક આત્મા જ આવી રીતે લખી શકે અને બિરદાવી શકે...

સમાજના અન્ય અનુભવી વડીલો પણ આ જ રીતે 'આંજો કાગર'ના માધ્યમે પોતાના જ્ઞાનનો લાભ આપે એ જ અભ્યર્થના.

*ગુલાબચંદ ધારશી રાંભિયા - અમદાવાદ*

★

જય જિનેન્દ્ર સહ જણાવવાનું કે અમો કચ્છ જિલ્લાના માંડવી તાલુકાના ગામ બિદડાના વતની છીએ. અને અમારા પિતાશ્રી શાહ નેમચંદભઆઈને કામકાજ અર્થે અમદાવાદ આવવાનું થતાં તેઓ તા. ૨૧-૩-૨૦૧૬ના રોજ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે રોકાયેલ હતા. આ રોકાણ દરમિયાન તેઓની તબિયત અચાનક ખરાબ થઈ જતાં અવસાન પામેલ. આ સમયે તેમની સાથે મારા માતુશ્રી હાજર હતા અને તેઓ પણ ગભરાઈ ગયેલ. આવી કપરી પરિસ્થિતિમાં શ્રી કચ્ચી જૈન સેવા સમાજ - અમદાવાદના ટ્રસ્ટી ગણ તથા કાર્યકર્તાઓ તેમજ ગીતાબેન રાંભિયા ટ્રસ્ટના ગૌરક્ષક બચુભાઈ રાંભિયા તથા તેમની ટીમ તાત્કાલિક મદદે આવી ગયેલ અને જરૂરી તમામ મદદ અમોને કરેલ છે. તેમજ પપ્પાના પાર્થિવ દેહને વતન સુધી પહોંચાડનારા ગૌરક્ષક બચુભાઇ રાંભિયા તથા તેમની ટીમનો અમો ખૂબ ખૂબ આભાર માનીએ છીએ.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ તથા શ્રી કચ્છી સમાજ - અમદાવાદ તેમજ ગીતાબેન રાંભિયા ટ્રસ્ટના ગૌરક્ષક બચુભાઈ રાંભિયા તથા તેમની ટીમનો અમો ખરા દિલથી આભાર વ્યક્ત કરીએ છીએ અને આવા કપરા સમયમાં અમારી પડખે ઊભા રહ્યા તે બદલ અમો સદા ઋણી રહીશું.

*રીંકલ રમેશ રાજગોર (સ્વર્ગસ્થની સુપુત્રી)*
*મો. ૯૮૭૫૭૫૦૧૫૨*

★

મારા મિત્ર શ્રી કેશુભાઈ દેસાઈ દ્વારા મને 'મંગલ મંદિર'નોર જૂન ૨૦૧૬નો અંક મળ્યો. એમાં મેં આપને મોકલેલ મારો લેખ 'પોપ ફ્રાન્સિસ - માનવતાની મહેંક'ને સરસ રીતે છાપવા બદલ આપનો આભાર માનું છું.

સમગ્ર અંકમાં ઘણા રસપ્રદ લેખો છે. એમાં સૌપ્રથમ મેં પ્રા. સૂર્યકાંત ભટ્ટનો લેખ મારા મિત્ર બાબુલાલ ગોર વિશે 'કચ્છના શબ્દ આરાધક : શ્રી બાબુલાલ ગોર' વાંચ્યો હતો. એની નકલ કરીને મેં બાબુલાલભાઈને મોકલ્યો. એમણે મને જણાવ્યું કે 'મંગલ મંદિર'નો અંક મળતાં પહેલાં મેં મોકલેલા એમના વિશેનો લેખ જોવાનો આનંદ થયો.

હમણાં મોટાભાગના દેશોમાંથી મૃત્યુદંડની સજા રદ થઈ છે. ભારત જેવા કેટલાક દેશોમાં મૃત્યુદંડની સજા હજી અમલમાં મૂકાય છે. કેટલાક દેશોમાં મૃત્યુદંડની સજાનો કાયદો છે છતાં પણ વર્ષોથી કોઈને મૃત્યુદંડ અપાતો નથી. હું માનું છું કે, મૃત્યુદંડની સજા આપણા ભારત દેશમાંથી અને સમગ્ર દુનિયામાંથી પણ રદ થવી જોઈએ.

આ સંદર્ભમાં મેં લખેલો એક મૌલિક લેખ "સજા અંગે પુનર્વિચારણા" આપને 'મંગલ મંદિર'ના અંક માટે મોકલું છું. આપને યોગ્ય લાગે તો એને 'મંગલ મંદિર'ના આગામી અંકમાં છાપવા વિનંતી. આભાર.

*ફાધર વર્ગીસ પૉલ - અમદાવાદ*

# અન્ય સંસ્થાઓના સમાચાર

## ગીતાબેન રાંભિયા સ્મૃતિ અહિંસા ટ્રસ્ટ

સંસ્થા દ્વારા કચ્છથી અમદાવાદ સારવાર અર્થે આવતા દર્દીઓને સારવાર અપાવવામાં મદદરૂપ બનવાનું તેમજ જરૂરિયાતમંદ દર્દીઓને બ્લડ ડોનેટ કરવાનું કાર્ય કરવામાં આવે છે.

સંસ્થાના સંચાલક બચુભાઈ પી. રાંભિયા તથા કાર્યકર્તાઓ દ્વારા ૨૪ કલાક માનવસેવાનું કાર્ય કરવામાં આવે છે. જેમાં છેલ્લા એક વરસ દરમિયાન ૧૪૨૨થી વધુ દર્દીઓને સારવાર અપાવેલ છે તેમજ ૮૧ જેટલી લોહીની બોટલો પણ આપવામાં આવેલ છે. છેલ્લા ૭ વર્ષમાં ૭,૦૦૦થી પણ વધુ દર્દીઓને સારવારમાં મદદરૂપ બનેલ છે. કચ્છ બિદડાના સુરેન્દ્રભાઈ દેઢિયાનું અમદાવાદ ખાતે હાર્ટ ઍટેકથી મૃત્યુ થયેલ ત્યારે સંસ્થાની ટીમ દ્વારા બોડીને તેમના વતન ગામ બિદડા પહોંચાડી દીધેલ હતા.

ગાંધીધામના રહેવાસી ગૌપ્રેમી લબ્ધિકુમાર મોમાયાએ આપણા શ્રી કચ્છી જૈન ભવન - અમદાવાદ ખાતે આત્મહત્યા કરેલ. જેને આપણી સંસ્થાના સંચાલક એન કાર્યકર્તાઓએ જરૂરી તમામ પોલીસ કાર્યવાહી પૂરી કરીને તેમના પાર્થિવ દેહને તેમના વતન ગાંધીધામ પહોંચાડેલ.

કચ્છ ભદ્રેશ્વરના ગોઝારા અકસ્માતમાં એક બહેન જીવિત બચેલ હતા. તેઓને ક.વી.ઓ. - ભુજ દ્વારા વધુ સારવાર અર્થે અમદાવાદ ખાતે મોકલાવેલ. તે દર્દીને પણ સારવાર અપાવી તંદુરસ્ત મુંબઈ મોકલાવેલ હતા.

કચ્છથી મુંબઈ સયાજીનગરી એક્સપ્રેસમાં મુસાફરી કરતાં દામજીભાઈ સાવલાનું વિરમગામ નજીક ચાલુ ટ્રેનમાં હાર્ટ ઍટેકથી મૃત્યુ થતાં સંસ્થાના સંચાલક બચુભાઈ રાંભિયા તથા ટીમ અમદાવાદ રેલવે સ્ટેશને પહોંચી, તેઓની બોડીને તરત જ એમ્બ્યુલન્સ મારફતે મુંબઈ પહોંચાડી દીધેલ હતી.

સંસ્થાના આ માનવસેવાના કાર્યોમાં શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ટ્રસ્ટીઓ, કારોબારી સભ્યો તથા ક.વી.ઓ. ભુજના માનનિય શ્રી તારાચંદભાઈ છેડા તેમજ અન્ય વ્યક્તિઓએ પણ ખૂબ જ સાથ સહકાર આપેલ છે. આ તમામનો અમો ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરીએ છીએ.

અમારી સંસ્થાના કાર્યોમાં સંસ્થાના પ્રમુખ શ્રી હીરજીભાઈ પી. શાહ, દિનેશભાઈ વકીલ, ગૌરક્ષક બચુભાઈ પી. રાંભિયા તથા મનસુખભાઈ પટેલ તથા કાર્યકર્તાઓ પંકજ પારેખ, બિપીનભાઈ સોલંકી, શિવુભા જાડેજા, વેલજીભાઈ દરજી વગેરે દિવસ-રાત માનવસેવાના કાર્યો નિરંતર કરતા રહે છે.

***નોંધ :*** અમદાવાદ રેલવે સ્ટેશન ઉપર છેલ્લા ૧૨ મહિનામાં કચ્છથી મુંબઈ અને મુંબઈથી કચ્છ જતાં આશરે ૧૪થી વધુ પેસેન્જરોને ડૉક્ટરની ટીમ દ્વારા સારવાર અપાવેલ છે.

## કેન્સર એટલે કેન્સલ એ વાત ભૂતકાળ બની

**સમયસરની સારવારથી રોગ મટી શકે**

**જનકલ્યાણ મેડિકલ સોસાયટી તથા પાટીદાર બે દિવસનો કેન્સર નિદાન સારવાર શિબિર**

જનકલ્યાણ મેડિકલ સોસાયટી - માંડવી તથા પાટીદાર સર્વોદય ટ્રસ્ટ - માંડવી કચ્છના સંયુક્ત બે દિવસીય સ્ત્રીરોગના સ્તન તથા ગર્ભાશયના મુખના કેન્સર અંગે શિક્ષણ, સંશોધન તેમજ નિદાન તેમજ હ્યુમન પેપીલોમાં વાઈરસ વેક્સિન મધ્યે સાર્વજનિક નિઃશુલ્ક ફ્રી ચેક-અપ કેમ્પ યોજાયેલ.

પ્રખ્યાત સ્ત્રીરોગ નિષ્ણાત ડૉ. જ્યોતિબેન શાહે 'સ્ત્રી કેન્સર' વિશે મલ્ટીમીડિયા દ્વારા સ્ત્રીઓને થતા જુદા જુદા કેન્સર અંગે માહિતી આપતા પહેલાં 'કેન્સર એટલે કેન્સલ નહીં'થી શરૂઆત કરી સ્ત્રીઓને ભયમુક્ત રહેવાની સાથે પોતા માટે સાવચેત રહેવા જણાવેલ. ૨૮ જાતના કેન્સર છે. હાલમાં એક સંશોધન મુજબ વર્ષમાં ૧૦ લાખ લોકો કેન્સરની બિમારીનો ભોગ બને છે. તેમાંથી ૫૦ ટકા લોકો મૃત્યુ પામે છે. સ્તન કેન્સર, ગર્ભાશયના મુખનું કેન્સર, હૃદયરોગનું અંડાશયનું કેન્સર વગેરે ૧૭ જેટલા કેન્સરના રોગ વિશે વિસ્તારથી સમજાવેલ તેમજ કેન્સરની સારવાર મોંઘી હોઈ ભારત સરકારે હાલમાં અમુક સારવાર એવી મેગ્નીઝ્યુલાઈઝર સારવારની શોધ કરેલ છે, જે રૂા. ૧૦ હજારમાં થઈ શકે. વહેલું નિદાન કરાવાય અને ઝીરો સ્ટેજ હોય તો સો ટકા નિવારી શકાય. બીજા સ્ટેજમાં ૯૦ ટકા જ્યારે ત્રીજા અને ચોથા સ્ટેજમાં ૫ ટકા સફળતા મળે છે.

કેમ્પના કન્વીનર ડૉ. કાંતિલાલભાઈ રામજિયાણી તથા શાંતિલાલ પેથાભાઈ ચૌધરીએ કેમ્પની જાગૃતિ માટે જનકલ્યાણ મેડિકલ સોસાયટીના હોદ્દેદારો, સ્ટાફ તેમજ સહયોગીઓનો આભાર વ્યક્ત કરેલ. કેમ્પ નિમિત્તે પાટીદાર સર્વોદય ટ્રસ્ટ - માંડવી, કચ્છ જનકલ્યાણ મેડિકલ સોસાયટીનું માતબર રકમનો ચેક ટ્રસ્ટી મેઘજીભાઈ રામજિયાણી તથા શાંતિભાઈ પટેલે કિરણભાઈ સંઘવીને આપેલ. હાલે કચ્છી મુંબઈ જૈન સમાજના અગ્રણી ભારતીબેન ભોગીલાલ ફોફળિયાએ રૂા. ૨,૫૧,૦૦૦/- જનકલ્યાણ મેડિકલ સોસાયટીને આપેલ. જેમાં ૧ લાખ રૂપિયા ૧૦૦ વખતના ડાયાલિસિસ માટે તથા રૂા. ૧,૫૧,૦૦૦/- ડૉક્ટર રૂમના ફર્નિચર માટે આપેલ.

કેમ્પમાં માંડવી, મેરાઉ, વડવા, પદમપુર, ભેરૈયા, મમાયમોરા વગેરે ગામેગામથી સ્ત્રીઓ કોઈપણ નાતજાતના ભેદભાવ વગર આવેલ. કુલ ૧૭૮ દર્દીઓની તપાસમાં ૧૨ ગર્ભાશયના કેન્સર, ૪ મસાની તકલીફના તથા ૩ સ્તન કેન્સરની તકલીફ શરૂઆતની સ્ત્રીઓના નિદાન થવાથી ૧૯ સ્ત્રીઓને કેન્સર થતું બચાવી શકવામાં સફળતા પ્રાપ્ત થયાનું કિરણભાઈએ જણાવેલ.

## ભારતીય સેવા મંડળ - ભુજના હોદ્દેદારોની વરણી

શ્રી ભારતીય સેવા મંડળ - ભુજની સામાન્ય સભા મળેલ. જેમાં બે વર્ષ માટે પ્રમુખ : રશ્મિકાંત બી. પંડ્યા, ઉપપ્રમુખ : પ્રજ્ઞેશ એમ. છાયા, મંત્રી : જિતેશ આર. મણિઆર, ખજાનચી : જિજ્ઞા જે. મણિઆર ટ્રસ્ટી મંડળમાં નિયુક્ત થયેલ. જ્યારે કારોબારી સભ્યો તરીકે પ્રતાપભાઈ જોશી, મૂળજીભાઈ ઠક્કર, વેલજીભાઈ મચ્છર, એ.કે. શેખ, હીરાલાલ ધાંધા, હંસાબેન મુન્શી, આનંદ રાયસોની, અનિલ ગાંધી, કિશનભાઈ રૂપારેલ, લક્ષ્મીબેન રાઠી, રમિલાબેન મહેતા, પ્રતાપભાઈ રૂપારેલ તેમજ સલાહકાર તરીકે જયસુખભાઈ મુન્શી, કરશનદાસ જેઠી, અરવિંદભાઈ રાવલ, હમીદાબેન આરબ ની નિયુક્તિ કરવામાં આવેલ.

## ભાવનગર ડિસ્ટ્રીક્ટ ચેમ્બર ઑફ કોમર્સ

મૂળ કચ્છ નલિયાના વતની અને છેલ્લી બે પેઢીથી ભાવનગર સ્થાયી થયેલ શ્રી મહેન્દ્રભાઈની ભાવનગર ડિસ્ટ્રીક્ટ ચેમ્બર ઑફ ઈન્ડસ્ટ્રીઝમાં આગામી બે વર્ષ (૨૦૧૬-૧૭, ૨૦૧૭-૧૮) ચેરમેન પદે વરણી થયેલ છે. શ્રી મહેન્દ્રભાઈ ઘણા વર્ષોથી આ સંસ્થા સાથે સંકળાયેલા છે અને ભાવનગર કચ્છ સમાજના સ્થાપક પ્રમુખ હોવા ઉપરાંત અન્ય ઘણીબધી સંસ્થાઓ સાથે સક્રિય રીતે જોડાયેલા છે.

શ્રી મહેન્દ્રભાઈના લઘુબંધુ શ્રી જિતેન્દ્રભાઈ લાપસિયા, જિલ્લાના આગેવાન ઉદ્યોગપતિ છે અને આ સંસ્થા સાથે લાંબા સમયથી જોડાયેલા છે અને ચેમ્બરમાં વિવિધ હોદ્દાઓ ઉપર તેમણે સેવાઓ આપી છે અને આગામી બે વર્ષ માટે (૨૦૧૬-૧૭, ૨૦૧૭-૧૮) માટે શ્રી જિતેન્દ્રભાઈની ઉપપ્રમુખ તરીકે વરણી કરવામાં આવી છે. ■

## જૈનોને ઘરે બેઠા લઘુમતીના લાભ મળશે ચારેય ફિરકાએ ટ્રસ્ટ સ્થાપ્યું

*રાજ્ય સરકાર દ્વારા જૈન સમાજને મળેલા લઘુમતીના દરજ્જા બાદ સમાજના તમામ લોકો તેનો લાભ લઈ શકે તે હેતુથી માઈનોરિટી ડેવલપમેન્ટ ટ્રસ્ટ “સાથ સાથ”ની સ્થાપના કરવામાં આવી છે. આ ટ્રસ્ટ દ્વારા તાજેતરમાં તા. ૨૫-૬-૨૦૧૬ને શનિવારના રોજ જી.એમ.ડી.સી. કન્વેન્શન સેન્ટર ખાતે તમામ લઘુમતીને લગતી માહિતી આપવા એક કાર્યક્રમ યોજાયો હતો. તેમાં અધિક સચિવ કે.જી. વણજારા, અલ્પ સંખ્યક નાણા નિગમના ડાયરેક્ટર ડૉ. પરસોત્તમ હરવાણી સહિતના અધિકારીઓએ ઉપસ્થિત રહીને લોકોને લઘુમતી સમાજને મળતા લાભો અંગે એક પ્રેઝન્ટેશન આપ્યું હતું. “સાથ સાથ” સંસ્થા દ્વારા તમામ જૈનોને ઘરે બેઠા લઘુમતીનો લાભ મળે તે માટે દરેક સંઘમાં ૨ સભ્યોની નિમણૂક કરાવવામાં આવશે.*

*જૈન સમાજને મળેલા લઘુમતી દરજ્જાથી શૈક્ષણિક, ધંધાકીય અને સામાજિક મદદ સરકાર તરફથી મળશે. અધિક સચિવ કે.જી. વણજારાએ જણાવ્યું હતું કે, જૈન સમાજ એશિયાટિક લાયન જેવો છે, જે ખૂબ ઓછી સંખ્યામાં છે પરંતુ સમગ્ર વિશ્વમાં તેમનું પ્રભુત્વ છે. તેમને લગભગ ૪૦થી વધુ યોજનાઓના લાભ મળવાના છે. તેમાં સૌથી મહત્ત્વની વાત એમ છે કે, તેમના દ્વારા ચાલતી સંસ્થાઓમાં સરકારનો હસ્તક્ષેપ નહીં રહે. તેઓ સ્વાયત્ત રીતે તેમનો વહીવટ કરી શકશે.*

*સૌજન્ય : “દિવ્ય ભાસ્કર”*

## • વાંચન અભિયાન •

## પુસ્તક લાઈબ્રેરીનો અચૂક લાભ લેશો

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત શ્રી કચ્છી જૈન ભવન - પાલડી સ્થિત પુસ્તક લાઈબ્રેરીમાં હાલે ૭૦૦થી વધુ નવાં પુસ્તકોનો ઉમેરો કરતાં પુસ્તકોની કુલ્લ સંખ્યા ૨૫૬૦ જેવી થઈ છે અને તે કારણે પુસ્તક વાંચન કરનાર ગ્રાહકોની સંખ્યામાં પણ વધારો થતાં હાલે ૨૬૦ વ્યક્તિઓ તેનો નિયમિત રીતે લાભ લઈ રહ્યા છે. આપશ્રી આ વાંચન - અભિયાનમાં જોડાવ તેવો ખાસ આગ્રહ છે. અન્ય વિગત માટે લાઈબ્રેરિયનનો ફોન નંબર : (૦૭૯) ૨૬૫૭ ૮૮૯૨ અને ૨૬૫૮ ૧૫૦૧ પર સંપર્ક કરશો.

★ કુલ ૨૫૬૦માંથી બાળ વિભાગના પુસ્તકો સાથે અંગ્રેજી ભાષાના પુસ્તકો .......... ૧૬૦

★ બાળ વિભાગના ગુજરાતી પુસ્તકો .......... ૧૫૦

★ અન્ય ગુજરાતી વિવિધ પ્રકારના પુસ્તકો .......... ૨૨૫૦

*આ સિવાય, સંખ્યાબંધ મેગેઝિન અને વર્તમાનપત્રો સાથે ઉપરના જ સ્થળે વાંચનાલયની સગવડ છે જેનો પણ કોઈપણ વ્યક્તિ લાભ લઈ શકે છે.*

# જાણવા જેવું

*સંકલન : રજનીકાંત પારેખ (મો. ૯૮૯૮૦ ૫૩૫૨૧)*

આ અંક આપના હાથમાં આવશે તે પહેલાં આ વરસની રથયાત્રાનાં આપ દર્શન કરી ચૂક્યા હશો.

અમદાવાદમાં નીકળતી રથયાત્રા વિષે તો મોટાભાગના વાંચકો પરિચિત છે એટલે આપની સમક્ષ આજ દિવસે ભગવાન જગન્નાથની યાત્રાને ભારતભરના લોકો નિહાળે છે એ પુરીના જગન્નાથ મંદિરની કેટલીક અજાયબીઓ રજૂ કરું છું. આપ પણ ક્યારેક પુરીની મુલાકાત લો તો આ આઠ અજાયબીનું જરૂરથી અવલોકન કરશો.

૧. મંદિરની ઉપરની ધજા હંમેશાં પવનથી વિરુદ્ધ દિશામાં ફરકે છે.

૨. મંદિર ઉપર લગાડવામાં આવેલું સુદર્શન ચક્ર 'પુરી' શહેરની કોઈ પણ જગ્યાએથી જોશો તો તે સુદર્શન ચક્ર તમારી સામે જ તમને દેખાશે.

૩. સામાન્ય રીતે દિવસના સમયે હવાની લહેર સમુદ્રથી જમીન તરફ આવે છે અને રાત્રે તેનાથી ઊલટું થાય છે. પરંતુ પુરીમાં આનું ઊંધું થાય છે.

૪. મંદિર ઉપરથી પક્ષી કે વિમાન ઊડતું જોવા નહીં મળે.

૫. મુખ્ય ઘુમ્મટનો પડછાયો દિવસના કોઈ પણ સમયે દેખાતો નથી.

૬. પ્રસાદ (ભોજન) આપવા માટે પૂરા વરસ માટે જે કોઈ ખાદ્ય પદાર્થ આવે છે તેમાંથી એક પણ કણનો બગાડ થતો નથી. ભલે હજાર લોકો આવે કે વીસ લાખ. લોકો ખાઈ શકે છે.

૭. મંદિરમાં રસોઈ (પ્રસાદ) બનાવવા માટે સાત વાસણોને એક ઉપર બીજાં એમ રાખવામાં આવે છે. અને ત્યારબાદ લાકડા સળગાવીને રાંધવામાં આવે છે. આ રીતે રાંધતાં અચરજ પમાડે તેવી વાત એ છે કે સૌથી ઉપરના વાસણમાં પહેલાં રસોઈ રંધાઈ જાય છે અને સૌથી નીચેના વાસણમાં સૌથી છેલ્લે.

૮. મંદિરના ગર્ભગૃહમાં પગ મૂકતાં જ સમુદ્રના અવાજ સંભળાતા બંધ થઈ જાય છે. પણ જેવું મંદિરની બહાર પગ મૂકીએ કે તરત જ સ્પષ્ટ અવાજ સંભળાય છે.

૯. મંદિરનું રસોડું દુનિયાનું સૌથી મોટું રસોડું છે.

૧૦. દરરોજ ઊંધા ચડીને માણસ ધજાને બદલાવે છે.

૧૧. મંદિરનું ક્ષેત્રફળ ચાર લાખ વર્ગ ફૂટ છે મંદિરની ઊંચાઈ બસો ચૌદ (૨૧૪) ફૂટ છે.

૧૨. મંદિરમાં જગન્નાથને પ્રસાદ ચડાવવા માટે બનાવવામાં આવતો પ્રસાદ પાંચસો રસોઈયા દ્વારા બનાવવામાં આવે છે અને ત્રણસો સહયોગીઓ તેમને સાથ આપે છે.

**જય જગન્નાથ જય જય જગન્નાથ**

## રેલવેના નવા નિયમો

૧લી જુલાઈ, ૨૦૧૬ થી રેલવેએ નિયમોમાં ફેરફાર કરેલ છે. આપની જાણ માટે અહીં આપેલ છે.

૧. વેઈટિંગ લિસ્ટની ઝંઝટ પૂરી થઈ જશે. 'સુવિધા ટ્રેન' માં તમને 'કન્ફર્મ ટિકિટ' આપવામાં આવશે.

૨. અત્યાર સુધી 'તત્કાલ ટિકિટ' કેન્સલ કરાવો તો એક પણ પૈસો પાછો મળતો ન હતો પણ હવેથી તત્કાલ ટિકિટના કેન્સલેશન પર પચાસ ટકા રિફંડ મળશે.

૩. હવેથી તત્કાલ ટિકિટ નીચેના સમયે રિઝર્વેશન કરી શકાશે.
A.C. કોચ માટે સવારે ૧૦ થી ૧૧ વાગ્યા સુધી જ્યારે સ્લીપર કોચ માટે સવારે ૧૧ થી ૧૨ વાગ્યા સુધી બુકિંગ કરાશે.

૪. શતાબ્દી અને રાજધાની ટ્રેનમાં હવે 'પેપરલેસ ટિકિટ' ની સુવિધા શરૂ કરવામાં આવશે એટલે કે ઉપર્યુક્ત ટ્રેનમાં હવે 'પેપર ટિકિટ' મળશે નહીં પરંતુ તમારા મોબાઈલ ઉપર આ ટિકિટ મોકલવામાં આવશે.

૫. અત્યારે રેલવે ટિકિટ હિંદી અને અંગ્રેજીમાં આપવામાં આવે છે. થોડા જ સમયમાં અલગ અલગ ભાષામાં છાપેલી ટિકિટ મળતી થશે.

૬. જ્યારે વેકેશન અને લગ્નગાળાની મોસમમાં ટિકિટની મારામારી હોય છે. આવા વખતે ૧લી જુલાઈથી શતાબ્દી અને રાજધાનીમાં ટ્રેનના કોચની સંખ્યા વધારવામાં આવશે.

૭. ભીડભાડવાળા દિવસોમાં સારી સુવિધા ઉપલબ્ધ કરાવવા માટે વૈકલ્પિક રેલગાડી સમાયોજના પ્રણાલીથી 'સુવિધા ટ્રેન' શરૂ કરવામાં આવશે અને મહત્વપૂર્ણ ટ્રેનની ડુપ્લિકેટ ગાડી ચલાવવાની યોજના છે.

૮. રેલ મંત્રાલય ૧લી જુલાઈથી રાજધાની, શતાબ્દી, દૂરંતો, અને મેલ એક્સપ્રેસ ગાડી જેવી સુવિધા ટ્રેન ચલાવશે.

૯. પ્રિમિયમ ટ્રેન ૧લી જુલાઈથી સંપૂર્ણપણે બંધ કરવામાં આવશે.

૧૦. સુવિધા ટ્રેનમાં ટિકિટ રીર્ટન કરાવતાં પચાસ ટકા કેન્સલેશન ચાર્જ થશે. આ ઉપરાંત ટુ ટાયર એસીમાં ૧૦૦ રૂા. અને થ્રી ટાયર એસીમાં કેન્સલેશન ચાર્જ ૯૦ રૂા. તેમજ સ્લીપર ક્લાસમાં ૬૦ રૂા. ચાર્જ થશે.

રાત્રે ટ્રેનમાં મુસાફરી કરતા લોકો માટે ખાસ સુવિધા. હવે નિરાંતે સૂઈ જાવ કેમ કે તમારા ઊતરવાના સ્ટેશને તમને જગાડી દેવામાં આવશે.

આ સુવિધાને 'ડેસ્ટીનેશન ઍલર્ટ' નામ આપવામાં આવેલ છે.

આ સુવિધા એક્ટિવેટ કરાવવાથી રેલવે સ્ટેશન આવવાના પહેલાં મોબાઈલ પર એલાર્મ ઘંટડી વાગશે.


આ સુવિધા મેળવવા માટે 'ઍલર્ટ' ટાઈપ કર્યા પછી PNR નંબર ટાઈપ કરીને ૧૩૯ પર મોકલવાની રહેશે.

૧૩૯ પર ફોન કર્યા પછી ભાષાની જાણકારી માટે '૭' નંબર ડાયલ કરવાનો રહેશે. તે નંબર પર PNR નંબર ડાયલ કરવાથી આ સુવિધા એક્ટિવેટ થઈ જશે.

સુવિધા એક્ટિવેટ થયા પછી સ્ટેશન આવતાં પહેલાં મોબાઈલની ઘંટડી વગાડવામાં આવશે અને તમે ફોન રિસીવ નહીં કરો ત્યાં સુધી ઘંટડી વાગતી જ રહેશે. ફોન રિસીવ કરતાં જ તમને જણાવવામાં આવશે કે તમારું સ્ટેશન આવી રહ્યું છે.

## NanoNine™ શબ્દ રમત-૧૧૮

*સંકલન : રજનીકાંત પારેખ*



શબ્દ રમત ભરનારનું નામ : ____________________

સરનામું : ____________________

____________________ ફોન/મો. ____________________

*આપશ્રીના જવાબો શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મોકલવા વિનંતી. (શબ્દ રમતનો જવાબ મોકલવાની અંતિમ તારીખ : ૩૧-૭-૨૦૧૬)*

### આડી ચાવીઓ

૧. ગુજરાતનું સૌથી મોટું શહેર (૫)
૩. ચર્ચા, શાસ્ત્રાર્થ, ચડસાચડસી (૨)
૪. તરફેણ કરતું, પક્ષવાળું (૫)
૭. સરોવર (૨)
૮. ____ ભલા તો હોગા ભલા (૨)
૯. પૂર (૨)
૧૧. ____ એ વગોવ્યા મોટા ખોરડા (૨)
૧૨. પ્રશ્નોત્તર (૬)
૧૫. ગાયનમાં લેવાતા આલાપ (૨)
૧૭. દૂધની મલાઈ (૨)
૧૮. મક્કાની જાત્રા (૨)
૧૯. મોકલેલું, વિદાય કરેલું (૩)
૨૦. જંગલ (૨)
૨૨. ચાલવાની પધ્ધતિ, રીવાજ (૨)
૨૪. ____ કચરા પેટીમાં નાખો (૩)
૨૬. પ્રત્યક્ષ, આંખ સામે (૬)
૨૯. કૈલાસ શિખર પાસેનું પ્રસિધ્ધ સરોવર (૬)
૩૨. એક માદક પદાર્થ (૩)
૩૩. ____ દાળના વડા (૨)
૩૪. માસ (૨)
૩૬. ____ કોણે દીઠી છે? (૨)
૩૭. વાર્તા રે વાર્તા, ભાભો ____ ચારતા (૨)
૩૯. બાળ ભાષામાં ઝભલું (૨)
૪૨. મછલી ____ કી રાની હૈ,
જીવન ઉસકા પાની હૈ (૨)
૪૩. ખબરઅંતર, પત્તો (૬)
૪૬. ઉંમર, વય (૨)
૪૭. ઇટાલીનું જાણીતું શહેર, રુવાંટું (૨)
૪૮. વર્ણ, રંગ (૨)
૪૯. ____ કરે સો આજ કર,
આજ કરે સો અબ (૨)
૫૧. માથાફોડ (૫)
૫૨. એક જ મૂળ વતનવાળું (૫)

### ઊભી ચાવીઓ

૧. આ રાત્રે આકાશમાં ચાંદો ન દેખાય (૪)
૨. પૈસો મારો પરમેશ્વર, ને હું પૈસાનો ____ (૨)
૩. મરનારની મિલ્કતનો હક્કદાર (૩)
૪. ગાવાની ઢબ, તર્જ (૩)
૫. ધોખો, દગો (૩)
૬. ____ રોટી ખાઓ, પ્રભુ કે ગુણ ગાઓ (૨)
૮. પંખીઓનો મધુર અવાજ (૪)
૧૦. ____ ખાય સૈંયા હમારા (૨)
૧૩. વા ____ લઈ જાય (૨)
૧૪. ____ તેવું લણે (૨)
૧૫. મુગટ (૨)
૧૬. એક સવારથી બીજી સવાર થાય ત્યાં સુધી (૬)
૧૮. હાલવું ચાલવું તે (૬)
૧૯. રચવું, બનાવવું તે (૩)
૨૧. ખ્રિસ્તી સાધ્વી (૨)
૨૨. પશુ પંખીનો ખોરાક, ઈલાજ, ઉપાય (૨)
૨૩. બાર મહિનાનો સમય (૩)
૨૪. મુંબઈની ____ મુંબઈમાં સમાણી (૩)
૨૫. શરીર તો ____થી ધગી રહ્યું છે (૨)
૨૭. મનુષ્ય, માણસ (૨)
૨૮. પૈસો, નાણું, સોનું, કસબ (૨)
૩૦. ____, કપડા ઔર મકાન (૨)
૩૧. સુંદર સ્ત્રી (૨)
૩૫. હવાના દબાણની સ્થિતિનું માપ (૪)
૩૭. ઢમ ઢમ ____ વાગે (૨)
૩૮. ધરતીનો છેડો ____ (૨)
૪૦. વાણી, બોલી (૨)
૪૧. ટ્રેનમાં, બસમાં અને જાહેર સ્થાને
____ કરવાની મનાઈ છે (૪)
૪૨. ચોકઠું, પૈસા ભેગા કરો (૨)
૪૩. અક્કલ, જ્ઞાન (૩)
૪૪. સવાર થવું તે (૩)
૪૫. ચીજ, સંખ્યા (૩)
૪૭. ____ આવે ઘોડા વેગે, જાય કીડી વેગે (૨)
૫૦. રામનો પુત્ર (૨)

---

*આપણો જીવન મહેલ ચાર પાયા પર ઊભો છે – વિચાર, વિકાસ, વિશ્વાસ અને વાત્સલ્ય.*

---

*સંભળાવી દેવાની આદત સંકલેશ જન્માવે છે, સાંભળી લેવાની આદત સમતા જન્માવે છે.*

---

*જેના વિચાર, ઉચ્ચાર અને આચાર સુંદર, તે સાચો ધર્મી છે.*

## NanoNine™ શબ્દ રમત-૧૧૭નો ઉકેલ

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ■ | પ | ર | વા | ના | ■ | ક | ત | લ | ખા | નું | ■ |
| ઓ | ■ | સ | ર | ગ | મ | ■ | ■ | સ | ત | ■ | અ |
| જ | પ | ■ | ■ | ક | જા | ■ | મા | ણ | ■ | ક | વ |
| સ | ■ | આ | મ | ન્યા | ■ | રૂ | ખ | ■ | પ | હો | ર |
| ■ | ખં | ડ | ન | ■ | ક્ષ | મા | ■ | ભ | ગ | ■ | જ |
| ભ | ■ | ત | પ | ન | ■ | લ | કી | ર | ■ | દા | વ |
| જ | મ | ■ | સં | ગ | મ | ■ | ર | ત | ■ | ■ | ર |
| રં | ■ | ના | દ | ■ | રો | જ | ■ | ર | ક્ષ | ક | ■ |
| ગ | ર | જ | ■ | વા | ડ | ■ | મા | ફ | ■ | લ | ખ |
| ભ | દ | ■ | પા | લ | ■ | લ | તા | ■ | ■ | ન | ત |
| લી | ■ | ના | વ | ■ | ■ | પ | મ | રા | ટ | ■ | મ |
| ■ | વ | ચ | ન | ભં | ગ | ■ | હ | ડ | ક | વા | ■ |

*માસ મે-૨૦૧૬ના અંકમાં છપાયેલ નેનો શબ્દ રમત-૧૧૬ના બધા સાચા ઉકેલ મોકલાવનારના નામ*

૧. સરલા શાહ - અમદાવાદ
૨. જયસુખ સંઘવી - અમદાવાદ
૩. અરવિંદ ભટ્ટ - અમદાવાદ
૪. રંજન શાહ - અમદાવાદ
૫. ઝરણા પારેખ - અમદાવાદ
૬. વર્ષા પારેખ - અમદાવાદ
૭. સ્મિતા શાહ - અમદાવાદ
૮. ચંદ્રા શાહ - અમદાવાદ
૯. સરોજ શાહ - અમદાવાદ
૧૦. ભાનુબેન શાહ - અમદાવાદ
૧૧. સંજય શાહ - અમદાવાદ
૧૨. વિનોદ મહેતા - અમદાવાદ
૧૩. હર્ષ પરીખ - અમદાવાદ
૧૪. નેહા પારેખ - અમદાવાદ
૧૫. ધર્મિષ્ઠા શાહ - અમદાવાદ
૧૬. કુસુમ ત્રેવાડિયા - અમદાવાદ
૧૭. ધ્રુવી મહેતા - અમદાવાદ
૧૮. વેલબાઈ લાલકા - મુંબઈ
૧૯. પ્રભાબેન શેઠિયા - વલસાડ
૨૦. હસમુખ દેઢિયા - અડાલજ
૨૧. મણિલાલ સંગોઈ - અડાલજ
૨૨. નેમજી ગંગર - અડાલજ
૨૩. સરોજ ચંદુરા - સુરત

*ઉપર્યુક્ત સાચા જવાબ મોકલનારાઓમાંથી લક્કી ડ્રો કરતાં, ત્રણ વિજેતાઓનાં નામ નીચે પ્રમાણે છે. તેઓએ પોતાના ઈનામો સમાજના પાલડી ખાતેના કાર્યાલયમાંથી મોબાઈલ નંબર : ૯૮૯૮૦ ૫૩૫૨૧ પર જાણ કરી મેળવી લેવા વિનંતી છે.*

૧. રંજન દિનેશચંદ્ર શાહ - અમદાવાદ
૨. નેમજી ઉમરશી ગંગર - અડાલજ
૩. ધ્રુવી મહેતા - અમદાવાદ

## NanoNine™ *Sudoku*

***શરતો*** *: (૧) ૧થી ૯ના આંકડા ઊભી-આડી લાઈનમાં ફક્ત એક જ વખત હોવા જોઈએ. (૨) ૧થી ૯ના આંકડા 3 X 3ના ચોકઠામાં પણ એક જ વખત હોવા જોઈએ.*

*મે-૨૦૧૬ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૦૭૩ના બધા સાચા ઉકેલ મોકલનારના નામ*

૧. નેહા પારેખ - અમદાવાદ
૨. જયસુખ સંઘવી - અમદાવાદ
૩. આરતી મૈશેરી - અમદાવાદ
૪. વિનોદ મહેતા - અમદાવાદ
૫. હર્ષ પરીખ - અમદાવાદ
૬. અવંતી દંડ - અમદાવાદ
૭. અરવિંદ ભટ્ટ - અમદાવાદ
૮. નીના ગોરજી - અમદાવાદ
૯. અનુબેન મહેતા - અમદાવાદ
૧૦. બિંદુ શાહ - અમદાવાદ
૧૧. સરોજ શાહ - અમદાવાદ
૧૨. ઝરણા પારેખ - અમદાવાદ
૧૩. શાંતિલાલ શાહ - અમદાવાદ
૧૪. કુણાલ ત્રેવાડિયા - અમદાવાદ
૧૫. ધર્મિષ્ઠા શાહ - અમદાવાદ
૧૬. સંજય શાહ - અમદાવાદ
૧૭. દિનેશ વોરા - અમદાવાદ
૧૮. હેમલતા દેઢિયા - અડાલજ
૧૯. પ્રભાબેન સંગોઈ - અડાલજ
૨૦. હેમલતા ગંગર - અડાલજ
૨૧. જીનલ લાલકા - મુંબઈ
૨૨. પ્રભાબેન શેઠિયા - વલસાડ
૨૩. ધારા ગડા - અંકલેશ્વર
૨૪. હર્ષ પારેખ - સિકંદ્રાબાદ
૨૫. ગુણવંતી મહેતા - ગાંધીધામ
૨૬. નેહલ મહેતા - ગાંધીધામ
૨૭. સંકેત મહેતા - ભુજ
૨૮. સરોજ ચંદુરા - સુરત
૨૯. સોનલ શાહ - નાગપુર

### ૧ ભૂલવાળા જવાબો

૩૦. એન. એચ. શાહ - નાગપુર
૩૧. રૂષિકા મહેતા - અમદાવાદ
૩૨. ઉષ્મા શાહ - અમદાવાદ
૩૩. સ્મિતા શાહ - અમદાવાદ
૩૪. ચંદ્રા શાહ - અમદાવાદ

*ઉપર્યુક્ત સાચા જવાબ મોકલનારાઓમાંથી લક્કી ડ્રો અનુસાર ત્રણ વિજેતાઓ નીચે પ્રમાણે છે. તેઓએ પોતાના ઈનામો પાલડી ભવન ખાતેના કાર્યાલયમાંથી મોબાઈલ નંબર : ૯૮૯૮૦ ૫૩૫૨૧ ફોન પર જાણ કરી મેળવી લેવા વિનંતી.*

**વિજેતાઓ :**

૧. બિંદુ હિતેશ શાહ - અમદાવાદ
૨. નેહલ નિકુંજ મહેતા - ગાંધીધામ
૩. નેહા પારેખ - અમદાવાદ

*આપત્તિની ફૂટપટ્ટી વડે જ મિત્રોની વફાદારી અને સંબંધીઓનો સહકાર મપાય છે.*

*હોય – હશે – ફાવશે એવું જે રાખશે તે સદા સુખી થશે.*

## NanoNine™ Sudoku

મે-૨૦૧૬ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૦૭૩ના ઉકેલ મોકલનાર તથા વિજેતાઓના નામ માટે જુઓ
પાના નંબર - ૧૩૪

## સમર્પણ ભાવ

સત્તા માટેની કોઈ પણ ખેંચતાણ ન હોવી જોઈએ, શક્તિ માટે અહંકાર કે મહત્વાકાંક્ષા ન હોવાં જોઈએ. કોઈ શક્તિ અથવા શક્તિઓ પ્રાપ્ત થાય તો તેમને પોતાની ન ગણવી, પરંતુ પરમાત્માના હેતુ માટે મળેલી, પરમાત્માની બક્ષિસ તરીકે ગણવી જોઈએ. ખાસ સંભાળ રાખવી કે જે શક્તિઓ પ્રાપ્ત થઈ હોય તેમનો મહાત્વાકાંક્ષા, કુસ્વાર્થ માટે દુરુપયોગ ન થાય. તેમાં ગર્વ કે મિથ્યાભિમાન ન હોવા જોઈએ. પોતે બીજાથી ચઢિયાતો છે એવી ભાવના ન રાખવી. પોતે ફક્ત પ્રકૃતિનું એક સરળ અને શુદ્ધ ચૈતસિક કારણ છે જે કોઈ પણ રીતે પરમાત્માની સેવા માટે જ યોગ્યતા ધરાવે છે, એવી ભાવના રાખવી.

*શ્રી અરવિંદ*

*સંપાદક : રમેશભાઈ વી. દવે*

*'આગ લાગશે ત્યારે કૂવો ખોદીશું' એ માનવું જેટલું ભૂલભરેલું છે, એનાથી વધુ 'ઘડપણમાં ગોવિંદ ગાશું' એમ કહેવું ભૂલભરેલું છે.*

## NanoNine™ Sudoku

રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)

સુડોકુ ક્રમાંક-૧૦૭૫ અત્રે રજૂ કરવામાં આવેલ છે. તેના ચારે ભાગ ભરીને 'મંગલ મંદિર' કાર્યાલય પર તા. ૩૧-૭-૨૦૧૬ સુધીમાં મોકલી આપવા વિનંતી. તદ્દન ખરા જવાબો મોકલનારનાં નામ સપ્ટેમ્બર-૨૦૧૬ના અંકમાં પ્રસારિત કરવામાં આવશે.

સુડોકુ ભરનારનું નામ : ______________________

સરનામું : ______________________

______________________ ફોન/મોબાઈલ : ______________________

### ક્રમાંક - ૧૦૭૫

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 7 | | | 1 | | | | |
| 8 | | 9 | 4 | | | | 6 | 5 |
| | 5 | | 6 | | | 9 | | 7 |
| 5 | | | 1 | | | 2 | 3 | |
| 2 | 9 | | | 8 | | | 4 | 1 |
| | 4 | 3 | | | 9 | | | 6 |
| 9 | | 5 | | | 6 | 7 | 1 | |
| 3 | 1 | | | | 7 | | | 4 |
| | | | | 5 | | | 9 | |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 6 | | | | 7 | 1 | | 5 |
| 2 | | | 5 | 3 | | | 4 | |
| | | | 9 | | | 3 | 8 | |
| 1 | | 5 | 6 | | | 8 | | |
| | | 7 | 2 | 8 | 5 | 6 | | |
| | | 6 | | | 1 | 5 | | 3 |
| | 7 | 2 | | | 9 | | | |
| | 3 | | | 5 | 4 | | | 7 |
| 6 | | 8 | 3 | | | | 5 | |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 2 | 3 | | | | 8 | | 7 | 4 |
| | | 7 | | 2 | | 8 | 5 | 3 |
| | | 9 | | 4 | | | | |
| | 8 | | 2 | | 1 | 4 | 3 | |
| 9 | | | | | | | | 8 |
| | 4 | 3 | 7 | | 9 | | 6 | |
| | | | | 9 | | 5 | | |
| 3 | 7 | 8 | | 5 | | 1 | | |
| 5 | 9 | | 8 | | | | 4 | 6 |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 6 | | 3 | 4 | 2 | 8 | | | |
| | 5 | | | | 1 | 6 | 2 | |
| | | | | 7 | | | | 4 |
| | 6 | 9 | 8 | | 2 | | | 7 |
| 1 | 2 | | | | | | 3 | 6 |
| 7 | | | 3 | | 6 | 1 | 9 | |
| 5 | | | | 8 | | | | |
| | 7 | 2 | 1 | | | | 8 | |
| | | | 7 | 5 | 3 | 2 | | 9 |

### ઉકેલ : ક્રમાંક - ૧૦૭૪

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 5 | 3 | 1 | 6 | 8 | 2 | 7 | 4 | 9 |
| 4 | 6 | 9 | 3 | 7 | 1 | 8 | 5 | 2 |
| 7 | 8 | 2 | 5 | 9 | 4 | 3 | 6 | 1 |
| 3 | 2 | 4 | 9 | 1 | 8 | 5 | 7 | 6 |
| 6 | 9 | 7 | 4 | 3 | 5 | 1 | 2 | 8 |
| 1 | 5 | 8 | 7 | 2 | 6 | 9 | 3 | 4 |
| 8 | 1 | 5 | 2 | 6 | 3 | 4 | 9 | 7 |
| 9 | 4 | 6 | 1 | 5 | 7 | 2 | 8 | 3 |
| 2 | 7 | 3 | 8 | 4 | 9 | 6 | 1 | 5 |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 5 | 9 | 4 | 7 | 8 | 6 | 2 | 1 | 3 |
| 2 | 1 | 6 | 5 | 3 | 9 | 7 | 4 | 8 |
| 7 | 8 | 3 | 2 | 4 | 1 | 9 | 5 | 6 |
| 4 | 7 | 9 | 1 | 5 | 3 | 6 | 8 | 2 |
| 6 | 2 | 1 | 8 | 9 | 4 | 5 | 3 | 7 |
| 8 | 3 | 5 | 6 | 2 | 7 | 4 | 9 | 1 |
| 1 | 5 | 2 | 4 | 7 | 8 | 3 | 6 | 9 |
| 9 | 4 | 8 | 3 | 6 | 2 | 1 | 7 | 5 |
| 3 | 6 | 7 | 9 | 1 | 5 | 8 | 2 | 4 |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 8 | 9 | 4 | 2 | 5 | 6 | 3 | 7 |
| 7 | 4 | 5 | 6 | 1 | 3 | 2 | 8 | 9 |
| 6 | 2 | 3 | 7 | 9 | 8 | 4 | 1 | 5 |
| 4 | 9 | 2 | 3 | 6 | 1 | 5 | 7 | 8 |
| 3 | 5 | 7 | 2 | 8 | 4 | 1 | 9 | 6 |
| 8 | 1 | 6 | 9 | 5 | 7 | 3 | 4 | 2 |
| 5 | 7 | 8 | 1 | 4 | 6 | 9 | 2 | 3 |
| 9 | 6 | 1 | 8 | 3 | 2 | 7 | 5 | 4 |
| 2 | 3 | 4 | 5 | 7 | 9 | 8 | 6 | 1 |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 9 | 5 | 3 | 6 | 4 | 1 | 2 | 8 | 7 |
| 6 | 1 | 2 | 8 | 5 | 7 | 3 | 9 | 4 |
| 8 | 7 | 4 | 2 | 3 | 9 | 1 | 5 | 6 |
| 7 | 6 | 5 | 1 | 9 | 8 | 4 | 3 | 2 |
| 2 | 4 | 8 | 5 | 6 | 3 | 7 | 1 | 9 |
| 1 | 3 | 9 | 4 | 7 | 2 | 5 | 6 | 8 |
| 3 | 2 | 6 | 9 | 1 | 4 | 8 | 7 | 5 |
| 4 | 9 | 7 | 3 | 8 | 5 | 6 | 2 | 1 |
| 5 | 8 | 1 | 7 | 2 | 6 | 9 | 4 | 3 |



**સંકલન : દિનેશચંદ્ર જગજીવન શાહ**

★ **ચાર કરોડ ભારતીયો પર ખતરો :** સમુદ્રતળ વૃદ્ધિ અંગે "વૈશ્વિક પર્યાવરણીય અનુમાન (જીઇઓ-૬) ક્ષેત્રીય ગણતરી" અનુસાર જળવાયુ પરિવર્તનનો સૌથી ખરાબ પ્રભાવ પ્રશાંત અને દક્ષિણ તેમજ દક્ષિણ - પૂર્વ એશિયામાં હોવાની દહેશત છે. તેના અહેવાલમાં જણાવાયું છે કે ભારત પર પણ ગંભીર અસર પડી શકે છે. ૨૦૫૦ સુધીમાં દરિયાની સપાટીમાં વૃદ્ધિ થવાથી ભારતના આશરે ચાર કરોડ લોકો ઉપર ખતરો ઝળૂંબે છે. જેમાં મુંબઇ અને કોલકાતાના લોકો ઉપર સૌથી વધુ ખતરો છે.

★ **કોકિલ કંઠી ગાયિકા દિવાળીબેન ભીલની વિદાય :** ગુજરાતની કોકિલકંઠી લોકગાયિકા પદ્મશ્રી દિવાળીબેન ભીલનું ૮૩ વર્ષની વયે તા. ૧૯-૫-૨૦૧૬ના રોજ જૂનાગઢ ખાતે નિધન થતાં તેમના ચાહકો અને કલાકારવૃંદમાં ઘેરો શોક છવાયો છે. અમરેલી જિલ્લાના ધારી તાલુકાના દલખણિયા ગામે જન્મેલાં દિવાળીબેન ભીલ અભણ હતા. પરંતુ પોતાની કોઠાસૂઝથી લોકગીતો આત્મસાત્ કરી ગાયકીમાં રજૂ કરતાં. તેમને પોતાની સહી કરતાં પણ નહોતું આવડતું. જ્યારે તેમને પદ્મશ્રી માટે યોગ્યતા મળી ત્યારે ફોર્મમાં સહીની જરૂર હોતાં, પોતાના નામની સહી કરતાં જૈફ વયે શીખ્યા. તેમના કંઠે ગવાયેલ લોકગીતો હંમેશાં અવિસ્મરણિય રહેશે.

★ **પૂર્વ કચ્છ માંગે છે ડાયાલિસિસ સુવિધા :** કચ્છમાં પાણીમાં વધુ પ્રમાણમાં રહેલા ક્ષારના કારણે કિડનીના રોગોનું પ્રમાણ ઊંચું રહે છે. જેના માટે ડાયાલિસિસ સારવાર અનિવાર્ય છે. જે બાબતે ભુજની લાયન્સ હોસ્પિટલમાં ૧૫ મશીનો, લેઉવા પટેલ હોસ્પિટલમાં ૧૨ મશીનો, જનરલ હોસ્પિટલમાં ૩૫ મશીનોર, માંડવીમાં ૧૧ મશીનો, મુંદ્રા મણિલાલ હોસ્પિટલમાં બે મશીનો દ્વારા કુલ ૨૨૫ દર્દીઓનું ડાયાલિસિસ થાય છે. પૂર્વ કચ્છ ગાંધીધામની સંસ્થા સિંધુ ફાઉન્ડેશન સંસ્થાએ આ ખર્ચાળ સેવા અંગે મધ્યમ તેમજ ગરીબ જનતા માટે રાહતદરે ડાયાલિસિસ સારવાર મળે તેવી માંગ કરેલ છે. તે સંસ્થાએ જણાવેલ કે રાજકોટની સ્ટર્લિંગ હોસ્પિટલમાં સરકારની 'અમૃતમ્' યોજના હેઠળ ડાયાલિસિસ સારવાર મળે છે. તો ગાંધીધામની સ્ટર્લિંગ હોસ્પિટલમાં પણ આ યોજના તળે ડાયાલિસિસ સારવાર ચાલુ થાય તેવું સંસ્થા ઇચ્છે છે. ગાંધીધામ, આદિપુર, ભચાઉની ખાનગી હોસ્પિટલોમાં પ્રાઈવેટ પ્રોફેશનલ ધોરણે ડાયાલિસિસ સારવાર મળે છે. જે સામાન્ય જનતા માટે ખર્ચાળ પડે છે. આ બાબતે સંસ્થાએ એવી રજૂઆત કરેલ છે કે ગાંધીધામની રામબાગ હોસ્પિટલમાં ડાયાલિસિસ યુનિટ તથા જનરિક દવાઓ માટેનું સેન્ટર સામાન્ય જનતા માટે ચાલુ થવું જોઈએ.

★ **મીઠા પાણી યોજના : ડી-સેલિનેશન પ્લાન્ટ :** મીઠા પાણીની તકલીફ ભોગવી રહેલ કચ્છના ઉદ્યોગો માટે ગુજરાત સરકાર દ્વારા કચ્છના ભદ્રેશ્વર ખાતે રૂા. ૧૩૦૦ કરોડની યોજના દ્વારા દૈનિક ૧૫ કરોડ લિટર સમુદ્રનું પાણી મીઠું બનાવી ઉદ્યોગોની જરૂરિયાત પૂરી કરાશે. તેમજ જ્યારે જરૂર પડશે ત્યારે સ્થાનિક લોકોને પણ આ શુધ્ધ પાણી અપાશે તેવું આ યોજનાની નોડલ એજન્સી ગુજરાત ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ બોર્ડના વરિષ્ઠ પ્રબંધક જવલેશ ઝવેરીએ જણાવ્યું હતું. આ યોજના નવા ઉદ્યોગોને પણ કચ્છમાં આકર્ષવામાં ચાવીરૂપ ભૂમિકા ભજવશે તેવું ફોકિયાના મેનેજિંગ ડાયરેક્ટર નિમેષ ફડકેએ જણાવ્યું હતું.

★ **કુદરતનો કરિશ્મા :** સામખિયાળી યેલગેટ નજીક આવેલ મુરજી ડાયા બાળા (આહીર)ના ખેતરમાં કૂવો ખોદતાં ૧૧ ફૂટે જ ઊંડેથી મીઠા પાણીનો સ્રોત મળી આવતા, કુદરતનો કરિશ્મા નજર સામે આવેલ છે. કહેવાય છે કે વર્ષો પહેલાં અહીંથી આધોઈ નદીનાં વહેણ પસાર થતા હતા, જે ૨૦૦૧ના ગોઝારા ભૂકંપ બાદ પાણીનાં તળ ઊંચાં આવ્યાં હોઈ માત્ર આ વિસ્તારમાં જ પાણી મળી આવે છે તેવું અનુમાન ધારવામાં આવે છે. આસપાસનાં ચારેક ખેતરોમાં પણ આ રીતે કૂવા ખોદી પાણી મેળવાયું છે પરંતુ તેમાં દરેકને મીઠું પાણી પ્રાપ્ત થયેલ નથી.

★ **સો વર્ષનો સૌથી ગરમ મહિનો :** વર્ષ ૨૦૧૬નો મે મહિનો સદીમાં સૌથી ગરમ મહિનો રહ્યો છે. ગરમી બાબત છેલ્લા એકસો વર્ષનો રેકર્ડ તોડી નાખ્યો છે. જીવલેણ પણ પુરવાર થયો છે. આ મહિનામાં ગુજરાત - કચ્છમાં અમુક સ્થળે ગરમીનો પારો ૫૦° સે. સુધી પહોંચી ગયેલ, જે અગાઉ વર્ષ ૧૯૧૬માં પહોંચ્યો હતો.

★ **કચ્છનો છાત્ર ધોરણ-૧૦ માં રાજ્યમાં ટોચના સ્થાને :** તાજેતરમાં જાહેર થયેલ ધોરણ-૧૦ના પરિણામોમાં કચ્છ યુનિવર્સિટીના પ્રથમ રજિસ્ટ્રાર અને હાલે પ્રાધ્યાપક અનિલભાઈ ગોરના પુત્ર, વી.ડી. હાઈસ્કૂલ - ભુજના વિદ્યાર્થી શ્રેયસ ગોરે ૯૯.૯૯ પર્સેન્ટાઇલ રેન્ક મેળવી સમગ્ર ગુજરાતમાં પ્રથમ હરોળમાં ટોચનું સ્થાન પ્રાપ્ત કરી સીમાચિહ્ન સફળતા મેળવેલ છે. ભવિષ્યમાં કાર્ડિયોલોજિસ્ટ બનવાની મહત્ત્વાકાંક્ષા શ્રેયાંસ ગોર ધરાવે છે.

★ **'મંગલ મંદિર'ને નવી દિશા માટે ગોષ્ઠિ :** શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના મુખપત્ર 'મંગલ મંદિર'નો વ્યાપ વધારવા તંત્રી પ્રતાપભાઈ દંડ તથા પરામર્શક કેશુભાઈ દેસાઈ દ્વારા કચ્છના નામાંકિત લેખકો - સર્જકો, પત્રકારોને એકઠા કરી વૈવિધ્યસભર વાંચન વાચકોને મળતું રહે તે અંગેની વિચાર ગોષ્ઠિનું આયોજન ભુજની મંગલમ્ હોટલમાં તાજેતરમાં યોજવામાં આવેલ હતું. તે સમયે તંત્રી પ્રતાપભાઈ દંડે જણાવેલ કે ચાલીસ વર્ષ પહેલાં ''પ્રેરણા'' નામે શરૂ થયેલ ચાર પાનાનું ચોપાનિયું અવિરત ગતિ સાથે આગળ વધી વટવૃક્ષ બની ''મંગલ મંદિર''ના નામ સાથે દેશ અને દુનિયામાં વસતા કચ્છી પરિવાર વાચકો સાથે અતૂટ આત્મીય સંબંધથી જોડાઈ ગયું છે. આ ગોષ્ઠિ દરમિયાન કચ્છની પોતીકી ભાષા - કચ્છીના ઉપયોગ અંગે પણ ચર્ચા થયેલ હતી.

★ **રેલવે :** ભુજ - મુંબઈ વચ્ચે દોડતી કચ્છ એક્સપ્રેસ તથા સયાજી એક્સપ્રેસ ટ્રેનો અમદાવાદ - ભુજ વચ્ચેનું ૩૫૯ કિ.મી.નું અંતર તથા વચ્ચે આવતા ૯ જેટલાં સ્ટોપ માટે જે સમય લે છે તે સમય આટલું અંતર કાપતા તેમજ વચ્ચે આવતા ફક્ત બે હોલ્ટ માટે એ.સી. સુપર ફાસ્ટ ટ્રેન લે છે. આ અંતર માટે એ.સી. ટ્રેનનો સમય ઘટાડવા અંગેની રજૂઆત 'કચ્છ પ્રવાસી સંઘ' દ્વારા પશ્ચિમ રેલવેના જનરલ મેનેજર પાસે કરાતાં તેઓ આશ્ચર્યચકિત થઈ ગયા. આ સમય ઘટાડવા તેમણે તાત્કાલિક પગલાં લેવાનો આદેશ આ ઑફિસમાં આપેલ હતો. તા. ૧લી ઓક્ટોબર, ૨૦૧૬થી અડધાથી એક કલાકનો સમય આ અંતર માટે ઘટાડવામાં આવશે તેવું તેમણે જણાવેલ હતું.

★ **ગેબી ધડાકા :** હાલમાં કચ્છના વાગડ વિસ્તારમાં થયેલ ભૂ હલચલમાં ધડાકાના રહસ્યને, ઇન્ડિયન સિસ્મોલોજી રિસર્ચના અજય પ્રતાપસિંઘે સમજાવતાં જણાવ્યું હતું કે જમીનમાં રહેલ શેલો પથ્થર પીસાતાં ધડાકા થવાથી આંચકા આવે છે. તેમજ ચોમાસા દરમિયાન પેટાળમાં પાણી પહોંચતા આવી ઘટનાનું પ્રમાણ વધે છે. કચ્છમાં આવેલ આવા ગેબી ધડાકા સાથેના આંચકા જમીનમાં ૧૫થી ૩૫ કિ.મી.ની ઊંડાઈએ ઉદ્ભવે છે. ગુજરાતમાં છેલ્લા ૧૦ વર્ષ દરમિયાન ૧૦ હજાર જેટલા, ૨થી ૫ તીવ્રતાના આંચકા ગેબી ધડાકા સાથે આવ્યા છે. જેમાં ૭૦ ટકા જેટલા આંચકા કચ્છમાં આવેલ છે.

★ **સરખેજ - મુંદ્રા એક્સપ્રેસ વે :** કંડલા મહાબંદરે મેળવેલી ૧૦૦ મિલિયન મેટ્રિક ટનકારગો હેન્ડલિંગની સિધ્ધિ બદલ ઉદ્યોગકારો તથા બંદર વપરાશકારોને બિરદાવવા ખાસ આવેલ કેન્દ્રીય શિપિંગ, માર્ગ અને પરિવહન મંત્રી નીતિન ગડકરીએ આ પ્રસંગે અનેક મહત્ત્વાકાંક્ષી જાહેરાતો કરી હતી. જે અંતર્ગત ગુજરાતમાં સરખેજ (અમદાવાદ)થી મુંદ્રા તથા સરખેજથી જવાહરલાલ નહેરુ પોર્ટ (મુંબઈ) સુધીના બે એક્સપ્રેસ-વે તથા કંડલામાં ૫૦૦ કરોડના ખર્ચે એલ.પી.જી. ટર્મિનલ, ૨૦૦૦ કરોડના ખર્ચે કન્ટેઈનર ટર્મિનલ ઊભું કરાશે. તેમજ ફર્નિચર ક્લસ્ટર, ઓટોમોબાઈલ સ્ક્રેપ ક્લસ્ટર, શહેર સંકુલને વીજળી પૂરી પાડવા વિન્ડ તથા સોલાર પ્રોજેક્ટ, પાણી પૂરું પાડવા ડી-સેલિનેશન પ્લાન્ટ વગેરેના કામોની જાહેરાત કરી હતી. વધુમાં તેમણે જણાવ્યું હતું કે દેશના ૨૦૦ નાના તથા ૧૨ મહાબંદરો ઉપરાંત ૧૧૧ નદીઓને સાંકળી જળમાર્ગ ઊભો કરવાની સરકારની યોજના છે. જેના કારણે પરિવહન ઝડપી થશે તથા ખર્ચ પણ ઓછો આવશે. જેથી દેશની અર્થવ્યવસ્થા પણ તેજીથી વધશે.

★ **બાગાયતી પાકોની નિકાસ :** કચ્છની પ્રખ્યાત કેસર કેરીની ચાલુ સાલે સારી આવક થતાં રોજની ૧૫થી ૨૦ ટન કેસર કેરી ભારતભરમાં રેલવે દ્વારા પહોંચાડવામાં આવે છે. સાથે સાથે દાડમ અને ખારેક પણ સારા પ્રમાણમાં નિકાસ કરવામાં આવે છે. આમ, કચ્છના બાગાયતી પાકોના ખેડૂતો માટે 'અચ્છે દિન' જરૂર આવ્યા છે.

★ **એવરેસ્ટ શિખર સર કર્યું :** મૂળ કચ્છ ગોધરાના અને હાલે અમેરિકા સ્થિત કચ્છી ભાનુશાળી યુવાન કુંતલ જોયસરે ચાલુ વર્ષની ૧૯મી મે ના દિવસે દુનિયાનું સૌથી ઊંચું શિખર 'માઉન્ટ એવરેસ્ટ' સર કરવાનું અભિયાન ૪૦ દિવસમાં પૂરું કરેલ છે.

★ **રેલવે :** ભુજ - નલિયા બ્રોડગેજ રૂપાંતરના ૪૫૦ કરોડના મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટનું આઠ વરસના વિલંબ બાદ શ્રીગણેશ થઈ ગયેલ છે. આ પ્રસંગે અબડાસા તરફના બ્રોડગેજના કામનું નિરીક્ષણ કચ્છી સાંસદ વિનોદભાઈ ચાવડા સાથે દાનવીર શ્રેષ્ઠી સુંદરજીભાઈ શાહે હાજર રહી માહિતી મેળવેલ હતી.

★ **શુધ્ધ જળ :** ભૂકંપ બાદ કલાનગરી સમાન વસેલા અજરખપુરમાં મોડ્યુલર બાયો ફિલ્ટર વોટર ટ્રીટમેન્ટના પ્લાન દ્વારા બ્લોક પ્રિન્ટીંગના રંગવાળા ૫૦ હજાર લિટર પાણીનું શુધ્ધિકરણ થાય છે. જે માટે શ્રી કાંતિભાઈ શ્રોફ પરિવારની વડોદરા સ્થિત ટ્રાન્સકેમ એગ્રોટેક લિમિટેડે વિકસાવેલ બાયોફિલ્ટર પ્લાન્ટ કાર્યરત છે.

★ **પશુધન :** છેલ્લા દસ વરસમાં કચ્છમાં સારા એવા વરસાદના કારણે કચ્છમાં પશુધન અને પશુ પેદાશોના વેચાણ દ્વારા કુલ આવક ૯૦૦ કરોડથી પણ વધુ થાય છે. કચ્છ ડેરીના 'કચ્છ કુરિયન' કહેવાતા વેલજીભાઈ હુંબલની આગેવાની હેઠળ કચ્છ ડેરીની દૂધની રોજની આવક ૫ લાખ લિટરે પહોંચી છે.

★ **વિસરાયા 'મોરચંગ'ના સૂર :** એક સમયે વિશ્વમાં અને

દેશભરમાં 'મોરચંગ'ના સૂરો દ્વારા પ્રસિદ્ધિ મેળવેલ, એકમાત્ર કલાકાર, બન્ની આથમણીના જરારવારી વાંઢના સામત સાજન પઠાણના 'મોરચંગ'ના સૂરો વિલીન થઈ ગયા છે. ૭૦ વર્ષની જૈફ વયે મોરચંગના સૂરો માટે હવે તેની આંગળીઓ પણ કામ નથી કરતી. આજીવિકાનો કોઈ સાધન ન હોવાથી, જીવન નિર્વાહ દુષ્કર બનેલ છે. તેના શબ્દોમાં કહીએ તો 'મોતની રાહ જોવાઈ રહી છે.'

★ **ફેશન ડિઝાઇન ક્ષેત્રે - એવોર્ડ :** ગાંધીધામની રાજવી અશોકભાઈ ઠક્કરે નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ફેશન ટેકનોલોજીમાં અભ્યાસ કરી પોતાની પ્રોડક્ટ - રીવર્સેબલ જીન્સ લોન્ચ કરી ફેબ્રિક કંપનીઓનું ધ્યાન ખેંચી આગવી ઓળખ ઊભી કરી છે. ભવિષ્યમાં સારા પ્લેસમેન્ટ દ્વારા ઓમાન જવાની તૈયારી રાખી છે.

★ **માંડવીના કારીગરની કમાલ - દરિયાઈ બગી :** કચ્છ માંડવીના વહાણ બાંધકામના કસબી ઇબ્રાહીમ ઇસ્માઇલ મિસ્ત્રીએ પોતાની આગવી કોઠાસુઝ દ્વારા ફાઈબરની બે બોટોને જોડીને ૪૦ બેઠકની ક્ષમતાવાળી 'દરિયાઇ બગી' નામ ધરાવતી બોટનું સફળતાપૂર્વક નિર્માણ કરેલ છે. આ બોટ હાલક-ડોલક મુક્તની ખાસિયત ધરાવે છે. માંડવીના દરિયે ફરવા આવતા પ્રવાસી મુલાકાતીઓના સહેલગાહ માટે તથા માંડવી - ઓખા ફેરી સર્વિસ માટે તેનો ઉપયોગ થાય તેવી તેમની ભાવના છે.

★ **નૃત્ય સ્પર્ધા પુરસ્કાર :** તાજેતરમાં મે મહિનામાં મહારાષ્ટ્રના પૂના મધ્યે અખિલ ભારતીય સાંસ્કૃતિક સંઘ દ્વારા આયોજિત ગ્લોબલ હાર્મની ૨૦૧૬ રાષ્ટ્રીય નૃત્ય સ્પર્ધામાં માધાપર - ભુજની નુપૂર ડાન્સ એકેડેમિના ૪૦ સ્પર્ધકો સહિત ૧૨ રાજ્યના આઠ હજાર સ્પર્ધકોએ ભાગ લીધેલ હતો. આ સ્પર્ધામાં નુપૂર ડાન્સ એકેડેમિએ રજૂ કરેલ ૧૮ કૃતિઓમાંથી ૧૪ કૃતિઓને પ્રથમ, ચાર દ્વિતીય, ૧ તૃતીય અને ૮ ચેરમેન પુરસ્કારોથી નવાજવામાં આવ્યા હતા. આમ ૪૦ કચ્છી સ્પર્ધકોએ સપાટો બોલાવ્યો હતો.

★ **ભુજના યુવાન આઈ.આઈ.એમ.-એ માં સિલેક્ટ :** દેશની નંબર વન શિક્ષણ સંસ્થા ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ મેનેજમેન્ટ - અમદાવાદમાં ભુજના યુવાન મિહિર ઉદય શાહ, કોઈ પણ ક્લાસીસ વિના જાત મહેનત કરી કૅટની પરીક્ષામાં ૯૯.૯૬ ટકા મેળવી પી.જી.ડી.એમ.ના બે વર્ષના કોર્ષમાં સિલેક્ટ થયેલ છે. ૧૨મા ધોરણમાં તે કચ્છના ટોપ ટેન સ્ટુડન્ટ્સમાં સામેલ હતો. નિરમા યુનિવર્સિટીમાંતી કોમ્પ્યુટર સાયન્સના એન્જિનિયરિંગ અભ્યાસ બાદ સેમસંગ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ, દિલ્હીમાં નોકરી દરમિયાન ઍમ્પ્લોઇ ઑફ ધ યર - ૨૦૧૪નો પણ ઍવોર્ડ મેળવેલ છે. આઈ.આઈ.એમ.-એ માં પ્રવેશ મેળવનારા કચ્છી વિદ્યાર્થીઓની સંખ્યા આંગળીના વેઢે ગણાય એટલી જ છે.

★ **કચ્છનો મોટો ઉદ્યોગ બંધ થવાના આરે :** કચ્છના વિનાશક ભૂકંપ બાદ સરકારના ટેક્સ હોલિડેનો લાભ લઈ ભુજ તાલુકાના કન્યાબે ગામે એશિયા મોટર વર્ક્સ (AMW) ટ્રક બનાવવાનું મોટું કારખાનાનું સામ્રાજ્ય ઊભું કરેલ. પરંતુ આ મંદીના સમયમાં તેની હાલત કફોડી થતાં આ સામ્રાજ્ય બંધ થવાના આરે ઊભું છે.

★ **કચ્છનું ગૌરવ :** સાહિત્ય અકાદમી દ્વારા ૨૦૧૬ના વર્ષ માટેનો 'બાળ સાહિત્ય પુરસ્કાર' ગુજરાતીનાં પ્રતિષ્ઠિત બાળવાર્તા સર્જક અને મૂળ ભુજ - કચ્છના પુષ્પાબેન વીનેશ અંતાણીને એનાયત કરવામાં આવશે. કેન્દ્રીય સાહિત્ય અકાદમી દ્વારા આ ઍવોર્ડ પ્રાપ્ત કરનાર પુષ્પાબેનનો બાળ વાર્તાસંગ્રહ 'બંટીના સૂરજદાદા' ૨૦૧૧માં પ્રગટ થયો હતો. તેમના બાળવાર્તાના ૮ પુસ્તકો પ્રગટ થયા છે. પુરસ્કારમાં તેમને રૂા. ૫૦,૦૦૦/- રોકડા તથા સ્મૃતિચિહ્ન, તા. ૧૪મી નવેમ્બર — બાલદિન દિવસે અર્પણ થશે. જાણીતા સાહિત્યકાર વીનેશ અંતાણીનાં અર્ધાંગિની પુષ્પાબેને આકાશવાણી - ભુજના પ્રથમ મહિલા ઉદ્‌ઘોષક તરીકે સેવા આપેલ. ત્યાર પછી વડોદરા અને અમદાવાદના કેન્દ્રોમાં પણ તેમણે કાર્ય બજાવેલ.

★ **પેરીયમ પઝામ - કચ્છી મેવો ખારેક :** ખારેકનું વાવેતર પહેલાં કચ્છમાં અને ત્યારબાદ રાજ્યમાં અનેક જગ્યાએ ખેડૂતોએ રોપા લાવી વાવેતર શરૂ કર્યું. હવે આ કચ્છી મેવો રાજ્યના સીમાડા પાર કરી છેક દક્ષિણમાં તેનું વાવેતર કરવામાં આવેલ છે. તામિલનાડુના ધરમપુરી જિલ્લાના એરિયાકુલમ (ક્રિષ્નાપુર)ના પ્રગતિશીલ ખેડૂત એસ. નિઝામુદ્દીન, કે જેઓ પહેલાં કચ્છથી ખારેક મંગાવતા હતા, તેઓએ પોતાના ખેતરમાં અરબસ્તાનથી ખારેકના પીલા મંગાવી, લાલ-પીળી ખારેકનું વાવેતર કરી મબલખ પાક મેળવેલ છે. તેમનું કહેવું છે કે અહીંનું હવામાન ખારેકના પાકને અનુકૂળ છે. આમ, પશ્ચિમ ભારતનો બાગાયતી પાક ખારેક હવે છેક દક્ષિણ ભારતમાં પહોંચ્યો છે. આ એક ઐતિહાસિક ઘટના છે.

★ **સુપાર્શ્વ જૈન સેવા મંડળ :** આજથી ૨૫ વર્ષ પહેલાં ભુજના ચાર-પાંચ જૈન યુવાનોએ શરૂ કરેલી પશુ સેવા મંડળ આજે વિરાટ વૃક્ષ બની સુપાર્શ્વ જૈન સેવા મંડળના નામે પાંગરેલ છે. તેની રજત જયંતિ વર્ષ નિમિત્તે ભુજ શહેરમાં તેમના સભ્યો દ્વારા ઋણ સ્વીકાર રેલી નીકળેલ હતી. જેમાં તેઓએ નામી - અનામી દાતાઓના ઋણ બદલ આભાર માનેલ હતો. આ રેલીમાં રાજ્યમંત્રી તારાચંદભાઈ છેડા, મનીષભાઈ ડુંગરશી વોરા (અમરસન્સ - બાંદ્રા, મુંબઈ) ખાસ ઉપસ્થિત રહ્યા હતા. ■

## ક્ષમા દર્પણ

### સરનામા ફેરફાર

- **શૈલેષ ધારશી સંઘવી**
  ડી-૨/૬૨, અર્જુન ટાવર, છઠ્ઠો માળ,
  સી.પી. નગર, ઘાટલોડિયા, અમદાવાદ-૩૮૦ ૦૬૧.

### પુત્ર જન્મ

**ભૂલ સુધાર**

*<u>નોંધ</u> : ગત માસના અંકમાં*

**ચિ. દર્શ ઊર્જા જય ચેતન ધરોડ (પત્રી - અમદાવાદ)** ની જન્મ તારીખ તા. ૭-૪-૨૦૧૫ને બદલે **તા. ૭-૪-૨૦૧૬** વાંચવી

પર-સેવા માં પરસેવાનાં બિંદુ પાડે
તે પરમાત્માનો પંથ પામી શકે...

## સાભાર સ્વીકાર

***શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાકીય યોજનાઓ માટે નીચે મુજબ દાતાશ્રીઓ તરફથી દાન / ભેટ પ્રાપ્ત થયેલ છે.***

### શ્રી જલારામ અન્નક્ષેત્ર ખાતે

રૂા. ૮,૧૦૦/- શ્રી ગણેશ ચિક્કી પરિવાર - અમદાવાદ
રૂા. ૫,૦૦૦/- શ્રીમતી ગુણવંતી ગાંગજી વિસરિયા (કચ્છ બાડા, હાલ ભાંડુપ - મુંબઈ)
રૂા. ૧,૦૦૦/- શ્રી ગોવિંદજી મહારાજ - અમદાવાદ
રૂા. ૬૦૦/- શ્રીમતી વસુંદા ઠક્કર - મુંબઈ
રૂા. ૫૫૦/- શ્રી મયૂર ઠક્કર - ગાંધીધામ
રૂા. ૫૦૦/- શ્રી દીપેશ ગોસર - ઈંદોર
રૂા. ૫૦૦/- શ્રી મયૂર ઠક્કર - ગાંધીધામ

### વૈયાવચ્ચ ખાતે

રૂા. ૩,૧૦૦/- શ્રીમતી મીનાબેન કિરણભાઈ મહેતા

### વયસ્ક સમિતિ ખાતે

રૂા. ૭,૦૦૦/- શ્રી ધનસુખલાલ મોતીલાલ શાહ - અમદાવાદ

***સંસ્થા ઉપરોક્ત તમામ દાતાશ્રીઓનો ખૂબ ખૂબ આભાર માને છે.***

## તબીબી સાધનો વપરાશ માટે આપવાની યોજના

**શ્રી કચ્છી જૈન ભવન - પાલડી પર નીચે મુજબના તબીબી સાધનો દૈનિક ભાડાના ધોરણે મળી શકશે. જેઓને આ સાધનોની જરૂરિયાત હોય તેઓ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી પર ફોન : ૨૬૫૭૮૮૯૨ / ૨૬૫૮૧૫૦૧ પર સંપર્ક સાધી શકશે.**

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧. એર બેડ | રૂા.૧૦/- | ૫. વૉકર | રૂા. ૨/- | ૯. બેડ પાન | રૂા. ૨/- |
| ૨. વ્હીલ ચેર | રૂા. ૩/- | ૬. વૉકિંગ સ્ટીક | રૂા. ૧/- | ૧૦. ફાઉલર બેડ | રૂા.૧૦/- |
| ૩. ઓક્સિજન સિલિન્ડર (નાનો) | રૂા. ૫/- | ૭. કમોડ ચેર | રૂા. ૩/- | ૧૧. ટેબલ ટોપ (ફાઉલર બેડ માટે) | રૂા. ૨/- |
| ૪. નેબ્યુલાઈઝર | રૂા. ૫/- | ૮. સેલાઈન સ્ટેન્ડ | રૂા. ૨/- | ૧૨. બેક રેસ્ટ | રૂા. ૨/- |

<u>નોંધ</u> : **(૧)** સ્ટોકમાં હશે ત્યાં સુધી આ સાધનો ડીપોઝિટ આપીને ભાડેથી મેળવી શકાશે. **(૨)** સાધનો પાલડી ભવન પરથી લઈને ત્યાં જ પરત કરવાના રહેશે.

***કે. આર. શાહ - માનદ્ મંત્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ***

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સભ્યો જોગ

*તા. ૧૮-૯-૨૦૧૬ ને રવિવારના રોજ યોજાનાર સ્વામિવાત્સલ્ય જમણવારના દિવસે વિદ્યાર્થીઓને આપવામાં આવતા પુરસ્કારો તે જ દિવસે બપોરે ૧.૦૦ વાગ્યા સુધી પુરસ્કાર વિતરણના કાઉન્ટર ઉપરથી અચૂક મેળવી લેવા વિનંતી.*

*પછીથી ક્ષમા.*

***કન્વીનર, સરસ્વતી સન્માન - પુરસ્કાર સમિતિ***

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

**માતુશ્રી સાકરબહેન રવજી મોરારજી લાલન (કોડાય - સુપ્રીમવાલા)**

**શ્રી કચ્છી જૈન ભવન**

*૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી - એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.*

*ફોન : (૦૭૯) ૨૬૫૭૭૪૬૮, ૨૬૫૭૮૮૯૨*


## પરિપત્ર

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની **૨૯મી વાર્ષિક સામાન્ય સભા, રવિવાર તા. ૩૧-૦૭-૨૦૧૬ ના રોજ સવારે ૯.૦૦ કલાકે** "શ્રી કચ્છી જૈન ભવન", પાલડી ખાતે સંસ્થાના કાર્યાલયમાં મળશે. આ સભામાં સંસ્થાના ***ફક્ત નોંધાયેલા*** સભ્યોને પધારવાનું હાર્દિક આમંત્રણ છે.

## સામાન્ય સભાની કાર્યસૂચિ

૧. ***સવારે ૯.૦૦ થી ૧૦.૦૦ દરમ્યાન : જો જરૂરિયાત જણાશે તો નીચે મુજબ ચૂંટણી કરવામાં આવશે.*** બંધારણની કલમ-૫(૨) મુજબ નિવૃત્ત થતા ૩ (ત્રણ) દાતા ટ્રસ્ટીઓની તથા નિવૃત્ત થતા ૨ (બે) માનદ્ ટ્રસ્ટીઓની તથા નિવૃત્ત થતા ૧ (એક) સ્વજન ટ્રસ્ટીની ખાલી પડેલી જગ્યા ઉપર ચૂંટણી / વરણી કરવામાં આવશે. તથા બંધારણની કલમ-૫(૩) મુજબ કારોબારી સમિતિના નિવૃત્ત થતા ૬ (છ) સભ્યોની ખાલી પડેલી જગ્યા માટે ચૂંટણી/વરણી કરવામાં આવશે. **૧૦.૦૦ વાગ્યા સુધી આવનાર સભ્યને જ મત આપવાનો અધિકાર રહેશે.**
   ચૂંટણીની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ નીચે મુજબનાં એજન્ડા ઉપર કાર્યવાહી શરૂ કરવામાં આવશે.

૨. ગત તા. ૨૬-૦૧-૨૦૧૬ના રોજ મળેલ સામાન્ય સભાની કાર્યવાહીની નોંધનું વાંચન અને બહાલી આપવા બાબત.

૩. ગત વર્ષ દરમિયાન થયેલ કાર્યવાહીનો અહેવાલ અને તેને બહાલી આપવા બાબત.

૪. વર્ષ ૨૦૧૫-૨૦૧૬ના ઓડિટ થયેલ હિસાબો મંજુર કરવા બાબત.

૫. વર્ષ ૨૦૧૬-૨૦૧૭ માટે ઓડિટરશ્રીની નિમણૂક કરવા બાબત.

૬. પ્રમુખશ્રીની સંમતિથી રજૂ થનાર અન્ય બાબતો અંગે યોગ્ય નિર્ણય લેવા બાબત.

**કે. આર. શાહ**
***માનદ્ મંત્રી***

**<u>તા.ક.</u> :**

*(૧) કોરમના અભાવે મુલતવી રહેલ સભા અડધા કલાક બાદ ફરી તે જ સ્થળે મળશે અને ત્યારે નિયમાનુસાર કોરમનો બાધ રહેશે નહીં.*

***(૨) તા. ૩૧-૧-૨૦૧૬ બાદ નોંધાયેલ સભ્યો સભામાં હાજરી આપી શકશે, પરંતુ બંધારણ અનુસાર ઉમેદવારી કે મતદાન કરી શકશે નહીં.***

*કાચબાનું નિરીક્ષણ કર્યું છે? એ જ્યારે પોતાની ડોક બહાર કાઢે, ત્યારે જ ચાલી શકે છે. પોતાના દિમાગને સંકોરીને બેસી રહેનાર માનવ પણ પ્રગતિના પંથે ગતિ કેવી રીતે કરી શકે?*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## સમાજની વિવિધ સમિતિઓની રચના બાબત

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદમાં*
*નીચે મુજબની વિવિધ સમિતિઓ દ્વારા સમાજની વિવિધ પ્રવૃત્તિઓનું સંચાલન કરવામાં આવે છે.*

### કારોબારી સમિતિઓ

૧. ઉચ્ચ શિક્ષણ લોન અને સર્વાંગી વિકાસ સમિતિ
૨. સરસ્વતી સન્માન (વિદ્યાર્થી પુરસ્કાર) સમિતિ
૩. યુવા વિકાસ સમિતિ
૪. મહિલા ઉત્કર્ષ સમિતિ
૫. અંગદાન સમિતિ
૬. મેરેજ બ્યુરો સમિતિ
૭. તબીબી સેવા સમિતિ
૮. વૈયાવચ્ચ સમિતિ
૯. સભ્યપદ તથા મેડિકલ કાર્ડ સમિતિ
૧૦. ભવન સમિતિ
૧૧. દર્દી સહાય સમિતિ
૧૨. ડોનેશન ફૉલો-અપ સમિતિ
૧૩. સામાજિક સુરક્ષા તથા બાળ કલ્યાણ સમિતિ
૧૪. શૈક્ષણિક લોન (સહાય) સમિતિ
૧૫. સાધર્મિક સહાય સમિતિ
૧૬. કચ્છ આર્ટ ગેલેરી સમિતિ
૧૭. પર્યાવરણ સમિતિ
૧૮. વયસ્ક સમિતિ
૧૯. કોમ્પ્યુટર સમિતિ
૨૦. લાઈબ્રેરી સમિતિ
૨૧. રિનોવેશન સમિતિ
૨૨. પ્રચાર - પ્રસાર અને વેબસાઈટ સમિતિ
૨૩. તબીબી સહાય સમિતિ
૨૪. અલ્પ સંખ્યક (માઈનોરીટી) જૈન સમાજ સમિતિ
૨૫. 'મંગલ મંદિર' સલાહકાર સમિતિ

### ટ્રસ્ટ મંડળ સમિતિઓ

૧. 'મંગલ મંદિર' સમિતિ
૨. બંધારણ સમિતિ
૩. લીગલ સમિતિ
૪. હિસાબી સમિતિ
૫. મુંબઈ અતિથિ ભવન સમિતિ
૬. નવા પ્રોજેક્ટ સમિતિ
૭. ફંડ રેઈઝિંગ સમિતિ

૧. ઉપરોક્ત સમિતિઓમાં જે સભ્યોને પોતાનો સમય તથા સેવા આપવામાં રસ હોય તેમણે માનદ્ મંત્રીશ્રીના નામે પત્ર લખી સંસ્થાના કાર્યાલય - પાલડી ભવન ઉપર તા. ૩૧-૭-૨૦૧૬ સુધી પહોંચાડવો. આ પત્રમાં સભ્યને કઈ સમિતિમાં કાર્ય કરવામાં રસ છે તેનો ખાસ ઉલ્લેખ કરવો.
૨. એક સાથે વધારેમાં વધારે બે સમિતિના કન્વીનરપદે તથા વધારેમાં વધારે ત્રણ સમિતિના સભ્ય તરીકે લાભ લઈ શકાશે.
૩. દરેક સમિતિના કન્વીનર સાથે પાંચ સભ્યોની સમિતિ બનાવવામાં આવશે. પણ જરૂર જણાય ત્યાં અપવાદરૂપ સંજોગોમાં પ્રમુખશ્રી / મંત્રીશ્રી સમિતિની સભ્ય સંખ્યામાં વધારો / ઘટાડો કરી શકશે.
૪. સંસ્થાના ટ્રસ્ટ બોર્ડ / કારોબારી સમિતિ જે તે સમિતિના કન્વીનર અને સભ્યોની નિમણૂક કરશે.
૫. સમિતિઓની રચના બાબત, સમિતિઓની સંખ્યામાં ફેરફાર કરવા અથવા મર્જ કરવા બાબતનું કોઈ સૂચન હોય તો જણાવવું.

**કે. આર. શાહ**
**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

# શિક્ષણ અને સર્વાંગી વિકાસ સમિતિ

## વાર્ષિક કાર્યક્રમોની વિગત

*સમિતિ દ્વારા દર વર્ષે નીચે મુજબના કાર્યક્રમોનું આયોજન કરાશે, જેની નોંધ લેવા વિનંતી.*

★ જાન્યુઆરી : Positive Parenting

★ ફેબ્રુઆરી / માર્ચ : 'જ્ઞાન સાથે ગમ્મત' — ૧ દિવસીય પિકનિક

★ એપ્રિલ : Career Guidance Workshop – ૮/૧૦ દિવસ માટે
(માત્ર ધોરણ-૧૦ની પરીક્ષા આપી હોય તેવા વિદ્યાર્થીઓ માટે જ.)

★ જૂન : (૧) 'આપના બાળકને ઓળખો' — ધોરણ-૫, ૬, ૭ના બાળકો અને વાલીઓ માટે વર્કશોપ.
(૨) 'વિદ્યાર્થીઓને પડતાં સ્ટ્રેસમાં તેને કેમ મદદ કરશો?' વિષય ઉપર ધોરણ-૧૧, ૧૨નાં વિદ્યાર્થીઓનાં વાલીઓ માટે વર્કશોપ.

★ જુલાઈ :
- 'કેવી રીતે ભણવું?' વિષય ઉપર ધોરણ-૮ થી ૧૦નાં વિદ્યાર્થીઓની વર્કશોપ.
- ધોરણ-૮થી ૧૦માં ભણતા વિદ્યાર્થીઓના વાલીઓ માટે વર્કશોપ. જેમાં તેમના વર્તન, ભણતરના સ્ટ્રેસ ઉપરાંત ન્યુટ્રીશન અંગે પણ ચર્ચા.

★ ઓગસ્ટ : 'મુગ્ધાવસ્થાના પ્રશ્નો' — ધોરણ-૫, ૬, ૭ના બાળકોના વાલીઓ માટેની ચર્ચા - પ્રશ્નો - વિચારણા.

★ સપ્ટેમ્બર : 'કેરિયર પ્લાનિંગ ધોરણ-૮થી શરૂ થાય છે' ધોરણ-૮, ૯, ૧૦ના વિદ્યાર્થીઓ અને વાલીઓ માટે.

★ ઓક્ટોબર : "Multiple Intelligence & Life Skills" — ધોરણ-૧ થી ૪નાં બાળકો માટે વર્કશોપ.

★ ડિસેમ્બર : ધોરણ-૮, ૯, ૧૦ના વિદ્યાર્થીઓ માટે એપ્ટિટ્યૂડ ટેસ્ટ.

- **નોંધ :**

૧. કાર્યક્રમો ખૂબ જ રસપ્રદ અને માહિતીસભર રહેશે.
૨. આ વાર્ષિક કેલેન્ડર છે. કાર્યક્રમ દર વર્ષે જે તે મહિનામાં જ રહેશે.
૩. ઉપરોક્ત કાર્યક્રમો જે તે વિષયના વિદ્વાન નિષ્ણાતો દ્વારા યોજવામાં આવશે.
૪. કાર્યક્રમ માટેના નિષ્ણાતો જરૂરિયાત પ્રમાણે આવશે / બદલાશે.
૫. આપણા સમાજના બાળકો - શ્રેષ્ઠ વિદ્યાર્થીઓ અને વાલીઓ (Parents) ખૂબ જ વિચારક વાલીઓ બની શકે તે આશયથી આ આયોજન કરવામાં આવેલ છે. દરેકને લાભ લેવા આગ્રહભરી વિનંતી.
૬. સૂચનો / નાવિન્યસભર ફેરફાર આવકાર્ય રહેશે.
૭. Parents ની વ્યાખ્યા માત્ર 'માતા' જ નથી, પિતા પણ આવે તેવી સમજ ડેવલપ કરવાનો પ્રયત્ન છે.
૮. મા-બાપ સિવાય, પરિવારમાં રહેતા વડીલો, દાદા-દાદી, કાકા-કાકી, નાના-નાની પણ Parents ની વ્યાખ્યામાં આવે છે. ઘરના બાળકોના સર્વાંગી વિકાસમાં બધાની સહિયારી જવાબદારી હોવાથી વડીલો ઉપરોક્ત કાર્યક્રમોમાં આવે, તેવી આશા છે.
૯. આ કાર્યક્રમ અમદાવાદમાં રહેતા સમગ્ર કચ્છી સમાજના બાળકો તથા વાલીઓ માટે છે તથા સમગ્ર ભારતનાં કચ્છી જૈન બાળકો તથા વાલીઓ માટે છે.
૧૦. બહારગામથી આવતાં કચ્છી જૈન સમાજનાં બાળકોના વાલીઓએ એક મહિના અગાઉથી બાળકના નામનું રજિસ્ટ્રેશન કરાવવું જરૂરી છે.
૧૧. જે તે મહિનાનાં કાર્યક્રમોની તારીખ તથા સમય અગાઉથી 'મંગલ મંદિર'માં જણાવવામાં આવશે. તે પ્રમાણે કાર્યક્રમો યોજવામાં આવશે.
૧૨. બહારગામથી આવતા કચ્છી જૈન બાળકો તથા વાલીઓ માટે સંસ્થા તરફથી રહેવા તથા જમવાની વ્યવસ્થા કરવામાં આવશે.
૧૩. જે તે સમયે સમિતિ તરફથી જે તે કાર્યક્રમ માટે ફી નિયત કરવામાં આવશે. તે ભાગ લેનાર વિદ્યાર્થી બાળકે ભરવાની રહેશે.
૧૪. ઉપરોક્ત કાર્યક્રમ તથા તેની વિગતોમાં ફેરફાર કરવાની સંપૂર્ણ સત્તા સમિતિની રહેશે.

*કન્વીનર, શિક્ષણ તથા સર્વાંગી વિકાસ સમિતિ*

## વયસ્ક સમિતિ

સમિતિ દ્વારા તા. ૧૫-૬-૨૦૧૬ના રોજ યોજાયેલ કાર્યક્રમમાં કન્વીનરશ્રીએ ઉપસ્થિત વડીલોને આવકારી આજના કાર્યક્રમના વક્તા ડૉ. શ્રી ઉપેન્દ્રભાઈનો પરિચય કરાવ્યો હતો.




ડૉ. ઉપેન્દ્રભાઈએ હાથની આંગળીના વિવિધ વેઢાથી કયા રોગ કાબૂમાં આવી શકે તેના વિશે માહિતી આપી હતી. રોગની સારવારના બદલે રોગના અટકાવ માટે યોગ્ય લાઈફ સ્ટાઈલ, પાણીના ઉપયોગ, બેસવાની યોગ્ય પધ્ધતિનો ઉપયોગ શીખવાડ્યો હતો. તો કમર અને ડોકની કસરતો શીખવાડી, અંતમાં શ્રોતાઓના પ્રશ્નોના ઉત્તર આપી તેમની શંકાનું સમાધાન કર્યું હતું.

અંતમાં સૌ ભોજન લઈને છૂટા પડ્યા હતા.

સમિતિના સભ્યોએ શાલ ઓઢાડીને ડૉ. ઉપેન્દ્રભાઈનું બહુમાન કર્યું હતું.

### આગામી કાર્યક્રમ

તા. ૧૫-૭-૨૦૧૬ને શુક્રવારના રોજ સાંજે ૪.૦૦ વાગ્યાથી જાદુગરનો કાર્યક્રમ રાખવામાં આવ્યો છે. તો સૌ વડીલોએ સમયસર ઉપસ્થિત રહેવા વિનંતી છે.

***સ્થળ :*** શ્રી કચ્છી જૈન ભવન, પાલડી.

*રજનીકાંત પારેખ, કન્વીનર - વયસ્ક સમિતિ*

### શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત મેડિકલ સેન્ટરમાં બાળ રોગ વિભાગમાં નીચે પ્રમાણે ડૉક્ટરો મળે છે

| દિવસ | સમય | ડોક્ટર |
|---|---|---|
| સોમથી શુક્ર | સવારે ૯ થી ૧૦.૩૦ | ડૉ. કૃપેશ શાહ |
| શનિવાર | સવારે ૯ થી ૧૦.૩૦ | ડૉ. પરેશ શાહ |
| સોમથી શનિ | સાંજે ૫ થી ૬.૩૦ | ડૉ. કોશા શેઠ |

### પ્રથમ પુણ્યતિથિએ : હૃદયપૂર્વક શ્રધ્ધાંજલિ



● સાસરીયું ●
(કચ્છ : ગોધરા – અમદાવાદ)
● પીયર ●
(કચ્છ : તલવાણા – મુલુંડ)

**સ્વ. અ.સૌ. મધુરી રમણિકલાલ કુંવરજી ગોસર**

**અરિહંત શરણ : તા. ૧૯-૭-૨૦૧૫**

સ્વભાવમાં સૌમ્યતા, વાણીમાં વિનમ્રતા
પરિવાર પ્રત્યે પ્રેમ, અંતરમાં પ્રભુની પ્રાર્થના.
જીવનમાં જીવદયા, કાળજામાં કરૂણતા
અનેક સદ્‌ગુણોથી અલંકૃત એવા અમારા વાત્સલ્યમૂર્તિને
અંતરથી અરિહંતના શરણમાં પ્રાર્થીએ, તમે પામો શાંતિ અપાર.

**● લી. તમારી મમતાભરી સ્મૃતિમાં ●**

જીવનસાથી : રમણિકલાલ કુંવરજી ગોસર

વ્હાલસોયા પુત્ર/પુત્રવધૂ : કુંજલ વિપુલ ગોસર ● પૌત્ર : મિત ● પૌત્રી : કવિષા

લાડકવાયા પુત્રી/જમાઈ : જીનલ નીલેશ કારાણી ● દોહિત્રી : ક્રિષા

સાસરી પક્ષ : માતૃશ્રી સ્વ. ગંગાબાઈ કુંવરજી વેલજી ગોસર (ગોધરા – અમદાવાદ)

પિતૃ પક્ષ : માતૃશ્રી કસ્તુરબેન ધનજી નાગશી પોલડિયા (તલવાણા – મુલુંડ)

વેવાઈ : માતૃશ્રી સરોજબેન કિશોર મેઘજી વિસરિયા (નવાવાસ – ઘાટકોપર)

વેવાઈ : માતૃશ્રી પ્રેમીલાબેન દીપકચંદ વલભજી કારાણી (સાભરાઈ – ડિગ્રસ)

## ઇશ્વરમાં વિશ્વાસ કેળવવા આવશ્યક ૫ બાબતો

૧. ઈશ્વર સર્વજ્ઞ છે. માટે તમારી માંગણીઓથી એના આયોજનમાં ખલેલ ન પહોંચાડો.

૨. તમને ગમતું નહીં આપવાની જીદ ઈશ્વરને પસંદ નથી, પણ યોગ્ય સમયે યોગ્ય વસ્તુ યોગ્યતા મુજબ આપવા તે ઉત્સુક હોય છે.

૩. ઈશ્વરનું વલણ નકારાત્મક નથી. તમારું વર્તન સકારાત્મક બને એની એ રાહ જોતો હોય છે.

૪. તમારી લાજ એ જવા દેવા ઈચ્છતો નથી, તમારી લાજની વ્યાખ્યા તમે ન કરો, એને કરવા દો.

૫. ઈશ્વરને 'બદતર' નહીં પણ 'બહેતર' આપવાની મહેચ્છા હશે એમ માની શ્રદ્ધા અને ધીરજપૂર્વક ફળ મળવાની પ્રતીક્ષા કરો.

### મિત્રની સાથે

*વર્તન એવું રાખજો કે જાણે કદીક એ તમારો શત્રુ બનવાનો હોય,*
*શત્રુની સાથે એવું કે, જાણે કદીક એ મિત્ર બનવાનો હોય.*

★

રડવું હોય ત્યારે એકાંત શોધું છું. હસવું હોય ત્યારે મિત્રો

*– ધૂમકેતુ*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો માસિક અહેવાલ

## એપ્રિલ / મે - ૨૦૧૬

• **તા. ૨૧-૫-૨૦૧૬**

★ આજરોજ વયસ્ક સમિતિની મળેલી મિટિંગમાં રજનીકાંત પારેખ, દિલીપભાઈ દંડ, કે.ડી. શાહ, આણંદજી વીરા અને રમણિકલાલ ગોસર હાજર હતા. શ્રી રમણિકલાલ ગોસરે ડૉ. ઉપેન્દ્રભાઈ સાથેના કાર્યક્રમ અંગેની માહિતી આપી હતી.

• **તા. ૨૫-૫-૨૦૧૬**

★ આજરોજ સભ્યપદ સમિતિના શ્રી રમણિકલાલ ગોસર, શ્રી કે.ડી. શાહ અને રજનીકાંત પારેખે – કમી થયેલા સભ્ય અને સભ્યપદ ધરાવતા સભ્યોના ખૂટતા ફોર્મ અંગે એનાલિસીસ કર્યું હતું.

• **તા. ૨૭-૫-૨૦૧૬**

★ આજરોજ શ્રી રજનીકાંત પારેખ અને બાબુભાઈ મહેતાએ શાહીબાગ ખાતે મુંબઈથી પધારેલ મહેમાન સાથે ડાયાલિસિસ સેન્ટરની મુલાકાત લઈ અને અત્રે અપાતા દાન તેમજ તિથિ અંગે માહિતી આપી હતી.

• **તા. ૩૦-૫-૨૦૧૬**

★ આજરોજ શ્રી કે.ડી. શાહ અને રમણિકલાલ ગોસરે શાહીબાગ ભવનની મુલાકાત લીધી હતી તેમજ જનરલ બાથરૂમના દરવાજા બદલવા અંગે નિર્ણય લીધો હતો.

• **તા. ૪-૬-૨૦૧૬**

★ આજરોજ વયસ્ક સમિતિની મિટિંગમાં રજનીકાંત પારેખ, દિલીપ દંડ અને આણંદજી વીરાએ તા. ૧૫-૬-૨૦૧૬ના કાર્યક્રમ માટે ભોજનના મેનુ અંગે નિર્ણય લીધો હતો તેમજ તા. ૧૫-૭-૨૦૧૬ના કાર્યક્રમ અંગે ચર્ચા કરી હતી.

• **તા. ૧૦-૬-૨૦૧૬**

★ આજરોજ કે.ડી. શાહે શાહીબાગ ભવનની મુલાકાત લઈને ભવનમાં જરૂરી કાર્ય અંગે સૂચના આપી હતી.

• **તા. ૧૩-૬-૨૦૧૬**

★ આજરોજ રજનીકાંત પારેખે વયસ્ક સમિતિના આગામી તા. ૧૫-૭-૨૦૧૬ના કાર્યક્રમ માટે મેજીશિયન સાથે મુલાકાત કરી હતી.

• **તા. ૧૫-૬-૨૦૧૬**

★ આજે સવારે ૧૦ વાગે શ્રી પ્રતાપ નારાણજી દંડ તથા શ્રી લક્ષ્મીચંદ શામજી વીરાએ શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ ખાતે ચાલતા ડાયાલિસિસ સેન્ટરની મુલાકાત લીધી હતી. તેઓએ ડાયાલિસિસ માટેની દવાઓ તથા અન્ય સાધનોની ખરીદી અંગે વિસ્તૃત ચર્ચા કરી હતી. ડાયાલિસિસ સમિતિ તરફથી સેન્ટરની તમામ ખરીદી શ્રી લક્ષ્મીચંદભાઈ વીરાના હસ્તક જ કરવી તેવો નિર્ણય લેવામાં આવ્યો હતો. આ મિટિંગમાં શ્રી નીતિન ધનજી ગાલા ઉપસ્થિત રહેલ હતા.

★ આજરોજ વયસ્ક સમિતિ તરફથી યોજવામાં આવેલ કાર્યક્રમમાં ૭૫ જેટલા વડીલો ઉપસ્થિત રહ્યા હતા.

• **તા. ૧૭-૬-૨૦૧૬**

★ આજરોજ સવારના ૧૧ વાગે શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે શ્રી પ્રતાપ નારાણજી દંડ, શ્રી કે.આર. શાહ તથા શ્રી કે.ડી. શાહે હાઉસ કીપિંગના નવા કોન્ટ્રાક્ટર શ્રી વિજયભાઈ સાથે શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના હાઉસ કીપિંગ, સુપરવાઈઝર તથા સફાઈ કામદારના પગાર અંગે ચર્ચા વિચારણા કરી યોગ્ય નિર્ણય લેવામાં આવ્યા હતા.

★ આજરોજ શ્રી કે.ડી. શાહ અને રમણિકલાલ ગોસરે શાહીબાગ ભવનની મુલાકાત લઈ જનરલ સફાઈ અને ડાયાલિસિસના આર.ઓ. પ્લાન અંગે ચર્ચા કરી હતી.

• **તા. ૧૮-૬-૨૦૧૬**

★ આજરોજ સવારના ૧૧ વાગે શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે શ્રી પ્રતાપ નારાણજી દંડે સી.સી.ટી.વી. કેમેરાના ટેકનિશિયન શ્રી મૃગેશ સાથે પાલડી ભવન તથા ઇન્ટરનેટ દ્વારા જોડાયેલા એસ.ટી. ભવન અને શ્રી કચ્છી વિશ્રામગૃહ - શાહીબાગ ભવનના કેમેરા અંગે વાતચીત કરી હતી. પાછળથી નવા ઉમેરાયેલા કેમેરા જે બધા જ આધુનિક ટેકનિકવાળા હોવાથી કોમ્પ્યુટરમાં બરાબર પરિણામ દેખાડતા નથી તે અંગે તથા ગ્રાઉન્ડ ફ્લોર પરની ટ્રસ્ટ ઑફિસમાં નવું કોમ્પ્યુટર લગાડવા અંગે વાતચીત કરી હતી.

★ આજરોજ રજનીકાંત પારેખ અને દિનેશ જગજીવન શાહે ગૃહ ઉદ્યોગ ભવનની મુલાકાત લઈ ત્યાં ચાલતી પ્રવૃત્તિ અંગે માહિતી મેળવી હતી.

• **તા. ૨૦-૬-૨૦૧૬**

★ આજરોજ સવારે ૧૧ વાગે શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે શ્રી પ્રતાપ નારાણજી દંડ, શ્રી કે.ડી. શાહ, શ્રી કે.આર. શાહ તથા હાઉસ કીપિંગ એજન્સીવાળા શ્રી નીલેશભાઈ તથા શ્રી વિજયભાઈ સાથે ત્રણેય ભવનોના હાઉસ કીપિંગ અંગે તથા શ્રી મારૂતિ સિક્યોરીટી સર્વિસીસવાળા શ્રી

એસ.કે. દવે સાથે ત્રણેય ભવનની સીક્યોરીટી માટે ચર્ચા કરેલ. આ સમયે શ્રી હસમુખભાઈ ખાંડવાલા પણ ઉપસ્થિત રહેલ હતા.

★ આજરોજ શ્રી પ્રતાપભાઈ દંડ, રજનીકાંત પારેખ અને શ્રી કે.આર. શાહે આદર્શ અમદાવાદના શ્રી કિરીટભાઈ સાથે ગૃહ ઉદ્યોગ માટે ચર્ચા વિચારણા કરી હતી.

• **તા. ૨૨-૬-૨૦૧૬**

★ આજે સવારના ૫ વાગે શ્રી પ્રતાપ નારાણજી દંડ, શ્રી કે.આર. શાહ, શ્રીમતી પુષ્પાબેન શાહ, શ્રી કેશુભાઈ દેસાઈ, શ્રીમતી શાંતાબેન દેસાઈ મહુવા જિલ્લાના તલગાજરડા ગામ ખાતે પ.પૂ. શ્રી મોરારિબાપુની શુભેચ્છા મુલાકાત લેવા રવાના થયેલ. પ.પૂ. મોરારિબાપુને આપણી સંસ્થા દ્વારા ચાલતી પ્રવૃત્તિઓ વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવેલ હતી તથા વિશેષમાં શાહીબાગ ખાતે ચાલતા ડાયાલિસિસ સેન્ટર તથા શ્રી જલારામ અન્નક્ષેત્રના કાર્ય વિશે વાકેફ કરેલ. પૂજ્યશ્રીએ આપણી પ્રવૃત્તિઓ વિશે રસપૂર્વક ધ્યાન આપેલ તથા પોતાનાથી બનતી મદદ કરવાની ખાતરી આપેલ. વિશેષમાં તેઓશ્રી જ્યારે પણ અમદાવાદ પધારે ત્યારે આપણી સંસ્થાની શુભેચ્છા મુલાકાત માટેના નિમંત્રણનો સહર્ષ સ્વીકાર કરેલ. ■

## બાલમંદિરથી બેચલર સુધીનું બોજારૂપ શિક્ષણ

આજના શિક્ષણ અને તેની આખીય વ્યવસ્થા પર પુનર્વિચાર કરવો પડે એવી સ્થિતિ આજે નિર્માણ થઈ છે. ત્યારે અગાઉની આપણી પુરાતન શિક્ષણની પરંપરા કેવી સર્વોત્તમ હતી તેની સરખામણી થઈ જાય તે સ્વાભાવિક છે. જેમાં ગુરુકુળમાં અભ્યાસ માટે જતો વિદ્યાર્થી ખરા અર્થમાં વિદ્યાર્થી જ બની રહેતો. આશ્રમમાં ભણનારાઓ વચ્ચે કોઈ ભેદભાવ નહીં. રાજા અને રંક બંનેના દીકરાઓની એકસરખી વ્યવસ્થા. ત્યારે પેમેન્ટ સીટ હતી જ નહીં અને આચાર્ય પણ કેવા! અડધી રાતે પણ વિદ્યાર્થીના પ્રશ્નના ઉતર માટે તત્પર અને તે પણ કોઈ ટ્યૂશન ફી લીધા વિના! ગુરુકુળોમાં પણ પરીક્ષા તો લેવાતી જ હતી. પણ હાલ લેવાય છે તેવી નહીં. સાલમાં પદવીની પરીક્ષાઓ, જેમાં ગુરુજીએ જે ગ્રંથ ભણાવ્યો હોય તે ગ્રંથમાં કોઈ પણ ઠેકાણ દર્ભની સળી મૂકે અને ગ્રંથના તે પાના પર જે પણ લખ્યું હોય તે શિષ્ય બોલી જાય અને તેનો અર્થ સમજાવે. જો નાનકડી ભૂલ થાય તો ઉત્તીર્ણ ન કહેવાય. આચાર્યની વાણી એ જ બ્લેકબૉર્ડ અને શિષ્યની કુશાગ્રબુદ્ધિ એ જ નોટબુક. આવા શિક્ષણથી જ ચાણક્ય કે ચંદ્રગુપ્ત નિર્માણ થાય.

અને આજે... જૂનથી એપ્રિલ સુધી, એકડે એકથી અનુસ્નાતક સુધી આપણા શિક્ષણમાં કોઈ એવી અક્ષમ્ય ક્ષતિ રહી ગઈ છે કે આટઆટલા પ્રયત્નો અને શિક્ષણ પાછળ કરોડો રૂપિયાના આંધણ પછી પણ આ શિક્ષણ તંત્રમાંથી બહાર પડતા દેશના ભાવિ નાગરિકોમાં નૈતિકતાની વાત તો દૂરની છે, પરંતુ વ્યક્તિત્વ પણ ચીંધવા શક્તિમાન નથી થતો. પ્રશ્ન એ થાય છે કે આવું શિક્ષણ કે જેને રોટલાલક્ષી કહેવાય છે, તેમાં શિક્ષિત થનારાઓ આજે રોટલો મેળવવા રીતસરના ફાંફા મારતા દેખાય છે. વિજ્ઞાન, વિનયન, વાણિજ્ય અને વ્યવસ્થાપન જેવા અનેકવિધ ક્ષેત્રોના આખાય માળખામાં ડગલે ને પગલે વર્ષોવર્ષ પરીક્ષાઓ આવે છે. બધાનું એક જ ધ્યેય હોય છે અને તે ઝળહળતી સિદ્ધિ મેળવવી. માતા-પિતા વિચારે કે મારું બાળક બૉર્ડમાં, વર્ગમાં અને શાળામાં પ્રથમ આવે છે અને તે માટે લેશન, ટ્યુશન અને કોચિંગ જેવા અનેકવિધ નુસખાઓ છેક કે.જી. થી લઈને કોલેજ સુધીની ઉંમરના બધા જ વિદ્યાર્થીઓ પર વાલીઓ ઠોકી બેસાડે. વર્ગખંડમાં શિક્ષકો પણ આઈએમપીની માનસિકતાથી મોટાભાગે પીડાતા હોય છે. કેળવણીના ખરા હેતુને કદાચ સમજ્યા વગર જ શિક્ષકો પણ રિટાયર્ડ થઈ જાય ત્યાં સુધી વિદ્યાર્થીઓને આવું જ ઉપરછલ્લું ભણાવ્યા કરે છે. આથી પરીક્ષામાં કોઈ પણ રીતે પાસ થવા ગેરરીતિઓનું પ્રમાણ વધી જાય છે. ત્યારે સવાલ એ ઊઠે છે કે આવી જ રીતે આપણી પરીક્ષાઓ યોજાતી હોય, પરીક્ષા કેન્દ્રો પર પોલીસના જવાનો તૈનાત કરવા પડતા હોય, ખુદ પરીક્ષકો અને નિરીક્ષકો ગેરરીતિ આચરતા હોય અને વાલીઓ દ્વારા પરીક્ષામાં ચોરીઓ કરાવવા માટેની મથામણ ચાલતી હોય ત્યારે આવા શિક્ષણથી દેશને, સમાજને શું ફાયદો થવાનો! આવા શિક્ષિતોને શું કરવાના? એના કરતાં તો અભણ સારા કે જેમની પાસે અક્ષત ઈમાનદારી, દયા અને ચારિત્ર્યનો વૈભવ હોય...! પરીક્ષાઓ શિક્ષણનું અનિવાર્ય અંગ છે. પરીક્ષાઓ હોવી જોઈએ, પરંતુ પરીક્ષાઓ માટે શિક્ષણ નથી. શું ભણ્યા અને કેટલું ભણ્યા એનો ક્યાસ કાઢવા માટે પરીક્ષા માટે જ ભણવાનું થઈ ગયું છે. ચોરી કે ગોખણપટ્ટીના સહારે મોટી ડિગ્રીઓ હાંસલ કરવા માગતા વાલીઓ અને વિદ્યાર્થીઓએ એક વાત સમજી લેવાની જરૂર છે કે હવે નોકરી મેળવવા માર્કશીટમાં ફરી ક્લાસ લાગતો નથી. આજકાલ સ્કૂલોને વેપારલક્ષી બનાવનારાઓએ પણ આ બધું વિચારવાનો સમય આવી ગયો છે.

***'ફીલિંગ્સ' માંથી સાભાર સ્વીકાર***

*મૈત્રી એ બહુ મજાની વાત છે. પણ ઘર આંગણના ફૂલછોડની જેમ એની પણ સતત માવજત કરવી પડે અન્યથા એ કરમાઈ જાય.*

## ઊડતી નજરે....

**માસ મે-૨૦૧૬ દરમ્યાન શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાઓનો લાભ લેનાર વ્યક્તિઓ**

| ક્રમ | | સેવાઓ | લાભ લેનાર વ્યક્તિઓ |
|---|---|---|---|
| ૧. | | **માતુશ્રી સાકરબેન રવજી મોરારજી લાલન (કોડાય - સુપ્રીમવાલા)**<br>**શ્રી કચ્છી જૈન ભવન, પાલડી, અમદાવાદ..........................................** | |
| | (અ) | **શ્રી નવનીત મેડિકલ સેન્ટર તથા**<br>**શ્રીમતી પ્રભાવતીબહેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટર, પાલડી, અમદાવાદ.** | |
| | ● | કુલ લાભ લેનાર વ્યક્તિઓ ...........................................................<br>જેમાંથી – | ૧૨,૩૩૩ |
| | ● | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વ્યક્તિઓ .............................૪૬૭ | |
| | ● | સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબો ................................................... ૭૪ | |
| | ● | મોતિયા - આંખનાં ઑપરેશન (સાપ્તાહિક બે દિવસ) .............................. ૧૧ | |
| | ● | સોનોગ્રાફી...................................................................... ૧,૩૭૮ | |
| | ● | ટી.એમ.ટી. (માત્ર ડૉક્ટર દ્વારા ભલામણથી)......................................... ૩૩ | |
| | ● | બોડી ચેક-અપ ..................................................................૪૭૭ | |
| | ● | અન્ય ......................................................................... ૯,૮૯૩ | |
| | (બ) | **માતુશ્રી કંકુબેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, પાલડી, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ .......................................................૯૦૩<br>શ્રી કચ્છી જૈન ભવન - પાલડીની કેન્ટીનમાં કુલ લાભ લેનાર વ્યક્તિઓ ........ ૨,૯૩૨ | ૩,૮૩૫ |
| ૨. | | **જી.એમ.ડી.સી. પ્રાયોજિત શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ, અમદાવાદ** | |
| | ● | શ્રી કચ્છી વિશ્રામ ગૃહમાં લાભ લેનાર કુલ વ્યક્તિઓ ........................... ૨,૩૧૫ | |
| | ● | કેન્ટીનમાં લાભ લેનાર કુલ વ્યક્તિઓ .......................................... ૫,૪૦૦ | |
| | ● | શ્રી જલારામ અન્નક્ષેત્રમાં લાભ લેનાર કુલ વ્યક્તિઓ ................................૧૧૦ | |
| | ● | કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમની મુલાકાત લેનાર કુલ વ્યક્તિઓ ...........................૬૦૦ | |
| | ● | શ્રી ધીરજલાલ ટોકરશી કાપડિયા ડાયાલિસિસ સેન્ટરમાં લાભ લેનાર કુલ વ્યક્તિઓ .૪૫૦ | ૮,૮૭૫ |
| ૩. | | **માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન,**<br>**ગીતા મંદિર, અમદાવાદ**<br>લાભ લેનાર કુલ વ્યક્તિઓ .......................................................૪૦૭ | ૪૦૭ |
| | | માસ મે - ૨૦૧૬ દરમ્યાન વિવિધ પ્રકારની સેવાઓનો લાભ લેનાર કુલ વ્યક્તિ ................ | ૨૫,૪૫૦ |

## મેરેજ બ્યુરો

**શ્રી કચ્છી જૈન ભવન પર કોઈ પણ જ્ઞાતિના યુવક - યુવતી માટે મેરેજ બ્યુરો કાર્યરત છે. આપશ્રી આપનું નામ રજિસ્ટર કરાવીને મેચીંગ સંબંધી જરૂરી વિગતો મેળવી શકશો. રૂબરૂ મુલાકાત માટે દર શનિવારે બપોરે ૩.૦૦થી ૬.૦૦નો સમય નક્કી કરવામાં આવેલ છે. જરૂરિયાત અનુસાર આપશ્રી મેરેજ બ્યુરો સમિતિના કન્વીનર શ્રી હીરજી પાસુ શાહનો મોબાઈલ નંબર ૯૮૨૫૩ ૮૦૮૬૬ પર સંપર્ક સાધી શકશો.**

*હીરજી પાસુ શાહ, કન્વીનર - મેરેજ બ્યુરો સમિતિ*
*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ*

# વાર્તારસિકોએ અચૂક

# વસાવવા જેવા વાર્તાસંગ્રહો




| | | |
|---|---|---|
| ઘૂઘવતી ક્ષિતિજો | રોહિત શાહ | 100 |
| જલાવરણ | રમેશ ર. દવે | 90 |
| શબવત | રમેશ ર. દવે | 85 |
| વનદેવતા | પ્રવીણસિંહ ચાવડા | 100 |
| બળવો બળવી બળવું | ઈલા આરબ મહેતા | 90 |
| ઝેર પીતાં ય નરવા ને નરવા ! | બટુક વોરા | 65 |
| અભિનેત્રી અને બીજી વાતો | ભગવતપ્રસાદ ચૌહાણ | 32.50 |
| આપણા કસબીઓ - ભાગ-1 | જોરાવરસિંહ જાદવ | 150 |
| આપણા કસબીઓ - ભાગ-2 | જોરાવરસિંહ જાદવ | 160 |
| જયંતિ દલાલની પ્રતિનિધિ વાર્તાઓ | રાધેશ્યામ શર્મા | 55 |
| કેટલીક વાર્તાઓ : મોહમ્મદ માંકડ | અસ્મા માંકડ | 80 |
| ધરતીના દરિયા પર | મુનિ વાત્સલ્યદીપ | 22 |
| રણથી ઝરણ | મુનિ વાત્સલ્યદીપ | 15 |
| ફૂલ વીણ, સખે ! | મુનિ વાત્સલ્યદીપ | 50 |
| ટૂંકી વાર્તા એક દર્શન | જયંત એ. મહેતા | 50 |
| નારીનાં હૈયાં સોનાનાં હૈયાં | રતન રૂસ્તમજી માર્શલ | 110 |
| સાચા સરનામે | સૂરજ પ્રકાશ, અનુ. રાજેન્દ્ર જોશી | 67 |
| અંતરવ્યથા | પ્રવીણ ગઢવી | 70 |
| જેલરની ડાયરી | હસુ યાજ્ઞિક | 40 |
| સીમાની પેલે પાર | ચંદ્રહાસ ત્રિવેદી | 70 |
| પ્રેમતીર્થ | જયવદન પટેલ | 110 |
| પ્રેમનું સરનામું | જયવદન પટેલ | 150 |
| કાળે કોર્યાં નામ ભાગ-1-2 | દિલીપ રાણપુરા | 145 |
| મૂંઝારો | દલપત ચૌહાણ | 80 |
| કથાવિભીષીક : ભાગ 1-2 | અશોક હર્ષ | 160 |
| કેટલીક વાર્તાઓ : અશોક હર્ષ | અશોક હર્ષ | 66 |
| રાજા-રાનીની કહાની | યશવંત મહેતા | 100 |
| આ એક ઘર છે | રવીન્દ્ર ઠાકોર | 90 |
| બગલથેલો | રામચંદ્રભાઈ પટેલ | 84 |
| મંગલમૂર્તિ (કથાસાહિત્ય-1) | રતિલાલ દી. દેસાઈ | 50 |
| અભિષેક (કથાસાહિત્ય-2) | રતિલાલ દી. દેસાઈ | 49 |
| રાગ અને વીરાગ (કથાસાહિત્ય-4) | રતિલાલ દી. દેસાઈ | 57 |
| દિલનો ધર્મ (કથાસાહિત્ય-5) | રતિલાલ દી. દેસાઈ | 70 |
| માનવની મહાયાત્રા (કથાસાહિત્ય-3) | રતિલાલ દી. દેસાઈ | 54 |
| પીળું પાનું | મનુભાઈ જોધાણી | 45 |
| અક્ષરો આંસુના (ભૂકંપ વાર્તાઓ) | કનૈયાલાલ જોશી | 90 |
| વ્હાઈટ હૉર્સ | સુધીર દલાલ | 90 |
| દૂરનો માણસ અને બીજી વાર્તાઓ | ઉમા રાંદેરિયા | 140 |

## ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

**ગૂર્જર સાહિત્યભવન**

રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ,
અમદાવાદ • 380 001
ફોન : 079-22144663.
e-mail : goorjar@yahoo.com

**ગૂર્જર સાહિત્ય પ્રકાશન**

102, લૅન્ડમાર્ક બિલ્ડિંગ,
ટાઇટેનિયમ સિટીસૅન્ટર પાસે,
સીમા હૉલની સામે, 100 ફૂટ રોડ,
પ્રહ્લાદનગર, અમદાવાદ-15
ફોન : 26934340, મો. 9825268759
ઈમેલ : gurjarprakashan@gmail.com




To know more about us, call us today

**CORPORATE OFFICE : V-Trans India Limited,** 6, Corporate Park, V. N. Purav Marg, Chembur, Mum - 400071
Tel: + 91 25220423 – 26 | Toll Free: 1800 220 180 | Email: info@vtransgroup.com

V-TRANS Driving Excellence

Our other Divisions

V-Xpress Safe and Reliable - For Your Peace of Mind

V-Logis Warehousing & Inventory Management


GAME ON
BY BLAZO
Blazo Clothing Mfg. Co. Pvt. Ltd.
310, Amit Industrial Estate, 61 Dr. S.S. Rao Road,
near Gandhi Hospital, Parel, Mumbai - 400012.
Tel:(022) 24124595, 24168645, 24115010. Fax: 24104290
Info@blazoclothing.com / blazoorder@yahoo.co.in / www.blazoclothing.com

"Mangal Mandir" - "Regd. under Postal Registration No. GAMC-315/2015-2017 Valid upto 31st December, 2017 issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 5th of Every Month."
R.N.I. No. of RNP is 33266/1978 • Published on 1st of Every Month

